# પરમાત્મ પ્રકાશ પ્રવચન

ભાગ-૨





ॐ

श्री सिद्ध परमात्मने नमः।

श्री सीमंधरदेवाय नमः।

श्री सद्गुरुदेवाय नमः।

श्री निजशुद्धात्माने नमः।

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ–૨

**અધ્યાત્મ યુગપુરુષ પ.પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૪૯ થી ૭૮ સુધીના**
**સ્વાનુભવ મુદ્રિત ૩૦ અક્ષરશઃ પ્રવચનો**


પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મીક ટ્રસ્ટ**

''સ્વરુચિ'' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ,
સવાણી હોલવાળી શેરીમાં–યોગી નિકેતન પ્લોટ,
રાજકોટ–૩૬૦૦૦૭
મો.૯૩૭૪૧૦૦૫૦૮, ૯૪૨૮૦૦૪૯૭૨

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૭ | ૨૫૪૩ | ૨૦૭૩ | ૨૦૧૭ |

**પ્રકાશન**

**પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલમયી ૧૨૮મી જન્મજયંતિ પ્રસંગે**

**વૈશાખ સુદ - ૨, શુક્રવાર તા.૨૮-૪-૨૦૧૭**

**પ્રથમ આવૃતિ : ૫૦૦**

**કિંમત : સ્વાધ્યાય**

**પ્રાપ્તિસ્થાન**

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
જી. ભાવનગર - ૩૬૪૨૫૦, ફોન-(૦૨૮૪૬)૨૪૪૩૩૪

(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧

(૩) શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ, રાજકોટ
'સ્વરુચિ' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ, સવાણી હોલની શેરીમાં,
યોગી નિકેતન પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૭, મો.૯૩૭૪૧૦૦૫૦૮

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
પ્લોટ નં.૧૯૨૪/બી-૬,
શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણીસર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
મો.૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવલેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવદર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદૃષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ

પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના છેડા સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ડી.વી.ડી.માં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત અનેક જિનમંદિરોમાં આજે તેમના પ્રવચનો નિમયિતપણે સંભળાઈ રહ્યાં છે. અનેક મુમુક્ષુઓ તેનો લાભ લઈ મોક્ષમાર્ગમાં આરૂઢ થવા પ્રયત્નશીલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી ગ્રંથારૂઢ થાય તેવી સૌ કોઈની ભાવના હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનોને શબ્દશઃ ગ્રંથારૂઢ કરવાના નિર્ણયના ફળસ્વરૂપે પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનોનો પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આવું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું શ્રેય પણ પૂજ્ય ગુરુદેવશ્રીને જ જાય છે.

તેઓશ્રીની સાતિશય વાણી નિત્ય શ્રવણ કરવી તે અપૂર્વ સૌભાગ્ય છે. આજે અનેક જિનમંદિરોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સી.ડી. પ્રવચનો સાંભળતી વખતે મુમુક્ષુઓ તેમના અક્ષરશઃ પ્રવચનોને સાંભળવાનો લાભ લઈ રહ્યા છે. અનેક મુમુક્ષુજીવોની ભાવના હોવાથી પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવાનો અમારા ટ્રસ્ટે નિર્ણય લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના આ ગ્રંથ ઉપર બે વખત પ્રવચનો થયા છે. તેમાંના ઈ.સ. ૧૯૭૬-૭૭માં થયેલાં કુલ ૨૪૫ પ્રવચનોને આઠ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે.

પ્રવચનોને સૌપ્રથમ સાંભળીને કમ્પ્યુટરમાં ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ તેને સાંભળીને જ્યાં વાક્યો પૂર્ણ જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. જે ગાથા ઉપરના પ્રવચન ઉપલબ્ધ ન હોય અથવા ખૂટતા હોય તો તેને આ પહેલાં ચાલેલા પ્રવચનોમાંથી લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં થયાં છે તેમને ગુજરાતીમાં અનુવાદિત કર્યા છે. આ પ્રવચનોના પ્રથમ પ્રુફને તપાસતી વખતે ફરીથી તેને સાંભળીને તપાસવામાં આવે છે. ત્યારબાદ પ્રેસ ઉપર પ્રકાશન અર્થે મોકલવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો તથા યથાવત જળવાઈ રહે તેની પૂર્ણ ચીવટ રાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતાં પ્રમાદવશ ક્યાંય ચૂક રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા યાચીએ છીએ. પાઠકવર્ગને કોઈ ક્ષતિ લક્ષગોચર થાય તો તેઓને વિનંતી છે કે તેની જાણ કરે, જેથી બીજી આવૃત્તિના પ્રકાશન વખતે તે ચૂક નિવારી શકાય.

આ અક્ષરશઃ પ્રવચનો ડી.વી.ડી. ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ કરવાનું કાર્ય **શ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા સમગ્ર પ્રવચનો ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય **શ્રી મણીભાઈ ગાલા-દેવલાલી** દ્વારા તથા દરેક પ્રવચનોને સાંભળી-વાંચીને ચેક કરવાનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ** દ્વારા પૂર્ણ થયેલ છે.

આ પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના સંપૂર્ણ પ્રવચન છપાવવા માટેની દાનરાશી **શ્રી ખારા પરિવાર - વિશાખાપટ્ટનમ દ્વારા સ્વ. શ્રી શશીકાંતભાઈ ખારાના સ્મરણાર્થે આપવામાં આવેલ છે. તેમજ આ ભાગ-૨ના પ્રકાશન નિમિત્તે ધીરજશ્રી-સોનગઢના પરિવાર તરફથી રૂ.૫૦,૦૦૦ની દાનરાશી પ્રાપ્ત થયેલ છે.** તેની આવી ઉદાર ભાવના અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની સમર્પણતા બદલ ટ્રસ્ટ તેમનો આભાર વ્યકત કરે છે.

અંતમા જિનેન્દ્ર પરમાત્મા, સર્વ આચાર્ય ભગવંતો, જ્ઞાની સદ્ગુરુ પરમપુરુષના ઉપકારને હૃદયગત કરી, તેમના ચરણોમાં ફરી ફરી વંદન કરી તેઓશ્રીના ચરણોમાં નતમસ્તક થઈએ છીએ. સર્વ જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીને વાંચી, સાંભળી આત્મકલ્યાણને પ્રાપ્ત થાય અને શાશ્વત સાદિઅનંત સમાધિસુખને પ્રાપ્ત થાય તે જ ભાવના.

આ પુસ્તક atmadharma.com  તથા vitragvani.com. પર મૂકવામાં આવેલ છે.

**લિ. ટ્રસ્ટીગણ**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**

**રાજકોટ**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૩૧ | ૧૧-૦૭-૧૯૭૬ | ૪૯ | ૦૦૩ |
| ૩૨ | ૧૨-૦૭-૧૯૭૬ | ૫૦ થી ૫૨ | ૦૧૪ |
| ૩૩ | ૧૩-૦૭-૧૯૭૬ | ૫૨ | ૦૨૯ |
| ૩૪ | ૧૪-૦૭-૧૯૭૬ | ૫૩- ૫૪ | ૦૪૧ |
| ૩૫ | ૧૫-૦૭-૧૯૭૬ | ૫૫- ૫૬ | ૦૫૮ |
| ૩૬ | ૧૬-૦૭-૧૯૭૬ | ૫૬- ૫૭ | ૦૭૩ |
| ૩૭ | ૧૭-૦૭-૧૯૭૬ | ૫૭- ૫૮ | ૦૮૭ |
| ૩૮ | ૧૮-૦૭-૧૯૭૬ | ૫૮- ૫૯ | ૧૦૧ |
| ૩૯ | ૨૦-૦૭-૧૯૭૬ | ૫૯ થી ૬૧ | ૧૧૫ |
| ૪૦ | ૨૧-૦૭-૧૯૭૬ | ૬૧ થી ૬૩ | ૧૨૯ |
| ૪૧ | ૨૨-૦૭-૧૯૭૬ | ૬૩- ૬૪ | ૧૪૩ |
| ૪૨ | ૨૩-૦૭-૧૯૭૬ | ૬૪- ૬૫- ૧ | ૧૫૪ |
| ૪૩ | ૨૪-૦૭-૧૯૭૬ | ૬૬- ૬૭ | ૧૬૯ |
| ૪૪ | ૨૫-૦૭-૧૯૭૬ | ૬૭- ૬૮ | ૧૮૧ |
| ૪૫ | ૨૭-૦૭-૧૯૭૬ | ૬૮ | ૧૯૪ |
| ૪૬ | ૨૮-૦૭-૧૯૭૬ | ૬૮ | ૨૦૪ |
| ૪૭ | ૨૯-૦૭-૧૯૭૬ | ૬૮- ૬૯ | ૨૧૪ |
| ૪૮ | ૩૦-૦૭-૧૯૭૬ | ૬૯ | ૨૨૫ |
| ૪૯ | ૩૧-૦૭-૧૯૭૬ | ૭૦ | ૨૩૬ |
| ૫૦ | ૦૧-૦૮-૧૯૭૬ | ૭૦ | ૨૪૭ |
| ૫૧ | ૦૨-૦૮-૧૯૭૬ | ૭૧ | ૨૬૦ |
| ૫૨ | ૦૩-૦૮-૧૯૭૬ | ૭૧- ૭૨ | ૨૭૨ |
| ૫૩ | ૦૪-૦૮-૧૯૭૬ | ૭૨- ૭૩ | ૨૮૫ |

| | | | |
|---|---|---|---|
| ૫૪ | ૦૫-૦૮-૧૯૭૬ | ૭૩-૭૪ | ૨૯૮ |
| ૫૫ | ૦૬-૦૮-૧૯૭૬ | ૭૪ | ૩૧૧ |
| ૫૬ | ૦૮-૦૮-૧૯૭૬ | ૭૫-૭૬ | ૩૨૩ |
| ૫૭ | ૦૯-૦૮-૧૯૭૬ | ૭૬ | ૩૩૬ |
| ૫૮ | ૧૦-૦૮-૧૯૭૬ | ૭૭ | ૩૫૧ |
| ૫૯ | ૧૧-૦૮-૧૯૭૬ | ૭૭-૭૮ | ૩૬૪ |
| ૬૦ | ૧૨-૦૮-૧૯૭૬ | ૭૮ | ૩૭૮ |

# શ્રી સદ્ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ॐ
।। श्री परमात्मने नमः ।।
श्रीमद्‌योगीन्दुदेवविरचितः

# પરમાત્મપ્રકાશ પ્રવચન
## ભાગ-૨

अथ यः कर्मनिबद्धोऽपि कर्मरूपो न भवति कर्मापि तद्रूपं न संभवति तं परमात्मानं भावयेति कथयति –

४९) कम्म–णिबद्धु वि होइ णवि जो फुडु कम्मु कया वि।
कम्मु वि जो ण कया वि फुडु सो परमप्पउ भावि।।४९।।
कर्मनिबद्धोऽपि भवति नैव यः स्फुटं कर्म कदापि ।
कर्मापि यो न कदापि स्फुटं तं परमात्मानं भावय।।४९।।

कम्मणिबद्‌धु वि होइ णवि जो फुडु कम्मु कया वि कर्मनिबद्धोऽपि भवति नैव यः स्फुटं निश्चितम्। किं न भवति। कर्म कदाचिदपि। तथाहि–यः कर्ता शुद्धात्मोपलम्भाभावेनोपार्जितेन ज्ञानावरणादिशुभाशुभकर्मणा व्यवहारेण बद्धोऽपि शुद्धनिश्चयेन कर्मरूपी न भवति। केवलज्ञा–नाद्यनन्तगुणस्वरूपं त्यक्त्वा कर्मरूपेण न परिणमतीत्यर्थः। पुनश्च किंविशिष्टः। कम्मु वि जो ण कया वि फुडु कर्मापि यो न कदापि स्फुटं निश्चितम्। तद्यथाज्ञानावरणादिद्रव्यभावरूपं कर्मापि कर्तृभूतं यः परमात्मा न भवति स्वकीयकर्मपुद्गलस्वरूपं विहाय परमात्मरूपेण न परिणमतीत्यर्थः। सो परमप्पउ भावि तमेवंलक्षणं परमात्मानं भावय। देहरागादिपरिणतिरूपं बहिरात्मानं मुक्त्वा शुद्धात्मपरिणतिभावनारूपेऽन्तरात्मनि स्थित्वा सर्वप्रकारोपादेयभूतं विशुद्धज्ञानदर्शनस्वभावं परमात्मानं भावयेति भावार्थः।।४९।। एवं त्रिविधात्म–प्रतिपादकप्रथममहाधिकारमध्ये यथा निर्मलो ज्ञानमयो व्यक्तिरूपः शुद्धात्मा सिद्धौ तिष्ठति, तथाभूतः शुद्धनिश्चयेन शक्तिरूपेण देहेऽपि तिष्ठतीति व्याख्यानमुख्यत्वेन चतुर्विंशतिसूत्राणि गतानि।।

---

इसके बाद जो आत्मा कर्मोंसे अनादिकालका बँधा हुआ है, तो भी कर्मरूप नहीं होता, और कर्म भी आत्मस्वरूप नहीं होते आत्मा चैतन्य है, कर्म जड़ हैं, ऐसा जानकर उस परमात्माका तू ध्यान कर, ऐसा कहते हैं –

गाथा – ४९

अन्वयार्थ :– [ यः ] जो चिदान्द आत्मा [ कर्मनिबद्धोऽपि ] ज्ञानावरणादिकर्मोंसे बँधा हुआ होनेपर भी [ कदाचिदपि ] कभी भी [ कर्म नैव स्फुटं ] कर्मरूप निश्चयसे नहीं [ भवति ] होता, [ कर्म अपि ] और कर्म भी [ यः ] जिस परमात्मरूप [ कदाचिदपि स्फुटं ] कभी भी निश्चयकर [ न ] नहीं होते, [ तं ] उस पूर्वोक्त लक्षणोंवाले [ परमात्मानं ] परमात्माको तू [ भावय ] चिंतवन कर।

भावार्थ :– जो आत्मा अपने शुद्धात्मस्वरूपकी प्राप्तिके अभावसे उत्पन्न किये ज्ञानावरणादि शुभ–अशुभ कर्मोंसे व्यवहारनयकर बँधा हुआ है, तो भी शुद्धनिश्चयनयसे कर्मरूप नहीं है, अर्थात् केवलज्ञानादि अनंतगुणरूप अपने स्वरूपको छोड़कर कर्मरूप नहीं परिणमता, और ये ज्ञानावरणादि द्रव्य–भावरूप कर्म भी आत्मस्वरूप नहीं परिणमते, अर्थात् अपने जड़रूप पुद्‌गलपनेको छोड़कर चैतन्यरूप नहीं होते, यह निश्चय है, कि जीव तो अजीव नहीं होता, और अजीव है, वह जीव नहीं होता। ऐसी अनादिकालकी मर्यादा है। इसलिये कर्मोंसे भिन्न ज्ञान–दर्शनमयी सब तरह उपादेयरूप (आराधने योग्य) परमात्माको तुम देह रागादि परिणतिरूप बहिरात्मपनेको छोड़कर शुद्धात्मपरिणतिकी भावनारूप अन्तरात्मामें स्थिर होकर चिन्तवन करो, उसीका अनुभव करो, ऐसा तात्पर्य हुआ।।४९।।

---

હવે જે કર્મથી બંધાયો હોવા છતાં પણ કર્મરૂપ થતો નથી અને કર્મ પણ તે રૂપ થતું નથી, તે પરમાત્માને ભાવ એમ કહે છે :

ભાવાર્થ : જે કર્મથી બંધાયેલ હોવા છતાં નિશ્ચયથી કદીપણ કર્મરૂપ થતો નથી, જે શુદ્ધાત્માની પ્રાપ્તિના અભાવથી ઉપાર્જિત જ્ઞાનાવરણાદિ શુભાશુભ કર્મથી વ્યવહારે બંધાયેલો હોવા છતાં પણ શુદ્ધ નિશ્ચયનયથી કર્મરૂપ થતો નથી, અર્થાત્ કેવળજ્ઞાનાદિ અનંત ગુણસ્વરૂપ છોડીને કર્મરૂપ પરિણમતો નથી, અને કર્મ પણ નિશ્ચયથી કદી પણ જે-રૂપ થતું નથી, તે આ પ્રમાણે : જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-ભાવરૂપ કર્મ પણ કર્તા થઈને પરમાત્મારૂપ થતું નથી અર્થાત્ સ્વકીય કર્મપુદ્‌ગલસ્વરૂપછોડીને પરમાત્મારૂપે પરિણમતું નથી, તે પરમાત્માને તું ભાવ.

દેહ-રાગાદિ પરિણતિરૂપ બહિરાત્માને છોડીને, શુદ્ધાત્મ પરિણતિની ભાવનારૂપ અન્તરાત્મામાં સ્થિત થઈને, સર્વપ્રકારે ઉપાદેયભૂત વિશુદ્ધજ્ઞાન અને વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે, એવા પરમાત્માને તું ભાવ એવો ભાવાર્થ છે. ૪૯.

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૧૫, રવિવાર
## તા. ૧૧-૦૭-૧૯૭૬, ગાથા-૪૯, પ્રવચન નં. ૩૧

'પરમાત્મપ્રકાશ'. ૪૯ ગાથા. ૪૮ થઈ ગઈ છે. **'ઈસકે બાદ જો આત્મા કર્મોંસે અનાદિકાલકા બંધા હુઆ હૈ, તો ભી કર્મરૂપ નહીં હોતા,...'** એ વાત કરવાની છે. વસ્તુ ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા, એ પર્યાયમાં રાગના સંબંધથી બંધાયેલો દેખાય છે. તોપણ તે કર્મરૂપ આત્મસ્વરૂપ થયું નથી. કર્મરૂપ થયો નથી, આત્મા કર્મરૂપ થતો નથી. એટલે કે ભાવકર્મ અને જડકર્મરૂપે ભગવાન થયો જ નથી, થતો નથી. આહાહા..! જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ જે વસ્તુ એ શુભઅશુભભાવ જે ભાવકર્મ એ અચેતન છે. એ ચેતનસ્વરૂપ તે અચેતનરૂપે કદી થયું નથી. તો જડકર્મરૂપે તે કેમ થાય? આહાહા..! સમજાય છે કાંઈ?

છઠ્ઠી ગાથામાં પણ આવ્યું છે ને? કે આત્મા શુભાશુભભાવપણે કદી થયો નથી. કેમકે શુભાશુભભાવપણે થાય તો આત્મા જડ થઈ જાય. જ્ઞાયક છે તે જડ કદી થતો નથી. આહાહા..! શુભઅશુભભાવ એ અચેતન છે. એમાં ચૈતન્યની શક્તિનો અભાવ છે. આત્મા વસ્તુ ચૈતન્યસ્વભાવ એ શુભાશુભભાવપણે થયો નથી. જડકર્મરૂપે તો કેમ હોય? અને શુભાશુભભાવ એ આત્મારૂપે થયા નથી. આહાહા..! થોડી વાત પણ મુદ્દાની છે, મુદ્દાની આ વાત છે. એ શુભઅશુભભાવ એ રૂપે આત્મા (થયો નથી), શુભાશુભભાવ તે આત્મારૂપે થયા નથી. આહાહા..!

**'આત્મા ચૈતન્ય હૈ, કર્મ જડ હૈ,...'** આત્મા ચૈતન્ય સ્વરૂપ જાણક સ્વભાવ... આહાહા..! અને પુણ્ય-પાપના ભાવ અને કર્મ એ તો જડ છે. આહાહા..! એના ભાવમાં ભાસન થવું જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? **'ઐસા જાનકર ઉસ પરમાત્માકા તૂ ધ્યાન કર,...'** આહાહા..! જે ભગવાન જ્ઞાયકસ્વભાવ નિત્યાનંદ પ્રભુ શુભ-અશુભ-ભાવપણે થયો નથી અને અજીવ કર્મપણે તો થયો જ નથી. આહાહા..! જડ કર્મનો ચૈતન્યમાં અને ચૈતન્યનો કર્મમાં અભાવ, બે વસ્તુ ભિન્ન છે ને? તો એની સાથે તો ઠીક, પણ પુણ્ય-પાપના ભાવમાં આત્મા નથી અને પુણ્ય અને પાપનો ભાવ આત્મારૂપે કદી થયો નથી. આહાહા..!

'પરમાત્મપ્રકાશ' છે. એને વિશ્વાસ આવ્યો નથી. સમજાણું કાંઈ? હું એક પરમાત્મસ્વરૂપ જ છું. 'શ્રીમદ્'માં આવે છે ને? દિગંબરના આચાર્યોએ એમ કહ્યું છે કે મોક્ષ થતો નથી. જીવનો મોક્ષ થતો નથી. મોક્ષ સમજાય છે. આહાહા..! જે રાગ અને પુણ્યથી બંધાયેલો છું એવી જે માન્યતા (છે), એથી એને એમાં (એમ) થતું કે આત્મા બંધાયેલો છે. એ તો માન્યતાને કારણે એમ થયું, વસ્તુ એવી નથી. વસ્તુ છે એ તો મોક્ષસ્વરૂપ જ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પછી મોક્ષસ્વરૂપ છે એવો જો અનુભવ નહિ કરે અને એકલા રાગની ક્રિયાને માની ત્યાં ને ત્યાં અટકશે તો મરી જશે. શુદ્ધ નિશ્ચયનો વિષય દૃષ્ટિમાં ન લે અને એકલી રાગની ક્રિયામાં અટકી જશે, મારામાં નથી, મારામાં નથી એમ કરીને રાગના આચરણ (કરશે) તો રખડી મરશે, એમ કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :- ...કહ્યું છે કે એકાંત નિશ્ચયને પકડીને હું તો આવો છું...

ઉત્તર :- એનો અર્થ આ, પણ એનો અર્થ જ આ કે એક શુદ્ધ નિશ્ચય દૃષ્ટિ થઈ નથી. એ મુક્તસ્વરૂપ છે એ ધારણામાં આવવું જોઈએ એમ નહિ, એમ કહે છે. મુક્તસ્વરૂપ છે એવી પરિણતિમાં ભાસ થાવો જોઈએ. સમજાણું કાંઈ? આહાહા..! એ તો આપણે આવી ગયું છે, નહિ? શુદ્ધાત્માનુભૂતિના કાળમાં આત્મા ઉપાદેય છે. ઉપાદેય, ઉપાદેય કરે એટલે ઉપાદેય ક્યારે? કોને? આત્મા જ્ઞાયક છે તે ઉપાદેય છે અને રાગ છે તે હેય છે, પણ કોને? કે જેને અંતર સ્વરૂપમાં અનુભૂતિથી આત્માને ઉપાદેય તરીકે પકડ્યો છે એને ઉપાદેય છે. સમજાય છે કાંઈ આમાં?

મુમુક્ષુ :- બીજાને આત્મા હેય છે?

ઉત્તર :- રાગની રુચિવાળાને અને રાગની એકતામાં પડ્યો છે એને આત્મા હેય છે. આત્મા હેય છે. આહાહા..! (કેમકે) ત્યાં એને આત્મા હેયરૂપે થયો છે. હેય છે એટલે? આહાહા..! જેને રાગના રુચિના પ્રેમમાં પરિણમન થયું છે એને આત્મા હેય થઈ ગયો છે, કરવો પડતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! એ વાત આવી ગઈ છે કે આત્મા હેય છે. ધર્મીને આત્મા ઉપાદેય છે. કયે કાળે? કયે વખતે? તેના તરફની અનુભૂતિ થાય છે તે કાળે તેને આત્મા ઉપાદેય છે. આહાહા..! અને તે કાળે તેને રાગ હેય છે. અને અજ્ઞાનીને રાગપણાનો જે ઉપાદેય ભાવ છે તે કાળે તેને આત્મા લક્ષમાં નથી તો હેય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આત્મા ઉપાદેય છે, ઉપાદેય છે એટલે એ ધારી રાખ્યું છે? ધારી રાખે એ તો જ્ઞાનની ભાવનામાં ધારણા થઈ, ઉપાદેય ક્યાં થયો એને? સમજાય છે કાંઈ? આહાહા..! પ્રભુ! આનંદરસ પ્રભુ એકલો મુક્તસ્વરૂપ જ છે. મુક્તસ્વરૂપ છે એવું કોને માને?

મુમુક્ષુ :- ગુરુ કહે ત્યારે.

ઉત્તર :- એમ નહિ. ગુરુ એનો આત્મા છે. એની પર્યાયમાં પરિણતિમાં જ્યારે એ આત્મા આવે એણે એ આત્મા ઉપાદેય જાણ્યો છે, એને ઉપાદેય થયો છે. સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી બહુ, બાપુ! વીતરાગ માર્ગ એવો છે. અને જેને એ રાગ આદરણીય તરીકે ઉપાદેય તરીકે પરિણમ્યો છે, ચાહે તો શુભરાગ હો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો, એ ભાવપણે આદરપણે પરિણમ્યો છે. એને આત્મા હેય છે. આહાહા..! કહો, 'રતિભાઈ'! આવી વાતું છે આ. આત્માને ઉપાદેય અનુભવનારને રાગ હેય છે, એ વાત તો બહુ વાર આવી. પણ આ.. આહાહા..! એટલે કે જેને રાગના શુભભાવને આદર કરીને

ઉપાદેય તરીકે પરિણમ્યો છે.. આહાહા..! એને એ કાળે આત્મા હેય છે. આહાહા..! હેય કરવો પડતો નથી. વસ્તુ ભગવાન પૂર્ણાનંદની મોજૂદગી છે, વસ્તુ સ્વભાવની મોજૂદગી છે એનો સન્મુખમાં સ્વીકાર નહિ થઈને રાગના સન્મુખ થઈ રાગનો સ્વીકાર કરીને... આહાહા..! એને આત્મા હેય તરીકે થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? અને જેને આત્મા ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન અનુભૂતિમાં ઉપાદેય થયો છે, એને રાગ હેય થઈ ગયો છે, રાગ હેય કરવો પડતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? મુદ્દાની વાત આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ લખ્યું નહોતું? આપણે આવી ગયું, નહિ? કેટલામે પાને આવી ગયું?

મુમુક્ષુ :- ૩૬ પાને.

ઉત્તર :- ૩૬ પાનું? ગાથા. આવી ગયું છે ઈ. '**આત્મા સદૈવ વીતરાગનિર્વિકલ્પ-સમાધિમેં લીન સાધુઓંકો તો પ્રિય હૈ,...**' પ્રિયનો અર્થ ઉપાદેય છે. એનો અર્થ એણે બરાબર નથી કર્યો. '**કિન્તુ મૂઢોંકો નહિ.**' એવી સાધારણ ભાષા કરી નાખી. પાઠમાં એમ નથી. પાઠમાં એમ છે, '**सदैव परमात्मा वीतरागनिर्विकल्पसमाधि-रतानामुपादेयो**' ઉપર સંસ્કૃત છે, ભાઈ! આ કીધું ને. ૩૬ની ટીકા. છેલ્લી સંસ્કૃત, સંસ્કૃત. અર્થમાં સાધારણ કર્યો છે. અર્થમાં એટલું કર્યું છે કે સાધુઓને પ્રિય છે અને મૂંઢોને નહિ. પણ એના કરતાં સંસ્કૃતમાં આમ છે. અને '**वीतरागनिर्विकल्पसमाधिरतानामुपादेयो भवत्यन्येषां हेय**' જોયું? ત્યારે પણ કહ્યું હતું. આહાહા..!

જે કોઈ અંતરમાં રાગના શુભભાવને પણ પ્રિય તરીકે અનુભવીને ઉપાદેય અનુભવે છે,.. આહાહા..! એને ભગવાન ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુનો એને આદર નથી, તેથી તેને હેય વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'જયંતિભાઈ'! આવી વાતું છે આ. આહાહા..! બે વાત-જેને રાગથી ભિન્ન પડીને અરાગી પરિણતિમાં આત્માને ઉપાદેય તરીકે અનુભવ્યો એને એ ઉપાદેય છે. આહાહા..! આ આદરણીય છે, આ આદરણીય છે એમ એને ગોખવું છે? આ ઉપાદેય છે, એમ નહિ. એ ત્રિકાળી આનંદનો નાથ પરમાત્મ સ્વરૂપ પોતે પરમાત્માની વ્યાખ્યા છે ને? એ પરમાત્મ સ્વરૂપનો સન્મુખ થઈને અનુભૂતિમાં એને ઉપાદેય તરીકે અનુભવ્યો એને ઉપાદેય છે. ધારણામાં લઈ લીધો કે આ ઉપાદેય છે અને આ હેય છે, એને ઉપાદેય થયો નથી. ઉપાદેય ક્યાંથી આવ્યો? એમ કહે છે. આહાહા..! ઝીણી વાત, બાપુ!

વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને એકાવતારી ઈન્દ્રો અને ગણધરો (પૂજે). ગણધર તો એ ભવે મોક્ષ જનારા. જેને સભામાં સાંભળતા હોય છે. આહાહા..! એ વાણી અને દિવ્યધ્વનિ કેવી હોય! સમજાય છે કાંઈ? આ બધા પરમાગમ દિવ્યધ્વનિની વાણી છે. પરમાગમમાં અંદર.. આહાહા..! એ પરમાગમમાં એમ કહ્યું છે. વીતરાગની વાણીની ગણધરોએ રચના કરી એને પરમાગમ કહ્યા. એ પરમાગમમાં આ છે. આહાહા..! કે પરમ

આનંદસ્વરૂપ ભગવાન, એની જેણે સન્મુખતા કરી એ સન્મુખતાના પરિણમનમાં એને ઉપાદેય થયું. આહાહા..! 'કાંતિભાઈ'! આવી વાતું છે. અને જેણે અનાદિથી ચૈતન્યઘન વસ્તુ પરમાત્મસ્વરૂપ એવો આત્મા મોજૂદ છે, તેના તરફનું લક્ષ છોડી અને રાગના ભાવને પોતાપણે ઉપાદેયપણે અનુભવે છે એને રાગ ઉપાદેય છે, ભગવાનઆત્મા તેને હેય છે. આહાહા..! આવી વાતું છે આ. કહો, 'ગિરધરભાઈ'! આહા..!

ટીકા તો એવી છે, '**भवत्यन्येषां हेय**' એ ટીકા છે. આવી વ્યાખ્યા બીજે નથી આવતી. આત્મા ઉપાદેય અને રાગ હેય (એમ આવે). પણ ઉપાદેય પણ ક્યારે અને કોને, એ પણ આમાં આવ્યું. અને એ આત્મા હેય કોને અને ક્યારે? આહાહા..! જેણે એ રાગની પર્યાયબુદ્ધિમાં પડ્યો છે એને દ્રવ્યબુદ્ધિનું હેયપણું છે, મૂળ તો એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જે પર્યાયબુદ્ધિમાં રાગમાં એકાકાર થઈને પડ્યો છે એને ભગવાનઆત્મા હેયપણે પરિણમ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'નવરંગભાઈ'! લ્યો, આજે આ અષ્ટાન્હિકાનો છેલ્લો દિ' છે. આહાહા..! એ અહીં કહે છે.

**कम्म–णिवद्धु वि होइ णवि जो फुडु कम्मु कया वि।**
**कम्मु वि जो ण कया वि फुडु सो परमप्पउ भावि।।४९।।**

અન્વયાર્થ :- '**यः**' '**जो**' શબ્દ છે ને? '**जो**' છે ને? '**जो**'. એ '**जो**'નો કર્યો '**यः**'. '**यः**'નો કર્યો આ. '**यः**' '**જો ચિદાનંદ આત્મા...**' આહાહા..! ભગવાનઆત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? લ્યો, આજે તો પુનમ છે, કાલે એકમ છે. ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. શ્રાવણ વદ એકમ. ૬૬ દિવસે ભગવાનને દિવ્યધ્વનિ છૂટી હતી. કાલ છે. આજે આ દેવો ને ઈન્દ્રો બાવન જિનાલય આઠમા દ્વિપે છે. નંદિશ્વર દ્વિપ, આઠમો દ્વિપ છે. બધે એ લખાણ છે. સ્થાનકવાસીમાં છે, શ્વેતાંબરમાં છે, દિગંબરમાં છે. બધે નંદિશ્વરદ્વિપનું લખાણ છે. બાવન જિનાલય છે. એક એકમાં ૧૦૮ રત્નની પ્રતિમા છે. તીરછી હોય આમ. દેવલોકમાં છે જુદી. વ્યંતરમાં છે અસંખ્ય પ્રતિમાઓ છે. એની પૂજા ઈન્દ્રો એકાવતારી-એક ભવે મોક્ષ જનારા પોતાને નક્કી છે. એની ઈન્દ્રાણી છે એને એક ભવે મોક્ષ જવાનું નક્કી છે. શક્રેન્દ્ર.

મુમુક્ષુ :- નક્કી છે તો .. પૂજે છે, કેમ પૂજે છે?

ઉત્તર :- એ શુભભાવ આવે છે એટલે ન્યાં પૂજવા જાય છે. છતાં અંદરમાં એ એને હેય માને છે. સમજાણું કાંઈ? આવી વાત છે. વાંચ્યું કે નહિ આ? સ્થાનકવાસીના મોટા મોટા આચાર્યોએ મૂર્તિને કબુલી. હવે વળી બહાર આવ્યું કોણ જાણે. 'જયંતિભાઈ'! એ લખાણ છે. ક્યાં ગયું? સ્થાનકવાસીનું છાપુ છે. એમાં મોટા મોટા આચાર્યોએ જવાહરલાલ આ 'અમરમુનિ' છે ને? 'અમરચંદજી'. તુલસી તેરાપંથી. બીજો એક તેરાપંથીનો મોટો શતાવધાની છે. બધા એ ભગવાનની મૂર્તિ સામે જોઈને હરખ-હરખ આવી ગયો છે. આહાહા..!

મુમુક્ષુ :- વિભોર થઈ ગયા.

ઉત્તર :- વિભોર થઈ ગયા. વાત હવે બહાર આવી, ગુપ્ત હતી. આમાં છે.

મુમુક્ષુ :- સાહેબ! હજી વ્યાખ્યાનમાં ન કહે.

ઉત્તર :- વ્યાખ્યાનમાં ન કહી શકે, સંપ્રદાય છે ને. આહાહા..! ... મુનિ છે. આમ ભગવાન પાસે બેઠા હતા. અને આ દિગંબર મુનિની શાંત મુદ્રા દેખી વિભોર થઈ ગયા. ઉલ્લસિત વીર્ય થઈ ગયું. રાજી રાજી અંદર થઈ ગયા. એવો પાઠ છે. આ આવ્યું છે. કોઈક 'મહેન્દ્ર' છે. અધ્યાત્મયોગી શતાવધાની એને કહે છે. એ તો વાત કરતો હોય તેરાપંથીની. ન્યાં કયાં... એ પણ મથુરા ચૌરાસી છે ને? મથુરા ચૌરાસી. ત્યાં ગયા અને એક 'અજીતનાથ' ભગવાનની પ્રતિમા છે. દેખીને અંદર એવો ખુશી થઈ ગયો છે. આ ખુશીપણું મારું કદી ભુલાશે નહિ. એ.. 'દાસ'! આ સ્થાનકવાસીનું છે અને આ મૂર્તિ મુકી છે. જુઓ આ.

મુમુક્ષુ :- બધા સંપ્રદાય એક થઈ જશે ને?

ઉત્તર :- એક કયાંથી થાય ભાઈ? આહાહા..! એ તો આ ખાનગી વાત બહાર આવી. મારે તો ત્યાં (સંવત) ૧૯૯૦ની સાલમાં વાત થઈ હતી. ૧૯૯૦માં જ્યારે સંપ્રદાયમાં હતા ને. સુધર્મા જાવું હતું ને? ચોમાસુ (કરવા). ત્યારે 'રતનચંદજી' શતાવધાની લીંબડી સંપ્રદાયના. એના ગુરુ હતા 'ગુલાબચંદજી', ૫૫ વર્ષની દીક્ષા. એ વખતે તો લગભગ ૭૫ વર્ષની ઉંમર હશે. પછી તો ૨૦ વર્ષ રહ્યા હતા. 'ચોટીલા'માં અપાસરામાં ભેગા થયા હતા. ૧૯૯૦ની સાલ. વાત ખાનગી કરી. કોઈ માણસ નહોતું. મેં કહ્યું, શાસ્ત્રમાં પ્રતિમા (કહી) છે. મૂર્તિની પૂજા છે. મને પણ ખબર છે, કહે. અમને તો આખી જિંદગી શંકા ગઈ. શું? શાસ્ત્રમાં પ્રતિમા છે, પૂજા છે. શિષ્યો વાંચશે તો અમારી શ્રદ્ધા ઊડી જશે. એમ કહેતા. લ્યો. અમારી આખી જિંદગી આમ ને આમ ગઈ. વાત પહેલી કરી હતી. હવે આ લોકોની બહાર આવી. 'જવાહર' 'તુલસી', 'મહેન્દ્ર' અને 'અમરમુનિ'.

મુમુક્ષુ :- 'જવાહરલાલ' ગુજરી ગયા કે હયાત છે?

ઉત્તર :- ગુજરી ગયા, 'જવાહરલાલ' ગુજરી ગયા. એના શિષ્ય છે, 'નાનાલાલ'. નહિ? આપણા પુસ્તકો 'જુગરાજજી'એ મોકલ્યા. 'જુગરાજજી', નહિ? સ્થાનકવાસી કરોડપતિ. એણે આપણા પુસ્તકો મોકલ્યા. એણે વાંચ્યા. પણ વાંચીને એમ કીધું કે, અમે તો વ્યવહારમાં પડ્યા છીએ. વ્યવહાર પણ કયાં હતો તમારે? ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- જે વાત શાસ્ત્રમાં, એ વાત અંદરમાં, એ વાત બહાર પાડવાવાળા આપ એકલા છો.

ઉત્તર :- સંપ્રદાયમાં છોડીને આમાં ચાલે એ તો આ એક જ છે. પૂર્વનું પુણ્ય સાથે હતું ને. એ વાત છે.

મુમુક્ષુ :- .. ડર લાગે છે?...

ઉત્તર :- માર્ગ જ આ છે. આહા..! કહ્યું ને? (સંવત) ૧૯૭૩ની સાલમાં. ૧૯૭૩ની

સાલ. કેટલા વર્ષ થયા? ૫૯? ૫૯ થયા ને? ૧૯૭૩માં વાત થઈ. મેં કીધું, શાસ્ત્રમાં શાશ્વત પ્રતિમાને જિનના ઊંચા પ્રમાણમાં ઉપમા આપી છે. ઈ હું વાંચતો હતો. ૧૯૭૩. 'જીવાભિગમ' એક શ્વેતાંબર સૂત્ર છે. ૩૨ સૂત્રનું ૪૫ માંહેલુ. ...એમાં લોકો જક્ષની કહે છે. અને અહીંયાં દામોદરે જક્ષની સ્થાપી હતી. 'ભાવનગર', નહિ? પૈસાનો વિરોધ હતો ને? 'બોટાદ'ના આપણા બધા ગૃહસ્થોએ પૈસા આપેલા અને હવે અહીં આવ્યા એટલે એનો હક નથી. પૈસા આપ્યા હોય ને પહેલા? પછી દિગંબરમાં આવી ગયા એટલે એનો હક નથી. અને એ મૂર્તિ જક્ષની છે એમ સ્થાપી. 'દામોદર શેઠે.'

૧૯૭૩માં મેં ખાનગી પૂછ્યું, કીધું, મને તો આ તીર્થંકરની પ્રતિમાઓ લાગે છે. કેમ? કે જિણોસે પમાણે, શબ્દ છે. જીવાભિગમમાં જિનના ઊંચાઈ પ્રમાણમાં પ્રતિમા છે. જક્ષની હોય તો જિનના ઊંચાઈ પ્રમાણની ઉપમા ન અપાય. એ.. 'નવરંગભાઈ'! ત્યારે કહે, છે તો તીર્થંકરની. ઓય..! બહારમાં જક્ષની કહે. જક્ષની કહે એને અનુમોદે અને અંદરમાં આ. અરરર..! ગજબ વાત, કીધું. શ્રદ્ધા બધી ઊડી ગઈ એકદમ. બધાની. તીર્થંકરની પ્રતિમા શાશ્વત છે, એમ કહ્યું એણે. 'દામનગર'માં બહાર વાડામાં એકલા સૂતા હતા. કોઈ માણસ નહોતું. મેં પૂછ્યું, કીધું, આ શું છે? છે તો તીર્થંકરની. એને એ વખતે ન કહેવાય. ચાર વર્ષની (મારી) દીક્ષા અને એની... માર્ગ ઉથાપી નાખ્યો. આહાહા..! સત્યનો વિરોધ કર્યો. માટે હવે તો સત્યને જાતે શોધવું પડશે. કીધું, ખોટું છે આ, ખોટી વાત છે. તીર્થંકરની શાશ્વત પ્રતિમાઓ છે, તમે માનો છો, શાસ્ત્રમાં છે. શ્વેતાંબર, સ્થાનકવાસી, દેરાવાસીના શાસ્ત્રોમાં છે અને દિગંબર શાસ્ત્રોમાં છે. અને જ્યારે તમે એને એમ કહો કે એ તો દેવનો વ્યવહાર છે, દેવનો વ્યવહાર છે. પણ દેવ સમકિતી છે એને પૂજે છે તો વ્યવહાર કેવો? કઈ જાતનો? એનો શુભભાવ છે. ઈન્દ્રો એકાવતારી શક્રેન્દ્ર આદિ. એમ ન ચાલે, કીધું, અહીં પક્ષ ન ચાલે. સત્ય હોય એ રહેશે. એકભવતારી ઈન્દ્રો, ઈન્દ્રાણીઓ ભગવાનની પાસે નમોથુણ્ણ અરિહંતાણં, ભગવંતાણં આઈગરાણં...

મુમુક્ષુ :- દેવનો વ્યવહાર કહીને નિષેધ કરી નાખ્યો.

ઉત્તર :- દેવનો વ્યવહાર એમ કરીને. કંઈક કારણ હશે કે લૌકિક વ્યવહાર? ભગવાનની મૂર્તિ પૂજે એ લૌકિક વ્યવહાર છે? નહિ, આવું ન ચાલે. અને 'દ્રૌપદી'નો અધિકાર. 'દ્રૌપદી' પરણવા વખતે ભગવાનની પૂજા કરવા જાય છે. ત્યારે એ લોકો એ કહે છે કે એ તો વિવાહના પ્રસંગનું હતું, એ કંઈ ધર્મ નહિ. કીધું, પણ ન્યાં ભગવાનની મૂર્તિ સામે બોલી હતી. નમોત્થુણં, અરિહંતાણં, આઈગરાણં, તિત્થયરાણં એમ બોલી હતી? પ્રભુ! આપ તીર્થના નાયક છો. આપ અરિહંત છો. એમ બોલી હતી એ વિવાહ માટે હતું? અને એ મૂર્તિ ને મંદિરો પહેલેથી કોઈ કરતા હશે ત્યારે હતા કે નહિ? અને એ તો 'દ્રૌપદી'ના વખતની વાત છે, પાંડવના વખતમાં. ૮૫૦૦૦ વર્ષ પહેલાં પ્રતિમા ને મંદિર શાસ્ત્રમાં સિદ્ધ છે. એમ ન ચાલે, કીધું. અહીં આવી ગયા માટે તમે મુંઝાશો નહિ. મુહપત્તિમાં આવી ગયા માટે અહીંયાં પડ્યા રહેશે, એમ નથી. અમે તો ક્ષણમાં બધું છોડી

દઈશું. એ લોકોને ડર લાગતો હતો એટલે બહુ કહે નહિ. મંદિરો ત્યાં (છે), ‘દ્રૌપદી’ પગે લાગવા ગઈ. પાંડવના વખતમાં ૮૫૦૦૦ વર્ષ પહેલાં મંદિર અને મૂર્તિ ત્યાં શાસ્ત્રથી સિદ્ધ છે. અને અરિહંત તરીકે પૂજ્યા છે. ભલે એ ભાવ શુભ છે, ધર્મ નથી. પણ એ વસ્તુ છે. એને તમે ઉથાપી નાખો (એમાં) માર્ગનો મોટો વિરોધ થાય છે. સમજાણું કાંઈ? ‘જયંતિભાઈ’! એ વાત હવે અહીં આવી, જુઓ આમાં.

‘જવાહરલાલે’ કબુલ કર્યું છે. વિદ્વાનો તો મૂર્તિને કબુલ કરે જ. પૂર્વધરો પૂજતા હતા, એમ એમાં આવે છે? આમાં આવે છે. પૂર્વધરો. અગિયાર અંગ ઉપર જેને પૂર્વ હતું. સમજાણું? છે આમાં? પૂર્વધર કયાંક શબ્દ કર્યો હશે. પ્રાચીન પ્રકાંડ વિદ્વાન શાસ્ત્રજ્ઞ એવં યહાં તક કી પૂર્વધર પર્યંત કરતે આયે હૈં. પૂર્વધરો પણ ભગવાનની મૂર્તિની પૂજા કરતા આવ્યા છે. વાત સાચી છે પણ હવે આ બહાર આવી થોડી. પૂર્વધરના વખતથી ભગવાનની પૂજા ચાલી આવે છે. પોતે કરતા. છે તો એમાં શુભભાવ પણ છે ને નકાર (કરે એમાં) આખો માર્ગ ફેરફાર થઈ જાય. એ કંઈ પૂજાની અંદરમાં ધર્મ થાય છે કે સંવર, નિર્જરા થાય છે એમ નથી. એથી નથી, પણ એ વસ્તુ નથી એમ વસ્તુ સ્થાપવી એ મોટો શાસનનો અપરાધ થાય છે, સત્યની નિંદા થાય.

અહીં તો કહે છે, અહીંયાં જુઓ! હવે અહીં તો બીજી વાત આખી લેવી છે. આહા..! ‘**જો ચિદાનંદ આત્મા જ્ઞાનાવરણાદિ કર્મોંસે બંધા હુઆ હોનેપર ભી કભી ભી કર્મરૂપ નિશ્ચયસે નહીં હોતા,...**’ આહાહા..! એ કર્મરૂપે તો નથી થયો પણ એ શુભભાવપણે થયો નથી. સમજાણું કાંઈ? અહીં દ્રવ્યકર્મ, ભાવકર્મ બેય લેવા. એકલા દ્રવ્યકર્મ નહિ. આહાહા..! વસ્તુ આવી (છે), બાપુ! જિનવરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરની વાણી, એ તે શું ચીજ છે! સમજાણું કાંઈ? એ માર્ગ દિગંબરમાં સચવાય રહ્યો છે. શ્વેતાંબરે તો કલ્પિત શાસ્ત્ર બનાવ્યા છે. ૩૨ ને ૪૫ તો કલ્પિત બનાવ્યા છે. ભગવાનના કહેલા નથી, જ્ઞાનીના કહેલા નથી. આહાહા..! આવી સ્પષ્ટ વાત અહીં છે. જુઓ!

‘**કભી ભી કર્મરૂપ નિશ્ચયસે નહીં હોતા ઔર કર્મ ભી...**’ કર્મ એટલે પુણ્ય-પાપના ભાવ અને જડ કર્મ, બેય. ‘**પરમાત્મરૂપ કભી ભી નિશ્ચયકર નહીં હોતે,...**’ આહાહા..! અન્વયાર્થ છે ને? ‘**ઉસ પૂર્વોક્ત લક્ષણોંવાલે પરમાત્માકો તૂ ચિંતવન કર.**’ આહાહા..! એવો જે પરમાત્મ જ્ઞાન, દર્શન સ્વભાવથી ભરેલો પ્રભુ, એની સન્મુખ થઈને એનું ધ્યાન કર, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ચિંતવન ‘ભાવય’ છે ને? ‘ભાવય’-ભાવ. એનો અર્થ કર્યો છે. ચિંતવન એટલે વિકલ્પ એમ નહિ. સ્વરૂપ ચિદ્ઘન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ આત્મા, હોં! અન્યમતિ કહે છે એને ખબર નથી. એવા આત્માને તું ધ્યાનમાં લે. આહાહા..! આ બાજુની દૃષ્ટિ ફેરવી નાખ. પર્યાયબુદ્ધિ રાગબુદ્ધિ ફેરવી નાખ. ફેરવી નાખ નથી કહ્યું. આના ઉપરનું ધ્યાન કર, એમ કહ્યું છે. અસ્તિથી કીધું છે. સમજાણું કાંઈ? આહાહા..! પરમાનંદનો નાથ ભગવાન પોતે છે અંદર. એકલો અતીન્દ્રિય આનંદનો કંદ છે ઈ.

શક્કરકંદનો દાખલો નથી આપતા? શક્કરિયા. એની છાલ સિવાય એ શક્કરકંદ. સાકરની મીઠાશનો એ કંદ છે એટલે શક્કરકંદ કહેવાય છે. આ શક્કરિયા. એ છાલનો ભાગ ન દેખો તો એ શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ જ છે. એમ ભગવાનઆત્માને પુણ્ય-પાપના વિકલ્પની છાલ ન જુઓ... આહાહા..! તો અંદરમાં એ અતીન્દ્રિય આનંદનો કંદ જ આત્મા છે. કોને? એને જોનારને. આહાહા..!

સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનવરદેવ, એને આત્મા કહે છે. આ પરમાત્મા કીધું ને? એ પરમાત્મા એટલે આ આત્મા પોતે પૂર્ણ સ્વરૂપ. જે પુણ્યના, દયા, દાન, વ્રતના ભાવરૂપે થયો નથી તેમ એ પુણ્ય પરિણામ આત્મારૂપે થયા નથી. આહાહા..! આવી વાતું. એમાં ઓલો વ્યવહાર આવે એ ઊડાવી દે. વ્યવહાર હોય છે. હેય હોવા છતાં ભગવાનની પૂજા (આદિ) શ્રાવકને છ બોલ નથી? છ આવશ્યક શુભભાવના છે એ બધા. શુભભાવના એ ભાવ છે. શ્રાવકને હોય છે. હોય છે એ જુદી વાત છે અને ઉપાદેય આદરણીય એ જુદી વાત છે. સમજાણું કાંઈ?

'ભાવય' ભાવવાનને ભાવ. આહાહા..! પરમ સ્વભાવભાવ ભગવાન મોક્ષસ્વરૂપ આનંદનો કંદ પૂર્ણ આનંદનો કંદ, એની ભાવના કર. આહાહા..! સ્વરૂપ પૂર્ણ છે તેનો વિશ્વાસ લાવીને તે તરફ ઢળી જા, એમ કહે છે. કરવાનું આ છે. સમજાણું કાંઈ? હવે આવી વાતું. ઝઘડા.. ઝઘડા.. ઝઘડા. અરે..! ઝઘડા મટવાની વાત છે એમાં ઝઘડા. એમાં ઈ લખ્યું છે ઈ બરાબર લખ્યું છે કે આ આડંબર બહુ વધી ગયો છે એ ન હોવો જોઈએ. દિવા કરવા ને ફુદા મરે, પાણીના ઢગલા, એક એક બિંદુએ અસંખ્ય જીવ, ફૂલના ઢગલા. બાર મહિને કરોડો રૂપિયાના ફૂલ કરતા હશે, એમ એમાં લખ્યું છે. આહાહા..! એક એક ફૂલમાં કેટલી જીવાત હોય. સારા વખતમાં ફૂલની પૂજા હતી ને. પણ એ અમુક. અત્યારે તો આચાર્યોએ કીધું કે અત્યારે બહુ જીવાત છે માટે એ નહિ (વાપરવી). એમ જ છે. વિવેક જોઈએ, ભાઈ! આ તો અહિંસા ધર્મનો માર્ગ છે. એમાં એકદમ ફૂલ ને પાણીની હિંસા કરીને દીવા ઝગમગાટ (કરે), ફૂદડા મરે અને એમાં શુભભાવના ઠેકાણા ન મળે. ધર્મ તો ન્યાં નથી. આહાહા..!

**ભાવાર્થ :-** '**જો આત્મા અપને શુદ્ધાત્મસ્વરૂપકી પ્રાપ્તિકે અભાવસે...**' કર્મ કેમ બંધાણા એની વાત કરે છે. '**આત્મા અપને શુદ્ધાત્મસ્વરૂપ...**' ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, એ શુદ્ધ પવિત્ર ભગવાનઆત્માની પ્રાપ્તિના અભાવથી '**ઉત્પન્ન કિયે જ્ઞાનાવરણાદિ શુભ-અશુભ કર્મોંસે...**' જોયું! મૂળ તો શુભાશુભભાવ કર્યા અને એનાથી કર્મ થયું, બેય ભેગું નાખી દીધું. શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિનો જે અભાવ તો અશુદ્ધ ભાવની પ્રાપ્તિનો સદ્ભાવ, બીજી ભાષાએ કહીએ તો. અશુદ્ધ એટલે પુણ્ય અને પાપ, એની પ્રાપ્તિથી ઉત્પન્ન થયેલા કર્મો. આહાહા..! '**જ્ઞાનાવરણાદિ શુભ અશુભ કર્મોંસે વ્યવહારનયકર બંધા હુઆ હૈ,...**'

વિકાર છે એ સ્વતંત્ર છે અને એક વાર કહ્યું હતું, 'યોગસાર'ની વાતમાં. આત્મા છે ઈ દ્રવ્ય છે ઈ તો વિકારમાં નિમિત્ત છે. નિમિત્ત એટલે? બસ, છે એટલું. વિકારનું ઉપાદાન

સ્વતંત્ર પર્યાયનું છે. વસ્તુ છે એ તો નિમિત્તમાત્ર વિકારમાં છે. નિમિત્ત એટલે એનો અર્થ કે કાંઈ નહિ. 'યોગસાર'માં છે. સમજાણું કાંઈ? આહાહા..! એવો જે આ ભગવાનઆત્મા એના પ્રાપ્તિના અભાવથી ઉત્પન્ન થયેલા શુભાશુભભાવ અપવિત્ર ભાવ. પોતે જ્યારે શુદ્ધાત્મ સ્વરૂપ પવિત્ર (છે). આહાહા..! એ તો આપણે બપોરે આવી ગયું, નહિ? અશુચિ. પુણ્ય-પાપ ભાવ અશુચિ છે, અપવિત્ર છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ પવિત્ર છે. આહાહા..! પવિત્રને અણપામીને અને અપવિત્રતાના પરિણામને પામીને, આહાહા..! જે શુભાશુભ કર્મ થયું. શુભાશુભ પાછુ એમ ન લેવું ત્યાં કે જ્ઞાનાવરણાદિ શુભ અને અશુભ બે છે. એ તો શાતા આદિ છે એને શુભ છે, એમ કહ્યું છે. જ્ઞાનાવરણાદિ તો એકલું અશુભ જ છે. પણ સમુચ્ચય શબ્દ છે. આમ ભાષા જ્ઞાનાવરણાદિ શુભઅશુભ કર્મ. એટલે ન્યાં વળી એમ લગાડી દે કે જ્ઞાનાવરણીમાં કોઈ શુભ અને કોઈ અશુભ. એમ નથી. વેદનીયમાં શુભ અશુભ છે. ગોત્રમાં શુભ અશુભ છે, આયુષ્યમાં શુભ અશુભ છે, નામમાં શુભ અશુભ છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે ઓલો 'કાંતિ ઈશ્વર' ઈ લગાવે છે. એમ કે શુભભાવમાં... એવું કાંઈક લગાવે છે. તમને બતાવ્યું હતું ને? જેનાથી મોહ બંધાય એને શુભ કેમ કહેવું? એમ કહે છે ઈ. ઈ શુભમાં જેટલો શુદ્ધ નિર્મળનો અંશ છે, એમ ઈ કહે છે. 'કાંતિલાલ ઈશ્વર' છે ને? ખોટી બધી વાતું છે એની. ઈ આ કહે છે. એમ કે શુભભાવથી પુણ્ય બંધાય નહિ, એમ કહે છે. શુભભાવથી તો આત્માને લાભ થાય. કેમકે પુણ્ય બંધાય છે એ વખતે તો મોહ પણ બંધાય છે. પુણ્યથી મોહ બંધાય? શુભભાવમાં અંદર થોડી પવિત્રતા ભિન્ન લેવી છે. સમજાણું? એમ છે નહિ. એ બધુંય કર્મ બંધાય છે. શુભભાવથી પુણ્ય બંધાય અને અશુભથી પાપ બંધાય. આહાહા..! શુભભાવથી ચારિત્રમોહની બંધાય. મિથ્યાદૃષ્ટિ હોય એને એમાં દર્શનમોહ પણ બંધાય. સમજાણું કાંઈ? શુભભાવથી શાતાવેદની જ બંધાય કે ઊંચું નામ ગોત્ર (બંધાય), એમ કાંઈ નથી. શુભભાવ છે, દર્શનમોહ મિથ્યાત્વીને એ બંધાય. સમકિતીને શુભભાવ છે ત્યાં ચારિત્રમોહ બંધાય. ચારિત્રમોહ બંધાય માટે એ અશુભ છે એમ નહિ. પરમાર્થે અશુભ એ બીજી વસ્તુ. આ તો શુભભાવને બીજો ખતવવા માગે છે-નિર્જરાના કામમાં. આહાહા..!

અહીં જુઓ! આ આવ્યું, '**વ્યવહારનયકર બંધા હુઆ હૈ, તો ભી શુદ્ધનિશ્ચયનયસે કર્મરૂપ નહીં હૈ,...**' ભગવાન નિશ્ચય નામ સત્યાર્થ દૃષ્ટિથી જોઈએ તો એ પુણ્યના પરિણામ અને કર્મરૂપે થયો જ નથી. આહાહા..! શુદ્ધ નિશ્ચયનયથી જોઈએ તો કર્મરૂપ નથી. '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ...**' આહાહા..! ભગવાનઆત્મા કેવળજ્ઞાન.. કેવળજ્ઞાન (સ્વરૂપ છે). કેવળજ્ઞાન પર્યાય નહિ. એકલું જ્ઞાન, એકલું દર્શન. '**અનંતગુણરૂપ અપને સ્વરૂપકો છોડકર કર્મરૂપ નહિ પરિણમતા...**' આહાહા..! કર્મરૂપે કદી થયો નથી. આહાહા..! બેય લે છે, જુઓ!

'**ઔર યે જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-ભાવરૂપ કર્મ ભી...**' જોયું! બેય આવ્યું. જ્ઞાનાવરણાદિ

દ્રવ્યકર્મ અને ભાવકર્મ. બેય. છે? સંસ્કૃતમાં છે, જુઓ! '**ज्ञानावरणादिद्रव्यभावरूपं कर्मापि**' બીજી લીટી. આમાં ઉપરથી બીજામાં છે. દ્રવ્ય-ભાવરૂપ કર્મ. આમાં આની કોરની બીજી લીટી છે. આમ પહેલેથી છઠ્ઠી લીટી છે. પહેલેથી છઠ્ઠી લીટી છે. '**ज्ञानावरणादिद्रव्यभावरूपं कर्मापि**' આહાહા..! એટલે કે જે છ પ્રકારે જ્ઞાનાવરણી બંધાય એ છ પ્રકારપણે પણ આત્મા પરિણમ્યો નથી. આહા..! વસ્તુ જે ચિદાનંદ ભગવાન છે... એમ કહે છે. જે છ કારણે જ્ઞાનાવરણી બંધાય છે ને? છ કારણે દર્શનાવરણી. નિહ્નવ. પણ એ ભાવરૂપે દ્રવ્ય પરિણમ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય તો ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ, જેમાં વિપરીતતા તો નથી પણ અલ્પતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ બાપા! ઝીણો બહુ, ભાઈ! આહાહા..! જેનાથી જન્મ-મરણના અંત આવે અને જેનાથી અનંત સમાધિ આનંદ પ્રાપ્ત થાય. તે સાદિઅનંત પ્રગટી તે પ્રગટી, અનંત કાળ રહે. એના ઉપાય તો અલૌકિક હોય કે નહિ? આહાહા..!

'**કેવલજ્ઞાનાદિ...**' કેવળજ્ઞાન એટલે કેવળપર્યાય ન લેવી. કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન. એકલું દર્શન, એકલો આનંદ, એકલી સ્વચ્છતા, એકલી પ્રભુતા. એવા '**અનંતગુણરૂપ અપને સ્વરૂપકો છોડકર...**' આહાહા..! એવા અનંત અનંત સંખ્યાએ ગુણ છે અને એક એક ગુણની પાછી અનંત શક્તિ છે. સમજાણું કાંઈ? '**અનંતગુણરૂપ અપને સ્વરૂપકો છોડકર કર્મરૂપ નહિ પરિણમતા...**' એટલે રાગરૂપે અને જડરૂપે એ અનંત ગુણનો નાથ ભગવાન એ રૂપે કોઈ દિ' પરિણમતો નથી.

'**ઔર યે જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-ભાવરૂપ કર્મ ભી આત્મસ્વરૂપ નહિ પરિણમતે,...**' એ છ પ્રકારના જ્ઞાનાવરણી બાંધે એ જ્ઞાનાવરણી અને છ પ્રકાર-નિહ્નવ આદિ, એ ભાવરૂપે આત્મા. '**ભાવરૂપ કર્મ ભી આત્મસ્વરૂપ નહિ પરિણમતે...**' એ ભાવ આત્મસ્વરૂપે નથી થતા. આહાહા..! છ પ્રકારના વિભાવભાવથી કર્મ બંધાય એ વિભાવભાવ આત્મસ્વરૂપે નથી થતા. સમજાણું કાંઈ? એ વિભાવભાવ આત્મસ્વરૂપપણે નથી થતા. આહાહા..! અને અનંત ગુણનું આત્મસ્વરૂપ એ વિભાવભાવરૂપે થયું નથી. આહાહા..! જે કારણે જ્ઞાનાવરણી છ પ્રકારે બંધાય, દર્શનાવરણી છ પ્રકારે બંધાય, વેદનીય આદિ બોલ આવે છે ને બધા? મોહનીય, અંતરાય, એ ભાવરૂપે આત્મા થયો નથી અને એ ભાવ આત્મસ્વરૂપપણે થયા નથી. આહાહા..! આવો માર્ગ છે. પર્યાયમાં થયું છે એ વસ્તુમાં ક્યાં છે, એમ કહે છે. આહાહા..! વસ્તુ તો એવી ને એવી નિર્મળાનંદ પ્રભુ, એ મલિન પરિણામપણે વસ્તુ થઈ નથી અને મલિન પરિણામ આત્મસ્વરૂપપણે થયા નથી. આહાહા..! આવું ભેદજ્ઞાન વસ્તુનું સ્વરૂપ છે.

'**અર્થાત્ અપને જડરૂપ પુદ્ગલપનેકો છોડકર ચૈતન્યરૂપ નહીં હોતે,...**' આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ એ પોતાનું જડપણું છોડી ચૈતન્યરૂપે નથી થતાં. આહાહા..! સમજાણું કાંઈ? ખરેખર તો જેટલા પ્રકારે આઠ કર્મ જે ભાવે બંધાય એ બધા

ભાવ જડ છે. ૧૪૮ કર્મની પ્રકૃતિ છે ને? જડ, અજીવ સાક્ષાત્ અજીવ. એના જે બંધના કારણો-ભાવ એ પણ જડ અને અચેતન છે. આહાહા..! '**આત્મસ્વરૂપ નહીં પરિણમતે, અર્થાત્ અપને જડરૂપ પુદ્‌ગલપનેકો છોડકર...**' એ તો આપણે બપોરે આવી ગયું છે, નહિ? પુણ્ય-પાપના ભાવ જડ છે. કેમકે બીજા દ્વારા જણાય છે એટલે જડ છે. એટલે ભાવકર્મ એ જડ છે. આહાહા..! એટલે ભાવકર્મ જે આસ્રવ છે તે રૂપે જીવ થયો નથી અને ભાવકર્મ જીવરૂપે થયા નથી. આહાહા..! આવું સમજવું એને મહેનતનો પાર ન મળે. ઓલું તો સહેલુંસટ (હતું). વ્રત પાળવા, અપવાસ કરવા, દયા પાળવી. એય..! ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા.

મુમુક્ષુ :- એ ધર્મ નથી?

ઉત્તર :- એ તો વિકલ્પની વાતું છે, રાગની વાતું છે. જે રાગ આત્મપણે થયો નથી, આત્મા રાગરૂપે થયો નથી. આહાહા..!

આ તો 'પરમાત્મપ્રકાશ' છે ને. જે પર્યાયમાં પરમાત્મપણું પર્યાય પ્રગટ થાય છે, એ પરમાત્મસ્વરૂપમાં ન હોય તો બહારથી આવશે? આહાહા..! એ પોતે જ પરમાત્મસ્વરૂપ ભગવાન છે. ત્રણે કાળ. આહાહા..! એના આશ્રયથી પર્યાયમાં પરમાત્મપણું આવે છે. જેમાં ભરેલું છે એમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે. પરમાત્મા કેવળી થાય છે એ પ્રાપ્તની પ્રાપ્તિ-અંદર છે એમાંથી આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એનો વિશ્વાસ આવવો (જોઈએ) સમ્યગ્દર્શન. એવી પૂર્ણાનંદની શક્તિનો પિંડ પ્રભુ. આહાહા..!

'**યહ નિશ્ચય હૈ, કિ જીવ તો અજીવ નહીં હોતા, ઔર અજીવ હૈ, વહ જીવ નહીં હોતા. ઐસી અનાદિકાલકી મર્યાદા હૈ.**' આહાહા..! અનાદિ કાળની મર્યાદા છે કે શુભભાવ ચૈતન્યપણે થતો નથી, ચૈતન્ય શુભભાવપણે થતો નથી. '**ઈસલિયે કર્મોંસે ભિન્ન જ્ઞાન-દર્શનમયી સબ તરહ ઉપાદેયરૂપ (આરાધને યોગ્ય) પરમાત્માકો દેહ રાગાદિ પરિણતિરૂપ...**' જોયું! '**દેહ રાગાદિ પરિણતિરૂપ બહિરાત્મપનેકો છોડકર શુદ્ધાત્મપરિણતિકી ભાવનારૂપ અંતરાત્મામેં સ્થિર હોકર ચિંતવન કરો,...**' અનુભૂતિમાં એને યાદ કરો, એમ કહે છે. આવો જે પરમાત્મા (છે) તેને અનુભૂતિમાં ઉપાદેય તરીકે જાણો. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૧, સોમવાર
## તા. ૧૨-૦૭-૧૯૭૬, ગાથા-૫૦ થી ૫૨, પ્રવચન નં. ૩૨

(આજે) ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. શ્રાવણ વદ-૧. (આજે) શ્રાવણ વદ-૧ છે. ભગવાનને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ-૧૦ થયું હતું. વાણી ન નીકળી. ૬૬ દિવસે (વાણી નીકળી). આજે એના ૬૬ દિવસ પૂરા થાય છે. ઈન્દ્રોને વિચાર થયો કે આ કેમ થયું? ૬૬ દિવસ સુધી વાણી નીકળતી નથી અને તીર્થંકરની વાણી તો કેવળજ્ઞાન થાય તો નીકળવી જોઈએ. પછી 'ગૌતમ' જે કુશ્રુતના પારગામી આદ્ય વેદાંતના હતા એની પાસે ગયા, (એમને) લાવ્યા. અને અહીંયાં વાણી છૂટી. દિવ્યધ્વનિ. વિપુલાચલ પર્વત ઉપર શ્રાવણ વદ-૧, સૂર્યના ઊગવાના કાળે યુગની પહેલી ઘડી. યુગ જે હતો પાંચ વર્ષનો હતો એનો પણ પહેલો કાળ હતો. એ વખતે ભગવાને ભાવશ્રુતની પ્રરૂપણા કરી. શું કહ્યું ઈ, સમજાણું? કેવળજ્ઞાનની નહિ. વાણી નીકળી (તે) ભાવશ્રુતપણે નીકળી. સમજનારને ભાવશ્રુત થયું ને? ગણધરને. ગણધરદેવ ભાવશ્રુતપણે પરિણમ્યા. ત્યારે ભગવાનની વાણી ભાવશ્રુતપણે નીકળી. એમાં-ભાવશ્રુતમાં કેવળજ્ઞાનાદિ બધું આવે, પણ પ્રરૂપણા કરી ભાવશ્રુતની. સમજાય છે કાંઈ? એ વાણી ગૌતમે સાંભળી. એ તો ગણધરપદ પામ્યા એ પણ આ દિવસ છે. એમણે અંતર્મુહૂર્તમાં બાર અંગ ને ચૌદ પૂર્વની રચના કરી. એ પણ આ દિવસ છે.

અહીંયાં તો ભાવશ્રુતના અર્થકર્તા તીર્થંકર અને ભાવશ્રુતની દ્રવ્યની રચના કરનારા, ભાવશ્રુતપણે પરિણમેલા ગણધર દ્રવ્યશ્રુતની રચના (થઈ) ભગવાનની વાણીમાં અર્થ આવ્યું, ગણધરોએ સૂત્ર રચ્યા. સમજાણું કાંઈ? એ ગણધરે બાર અંગ અને ચૌદ પૂર્વની રચના (કરી) એનો આજ દિવસ છે. આહાહા..! ગણધરપદ પામ્યા, ચૌદ પૂર્વની રચના થઈ, ભગવાનની વાણી નીકળી, એ બધો આ દિવસ છે. યોગનો દિવસ છે, સૂર્યના ઉગવા કાળે આ વાણી નીકળી એ દિવસ છે. આહાહા..!

એ વાણીમાં એમ આવ્યું. નવ પદાર્થ સહિત છ દ્રવ્યનું અને વીતરાગી ભાવનું જ્ઞાન આવ્યું. એમણે એમની વાણીમાં વીતરાગી ભાવ વર્ણવ્યો. ભાવશ્રુતમાં પણ એ આવ્યું. જેનાથી આત્મા વીતરાગી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન પ્રાપ્ત કરે, વીતરાગી ચારિત્ર પ્રાપ્ત કરે અને એની પૂર્ણની પ્રાપ્તિ કરે, એ ઉપદેશ વીતરાગની વાણીમાં આવ્યો. સમજાણું કાંઈ?

પહેલા આમાં આવી ગયું છે કે ભગવાન પાસે રાજાઓ આદિ ગયા એ પહેલાં આગમના પ્રશ્નો કર્યા પણ પછી, શુદ્ધાત્માનો પ્રશ્ન પછી કર્યો. આવે છે? આહાહા..! સમજાણું કાંઈ? આપણે પહેલા આવી ગયું છે. પાંડવોએ 'નેમિનાથ' ભગવાનને પ્રશ્ન

કરેલા. 'રામચંદ્રજી'એ 'કુલભુષણ', 'દેશભુષણ' કેવળીને કરેલા. 'મહાવીર' ભગવાનને 'ગૌતમે' પ્રશ્ન કર્યા વગેરે. 'ગૌતમ'ને પહેલા જીવ-અજીવનો સંદેહ હતો. લ્યો ઠીક. એના વેદમાં પારંગત (પરંતુ) જીવ-અજીવની વાસ્તવિકતામાં સંદેહ. ... વાણી સાંભળી, અરે..! ભગવાનના દર્શન કર્યા ત્યાં મિથ્યાત્વ આદિ બધું ઊડી ગયું. પછી વાણી નીકળી છે. પાત્ર હતા ને! આહાહા..! આમ માનસ્તંભ જોવે છે, પાત્ર છે ને! માન ગળી જાય છે. એકદમ અંદરથી સાધુપદપણું આવે છે. આહાહા..!

વાણી છૂટે છે તો ભાવશ્રુતજ્ઞાનની વાત ભાવશ્રુતે પરિણમેલા સાંભળે છે. આહાહા..! એ વાણીને કીધું છે ને? 'ચિદાનંદ ભુપાલ કી રાજધાની'. વીતરાગની વાણી 'નમો દેવી વાગેશ્વરી જિનવાણી' નથી આવતું? 'નમો દેવી વાગેશ્વરી'. વાગેશ્વરી એટલે? વાક્-વચનમાં ઈશ્વરી. વાઘેશ્વરી એમ નહિ. પેલા વાઘને માથે સરસ્વતી (એ નહિ). વાકેશ્વરી વાતમાં ઈશ્વર એવી જે વીતરાગની વાણી ભાવશ્રુતજ્ઞાનથી આવી.. આહાહા..! પાત્ર જીવ પામી ગયા, લ્યો! એમણે શાસ્ત્ર રચ્યા એમાંથી આ શાસ્ત્ર 'સમયસાર' આદિ બધા ચાલ્યા આવે છે. એ વાણી ભગવાનની છે એમાંથી આ ચાલ્યા આવે છે. સમજાણું કાંઈ? ઘણું લખાણ છે એમાં-'ધવલ' ના પહેલા ભાગમાં. તીથી ને વાર ને બધું ઘણું લાંબુ લખાણ છે.

શાસ્ત્રનો વિચ્છેદ થશે એમ ધારી 'ધરસેનાચાર્ય'ને ગિરનારમાં ગુફા છે ને? (ત્યાં) સંદેહ થયો (-કે) અરે..! શાસ્ત્ર વિચ્છેદ થશે. કહો, ભાવમુનિ. ભાવલિંગી આત્મધ્યાની, એને એમ થયું કે અરે..! શાસ્ત્ર આ પરંપરાએ નહિ રહે તો? (એમ) ભય થયો. લ્યો. મુનિ ક્યાંક હશે. ..નગરીમાં ભેગા થયા હશે. મહોત્સવ. એમાં પોતે લેખ લખ્યો. લેખ. ત્યાં મુનિએ વાંચ્યો. એટલે પહેલા બે મુનિને ત્યાં મોકલ્યા. 'પુષ્પદંત', 'ભૂતબલી' નામ પછી પડ્યા છે. બેને મોકલ્યા. આહાહા..! અહીંયાં 'ધરસેનાચાર્ય'ને સ્વપ્ન આવે છે. રાત્રિના પાછલા ભાગમાં મુનિને નિંદ્રા હોય છે ને. પીછલી રયણી. એમાં સ્વપ્ન આવે છે કે બે બળદ છે, ધોળા બળદ. વિનયવંત શીલવંત આવીને નમસ્કાર કરે છે. સ્વપ્નામાં આવ્યું. ત્યારે એને (થયું), ઠીક. સ્વપ્ન પૂરું થયું. જયવંત શ્રુતદેવતા! જયવંતો શ્રુતદેવતા! જે ધારણા છે તે શિષ્યો વિનયવંત આવે છે. એમ છે. આહાહા..! આમ તો બે બળદ (હતા), પણ ઠીક, આ વિનયવંત સંતો આવે છે એનું આ સ્વપ્નું આવ્યું.

મુનિ આવે છે. વંદન કરે છે. ત્રણ દિ' સુધી એમ ને એમ ચાલે છે. વીતરાગી મુનિઓ છે ને. ત્રણ દિ' સુધી 'ધરસેનાચાર્ય' કંઈ આપતા નથી. ત્રીજે દિવસે કહ્યું, પ્રભુ! અમે આ માટે આવ્યા છીએ. આહાહા..! વીતરાગીઓ છે એ તો. એને વિકલ્પ આવ્યો ત્યારે આવ્યો, ન આવે તો કાંઈ (નહિ). આહાહા..! એ સંતની પરિપાટીમાં પાકેલા. ત્રણ દિવસે (કહે છે), મહારાજ! અમે આ માટે આવ્યા છીએ. અચ્છા! કલ્યાણ હો! ભાવમુનિ ભાવમુનિને કહે છે. આહાહા..! અચ્છા! કલ્યાણ હો! ઓહો..! એ કાળ કેવો હશે! ભાવલિંગી વીતરાગી ત્રણ કષાયના અભાવમાં પરિણમેલા વીતરાગના આનંદની દશામાં

આનંદના ઝુલે ઝુલતા.. આહાહા..! બેય મુનિઓ આનંદને ઝુલે ઝુલતા. આહાહા..! પછી આવી... ત્રણ દિ' સુધી તો લેખ લખ્યો છતાં બોલાવતા નથી. મહારાજ! અમે આવ્યા છીએ. આહાહા..! શી એની વીતરાગતા! અચ્છા! કલ્યાણ હો! પછી શરૂ કરે છે. એમાંથી આ 'ષટ્ખંડાગમ' રચાણા.

અહીંયાં આપણે 'પરમાત્મપ્રકાશ'. આ પણ સંતોની વાણી છે. પરંપરા જે આગમની-પરમાગમની રચના હતી એની આ વાણી છે. ૪૯ ગાથા થઈ. આહાહા..! પહેલા 'ધવલ'માં એના વખાણ બહુ કર્યા છે. આ તિથીના ને પેલાના... દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. દ્રવ્યે કહેનારા ભગવાન, ક્ષેત્ર વિપુલાચલ પર્વત, કાળે શ્રાવણ વદ-૧, સૂર્ય ઊગે એના કાળમાં, ભાવે ભાવશ્રુત કહ્યું. કહો, 'નવરંગભાઈ'! એ આ પરંપરા દિગંબરના આચાર્યોનું કથન છે. એ સર્વજ્ઞના પરમેશ્વરના કેડાયતો છે. એની આ વાણી છે. આ 'પરમાત્મપ્રકાશ', 'સમયસાર'. જગતને આકરું પડે, કઠણ પડે. શ્વેતાંબર તો પછી નીકળ્યા છે. આ વાણી તો પરંપરાની ઠેઠ સર્વજ્ઞથી આવેલી વાણી છે. એ આ કોતરાણી છે.

૪૯ (ગાથામાં) એ આવ્યું. (ઈસલિયે) '**કર્મોંસે ભિન્ન જ્ઞાન-દર્શનમયી સબ તરહ ઉપાદેયરૂપ (આરાધને યોગ્ય) પરમાત્મા કો તુમ...**' લ્યો, આ વાત આવી. ભગવાનઆત્મા જ્ઞાન, દર્શનમયી છે. એમાં વિકાર પણ નથી, એ સંયોગી ચીજના સંયોગમાં હો પણ પોતે સંયોગી ચીજમાં નથી. એ તો માથે આવી ગયું ને? જીવ અજીવમાં નથી અને અજીવ જીવમાં નથી. માથે આવી ગયું. સંયોગી ચીજમાં પોતે નથી, પોતાની ચીજમાં સંયોગી ચીજ નથી. એવો જે ભગવાન દર્શન-જ્ઞાનમયી આત્મા, દ્રષ્ટા-જ્ઞાતા સ્વભાવમય આત્મા, એનું ધ્યાન કર, કહે છે. આહાહા..! એને તારી પર્યાયનો વિષય (બનાવ), પર્યાયના વિષયમાં એને વિષય બનાવ. આહાહા..! સમજાણું કાંઈ? એ કીધું ને? જુઓને!

'**સબ તહ ઉપાદેયરૂપ (આરાધને યોગ્ય) પરમાત્માકો તુમ દેહ રાગાદિ પરિણતિરૂપ બહિરાત્મપનેકો છોડકર...**' આહાહા..! શરીર અને રાગ, અંદરની અને શરીર બાહ્યની, એ તરફની પરિણતિને છોડી દઈને. આહાહા..! શુદ્ધાત્મ પરિણતિ. દેહ રહિત તો શુદ્ધાત્મા થયો. રાગ રહિત તો શુદ્ધ પરિણતિ થઈ. આહાહા..! શુદ્ધાત્મ પરિણતિ કી ભાવના અંતરાત્મામેં સ્થિર હોકર. એમ. એને અંતરમાં સ્થિર થઈને ધ્યાન કર, એમ કહે છે. ત્યારે તને ઉપાદેયપણું જણાશે, એમ કહે છે. આહા..! દર્શન-જ્ઞાનમયી આત્મા એ સર્વ પ્રકારે ઉપાદેય છે, આરાધવા લાયક છે, એવું ક્યારે જણાશે? આહાહા..! દેહ અને રાગની પરિણતિ છોડી અને દેહ વિનાનો ભગવાન શુદ્ધાત્મ દ્રવ્ય અને રાગ વિનાની અહીં શુદ્ધ પરિણતિ. આહાહા..! એવી શુદ્ધ પરિણતિ દ્વારા તને આત્મા જણાશે. ત્યારે તે ઉપાદેયરૂપે ગણવામાં આવશે. આહાહા..! થોડે પણ ઘણું (સમાવ્યું છે). થોડું લખ્યું ઘણું કરીને જાણજો, નથી કહેતા? આહાહા..! લ્યો.

આ વીતરાગ વાણીમાં આવ્યું. જ્યાં તું જેમ છે ત્યાં તુ નજર કર, એમ કહે છે.

સમજાણું કાંઈ? તું જ્યાં છે ત્યાં દર્શન-જ્ઞાનમયી પ્રભુ તું છો. આહાહા..! એની નજરું ન્યાં નાખ. ત્યારે તને ઉપાદેયપણે આત્માને કર્યો એમ કહેવામાં આવશે. સમજાણું કાંઈ? આહાહા..! હવે ૫૦.

---

अथ उर्ध्वं स्वदेहप्रमाणव्याख्यानमुख्यत्वेन षट्सूत्राणि कथयन्ति। तद्यथा –

**५०) कि वि भणंति जिउ सव्वगउ जिउ जडु के वि भणंति।**
**कि वि भणंति जिउ देह–समु सुण्णु वि के वि भणंति।।५०।।**

केऽपि भणन्ति जीवं सर्वगतं जीवं जडं केऽपि भणन्ति।
केऽपि भणन्ति जीवं देहसमं शून्यमपि केऽपि भणन्ति।।५०।।

केऽपि भणन्ति जीवं सर्वगतं, जीवं केऽपि जडं भणन्ति, केऽपि भणन्ति जीवं देहसमं, शून्यमपि केऽपि वदन्ति। तथाहि–केचन सांख्यनैयायिकमीमांसकाः सर्वगतं जीवं वदन्ति। सांख्याः पुनर्जडमपि कथयन्ति। जैनाः पुनर्देहप्रमाणं वदन्ति। बौद्धाश्च शून्यं वदन्तीति। एवं प्रश्नचतुष्टयं कृतमिति भावार्थः।।५०।।

---

ऐसे तीन प्रकार आत्माके कहनेवाले पहले महाधिकारके पाँचवे स्थलमें जैसा निर्मल ज्ञानमयी प्रगटरूप शुद्धात्मा सिद्धलोकमें विराजमान है, वैसा ही शुद्धनिश्चयनयकर शक्तिरूपसे देहमें तिष्ठ रहा है, ऐसे कथनकी मुख्यतासे चौबीस दोहा–सूत्र कहे गये। इससे आगे छह दोहा–सूत्रोंमें आत्मा व्यवहारनयकर अपनी देहके प्रमाण है, यह कह सकते हैं :–

गाथा – ५०

अन्वयार्थ :– [ केऽपि ] कोई नैयायिक, वेदान्ती और मीमांसक–दर्शनवाले [ जीवं ] जीवको [ सर्गगतं ] सर्वव्यापक [ भणंति ] कहते हैं, [ केऽपि ] कोई सांख्य–दर्शनवाले [ जीवं ] जीवको [ जडं ] जड़ [ भणंति ] कहते हैं, [ केऽपि ] कोई बौद्ध–दर्शनवाले जीवको [ शून्यं अपि ] शून्य भी [ भणंति ] कहते हैं, [ केऽपि ] कोई जिनधर्मी [ जीवं ] जीवको [ देहसमं ] व्यवहारनयकर देहप्रमाण [ भणंति ] कहते हैं, और निश्चयनयकर लोकप्रमाण कहते हैं। वह आत्मा कैसा है? और कैसा नहीं है? ऐसे चार प्रश्न शिष्यने किये, ऐसा तात्पर्य है।।५०।।

---

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક પ્રથમ મહાધિકારમાં, જેવો નિર્મળ જ્ઞાનમય વ્યક્તિરૂપે શુદ્ધ આત્મા સિદ્ધમાં બિરાજે છે, તેવો જ શુદ્ધ આત્મા શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે દેહમાં પણ બિરાજે છે, એવા વ્યાખ્યાનની મુખ્યતાથી ચોવીસ સૂત્રો સમાપ્ત થયાં.

ત્યારપછી (આત્મા) પોતાના દેહ જેવડો છે એવા કથનની મુખ્યતાથી છ સૂત્રો કહે છે. તે આ પ્રમાણે :

**ભાવાર્થ : (આત્મા કેવો છે તે સમજવા માટે) એ પ્રમાણે શિષ્યે ચાર પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. એ ભાવાર્થ છે. ૫૦.**

## ગાથા-૫૦ ઉપર પ્રવચન

'**એસે તીન પ્રકાર આત્માકે...**' બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા-એ ત્રણ પ્રકારનું વર્ણન ચાલ્યું. '**પહલે મહાઅધિકારકે પાંચવે સ્થલમેં જૈસા નિર્મલ જ્ઞાનમયી પ્રગટરૂપ શુદ્ધાત્મા...**' '**જૈસા નિર્મલ જ્ઞાનમયી...**' જેવા સિદ્ધાત્મા '**પ્રગટરૂપ શુદ્ધાત્મા સિદ્ધલોકમેં બિરાજમાન હૈ, વૈસા હી શુદ્ધનિશ્ચયનયકર શક્તિરૂપસે દેહમેં તિષ્ઠ રહા હૈ,...**' આહાહા..! જોયું! '**શુદ્ધનિશ્ચયનયકર...**' '**જૈસા નિર્મલ જ્ઞાનમયી પ્રગટરૂપ શુદ્ધાત્મા...**' પર્યાયમાં સિદ્ધમાં બિરાજે છે. આહાહા..! '**સિદ્ધલોકમેં બિરાજમાન હૈ,...**' પ્રગટરૂપ કીધું છે ને અહીં? પર્યાયમાં પ્રગટ થઈ ગયું છે. '**વૈસા હી શુદ્ધનિશ્ચયનયકર શક્તિરૂપસે...**' સામર્થ્યરૂપે-સ્વભાવરૂપે.. આહાહા..! '**દેહમેં તિષ્ઠ રહા હૈ,...**' ભગવાન. જેવા સિદ્ધ સિદ્ધાલયમાં છે એવો દેહદેવાલયમાં ભગવાન અહીંયાં બિરાજે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. કીધું ને અહીં. આહાહા..!

'**શુદ્ધનિશ્ચયનયકર...**' શુદ્ધ પરમાર્થ વસ્તુની દૃષ્ટિથી જોઈએ તો એમ શક્તિરૂપે દેહમાં ભગવાન બિરાજે છે. '**ઐસે કથનકી મુખ્યતાસે ચૌબીસ દોહા-સૂત્ર કહે ગયે. ઈસસે આગે છહ દોહા-સૂત્રોંમેં આત્મા વ્યવહારનયકર અપની દેહકે પ્રમાણ હૈ, યહ કહ સકતે હૈં :-**' ૫૦. છે ને? સંસ્કૃત છે ને? '**अत उर्ध्वं**' '**उर्ध्वं**' એટલે હવે. પાઠમાં છે.

**५०) कि वि भणंति जिउ सव्वगउ जिउ जडु के वि भणंति।**

**कि वि भणंति जिउ देह-समु सुण्णु वि के वि भणंति।।५०।।**

**અન્વયાર્થ :-** '**કોઈ નૈયાયિક, વેદાંતી ઔર મીમાંસક દર્શનવાલે જીવકો સર્વવ્યાપક કહતે હૈં,...**' એ સિદ્ધ કરશે. કઈ અપેક્ષાએ સર્વવ્યાપક છે? ક્ષેત્રથી નહિ. લોકાલોકને જાણવાની અપેક્ષાએ સર્વવ્યાપક કહેવામાં આવશે. ઓલા એકાંત કહે છે કે સર્વવ્યાપક ક્ષેત્રમાં છે. એમ નહિ. આહાહા..! '**કોઈ સાંખ્ય-દર્શનવાલે જીવકો જડ કહતે હૈં,...**' એ કહેશે. ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ થઈ ગયો એ અપેક્ષાએ જડ. અતીન્દ્રિયજ્ઞાન પૂરું પ્રગટી ગયું. ઈન્દ્રિયજ્ઞાનથી જાણવાનું રહ્યું નહિ, એ અપેક્ષાએ જડ કહેશે. આહાહા..! સમજાણું કાંઈ? એ લોકો તો જાણપણા વિનાનો રહેશે એને આત્મા કહે છે. જાણવું જ્યાં સુધી રહે ત્યાં સુધી આત્મા નહિ, એમ કહે (છે). જાણવાનો નાશ થઈ જાય ત્યારે આત્મા, એમ કહે છે. ત્યારે અહીં કહે છે કે ઈન્દ્રિયજ્ઞાનનો નાશ થાય એ અપેક્ષાએ જડ કહેવામાં આવે છે.

સમજાણું કાંઈ? એ લોકો કહે છે કે પૂર્ણ થાય ત્યારે એને જ્ઞાન રહેતું નથી. જ્ઞાન રહે તો અંદર અધુરાશ છે ઈ. જાણવું રહે, જાણવું રહે ને. એમ. પણ સાંભળ તો ખરો. જાણવું રહે છે ત્યાં સુધી તે ચૈતન્ય નથી. એ જાણવું છૂટી જાય ત્યારે ચૈતન્ય કહેવાય. અહીં કહે છે કે એક અપેક્ષાએ તારી વાત સાચી. ઈન્દ્રિયનું જ્ઞાન છૂટી ગયું એ અપેક્ષાએ એને જડ કહેવાય. મૂળ જ્ઞાન છૂટી ગયું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ લોકો કહે છે, જ્ઞાન-જાણવું નાશ થાય ત્યારે એની મુક્તિ થાય. અહીં તો ઈન્દ્રિયજ્ઞાનનો નાશ થાય ત્યારે એની મુક્તિ થાય. સમજાણું કાંઈ?

આ વાણી તો સર્વજ્ઞથી છે, ભાઈ! આહા..! '**કોઈ બૌદ્ધ-દર્શનવાલે જીવકો શૂન્ય ભી કહતે હૈં,...**' લ્યો. શૂન્ય.. શૂન્ય. શૂન્ય પણ છે, પરથી શૂન્ય છે. 'પ્રવચનસાર'માં આવે છે- શૂન્ય-અશૂન્ય. પરથી શૂન્ય છે. પોતાથી અશૂન્ય છે. આહા..! સમજાણું કાંઈ? '**કોઈ જિનધર્મી જીવકો વ્યવહારનયકર દેહપ્રમાણ કહતે હૈં,...**' વ્યવહારથી દેહ પ્રમાણે જુદો છે. નિશ્ચયથી લોકપ્રમાણ. પહોળો છે ને એટલો અસંખ્યપ્રદેશી. એની શક્તિ એટલી છે. લોક પ્રમાણે અસંખ્ય પ્રદેશી છે ને, એ અપેક્ષાએ. આમ વ્યવહારથી દેહ પ્રમાણે છે. નિશ્ચયથી જે પ્રદેશ અસંખ્ય છે એટલે લોકપ્રમાણે છે ઈ. અહીં ને અહીં, હોં! સમજાણું કાંઈ?

'**યહ આત્મા કૈસા હૈ? ઔર કૈસા નહીં હૈ? ઐસે ચાર પ્રશ્ન શિષ્યને કિયે,...**' આ ચાર પ્રશ્ન. '**ઐસા તાત્પર્ય હૈ.**' ગાથાનું તાત્પર્ય થયું ને, એમ કહે છે. શિષ્યે ચાર પ્રશ્ન કર્યા એ તાત્પર્ય છે, એમ એટલું. હવે ઉત્તર.

---

**अथ वक्ष्यमाणनयविभागेन प्रश्नचतुष्टयस्याप्यभ्युपगमं स्वीकारं करोति –**

**५१) अप्पा जोइय सव्व–गउ अप्पा जडु वि वियाणि।**
**अप्पा देह–पमाणु मुणि अप्पा सुण्णु वियाणि॥५१॥**

**आत्मा योगिन् सर्वगतः आत्मा जडोऽपि विजानीहि।**
**आत्मानं देहप्रमाणं मन्यस्व आत्मानं शून्यं विजानीहि॥५१॥**

**आत्मा हे योगिन् सर्वगतोऽपि भवति, आत्मानं जडमपि विजानीहि, आत्मानं देहप्रमाणं मन्यस्व, आत्मानं शून्यमपि जानीहि। तद्यथा। हे प्रभाकरभट्ट वक्ष्यमाणविवक्षितनयविभागेन परमात्मा सर्वगतो भवति, जडोऽपि भवति, देहप्रमाणोऽपि भवति, शून्योऽपि भवति नापि दोष इति भावार्थः ॥५१॥**

---

**आगे नय–विभागकर आत्मा सब रूप है, एकान्तवादकर अन्यवादी मानते हैं, सो ठीक नहीं है, इस प्रकार चारों प्रश्नोंको स्वीकार करके समाधान करते हैं –**

**गाथा – ५१**

**अन्वयार्थ :– [ हे योगिन् ] हे प्रभाकरभट्ट, [ आत्मा सर्वगतः ] आगे कहे जानेवाले नयके**

**भेदसे आत्मा सर्वगत भी है, [ आत्मा ] आत्मा [ जडोऽपि ] जड़ भी है ऐसा [ विजानीहि ] जानो, [ आत्मानं देहप्रमाणं ] आत्माको देहके बराबर भी [ मन्यस्व ] मानो, [ आत्मानं शून्य ] आत्माको शून्य भी [ विजानीहि ] जानो। नय-विभागसे माननेमें कोई दोष नहीं है, ऐसा तात्पर्य है।।५१।।**

---

**હવે આગળ કહેવામાં આવતા નયવિભાગથી ચાર પ્રશ્નોનો અભ્યુપગમ-સ્વીકાર કરે છે :**

**ભાવાર્થ : હે પ્રભાકર ભટ્ટ ! આગળ કહેવામાં આવતા વિવક્ષિત નય વિભાગની અપેક્ષાએ પરમાત્મા સર્વગત પણ છે, જડ પણ છે, દેહપ્રમાણ પણ છે, શૂન્ય પણ છે, (નયવિભાગ અનુસારે તેમ માનવામાં) કોઈ દોષ નથી. એવો ભાવાર્થ છે. ૫૧.**

---

## ગાથા-૫૧ ઉપર પ્રવચન

૫૧.

**५१) अप्पा जोइय सव्व-गउ अप्पा जडु वि वियाणि।**
**अप्पा देह-पमाणु मुणि अप्पा सुण्णु वियाणि।।५१।।**

‘**આગે નય-વિભાગકર આત્મા સબ રૂપ હૈ,...**’ સબ રૂપ એટલે આ જે ચાર બોલ કહ્યા ને? એ ‘**સબ રૂપ હૈ, એકાંતવાદકર અન્યવાદી માનતે હૈં, સો ઠીક નહીં હૈ, ઈસપ્રકાર ચારોં પ્રશ્નોંકો સ્વીકાર કરકે સમાધાન કરતે હૈં :-**’

**અન્વયાર્થ :-** ‘**हे योगिन्**’ ‘**હે પ્રભાકરભટ્ટ,...**’ શિષ્યને કહે છે ને. આહા..!

મુમુક્ષુ :- પ્રભાકરભટ્ટ.. મુનિ હતા?

ઉત્તર :- એ મુનિ છે ને. પ્રભાકર.

‘**आत्मा सर्वगतः**’ ‘**આગે કહે જાનેવાલે નયકે ભેદસે આત્મા સર્વગત ભી હૈ, આત્મા જડ ભી હૈ...**’ અપેક્ષાથી છે ને. ‘**ઐસા જાનો, આત્માકો દેહકે બરાબર ભી માનો, આત્માકો શૂન્ય ભી જાનો.**’ કઈ અપેક્ષા છે? એમાં છે એ અપેક્ષાથી વાત કરે. પરથી શૂન્ય છે. ઈન્દ્રિયજ્ઞાનથી જડ છે, અભાવ છે. સર્વવ્યાપક છે. જ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપક પણ છે. ક્ષેત્રથી નહિ. આહાહા..! ‘**નય-વિભાગસે માનનેમેં કોઈ દોષ નહીં હૈ, ઐસા તાત્પર્ય હૈ.**’ એનો ખુલાસો હવે.

---

**अथ कर्मरहितात्मा केवलज्ञानेन लोकालोकं जानाति तेन कारणेन सर्वगतो भवतीति प्रतिपादयति –**

**५२) अप्पा कम्म-विवज्जियउ केवल-णाणेँ जेण।**
**लोयालोउ वि मुणइ जिय सव्वगु वुच्चइ तेण।।५२।।**

आत्मा कर्मविवर्जितः केवलज्ञानेन येन।
लोकालोकमपि मनुते जीव सर्वगः उच्यते तेन।।५२।।

आत्मा कर्मविवर्जितः सन् केवलज्ञानेन करणभूतेन येन कारणेन लोकालोकं मनुते जानाति हे जीव सर्वगत उच्यते तेन कारणेन। तथाहि–अयमात्मा व्यवहारेण केवलज्ञानेन लोकालोकं जानाति, देहमध्ये स्थितोऽपि निश्चयनयेन स्वात्मानं जानाति, तेन कारणेन व्यवहारनयेन ज्ञानापेक्षया रूपविषये दृष्टिवत्सर्वगतो भवति न च प्रदेशापेक्षयेति। कश्चिदाह। यदि व्यवहारेण लोकालोकं जानाति तर्हि व्यवहारनयेन सर्वज्ञत्वं, न च निश्चयनयेनेति। परिहारमाह–यथा स्वकीयमात्मानं तन्मयत्वेन जानाति तथा परद्रव्यं तन्मयत्वेन न जानाति तेन कारणेन व्यवहारो भण्यते न च परिज्ञानाभावात्। यदि पुनर्निश्चयेन स्वद्रव्यवत्तन्मयो भूत्वा परद्रव्यं जानाति तर्हि परकीयसुखदुःख–रागद्वेषपरिज्ञातो सुखी दुःखी रागी द्वेषी च स्यादिति महद्दूषणं प्राप्नोतीति। अत्र येनैव ज्ञानेन व्यापको भण्यते तदेवोपादेयस्यानन्तसुखस्याभि–न्नत्वादुपादेयमित्यभिप्रायः।।५२।।

आगे कर्मरहित आत्मा केवलज्ञानसे लोक और अलोक दोनोंको जानता है, इसलिये सर्व व्यापक भी हो सकता है, ऐसा कहते हैं –

गाथा – ५२

अन्वयार्थ :– [ आत्मा ] यह आत्मा [ कर्मविवर्जितः ] कर्मरहित हुआ [ केवलज्ञानेन ] केवलज्ञानसे [ येन ] जिस कारण [ लोकालोकमपि ] लोक और अलोकको [ मनुते ] जानता है [ तेन ] इसीलिये [ हे जीव ] हे जीव, [ सर्वगः ] सर्वगत [ उच्यते ] कहा जाता है।

भावार्थ :– यह आत्मा व्यवहारनयसे केवलज्ञानकर लोक–अलोकको जानता है, और शरीरमें रहनेपर भी निश्चयनयसे अपने स्वरूपको जानता है, इस कारण ज्ञानकी अपेक्षा तो व्यवहारनयसे सर्वगत है, प्रदेशोंकी अपेक्षा नहीं है। जैसे रूपवाले पदार्थोंको नेत्र देखते हैं, परंतु उन पदार्थोंसे तन्मय नहीं होते, उसरूप नहीं होते हैं। यहाँ कोई प्रश्न करता है, कि जो व्यवहारनयसे लोकालोकको जानता है, और निश्चयनयसे नहीं, तो व्यवहारसे सर्वज्ञपना हुआ, निश्चयनयकर न हुआ ? उसका समाधान करते हैं – जैसे अपनी आत्माको तन्मयी होकर जानता है, उस तरह परद्रव्यको तन्मयीपनेसे नहीं जानता, भिन्नस्वरूप जानता है, इस कारण व्यवहारनयसे कहा, कुछ ज्ञानके अभावसे नहीं कहा। ज्ञानकर जानना तो निज और परका समान है। जैसे अपनेको सन्देह रहित जानता है, वैसा ही परको भी जानता है, इसमें सन्देह नहीं समझना, लेकिन निज स्वरूपसे तो तन्मयी है, और परसे तन्मयी नहीं। और जिस तरह निजको तन्मयी होकर निश्चयसे जानता है, उसी तरह यदि परको भी तन्मय होकर जाने, तो परके सुख,

**दुःख, राग, द्वेषके ज्ञान होने पर सुखी, दुःखी, रागी, द्वेषी हो, यह बड़ा दूषण है। सो इस प्रकार कभी नहीं हो सकता। यहाँ जिस ज्ञानसे सर्वव्यापक कहा, वही ज्ञान उपादेय अतीन्द्रियसुखसे अभिन्न है, सुखरूप है, ज्ञान और आनन्दमें भेद नहीं है, वही ज्ञान उपादेय है, यह अभिप्राय जानना। इस दोहामें जीवको ज्ञानकी अपेक्षा सर्वगत कहा है।।५२।।**

---

**હવે કર્મ રહિત આત્મા કેવળજ્ઞાન વડે લોકાલોકને જાણે છે તે કારણે 'સર્વગત' છે, એમ પ્રતિપાદન કરે છે :**

**ભાવાર્થ : આ આત્મા વ્યવહારનયથી કેવળજ્ઞાન વડે લોકાલોકને જાણે છે, દેહમાં રહેવા છતાં પણ, નિશ્ચયનયથી પોતાના આત્માને જાણે છે તે કારણે નેત્રવત્ (જેવી રીતે વ્યવહારનયથી રૂપના વિષયને દેખવાથી નેત્ર 'પદાર્થગત' છે, પણ તે પદાર્થોમાં જતું નથી તેવી રીતે,) વ્યવહારનયથી જ્ઞાન-અપેક્ષાએ આત્મા 'સર્વગત' છે, પણ પ્રદેશની અપેક્ષાએ નહિ.**

**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જો આત્મા વ્યવહારનયથી લોકાલોકને જાણે છે તો વ્યવહારનયથી સર્વજ્ઞપણું ઠર્યું પણ નિશ્ચયનયથી નહિ ?**

**તેનો પરિહાર : જેવી રીતે આત્મા તન્મય થઈને પોતાના આત્માને જાણે છે તેવી રીતે પરદ્રવ્યમાં તન્મય થઈને તેમને જાણતો નથી તે કારણે વ્યવહાર કહેવામાં આવે છે, પણ જ્ઞાનનો અભાવથી નહિ. (પણ સર્વજ્ઞપણાનો અભાવ છે માટે વ્યવહાર કહેવામાં આવે છે એમ નથી.)**

**વળી જો આત્મા નિશ્ચયનયથી, સ્વદ્રવ્યની જેમ પરદ્રવ્યમાં તન્મય થઈને તેમને જાણે તો બીજાના સુખ-દુઃખ, રાગ-દ્વેષ જાણવામાં આવતાં, પોતે સુખી-દુઃખી અને રાગિ-દ્વેષી થાય એવો મહાન દોષ આવે.**

**અહીં જે જ્ઞાનથી વ્યાપક કહેવામાં આવે છે તે જ્ઞાન જ ઉપાદેયભૂત અનંત સુખથી અભિન્ન હોવાથી ઉપાદેય છે એવો અભિપ્રાય છે. ૫૨.**

---

## ગાથા-૫૨ ઉપર પ્રવચન

૫૨.

**५२) अप्पा कम्म-विवज्जियउ केवल-णाणेँ जेण।**
**लोयालोउ वि मुणइ जिय सव्वगु वुच्चइ तेण।।५२।।**

**'આગે કર્મરહિત આત્મા કેવલજ્ઞાનસે લોક ઔર અલોક દોનોંકો જાનતા હૈ,...'** લોક-અલોક બેયને જાણે છે ને. વેદાંત એમ કહે છે, પરને જાણે તો પરમાં પ્રવેશ કરે તો જાણે. પરમાં પ્રવેશ કર્યા વિના શી રીતે જાણે? લાકડીને જાણવું હોય તો લાકડીમાં જ્ઞાન

પેસે તો લાકડી જણાય. બહાર રહે ને લાકડી જણાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને પણ એ પ્રશ્ન છે ને. એ (સંવત) ૧૯૮૪માં પણ પ્રશ્ન થયો હતો. 'રાણપુર'ના એક ક્ષત્રિય ખત્રી હતા. વ્યાખ્યાનમાં માણસ ઘણું આવતું. ૧૯૮૪માં. મહારાજ! આ પરમાણુ તમે કહો છો, (એને) જાણે (તો) પરમાણુમાં પ્રવેશ કર્યા વિના જ્ઞાન શી રીતે જાણે? ... સર્વવ્યાપક. કોઈ ચીજ ભિન્ન રહી નહિ. એમ નથી, કીધું. અગ્નિમાં પ્રવેશ કર્યા વિના અગ્નિને જાણતો નથી? એમાં પ્રવેશ કરે તો અગ્નિમય થઈ જાય. અગ્નિને જાણતાં જ્ઞાન અગ્નિમયમાં પ્રવેશ કરીને જાણે છે? આ ઊનું છે એવું જ્ઞાન એમાં પ્રવેશ કર્યા વિના પોતામાં રહીને ઉષ્ણને જાણે છે. એટલે જ્ઞાન પરમાં પ્રવેશ કરે તો જ એને જાણે એમ નથી. એ તો આણે પ્રશ્ન કર્યો હતો. ... વેદાંતી, નહિ? 'ગાંધી'ના. 'મશરુવાલા'... 'મશરુવાલા'. માણસ નરમ હતો. આવ્યો હતો ત્યાં (સંવત) ૧૯૯૫માં. 'ગાંધીજી' હતા ને ત્યારે. એની ચોપડી વાંચી એમાં હતું કે સામે ઘડિયાળનું જ્ઞાન થાય છે, જો એ જ્ઞાનરૂપ ન હોય તો જ્ઞાન થાય શી રીતે? ચોપડી છે ને? શું કીધું? જીવન સંશોધન. છે ને, વાંચી હતી. 'રાજકોટ'માં તે દિ', ૧૯૯૫. જીવન સંશોધન, એમાં એમ લખ્યું હતું કે, સામી ચીજ છે એનું અહીં જ્ઞાન થાય છે, તો એ જ્ઞાન હોય તો જ્ઞાન થાય. એ જ્ઞાન છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું જ્ઞાન ક્યારે થાય? કે એ જ્ઞાનમય હોય તો જ્ઞાન થાય. એમ નથી. જડ અને ચૈતન્યનું જ્ઞાન જડ અને ચૈતન્યમાં પ્રવેશ કર્યા વિના થાય છે. અરે..! આ જ્ઞાનની પર્યાય જે દ્રવ્યને જાણે છે, પોતાને, હોં! એ દ્રવ્યને અડ્યા વિના પર્યાય દ્રવ્યને જાણે છે. જ્ઞાનની પર્યાય... પરની વાત તો એક કોર રહી, પણ વસ્તુ જે છે... ૧૪૪માં ત્યાં 'મુંબઈ'માં કહ્યું હતું-પ્રતિભાસ. ત્યારે તમે હતા? નહોતા આવ્યા. એક સમયની પર્યાયમાં પ્રતિભાસ-આખા દ્રવ્યનો ભાસ થાય છે. દ્રવ્યમાં પર્યાય આવતી નથી, પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહાહા..! પણ દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે એ બધું પર્યાયના જ્ઞાનમાં આવી જાય છે. સમજાણું કાંઈ? અરે.. અરે..! આવી વાતું. પરની તો વાત શું કરવી? પણ સ્વદ્રવ્યમાં જ્ઞાન પ્રવેશ કરતું નથી. પર્યાય. છતાં એ પર્યાય એને પૂર્ણ જાણે છે. આહાહા..!

પર્યાયમાં પર્યાયનું જ્ઞાન છે, પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન છે, પર્યાયમાં સ્વદ્રવ્યનું જ્ઞાન છે. છ દ્રવ્યનું જ્ઞાન છે, સ્વદ્રવ્યનું જ્ઞાન છે. આહાહા..! જેનો સ્વભાવ છે એને પરની અપેક્ષા શી છે? આહાહા..! એને એ ક્યાં અપેક્ષા છે? વિભાવને પણ પરની અપેક્ષા નથી, એક ન્યાયે. વિભાવ પણ પોતાની એક સમયની પર્યાય ષટ્કારકે પરિણમે છે. એને નિમિત્ત કારકની અપેક્ષા નથી, એને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. બરાબર છે? એ તો ૬૨ ગાથા. 'પંચાસ્તિકાય'ની. વિકાર એક સમયમાં ષટ્કારકરૂપે (થાય છે). પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ. સમય એક

વિકારભાવ અને ષટ્કારકનું પરિણમન. કેમકે દ્રવ્ય-ગુણમાં ષટ્કારક છે. પર્યાયમાં ષટ્કારકનું પરિણમન પોતાથી આવ્યું છે. આહાહા..!

અહીંયાં સર્વવ્યાપક કઈ અપેક્ષાએ કહ્યું? જોયું! '**આત્મા કર્મરહિત હુઆ કેવલજ્ઞાનસે જિસ કારણ લોક ઔર અલોકકો...**' '**મનુતે**' '**જાનતા હૈ.**' જાણે છે. જેની પર્યાયનો સ્વભાવ જાણવું છે, એ જાણવાને મર્યાદા ન હોય. એ તો લોકાલોકથી અનંતગણું હોત તો એ પર્યાય જાણત. એ તો પહેલા આવી ગયું, નહિ? મંડપ ઉપર વેલડી. મંડપ છે ત્યાં સુધી વેલ ચાલે, પણ એમાં વેલની આગળ જવાની શક્તિ નથી એમ નથી. આહાહા..! એમ જ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે. એ તો પર્યાય લોકાલોક છે માટે જાણે એમ પણ નહિ. આહાહા..! એક સમયની પર્યાયની તાકાત એટલી છે કે પોતાનું અસ્તિત્વ જ એવડું મોટું છે. આહાહા..! સમજાણું કાંઈ? લોકાલોક છે માટે પર્યાય જાણે છે એમ પણ નહિ. એનું અસ્તિત્વ છે માટે પર્યાયના અસ્તિત્વમાં આવું જાણવું આવ્યું એમ પણ નહિ. આવી વાતું. વીતરાગ માર્ગ ઝીણો બહુ, ભાઈ! લોકો બિચારા બહારમાં પડ્યા, ક્રિયાકાંડની કુથલીમાં અને વસ્તુ રહી ગઈ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિનાના થોથા બધા. આહાહા..!

એવી પર્યાયની તાકાત એવું જે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન.. આહાહા..! એ જ્ઞાન પરથી સંકેલાઈ ગયું, ખસી ગયું. નિમિત્તથી, રાગથી, એક (સમયની) પર્યાયમાંથી ખસીને ગયું ત્યારે પર્યાયનું જ્ઞાન અને દ્રવ્યનું જ્ઞાન યથાર્થ થયું. સમજાણું? આહાહા..! પર્યાયમાં પર્યાય હતી ત્યાં સુધી તો પર્યાયનું જ્ઞાન પણ સાચું નહોતું. આ વીતરાગનો માર્ગ ઝીણો, બાપા! સમ્યગ્દર્શન એવી ચીજ છે. અનંત કાળમાં એણે એક સેકંડ પણ કર્યું નથી અને એ થયું તો એના જન્મ-મરણ કોઈ દિ' રહે નહિ. એટલે?

આત્મા દ્રવ્યે અને ગુણે જ્ઞાન-દર્શનમય અને અનંત ગુણમય છે, એનું એક સમયમાં જ્ઞાન થાય, ક્યારે? કે સ્વસન્મુખ થાય ત્યારે. એને દ્રવ્ય-ગુણનો આશ્રય લીધો એમ કહેવામાં આવે. (દ્રવ્ય) આશ્રય આપતું નથી, (પર્યાય) આશ્રય લેતી નથી. 'નવરંગભાઈ'! આવો માર્ગ છે આ. જિનવરદેવ ત્રિલોકનાથ એવી તારી પર્યાયનું સામર્થ્ય બતાવે છે.

મુમુક્ષુ :- ભુતાર્થનો આશ્રય ૧૧મી ગાથામાં તો આવે છે.

ઉત્તર :- ભુતાર્થનો આશ્રય સમ્યગ્દૃષ્ટિને થાય. પણ એનો અર્થ ઈ કે સ્વસન્મુખ થયો એણે આશ્રય લીધો એમ કહેવામાં આવે. અરે..! એવી વાત છે. શાસ્ત્રમાં ભાષા એમ આવે છે, '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' ત્રિકાળ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન થાય. એ તીર્થંકર કેવળી પરમાત્માનો આશ્રય કરે તોપણ સમકિત ન થાય. એ પર્યાયનો આશ્રય કરે તોપણ સમકિત ન થાય. આવી વાતું, બાપા! બહુ ... એ પર્યાય આમ વળી એટલે આશ્રય કર્યો એમ કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ કહેવામાં કઈ અપેક્ષા છે એને જાણવી જોઈએ ને.

મુમુક્ષુ :- પર્યાય ... તન્મય થઈને જાણે છે કે અતન્મય રહીને જાણે છે?

ઉત્તર :- અતન્મય રહીને જાણે છે. તન્મય થઈને જાણે ઈ એ બાજુ વળી છે એટલું. એ બાજુ વળી છે. ઈ કહેવાય આ અપેક્ષાએ. આમ રાગમાં તન્મય હતી એ આમ તન્મય થઈ. એટલે રાગમાં વળેલી હતી એ આમ વળી એટલે તન્મય કહેવાય. બાકી પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. દ્રવ્ય અને પર્યાય એક થતી નથી, ત્રણકાળ ત્રણલોકમાં.

મુમુક્ષુ :- અખંડ એક સત્ લઈએ તો?

ઉત્તર :- અખંડ સત્ લઈએ તોપણ પર્યાય પર્યાયમાં અને દ્રવ્ય દ્રવ્યમાં (રહે છે).

મુમુક્ષુ :- પર્યાયના અને દ્રવ્યના પ્રદેશભેદ છે?

ઉત્તર :- પ્રદેશભેદ છે.

મુમુક્ષુ :- સર્વથા છે?

ઉત્તર :- સર્વથા છે. પર્યાયના અને દ્રવ્યના પ્રદેશ સર્વથા ભેદ છે.

મુમુક્ષુ :- એક અખંડ સત્ છે.

ઉત્તર :- એક અખંડ સત્ ઈ પછી. ઈ તો પર્યાયનો વિષય અખંડ સત્ છે. એવી વાત છે. આ તો જિનેશ્વર કેવળીનો માર્ગ (છે). ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ સાક્ષાત્ ભગવાન બિરાજે છે. આજે દિવ્યધ્વનિનો દિવસ છે. તમે કહ્યું ને? કાલે કાંઈક (સૂક્ષ્મવાત) આવે. ઈ આવે તો આવે. આહાહા..!

ભગવાન એમ કહે છે કે પર્યાયને સર્વવ્યાપક કહેવી. એટલે કે લોકાલોકને જાણે છે એ અપેક્ષાએ વ્યાપક કહેવી. પણ પર્યાય એ લોકાલોકના ક્ષેત્રમાં પ્રસરી જાય છે, વેદાંત કહે છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાયની મર્યાદા જો કે દ્રવ્યનું ક્ષેત્ર છે તે જ એનું ક્ષેત્ર છે. પણ એ ક્ષેત્રનો અંશ છે એ ભિન્ન છે. જેટલામાં પર્યાય છે તે ક્ષેત્ર ભિન્ન છે, જેટલામાં ધ્રુવ છે તે ક્ષેત્ર ભિન્ન છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બે ધર્મ જ છે, બે વસ્તુ છે. ધર્મ અને ધર્મી બે વસ્તુ છે. એ તો 'આપ્ત મિમાંસા'માં કહ્યું છે. ધર્મ અને ધર્મી-બે નિરપેક્ષ વસ્તુ છે. ધર્મી છે માટે ધર્મ છે એમ નહિ અને ધર્મ છે માટે ધર્મી છે એમ નહિ. આ તો કેવળજ્ઞાની પરમાત્માના માર્ગ છે, બાપા! લોકોએ સાંભળ્યો નથી. બહારમાં કડાકૂટ (કરે), આ જાત્રા કરી ને ભક્તિ કરી ને વ્રત પાળ્યા ને અપવાસ કર્યા ને ધર્મ થઈ ગયા. ધૂળેય ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ધૂળેય ધર્મ નથી એટલે?

ઉત્તર :- ધૂળેય ધર્મ નથી એટલે સારું પુણ્ય પણ નથી. એમ. સમકિતીને જે પુણ્ય બંધાય એવું પુણ્ય પણ એને નથી. આહાહા..! એ આવ્યું હતું ક્યાંક, નહિ? શેમાં આવ્યું હતું? ક્યાંક આવ્યું હતું. પાઠમાં આવ્યું હતું, લ્યો! કૃષિ. ખેતી કરતાં અનાજ પાકે ત્યારે ખડ પણ પાકે. ભક્તિમાં આવ્યું હતું. કાલે ત્યાં આવ્યું હતું. સો કળથી અનાજ પાકે, સો ભરોટા ખડ હોય. પણ ખડ ખડથી અને અનાજ અનાજથી (છે). એમ સમ્યગ્દૃષ્ટિ જીવને જે પુણ્ય થાય એ બીજી જાતનું (છે). એ તીર્થંકર ગોત્ર બાંધે, સર્વાર્થસિદ્ધમાં જાય વગેરે.. વગેરે.

આહાહા..! છતાં પુણ્ય તે પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! અહીં તો કહે છે, જ્ઞાનની પર્યાય... આત્માને સર્વવ્યાપક કહેવો, કઈ અપેક્ષાથી? એ પર્યાયમાં કર્મના આવરણનો અભાવ થઈ અને એ પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે. વાત આમ કરી છે. લોકાલોકને જાણે છે. સમજાણું ને? એથી એને સર્વવ્યાપક કહેવામાં આવે છે. ખરેખર તો એ પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે અને લોકાલોકને જાણે છે. એથી એ પર્યાયને સર્વવ્યાપક કહેવામાં આવે છે. ક્ષેત્રથી પરમાં જાય છે અને એ પર્યાય ક્ષેત્રથી ધ્રુવમાં જાય છે એમ નથી. 'ચંદુભાઈ'! આવું છે, બાપા! આહાહા..!

મુમુક્ષુ :- કહેવાય સર્વવ્યાપક પણ નિશ્ચયથી દ્રવ્યમાં વ્યાપક છે ને?

ઉત્તર :- એ પર્યાયમાં પર્યાય વ્યાપક. બે વાચક શબ્દ છે ને? તો બેના વાચ્ય ભિન્ન હોય કે નહિ? નહિ તો બે કેમ જુદા પડ્યા? એવી વાત છે, જરી ઝીણી વાત છે.

મુમુક્ષુ :- અપેક્ષાથી કહેવાય કે (આમ છે)?

ઉત્તર :- ના, એ અપેક્ષાથી આમ જ છે.

મુમુક્ષુ :- સર્વથા એમ છે?

ઉત્તર :- સર્વથા એમ છે.

મુમુક્ષુ :- એકાંત છે?

ઉત્તર :- એકાંત છે ઈ બેય. પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં નથી. પણ પછી જ્યારે પરથી જુદું પાડવું હોય ત્યારે કહેવાય કે પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. '**पर्याय विजुत्तं दव्वं**' 'પંચાસ્તિકાય'માં આવે છે. એ તો પરથી ભિન્ન પાડવા અપેક્ષાએ (કહ્યું). પર્યાય રહિત દ્રવ્ય ન હોય. એ તો પરથી ભિન્ન એ પર્યાય પોતાના દ્રવ્યની છે. એમ. બેમાં જ્યારે ભેદ પાડવો હોય, બે વસ્તુ છે ને ઈ? એક વસ્તુ નથી. પ્રમાણના દ્રવ્ય તરીકે દ્રવ્ય પર્યાય ભેગા ગણે, પણ પ્રમાણ જે દ્રવ્ય પર્યાયને જાણે છે, એ પ્રમાણે, એ પ્રમાણે એટલે એ પ્રમાણે એટલે એ પ્રમાણજ્ઞાને દ્રવ્ય દ્રવ્યમાં નિશ્ચયથી છે, એનું જ્ઞાન તો એણે એમાં રાખ્યું છે, ઉપરાંત પર્યાયનું ભેળવ્યું એટલે પ્રમાણ થયું.

મુમુક્ષુ :- નયજ્ઞાનનો વિરોધ કરીને પ્રમાણ નથી.

ઉત્તર :- ન થયું. નિશ્ચયને ઊડાવીને પ્રમાણ થયું છે એમ નથી. તો તો પ્રમાણમાં બે રહેતાં નથી. એમ છે, ભાઈ! પ્રમાણ છે ને એ પોતે વ્યવહાર છે. બે ભેગા થયા ને માટે વ્યવહાર થઈ ગયો. નિશ્ચય ને વ્યવહાર બે ભેગા થયા ને? દ્રવ્ય અને પર્યાય. એટલે એ પ્રમાણ. એ પ્રમાણ પોતે સદ્ભુત વ્યવહારનો વિષય છે, નિશ્ચયનો નહિ. તેથી તો કહ્યું કે નિશ્ચય છે એ પૂજ્ય છે કે પ્રમાણ એ પૂજ્ય છે? કેમકે પ્રમાણમાં બે ભેગા આવે છે-દ્રવ્ય અને પર્યાય. નિશ્ચયમાં એકલું દ્રવ્ય આવે છે. તો કહે છે, પૂજ્ય છે નિશ્ચય. પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી માટે તે પૂજ્ય નથી. 'રતિભાઈ'! ઝીણું છે, બાપુ! આ તો. આહાહા..!

મુમુક્ષુ :- ...છે છતાં અપૂજ્ય છે?

ઉત્તર :- હા. નિશ્ચયની અપેક્ષાએ નહિ. જેમાં પર્યાયનો નિષેધ આવતો નથી તે પૂજ્ય નહિ. પરમાર્થની અપેક્ષાએ વાત છે. ભગવાનઆત્મા અખંડાનંદ પ્રભુ એ નિશ્ચયનો વિષય છે, તે નિશ્ચયનય પૂજ્ય છે. આમ તો વ્યવહાર પણ પૂજ્ય છે, કીધું છે. નહિ? 'પદ્મનંદિ'માં. છે ને, બધી ખબર છે ને. એ તો વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે. નિશ્ચયથી તે પૂજ્ય નથી. આવી વાતું છે. આહાહા..! જિનવરદેવનો માર્ગ ભાઈ! બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? ભગવાનનો દિવ્યધ્વનિનો દિવસ છે. અને એણે કહ્યું હતું. અહીં કંઈ તૈયાર છે કંઈ? આવવાનું હોય તો આવે. આહાહા..! ઓહોહો..! આવો માર્ગ વીતરાગનો. ત્રિલોકનાથ તીર્થંકરદેવે દિવ્યધ્વનિ દ્વારા ફરમાવ્યું છે. એ આ દિવ્યધ્વનિનો દિવસ છે. જુઓ!

**ભાવાર્થ :- 'યહ આત્મા વ્યવહારનયસે કેવલજ્ઞાનકર લોક-અલોકકો જાનતા હૈ,...'** જુઓ! આવશે ખુલાસો. **'ઔર શરીરમેં રહનેપર ભી...'** કેવલજ્ઞાની પરમાત્મા શરીરમાં હોવા છતાં **'નિશ્ચયનયસે અપને સ્વરૂપકો જાનતા હૈ,...'** નિશ્ચયનયથી પોતાના સ્વરૂપને જાણે છે. વ્યવહારથી પરને જાણે છે, એમ કહે.

મુમુક્ષુ :- નિશ્ચયનયે પર્યાય પર્યાયને જ જાણે છે, વ્યવહારનયે પરદ્રવ્યને જાણે છે?

ઉત્તર :- વ્યવહાર એમ નહિ. નિશ્ચયથી તો દ્રવ્ય દ્રવ્યને જાણે, પર્યાય એ સ્વની અપેક્ષાએ નિશ્ચય કહેવાય. એમ છે, સ્વપરપ્રકાશકના બે બોલ 'નિયમસાર'માં લીધા છે. એક તો સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન. પરનું જ્ઞાન, એને નિશ્ચય વ્યવહાર કહેવો. પોતાના જ્ઞાનને જાણે અને જ્ઞાન સિવાય પોતાના ગુણને જાણે એને ... કહેવો, એને સ્વપરપ્રકાશક કહેવો. ઝીણી વાતું, બાપા! આહાહા..! એ અલૌકિક માર્ગ લોકોએ બિચારાએ સાંભળ્યો નથી. એ તત્ત્વનું ઊંડાણ શું છે, એને જીવ પહોંચ્યો નથી. પહોંચે તો એનું કલ્યાણ થયા વિના રહે નહિ. જન્મ-મરણના અંતના છેડા આવી જાય. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- ઈ નહિ. ગુણ ને પર્યાય બધાને જાણે છે. ગુણને પણ જાણે છે ને. આહાહા..! સમજાણું કાંઈ? એકલી પર્યાયની વાત નથી. જ્ઞાનની પર્યાય જ્ઞાનને જાણે, જ્ઞાનની પર્યાય જ્ઞાનગુણને જાણે, જ્ઞાનની પર્યાય બીજા ગુણોને જાણે અને જ્ઞાનની પર્યાય ગુણની પર્યાયને જાણે. આ તો બહુ આઘું ગયું. આહા..! એવો માર્ગ, બાપા!

જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે. એમ પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય પણ અદ્રવ્ય છે. એ પર્યાયમાં આવ્યું નહિ. (માટે) પર છે. આહાહા..! કેટલી સામર્થ્યતા ઈ અહીં વર્ણવવી છે. એક સમયની પર્યાય વસ્તુ છે એમ કહ્યું. એક સમયની જે પર્યાય છે એ જ વસ્તુ છે, બસ. બાકી બધી વસ્તુ એની અપેક્ષાએ અવસ્તુ છે. એટલે એક પર્યાય છ દ્રવ્યને જાણે, એક પર્યાય છ ને જાણે, એકને જાણે. એટલે બધું એક પર્યાયમાં આખું આવી ગયું. આહાહા..!

મુમુક્ષુ :- મહત્તા (પર્યાયની છે)...

ઉત્તર :- મહત્તા કરનાર પર્યાય છે ને. તો પર્યાયની જ મહત્તા છે. દ્રવ્યની મહત્તા જાણનાર કોણ? દ્રવ્ય જાણે? એવી વાત છે. ત્રિકાળી ભગવાનની મહત્તા જાણનાર કોણ? આહાહા..! પર્યાય એમ જાણે, હું પ્રભુ છું. એમ જાણે, લ્યો, ઠીક! ત્યાં લક્ષ છે ને. પર્યાય એમ જાણે કે હું ધ્રુવ છું. આહાહા..! ૩૨૦માં આવે છે. છેલ્લે એમ કહ્યું છે, ધર્મી, અખંડ ત્રિકાળી નિરાવરણ પરમાત્મા, તેનું ધ્યાન કરે છે. ખંડ ખંડનું નહિ. પર્યાય ખંડ ખંડ છે. લ્યો. આહા..! સમજાણું કાંઈ? થોડું ઝીણું આવી ગયું, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- જામી.

ઉત્તર :- જામી. એક ફેરી તમને યાદ કર્યા હતા. 'નવરંગભાઈ'! કીધું, ભાઈ એમ કહે છે, જામી. આહાહા..!

**'નિશ્ચયનયસે અપને સ્વરૂપકો જાનતા હૈ, ઈસ કારણ જ્ઞાનકી અપેક્ષા તો વ્યવહારનયસે સર્વગત હૈ, પ્રદેશોંકી અપેક્ષા નહીં હૈ.'** પ્રદેશ પોતામાં છે. જ્ઞાન પરના ક્ષેત્રમાં વ્યાપે છે એમ નથી, પોતાના ક્ષેત્રમાં વ્યાપે છે એમ કહેવું છે. પેલા દ્રવ્ય અને પર્યાય એ અત્યારે ભેદ નથી. આ તો જાણવાની પર્યાય સર્વને વ્યાપીને પર ક્ષેત્રને જાણે છે એમ નથી. પોતાનું ક્ષેત્ર છે ત્યાં રહીને એ જાણે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પર્યાયનું જેટલું ક્ષેત્ર એ જ પર્યાયનું ક્ષેત્ર છે. એ તો પરથી જુદું પાડવું હોય ત્યારે, પોતાને જુદું પાડવું (એમાં) બે ભેદ છે ને? બે ચીજ ભિન્ન છે. પ્રમાણનો વિષય દ્રવ્ય અને પર્યાય છે. નિશ્ચયનો વિષય એકલું દ્રવ્ય છે. પણ વિષય કરનાર પર્યાય છે. આહાહા..! કાર્ય તો પર્યાયમાં આવે છે ને. કારણ દ્રવ્ય ત્રિકાળી છે એ કારણ દ્રવ્ય છે એમાં ક્યાં કાર્ય આવે છે.

એ તો અહીંયાં પ્રશ્ન થયો હતો. 'વારિયા'એ (કર્યો હતો). 'ત્રિભુવન વારિયા' 'રાજકોટ' છે ને? એમ કે કારણપરમાત્મા તમે કહો... સાંભળો! કારણપરમાત્મા છે એનો સ્વીકાર હોય એને કારણપરમાત્મા કે નથી સ્વીકાર એને કારણપરમાત્મા?

મુમુક્ષુ :- સ્વીકારની શું જરૂર છે?

ઉત્તર :- પણ છે એને જાણ્યા વિના, આ છે એમ નક્કી તો થયું નથી, એને ક્યાં છે? કારણપરમાત્મા છે કોને? એ છે અનાદિનો એમ નહિ. જેણે પર્યાયમાં કારણપરમાત્માનો આશ્રય લઈને નક્કી કર્યું એને કારણ તો છે, કારણપરમાત્મા છે. જેને પર્યાયમાં એનો નિર્ણય થયો એને કારણપરમાત્મા છે. અને એ કારણપરમાત્માનો જેને નિર્ણય થયો એને કાર્યસમ્યગ્દર્શન આવ્યા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? 'ગિરધરભાઈ'! આવી વાતું છે. વીતરાગ માર્ગ બહુ ઝીણો, બાપા! આહાહા..! અને એના ફળ પણ કેવા! અનંત અનંત આનંદ, સાદિઅનંત પ્રગટ થાય. આહાહા..! એના ઉપાયો પણ અલૌકિક હોય કે નહિ? આહાહા..! આમાં વાદવિવાદને સ્થાન નથી. આહાહા..!

જુઓ! **'પ્રદેશોંકી અપેક્ષા નહીં હૈ.'** પ્રદેશની અપેક્ષા એટલે? પર પ્રદેશમાં જ્ઞાન જાતું

નથી. એમ. પોતાના પ્રદેશમાં રહીને પરને જાણે છે. એ અપેક્ષાએ સર્વગત જાણવાની અપેક્ષાએ કહેવામાં આવે છે. પણ ક્ષેત્રમાં જાય છે માટે સર્વવ્યાપક છે એમ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૨, મંગળવાર**
**તા. ૧૩-૦૭-૧૯૭૬, ગાથા-૫૨, પ્રવચન નં. ૩૩**

'પરમાત્મપ્રકાશ' ૫૧ ગાથા છે. ભાવાર્થ.

શ્રોતા : ૫૨.

ઉત્તર : ૫૧, ૫૧, ૫૧ બાકી. ૫૧ છે. આ આત્મા '**વ્યવહારનયસે કેવળજ્ઞાનરૂપ કર લોક-અલોકકો જાનતા હૈ...**' લોકાલોકને વ્યવહારનયથી જાણે છે, નિશ્ચયથી નહિ. એટલે કે તન્મય થઈને જાણતો નથી માટે વ્યવહારથી જાણે છે એમ કહ્યું. પોતાના જ્ઞાનને જાણે એ તો તન્મય થઈને જાણે છે, જેથી એનું સુખ, આનંદનું વેદન (થાય છે). પોતાને તન્મય થઈને જાણે તેથી આનંદનું વેદન પોતામાં છે. પરને તન્મય થઈને જાણે તો એના સુખ-દુઃખનું વેદન અહીં આવે. સમજાણું? આ 'સમયસાર'માં 'સર્વવિશુદ્ધ અધિકાર'માં આવ્યું છે. સંસ્કૃત ટીકા, 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. એમાં લખ્યું છે.

વ્યવહારનયથી '**કેવલજ્ઞાનકર લોક-અલોકકો જાનતા હૈ. શરીરમેં રહનેપર ભી નિશ્ચયનયસે અપને સ્વરૂપકો જાનતા હૈ...**' જ્ઞાન જ્ઞાનને જાણે છે. 'સમયસાર' ૧૭-૧૮ ગાથામાં આવ્યું ને? 'સમયસાર' જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે. શું કહ્યું ઈ? જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જ, પોતાનું દ્રવ્ય છે એ જ જણાય છે. પણ અજ્ઞાનીની દૃષ્ટિ તે દ્રવ્ય ઉપર નથી એથી જ્ઞાનમાં આ આત્મા જાણનારો જ પર્યાયમાં જણાય છે, પર નહિ (એ ખ્યાલમાં નથી આવતું). ૧૭-૧૮ (ગાથા). બધાને (જણાય છે) પાછું એમ કીધું ત્યાં તો. સદા સર્વ જીવને... આહાહા..! ભગવાનઆત્મા એની જ્ઞાનની પર્યાયમાં (જણાય છે). કેમકે એ પર્યાયનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી તે સ્વ જાણનારને જ જાણે છે. છતાં અજ્ઞાનીની દૃષ્ટિ એ '**જ્ઞાનની પર્યાયમાં જાણનારો જણાય છે**' એ ઉપર નહિ હોવાથી એને એમ થાય છે કે આ રાગને ને આને જાણે છે. સમજાણું કાંઈ? એટલે શું કહ્યું?

જ્ઞાનની પર્યાય છે એનો ત્રિકાળ કાયમ સ્વપરપ્રકાશક સ્વભાવ જ છે. તો ખરેખર તો જ્ઞાનની પર્યાય દ્રવ્ય જે છે તેને જાણે છે અને એમાં પરપ્રકાશકપણું ભેગું આવી જાય છે. સ્વને જાણતા રાગને જાણે એવું એ તો સ્વતઃ સ્વ-પરપ્રકાશકપણું આવી જાય છે પણ અજ્ઞાનીને '**જ્ઞાનની પર્યાયમાં સ્વપ્રકાશ સામર્થ્યથી જાણનારો જણાય છે**' એમ એનું લક્ષ નથી. એથી એને રાગ ને પરપ્રકાશક છે, એકલો પરપ્રકાશક છે એવું મિથ્યાદૃષ્ટિને ભાસે છે.

સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ આમાં? 'સુજાનમલજી'! આ ઝીણી વાત છે. આહાહા..!

૧૭-૧૮માં કહ્યું, સદા સૌને જણાતો હોવા છતાં તેનું તેને લક્ષ નથી તેથી તે જ્ઞાનમાં પર્યાયમાં રાગ અને પરજ્ઞેય જણાય છે, એકલો પરપ્રકાશક અજ્ઞાનીને ભાસ થાય છે. સમજાણું કાંઈ? માર્ગ બાપા ! ઝીણી વાત છે, ભાઈ ! સમજાણું કાંઈ?

ત્યાં તો કહ્યું છે, ૬૬ માં નથી? તે દિ' એક ફેરી કહ્યું હતું... લાડવો મેં ખાધો, .... આ મેં છોડ્યું. એ કંઈ તન્મય થયો નથી, છોડે શું? .... આ મકાન બનાવ્યું. એ તો વ્યવહારથી બોલવામાં આવે. એમાં બનાવ્યું છે અંદર તન્મય થઈને? લાડવો ખાધો, એ લાડવાના રજકણોને ખાય છે? એ તો રાગને ખાય છે. વ્યવહારથી એમ કહેવાય કે લાડવો ખાધો, રોટલી ખાધી, મેસુબ ખાધો. સમજાણું કાંઈ?

એમ આ મકાન બનાવ્યું. મકાન બનાવ્યું છે એણે? રાગને બનાવ્યો છે. કોણ બનાવે? એ તો પરમાણુની પર્યાય બનાવે છે. પરમાણુઓમાં કર્તા ને કરણ નામના ગુણ છે કે નહિ? એના વડે આ પર્યાય થાય છે. પણ કહે છે કે આ કર્યું એમ કહેવું એ વ્યવહાર છે એમ કહેવું છે. આની સાથે મેળવવું છે ને?

લોકાલોકને આત્મા જાણે છે એ વ્યવહાર છે કેમકે પરને જાણતા પરની સાથે એકમેક થઈને જાણતો નથી. અને પોતાને જાણતા તન્મય થઈને, તેની પર્યાયમાં તન્મય થઈને પર્યાયને જાણે છે. તમારો દ્રવ્યનો પ્રશ્ન છે એટલે કીધું. પર્યાયને જાણતા પર્યાયમાં તન્મય થઈને પર્યાયને જાણે છે. પરને જાણતા પરમાં તન્મય થઈને જાણતો નથી એથી વ્યવહારે જાણે છે તેમ કહેવામાં આવે છે. 'ચંદુભાઈ'! આમાં ઘણું લાંબુ છે, હોં ! આહાહા..! ...

શ્રોતા : પરને જાણવું ખોટુ છે?

ઉત્તર : હા તો એમ જ છે. પરને જાણવું ખોટુ! કહેશે આમાં, આમાં પણ કહ્યું છે. તો પછી વ્યવહારે સર્વજ્ઞ છે ને? એમ પૂછ્યું છે. વ્યવહારે સર્વજ્ઞ છે ને? આહા..! લાડવો આદિ રોટલી, દાળ, શાક, ભાત. ભોક્તા એ તો વ્યવહાર છે. એને ક્યાં ઈ ભોગવે છે? ... આ છોડ્યું, એણે ક્યાં છોડ્યું છે? .... ખરેખર તો એણે રાગને કર્યો ને રાગને ભોગવ્યો છે. લાડવાને ખાધો છે ને ઘરને ને મકાનને બનાવ્યું છે એમ છે નહિ. ઈત્યાદિ અનેક પર્યાય .... નિશ્ચય-વ્યવહારનયને જાણવો. ત્યારે પ્રશ્ન આવ્યો. ઈ આ લખ્યું છે ને? 'પરમાત્મપ્રકાશ' ૫૫ પાનું અને અહીં લખ્યું છે ૬૬ પાનું.

.... શું કહ્યું એ? નિશ્ચયથી સર્વજ્ઞ આ બધાના જાણનાર નથી, વ્યવહારે પરના જાણનાર થયા તો નિશ્ચયથી સર્વજ્ઞ ન થયા. .... જેમ પોતાના આનંદ અને જ્ઞાનમાં તન્મય થઈને જાણે છે તેમ પરદ્રવ્ય ન જાનાતિ! આહાહા..! જાણે છે તો બરાબર. ..... પરને તન્મય થઈને જાણે તો પરના જે સુખ-દુઃખ એટલે કલ્પનાનું સુખ, હોં! એની સાથે એને તન્મય(પણું થાય) તો એનું સુખ-દુઃખ અહીં વેદાય જાય. ઈ કહ્યું, જુઓ!

**'નિશ્ચયનયસે અપને સ્વરૂપકો જાનતા હૈ,...'** જ્ઞાન જ્ઞાનને જાણે છે. ઈ આવ્યું નથી

આપણે? ભાઈ! પેલો કળશ. પોતે જ્ઞેય, પોતે જ્ઞાતા, પોતે જ્ઞાન. જ્ઞાન આ ને જ્ઞેય પર એમ નથી. પરજ્ઞેયને જાણે છે એ તો વ્યવહાર થયો અને એને જાણવાનું જે જ્ઞાન પોતામાં થયું, પોતાનું તેને જ્ઞેય તરીકે જાણે છે તે નિશ્ચય છે. આહાહા..! **'ઈસ કારણ જ્ઞાનકી અપેક્ષા તો વ્યવહારનયસે સર્વગત હૈ,...'** આ અપેક્ષાએ. **'પ્રદેશોંકી અપેક્ષા નહીં હૈ.'** પરના ક્ષેત્રમાં જ્ઞાન જાય છે (અને) એ જાણે છે એમ નહિ. પોતાના પ્રદેશમાં રહીને જાણે છે. દૃષ્ટાંત આપ્યા છે.

**'જૈસે રૂપવાલે પદાર્થોંકો નેત્ર દેખતે હૈં,...'** નેત્ર રૂપને દેખે છે, રૂપમાં તન્મય થઈને દેખે છે? લ્યો! **'પરંતુ ઉન પદાર્થોંસે તન્મય નહીં હોતે,...'** આંખ પરને જાણે, અગ્નિને જાણે, બરફને જાણે, લ્યો! અગ્નિમાં તન્મય થઈને જાણે છે? (તન્મય થઈને જાણે) તો તો આંખ ઊની થઈ જાય. આંખ ઊની નથી થતી. આંખમાં ઊનાપણાનું જ્ઞાન પોતાનું છે તે થાય છે. અગ્નિને જાણતા અગ્નિ સંબંધીનું સ્વ પોતાનું જે જ્ઞાન છે એ જાણે છે. અગ્નિ સંબંધીનું પોતાનું જે જ્ઞાન છે તેને એ જાણે છે. અગ્નિને જાણે છે એમ કહે તો તો એની સાથે, અગ્નિ સાથે એકમેક થઈ જાય, (પરંતુ) એમ તો છે નહિ. આહાહા..! 'ઉસરૂપ નહીં હોતે હૈં.'

**'યહાં કોઈ પ્રશ્ન કરતા હૈ, કિ જો વ્યવહારનયસે લોકાલોકકો જાનતા હૈ, ઔર નિશ્ચયનયસે નહીં, તો વ્યવહારસે સર્વજ્ઞપના હુઆ,...'** ત્યાં કહ્યું હતું ઈ. તો વ્યવહારનયથી સર્વજ્ઞ થયું. **'નિશ્ચયનયકર ન હુઆ? ઉસકા સમાધાન કરતે હૈં-જૈસે અપની આત્માકો તન્મયી હોકર જાનતા હૈ, ઉસ તરહ પરદ્રવ્યકો તન્મયીપનેસે નહીં જાનતા,...'** લ્યો! એ અપેક્ષાથી વ્યવહાર કહ્યો. પોતાનું ને પરનું જાણવું એ તો તન્મય છે તે પોતામાં છે. સમજાણું કાંઈ? **'પરદ્રવ્યકો તન્મયીપનેસે નહીં જાનતા, ભિન્નસ્વરૂપ જાનતા હૈ,...'** એ મારાથી ભિન્ન છે એમ જાણે છે. અગ્નિને જાણતા જ્ઞાન જાણે છે કે અગ્નિ ભિન્ન છે. લોકાલોકને જાણતા જ્ઞાન જાણે છે કે લોકાલોક ભિન્ન છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'વ્યવહારનયસે કહા, કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** શું કહ્યું ઈ? પરના જ્ઞાનનો અહીંયાં અભાવ છે માટે એને વ્યવહારે પરને જાણે છે એમ કહ્યું એમ નથી. એમાં તન્મય થઈને જાણતો નથી માટે નથી જાણતો (એમ કહ્યું). પણ જાણવું તો તન્મય પોતામાં છે. સ્વ-પરપ્રકાશકનું... ૪૭ શકિતમાં આવ્યું નથી? આત્મજ્ઞ છે એ, સર્વજ્ઞ છે એ આત્મજ્ઞ છે. એ તો સર્વજ્ઞપણું જ, આત્મજ્ઞપણાનું જ એટલું સામર્થ્ય છે. એને જાણે છે એમ કહેવું તો વ્યવહાર છે. પણ સર્વજ્ઞપણાની પર્યાય જે છે એ પોતાને સર્વજ્ઞપદને પોતે જાણે છે, સ્વ અને પરને પૂર્ણ જાણે છે. એ આત્મજ્ઞ છે, સર્વજ્ઞ નહિ. આહાહા..! ભિન્નતા બતાવે છે.

ભિન્નતાનું જ્ઞાન હોવા છતાં ભિન્નતાને લઈને નથી. સમજાણું કાંઈ? ભિન્ન પદાર્થનું જ્ઞાન અહીં થાય છે એ ભિન્ન પદાર્થ છે માટે થાય છે એમ નહિ અને ભિન્નને જાણે છે એમાં તન્મય થઈને જાણે છે એમ નહિ. એ ભિન્ન સંબંધીનું જે જ્ઞાન (થાય છે)

એ પોતાના સામાર્થ્યથી થયેલું પોતામાં થઈને જાણે ને પોતામાં રહેશે. આહા..! આવી ઝીણી વાતું.

**'ભિન્નસ્વરૂપ જાનતા હૈ, ઈસ કારણ વ્યવહારનયસે કહા, કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** પરના જ્ઞાનનો અહીંયા અભાવ છે માટે પરને જાણે એ વ્યવહાર કહ્યો એમ નહિ. પર સંબંધીના જ્ઞાનનો તો પોતામાં સદ્ભાવ છે પણ પરને જાણવું એમ જે કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ આમાં?

સર્વજ્ઞ એટલે કે સર્વને જાણે એમ કહેવું એ તો વ્યવહાર છે. કેમકે સર્વને જાણતા, સર્વ ચીજમાં તે જ્ઞાન અડીને, પ્રવેશ કરીને જાણે છે એમ નથી. આહાહા..! આ લાકડાને આમ જાણે છે. આ લાકડામાં જ્ઞાન પ્રવેશ કરીને જાણે છે? (-નહીં!) છતાં એ સંબંધીનું અહીં જ્ઞાન થાય છે એ તો પોતાના સ્વ-પર સામર્થ્યને લઈને થયું છે. આને લઈને થયું છે, એમાં જઈને થયું છે એમ નથી. આહાહા..!

શ્રોતા :-

ઉત્તર :- :- પ્રવેશ તો છે, પર્યાયમાં પ્રવેશ નથી? એ વળી જુદું, એ પ્રશ્ન જુદો. એ તો ખબર છે તેથી તો પહેલેથી વાત કરીએ છીએ. દ્રવ્યમાં એ તન્મય થઈને જાણે છે એનો અર્થ પર્યાયના પ્રદેશો એક છે એમ ગણીને. બાકી ખરેખર તો પર્યાય દ્રવ્યમાં તન્મય થઈને જાણે છે એમ નથી. અહીં એ વાત નથી કરવી. અહીં તો પરને જાણતા પરમાં તેનું અડવું, સ્પર્શવું થયું નથી તેથી તેને વ્યવહારે જાણે એમ કહ્યું. પણ પરસંબંધીનું જ્ઞાન અને સ્વસંબંધીનું જ્ઞાન એ જ્ઞાનનો એમાં અભાવ છે એમ નહિ. જ્ઞાન તો સ્વ-પરપ્રકાશક પોતાના સામર્થ્યથી થયેલું છે. સમજાણું કાંઈ? આરે... આરે..! આવું છે. સર્વજ્ઞને સિદ્ધ કરવા એને પણ એને... આહા..!

સર્વજ્ઞ એ સર્વને જાણે, સર્વજ્ઞ સર્વને જાણે એટલે સર્વજ્ઞ એમ નહિ. સર્વને જાણતા તે સર્વજ્ઞની પર્યાય પરમાં ગઈ નથી, પરને અડી નથી. આહા..! પણ એ પરનું જ્ઞાન અહીંયા પોતાથી પોતા વડે થયું છે તેથી તન્મય થઈને જાણે છે એમ કહીને નિશ્ચય કહ્યો. પરમાં તન્મય થઈને જાણતું નથી માટે વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ? અહીં પાછું ઈ ન લેવું. એ તો મગજમાં પહેલેથી હતું. તન્મય કીધું ત્યારે જ્ઞાનની પર્યાય દ્રવ્યને જાણે છે તો તન્મય થઈને જાણે છે? ઈ અહીં અત્યારે નથી લેવું. સમજાણું કાંઈ? આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- :- ઈ પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. (પર્યાય પર્યાયમાં) રહીને દ્રવ્યને જાણે છે.

શ્રોતા :- ....

ઉત્તર :- :- એ વ્યવહાર નહિ. એ વ્યવહારનો અર્થ કે એ બે ભિન્ન છે. આ ને આ બે ભિન્ન ચીજ છે ને? એ અપેક્ષાએ એને જાણે છે એમ તન્મયથી પોતાના અસંખ્ય પ્રદેશમાં છે માટે. બાકી ખરેખર પર્યાય દ્રવ્યમાં એક થતી નથી. એ તો કાલે ઘણી વાત થઈ ગઈ.

સમજાણું કાંઈ? ઈ અત્યારે પ્રશ્ન નથી. અત્યારે તો પરને જાણે એ વ્યવહાર અને પોતાને જાણે તે નિશ્ચય એટલું સિદ્ધ કરવું છે. આ કારણે, બસ એટલું. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- :- પોતાનામાં એ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે આવ્યા. સમજાણું કાંઈ? પણ પછી જ્યારે બેનો ભેદ પાડવો હોય તો પર્યાય એક સમયની જે છે એ આખું પૂર્ણ દ્રવ્ય છે તેને જાણે છે. એ તો ઘણી વાત કાલે થઈ હતી. અને તેથી ત્યાં ૧૭-૧૮માં કહ્યું ને કે બધાને જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્ય જ જણાય છે. કેમકે પર્યાયના પોતાના સ્વ-પરપ્રકાશક સ્વભાવનું સામર્થ્ય છે. એ દ્રવ્યને લઈને નહિ. સમજાણું કાંઈ? એ પર્યાયનું, એક સમયની પર્યાય છે એનું સામર્થ્ય છે. સ્વ અને પરને પોતામાં રહીને જાણવું એવી એની તાકાત છે. આહા..! આવો માર્ગ ઝીણો (છે), ભાઈ!

અત્યારે તો ફક્ત પરને જાણે છે માટે એ વ્યવહાર કીધો એટલે પરનું જ્ઞાન અહીં નથી એમ નથી. પરનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે. સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન એ સ્વનું જ્ઞાન છે. સર્વજ્ઞપણાનો અભાવ નથી. પર સંબંધીનું જ્ઞાન ને સ્વસંબંધીના જ્ઞાનનો અભાવ નથી. ફક્ત પરને જાણે છે એ તન્મય થઈને નહિ માટે વ્યવહાર કહ્યો પણ સર્વજ્ઞપણું જે છે એ વ્યવહાર છે એમ નહિ. સમજાણું કાંઈ? 'નવરંગભાઈ'! આવી વાતું છે આ બધી. આહાહા..! જૈન પરમેશ્વરનું કથન અલૌકિક છે, એવું બીજે ક્યાંય છે નહિ. આહાહા..!

**'વ્યવહારનયસે કહા, કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** જોયું? એટલે શું કહ્યું? - કે સર્વને જાણે છે કહેવું એ તો વ્યવહાર છે. ત્યારે સર્વનું જ્ઞાન અહીં નથી? - કે સર્વનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન અહીં છે. સર્વનું જ્ઞાન .... એ તો નિમિત્ત છે પણ તે સંબંધીનું, સ્વ સંબંધીનું જ્ઞાન પર્યાયમાં પોતાથી છે. એ જ્ઞાનનો સ્વ-પરપ્રકાશનો જ્ઞાનનો અભાવ નથી. પરપ્રકાશક જ્ઞાનનો એમાં અભાવ નથી, પરવસ્તુનો અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એટલું સામર્થ્યનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. એક સમયની પર્યાય.... આહાહા..!

કાલે રહી ગયું હતું. અહીંથી ગયા પછી તમે ગયા પણ મને યાદ હતું. અલિંગગ્રહણનો ૨૦ મો બોલ, ભાઈ ! આત્મા પોતાના દ્રવ્યને અડતો નથી. ૨૦ મો બોલ. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવી જે ચીજ, પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે દ્રવ્ય સ્વભાવ તેને આત્મા અડતો નથી, આલિંગન કરતો નથી. એ વર્તમાન પર્યાયનું વેદન છે તેટલા પૂરતો આત્મા છે. તમારે 'જીવાભાઈ'એ કીધું હતું, નહિ? પોર આવ્યા હતા ને દર્શન કરવા? 'લોટિયા વોરા'. આહાહા..! મહારાજ! 'લોટિયો વોરો' મુસલમાન ૯૩-૯૪ વર્ષની ઉંમર, ઘરે વાંચે, વાંચીને દર્શન કરવા આવ્યા. શરીર ધ્રૂજે એટલે વ્યાખ્યાનમાં ન આવ્યા. શેઠ! 'જીવાજીભાઈ' કરીને 'લોટિયા વોરા' છે, 'રાજકોટ'. એ વાંચન એટલું કરે. ૯૩-૯૪ વર્ષની ઉંમર છે અને એટલું વાંચન કે ૧૮-૧૯-૨૦ બોલનું વાંચન કરીને ઘરે આવ્યા અને કહે... આહાહા..! શું ૧૮-૧૯-૨૦ બોલનું.... કમાલ કરી નાખી છે.

શું ૧૮ માં છે? - કે આત્મા ગુણવિશેષને સ્પર્શતો નથી, ભેદને સ્પર્શતો નથી. એવો

૧૮ મો બોલ છે. એવું વાંચીને ઘરે મનન કરીને આવ્યા અને એવો ખુશી થાય એવો... આહાહા..! આ વસ્તુ !! અમે તો પામી ગયા છીએ, અમારે તો મોક્ષ થવાનો છે, એમ કહે. ૧૮ મો બોલ એવો છે. અલિંગગ્રહણ એટલે કે અર્થાવબોધરૂપ ગુણવિશેષ... આ પાઠ છે. અર્થાવબોધરૂપ ગુણવિશેષ તેને આલિંગન કરતો નથી. એવો તે આત્મા શુદ્ધાત્મા છે. એટલે કે ગુણી, ગુણના ભેદને સ્પર્શતો નથી. અભેદ છે. ભેદ કરવો એ તો વ્યવહાર થઈ ગયો. આહાહા..! ઝીણી વાત છે.

અર્થાવબોધરૂપ ગુણવિશેષ તેને આલિંગન નહિ કરતો એવો આત્મા શુદ્ધ છે એમ પાઠ છે. એટલે કે આત્મા ગુણી એ ગુણના ભેદમાં આવતો નથી. શેઠ! એ વોરા આવું લઈને આવ્યા. ઘરે વાંચીને, હોં! છે ને, હજી છે. હમણા આવ્યા હતા. અમે ગયા હતા ને. આ ફેરી વ્યવહારનું બીજું લાવ્યા હતા. આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ નથી. આજે લાવ્યા હતા. ૭ મી ગાથા આવે છે ને? આહાહા..! બહુ સૂક્ષ્મ વિચારક છે. પહેલા સાંભળવા આવતા (પછી) જંગલમાં ધ્યાન કરવા ચાલ્યા જતા. મુસલમાન લોટિયો વોરો. આત્મા છે કે નહિ?

એટલે પહેલો બોલ એ છે કે અર્થાવબોધરૂપ ગુણવિશેષને આત્મા આલિંગન કરતો નથી એવો એ શુદ્ધ આત્મા અભેદ છે. ૧૯. અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ... હવે પર્યાય આવી. એને નહીં આલિંગન કરતો એવો આત્મા શુદ્ધાત્મા છે. આહાહા..!

પછી ત્રીજું પ્રત્યભિજ્ઞાનનું કારણ આ છે... છે... છે... છે... છે... છે... આત્મા ધ્રુવ (છે), પ્રત્યભિજ્ઞાનનું કારણ એ છે... છે... છે... છે... એને આત્મા નહિ આલિંગન કરતો પર્યાયમાત્ર છે. અનુભવમાં પર્યાય આવે છે, દ્રવ્ય અનુભવમાં આવતું નથી. વેદનમાં તો પર્યાય આવે છે. આહાહા..! દૃષ્ટિ એની દ્રવ્ય ઉપર છે પણ વેદનમાં પર્યાય છે. અનુભવ છે એ દ્રવ્ય, ગુણનો ધ્રુવનો અનુભવ ન હોઈ શકે. સમજાય છે કે નહિ કાંઈ? વેદનમાં તો પર્યાય જ આવે. કેવળીને પણ પર્યાયનું વેદન છે, દ્રવ્ય-ગુણનું (વેદન) હોય નહિ. દ્રવ્ય-ગુણનું જ્ઞાન હોય પણ વેદન દ્રવ્ય-ગુણનું નહિ. આહા..! જુઓને એક ન્યાય તો જુઓ! ઓહોહો..!

આનંદના અનુભવમાં વેદન પર્યાયનું છે છતાં તે જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય ને ગુણનું જ્ઞાન છે પણ દ્રવ્ય-ગુણનું વેદન નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યનું અનંત ગુણનો પિંડ વસ્તુ, તેનું તેમાં જ્ઞાન છે પણ તે પર્યાયમાં દ્રવ્ય-ગુણનું વેદન નહિ. આહાહા..! શેઠ! આ લોટિયા વોરા લઈને આવ્યા. ઘરે અભ્યાસ કરે. (સંવત) ૧૯૮૯ ની સાલથી વ્યાખ્યાનમાં આવે છે. ૧૯૮૯ ની સાલ. વ્યાખ્યાનમાં કાયમ (આવે). બે, ત્રણ જણા (આવતા). એક બિચારા ગુજરી ગયા. બે લોટિયા હતા. છોકરાઓને પણ ... ઘરે આખો દિ' આ વાત કર્યા કરે. છોકરાઓ છે પણ એને પણ... આહા..! વાત ભારે! હવે અહીં વાણિયાને ખબર ન મળે. એના ઘરમાં (છે), જૈનમાં જન્મ્યો. ૧૯૮૯ ની સાલ, ૧૯૮૯ ની સાલમાં વસ્ત્ર વ્હોરાવ્યું. ૧૯૮૯ ની

સાલમાં વસ્ત્ર વ્હોરવ્યું. તે દિ' બહારનું હતું ને. ગામ નહિ? 'રાજકોટ'થી ક્યું ગામ? આ તમારા બાપનું હતું. 'મોહનભાઈ'નું હતું તે દિ'. પેલા 'મોહનભાઈ'નું, હોં! આ નહિ. પેલા 'મોહનભાઈ'. 'મોહન દામોદર' 'થોરાળા' ૧૯૮૯ માં ઉઠ્યા ત્યારે 'થોરાળે' ભાઈનું 'મોહનલાલ દામોદર'નું જમણ હતું. ઘણું માણસ આવ્યું હતું, ઘણું, 'થોરાળાં' તે દિ' ત્યાં 'જીવાજીભાઈ' આવ્યા હતા અને કાપડ વ્હોરાવવાનું કહ્યું. પછી લીધું કે નહિ ખબર નથી. તે દિ' ૧૯૮૯ ની સાલમાં. જુઓ! આ ત્રણ બોલ વાંચીને લઈને આવ્યા. અલિંગગ્રહણનું ન્યાં ઘરે વાંચ્યું. આહાહા..!

ભગવાનઆત્મા એક સમયની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય આખા દ્રવ્યને જાણે, આખા લોકાલોકને જાણે. સ્વપ્રકાશક તરીકે દ્રવ્યને જાણે, પરપ્રકાશક તરીકે લોકાલોક (જાણે). એ પણ સ્વ-પરપ્રકાશકનું સામર્થ્ય પોતાનું છે, પરને લઈને નહિ. એ પરનું જ્ઞાન થયું એટલે પરને લઈને થયું છે એમ નહિ. સમજાણું કાંઈ? આવો માર્ગ (છે) પણ માણસને નવરાશ ક્યાં છે નક્કી કરવા? આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ... આહાહા..! જેને ઈન્દ્રો, ગણધરો સાંભળે. આહાહા..! ચૌદ પૂર્વ ને બાર અંગની અંતર્મુહૂર્તમાં ગણધરે રચના કરી એ ગણધર પણ સાંભળવા બેસે. સમજાણું કાંઈ?

અહીં ઈ કહે છે '**યહાં કોઈ પ્રશ્ન કરતા હૈ, કિ જો વ્યવહારનયસે લોકાલોકકો જાનતા હૈ, ઔર નિશ્ચયનયસે નહીં, તો વ્યવહારસે સર્વજ્ઞપના હુઆ, નિશ્ચયનયકર ન હુઆ? ઉસકા સમાધાન કરતે હૈં-જૈસે અપની આત્માકો તન્મયી હોકર જાનતા હૈ, ઉસ તરહ પરદ્રવ્યકો તન્મયીપનેસે નહીં જાનતા,...**' એટલું સિદ્ધ કરવું છે. '**ભિન્નસ્વરૂપ જાનતા હૈ, ઈસ કારણ વ્યવહારનયસે કહા, કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.**' પરને પોતાના જ્ઞાનનો જ્યાં અભાવ છે સ્વનું જ જ્ઞાન છે અને પરનું જ્ઞાન નથી એમ નથી. આત્માને સ્વનું જ જ્ઞાન છે ને પરનું નથી એમ નથી. '**કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.**' સમજાણું કાંઈ? આહાહા..!

'**જ્ઞાનકર જાનના તો નિજ ઔર પરકા સમાન હૈ.**' જોયું? આહાહા..! જ્ઞાનની પર્યાયમાં નિજ આખું દ્રવ્ય, ગુણ, પર્યાય અને પર લોકાલોક ઈ આખું અસ્તિત્વ છે, અહીં આખું આ અસ્તિત્વ છે. બેયનું જ્ઞાન તો સમાન છે. આહાહા..! '**નિજ ઔર પરકા સમાન હૈ.**' એટલે? નિજનું જ્ઞાન પણ પોતામાં છે ને પરનું જ્ઞાન પોતાથી થયેલું એ પોતામાં છે, સમાન છે ત્યાં. નિજનું જ્ઞાન અને પર સંબંધીનું પોતાનું જ્ઞાન એ બે સમાન છે. એ તો પરમાં પેસતું નથી માટે પરને જાણતો નથી, પરને જાણે એ વ્યવહાર કહ્યો. પરમાં પેસતો નથી, અડતો નથી. આહાહા..! અને ખરેખર તો લોકાલોકની હયાતી છે માટે જ્ઞાનની પર્યાયમાં પરપ્રકાશકપણું, જ્ઞાન આવ્યું એમ પણ નથી. આહાહા..!

એ તો (સંવત) ૧૯૮૩ ની સાલમાં મોટી ચર્ચા થઈ હતી, 'દામનગર'. ૧૯૮૩ માં. 'વીરજીભાઈ' ને ... 'દામોદર' શેઠ કહે લોકાલોક છે તો અહીં જ્ઞાનની પર્યાય એને જાણવાની થઈ. એમ નથી. જ્ઞાનની પર્યાયનું જ સામર્થ્ય એવું છે, સ્વને ને પરને જાણવાનું સમાન સામર્થ્ય છે એમ કીધું ને? પરને જાણવા માટે પરની હયાતી છે માટે જાણે છે (એમ

નથી). અરે..! દ્રવ્યને જાણવા માટે દ્રવ્યની હયાતી છે માટે પર્યાય જાણે છે એમ પણ નથી. પર્યાયનું જ એટલું સામર્થ્ય છે. સ્વને જાણવું ને પરને જાણવું બેય સમાન સરખા પોતાથી છે. આહાહા..! 'ગીરધરભાઈ' ! આ ક્યાં કોઈ દિ' વિચાર પણ ક્યાં કર્યા છે બધા? એમ ને એમ મજુરીઓ કરી સંસારની. એક તો શેઠિયા ને વળી પાછું કાર્યકર્તા ! ગુચાય ગયા અંદર, થઈ રહ્યું.

શ્રોતા :- કીચડ કીચડ છે.

ઉત્તર :- :- કીચડ છે, વાત સાચી છે. તોપણ બધા ભાગ્યશાળી છે. આહાહા..!

શું કહ્યું? જુઓ ! '**નિજ ઔર પરકા સમાન હૈ.**' ઈ શું કહ્યું? - કે પોતાનું જ્ઞાન થાય ને પરનું જ્ઞાન એ પોતાથી સમાન બરાબર છે. એમ નહિ કે પર છે માટે અહીં થાય છે. એ પોતાનું ને પરનું જ્ઞાન પોતાના સામર્થ્યથી પોતામાં છે. આહાહા..! 'નવરંગભાઈ' ! એક ફેરી 'મગનભાઈ' અપાસરામાં એમ બોલ્યા હતા, (સંવત) ૧૯૮૯ની સાલ. કોણ જાણે એના મોઢામાંથી કેમ એવું નીકળી ગયું કે આ તમારો નવો શ્રાવક આવ્યો. એમ બોલ્યા હતા. તમને ખબર નહિ હોય. અપાસરામાં બોલ્યા હતા. ૧૯૮૯ની સાલ. એને એ વખતે કોણ જાણે એવી ભાષા આવી. મને બરાબર યાદ છે. (એમ બોલ્યા હતા કે) આ તમારો શ્રાવક આવ્યો. મેં કીધું, ઠીક ! આ તો તમારો દીકરો છે. ૧૯૮૯ ની વાત છે, હોં ! એક ફેરી વ્હોરવા ગયા હતા. પેલી કોર રહેતા. ખબર છે? પહેલા બીજે રહેતા. આઘે ક્યાંક માણેકચોકની પેલી કોર રહેતા હતા. વ્હોરવા ગયા હતા. આહાહા..! ૧૯૮૯ ની વાત છે. પહેલાની વાત છે.

અહીં કહે છે... આહાહા..! જ્ઞાનકર નિજનું ને પરનું જાણપણું સરખું છે. આહાહા..! એટલે? પોતે પોતાના જ્ઞાનમાં તન્મય થઈને જાણે છે એમ પર સંબંધીનું અહીં જ્ઞાન છે ઈ એમાં તન્મય થઈને એને જાણે છે, પરમાં તન્મય થઈને નહિ. આહાહા..! શું કહ્યું ઈ? વીતરાગ માર્ગ... બાપા! જ્ઞાનકર જાણપણા, જ્ઞાનકર જાણવું એ તો નિજ ને પરનું સરખું છે. આટલા શબ્દોમાં કેટલું સમાડી દીધું છે, જોયું? પોતે જે દ્રવ્ય, ગુણ, પર્યાય છે તેને જાણે છે એમ પરના લોકાલોકના દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રિકાળ (છે) એને જાણે છે એ જાણવું તો સમાન જ છે. સ્વનું ને પરનું જાણવું પોતામાં સમાન છે. પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. એથી પર સંબંધીનું પોતાનું જે જ્ઞાન છે એનો અભાવ નથી. આહાહા..! સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આત્મજ્ઞ જ એવી સ્થિતિ છે કે સ્વ ને પરને જાણવાની સ્થિતિવાળું આત્મજ્ઞપણું સામર્થ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! ખુલાસો કેવો છે, જોયું?

'**જ્ઞાનકર જાનના તો નિજ ઔર પરકા સમાન હૈ. જૈસે અપનેકો સન્દેહ રહિત જાનતા હૈ,...**' જોયું? '**વૈસા હી પરકો ભી (સન્દેહ રહિત) જાનતા હૈ,...**' પર સંબંધીનું જ્ઞાન નિઃસંદેહ પોતામાં છે એમ કહે છે. '**પરકો ભી જાનતા હૈ, ઈસમેં સન્દેહ નહીં સમઝના,...**' પરને જાણવું એમ વ્યવહાર કહ્યો માટે પર સંબંધીનું અહીં જ્ઞાન નથી એમ નહિ. એ પર

સંબંધીનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન અહીં છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું ઝીણું (છે), બાપુ! વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..!

એથી રાગને જ્ઞાન જાણે એને સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય કહ્યો. ચાર નય કીધી ને? સદ્‌ભૂત ઉપચારનય, સદ્‌ભૂત અનઉપચારનય, અસદ્‌ભૂત ઉપચારનય, અસદ્‌ભૂત અનઉપચારનય. રાગ છે એ ખ્યાલમાં આવે એટલો રાગ તેને અસદ્‌ભૂત ઉપચાર કહ્યો. અને તે વખતે રાગનો ભાગ ખ્યાલમાં આવ્યાની પાછળ, ખ્યાલમાં આવ્યો નથી એને અસદ્‌ભૂત અનઉપચાર કહ્યું. પણ એ સંબંધીનું જ્ઞાન થયું છે. આનું જ્ઞાન, આનું જ્ઞાન એ બધું અસદ્‌ભૂત પણ એ સંબંધીનું જ્ઞાન પોતામાં થાય છે એ તો પોતાથી થયેલું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે? બે થયા.

ત્રીજું. રાગને જ્ઞાન જાણે એવો જે સદ્‌ભૂત ઉપચાર પ્રમાણનું, એ પ્રમાણને પણ સદ્‌ભૂત ઉપચાર કહ્યો. રાગને જાણે ઈ સદ્‌ભુત ઉપચાર. અને જ્ઞાન તે આત્મા એ સદ્‌ભૂત અનઉપચાર. પણ ઈ ઉપચાર કહ્યો પણ જાણવાની જે પર્યાય થઈ છે, રાગને જાણવાની, અનઉપચારને જાણવાની, ઉપચારને (જાણવાની) એ પર્યાય પોતાથી થઈ છે. આહાહા..! એ ચૈતન્ય-સૂર્ય ભગવાન ચૈતન્ય તેજ એના છે, જેના ચૈતન્યના નૂરના તેજ પ્રકાશના પૂર પડ્યા છે. આહાહા..! જેના વેણલા પર્યાયમાં આમ ભાસ થયો સ્વનો ને પરનો એ પોતાની ચીજ છે કહે છે. એ પરને લઈને નથી. સમજાણું કાંઈ? કહો, 'શેઠ'! આ સમજાય એવું છે. ભાષા તો સાદી છે, ભાવ ભલે ઊંચા. 'ભગવાનદાસ' કરતા એમને વધારે રસ છે. નિવૃત્તિ લ્યે છે. બાપુ! આ કરવા જેવું છે. બાકી તો શું છે ઈ બધી ખબર નથી? આહાહા..! ઓહોહો..!

કહે છે '**જૈસે અપનેકો સન્દેહ રહિત જાનતા હૈ, વૈસા હી પરકો ભી જાનતા હૈ, ઈસમેં સન્દેહ નહીં...**' પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે પણ પર સંબંધીનું જ્ઞાન છે એમાં સન્દેહ નહિ. ઈ પોતાનું જ્ઞાન છે. આહાહા..! ભાઈ! વિષય જરીક ઝીણો આવી ગયો. આવી વાત છે. જેટલું એનું અસ્તિત્વ સામર્થ્ય છે એટલું એને ખ્યાલમાં આવવું જોઈએ ને! શું કહ્યું સમજાણું? જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વનું સામર્થ્ય એટલું છે કે સ્વ અને પરને જાણવાનું પોતાથી પોતાને લઈને છે. એવું એ પર્યાયનું સામર્થ્ય છે. એ પર્યાયને માની ત્યારે કહેવાય કે જેટલું એનું સામર્થ્ય છે તે રીતે માને તો એ માન્યું કહેવાય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન તેને કીધું ને? સમ્યક્ એટલે જેવું સત્‌નું સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાયનું છે તે રીતે સમ્યક્ પ્રતીતિ થાય, જેવું છે તે રીતે પ્રતીતિ થાય તો એ સમ્યગ્દર્શન છે. આહાહા..!

'**લેકિન નિજ સ્વરૂપસે તો તન્મયી હૈ, ઔર પરસે તન્મયી નહીં. ઔર જિસ તરહ નિજકો તન્મયી હોકર નિશ્ચયસે જાનતા હૈ,...**' એ જ ખુલાસો ત્યાં કર્યો. '**ઉસી તરહ યદિ પરકો ભી તન્મય હોકર જાને, તો પરકે સુખ, દુઃખ, રાગ, દ્વેષકે જ્ઞાન હોને પર સુખી, દુઃખી, રાગી, દ્વેષી હો,...**' જાય. જ્ઞાનની પર્યાય પરના સુખ, દુઃખમાં તન્મય થઈને જાણે તો અહીં (સુખી, દુઃખી થઈ જાય). સુખ એટલે? સાંસારિક સુખ, હોં! ઈન્દ્રિયના સુખની

વાત છે. ઈન્દ્રિયના સુખ-દુઃખને તન્મય થઈને જાણે તો અહીં ઈન્દ્રિયના સુખમાં આત્મા આવી જાય. સમજાણું કાંઈ? તો અહીં રાગ-દ્વેષ થઈ જાય. પરના રાગ-દ્વેષને તન્મય થઈને જાણે તો રાગ-દ્વેષ અહીં આવી જાય. આહાહા..! અગ્નિમાં તન્મય થઈને જાણે તો જ્ઞાન ઊનું થઈ જાય. બરફને તન્મય થઈને જાણે તો જ્ઞાન ઠંડુ થઈ જાય, ઊનું-ઠંડુ તો જડની અવસ્થા છે, સ્પર્શની અવસ્થા છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ!

'**સો ઈસ પ્રકાર કભી નહીં હો સકતા.**' જ્ઞાન પરને જાણતા પરમાં જો તન્મય હોય તો જ્ઞાનમાં સુખ-દુઃખ ને રાગ-દ્વેષ થઈ જાય. તો એમ છે નહિ. આહાહા..! પાપીના પરિણામ જ્ઞાન જાણે પણ એ પાપીના પરિણામ છે માટે જાણે છે એમ નહિ. એ પોતાના સામર્થ્યથી જાણે છે. એને અડ્યા વિના એની હયાતી છે માટે જાણે એમ પણ નથી. આહાહા..! એવી આની હયાતીનું સામર્થ્ય છે. સત્... સત્... સત્... સમજાણું કાંઈ?

'**સો ઈસ પ્રકાર કભી નહીં હો સકતા. યહાં જિસ જ્ઞાનસે સર્વવ્યાપક કહા, વહી જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખસે અભિન્ન હૈ,...**' લ્યો! આહાહા..! જે જ્ઞાન ઉપાદેય સર્વવ્યાપક કહીને સર્વ એટલે સર્વને જાણવું એમ. વ્યાપકનો અર્થ (ઈ). જે જ્ઞાન સર્વને જાણવાનું કહ્યું, વ્યાપકનો અર્થ ઈ. '**વહી જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખસે અભિન્ન હૈ,...**' આહાહા..! એ જ્ઞાનને ઉપાદેય જાણતા અતીન્દ્રિય આનંદ આવ્યા વિના રહે નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જે સર્વ વ્યાપક એટલે સ્વ ને પરને જાણવાનો જે પર્યાયધર્મ એવું જે જ્ઞાન એને જાણતા એ ઉપાદેય છે. એ ઉપાદેય એટલે તેની સન્મુખ થઈને અતીન્દ્રિય જ્ઞાન દ્વારા, અતીન્દ્રિય આનંદ દ્વારા એને ઉપાદેય કર્યું ત્યારે ઉપાદેય થયું, ત્યારે અતીન્દ્રિય આનંદ સાથે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એમ કેમ કહ્યું? - કે ભાઈ! આવો આવો આત્મા સ્વપરપ્રકાશક... એને ઉપાદેય કર્યો. ઉપાદેય ક્યારે થાય? એ શુદ્ધરૂપે અંદર પરિણમે ત્યારે. ત્યારે આનંદ ભેગો આવે જ એને, એમ કહે છે. આહાહા..! ઉપાદેય ધારણામાં કર્યું એ જુદી (ચીજ) અને ઉપાદેયરૂપે પરિણમ્યો એ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા..! ઉપાદેયરૂપે પરિણમે ત્યારે તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ ભેગો આવે એમ કહે છે. આહાહા..! કેમ કે ત્યાં સ્વભાવમાં જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદ ભેગો છે. એટલે એ જ્ઞાનને જ્યાં ઉપાદેય તરીકે પરિણતિથી થયું ત્યાં અતીન્દ્રિય આનંદ સાથે આવ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

'**વહી જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખસે અભિન્ન હૈ, સુખરૂપ હૈ, જ્ઞાન...**' આહાહા..! સુખરૂપ એ જ્ઞાન છે એમ કીધું ને? ક્યું (જ્ઞાન)? નિજપરનું પરિણતિનું જે જ્ઞાન, પોતાનું જ્ઞાન એને જ્યાં ઉપાદેય તરીકે કરવા જાય છે ત્યારે તેને અતીન્દ્રિય સુખથી અભિન્ન હોવાથી એ જ્ઞાન સુખરૂપ પરિણમે છે. એ જ્ઞાન આનંદરૂપે પરિણમે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જ્ઞાન ઔર આનન્દમેં ભેદ નહીં હૈ,...**' કેમકે અંતરમાં જ્ઞાન ને આનંદ અભિન્ન છે તો અંતરમાં નિર્મળ પરિણતિ દ્વારા જ્યાં એ જ્ઞાનનો આદર કર્યો તો

ભેગો જ્ઞાન અને આનંદ સાથે આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહ્યું હતું ને કાલે? નહિ? ૨૯ કળશ. અશુદ્ધ પરિણતિનો અભાવ, ત્યાં શુદ્ધ પરિણતિનો સદ્ભાવ. શુદ્ધ પરિણતિ પણ હોય ને અશુદ્ધ પરિણતિ પણ ભેગી હોય (એમ નથી). જેવું અશુદ્ધપણું અનાદિનું છે એવું ને એવું રહે ને શુદ્ધ પરિણતિ થાય એમ બને નહિ. આહા..! ૨૯ કળશમાં (આવ્યું છે). ૨૮ માં મરણપ્રાપ્ત (આવ્યું). આહાહા..! એટલે? - કે એકલા પુણ્ય-પાપના રાગની હયાતીને સ્વીકારનાર આખું તત્ત્વ છે તેને એ મારી નાખે છે, અનાદર કરે છે. પુણ્યના દયા-દાનના, વ્રતના પરિણામ શુભ છે એટલી હયાતીનો સ્વીકાર કરનાર ત્રિકાળી આનંદનો નાથ છે તેનો અસ્વીકાર કરે એટલે મરણતુલ્ય કરી નાખે છે. એય..! આહા..! આવું છે. એ ૨૮માં આવ્યું, ૨૯માં એ આવ્યું.

સ્વભાવ અનંત આનંદ આદિ એનો સ્વભાવ છે એનો જે આદર કરે ત્યારે એની શુદ્ધ પરિણતિ થયા વિના આદર થઈ શકે જ નહિ. તે વખતે અશુદ્ધ પરિણતિ રહે નહિ. અસ્થિરતાની રહે એ અહીં પ્રશ્ન નથી. શુદ્ધ પરિણતિમાં, જે અશુદ્ધ પરિણતિ મિથ્યાત્વ સહિતની હતી, (તે હોય નહિ). આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાન ઔર આનન્દમેં ભેદ નહીં હૈ, વહી જ્ઞાન ઉપાદેય હૈ,...**' આહાહા..! જે જ્ઞાનમાં નિજ અને પરનું જાણવાનું સમાનરૂપે પોતાનું પોતાથી થયું છે... આહાહા..! એવા જ્ઞાનને આદર કરનારો એ આનંદથી ખાલી ન હોય. કેમકે જ્ઞાન ને આનંદ અભિન્ન છે. 'મણિયાર' આવી વાતું છે આ. પેલા તો (કહે), એકેન્દ્રિયની દયા પાળો ને આ કરો. આહાહા..! કાલે 'અમરચંદજી'નું આવ્યું છે. 'અમરચંદજી'નું પેલામાં આવ્યું હશે. છે ને એક 'અમરચંદ' શ્વેતાંબર છે. આવે છે, પહેલા અહીં આવતો. પછી તો શ્વેતાંબરનું, દિગંબરનું જુદું પડ્યું એ એને સારુ ન લાગ્યું. 'શ્રીમદ્' બે એક સરખા કહે છે અને તમે જુદું પાડો છો. 'અમરચંદ' કાલે કાગળ આવ્યો છે. પેલું આવ્યું હશે ને કે પરની દયા, પૂજા એ બધો શુભરાગ છે, એ કાંઈ ધર્મ નથી, એ તો નુકસાન કરનાર છે.

શ્રોતા : અચેતન છે.

ઉત્તર :- હા, અચેતન. તમે દયા, દાનના પરિણામને અચેતન કહો છો. રાગ છે ને? અચેતન કહો છો (તો) દુનિયાને ડુબાવી દેશો. એ દોઢડાહ્યો થયો છે. પહેલા આવતો. પછી જ્યારે શ્વેતાંબર, દિગંબરનું જુદું પડ્યું ને કે એ બે એક નથી. ખરેખર તો શ્વેતાંબર ને સ્થાનકવાસી અન્યમતિ છે, જૈનમતિ નથી. એય..! 'ટોડરમલ્લે' કહ્યું છે.

શ્રોતા :- 'ટોડરમલે' કહ્યું માટે?

ઉત્તર :- નહિ, વસ્તુ સ્થિતિ છે એટલે. 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને '...' 'કુંદકુંદાચાર્યે' કહ્યું. '...' વસ્ત્રનો ટૂકડો જેને નથી અને જેને ત્રણ કષાયના અભાવની દશા પ્રગટી છે એવા નાગાનો મોક્ષ છે. એ સિવાય બધા ઉનમાર્ગ છે. શ્વેતાંબર ને સ્થાનકવાસી માર્ગ નથી, ઉન્માર્ગ છે એમ કહ્યું. 'કુંદકુંદાચાર્ય' નો પોકાર છે. હવે તો ૪૩ વર્ષ હાલ્યા હવે. સમજાણું કાંઈ? આહા..!

'**યહ અભિપ્રાય જાનના.**' લ્યો! આ બધું કહેવાનો અભિપ્રાય આ છે કે જે જ્ઞાનમાં સ્વ ને પરને જાણવાનું પરના સંબંધ વિના, પરની હયાતીના સ્વીકાર વિના પોતાની જ આટલી હયાતીનો સ્વીકાર છે એ જ્ઞાન આદરણીય છે. સમજાણું કાંઈ? ઝીણું થોડું પડે, 'પોપટભાઈ'! માર્ગ આ છે, બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર... આહાહા..!

'**ઈસ દોહામેં જીવકો જ્ઞાનકી અપેક્ષા સર્વગત કહા હૈ.**' લ્યો! એ સિદ્ધ કર્યું. જ્ઞાનની અપેક્ષાએ, જાણવાની અપેક્ષાએ સર્વગત કહ્યું પણ ફેલાવાની અપેક્ષાએ સર્વગત કહ્યો નથી. લ્યો! વખત થઈ ગયો લ્યો. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ.)

---

**अथ येन कारणेन निजबोधं लब्ध्वात्मन इन्द्रियज्ञानं १नास्ति तेन कारणेन जडो भवतीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं कथयति –**

**५३) जे णिय-बोह-परिट्ठियहँ जीवहँ तुट्टइ णाणु।**
**इंदिय-जणियउ जोइया तिं जिउ जडु वि वियाणु।।५३।।**

**येन निजबोधप्रतिष्ठितानां जीवानां त्रुटयति ज्ञानम्।**
**इन्द्रियजनितं योगिन् तेन जीवं जडमपि विजानीहि।।५३।।**

**येन कारणेन निजबोधप्रतिष्ठितानां जीवानां त्रुटयति विनश्यति। किं कर्तृ। ज्ञानम्। कथंभूतम्। इन्द्रियजनितं हे योगिन् तेन कारणेन जीवं जडमपि विजानीहि। तद्यथा। छद्मस्थानां वीतरागनिर्विकल्पसमाधिकाले स्वसंवेदनज्ञाने सत्यपीन्द्रियजनितं ज्ञानं नास्ति, केवलज्ञानिनां पुनः सर्वदैव नास्ति तेन कारणेन जडत्वमिति। अत्र इन्द्रियज्ञानं हेयमतीन्द्रियज्ञानमुपादेयमिति भावार्थः।।५३।।**

---

**आगे आत्म-ज्ञानको पाकर इन्द्रिय-ज्ञान नाशको प्राप्त होता है, परमसमाधिमें आत्मस्वरूपमें लीन है, परवस्तुकी गम्य नहीं है, इसलिये नयप्रमाणकर जड़ भी है, परन्तु ज्ञानाभावरूप जड़ नहीं है, चैतन्यरूप ही है, अपेक्षासे जड़ कहा जाता है, यह अभिप्राय मनमें रखकर गाथा-सूत्र कहते हैं –**

**गाथा – ५३**

**अन्वयार्थ :– [ येन ] जिस अपेक्षा [ निजबोधप्रतिष्ठितानां ] आत्म-ज्ञानमें ठहरे हुए [ जीवानां ] जीवोंके [ इन्द्रियजनितं ज्ञानम् ] इन्द्रियोंसे उत्पन्न हुआ ज्ञान [ त्रुटयति ] नाशको प्राप्त होता है, [ हे योगिन् ] हे योगी, [ तेन ] उसी कारणसे [ जीवं ] जीवको [ जडमपि ] जड़ भी [ विजानीहि ] जानो।**

**भावार्थ :– जिस अपेक्षा आत्म-ज्ञानमें ठहरे हुए जीवोंके इन्द्रियोंसे उत्पत हुआ ज्ञान नाशको प्राप्त होता है, हे योगी, उसी कारणसे जीवको जड़ भी जानो। महामुनियोंके**

**वीतरागनिर्विकल्प–समाधिके समयमें स्वसंवेदनज्ञान होनेपर भी इन्द्रियजनित ज्ञान नहीं है, और केवलज्ञानियोंके तो किसी समय भी इन्द्रियज्ञान नहीं है, केवल अतीन्द्रिय ज्ञान ही है, इसलिये इन्द्रिय–ज्ञानके अभावकी अपेक्षा आत्मा जड़ भी कहा जा सकता है। यहाँपर बाह्य इन्द्रियज्ञान सब तरह हेय है और अतीन्द्रियज्ञान उपादेय है, यह सारांश हुआ।।५३।।**

---

**હવે જે કારણે નિજબોધ પામીને આત્માઓને ઈન્દ્રિયજ્ઞાન હોતું નથી તે કારણે આત્મા 'જડ' છે, એવો અભિપ્રાય મનમાં રાખીને આ સૂત્ર કહે છે.**

**ભાવાર્થ : છદ્મસ્થ જીવોને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના કાળમાં સ્વસંવેદનજ્ઞાન હોવા છતાં પણ ઈન્દ્રિયજનિત જ્ઞાન હોતું નથી, વળી કેવળજ્ઞાનીઓને (ઈન્દ્રિયજનિત જ્ઞાન) કોઈ વખતે હોતું નથી, તે કારણે જીવ 'જડ' છે.**

**અહીં ઈન્દ્રિયજ્ઞાન હેય છે, અતીન્દ્રિય જ્ઞાન ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૫૩.**

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૩, બુધવાર
## તા. ૧૪-૦૭-૧૯૭૬, ગાથા-૫૩, ૫૪ પ્રવચન નં. ૩૪

'પરમાત્મપ્રકાશ'. ૫૩ ગાથા. '**આગે આત્મ–જ્ઞાનકો પાકર ઈન્દ્રિય–જ્ઞાન નાશકો પ્રાપ્ત હોતા હૈ, પરમસમાધિમેં આત્મસ્વરૂપમેં લીન હૈ, પરવસ્તુકો ગમ્ય નહીં હૈ,...**' એ અપેક્ષાએ એને જડ કહેવામાં આવે છે. છે? '**ઈસલિયે નયપ્રમાણકર જડ ભી હૈ, પરંતુ જ્ઞાનભાવરૂપ જડ નહીં હૈ,...**' આહા..! જ્ઞાનના અભાવસ્વરૂપ જડ નથી. પણ ઈન્દ્રિયજ્ઞાનની ગમ્યતા નથી. પોતાના સ્વરૂપમાં સમાધિ, શાંતિમાં લીન છે ત્યાં ઈન્દ્રિયગમ્યનું જ્ઞાન છે નહિ, એથી એને એ અપેક્ષાએ જડ કહેવામાં આવે છે.

**૫૩) जे णिय–बोह–परिट्ठियहँ जीवहँ तुट्टइ णाणु।**
**इंदिय–जणियउ जोइया तिं जिउ जडु वि वियाणु।।५३।।**

**અન્વયાર્થ :– 'જિસ અપેક્ષા આત્મ–જ્ઞાનમેં ઠહરે હુએ...'** આત્મજ્ઞાનમાં ઠરતાં '**જીવોંકે ઈન્દ્રિયોંસે ઉત્પન્ન હુઆ જ્ઞાન...' 'त्रुट्यति' 'નાશકો પ્રાપ્ત હોતા હૈ,...**' આત્મજ્ઞાનમાં ઠરતાં ઈન્દ્રિયજ્ઞાન રહેતું નથી. આહાહા..! '**હે યોગી, ઉસી કારણસે જીવકો જડ ભી જાનો.**' આ અપેક્ષાએ જડ, હોં! જ્ઞાનના અભાવ અપેક્ષાએ નહિ. પણ ઈન્દ્રિયજ્ઞાનના અભાવની અપેક્ષાએ જડ કહેવામાં આવે છે.

**ભાવાર્થ :– 'મહામુનિયોંકે વીતરાગનિર્વિકલ્પ–સમાધિકે સમયમેં સ્વસંવેદનજ્ઞાન હોનેપર ભી ઈન્દ્રિયજનિત જ્ઞાન નહીં હૈ,...**' મહામુનિઓને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના વખતમાં. કેમકે વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ પ્રભુ આત્મા છે. ત્રિકાળ,

હોં! એના સમીપમાં એનો આશ્રય લઈને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના સમયે સ્વસંવેદનજ્ઞાન પોતાનું જ જ્ઞાન છે ત્યાં તો. ઈન્દ્રિયજ્ઞાન નથી. આહાહા..! **'ઔર કેવલજ્ઞાનિયોંકે કિસી સમય ભી ઈન્દ્રિયજ્ઞાન નહીં હૈ,...'** એ બીજી વાત લીધી. બે વાત લીધી. આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપમાં લીન (હોય છે) ત્યારે એને ઈન્દ્રિયજ્ઞાન નથી. કેવળજ્ઞાનીને ઈન્દ્રિયજ્ઞાન છે જ નહિ. કેવળીને **'કેવલ અતીન્દ્રિય જ્ઞાન હી હૈ, ઈસલિયે ઈન્દ્રિય-જ્ઞાનકે અભાવકી અપેક્ષા આત્મા જડ ભી કહા જાતા હૈ. યહાંપર ઈન્દ્રિય-જ્ઞાન સબ તરહ હેય હૈ...'** બાહ્ય ઈન્દ્રિયજ્ઞાન છે તે હેય છે. એ જ્ઞાન જ નથી. આહાહા..! ભાવઈન્દ્રિય જ્ઞાનને જ્ઞાન જ કહ્યું નથી. જ્ઞાયકભાવ ત્રિકાળ સ્વભાવ, એની અપેક્ષાએ ભાવ ઈન્દ્રિયનું જ્ઞાન, એને પરજ્ઞેયમાં નાખીને એ ખંડ ખંડ બતાવનાર જ્ઞાન, એને આત્માના જ્ઞાનમાં ભેળવ્યું નથી. આહા..! સમજાણું કાંઈ? તેથી ઈન્દ્રિયજ્ઞાન હેય છે. ભાવઈન્દ્રિયથી જણાય એ જ્ઞાન હેય છે એમ કહે છે. જડ તો જડ છે. ભાવઈન્દ્રિયથી એક એક વિષય જણાય તે ઈન્દ્રિયજ્ઞાન. એ જ્ઞાનને ખંડ ખંડ જણાવે છે. માટે તે ઈન્દ્રિયજ્ઞાન હેય છે. સમજાણું કાંઈ?

અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય છે. ભાવઈન્દ્રિય, જડઈન્દ્રિય અને ઈન્દ્રિયના વિષયો, ત્રણેથી હઠીને **'णाणसहावाधियं'** ત્રણેથી ભિન્ન જ્ઞાનસ્વભાવ જુદો પરિપૂર્ણ છે. એનું જ્ઞાન તેને અતીન્દ્રિયજ્ઞાન કહે છે. એ અતીન્દ્રિયજ્ઞાન તે ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ તો અગિયાર(અંગ) અને નવ પૂર્વની લબ્ધિરૂપ જ્ઞાન થાય છે પણ એ બધું ઈન્દ્રિયજ્ઞાન છે, એમ કહે છે. આહાહા..! ટકી રહેતું નથી ને. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. એના જ્ઞાનમાંથી જ્ઞાન આવે તે અતીન્દ્રિયજ્ઞાન તે ટકતું જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? બાહ્ય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એ ટકતી ચીજ નથી પણ નાશવાન છે. એથી ભગવાનઆત્મા શ્રદ્ધાસ્વરૂપ જ આખો છે. જ્ઞાનમાં કહ્યું. જ્ઞાનસ્વરૂપ જ પૂર્ણ, ઈન્દ્રિયજ્ઞાનથી ભિન્ન એ અતીન્દ્રિય જ્ઞાન, એ જ આત્મજ્ઞાન અને એનું જ ભાન એ અતીન્દ્રિયજ્ઞાન તે ઉપાદેય છે. આહાહા..! ઈન્દ્રિયથી થતું અંગ-પૂર્વનું જ્ઞાન કે અગિયાર અંગનું જ્ઞાન પણ હેય છે, એમ કહે છે. આહાહા..! અને આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ વાસ્તવિક શ્રદ્ધા નથી, તે હેય છે.

ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી શ્રદ્ધા સ્વરૂપ છે. ત્રિકાળી સમ્યગ્દર્શન સ્વરૂપ જ એ આખો છે. પર્યાયની વ્યાખ્યા પછી. એવું સમ્યગ્દર્શન જે ત્રિકાળને આશ્રયે પ્રગટ થાય તે સમ્યગ્દર્શન અતીન્દ્રિય છે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ બધી ઈન્દ્રિયજ્ઞાનની શ્રદ્ધા છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતે અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ જ છે. એને આશ્રયે જે જ્ઞાન થાય તે અતીન્દ્રિય કહેવાય. બાકી પરાશ્રયે જેટલું થાય... આહાહા..! આ સાંભળીને, વાંચીને (થાય) એ બધું ઈન્દ્રિયજ્ઞાન છે. આહાહા..!

**'ઈસલિયે ઈન્દ્રિય-જ્ઞાનકે અભાવકી અપેક્ષા આત્મા જડ ભી કહા જા સકતા હૈ.**

**યહાંપર બાહ્ય ઇન્દ્રિય-જ્ઞાન સબ તરહ હેય હૈ...**' લ્યો. '**સબ તરહ હેય હૈ...**' આહાહા..! જડ ઇન્દ્રિય નિમિત્ત છે. ભાવઇન્દ્રિયથી થતું જ્ઞાન હેય છે. સમજાણું કાંઈ? 'પ્રવચનસાર'માં તો ન કહ્યું? ભાઈ! ૩૪-૩૫. ક્ષયોપશમજ્ઞાનથી બસ થાઓ. અમારે એ જ્ઞાનની કંઈ જરૂર નથી. ત્યાં સુધી વાત લીધી. આહાહા..! અમારો ભગવાન અમારી શ્રદ્ધા, (અમારા) ભગવાનના આશ્રયે શ્રદ્ધા થઈ છે. ભગવાનના આશ્રયમાં લીનતા છે. અમારે વિશેષ ક્ષયોપશમના જ્ઞાનની કંઈ જરૂર નથી. જુઓને! કેનો નિષેધ કર્યો! ક્યાં સુધીનો એમ કે, આહાહા..! છે? 'અમૃતચંદ્રાચાર્ય' એમ કહે છે.

અહીં તો ઇન્દ્રિયજ્ઞાન હેય (કહે છે). આહાહા..! એ બધું ક્ષયોપશમનું બાહ્ય આશ્રયે જ થાય, એની સાથે મારે શું કામ છે? ભગવાન પૂર્ણ બ્રહ્મ ચિદાનંદ સ્વરૂપ, એને આશ્રયે થયેલું જ્ઞાન તે અતીન્દ્રિય તે ઉપાદેય છે. કેમકે તેમાં અતીન્દ્રિય આનંદનું સાથે જ્ઞાન થાય છે. આહાહા..! આવી વાત છે. જડ કહીને મૂળ તો આ કહ્યું. ઇન્દ્રિયજ્ઞાનની કિંમત કાઢી નાખી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લોકોને એમ થાય છે ને આ શાસ્ત્ર આપણે ભણ્યા માટે આપણને કાંઈક જ્ઞાન છે. ઓહોહો..! સમજાણું કાંઈ? એ જ્ઞાનની કિંમત જ અહીં ગણી નથી. ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એને આશ્રયે થયેલું જે જ્ઞાન એ નિત્યાનંદમાંથી આવેલું (છે). નિત્યાનંદ નિત્ય જ્ઞાનમાંથી આવેલું (છે). એ જ્ઞાન ત્રિકાળી ઉપાદેય છે અને તે પર્યાયનું જ્ઞાન તે પણ ઉપાદેય છે. એ અપેક્ષાએ એને જડ કહ્યું. જોયું!

---

**अथ शरीरनामकर्मकारणरहितो जीवो न वर्धते न च हीयते तेन कारणेन मुक्तश्चरमशरीरप्रमाणो भवतीति निरूपयति –**

**५४) कारण–विरहिउ सुद्ध–जिउ वड्ढइ खिरइ ण जेण।**
**चरम–सरीर–पमाणु जिउ जिणवर बोल्लहिं तेण।।५४।।**

**कारणविरहितः शुद्धजीवः वर्धते क्षरति न येन।**
**चरमशरीरप्रमाणं जीवं जिनवराः ब्रुवन्ति तेन।।५४।।**

**कारणविरहितः शुद्धजीवो वर्धते क्षरति हीयते न येन कारणेन चरमशरीरप्रमाणं मुक्तजीवं जिनवरा भणन्ति तेन कारणेनेति। तथाहियद्यपि संसारावस्थायां हानिवृद्धिकारणभूत–शरीरनामकर्मसहितत्वाद्धीयते वर्धते च तथापि मुक्तावस्थायां हानिवृद्धिकारणाभावाद्वर्धते हीयते च नैव, चरमशरीरप्रमाण एव तिष्ठतीत्यर्थः। कश्चिदाहमुक्तावस्थायां प्रदीपवदावरणाभावे सति लोकप्रमाणविस्तारेण भाव्यमिति। तत्र परिहारमाह–प्रदीपस्य योऽसौ प्रकाशविस्तारः स स्वभावज एव न त्वपरजनितः पश्चाद्भाजनादिना साद्यावरणेन प्रच्छादितस्तेन कारणेन**

तस्यावरणाभावेऽपि प्रकाशविस्तारो घटते एव। जीवस्य पुनरनादिकर्मप्रच्छादितत्वात्पूर्वं स्वभावेन विस्तारो नास्ति। किंरूपसंहारविस्तारो। शरीरनामकर्मजनितौ। तेन कारणेन शुष्कमृत्तिकाभाजनवत् कारणा–भावादुपसंहारविस्तारौ न भवतः। चरमशरीरप्रमाणेन तिष्ठतीति। अत्र य एव मुक्तौ शुद्धबुद्धस्वभावः परमात्मा तिष्ठति तत्सदृशो रागादिरहितकाले स्वशुद्धात्मोपादेय इति भावार्थः।।५४।.

---

आगे शरीरनामा नामकर्मरूप कारणसे रहित यह जीव न घटता है, और न बढ़ता है, इस कारण मुक्त–अवस्थामें चरम–शरीरसे कुछ कम पुरुषाकार रहता है, इसलिये शरीरप्रमाण भी कहा जाता है, ऐसा कहते हैं –

**गाथा – ५४**

अन्वयार्थ :– [ येन ] जिस हेतु [ कारणविरहितः ] हानि–वृद्धिका कारण शरीर नामकर्मसे रहित हुआ [ शुद्धजीवः ] शुद्धजीव [ न वर्धते क्षरति ] न तो बढ़ता है, और न घटता है, [ तेन ] इसी कारण [ जिनवराः ] जिनेन्द्रदेव [ जीवं ] जीवको [ चरमशरीरप्रमाणं ] चरमशरीरप्रमाण [ ब्रुवन्ति ] कहते हैं।

भावार्थ :– यद्यपि संसार अवस्थामें हानि–वृद्धिका कारण शरीरनामा नामकर्म है, उसके संबंधसे जीव घटता है, और बढ़ता है; जब महामच्छका शरीर पाता है, तब तो शरीरकी वृद्धि होती है, और जब निगोदिया शरीर धारता है, तब घट जाता है और मुक्त अवस्थामें हानी–वृद्धिका कारण जो नामकर्म उसका अभाव होनेसे जीवके प्रदेश न तो सिकुड़ते हैं, न फैलते हैं, किन्तु चरमशरीरसे कुछ कम पुरुषाकार ही रहते हैं, इसलिये शरीरप्रमाण हैं, यह निश्चय हुआ। यहाँ कोई प्रश्न करे, कि जब तक दीपकके आवरण है, तब तक तो प्रकाश नहीं हो सकता, और जब उसके रोकनेवालेका अभाव हुआ, तब प्रकाश विस्तृत होकर फैल जाता है, उसी प्रकार मुक्ति अवस्थामें आवरणका अभाव होनेसे आत्माके प्रदेश लोक–प्रमाण फैलने चाहिये, शरीर–प्रमाण ही क्यों रह गये? उसका समाधान यह है, कि दीपकके प्रकाशका जो विस्तार है, वह स्वभावसे होता है, परसे नहीं उत्पन्न हुआ, पीछे भाजन आदिसे अथवा दूसरे आवरणसे आच्छादन किया गया, तब वह प्रकाश संकोचको प्राप्त हो जाता है, जब आवरणका अभाव होता है, तब प्रकाश विस्ताररूप हो जाता है, इसमें संदेह नहीं और जीवका प्रकाश अनादिकालसे कर्मोंसे ढका हुआ है, पहले कभी विस्ताररूप नहीं हुआ। शरीर–प्रमाण ही संकोचरूप और विस्ताररूप हुआ, इसलिये जीवके प्रदेशोंका प्रकाश संकोच विस्ताररूप शरीरनामकर्मसे उत्पन्न हुआ है, इस कारण सूखी मिट्टीके बर्तनकी तरह कारणके अभावसे संकोच–विस्ताररूप नहीं होता, शरीरप्रमाण ही रहता है, अर्थात् जबतक मिट्टीका बर्तन जलसे

**गीला रहता है, तबतक जलके सम्बन्धसे वह घट बढ़ जाता है, और जब जलका अभाव हुआ, तब बर्तन सूख जानेसे घटता बढ़ता नहीं है–जैसेका तैसा रहता है। उसी तरह इस जीवके जबतक नामकर्मका संबंध है, तबतक संसार–अवस्थामें शरीरकी हानि–वृद्धि होती है, उसकी हानि–वृद्धिसे प्रदेश सिकुड़ते हैं और फैलते हैं। तथा सिद्ध–अवस्थामें नामकर्मका अभाव हो जाता है, इस कारण शरीरके न होनेसे प्रदेशोंका संकोच विस्तार नहीं होता, सदा एकसे ही रहते हैं। जिस शरीरसे मुक्त हुआ, उसी प्रमाण कुछ कम रहता है। दीपकका प्रकाश तो स्वभावसे उत्पन्न है, इससे आवरणसे आच्छादित हो जाता है। जब आवरण दूर हो जाता है, तब प्रकाश सहज ही विस्तरता है। यहाँ तात्पर्य है, कि जो शुद्ध बुद्ध (ज्ञान) स्वभाव परमात्मा मुक्तिमें तिष्ठ रहा है, वैसा ही शरीरमें भी विराज रहा है। जब रागका अभाव होता है, उस कालमें यह आत्मा परमात्माके समान है, वही उपादेय है।।५४।।**

---

હવે (હાનિવૃદ્ધિના કારણરૂપ) શરીરનામકર્મના કારણથી રહિત જીવ વધતો નથી અને ઘટતો નથી, તેથી મુક્ત જીવ 'ચરમશરીરપ્રમાણ છે' એમ કહે છે :

ભાવાર્થ : જો કે સંસારાવસ્થામાં જીવ હાનિવૃદ્ધિના કારણરૂપ શરીરનામ કર્મ સહિત હોવાથી ઘટે છે અને વધે છે, તોપણ મુક્ત-અવસ્થામાં હાનિવૃદ્ધિના કારણનો અભાવ હોવાથી વધતો-ઘટતો નથી અર્થાત્ ચરમશરીરપ્રમાણ જ રહે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જેવી રીતે આવરણનો અભાવ થતાં દીવાના પ્રકાશનો વિસ્તાર થાય છે, તેવી રીતે મુક્ત-અવસ્થામાં આવરણનો અભાવ થતાં જીવના પ્રદેશોનો લોકપ્રમાણે વિસ્તાર થવો જોઈએ?

તેનો પરિહાર કરવામાં આવે છે કે દીવાના પ્રકાશનો જે વિસ્તાર છે તે સ્વભાવજન્ય છે, પણ પરજનિત નથી, ભાજન આદિના સાદિ આવરણથી તેનો પ્રકાશવિસ્તાર આચ્છાદિત કરવામાં આવ્યો હતો, તે કારણે તેના આવરણનો અભાવ થતા જ પ્રકાશવિસ્તાર ઘટે છે જ (સંભવે છે) પણ જીવ અનાદિકાળથી કર્મથી ઢંકાયેલો હોવાથી તેનો સ્વાભાવિક વિસ્તાર નથી.

સંકોચવિસ્તાર ક્યા કારણે છે? સંકોચવિસ્તાર શરીરનામકર્મજનિત છે તે કારણે (જેવી રીતે માટીનું વાસણ પાણીથી ભીનું રહે છે ત્યાં સુધી પાણીના સંબંધથી તેમાં વધ-ઘટ થાય છે, પણ જળનો અભાવ થવાથી) શુષ્ક માટીના વાસણમાં વધ-ઘટ થતી નથી તેવી રીતે કારણનો અભાવ થતાં જીવના પ્રદેશોનો સંકોચ-વિસ્તાર થતો નથી, જીવના પ્રદેશો 'ચરમશરીરપ્રમાણ' જ રહે છે.

અહીં મુક્તિમાં શુદ્ધ, બુદ્ધ એક જેનો સ્વભાવ છે એવો પરમાત્મા બિરાજે છે તેના જેવો જ રાગાદિરહિત સમયે સ્વશુદ્ધ આત્મા જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૫૪.

## ગાથા-૫૪ ઉપર પ્રવચન

હવે ૫૪.

એ લોકો સર્વવ્યાપક કહે છે ને? શરીર પ્રમાણે જ આત્મા છે, એ સિદ્ધ કરવું છે. ભલે એને એમ કહ્યું હતું, નિશ્ચયનયથી લોકપ્રમાણ (છે). ટીકામાં નથી, એણે નાખ્યું છે. ૫૦ ગાથામાં. વ્યવહારનયથી દેહપ્રમાણ અને નિશ્ચયનયથી લોકપ્રમાણ. એમ છે ને? એ ટીકામાં એમ નથી. છે? ટીકામાં એમ નથી. પણ એને એ સિદ્ધ કરવું છે કે નિયતપ્રદેશત્વ શક્તિ છે ને? ૪૭માં. નિયતપ્રદેશત્વ. અસંખ્યપ્રદેશ નિયત છે. ઈ. લોકપ્રમાણે વ્યાપે એમ અહીં નહિ. સમજાણું કાંઈ? લોક પ્રમાણે આવરણ ટળે તો વ્યાપે એમ નહિ. કારણ કે... એ કહેશે. એ જ્ઞાન કોઈ દિ' વિકાસ પામેલું નહોતું કે સંકોચ થયો છે. સંકોચમાં જ અનાદિથી છે. શું કહ્યું? અહીં દીવાનો દાખલો આપશે. આહાહા..! જુઓ!

**'આગે શરીરનામા નામકર્મરૂપ કારણસે રહિતયહ જીવ ન ઘટતા હૈ, ઔર ન બઢતા હૈ, ઈસ કારણ મુક્ત-અવસ્થામેં ચરમ-શરીરસે કુછ કમ પુરુષાકાર રહતા હૈ, ઈસલિયે શરીરપ્રમાણ ભી કહા જાતા હૈ,...'** આ અપેક્ષાએ શરીરપ્રમાણ. શરીરના પ્રમાણમાં કિંચિત્ ન્યૂન પ્રમાણમાં ત્યાં રહે છે. છે લોક પ્રમાણે અસંખ્ય પ્રદેશી. એટલે સંખ્યા એટલી. પણ લોક પ્રમાણે વિસ્તરે એ નિશ્ચય એમ નથી. સમજાય છે કાંઈ? કેમકે લોક પ્રમાણે વિસ્તાર પામેલો આત્મા કોઈ દિ' છે જ નહિ. એટલે આવરણ ટળતાં પણ જેટલા પ્રમાણમાં શરીર પ્રમાણમાં છે એટલા પ્રમાણમાં જ રહેશે. સમજાણું કાંઈ? અહીંયાં ઈ સિદ્ધ કરે છે. આહાહા..! ત્યાં પણ શરીર પ્રમાણે રહે છે. આવરણ ટળી ગયા તેથી અસંખ્ય પ્રદેશી છે તે અસંખ્ય પ્રદેશ પહોળો થાય એમ નથી. સમજાય છે કાંઈ? નિશ્ચય અસંખ્યપ્રદેશી એ તો અસંખ્ય પ્રદેશ નિયત છે એમ નિશ્ચય. પણ અસંખ્યપ્રદેશી છે માટે આવરણ ટળતાં અસંખ્ય પ્રદેશમાં આમ પહોળો થાય એવું એનું સ્વરૂપ છે જ નહિ. એમ સિદ્ધ કરવું છે. શરીર પ્રમાણે સિદ્ધ કરવું છે ને. આહાહા..! સમજાણું કાંઈ? નિયતપ્રદેશ શક્તિ છે ને ૪૭માં? એ નિયત પ્રદેશ એટલે અસંખ્ય પ્રદેશ નિયત-નિશ્ચય છે એ અપેક્ષાએ અહીં કહ્યું હતું. પણ એ અસંખ્ય પ્રદેશ નિશ્ચય છે એટલે અસંખ્યપ્રદેશ આવરણ ટળતાં પહોળો થઈ જાય એમ નથી. એ તો આવરણ ટળતાં પણ શરીર પ્રમાણે જ રહેશે. ન્યાય સમજાય છે કાંઈ? આહાહા..! જુઓ!

**५४) कारण-विरहिउ सुद्ध-जिउ बड्ढइ खिरइ ण जेण।**
**चरम-सरीर-पमाणु जिउ जिणवर बोलल्हिँ तेण।। ५४।।**

જોયું! ભલે '**कारण-विरहिउ**' આવરણ ખલાસ થઈ જાય, તોપણ એ શરીર પ્રમાણે જ રહેશે. અસંખ્ય પ્રદેશ છે. લોક પ્રમાણે એના પ્રદેશ છે. એ તો સંખ્યાએ એટલા નિયત પ્રદેશ છે. પણ આવરણ ટળતાં લોક પ્રમાણે વ્યાપી જાય એવું એનું સ્વરૂપ છે જ નહિ.

સમજાણું કાંઈ? આહાહા..!

**અન્વયાર્થ :-** '**જિસ હેતુ હાનિ-વૃદ્ધિરૂપ કારણ શરીર નામકર્મસે રહિત...**' જોયું! આવરણરહિત '**શુદ્ધજીવ ન તો બઢતા હૈ ઔર ન ઘટતા હૈ, ઈસી કારણ જિનેન્દ્રદેવ જીવકો ચરમશરીરપ્રમાણ કહતે હૈં.**' દેખો! આહાહા..! મુકતમાં પણ તદ્દન આવરણ ગયું તોપણ દેહ પ્રમાણે જ ત્યાં છે. આવરણ ગયું એટલે અસંખ્ય પ્રદેશ લોકમાં વ્યાપી જાય એને અસંખ્ય પ્રદેશી કહેવો એમ નથી. સર્વગતથી વિરૂદ્ધ કરવું છે ને. આહાહા..! સમજાણું કાંઈ? 'ગિરધરભાઈ'! આવી જુદી જુદી વાતું છે આમાં. ઓલામાં લખ્યું છે કે લોકપ્રમાણે નિશ્ચયથી. ટીકામાં નથી. ફક્ત એને નિયતપ્રદેશ છે ને એટલું ત્યાં લખવું હતું. નિયતપ્રદેશ એટલે અસંખ્યપ્રદેશ લોક જેટલા. એ નિશ્ચય એમ. પણ નિશ્ચયનો અર્થ એવો નથી કે અસંખ્યપ્રદેશ પહોળા થાય તો એ નિશ્ચય, વ્યાપી જાય તો નિશ્ચય, એવી અહીં વ્યાખ્યા નથી. સમજાણું કાંઈ? આહાહા..! ઓલો સર્વગત કહે છે ને? એની અપેક્ષાએ અસંખ્ય પ્રદેશી સર્વગત છે. સર્વગત એટલો થઈ શકે એવો. પણ આવરણ ટળે માટે થાય એમ નથી. એ તો આવરણ ટળે તોપણ શરીર પ્રમાણે જ રહેશે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..! એમ કે આવરણ છે ત્યાં સુધી હાનિ-વૃદ્ધિ, હાનિ-વૃદ્ધિ ક્ષેત્રથી, હોં! પ્રદેશ તો એટલા ને એટલા (રહે). શરીરના પ્રમાણમાં હજાર (જોજનનો) મચ્છ (થાય), અંગુલના અસંખ્ય ભાગમાં આવરણ નામ હાનિવૃદ્ધિ થાય. પણ આવરણ ગયે તો લોક પ્રમાણે થાય કે નહિ? ના. એ શરીર પ્રમાણે જ રહેશે. આહાહા..!

મુમુક્ષુ :- કેવલસમુદ્‌ઘાત ...

ઉત્તર :- એ જુદી વસ્તુ થઈ. એ તો બીજી વાત. એ કંઈ લોકાકાશ પ્રમાણે થયો છે નિશ્ચયથી (એમ નથી). તો નિશ્ચય એમ ને એમ રહેવો જોઈએ. સમજાણું? લોકાકાશ પ્રમાણે અસંખ્ય પ્રદેશી છે અને લોકાકાશ પ્રમાણે થાય તો નિશ્ચય (કહેવાય), તો તો એ કાયમ એવું રહેવું જોઈએ. ઈ નિશ્ચય ન રહ્યો.

ખુબી અહીં મૂકી છે. ચરમ શરીર પ્રમાણં. ભલે આવરણ ટળી જાય, આવરણ રહે નહિ. આવરણની સ્થિતિમાં હાનિ-વૃદ્ધિ થાય. નાનું, વ્યાપક, નિગોદનું, મચ્છમાં (તે તે શરીર પ્રમાણે થાય). અને આવરણ ટળ્યા પછી શરીર પ્રમાણે રહે. આવરણ ટળ્યા પછી લોકાકાશ પ્રમાણે વ્યાપી જાય એમ નહિ. સમુદ્‌ઘાતનું કીધું એ તો એનો વ્યવહાર થયો. નિશ્ચય નહિ થયો. આહાહા..! નિશ્ચય તો કાયમ એકરૂપ રહે એને નિશ્ચય કહીએ. તો શરીર પ્રમાણે કાયમ રહે છે. સંસારમાં પણ અને સિદ્ધમાં પણ શરીર પ્રમાણે જ રહે છે. ભલે શરીર નથી પણ શરીર (પ્રમાણ રહે છે). સમજાણું કાંઈ? શરીર ભલે નથી. એનો પ્રશ્ન (નથી). અહીં શરીર છે તોપણ પોતાને કારણે હાનિ-વૃદ્ધિ છે અને ન્યાં નથી તોપણ પોતાને કારણે એટલા પ્રમાણમાં દેહ પ્રમાણે રહે છે. એ પોતાને કારણે છે. આહાહા..! ન્યાય સમજાય છે કાંઈ? પેલા સર્વગત કહે છે એની સામે આ ન્યાયની દલીલ આપી છે. આહાહા..! વીતરાગ માર્ગ બહુ અલૌકિક બાપુ! આ.

નિયતપ્રદેશત્વ શક્તિ એ એનો ગુણ છે. ૪૭ ગુણમાં નિયતપ્રદેશત્વ શક્તિ (છે). સંસારની અપેક્ષામાં સંકોચવિસ્તાર થાય અને છેલ્લે સ્થિતિ ચરમશરીર પ્રમાણ રહે. ન્યાં ઈ અર્થ છે. નિયત પ્રદેશ છે ને. ઈ શક્તિ છે, ગુણ છે. '**જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી રહિત છે...**' હાનિ-વૃદ્ધિ આમાં કીધું ને. '**અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવા લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ.**' શરીર પ્રમાણે જ સદાય છે. અહીં હાનિવૃદ્ધિ પામે તો એ શરીરના પ્રમાણમાં પોતાની (પામે). અહીંયા શરીર રહી ગયું તોપણ શરીર પ્રમાણે જ છે. અસંખ્ય પ્રદેશ એટલે વ્યાપવું થઈ જાય એ નિશ્ચય એમ અહીંયાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ!

**ભાવાર્થ :-** '**યદ્યપિ સંસાર-અવસ્થામેં હાનિ-વૃદ્ધિ...**' જુઓ! એમાં આવ્યું. સંકોચવિકાસ આવ્યું. '**શરીરનામા નામકર્મ હૈ ઉસકે સંબંધસે જીવ ઘટતા હૈ, ઔર બઢતા હૈ;..**' સંકોચ-વિકાસ થાય. નિગોદના શરીરમાં આમ અવગાહન થોડું થઈ જાય. એક હજાર યોજનનો મચ્છ (થાય) તો મોટું અવગાહન વ્યાપે. પણ એ બધું શરીર પ્રમાણે. '**ઉસકે સંબંધસે જીવ ઘટતા હૈ, ઔર બઢતા હૈ; જબ મહામચ્છકા શરીર પાતા હૈ,...**' જુઓ! '**તબ તો શરીરકી વૃદ્ધિ હોતી હૈ,...**' એક હજાર જોજન. ઓહોહો..! '**ઔર જબ નિગોદિયા શરીર ધારતા હૈ...**' અંગુલનો અસંખ્ય ભાગ. અંગુલના અસંખ્ય ભાગમાં પણ એ શરીર પ્રમાણે રહ્યો. અહીં હાનિ-વૃદ્ધિ પામે તો એ શરીરના પ્રમાણમાં પોતાની. ન્યાં શરીર રહી ગયું તોપણ શરીર પ્રમાણે જ છે. એના અસંખ્ય પ્રદેશ છે એટલે વ્યાપવું થઈ જાય એ નિશ્ચય એમ અહીં નથી. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ!

'**સંસાર અવસ્થામેં હાનિ-વૃદ્ધિ...**' જુઓ! એમાં આવ્યું, સંકોચવિકાસ આવ્યું. '**શરીરનામા નામકર્મ હૈ ઉસકે સંબંધસે જીવ ઘટતા હૈ, ઔર બઢતા હૈ;...**' સંકોચ વિકાસ થાય. નિગોદના શરીરમાં આમ અવગાહન થોડું થઈ જાય. એક હજાર જોજનનો મચ્છ (થાય એમાં) મોટું અવગાહન વ્યાપે. પણ એ બધું શરીર પ્રમાણે. આહાહા..! '**ઉસકે સંબંધસે જીવ ઘટતા હૈ, ઔર બઢતા હૈ; જબ મહામચ્છકા શરીર પાતા હૈ, તબ તો શરીરકી વૃદ્ધિ હોતી હૈ,...**' એક હજાર જોજન. ઓહોહો..! '**ઔર જબ નિગોદિયા શરીર ધારતા હૈ,...**' અંગલુના અસંખ્ય ભાગમાં. અંગુલના અસંખ્ય ભાગમાં પણ એ શરીર પ્રમાણે જ રહ્યો. મુકત અવસ્થામાં.. જોયું! '**નિગોદિયા શરીર ધારતા હૈ, તબ ઘટ જાતા હૈ ઔર મુક્ત અવસ્થામેં હાનિ-વૃદ્ધિકા કારણ જો નામકર્મ ઉસકા અભાવ હોનેસે જીવકે પ્રદેશ ન તો સિકુડતે હૈં, ફૈલતે હૈં,...**' સંકુચિત થતો નથી અને વિસ્તાર થતો નથી. '**કિંતુ ચરમશરીરસે કુછ કમ પુરુષાકાર હી રહતે હૈં, ઈસલિયે શરીરપ્રમાણ હૈ, યહ નિશ્ચય હુઆ.**' વ્યાપે તો એ નિશ્ચય છે, એમ નહિ. સમજાણું કાંઈ?

'**યહાં કોઈ પ્રશ્ન કરે, કિ જબ તક દીપકકે આવરણ હૈ,...**' દીવાને આવરણ (છે)

**'તબ તક તો પ્રકાશ નહીં હો સકતા, ઔર જબ ઉસકે રોકનેવાલેકા અભાવ હુઆ, તબ પ્રકાશ વિસ્તૃત હોકર ફૈલ જાતા હૈ...'** દીવાનો પ્રકાશ આમ બધે ફેલાઈ જાય છે. આવરણ છે એ (ખસતા) ફેલાઈ જાય છે. **'વિસ્તૃત હોકર ફૈલ જાતા હૈ, ઉસી પ્રકાર મુક્તિ અવસ્થામેં આવરણકા અભાવ હોનેસે આત્માકે પ્રદેશ લોક-પ્રમાણ ફૈલને ચાહિયે,...'** આ પ્રશ્ન નિશ્ચયનો કરે છે. **'શરીર-પ્રમાણ હી ક્યોં રહ ગયે?'**

**'ઉસકા સમાધાન યહ હૈ, કિ દીપકકે પ્રકાશકા જો વિસ્તાર હૈ, વહ સ્વભાવસે હોતા હૈ,...'** એનો સ્વભાવ જ એવો છે. આવરણ હોય તો એટલા પ્રમાણમાં આમ જાય તો આમ પ્રકાશ થાય. **'પરસે નહીં ઉત્પન્ન હુઆ, પીછે ભાજન આદિસે અથવા દૂસરે આવરણસે આચ્છાદન કિયા ગયા, તબવહ પ્રકાશ સંકોચકો પ્રાપ્ત હો જાતા હૈ, જબ આવરણકા અભાવ હોતા હૈ, તબ પ્રકાશ વિસ્તારરૂપ હો જાતા હૈ,...'** એનો સ્વભાવ છે એ તો. **'ઈસમેં સંદેહ નહીં ઔર જીવકા પ્રકાશ અનાદિકાલસે કર્મોંસે ઢકા હુઆ હૈ...'** દેખો! આહા..! કોઈ દિ' વિસ્તાર હતો, પ્રકાશ ફેલાયેલો હતો અને સંકોચ થયો છે એમ નથી. દીવાનો તો સ્વભાવ જ એવો પ્રકાશ ફેલાય એવો છે. સમજાણું કાંઈ? આ બધા યુક્તિ ને વાણિયાને આ સમજવું. આહાહા..!

**'જીવકા પ્રકાશ અનાદિકાલસે...'** એટલામાં શરીર પ્રમાણે જ ઈ છે. **'કર્મોંસે ઢકા હુઆ હૈ,પહલે કભી વિસ્તારરૂપ નહીં હુઆ.'** દીવાનો સ્વભાવ તો પ્રકાશપણે છે. આને કોઈ દિ' વિસ્તાર થયો છે ને પછી સંકોચ થયો છે, આખા લોક પ્રમાણે થઈ ગયો છે અને પછી શરીર પ્રમાણે થયો છે, એવું નથી. આહાહા..! ન્યાય સમજાય છે કાંઈ? ઈ 'દ્રવ્ય સંગ્રહ'માં પણ લીધું છે. **'જીવકા પ્રકાશ અનાદિકાલસે કર્મોંસે ઢકા હુઆ હૈ, પહલે કભી વિસ્તારરૂપ નહીં હુઆ. શરીર-પ્રમાણ હી સંકોચરૂપ ઔર વિસ્તારરૂપ હુઆ હૈ,...'** દેખો! શરીર પ્રમાણે જ સંકોચ અને વિસ્તાર (થયો છે). વિસ્તાર થયો હજાર જોજનનો એ શરીર પ્રમાણે (થયો). સંકોચ થયો અંગુલના અસંખ્ય ભાગમાં (તોપણ) એ શરીર પ્રમાણે. કોઈ દિ' લોક પ્રમાણે વિસ્તાર થઈ ગયો હતો એમ કોઈ દિ' બન્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! શરીર પ્રમાણે સિદ્ધ કરવા (આટલી વાત કરે છે).

દીવાનો પ્રકાશ તો સ્વભાવિક જ છે. એવું ફેલાવું અને સંકોચાવું એ તો એનો સ્વભાવ જ એવો છે. એમ જીવનો સ્વભાવ એવો નથી કે આવરણ જાય એટલે લોક પ્રમાણે વ્યાપી જાય. એવું નથી. કેમકે અનાદિથી શરીર પ્રમાણે જ એનો સંકોચ છે. શરીર પ્રમાણે જ છે. હાનિવૃદ્ધિ થાય તો શરીરના પ્રમાણમાં. એ પોતાને કારણે. અને મુકત અવસ્થામાં પણ શરીર પ્રમાણે જ એ રહ્યો છે. છેલ્લું ચરમશરીર છે એના પ્રમાણમાં રહ્યો છે. મુકત થઈ ગયો માટે ફેલાઈ જાય એવો કોઈ દિ' ફેલાયેલો સ્વભાવ નહોતો કે ફેલાઈ જાય. અસંખ્ય પ્રદેશી એનો સ્વભાવ ખરો. સમજાણું કાંઈ? આવા ...

મુમુક્ષુ :- અમારે શું ઉપયોગ?

ઉત્તર :- ઈ કહે છે કે તું શરીર પ્રમાણે છો એવો નિર્ણય કર. પહોળો (થઈને) કોઈ દિ' બહાર ગયો નથી, એમ કહે છે. એમ ઈ એને કામનું છે. એટલે? કે એને જ્યારે ધ્યાન કરવું પડે ત્યારે આમ થાય, આમ અંદર જાય છે. આમ જાતો નથી. શું કામનું છે? 'નવરંગભાઈ'! આહાહા..! જો આમ પહોળો હોય તો એને આમ જાવું જોઈએ. એમ નથી. એ શરીર પ્રમાણે જ પહોળો છે. જેથી એને ધ્યાન કરવું હોય તો ત્યાં વળવું પડે છે, એટલામાં, બહારમાં નહિ. આહાહા..!

મુમુક્ષુ :- મુદ્દાની વાત છે.

ઉત્તર :- મુદ્દાની જ વાત છે આ તો. સમજાણું કાંઈ? પેલા 'રજનીશ'નું એક ફેરી આવ્યું હતું. આવડો મોટો ફોટો. ઈ આમ વ્યાપક માને ને. અજ્ઞાન મૂઢ છે. મોટો ફોટો આવ્યો હતો. જાણે આમ વ્યાપક હોય ને, એમ. ધૂળેય નથી, સાંભળને! ત્રિકાળ એ આત્મા શરીર પ્રમાણે જ રહે છે. આવરણ ટળે તોપણ શરીર પ્રમાણની પહોળાઈ પોતાને કારણે, ઈ પોતાનું જ કારણ એવું છે. આહાહા..! નિયતપ્રદેશત્વશક્તિમાં આવી ગયું ને.

મુમુક્ષુ :- અસંખ્યપ્રદેશી જીવ વ્યાપે છે એ ખ્યાલમાં...

ઉત્તર :- ખ્યાલમાં નહિ. અસંખ્યપ્રદેશની આકૃતિ નહિ, આકૃતિ ખ્યાલમાં ક્યાં આવે. એથી તો ખુલાસો કર્યો છે ને. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં ખુલાસો કર્યો છે. એને આકાર નથી દેખાતો. એને આકાર જોવાનો નથી. એને ભાવ જોવાનો છે, ભાવ. અખંડ પરિપૂર્ણ ભાવ. બસ. જ્ઞાયકભાવ, શ્રદ્ધાભાવ, આનંદભાવ, ચારિત્રભાવ, વીતરાગભાવ એ કોઈપણ ભાવસ્વરૂપે આખો પરિપૂર્ણ છે.

મુમુક્ષુ :- ભાવ પણ અસંખ્યાત પ્રદેશમાં ફેલાયેલો...

ઉત્તર :- અસંખ્યાત પ્રદેશમાં ફેલાયો એ પ્રદેશનું અહીં કામ નથી. એને અસંખ્ય પ્રદેશ દેખાય એનું કામ નથી. એ આમ જાય છે તો ઈ અસંખ્ય પ્રદેશમાં જ હોય છે એટલું. શું કીધું સમજાણું? એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં ખુલાસો કર્યો છે. કેવળીને પૂર્ણ નિરાવરણ અસંખ્ય પ્રદેશ દેખાય. તો અહીં કંઈક થોડા તો નિરાવરણ દેખાય કે નહિ? એમ નથી.

મુમુક્ષુ :- એ ખુલાસો ક્યાં કર્યો છે?

ઉત્તર :-'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'. શું કીધું ઈ? ઈ જ આવ્યું, જુઓ! **'એ દૃષ્ટાંત પ્રદેશની અપેક્ષાએ નથી...'** જુઓ! છે? આમાં (૩૫૫) પાનું છે. જુઓ! (પ્રશ્ન છે). **'આત્માને પ્રત્યક્ષ જાણે તો કર્મવર્ગણાઓને પ્રત્યક્ષ કેમ ન જાણે?'** એ જ કહ્યું છે કે **'આત્માને પ્રત્યક્ષ તો કેવળી જ જાણે છે, કર્મવર્ગણાને અવધિજ્ઞાન પણ જાણે છે. વળી તમે લખ્યું કે બીજના ચંદ્રની જેમ આત્માના પ્રદેશ થોડા ખુલ્લા છે એમ કહો.'**

**'ઉત્તર :- એ દૃષ્ટાંત પ્રદેશની અપેક્ષાએ નથી પણ ગુણની અપેક્ષાએ છે.'** છે? સ્યાદ્વાદ 'અષ્ટસહસ્રી'નો શ્લોક છે ને એના પછી. એ શ્લોક પછી છે. શ્લોક પછી બીજો પેરેગ્રાફ. **'એ દૃષ્ટાંત પ્રદેશની અપેક્ષાએ નથી પણ ગુણની અપેક્ષાએ છે. એ પ્રમાણે સમ્યક્ત્વી સંબંધી તથા અનુભવ સંબંધી પ્રત્યક્ષ-અપ્રત્યક્ષાદિના જે પ્રશ્નો તમે લખ્યા**

**હતા તેનો પ્રત્યુત્તર મારી બુદ્ધિ અનુસાર લખ્યો છે.**' આ એટલું જ છે. સમજાણું? '**આત્માને પ્રત્યક્ષ તો કેવળી જ જાણે છે,...**' '**બીજના ચંદ્રની જેમ આત્માના પ્રદેશ થોડા ખુલ્લા છે એમ કહો.**' એમ નહિ. પ્રદેશ ખુલ્લા છે કે વધારે એની સાથે સંબંધ નથી. પ્રદેશ તો અસંખ્ય પ્રદેશમાં જ એટલો ગુણનો ઉઘાડ છે. એણે કહ્યું છે ને આગળ? ત્રણ દાખલા આપ્યા છે ને. ઈ ક્યાંક છે ખરું. ઈ ત્રણ અંશ જે કીધા. જુઓ! અહીં.

'**તમે દૃષ્ટાંત લખ્યાં અથવા દૃષ્ટાંત દ્વારા પ્રશ્ન લખ્યા, પણ દૃષ્ટાંત સર્વાંગ મળતા આવે નહિ. દૃષ્ટાંત છે તે એક પ્રયોજન દર્શાવે છે. અહીં બીજનો ચંદ્ર, જળબિન્દુ, અગ્નિકણ-એતો એકદેશ છે અને પૂર્ણિમાનો ચંદ્ર, મહાસાગર તથા અગ્નિકુંડ-એ સર્વદેશ છે, એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે...**' ગુણ એકદેશ પ્રગટે છે. સમજાણું? થોડા પ્રદેશ એમાંથી દેખાય છે એમ કાંઈ છે નહિ. આહાહા..! કામ કેટલા કર્યા છે, જુઓને! બધા શું કહેવાય આ? 'ટોડરમલ.. ટોડરમલ'. જીત્યા ટોડરમલ, નથી આવતું આપણે અહીં? 'એળે બાંધીને લાવ્યા..' એમ કાંઈક કહે છે. 'ગાડે બેસાડીને હેડે લાવ્યા ને જાણે જીત્યા ટોડરમલ'. બાયડીને પરણીને લાવે ને. 'ગાડે નાખીને હેડ લાવ્યા ને જાણે જીત્યા ટોડરમલ.' એ આવે છે. એ તો બધું વાંચ્યું હતું ને. બાયડી પરણીને લાવ્યા, હેડ લાવ્યા હવે. ભાઈએ તો ત્યાં સુધી કહ્યું, નહિ? ભાઈ 'હુકમચંદજી'. 'હુકમચંદજી'એ આમાં નાખ્યું છે. 'મહાવીરનું વકતૃત્વ અને...' શું કીધું? કર્તૃત્વ. 'મહાવીરનું કર્તૃત્વ અને વકતૃત્વ.' આવ્યું છે ને? આપણે 'આત્મધર્મ'માં એ આવ્યું છે. એમાં એ નાખ્યું છે, સ્ત્રી પરણ્યો એટલે બધી દુર્ઘટના શરૂ થઈ ગઈ હવે. કારણ કે એક તો એને રાજી રાખવા માટે, ફલાણું કરવા માટે, ઢીકણું કરવા માટે મંથન ચાલશે. લખ્યું છે એણે. વાત સાચી. 'હુકમચંદજી' વાત જે સ્પષ્ટ કરે એ બહુ સરસ સ્પષ્ટ કરે છે. 'હુકમચંદજી'નો ક્ષયોપશમ ઘણો. 'હુકમચંદજી'ની પંડિતાઈ બહુ. બધા પંડિતોને પાણી ભરાવે એવો છે અત્યારે. છતાં બિચારો નિર્માન છે, નિર્માન. 'હુકમચંદજી'. એણે એમ લખ્યું છે, 'મહાવીર' પરણ્યા નથી. પરણ્યા હોત તો, સ્ત્રીને લાવ્યા હોય તો પાપની ઘટનાઓ એક પછી એક એણે ઊભી જ કરવી પડે. બીજો કોઈ ઉપાય ન મળે. આહાહા..! એય..! એ દુર્ઘટના ભગવાનને બની નથી એમ કહ્યું છે. 'વકતૃત્વ અને કર્તૃત્વ'માં લખ્યું છે. એની ચોપડી હતી એમાં ઈ છે ને. નાની આવી છે, ફોટાવાળી.

'**મુક્તિ અવસ્થામેં આવરણકા અભાવ હોનેસે આત્માકે પ્રદેશ લોક-પ્રમાણ ફૈલને ચાહિયે,...**' શિષ્યનો પ્રશ્ન છે. '**શરીર-પ્રમાણ હી ક્યોં રહ ગયે?**' '**ઉસકા સમાધાન યહ હૈ કિ દીપકકે પ્રકાશકા જો વિસ્તાર હૈ, વહ સ્વભાવસે હોતા હૈ, પરસે નહીં ઉત્પન્ન હુઆ,પીછે ભાજન આદિસે અથવા દૂસરે આવરણસે આચ્છાદન કિયા ગયા, તબ વહ પ્રકાશ સંકોચકો પ્રાપ્ત હો જાતા હૈ, જબ આવરણકા અભાવ હોતા હૈ, તબ પ્રકાશ વિસ્તારરૂપ હો જાતા હૈ, ઈસમેં સંદેહ નહીં ઔર જીવકા પ્રકાશ અનાદિકાલસે કર્મોંસે ઢકા હુઆ હૈ,...**' એટલે? એ

તો નિમિત્તથી વાત કરી છે. પણ એવો એ રીતનો શરીર પ્રમાણનો શરીરનું પ્રદેશનું પ્રમાણ પોતાને કારણે છે. એ તો કર્મના નિમિત્તની વાત થઈ. શરીર પ્રમાણે થવું, નાના મોટા પ્રમાણમાં (થવું) એ પણ પોતાની યોગ્યતાથી થાય છે. નામકર્મ તો નિમિત્ત છે. સમજાણું કાંઈ? આહાહા..!

જેમ લોટામાં પાણી હોય, લોટામાં પાણી. જેવો લોટો હોય એવો પાણીનો આકાર હોય. પણ એ પાણીનો આકાર લોટાને કારણે નથી. કાશીઘાટનો. આહાહા..! આત્માની અંદર પ્રદેશ પોતે રહ્યા છે એ આ શરીરને કારણે નહિ, કર્મને કારણે નહિ. પોતાના આકારની પર્યાયની યોગ્યતા જ એટલી છે. આહાહા..!

'**જીવકા પ્રકાશ અનાદિકાલસે કર્મોંસે ઢકા હુઆ હૈ,...**' એટલે કે જીવનો અસંખ્ય પ્રદેશી વિસ્તાર કોઈ દિ' થયો નથી. એમ. અસંખ્ય પ્રદેશી વિસ્તાર કોઈ દિ' થયો નથી. '**પહલે કભી વિસ્તારરૂપ નહીં હુઆ.**' જોયું! સિદ્ધાંત તો આ સિદ્ધ કરવો છે ને. અસંખ્ય પ્રદેશનો પહેલા કદી વિસ્તાર થયો હતો એવું કદી થયું નથી. '**શરીર-પ્રમાણ હી સંકોચરૂપ ઔર વિસ્તારરૂપ હુઆ,...**' આહાહા..! જુઓને! ન્યાય સિદ્ધ કરે છે. '**ઈસલિયે જીવકે પ્રદેશોંકા પ્રકાશ સંકોચ વિસ્તારરૂપ શરીરનામકર્મસે ઉત્પન્ન હુઆ હૈ, ઈસ કારણ સૂખી મિટ્ટીકે બર્તનકી તરહ...**' સુકાયેલી માટી-વાસણ હોય ને? '**કારણકે અભાવસે સંકોચ-વિસ્તારરૂપ નહીં હોતા,...**' માટીનું સૂકુ વાસણ છે એમાં સંકોચ વિકાસ થાય? લીલું હોય ત્યાં સુધી (થાય). એમાં આવરણ ગયું તો એવું ને એવું અસંખ્ય પ્રદેશમાં રહી ગયું. સમજાણું કાંઈ? સૂકી માટી પછી સંકોચ પામતી નથી, તેમ વિસ્તાર પામતી નથી. એમ મુક્ત અવસ્થામાં અસંખ્ય પ્રદેશી જેવો આકાર છે, જેટલો શરીર પ્રમાણ (છે તે) એટલો ને એટલો રહે છે. સમજાણું કાંઈ? આરે..! આવી વાતું છે.

સર્વગતને લોકમાં વ્યાપે તો સર્વગત કહીએ, એમ નહિ. એ તો એની શક્તિ એટલી છે કે અસંખ્ય પ્રદેશ નિયત પ્રદેશ લોક પ્રમાણે છે. પણ એનો વિસ્તાર કોઈ દિ' લોક પ્રમાણે થયો છે એવું કોઈ દિ' થયું નથી. એ તો અનાદિથી શરીરના પ્રમાણે જ એનો સંકોચ વિકાસની આકૃતિ રહી છે. મુક્ત અવસ્થામાં પણ શરીર પ્રમાણે જ એની આકૃતિ રહે છે. આવરણ ગયું માટે અસંખ્ય પ્રદેશ ફેલાય જાય, એમ નથી. 'રતિભાઈ'! આવી વાતું છે. વાણિયાને જરી બુદ્ધિ કેળવવી પડે એવું છે એમાં. વાણિયાને ધંધો ઈ. આખો દિ' આનું આ ને કાપડનો ધંધો.. એમાં કંઈ લાંબુ.. દાણાનો ધંધો, લોઢાનો ધંધો હોય.

મુમુક્ષુ :- આખી દુનિયામાં કાપડના શું ભાવ છે ઈ જાણવા પડે.

ઉત્તર :- એમાં શું દાળિયા થયા? શું ભાવથી લાવ્યા હતા અને એમાં કેટલું ખપ્યું ને કેટલું બાકી, અત્યારે ભાવ કેટલો? એમ હજારો ચીજની ત્રણપટ્ટીનો ખ્યાલ હોય છે. અમારે 'આણંદજી' હતો એને બધો ખ્યાલ હતો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ એમાં શું થયું? એમાં છે શું? સાધારણ વાત (છે).

આ તો ભગવાનનું જ્ઞાન છે એને અંદર પકડવું એવી એને કેળવણી બુદ્ધિ જોઈએ એમ કહે છે. આહાહા..! પેલું તો ઇન્દ્રિયજ્ઞાન છે. આહા..! નિગોદમાં નીકળ્યો, અક્ષરને અનંતમેં ભાગે (જ્ઞાન) હતું. અને અહીં રાગની મંદતા કરીને નવ પૂર્વ(નું જાણપણું) થયું. લ્યો! પણ એ તો ઇન્દ્રિયજ્ઞાન છે. એ પાછુ ઢંકાઈ જશે. ન્યાંથી નીકળીને જશે, થઈ રહ્યું, જાઓ! આહાહા..! અહીં એમ નથી, એમ કહેવું છે.

અહીં તો અસંખ્ય પ્રદેશ જે ક્ષેત્ર છે, એ કોઈ દિ' અસંખ્ય પ્રદેશ પહોળા થયા હતા વિસ્તારરૂપે તો એને આવરણ ગયા પછી પહોળા થાય, એમ નથી. આહા..! દીવાનો પ્રકાશ તો પહેલેથી વિસ્તાર પામતો જ એનો સ્વભાવ છે. એમ આત્માના અસંખ્ય પ્રદેશનો કોઈ દિ' પહોળા વિસ્તાર થયો છે, પછી ઢંકાણું અને એ ગયા પછી પહોળું થયું, એવું એનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શરીર પ્રમાણે જ છે, બસ. ભલે સિદ્ધમાં કાંઈક થોડું ઊણું (હોય), પણ એ શરીર પ્રમાણે ઊણું હોય. એમ. આહાહા..! જુઓ!

'**શરીર પ્રમાણ હી રહતા હૈ, અર્થાત્ જબતક મિટ્ટીકા બર્તન જલસે ગીલા રહતા હૈ,...**' વાસણ જ્યાં સુધી પાણીથી ભીનું રહે '**તબતક જલકે સંબંધસે વહ ઘટ બઢ જાતા હૈ,...**' લીલુ વાસણ હોય ત્યાં વધે-ઘટે. આમ થપાટ મારે છે ને? તો ઘટી જાય અને પાણી વધારે નાખે ફૂલી જાય. '**તબતક જલકે સંબંધસે વહ ઘટ બઢ જાતા હૈ,...**' ઘટ ને વધ બેય લેવું છે ને? '**જબ જલકા અભાવ હુઆ, તબ બર્તન સુખ જાનેસે ઘટતા બઢતા નહીં હૈ-**' જોયું! દાખલો કેવો આપ્યો છે. સૂકુ વાસણ થયા પછી ઘટતુ વધતું નથી. '**જૈસેકા તૈસા રહતા હૈ.**'

'**ઉસી તરહ ઇસ જીવકે જબતક નામકર્મકા સંબંધ હૈ, તબતક સંસાર-અવસ્થામેં શરીરકી હાનિ-વૃદ્ધિ હોતી હૈ,...**' પેલા પાણીના દાખલે. '**ઉસકી હાનિ-વૃદ્ધિસે પ્રદેશ સિકુડતે હૈં ઔર ફૈલતે હૈં. તથા સિદ્ધ-અવસ્થામેં નામકર્મકા અભાવ હો જાતા હૈ, ઇસ કારણ શરીરકે ન હોનેસે પ્રદેશોંકા સંકોચ વિસ્તાર નહીં હોતા,...**' આહાહા..! સંકોચ વિસ્તાર તો એની યોગ્યતાથી થતો. આ યોગ્યતા પછી ખલાસ થઈ ગઈ. એ પ્રમાણે રહી ગયું. સૂકુ વાસણ જેવું છે એવું રહી ગયું. મુક્ત અવસ્થામાં સાદિઅનંત શરીરના આકાર પ્રમાણથી જરી ઊણું, પણ આકાર તો શરીર પ્રમાણે રહ્યો. પહોળો થઈ ગયો છે એમ છે નહિ. એમ સિદ્ધ કરે છે. આહાહા..! એમાં સિદ્ધ કરવામાં પાછા અસંખ્ય પ્રદેશ સિદ્ધ (કરે છે). એ સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય છે નહિ. સમજાણું? સર્વજ્ઞ સિવાય અસંખ્ય પ્રદેશી જીવ, એવી વ્યાખ્યા સર્વજ્ઞ સિવાય ક્યાંય છે જ નહિ.

તેથી 'શ્રીમદ્'માં પણ આવે છે ને? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.' શુદ્ધ-પવિત્ર, બુદ્ધ-જ્ઞાનનો ઘન. શુદ્ધ બુદ્ધ.

ચૈતન્યઘન-ત્યાં એ અસંખ્ય પ્રદેશ લીધા છે. સમજાણું કાંઈ? શુદ્ધ છે, પવિત્ર છે, બુદ્ધ છે, જ્ઞાનપિંડ છે, જ્ઞાનનો ઘન અને ચૈતન્યઘન ઈ છે. અસંખ્ય પ્રદેશી, ચૈતન્યનો અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. સ્વયં જ્યોતિ-પોતાથી જ્યોતિ છે. એનો કોઈ કર્તા નથી, સ્વયંસિદ્ધ સત્ છે. સુખધામ છે. આનંદનું એ ક્ષેત્ર છે. આહાહા..! ભગવાન આનંદનું ધામ છે. જેમાંથી આનંદ-અંકુરા ફૂટે એવી એ ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઈ ચૈતન્યઘનમાં પ્રદેશ નાખ્યા છે. બીજે ક્યાંય એ વાત નથી. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય (ક્યાંય નથી).

શ્વેતાંબરમાં પ્રદેશ કીધા છે પણ બેયમાં ફેરફાર છે. દિગંબર અને એનામાં બહુ મોટો ફેરફાર છે. લોકાકાશના પ્રદેશ ને એમાં મોટો ફેર છે. સમજાણું? એમાં પણ ફેર છે. ૩૭૦ રાજૂ ઘન છે ને? દિગંબરે કહ્યું છે એ વસ્તુની યથાર્થતા છે. એમણે કહ્યું એમાં મેળ ખાતો નથી. એમાં એ પોતાને ... છે. આવ્યું છે, ગ્રંથમાં આવ્યું છે. આ મેળ ખાતો નથી. ૩૪૩ રાજૂ પ્રમાણ. આપણે અહીં એક પુસ્તક છે ને? છે એમાં ઈ. ખબર છે, ઈ બધું જોયું છે. જીવના પ્રદેશની સંખ્યા જે આ કહે છે એટલી જ એને નથી. ફેરફાર છે. કારણ કે આખા લોકના પ્રદેશમાં ફેર થયો તો એને આત્માના પ્રદેશમાં ફેર (આવે). બધો ફેરફાર છે. આહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની ધ્વનિથી આવેલો સત્‌નો પ્રવાહ છે. આહા..! કોઈપણ બોલ ન્યાયથી ક્યાંય બોદુ ન થાય. જે ચીજ છે તેની સિદ્ધિ થાય. આહાહા..!

**'શરીરકે ન હોનેસે પ્રદેશોંકા સંકોચ-વિસ્તાર નહીં હોતા,...'** સંકોચ તો નહિ પણ વિસ્તાર એ પણ નહિ. એમ. કર્મ ગયું માટે અસંખ્ય પ્રદેશનો વિસ્તાર થઈ જાય (એમ નહિ). સૂકી માટી રહી હવે એને વિસ્તાર થાય એમ એનો સ્વભાવ જ નથી. આહા..! **'સદા એકસે રહતે હૈં. જિસ શરીરસે મુક્ત હુઆ,...'** જોયું! **'ઉસી પ્રમાણ કુછ કમ રહતા હૈ. દીપકકા પ્રકાશ તો સ્વભાવસે ઉત્પન્ન હૈ,...'** સ્વભાવથી જ ઉત્પન્ન છે. **'ઈસસે આવરણસે આચ્છાદિત હો જાતા હૈ. જબ આવરણ દૂર હો જાતા હૈ, તબ પ્રકાશ સહજ હી વિસ્તરતા હૈ.'** એવું અહીં નથી. દીવાનો પ્રકાશ તો સહજ જ સ્વભાવથી જ ફેલાયેલો છે. સમજાણું કાંઈ? આવરણ મૂકો તો એટલામાં દેખાય. આવરણ કાઢી નાખો તો વિસ્તાર (થઈ જાય). એમ આમાં નથી.

આત્માના અસંખ્ય પ્રદેશ કોઈ દિ' વિસ્તાર પામીને લોક પ્રમાણે થઈ ગયા છે અને હવે એને આવરણ છે, એમ નથી. અનાદિથી અસંખ્ય પ્રદેશ શરીર પ્રમાણે આકારે રહ્યા છે. આહાહા..! એટલે આવરણ ટળતા પણ શરીર પ્રમાણે જ એનું રહેવું રહે છે. લોકમાં વ્યાપી જાય એવું એનું સ્વરૂપ નથી. આહા..! સમજાણું કાંઈ?

દીવાનો સ્વભાવ સ્વભાવિક પહોળો છે. એવી રીતે જીવના પ્રદેશનું પહોળાપણું સ્વભાવે લોકમાં વ્યાપે એવું કોઈ દિ' છે નહિ, એમ કહે છે. તેથી દીવાના પ્રકાશને આવરણમાં એટલો સંકોચ (થાય છે), આવરણ ટળતાં વિસ્તાર (થાય) એ તો એનું સ્વરૂપ-સ્વભાવ છે. આનો એવો સ્વભાવ નથી. આહાહા..! એના અસંખ્ય પ્રદેશ પહોળા

હતા, વિસ્તાર પામેલા હતા અને એને આવરણના નિમિત્તથી સંકોચમાં આવ્યા, તો આવરણ જતાં એ વિસ્તાર પામી જાય એવું છે નહિ. આહાહા..! સર્વજ્ઞ પરમાત્માએ અસંખ્ય પ્રદેશી એના શરીર પ્રમાણે છે એવું કહેવાને આ સિદ્ધ કરે છે. એવી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય છે નહિ. એમ આંતરો પાડીને બતાવે છે. આહાહા..!

‘**યહાં તાત્પર્ય હૈ, જો શુદ્ધ બુદ્ધ...**’ લ્યો. કેટલામી ગાથા? ૫૪. શુદ્ધ બુદ્ધ સ્વભાવ. મારે તો એ જોવું હતું, એક શબ્દ છે કે નહિ આમાં. આમાં નથી. નહિતર બીજે છે, શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. આપણે બે-ત્રણ ઠેકાણે આવ્યો. એણે અર્થ એક નથી કર્યો. અહીં તો શુદ્ધ બુદ્ધ સ્વભાવ, બસ એટલું લેવું છે. પેલામાં શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. ‘**શુદ્ધ બુદ્ધ સ્વભાવ પરમાત્મા મુક્તિમેં તિષ્ઠ રહા હૈ,...**’ આહાહા..! શુદ્ધ બુદ્ધ સ્વભાવ પરમાત્મા મુક્તિમાં (બિરાજે છે), ‘**વૈસા હી શરીરમેં ભી વિરાજ રહા હૈ.**’ આહાહા..! જિનસ્વરૂપી જ ભગવાન અંદર અહીં છે. આહા..! જ્ઞાનથી જુઓ તો જ્ઞાનથી પરિપૂર્ણ પ્રભુ, શ્રદ્ધાથી જુઓ તો, શક્તિની શ્રદ્ધા, હોં! પ્રગટની નહિ, તોપણ આખું શ્રદ્ધાસ્વરૂપ જ-સમ્યગ્દર્શનસ્વરૂપ જ આખું (પરિપૂર્ણ છે), ચારિત્રથી જુઓ તો વીતરાગસ્વરૂપ જ આખો છે. આનંદથી જુઓ તો પૂર્ણ આનંદસ્વરૂપ છે. પુરુષાર્થથી જુઓ તો પૂર્ણ પુરુષાર્થ છે. સ્વચ્છતાથી જુઓ તો પૂર્ણ સ્વચ્છ છે. ઈશ્વરતાથી જુઓ તો પૂર્ણ ઈશ્વર છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**શુદ્ધ બુદ્ધ (જ્ઞાન) સ્વભાવ...**’ પેલો જ્ઞાનસ્વભાવ લીધો છે ને. એ રીતે બધા ભાવ લેવા. જ્ઞાનની પ્રધાનતા છે ને. જાણનારું જ્ઞાન છે માટે એને મુખ્ય લીધું. બીજા ગુણો જાણતા નથી, અસ્તિ ધરાવે છે. આ ગુણ તો અસ્તિ ધરાવે છે અને જાણે છે. બીજા ગુણો અસ્તિ ધરાવે છે પણ પોતાને જાણતા નથી. આહાહા..!

મુમુક્ષુ :- શુદ્ધ છે પણ બુદ્ધ નથી.

ઉત્તર :- બુદ્ધ નહિ, બુદ્ધ તો જ્ઞાન જ છે. આહાહા..!

‘**(જ્ઞાન) સ્વભાવ પરમાત્મા મુક્તિમેં તિષ્ઠ રહા હૈ, વૈસા હી શરીરમેં વિરાજ રહા હૈ.**’ આહાહા..! જિન સો હી જિનવર ને જિનવર સો જિન. આવે છે. ‘સમયસાર નાટક’માં. જિનવર ને જીવમાં કાંઈ ફેર નથી. જિનવર પર્યાયે પ્રગટ થયા છે, આ શક્તિએ આખો જિનવર જ છે. આહા..! સમજાણું કાંઈ? પણ એને ભરોસામાં આવવું જોઈએ ને. સમજાણું કાંઈ? છે એવું એને ભરોસામાં આવવું જોઈએ ને. જ્યાં સુધી ન આવે ત્યાં સુધી છે એમ ક્યાં આવ્યું એને? આહાહા..! જે સમ્યગ્દર્શનસ્વરૂપ જ આખું છે, ઈ છે એને પર્યાયમાં ભરોસો આવે ત્યારે ઈ છે એમ એને આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? એમ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે એવું જ્ઞાનની પર્યાયમાં જણાણું (કે) આ છે. પર્યાય ભલે અલ્પ એક સમયની, પણ આવું આખું છે એવું જણાણું ત્યારે એને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે એમ થયું.

છેની, છેની પ્રતીતિ ક્યારે થાય? છે તરફ વળેલી પ્રતીતિ, એમાં છેની પ્રતીતિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? એ આનંદસ્વરૂપ છે, ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે

એવું આનંદસ્વરૂપ છે એવું થાય ક્યારે એને? કે પર્યાયમાં અતીન્દ્રિય આનંદથી આનંદસ્વરૂપ છે એમ જાણે ત્યારે થાય. આહાહા..! સમજાણું કાંઈ? આ તો પરમાત્મ પ્રકાશ જિનવરદેવની વાણી છે, ભાઈ! એ સંતો જ્યારે એનો ઉકેલ કરતા હશે... આહાહા..! કેવળીના મુખેથી નીકળે એની તો વાત જ શું કરવી!

**'वैसा ही शरीरमें भी विराज रहा है.'** **'वैसा ही..'** આહાહા..! **'जब रागका अभाव होता है, उस कालमें यह आत्मा परमात्माके समान है, वही उपादेय है.'** ભાષા શું કીધી? શું કરી ઈ? જ્યારે દૃષ્ટિમાંથી રાગનો અભાવ કરે **'उस कालमें वह आत्मा परमात्माके समान है,...'** એમ જાણવામાં આવ્યું. આહાહા..! જ્યારે રાગનો અભાવ કરીને પરિણતિને અંદરમાં વાળી તે સમયે આત્મા પરમાત્મા સમાન ઉપાદેય થયો. આહાહા..! એને ઉપાદેય થયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... પરમાત્મા પ્રગટ થઈ ગયો છે, એમ કહેવું છે?

ઉત્તર :- પ્રગટ છે એમ અહીં તો અત્યારે કહેવું છે. ઉપાદેય લેવું છે ને અહીં. ઉપાદેય કોને? એની તરફ પરિણતિ વળીને જેણે અનુભવ્યો એને ઉપાદેય છે એમ અહીં કહેવું છે. એની આ વાત નથી. એ તો ઘણે ઠેકાણે આમાં આવે છે. ઉપાદેય ક્યારે? ઉપાદેયપણે જ્યારે પરિણમ્યો છે ત્યારે. ભલે સિદ્ધ થયો નથી, પણ એ તરફની પરિણતિને ત્યાં વાળીને એને ઉપાદેય કર્યો, ઉપાદેય કર્યો એટલે આદર કર્યો, એવી પરિણતિએ આદર કર્યો તેને એ ઉપાદેય છે. એમ સિદ્ધ કરવું છે. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथाष्टकर्माष्टादशदोषरहितत्वापेक्षया शून्यो भवतीति न च केवलज्ञानादिगुणापेक्षया चेति दर्शयति –**

**५५) अट्ठ वि कम्मइँ बहुविहइँ णवणव दोस वि जेण।**
**सुद्धहँ एक्कु वि अत्थि णवि सुण्णु वि वुच्चइ तेण।।५५।।**

**अष्टावपि कर्माणि बहुविधानि नवनव दोषा अपि येन।**
**शुद्धानां एकोऽपि अस्ति नैव शून्योऽपि उच्यते तेन।।५५।।**

**अष्टावपि कर्माणि बहुविधानि नवनव दोषा अपि येन कारणेन शुद्धात्मनां तन्मध्ये चैकोऽप्यस्ति नैव शून्योऽपि भण्यते तेन कारणेनैवेति। तद्यथा। शुद्धनिश्चयनयेन ज्ञानावरणाद्यष्टद्रव्यकर्माणि क्षुधादिदोषकारणभूतानि क्षुधातृषादिरूपाष्टादशदोषा अपि कार्यभूताः, अपिशब्दात्सत्ताचैतन्यबोधादिशुद्धप्राणरूपेण शुद्धजीवत्वे सत्यपि दशप्राणरूपमशुद्धजीवत्वं च नास्ति तेन कारणेन संसारिणां निश्चयनयेन शक्तिरूपेण रागादिविभावशून्यं च भवति। मुक्तात्मनां तु व्यक्तिरूपेणापि न चात्मानन्तज्ञानादिगुणशून्यत्वमेकान्तेन**

बौद्धादिमतवदिति। तथा चोक्तं पञ्चास्तिकाये – 'जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तस्स। ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा'। अत्र य एव मिथ्यात्वरागादिभावेन शून्यश्चिदान्दैकस्वभावेन भरितावस्थः प्रतिपादितः परमात्मा स एवोपादेय इति तात्पर्यार्थः एवं त्रिविधात्मप्रतिपादकप्रथममहाधिकारमध्ये य एव ज्ञानापेक्षया व्यवहारनयेन लोकालोक–व्यापको भणितः स एव परमात्मा निश्चयनयेनासंख्यातप्रदेशोऽपि स्वदेहमध्ये तिष्ठतीति व्याख्यानमुख्यत्वेन सूत्रषट्कं गतम्।।५५।।

आगे आठ कर्म और अठारह दोषोंसे रहित हुआ विभाव–भावोंकर रहित होनेसे शून्य कहा जाता है, लेकिन केवलज्ञानादि गुणकी अपेक्षा शून्य नहीं है, सदा पूर्ण ही है, ऐसा दिखलाते हैं –

गाथा – ५५

अन्वयार्थ :– [ येन ] जिस कारण [ अष्टौ अपि ] आठों ही [ बहुविधानि कर्माणि ] अनेक भेदोंवाले कर्म [ नवनव दोषा अपि ] अठारह ही दोष इनमेंसे [ एकः अपि ] एक भी [ शुद्धानां ] शुद्धात्माओंके [ नैव अस्ति ] नहीं है, [ तेन ] इसलिये [ शून्योऽपि ] शून्य भी [ भण्यते ] कहा जाता है।

भावार्थ :– इस आत्माके शुद्धनिश्चयनयकर ज्ञानावरणादि आठ द्रव्यकर्म नहीं है, क्षुधादि दोषोंके कारणभूत कर्मोंके नाश हो जानेसे क्षुधा–तृषादि अठारह दोष कार्यरूप नहीं हैं, और अपि शब्दसे सत्ता चैतन्य ज्ञान आनंदादि शुद्ध प्राण होनेपर भी इन्द्रियादि दश अशुद्धरूप प्राण नहीं हैं, इसलिये संसारी–जीवोंके भी शुद्धनिश्चयनयसे शक्तिरूपसे शुद्धपना है, लेकिन रागादि विभाव–भावोंकी शून्यता ही है। तथा सिद्ध जीवोंके तो सब तरहसे प्रगटरूप रागादिसे रहितपना है, इसलिये विभावोंसे रहितपनेकी अपेक्षा शून्यभाव है, इसी अपेक्षासे आत्माको शून्य भी कहते हैं। ज्ञानादिक शुद्ध भावकी अपेक्षा सदा पूर्ण ही है, और जिस तरह बौद्धमती सर्वथा शून्य मानते हैं, वैसा अनंतज्ञानादि गुणोंसे कभी नहीं हो सकता। ऐसा कथन श्रीपंचास्तिकायमें भी किया है – 'जेसिं जीवसहावो' इत्यादि। इसका अभिप्राय वह है, कि जिन सिद्धोंके जीवका स्वभाव निश्चल है, जिस स्वभावका सर्वथा अभाव नहीं है, वे सिद्धभगवान् देहसे रहित हैं, और वचनके विषयसे रहित हैं, अर्थात् जिनका स्वभाव वचनोंसे नहीं कह सकते। यहाँ मिथ्यात्व रागादिभावकर शून्य तथा एक चिदानंदस्वभावसे पूर्ण जो परमात्मा कहा गया है, अर्थात् विभावसे शून्य स्वभावसे पूर्ण कहा गया है, वही उपादेय है, ऐसा तात्पर्य हुआ।।५५।।

હવે આત્મા આઠ કર્મ અને અઢાર દોષથી રહિત હોવાથી અપેક્ષાએ 'શૂન્ય' છે, પણ કેવળજ્ઞાનાદિ ગુણોની અપેક્ષાએ શૂન્ય નથી એમ દર્શાવે છે :

ભાવાર્થ : શુદ્ધનિશ્ચયનથી ક્ષુધાદિ દોષોના કારણભૂત જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મો,

**કાર્યભૂત ક્ષુધાતૃષાદિ અઢાર દોષો નથી, 'અપિ' શબ્દથી સત્તા, ચૈતન્ય, બોધ આદિ શુદ્ધપ્રાણરૂપથી શુદ્ધ જીવત્વ હોવા છતાં પણ દશ પ્રાણરૂપ અશુદ્ધ જીવત્વ નથી, તે કારણે સંસારી જીવો નિશ્ચયનયથી શક્તિરૂપે રાગાદિ વિભાવથી શૂન્ય પણ છે અને મુક્ત આત્માઓ ને તો રાગાદિ વિભાવથી પ્રગટપણે શૂન્યપણું છે, પણ બૌદ્ધાદિની માન્યતાની જેમ આત્માને અનંત જ્ઞાનાદિ ગુણથી શૂન્યપણું એકાન્તે નથી. પંચાસ્તિકાય (ગાથા-૩૫)માં પણ કહ્યું છે કે : 'जेसिं जीव सहावो णत्थि अभावो य सव्वहा तस्स। ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा' અર્થ : જેમને જીવસ્વભાવ (પ્રાણધારણરૂપ જીવત્વ) નથી અને સર્વથા તેનો અભાવ પણ નથી, તે દેહરહિત વચનગોચરાતીત સિદ્ધો છે. (સિદ્ધ ભગવંતો છે.)**

**અહીં મિથ્યાત્વ, રાગાદિ ભાવથી શૂન્ય એક (કેવળ) ચિદાનંદરૂપ સ્વભાવથી પરિપૂર્ણ જે પરમાત્મા કહેવામાં આવ્યો છે તે ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૫૫.**

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૪, ગુરુવાર
## તા. ૧૫-૦૭-૧૯૭૬, ગાથા-૫૫-૫૬, પ્રવચન નં. ૩૫

'પરમાત્મપ્રકાશ'. ૫૫મી ગાથા. આત્મા શૂન્ય છે, એ વાત હવે સિદ્ધ કરે છે. જડ કીધો. ઇન્દ્રિયજ્ઞાન નથી એ અપેક્ષાએ એને જડ પણ કહેવાય, એમ કહ્યું. હવે શૂન્ય. '**આઠ કર્મ ઔર અઠારહ દોષોંસે રહિત હુઆ વિભાવ-ભાવોંકર રહિત હોનેસે શૂન્ય કહા જાતા હૈ,...**' કર્મ, વિભાવ અને દોષોથી રહિત છે તેથી એને શૂન્ય કહેવામાં આવે છે. પોતાના સ્વભાવથી પૂર્ણ અશૂન્ય છે. પોતાના સ્વભાવથી પૂર્ણ અશૂન્ય છે. પરભાવથી શૂન્ય છે. ઈ કહે છે. '**લેકિન કેવલજ્ઞાનાદિ ગુણકી અપેક્ષા શૂન્ય નહીં હૈ, સદા પૂર્ણ હી હૈ, ઐસા દિખલાતે હૈં :-**'

**૫૫) अट्ठ वि कम्मइँ बहुविहइँ णवणव दोस वि जेण।**

**सद्धहँ एक्कु वि अत्थि णवि सुण्णु वि वुच्चइ तेण।।५५।।**

**અન્વયાર્થ :- 'જિસ કારણ આઠોં હી અનેક ભેદોંવાલે કર્મ અઠારહ હી દોષ ઇનમેંસે એક ભી શુદ્ધાત્માઓંકે નહીં હૈ,...**' સિદ્ધને નથી તેમ આ આત્માને પણ નથી. આહા..! '**ઈસલિયે શૂન્ય ભી કહા જાતા હૈ.**' 'પંચાસ્તિકાય'માં લીધું છે ને. સ્વથી અશૂન્ય અને પરથી શૂન્ય. સપ્તભંગી લીધી. 'પંચાસ્તિકાય'. પોતે પોતાથી અશૂન્ય છે, પૂર્ણ છે અને પરથી તે શૂન્ય છે. એની સપ્તભંગી લીધી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિકારથી શૂન્ય...

ઉત્તર :- ઈ વિકાર અને કર્મ બધાથી શૂન્ય છે. વસ્તુ પરથી તો શૂન્ય છે. નાસ્તિ કીધી.

સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ તો શૂન્ય કીધું.

**ભાવાર્થ :-** '**ઈસ આત્માકે શુદ્ધનિશ્ચયનયકર જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મ નહીં હૈ,...**' વસ્તુ પોતે છે એમાં આઠ કર્મ છે જ નહિ, અહીંયાં. અહીંયાં પણ નથી. સિદ્ધને તો નથી. એને નિમિત્તપણે નથી. અહીં તો વસ્તુપણે સિદ્ધને આઠ કર્મનો અભાવ (છે), એવો જ આ ભગવાનઆત્મા આઠ કર્મના ભાવથી શૂન્ય છે. '**ક્ષુધાદિ દોષોંકે કારણભૂત કર્મોંકે નાશ હોનેસે ક્ષુધા-તૃષાદિ અઠારહ દોષ કાર્યરૂપ નહીં હૈ,...**' અઢાર દોષ કાર્યરૂપ પરમાત્મા સિદ્ધને નથી. તેમ આત્મામાં અંદર નથી. આહાહા..!

'**ઔર અપિ શબ્દસે તથા ચૈતન્ય જ્ઞાન આનંદાદિ શુદ્ધ પ્રાણ હોનેપર ભી...**' સત્તા છે, ચૈતન્ય છે. જ્ઞાન, દર્શન બેય. જ્ઞાન છે. આનંદાદિ શુદ્ધ પ્રાણ, ત્રિકાળ શુદ્ધ પ્રાણ એના છે. '**ઈન્દ્રિયાદિ દશ અશુદ્ધરૂપ પ્રાણ નહીં હૈ,...**' એ અપેક્ષાએ શૂન્ય કહ્યો. સ્વપ્રાણથી અશૂન્ય છે, પરપ્રાણથી શૂન્ય છે. સ્વપ્રાણ-ચૈતન્યસત્તા, આનંદ, જ્ઞાન, એનાથી અશૂન્ય છે અને ઈન્દ્રિય આદિના પરપ્રાણથી શૂન્ય છે. છે? '**ઈસલિયે સંસારી-જીવોંકે ભી...**' જોયું! '**શુદ્ધનિશ્ચયનયસે શક્તિરૂપસે શુદ્ધપના હૈ,...**' એ તો શુદ્ધ શક્તિ સત્ત્વ જ છે. પરમાત્મસ્વરૂપ જ, સંસારી જીવ પણ પરમાત્મસ્વરૂપ જ છે. દ્રવ્યસ્વરૂપ એ તો પરમાત્મસ્વરૂપ જ છે. શક્તિસ્વરૂપ-સ્વભાવસ્વરૂપ ભગવાનઆત્મા સંસારીજીવને પણ શુદ્ધપણું (છે).

'**લેકિન રાગાદિ વિભાવ-ભાવોંકી શૂન્યતા હી હૈ.**' અહીં પણ રાગાદિ ભાવની સ્વભાવમાં-શક્તિમાં શૂન્યતા છે. આહાહા..! ઓલામાં લીધું છે ને? 'આલાપ પદ્ધતિ'માં. ભવ્ય-અભવ્ય. પોતાના સ્વભાવપણે થવું અને પરપણે ન થવું એવો ભવ્ય-અભવ્ય સ્વભાવ છે. આ તો તમે જીવતરશક્તિનું કાઢ્યું હતું ને? એમ નહિ, પણ આ... એમાંથી યાદ આવ્યું. 'આલાપ પદ્ધતિ'માં છે. ભવ્ય-અભવ્ય. પોતાપણે થાય એવો ગુણ છે. પરપણે ન થાય. એવો ભવ્ય-અભવ્ય એનો સ્વભાવ છે. અને 'પંચાસ્તિકાય'માં ૩૭ ગાથામાં ભવ્ય-અભવ્ય લીધું છે. એ ભવિષ્યની પર્યાય થવાને લાયક એ ભવ્ય, ભૂતની પર્યાય થવાને લાયક નહિ તે અભવ્ય. અહીં આમાં ૩૫ નો દાખલો આપશે. પણ ૩૭ ગાથામાં પણ છે. ભવ્ય-અભવ્ય.

ભગવાનઆત્મામાં ભવ્યપણું (છે). એટલે? ભવિષ્યની પર્યાય થવાને લાયક છે એ અપેક્ષાએ ભવ્ય. ભૂતની પર્યાયપણે થવાને અલાયક છે માટે અભવ્ય (છે). 'આલાપ પદ્ધતિ'માં ભવ્ય-અભવ્ય એટલે પોતાપણે થવું તે ભવ્ય, પરપણે ન થવું તે અભવ્ય. એવો એનો સ્વભાવ છે. આહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેમાંથી સાચું કયું?

ઉત્તર :- બેય સાચા. એ તો બેય એકને એક વાત થઈ. સ્વપણે છે અને પરપણે નથી. સ્વપણે પૂર્ણ અશૂન્ય છે, પરપણે શૂન્ય છે. આહાહા..!

**'જ્ઞાનાદિ શુદ્ધ ભાવકી અપેક્ષા સદા પૂર્ણ હી હૈ,..'** આહાહા..! છે? જ્ઞાન, દર્શન, આનંદ એવા સ્વભાવ છે, એથી તો પરિપૂર્ણ વસ્તુ છે. પરિપૂર્ણ છે. એક સમયની પર્યાયની પણ એમાં (અપેક્ષા નથી). પરિપૂર્ણ શુદ્ધ છે. એ તો કાલે આવી ગયું ને? જ્ઞાન, દર્શન પરિપૂર્ણ છે. ૭૩માં આવી ગયું હતું ને? સામાન્ય વિશેષ જ્ઞાન દર્શનથી પરિપૂર્ણ છે. આહાહા..! રાગપણે થવાને લાયક નથી તેથી શૂન્ય છે. સ્વભાવપણે થવાને લાયક છે અને સ્વભાવપણે છે તેથી તે અશૂન્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'સિદ્ધ જીવોંકે તો સબ તરહસે પ્રગટરૂપ રાગાદિસે રહિતપના હૈ,...'** સંસારની શક્તિરૂપમાં સ્વભાવની વાત કરી. શક્તિરૂપ જે આત્મા નિશ્ચયનયકર વસ્તુ... એમ કહે છે. આહાહા..!

**'ઔર જિસ તરહ બૌદ્ધમતી સર્વથા શૂન્ય માનતે હૈં, વૈસા અનંતજ્ઞાનાદિ ગુણોંસે કભી નહીં હો સકતા.'** અનંત જ્ઞાન. અનંત અર્થાત્ જેનો સ્વભાવ છે તેને હદ નહિ, મર્યાદા નહિ. એવો જેનો જ્ઞાનસ્વભાવ અનંત છે. એમ દર્શન અનંત છે, આનંદ અનંત છે, શ્રદ્ધાસ્વભાવ અનંત છે, વીતરાગ સ્વભાવ અનંત છે. સ્વચ્છતા સ્વભાવ અનંત છે, ઈશ્વર સ્વભાવ અનંત છે. સમજાણું કાંઈ? જુઓ! **'સર્વથા શૂન્ય માનતે હૈં, વૈસા અનંતજ્ઞાનાદિ ગુણોંસે કભી નહીં હો સકતા.'** સ્વથી ક્યારેય શૂન્ય ન હોઈ શકે. **'અનંતજ્ઞાનાદિ ગુણોંસે કભી નહીં હો સકતા.'** સર્વથા શૂન્ય. બૌદ્ધમતી શૂન્ય કહે છે ને, એ અપેક્ષાએ.

**'ઐસા કથન પંચાસ્તિકાયમેં ભી કિયા હૈ...'** લ્યો, એ ૩૫મી ગાથા છે. **'જિન સિદ્ધોંકે જીવકા સ્વભાવ નિશ્ચલ હૈ, જિસ સ્વભાવકા સર્વથા અભાવ નહીં હૈ,...'** લ્યો, સ્વભાવથી પરિપૂર્ણ નિશ્ચળ છે અને સ્વભાવનો સર્વથા અભાવ નથી. આહાહા..! ૪૭ શક્તિમાં તો એક-બે શક્તિ એવી વર્ણવી. અભાવ નામનો આત્મામાં એક ગુણ છે. એટલે કર્મપણે ન પરિણમવું એવો એનો સ્વતઃ ગુણ છે. આવે છે ને? ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ. છ બોલ આવે છે. અભાવ-ત્રણે કાળે ભગવાનઆત્મા કર્મના ભાવપણે ન થાય એવો જ એનો ગુણ છે. અને અભાવઅભાવ-એ સદાય અભાવપણે રહે એવો એક અભાવઅભાવ નામનો ગુણ છે. પરપણે ન થાય એવો અભાવ ગુણ છે. આહાહા..! અને ભાવ નામનો ગુણ છે. કોઈપણ પર્યાયપણે સદાય હોય જ તે. સમજાણું કાંઈ? આહાહા..! ભાવગુણ લીધો છે ને એક? ભાવગુણની પર્યાયની વાત છે, હોં! ભાવ નામનો ગુણ જીવમાં છે. એને લઈને એ કોઈપણ એને સમયે ભાવની પર્યાય ભાવગુણને લઈને હોય નહિ, એમ ન હોય. હોય જ. એ તો ધારાવાહી ભાવગુણને લઈને પર્યાય હોય જ. અભાવગુણને લઈને કર્મપણે ન થાય એવો પણ સદાય એનો ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાવભાવ. ઈ ભાવ છે તે તે ભાવનો ભાવ રહ્યા કરે એ ભાવ. એ ભાવભાવ. જે ભાવ નિર્મળ પોતાથી છે તે ભાવની શક્તિથી નિર્મળ પર્યાય હોય જ. અને

ભાવભાવ-એ જ નિર્મળ એમ ને એમ રહ્યા કરે, એ ભાવભાવ નામનો ગુણ છે. આવી વાતું છે. આહા..! અને અભાવઅભાવ. કર્મના અભાવસ્વભાવરૂપ છે, એ રીતે જ અભાવઅભાવ સદાય રહ્યા જ કરે. આહાહા..! આવું ચૈતન્યતત્ત્વ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સિદ્ધોંકે જીવકા સ્વભાવ નિશ્ચલ હૈ, જિસ સ્વભાવકા સર્વથા અભાવ નહીં હૈ, વે સિદ્ધભગવાન દેહસે રહિત હૈં, ઔર વચનકે વિષયસે રહિત હૈં,...'** આહાહા..! કાલે ઓલું નહોતું? રહી ગયું હતું. વચનથી કહી શકાય નહિ, એ વાત (કળશટીકા) ૧૮૧માં નીકળી. સવારમાં જોયું. પ્રજ્ઞાછીણી. પ્રજ્ઞાછીણીનું છે ને મોટું? ૧૮૧ કળશ. સવારમાં પછી જોયું, હોં! **'જીવના પ્રદેશોથી સર્વથા અબંધરૂપ થઈ સંબંધ છૂટી જાય...'** એનું નામ મોક્ષ. **'જીવ પુદ્‌ગલ બંને ભિન્ન ભિન્ન થઈ જાય તેનું નામ મોક્ષ કહેવાય છે. તે ભિન્ન ભિન્ન થવાનું કારણ આવું કે મોહ-રાગ-દ્વેષ ઈત્યાદિ વિભાવરૂપ અશુદ્ધ પરિણતિના મટવાથી જીવને શુદ્ધત્વરૂપ પરિણમન. તેનું વિવરણ આમ છે કે શુદ્ધત્વપરિણમન સર્વથા સકળ કર્મોનો ક્ષય કરવાનું કારણ છે.'** આહાહા..! **'શુદ્ધત્વપરિણમન સર્વથા...'** સર્વથા. કથંચિત્ શુદ્ધ પરિણમન અને કથંચિત્ અશુદ્ધ પરિણમન એમ નહિ. **'શુદ્ધત્વપરિણમન સર્વથા સકળ કર્મોનો ક્ષય કરવાનું કારણ છે. એવું શુદ્ધત્વપરિણમન સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ છે, નિર્વિકલ્પરૂપ છે, તેથી વચન દ્વારા કહેવાનું સમર્થપણું નથી.'** કાલે કહ્યું હતું ને. અહીં છે તે નીકળ્યું.

**'તેથી એવા રૂપે કહેવાય છે કે...'** આહાહા..! **'સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ...'** શુદ્ધ પરિણમનરૂપ. એ મોક્ષનું કારણ નિર્વિકલ્પરૂપ (છે). **'તેથી વચન દ્વારા કહેવાનું સમર્થપણું નથી.'** લ્યો, ઠીક! નામ, નિક્ષેપ આમાં તો એમ કહ્યું. નામનય. વચનથી કહી શકાય છે. એ અપેક્ષિત. પણ અહીં (કહે છે), જે રીતે છે તે રીતે કહી શકાતું નથી. ત્યારે શું કહેવાય? **'તેથી એવા રૂપે કહેવાય છે કે જીવને શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ પરિણમાવે છે જ્ઞાનગુણ.'** બસ, આટલું કહેવાય છે. શું કહ્યું?

ફરીને, શુદ્ધત્વપરિણમન. ભગવાનઆત્માનું પરિણમન-શુદ્ધ પર્યાય, હોં! એ મોક્ષનું કારણ છે. અશુદ્ધ જે રાગાદિ વ્યવહાર એ કંઈ મોક્ષનું કારણ નથી. આ બધા વાંધા અત્યારે એ ઉઠાવે છે ને. વ્યવહારથી થાય, વ્યવહારથી થાય. અરે..! ભાઈ! વ્યવહાર અશુદ્ધ છે એનાથી શુદ્ધ પરિણમન ન થાય. **'શુદ્ધત્વ પરિણમન સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ છે, નિર્વિકલ્પરૂપ છે,...'** અભેદ છે. **'વચન દ્વારા કહેવાનું સમર્થપણું નથી. તેથી એવા રૂપે કહેવાય છે કે જીવને શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ પરિણમાવે છે જ્ઞાનગુણ.'** જ્ઞાનગુણ શુદ્ધપણે પરિણમે છે એટલું કહેવાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્માને..

ઉત્તર :- પરિણમાવે છે પોતે. ગુણ પરિણમે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ નહિ. શુદ્ધ પોતે પરિણમાવે છે. '**શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ પરિણમાવે છે જ્ઞાનગુણ. તે મોક્ષનું કારણ છે.**' એટલું કહેવું છે. રાગ નહિ, વ્યવહાર નહિ. જ્ઞાનગુણ પરિણમાવે છે તે મોક્ષનું કારણ છે. આહા..! સમજાણું કાંઈ? કાલે રાત્રે પછી જોયું હતું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એટલું થયું પણ આ રીતે. આ રીતે. સર્વથાની તો ના પાડે છે ને. સર્વથા અવકતવ્ય હોય તો કહે (શી રીતે?). નામ નિક્ષેપમાં આવ્યું છે. વચન દ્વારા કહી શકાય છે. એટલું વકતવ્ય છે. આ આ છે, એટલું. પણ આવું નિર્વિકલ્પ છે. ઈ કીધું ને અહીં તો? નિર્વિકલ્પ છે. સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ છે એથી એને શું કહેવું? એટલું કહેવાય. આહાહા..! '**જીવને શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ પરિણમાવે છે જ્ઞાનગુણ.**' જ્ઞાનગુણ જીવને શુદ્ધપણે પરિણમાવે છે તે મોક્ષનું કારણ (છે). આહાહા..! સમજાણું કાંઈ? આ વ્યવહાર મોક્ષનું કારણ ને વ્યવહારથી નિશ્ચય થાય. ભાઈ! એમ નથી. આ પંડિતોને વાંધા ઉઠ્યા. આહાહા..! ત્યારે વળી કોઈ એમ કહે છે, નિશ્ચય છે ઈ વસ્તુ છે કે નહિ ઈ તો ખ્યાલમાં આવતી નથી. માટે વ્યવહાર તત્ત્વાર્થશ્રદ્ધાન એ જ એનું સાધન નક્કી કરો. કહો, એમ કહે છે. આવ્યું છે, કાલે એમાં આવ્યું છે. છાપુ કાલે આવ્યું છે ને. નિશ્ચય સમ્યગ્દર્શન, તો નવમી ગ્રૈવેયક ગયો, આટલું કર્યું તોપણ એને નિશ્ચય સમ્યગ્દર્શનની ખબર નથી. ખબર નથી પણ એને ખબર છે કે હું આ ક્રિયા-શરીરની ક્રિયા, રાગની કરું છું એ મારી છે, એમાંથી ધર્મ થશે, એમ એની ખબર છે. એય..! આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી કહ્યું? કે આ આવું કરે છે ને. પણ એ ઊંધો પુરુષાર્થ કરે છે. મોક્ષમાર્ગમાં છે.

મુમુક્ષુ :- ... પુરુષાર્થ કર્યો.

ઉત્તર :- પુરુષાર્થ કર્યો છે ને. એમ પૂછ્યું છે. એ ઊંધો પુરુષાર્થ કર્યો છે. રાગ અને શરીરની ક્રિયાને પોતાની માનીને પડ્યો છે. ભગવાનઆત્મા રાગથી રહિત છે, એવા ચૈતન્યનો એને પત્તો નથી. આહાહા..! નવમી ગ્રૈવેયકે અનંતવાર એવું કર્યું. પણ એ તો ભાન નથી એને, એમ કહે છે. એથી નિશ્ચયની ખબર ન પડે. માટે વ્યવહારથી જ એનો પ્રેમ-વાત્સલ્ય રાખવો. પણ ખબર ન પડે ઈ જ ત્યાં અજ્ઞાન છે. એ જ ખબર પડે છે કે એને નિશ્ચય નથી. સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા આનંદસ્વરૂપ છે, એવું જ્ઞાન શુદ્ધપણે પરિણમે એની ખબર ન પડે? આંધળો છે ઈ? આહાહા..! આંખ્યું ઉઘડી ગઈ, અંધારા ગયા, એના પ્રકાશની એને ખબર ન પડે? આહાહા..! લોકોને ઓલા વ્યવહારના પક્ષમાંથી કંઈક લાભ મનાવવો છે ને. એમ ન થાય, ભાઈ! માર્ગ એ નથી. 'ધન્નાલાલજી'! એ તો શુદ્ધ ચૈતન્ય ભગવાન (છે). દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ, એનું પરિણમન તે શુદ્ધ. એમ અહીં કહેવું છે. 'અમરચંદભાઈ'!

આહાહા..! એ વસ્તુ શુદ્ધ છે. એની શક્તિઓ અનંત બધી શુદ્ધ છે. તેથી તેને આશ્રયે પરિણમન જે થાય એ દ્રવ્યનું શુદ્ધપણે. એમ કીધું હતું ને ઓલામાં? દ્રવ્યનું શુદ્ધ પરિણમન. દ્રવ્ય-ગુણ પોતે શુદ્ધ છે. આહાહા..! એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડવાથી દ્રવ્ય અને ગુણનું શુદ્ધપણું છે તે પરિણમન પર્યાયમાં શુદ્ધપણું આવે છે. આહાહા..! એ જ્ઞાનગુણ જીવને શુદ્ધપણે પરિણમ્યો એ મોક્ષનું કારણ છે. આહાહા..! કહો, 'નવરંગભાઈ'! આ બધી બહારની ક્રિયાકાંડ હો, બહારનું હોય પણ એ વિકાર અને રાગ છે. એ જાણવા લાયક છે. વ્યવહાર હોય છે પણ જાણવા લાયક છે, આદરવા લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ! અહીં પણ આવ્યું. '**જિન સિદ્ધોંકે જીવકા સ્વભાવ નિશ્ચલ હૈ, જિસ સ્વભાવકા સર્વથા અભાવ નહીં હૈ,...**' એ ૩૭મી ગાથામાં લીધું છે-ભવ્ય-અભવ્ય. ૩૫માં તો આ લીધું, પછી ૩૭માં એ લીધું. આ ૩૫ કીધી ને? ૩૭, જુઓ!

**सस्सदमध उच्छेदं भव्वमभव्वं च सुण्णमिदरं च।**

**विण्णाणमव ण्णिाणं ण वि जुज्जदि असदि सब्भावे।।३७।।**

ભાવ ન હોય તો આ બધું સંભવે નહિ. ભાવ છે. વસ્તુ સિદ્ધ. એમાં ભવ્યપણું છે, એમાં અભવ્યપણું છે. જોયું! '(૧) **દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે, (૨) નિત્ય દ્રવ્યમાં પર્યાયોનો પ્રત્યેક સમયે નાશ થાય છે.** (૩) **દ્રવ્ય સર્વદા અભૂત પર્યાયોરૂપે ભાવ્ય (થવાયોગ્ય, પરિણમવાયોગ્ય) છે.**' ભવ્ય (એટલે) ઈ ભવ્ય. પેલો ભવિ-અભવિ ઈ નહિ. સિદ્ધમાં પણ ભવ્યપણું છે. પેલું ભવ્યજીવ એ નહિ. ભવિ-અભવિ જીવ જે કહેવાય છે એ ભવિપણું ત્યાં નથી. એ ભવ્યજીવ ત્યાં નથી. પણ ભવ્યપણું એટલે ભવિષ્યની નિર્મળ પર્યાય થવાને લાયકપણે ઈ છે. એ અપેક્ષાએ એને ભવ્ય કહેવાય છે. આમ તો સિદ્ધમાં ભવ્ય-અભવ્યપણું એક્કે નથી. આ જુદું. આહાહા..! વીતરાગનો માર્ગ તો જુઓ! અનેકાંત સ્વરૂપ પરમાત્મા. એવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. આહાહા..! શું કહ્યું?

સિદ્ધ ભગવાનમાં ભવ્યપણું, જે ભવિજીવ ને અભવિજીવ કહેવાય છે, એ ભવ્યનો ગુણ હવે સિદ્ધમાં નથી. કારણ કે એ તો પર્યાયની યોગ્યતા હતી તે થઈ ગઈ. હવે ભવ્યપણું સિદ્ધમાં નથી. પણ આ ભવ્યપણું સિદ્ધમાં છે. શુદ્ધ પરિણમનની ભવિષ્યની યોગ્યતા તે એનામાં છે. ત્યારે એ અસ્તિ છે. એમ સિદ્ધ કરવું છે ને. સિદ્ધમાં અભાવ નથી, સ્વભાવ ભાવરૂપ છે. જોયું! '**દ્રવ્ય સર્વદા અભૂત પર્યાયોરૂપે ભાવ્ય છે. (૪) દ્રવ્ય સર્વદા ભૂત પર્યાયરૂપે અભાવ્ય (-નહિ થવાયોગ્ય) છે.**' ભૂતકાળની અવસ્થાપણે થવાને લાયક ઈ છે જ નહિ. ઈ તો ગઈ, થઈ ગઈ. આહાહા..! અસ્તિ છે, અસ્તિ છે તો આવું લાગુ પડે છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું? આહાહા..! અસત્ ભાવ હોય એને આ શી રીતે લાગુ પડે? એમ કહે છે. સિદ્ધ છે એ અભાવસ્વરૂપ સર્વથા હોય તો આ લાગુ ન પડે. એ ત્યાં લીધું છે, ભવ્ય-અભવ્ય. 'આલાપ પદ્ધતિ'. ત્યાં તો એમ લીધું, પોતાપણે થવું તે

ભવ્ય. પરપણે ન થવું તે અભવ્ય. એમ બે પ્રકાર છે.

ત્રણ પ્રકાર થયા. (૧) ભવ્ય-અભવ્ય જે જીવ છે એ સિદ્ધમાં ભવ્ય-અભવ્ય નથી. (૨) ભવ્ય-અભવ્ય ન્યાં જે છે, એને પોતાને લાયક થવાની ભવિની પર્યાયને લાયક એ ભવ્યપણું છે. અને પૂર્વની પર્યાયપણે ન થવું એવું અભવ્યપણું છે. (૩) પોતાપણે થવું એવું ભવ્યપણું છે, પરપણે નહિ થવું એવું અભવ્યપણું છે. વર્તમાનની અપેક્ષાએ. પેલું ભૂત-ભવિષ્યની અપેક્ષાએ (જુદું). સમજાણું કાંઈ? આહાહા..! આવી ચીજ છે, ભાઈ!

અહીંયાં પણ શુદ્ધ પરિણમન છે. વસ્તુ શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે. કોઈ શક્તિ અશુદ્ધ છે જ નહિ. એવો શક્તિવાન, એના ઉપર દૃષ્ટિ પડતાં પર્યાયમાં શુદ્ધનું પરિણમન થાય- સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, એ મોક્ષનું કારણ છે. આહા..! ત્રણેકાળે આ એક (મોક્ષનું કારણ) છે. એમ કહે કે, પંચમકાળ છે તેથી જણાય નહિ. અરે..! પ્રભુ! શું કહે છે તું આ? આહા..! સિદ્ધમાં પણ ભવિષ્યની પર્યાય નિર્મળપણે થવાની લાયકાતવાળું તેનું અસ્તિત્વ છે. આહા..! એનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે, હોં! અને ભૂતની પર્યાયપણે ન થાય તેવું એનું અસ્તિત્વ છે. આહાહા..! એમ સ્વપણે રહેવું એ અશૂન્ય છે. પરપણે ન થવું તે શૂન્ય છે. આહાહા..! કેવી વાત છે વીતરાગની, જુઓ! એ દિગંબર દર્શન સિવાય આવી વાત ક્યાંય નથી. શ્વેતાંબરમાં નથી, સ્થાનકવાસીમાં (નથી). આ તો જિનવર વીતરાગ પરમેશ્વર કેવળીએ કહેલો માર્ગ તે સંતો કહે છે. આહાહા..! દિગંબર મુનિઓ એટલે કેવળજ્ઞાનના કેડાયતો. આ બધી મુનિની વાણી છે ને. 'પંચાસ્તિકાય', આ 'પરમાત્મપ્રકાશ', 'આલાપ પદ્ધતિ'. આહાહા..!

મુમુક્ષુ :- આ શૂન્ય-અશૂન્ય સમજવાથી અમને શું આનંદ આવશે?

ઉત્તર :- પરથી અભાવરૂપ છે અને સ્વથી સ્વભાવરૂપ શુદ્ધનું પરિણમન થાય તે સદ્ભાવરૂપ છે અને અશુદ્ધપણાનું પરિણમન નથી તે અસદ્ભાવરૂપ છે.

મુમુક્ષુ :- અમને આનંદ શું આવ્યો?

ઉત્તર :- એ આનંદ આવ્યો. શુદ્ધપણે પરિણમન થયું એ આનંદ આવ્યો. પરપણે ન થયો અને દુઃખરૂપે ન થયો. આહાહા..! આકરો માર્ગ, ભાઈ! વીતરાગ માર્ગને અત્યારે લોકોએ આમ બધો ફેરવી નાખ્યો. આહા..! ચોર કોટવાળને દંડે એવું કરી નાખ્યું છે. આહાહા..! જોયું! અહીં એ આવ્યું પાછું.

'**જિસ સ્વભાવકા સર્વથા અભાવ નહીં હૈ, વે સિદ્ધભગવાન્ દેહસે રહિત હૈં, ઔર વચનકે વિષયસે રહિત હૈં, અર્થાત્ જિનકા સ્વભાવ વચનોંસે નહીં કહ સકતે.**' એક અપેક્ષાએ.

મુમુક્ષુ :- અવકતવ્ય છે.

ઉત્તર :- ઈ તો કહેવાય છે ને. સર્વથા વકતવ્ય નથી, સર્વથા અવકતવ્ય નથી. કથંચિત્ વકતવ્ય, કથંચિત્ અવકતવ્ય (છે). આહાહા..! આવી વસ્તુ છે.

'**યહાં મિથ્યાત્વ રાગાદિભાવકર શૂન્ય...**' જુઓ! આત્મા શૂન્ય છે. મિથ્યાત્વ અને

રાગ-દ્વેષ આદિના દોષથી શૂન્ય છે. '**એક ચિદાનંદસ્વભાવસે પૂર્ણ...**' આહાહા..! છે? '**મિથ્યાત્વ રાગાદિભાવકર શૂન્ય...**' ત્રીજી લીટી છે. '**એક ચિદાનંદસ્વભાવ...**' અહીં તો મારે એક લેવું હતું. '**चिदानंदैकस्वभावेन भरितावस्थः**' સંસ્કૃતમાં છે. એટલે? '**એક ચિદાનંદસ્વભાવસે પૂર્ણ...**' એકરૂપ એમ અહીં કહેવું છે. પર્યાયનો ભેદ પણ જ્યાં નથી. એક ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વભાવથી પૂર્ણ પ્રભુ, એ ઉપાદેય છે. આહાહા..! ધર્મીને સમ્યગ્દર્શનમાં આ ચીજ ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ મોંઘું લાગે પણ માર્ગ આ છે, ભાઈ!

ચોર્યાશીના અવતાર કરી કરીને ઈ દુઃખી છે. આત્માના આનંદના ભાન વિના ચોર્યાશીના અવતાર (કર્યા). સ્વર્ગમાં દુઃખી, રાજા દુઃખી, શેઠિયા દુઃખી, બધા દુઃખી છે. કેમકે આત્માના આનંદનો ભાવ જ્યાં આવ્યો નથી, એનાથી ઊલટા ભાવમાં દુઃખમાં પડ્યા છે. આહા..! એ અબજોપતિ, કરોડોપતિ દુઃખી છે બિચારા. આનંદના ભાન વિનાના પ્રાણી, અહીં કહે છે, બધા દુઃખી છે. ભગવાન આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. એનો સ્વીકાર થતાં એને અતીન્દ્રિય આનંદ આવે એ પ્રાણી સુખી છે. આહાહા..! સુખિયા જગતમાં સંત, દુરીજન દુઃખીયા.

જેને ભગવાન આનંદસ્વરૂપ આત્મા અનંત ગુણ સંપન્નમાં.. જ્ઞાન અને આનંદ બેની મુખ્યતાથી વર્ણન છે. જ્ઞાનાનંદ એમ આવ્યું ને? ચિદાનંદ. વર્ણન બધે ઠેકાણે ઈ જ આવે છે. ચિદાનંદજ્ઞાન અને આનંદ બે મુખ્ય. આહાહા..! જેનું જ્ઞાન થતાં આનંદ ભેગો થાય જ. કેમ? અંતરમાં જ્ઞાન અને આનંદ અવિનાભાવે પડ્યા છે. આહાહા..! વસ્તુમાં ભગવાનઆત્મામાં જ્ઞાન અને આનંદ એકસાથે વણાયેલા અવિનાભાવપણે પડ્યા છે. આહાહા..! એવો ચિદાનંદ ભગવાનઆત્મા, એની સન્મુખ થઈને એનો સ્વીકાર થાય ત્યારે તેને જ્ઞાન અને આનંદ પર્યાયમાં આવ્યા વિના રહે નહિ. આહા..! આ એનું નિશ્ચયનું લક્ષણ છે. સમજાણું કાંઈ? 'કુંદકુંદાચાર્યે' ન કહ્યું? પાંચમી ગાથામાં. નિજ વૈભવથી (કહીશ). કયો વૈભવ? અતીન્દ્રિય આનંદથી ઝરતો મારો અનુભવ. આહાહા..! આવે છે? જેની મહોરછાપ. એમ છે. અનુભવની મહોરછાપ આનંદનો અનુભવ એ એની મહોરછાપ. અતીન્દ્રિય આનંદ ઝરતો આનંદ ઝરાય. આહાહા..! ડુંગરમાંથી જેમ પાણી ઝરે. એમ ત્રિલોકનાથ ડુંગર આનંદથી ભરેલો પ્રભુ, એના અનુભવમાં આનંદ ઝરે-આવે, એ અનુભવની મહોરછાપ છે. આહાહા..! આ પોસ્ટમાં નથી છાપ મારતા? એનો પત્ર લઈ જવા માટે એની છાપ હોય છે ને? એમ ધર્મના અનુભવની મહોરછાપ... આહાહા..! કેમકે ધર્મી એવો ભગવાન, એનો કાયમી ધર્મ એવો સ્વભાવ, વત્થુ સહાવો, જ્ઞાન અને આનંદ એ એનો સ્વભાવ, એના સ્વીકારવાથી પર્યાયમાં જ્ઞાન અને આનંદ આવ્યા વિના રહે નહિ. એ એની મહોરછાપ છે. આહાહા..! જુઓ તો ખરા! સમજાણું કાંઈ? દ્રવ્ય અને ગુણમાં જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ છે. એકસાથે છે. એનો અંતરમાં સ્વીકાર થતાં, ઈ છે એવો સ્વીકાર થતાં પર્યાયમાં જ્ઞાન અને આનંદ (આવે) એ અનુભવની મહોરછાપ છે, એ

સમ્યગ્દર્શનની મહોરછાપ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? એ અહીં કહે છે. આહા..!

**'એક ચિદાનંદસ્વભાવસે પૂર્ણ...'** પ્રભુ પરમાત્મા છે. **'પરમાત્મા કહા ગયા હૈ, અર્થાત્ વિભાવસે શૂન્ય સ્વભાવસે પૂર્ણ કહા ગયા હૈ,...'** આહા..! **'વહી ઉપાદેય હૈ,...'** જોયું! શું કહ્યું? સ્વભાવથી પરિપૂર્ણ, વિભાવથી શૂન્ય. વિભાવથી ખાલી, સ્વભાવથી ભરેલો. આહા..! આવા દ્રવ્યની પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. ભાઈ! શું થાય?

મુમુક્ષુ :- આ તો સમ્યગ્દર્શન થયું, અમારે તો ધર્મની વાત...

ઉત્તર :- આ સમ્યગ્દર્શન શું છે? ધર્મનું કારણ છે. ધર્મ ચારિત્ર છે. **'चरित्तं खलु धम्मो'**. ધર્મનું કારણ આ સમ્યગ્દર્શન છે. આવે છે ને ઈ? ધર્મ તો ચારિત્ર છે. સ્થિરતા, રમણતા, આનંદ એ ધર્મ (છે). પણ એનું કારણ? સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- અમને ધર્મ બતાવો, સમ્યગ્દર્શન તો પછી જોયું જાશે.

ઉત્તર :- પહેલા સમ્યગ્દર્શન વિના ચારિત્ર આવશે ક્યાંથી? આહા..!

મુમુક્ષુ :- વ્રત..

ઉત્તર :- વ્રત લે એ તો આસ્રવ છે, રાગ છે. આહાહા..! લોકોને એ નડે છે ને, પંડિતોને. 'લલિતપુર'માં અત્યારે એ થયું ને. અરે..! પ્રભુ! વીતરાગના વિરહ પડ્યા અને લોકો પોતાના સંપ્રદાયના પક્ષથી સત્યને ઉથાપે એથી કાંઈ સત્ય ઉથાપાય જાય એવું છે? આહાહા..!

વસ્તુ તો આ છે. જ્યારે એને ધર્મ કરવો હોય તો એણે તો જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો ભગવાન, એની સન્મુખ (થવું) પડશે એણે. વર્તમાન પર્યાયને તેની સન્મુખ કરવી પડશે. એક જ સિદ્ધાંત છે. આહાહા..! જે પર્યાય સ્વભાવથી વિમુખ છે, રાગ અને પુણ્યની સન્મુખ છે, એને રાગ અને પુણ્યથી શૂન્ય સ્વભાવમાં જોડાવા, એનાથી ખસી જવું પડશે. આહાહા..! અને જે જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન છે. એની સન્મુખ થવું પડશે. એટલે કે એનો આશ્રય લેવો પડશે. આહાહા..!

મુમુક્ષુ :- કઠણ પડે છે.

ઉત્તર :- કઠણ હોય કે આ હોય, છે તો આ. શું થાય? આ રીતે નક્કી કરે તો પ્રયત્ન એ રીતે કરી શકશે. વસ્તુ આવી છે, એવો વિકલ્પથી.. ન આવ્યું આપણે? વિકલ્પથી નિર્ણય પહેલો કરે. 'અમરચંદભાઈ'! ૭૩ ગાથા ચાલી. વિકલ્પથી પહેલો નિર્ણય કરે કે વસ્તુ આવી છે. પછી તેને વિકલ્પને છોડીને નિર્વિકલ્પ અનુભવ કરે. આહાહા..! ત્યારે તે સત્યાર્થપણે પરિણમ્યો. વિકલ્પથી નિર્ણય (કરે) એ પણ યથાર્થ નિર્ણય નહિ. આહાહા..! પણ વિકલ્પથી નિર્ણય આવ્યા વિના રહે નહિ. બીજા-સર્વજ્ઞ સિવાય આત્માઓ જગતને કહે છે, એ સર્વજ્ઞનો કહેલો આત્મા કેવો છે? દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? એને પરથી ભિન્ન પાડીને એનું વાસ્તવિક સ્વરૂપ સર્વજ્ઞ કહે છે, એવો નિર્ણય કરવા માટે વિકલ્પ આવે. આહાહા..! છતાં તે વિકલ્પથી નિર્ણય કર્યો એ નિર્ણય બરાબર નથી. અનુભવ થઈને

નિર્ણય થાય એ નિર્ણય બરાબર છે. આહાહા..! આ વાત નક્કી તો કરે, હા તો પાડે.

'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં પણ આવે છે ને? સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં. એટલે આ કે પહેલો વિકલ્પ એવો આવે કે હું શુદ્ધ છું, બુદ્ધ છું. એ દ્વારા નિર્વિકલ્પનો અર્થ એ થયું માટે એનાથી થાય એમ નહિ. એના દ્વારા એટલે એને છોડીને અહીં થાય છે. ન્યાંથી અંદર ગયો એને છોડીને. દ્વાર કીધું ને? આહાહા..! છોડીને જાય, એ દ્વારમાં ઊભો ન રહે. ભાઈ નથી કહેતા? 'રાજકોટ'થી 'જામનગર' ગયા. એ 'રાજકોટ' છોડીને ગયા કે 'રાજકોટ'ને રાખીને ગયા? એય..! ઈ એમ જ થાય. નિશ્ચય મોક્ષમાર્ગથી મોક્ષ થાય. એને છોડીને? હા, ખરેખર તો છોડીને થયો છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય છે એનો વ્યય થઈને પૂર્ણ પર્યાય થાય છે. કારણ કે નિશ્ચય મોક્ષમાર્ગ છે એનાથી ખરો મોક્ષ થતો નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ એમ જ થાય ને. એનો અભાવ થઈને થાય ને. દ્રવ્યનો (દૃષ્ટિનો) અભાવ તે પર્યાયની દૃષ્ટિ. પર્યાયની દૃષ્ટિનો અભાવ તે દ્રવ્યની દૃષ્ટિ. આહા..! વસ્તુ તો એવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોક્ષ તો દ્રવ્યથી થાય. મોક્ષમાર્ગ છે એ તો પર્યાય છે. અને એ પર્યાયનો વ્યય થઈને મોક્ષ થાય છે. ત્યારે એનું કારણ મુખ્ય કોણ? ભગવાન દ્રવ્ય. આહા..! વર્તમાન કારણસમય, પેલું ત્રિકાળ કારણસમય. વસ્તુસ્થિતિ જ એવી છે. આહાહા..! 'લલિતપુર'માં હમણાં એ થયું છે. ૨૦ પંડિતો ભેગા થયા હતા ને. ન્યાં ભાષણ આપેલું છે. 'સોનગઢ'ને મૂળમાંથી ઉખેડીને ફેંકી દો. પાખંડ છે. અરે..! ભગવાન! કોનું કોણ ઉખેડે? બાપા! 'લક્ષ્મીચંદજી' છે ને? 'લક્ષ્મીચંદજી'. 'આસામ', 'ગૌહાટી'. ... એ એમ બોલ્યા છે. હું ત્યાં રહ્યો, જોયું. પણ પેલું ... થયું એમાં બહુ અનુકૂળ હતું. પણ એમાંથી ... જડમાંથી ઉખેડી નાખો, પાખંડ છે આ. એય..! ભગવાન! કોણ ઉખેડે? બાપુ! કોની પર્યાય કોણ ફેરવે? આહાહા..!

અહીંયાં તો કહે છે, પ્રભુ ત્રિલોકનાથ પડ્યો છે. આહા..! ભાવરૂપ, અશૂન્યરૂપ. અશૂન્ય. સ્વભાવથી ખાલી નથી, સ્વભાવથી ભરેલો છે. આહાહા..! એના સન્મુખ થઈને જે પરિણતિ થાય તે પરિણતિ મોક્ષનો માર્ગ છે. બાકી પછી વાતું ગમે ઈ કરે. વ્યવહારથી આમ ને નિમિત્તથી આમ. એ વ્યવહાર પણ અંદરમાં નિમિત્ત છે. અંદરનું નિમિત્ત છે, પેલું નિમિત્ત બહાર છે. છે, નિમિત્ત છે. વસ્તુ નથી? વ્યવહાર છે, તેના સ્થાનમાં હો. પણ વ્યવહારથી નિશ્ચય થાય એમ નથી. નિમિત્ત નિમિત્તના સ્થાનમાં છે, પણ નિમિત્તથી અહીં ઉપાદાનનું કાર્ય થાય છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વસ્તુસ્થિતિ છે, શેઠ! આ બધા શેઠિયાઓ પણ સાંભળે છે, જુઓને! આકરી વાત છે. એને બેસે નહિ એટલે એમ થાય છે. બહુ ખળભળાટ ઉઠાવ્યો છે. 'લલિતપુર'માં. એકને તો ખુબ માર્યા

છે. અહીં 'રમેશ' હતો ને? ...છોકરા હતા. માર્યા, એને ખુબ માર્યા. દેરાસરમાં! અરે..! પ્રભુ! આવું ન હોય. પછી પાછો સરવાળો શું કર્યો છે? કે 'કાનજીસ્વામી' ક્રમબદ્ધ માને છે એટલે ક્રમબદ્ધથી થયું છે. હવે એની ટીકા શું કરવી? એમ એમાં લખ્યું છે. અરે..! ભગવાન! વાત તો એમ જ છે. એમ લખ્યું છે. પેલા 'રમેશ'ને માર્યો, ખુબ માર્યો, દેરાસરમાં. અકાળ મૃત્યુ નથી, આ કહે. જુઓ! 'ગોમ્મટસાર'માં છે. આસ્રવ અધિકારમાં. આયુષ્ય હોય તેટલું જ રહે. એને કોઈ બચાવી શકે નહિ, મારી શકે નહિ. ન માન્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કથનમાત્ર. 'ભગવતી આરાધના'માં છે. અકાળમૃત્યુ વ્યવહારે છે એમ માનવું જોઈએ. એનો અર્થ-કર્મની સ્થિતિ ઘટે છે, એ અપેક્ષાએ કહેવાય. બાકી સત્ય તો તે જ સમયે છૂટવાનું છે. ત્રણકાળ ત્રણલોકમાં એ વાત ફરે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એમાં બિચારાને માર્યો. પછી સાત દિવસ રાખવાના હતા. છેલ્લે દિ'એ છોડી દીધું. શું કરે? મોટું તોફાન થઈ ગયું. જુવાન છોકરાઓએ માર્યો. આ લોકોએ ઉશ્કેરણી કરીને કે આના માથા ફોડો ને મારો. અરર..! આવું હોય? ગમે એવો માણસ હોય કોઈ. જૈનશાસનનો વેરી હોય તોપણ એને મારવાના પરિણામ થાય? ઈન્દ્રો નહોતા એ વખતે? ઈન્દ્ર વખતે વિરોધ માર્ગ નહોતો? ઈન્દ્રએ કેમ કોઈને ન માર્યા? એમ ન હોય. એ તો બધા આત્માઓ છે. તત્ત્વેષુ મૈત્રી. બધા પ્રાણી પ્રત્યે મૈત્રી જાળવવી જોઈએ. આહાહા..! પછી એનો સરવાળો કીધો. ટીકા ન કરશો હવે. કારણ કે 'કાનજીસ્વામી' ક્રમબદ્ધ માને છે તો ક્રમબદ્ધ થયું છે. એય..! અરે..! ભગવાન! આવું ન હોય, બાપા! ભાઈ! જૈનદર્શનને કલંક લાગે. લોકો બીજા જોવે તો એમ થાય કે આવું આ? આહાહા..!

અહીં તો કહે છે કે ચિદાનંદ એક સ્વભાવ પૂર્ણ પરમાત્મા '**વિભાવસે શૂન્ય સ્વભાવસે પૂર્ણ કહા ગયા હૈ, વહી ઉપાદેય હૈ,...**' ક્યારે? આહાહા..! વિભાવથી લક્ષ છોડી અને ત્રિકાળી સ્વભાવના પરિણમનમાં ઉપાદેયપણે પરિણમે એને એ આત્મા ઉપાદેય કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? વિભાવને છોડી, છોડી એ નાસ્તિથી વાત છે, ખરેખર તો છોડવું પણ નથી. વિભાવના નાશકર્તાનું નામ એને છે, પરમાર્થે નથી. આવ્યું છે? આહાહા..! પણ કથનની પદ્ધતિ શું આવે? રાગના નાશનો કર્તા નામમાત્ર કથન છે. કેમ? અસ્તિ સ્વભાવ ઉપર જતાં ત્યાં ઠરે છે ત્યારે તે રાગ ઉત્પન્ન થતો નથી. તેથી એણે નાશ કર્યો એમ કથનમાત્રથી છે. આહાહા..! પોતે ભગવાન સ્વરૂપમાં ઠરે છે, ધ્યાનમાં લીન થાય છે ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી. અહીં જેટલો લીન થયો એટલી. એટલો રાગનો નાશ કર્યો એમ નામ કથનથી છે. આહાહા..! પરમાર્થે એમ નથી, કહે છે. આહાહા..!

ણમો અરિહંતાણં. લ્યો! કર્મરૂપી અરિને હણ્યા. ના, ના, હોં! કર્મ જડ તો નહિ પણ ભાવકર્મને હણ્યા એ પણ નહિ. બોલાય તો આ. ભાઈ! ઈ શબ્દની શૈલી (એવી છે). આહાહા..! ભાવકર્મ પણ એણે હણ્યા, દ્રવ્યકર્મ તો જડ છે, એ તો એ વખતે કર્મનું

અકર્મરૂપે પરિણમવું તેનાથી થયું છે. પણ અહીંયાં અશુદ્ધની ઉત્પત્તિ ન થઈ, એ શુદ્ધતામાં ઠરતાં ન થઈ એથી એણે અશુદ્ધતાનો નાશ કર્યો એમ કહેવામાત્ર આવે. આહાહા..! આવી વાતું છે. વસ્તુ તો સત્ય આ છે. બેસે, ન બેસે. એને સંખ્યાની કાંઈ જરૂર નથી કે જાજી સંખ્યા હોય તો ઈ સત્ય. એમાં શું છે. આહાહા..!

'**વહી ઉપાદેય હૈ,...**' શું? જે પરિપૂર્ણ સ્વભાવ ભગવાનઆત્મા છે, રાગથી શૂન્ય છે, એ શૂન્યપણાનું લક્ષ છોડી દેવું, કહે છે. આ વસ્તુ જે ત્રિકાળ ભરેલી છે, અનુભૂતિમાં એનો આદર કરવો. એ ઉપાદેય છે. સમજાણું કાંઈ? ઉપાદેય છે, ઈ ધારી રાખવું જુદી ચીજ છે અને ઉપાદેયપણે પરિણમવું એ જુદી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે જ્યાં વિભાવથી ખસીને નિર્મળ પરિણતિમાં ત્રિકાળી ઉપાદેય કર્યો તેને તે ઉપાદેય થયો. 'અમરચંદભાઈ'! આવી વાત છે, ભાઈ! શું થાય?

મુમુક્ષુ :- સાહેબ! આપે તો કહ્યું હતું, નિર્મળ ...

ઉત્તર :- નિર્મળ પરિણતિ દ્વારા એનો આદર કર્યો. ત્યારે જ એને ઉપાદેય કહેવાય. ઉપાદેય ધારી રાખવું છે? આ વસ્તુ જે ત્રિકાળ છે એનો પરિણતિમાં આદર કર્યો, એને ઉપાદેય થયો. 'અમરચંદભાઈ'! આહાહા..! એવી વસ્તુની સ્થિતિ (છે). 'પરમાત્મપ્રકાશ'માં બધે ઠેકાણે એ જ આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! છેલ્લો સરવાળો ઈ લાવે. ઉપાદેયપણે એટલે તે વખતની નિર્મળ પરિણતિ દ્વારા એનો આદર થયો એને ઉપાદેય થયો. આહાહા..! આવું છે. એ ૫૫ (ગાથા) થઈ.

તાત્પર્ય આવ્યું ને? '**शून्यश्चिदानंदैकस्वभावेन भरितावस्थ**' જોયું! '**भरितावस्थ**'. અવસ્થા નહિ. '**भरितावस्थ**' નિશ્ચય ભરેલું જ છે. એમ. અવસ્થ એટલે અહીં પર્યાયની વાત નથી. સંસ્કૃતમાં છે ને. '**प्रतिपादितः परमात्मा स एवोपादेय इति तात्पर्यार्थः**' લ્યો. આહા..!

---

**तदनन्तरं द्रव्यगुणपर्यायनिरूपणमुख्यत्वेन सूत्रत्रयं कथयति। तद्यथा –**

**५६) अप्पा जणियउ केण ण वि अप्पें जणिउ ण कोइ।**
**दव्व–सहावें णिच्चु मुणि पज्जउ विणसइ होइ।।५६।।**

**आत्मा जनितः केन नापि आत्मना जनितं न किमपि।**
**द्रव्यस्वभावेन नित्यं मन्यस्व पर्यायः विनश्यति भवति।।५६।।**

**आत्मा न जनितः केनापि आत्मना कर्तृभूतेन जनितं न किमपि, द्रव्यस्वभावेन नित्यमात्मानं मन्यस्व जानीहि। पर्यायो विनश्यति भवति चेति। तथाहि। संसारिजीवः शुद्धात्मसंवित्यभावेनोपार्जितेन कर्मणा यद्यपि व्यवहारेण जन्यते स्वयं च शुद्धात्मसंवित्तिच्युतः सन् कर्माणि जनयति तथापि शुद्धनिश्चयनयेन शक्तिरूपेण कर्मकर्तृभूतेन नरनारकादिपर्यायेण न जन्यते स्वयं च कर्मनोकर्मादिकं न जनयतीति। आत्मा पुनर्न केवलं शुद्धनिश्चयनयेन**

व्यवहारेणापि न च जन्यते न च जनयति तेन कारणेन द्रव्यार्थिकनयेन नित्यो भवति, पर्यायार्थिकनयेनोत्पद्यते विनश्यति चेति। अत्राह शिष्यः। मुक्तात्मनः कथमुत्पादव्ययाविति। परिहारमाह। १आगमप्रसिद्धयागुरुलघुकगुणहानिवृद्ध्यपेक्षया, अथवा येनोत्पादादिरूपेण ज्ञेयं वस्तु परिणमति तेन परिच्छित्याकारेण ज्ञानपरिणत्यपेक्षया। अथवा मुक्तौ संसारपर्यायविनाशः सिद्धपर्यायोत्पादः शुद्धजीवद्रव्यापेक्षया ध्रौव्यश्च सिद्धानामुत्पादव्ययौ ज्ञातव्याविति। अत्र तदेव सिद्धस्वरूपमुपादेयमिति भावार्थः।।५६।।

---

ऐसे जिसमें तीन प्रकारकी आत्माका कथन है, ऐसे पहले महाधिकारमें जो ज्ञानकी अपेक्षा व्यवहारनयसे लोकलोकव्यापक कहा गया, वही परमात्मा निश्चयनयसे असंख्यातप्रदेशी है, तो भी अपनी देहके प्रमाण रहता है, इस व्याख्यानकी मुख्यतासे छह दोहा-सूत्र कहे गये। आगे द्रव्य, गुण, पर्यायके कथनकी मुख्यतासे तीन दोहे कहते हैं –

**गाथा – ५६**

अन्वयार्थ :– [ आत्मा ] यह आत्मा [ केन अपि ] किसीसे भी [ न जनितं ] उत्पन्न नहीं हुआ, [ आत्मना ] और इस आत्मासे [ किमपि ] कोई द्रव्य उत्पन्न नहीं हुआ, [ द्रव्यस्वभावेन ] द्रव्यस्वभावकर [ नित्यं मन्यस्व ] नित्य जानो, [ पर्यायः विनश्यति भवति ] पर्यायभावसे विनाशीक है।

भावार्थ :– यह संसारी-जीव यद्यपि व्यवहारनयकर शुद्धात्मज्ञानके अभावसे उपार्जन किये ज्ञानावरणादि शुभाशुभ कर्मोंके निमित्तसे नर-नारकादि पर्यायोंसे उत्पन्न होता है, और विनसता है, और आप भी शुद्धात्मज्ञानसे रहित हुआ कर्मोंको उपजाता (बाँधता) है, तो भी शुद्धनिश्चयनयकर शक्तिरूप शुद्ध ही है, कर्मोंसे उत्पन्न हुई नर-नारकादि पर्यायरूप नहीं होता, और आप भी कर्म-नोकर्मादिकको नहीं उपजाता और व्यवहारसे भी न जन्मता है, न किसीसे विनाशको प्राप्त होता है, न किसीको उपजाता है, कारणकार्यसे रहित है अर्थात् कारण उपजानेवालेको कहते हैं। कार्य उपजनेवालेको कहते हैं। सो ये दोनों भाव वस्तुमें नहीं हैं, इससे द्रव्यार्थिकनयकर जीव नित्य है, और पर्यायार्थिकनयकर उत्पन्न होता है, तथा विनाशको प्राप्त होता है। यहाँ पर शिष्य प्रश्न करता है, कि संसारी जीवोंके तो नर-नारकी आदि पर्यायोंकी अपेक्षा उत्पत्ति और मरण प्रत्यक्ष दिखता है, परन्तु सिद्धोंके उत्पाद, व्यय, किस तरह हो सकता है? क्योंकि उनके विभाव-पर्याय नहीं है, स्वभाव-पर्याय ही है, और वे सदा अखंड अविनश्वर ही हैं। इसका समाधान यह है-कि जैसा उत्पन्न होना, मरना, चारों गतियोंमें संसारी जीवोंके है, वैसा तो उन सिद्धोंके नहीं है, वे अविनाशी हैं, परन्तु शास्त्रोंमें प्रसिद्ध अगुरुलघु गुणकी परिणतिरूप अर्थपर्याय है, वह समय-समयमें आविर्भावतिरोभावरूप होती है। अर्थात् समयमें

पूर्वपरिणतिका व्यय होता है और आगेकी पर्यायका आविर्भाव (उत्पाद) होता है। इस अर्थपर्यायकी अपेक्षा उत्पाद व्यय जानना, अन्य संसारी-जीवोंकी तरह नहीं है। सिद्धोंके एक तो अर्थपर्यायकी अपेक्षा उत्पाद व्यय कहा है। अर्थपर्यायमें षट्गुणी हानि और वृद्धि होती है। (१) अनंतभागवृद्धि, (२) असंख्यातभागवृद्धि, (३) संख्यातभागवृद्धि, (४) संख्यातगुणवृद्धि, (५) असंख्यातगुणवृद्धि, (६) अनंतगुणवृद्धि। (१) अनंतभागहानि, (२) असंख्यातभागहानि, (३) संख्यातभागहानि, (४) असंख्यातगुणहानि, (५) संख्यातगुणहानि, (६) अनंतगुणहानि। ये षट्गुणी हानि-वृद्धिके नाम कहे हैं। इनका स्वरूप तो केवलीके गम्य है, सो इस षट्गुणी हानि-वृद्धिकी अपेक्षा सिद्धोंके उत्पाद-व्यय कहा जाता है। अथवा समस्त ज्ञेयपदार्थ उत्पाद-व्यय-ध्रौव्यरूप परिणमते हैं, सो सब पदार्थ सिद्धोंके ज्ञान-गोचर हैं। ज्ञेयाकार ज्ञानकी परिणति है, सो जब ज्ञेय-पदार्थमें उत्पाद-व्यय हुआ, तब ज्ञानमें सब प्रतिभासित हुआ, इसलिये ज्ञानकी परिणतिकी अपेक्षा उत्पाद-व्यय जानना। अथवा जब सिद्ध हुए, तब संसार-पर्यायका विनाश हुआ, सिद्धपर्यायका उत्पाद हुआ, तथा द्रव्य स्वभावसे सदा ध्रुव ही हैं। सिद्धोंके जन्म, जरा, मरण नहीं हैं, सदा अविनाशी हैं। सिद्धका स्वरूप सब उपाधियोंसे रहित है, वही उपादेय है, यह भावार्थ जानना।।५६।।

---

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક પ્રથમ મહાધિકારમાં જે પરમાત્મા વ્યવહારનયથી જ્ઞાનની અપેક્ષાએ લોકાલોકવ્યાપક કહેવામાં આવ્યો છે, તે જ પરમાત્મા નિશ્ચયનયથી અસંખ્ય પ્રદેશી હોવા છતાં પણ પોતાના દેહમાં રહે છે, એવી વ્યાખ્યાનની મુખ્યતાથી છ સૂત્રો સમાપ્ત થયાં.

ત્યાર પછી દ્રવ્ય-ગુણ-પર્યાયના કથનની મુખ્યતાથી ત્રણ સૂત્રો કહે છે તે આ પ્રમાણે :

ભાવાર્થ : સંસારી જીવ શુદ્ધઆત્માની સંવિત્તિના અભાવથી ઉપાર્જન કરેલા કર્મથી જો કે વ્યવહારથી ઉત્પન્ન થાય છે અને પોતે શુદ્ધઆત્માની સંવિત્તિથી ચ્યુત થઈ કર્મોને ઉત્પન્ન કરે છે, તોપણ શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે કર્મરૂપ કર્તા વડે નરનારકાદિ પર્યાયરૂપે ઉત્પન્ન થતો નથી અને પોતે કર્મ-નોકર્માદિકને ઉત્પન્ન કરતો નથી. વળી આત્મા પોતે કેવળ શુદ્ધ નિશ્ચયનયથી નહિ, પરંતુ વ્યવહારથી પણ ઉત્પન્ન થતો નથી અને ઉત્પન્ન કરતો નથી તે કારણે દ્રવ્યાર્થિકનયથી આત્મા નિત્ય છે, પર્યાયાર્થિકનયથી આત્મા ઊપજે છે ને નાશ પામે છે.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે : મુક્તઆત્માને ઉત્પાદવ્યય કઈ રીતે ઘટી શકે?

તેનો પરિહાર : (૧) આગમ પ્રસિદ્ધ અગુરુલઘુગુણની હાનિ-વૃદ્ધિની અપેક્ષાએ અથવા (૨) જે ઉત્પાદાદિરૂપે જ્ઞેય વસ્તુ પરિણમે છે તેની પરિચ્છિત્તિના (જાણવાના)

**આકારે જ્ઞાન પરિણમે છે તે અપેક્ષાએ અથવા (૩) સિદ્ધ થયા ત્યારે સંસારપર્યાયનો નાશ થયો, સિદ્ધ પર્યાયનો ઉત્પાદ થયો અને શુદ્ધ જીવદ્રવ્યની અપેક્ષાએ ધ્રૌવ્ય રહ્યું તે અપેક્ષાએ, સિદ્ધોને ઉત્પાદવ્યય જાણવા.**

**અહીં તે સિદ્ધ સ્વરૂપ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૫૬.**

## ગાથા-૫૬ ઉપર પ્રવચન

'**ઐસે જિસમેં તીન પ્રકારકી આત્માકા કથન હૈ, ઐસે પહલે મહાઅધિકારમેં જો જ્ઞાનકી અપેક્ષા વ્યવહારનયસે લોકલોકવ્યાપક કહા ગયા, વહી પરમાત્મા નિશ્ચયનયસે અસંખ્યાતપ્રદેશી હૈ, તો ભી અપની દેહકે પ્રમાણ રહતા હૈ, ઈસ વ્યાખ્યાકી મુખ્યતાસે છહ દોહા-સૂત્ર કહે ગયે.**' આવી ગયું ને કાલે? '**આગે..**' હવે. આગેનો શબ્દ શું લીધું ઈ ન્યાં જોયું. '**तदनन्तरं**' એટલો શબ્દ છે. '**तदनन्तरं**'. નહિતર ઘણે ઠેકાણે ઊર્ધ્વ આવે છે. ઊર્ધ્વ એટલે હવે પછી. એટલે મેં એ માટે જોયું. '**तदनन्तरं**' શબ્દ છે. છે ને? '**तदनन्तरं द्रव्यगुणपर्यायनिरूपण**' એમ આવ્યું. બીજે ઠેકાણે ઊર્ધ્વ-હવે પછી. '**આગે દ્રવ્ય, ગુણ, પર્યાયકે કથનકી મુખ્યતાસે તીને દોહે કહતે હૈં.**' લ્યો.

**૫૬) अप्पा जणियउ केण ण वि अप्पेँ जणिउ ण कोइ।**
**दव्व-सहावेँ णिच्चु मुणि पज्जउ विणसइ होइ।।५६।।**

**અન્વયાર્થ :-** '**યહ આત્મા કિસીસે ભી ઉત્પન્ન નહીં હુઆ,...**' ભગવાન સત્‌સ્વરૂપ એ કોઈથી ઉત્પન્ન થયો નથી. '**ઔર ઈસ આત્માસે કોઈ દ્રવ્ય ઉત્પન્ન નહીં હુઆ,...**' એને કોઈએ ઉત્પન્ન કર્યો નથી. એણે કોઈને ઉત્પન્ન કર્યા નથી. આહા..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એને કોઈએ ઉત્પન્ન કર્યો નથી, એણે બીજા દ્રવ્યને ઉત્પન્ન કર્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! '**કોઈ દ્રવ્ય ઉત્પન્ન નહીં હુઆ, દ્રવ્યસ્વભાવકર નિત્ય જાનો,...**' એ રીતે વસ્તુના સ્વભાવથી તો નિત્ય છે. '**पर्यायः विनश्यति भवति**' '**પર્યાયભાવસે વિનાશીક હૈ.**' આહાહા..! વસ્તુ તરીકે નિત્ય છે. કોઈએ તેને ઉત્પન્ન કર્યો નથી, એનાથી કોઈ દ્રવ્ય ઉત્પન્ન થયું નથી. એવું એ નિત્ય છે, પર્યાય વિનષ્ટ છે. પોતાની પર્યાય વિનષ્ટ છે. પરને વિનષ્ટ કરે છે, પરને ઊપજાવે છે એ નહિ અને પરને વિનાશ કરે છે એ નહિ. પરથી ઊપજતો નથી, તેમ પરને ઊપજાવતો નથી, પરનો નાશ કરતો નથી. પોતાની પર્યાયનો નાશ થાય છે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**નિત્ય જાને, પર્યાયભાવસે વિનાશીક હૈ.**' પર્યાયથી તે નાશ પામે છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૫, શુક્રવાર
## તા. ૧૬-૦૭-૧૯૭૬, ગાથા-૫૬-૫૭, પ્રવચન નં. ૩૬

'**યહ સંસારી-જીવ વ્યવહારનયકર યદ્યપિ...**' જોકે '**વ્યવહારનયકર શુદ્ધાત્મજ્ઞાન કે અભાવસે ઉપાર્જન કિયે જ્ઞાનાવરણાદિ શુભાશુભ કર્મોંકે નિમિત્તસે નર-નારકાદિ પર્યાયોંસે ઉત્પન્ન હોતા હૈ,...**' શુદ્ધાત્માના ભાન વિના ઉપાર્જેલા જે કર્મો એને કારણે વ્યવહારનયથી નરકગતિ આદિમાં ઊપજે છે. '**નારકાદિ પર્યાયોંસે ઉત્પન્ન હોતા હૈ, ઔર વિનસતા હૈ,...**' એક ગતિમાં ઊપજે ને બીજી ગતિમાં જતાં એનો નાશ થાય. અથવા ગતિમાં પણ સમયે સમયે ઉત્પાદ-વ્યય થયા કરે છે. ગતિમાં. '**ઔર આપ ભી શુદ્ધાત્મજ્ઞાનસે રહિત હુઆ કર્મોંકો ઉપજાતા (બાંધતા) હૈ,..**' એમ કહે છે. પોતે કર્મના નિમિત્તે ઊપજે છે અને પોતે કર્મને ઉપાર્જે છે. એમ કહેવું છે. '**શુદ્ધાત્મજ્ઞાનસે રહિત હુઆ કર્મોંકો ઉપજાતા (બાંધતા) હૈ,...**' શુભાશુભભાવ.

'**તો ભી શુદ્ધનિશ્ચયનયકર શક્તિરૂપ શુદ્ધ હૈ,...**' આહાહા..! શકિત-એનો સ્વભાવ, દ્રવ્યસ્વરૂપ એ તો તદ્દન શુદ્ધ છે. આહા..! '**કર્મોંસે ઉત્પન્ન હુઈ નર-નારકાદિ પર્યાયોંરૂપ નહીં હોતા,...**' શકિતરૂપ જે વસ્તુ છે એ ચાર ગતિપણે એ વસ્તુ ઊપજતી નથી. વસ્તુ તો દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન છે. આહા..! એ દૃષ્ટિનો વિષય છે. એકલો શુદ્ધ શકિતમાત્ર પવિત્ર ભગવાન પરમાનંદ પરમપારિણામિક સ્વભાવ સ્વરૂપ. એ તો નરકગતિ આદિમાં ઉત્પન્ન પણ નથી થતો. છે?

'**આપ કી કર્મનોકર્માદિકકો નહી ઉપજાતા...**' પોતે ઉપજતો નથી અને પોતે કર્મને ઉપજાવતો નથી. શુદ્ધ વસ્તુ જે દ્રવ્ય સ્વભાવ છે. એ તો કર્મને ઉપજાવતો પણ નથી અને કર્મની પર્યાયપણે ઉપજતો પણ નથી. આહાહા..! એવી ચીજ જે વસ્તુ છે એ ખરેખર સિદ્ધપદસ્વરૂપ છે. એ ઉપાદેય છે. આહાહા..! '**વ્યવહારસે ભી ન જન્મતા હૈ,...**' શું કહ્યું? શકિતરૂપ દ્રવ્યસ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન, એ વ્યવહારથી પણ જન્મતો નથી. '**ન કિસી સે વિનાશ કો પ્રાપ્ત હોતા હૈ...**' કોઈથી નાશ પામે નહિ. '**ન કિસીકો ઉપજાતા હૈ, કારણકાર્યસે રહિત હૈ...**' વસ્તુ જે શુદ્ધ છે, શુદ્ધ ચૈતન્ય એ કોઈથી ઉપજતો નથી અને કોઈને ઉપજાવતો નથી. પરના કારણરૂપ થતો નથી અને પરના કાર્યરૂપ થતો નથી. કારણકાર્ય રહિત દ્રવ્યસ્વરૂપ છે. સમજાણું કાંઈ? કારણકાર્યથી રહિત વસ્તુ છે.

'**કારણ ઉપજાનેવાલેકો કહતે હૈં. કાર્ય ઉપજનેવાલેકો કહતે હૈં. સો વે દોનોં ભાવ વસ્તુમેં નહીં હૈ,...**' શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય સ્વભાવ, એમાં એ છે નહિ. આ તો દ્રવ્યસ્વભાવમાં કારણ-કાર્ય નથી, એમ કહ્યું, ભાઈ! ત્યારે શકિતમાં કીધું, અકાર્યકારણશકિત. એ વસ્તુ છે એ અકાર્યકારણ છે. એનો ગુણ છે, એના પર્યાયમાં પણ એ અકાર્યકારણરૂપ

એનું શકિતનું તો પરિણમન છે. સમજાણું કાંઈ? અહીં તો દ્રવ્ય જ લીધું છે એકલું. દ્રવ્ય પોતે કારણ નથી અને કાર્ય નથી. પર્યાયને ઉત્પન્ન કરે અને પર્યાયથી ઉત્પન્ન થાય. રાગ ને ગતિ આદિને ઉત્પન્ન કરે અને કર્મને ઉપાર્જે. અને કર્મથી ગતિ આદિમાં ઊપજે. પણ એ પર્યાયથી. વસ્તુ સ્વરૂપ છે એ નથી કારણ, નથી તે કોઈનું કાર્ય. અહીં વસ્તુના સ્વરૂપનું વર્ણન છે.

એ કારણકાર્યશકિતમાં અકાર્યકારણ જે છે એ પર્યાયમાં પણ પરનું કારણ અને પરનું કાર્ય નથી. કેમકે ગુણ છે એનું પરિણમન હોય ને? અકાર્યકારણ નામનો ગુણ આત્મામાં છે. તેનું પરિણમન પણ રાગને ઉપજાવતું નથી અને તેમ રાગથી તે પર્યાય ઉપજતી પણ નથી. નિર્મળ (પર્યાય). નિર્મળ પર્યાય રાગ કારણથી ઉપજતી નથી અને રાગના કાર્યને નિર્મળ પર્યાય કરતી નથી. સમજાણું કાંઈ? એવો એકાર્યકારણગુણ એને કેટલાક આ દ્રવ્યમાંથી દ્રવ્ય ત્યાં લે છે. એમ કહે છે કે, દ્રવ્યની વ્યાખ્યા છે. દ્રવ્ય કારણ-કાર્ય નથી. અહીં છે એમ ત્યાં નથી. સમજાણું કાંઈ? અહીં તો દ્રવ્ય કારણ-કાર્ય નથી એમ સિદ્ધ કરવું છે. પર્યાયમાં ઊપજે અને પર્યાયને ઊપજાવે એટલું સિદ્ધ કરવું છે.

૪૭ શકિતમાં તો ભગવાનઆત્મા અકાર્યકારણ સ્વભાવ-શકિત છે. પણ એ શકિતનું કાર્ય હોય ને? પરિણમન હોય ને? એ પરિણમન રાગનું કાર્ય નથી અને રાગનું કારણ નથી. રાગને ઉપજાવતું નથી, રાગથી અકાર્યકારણની નિર્મળ પર્યાય ઉપજતી નથી. સમજાણું કાંઈ? અહીંયા દ્રવ્યમાં લીધું એવું ત્યાં એકલા દ્રવ્યમાં લઈ લ્યે તો મેળ નહિ ખાય. એમ પંડિત લ્યે છે. અકાર્યકારણશકિત એવું દ્રવ્ય શબ્દ ત્યાં પડ્યો છે. એમ કહે છે, ઈ કહે છે. ખોટી વાત છે. સમજાણું કાંઈ?

વસ્તુ આત્મા-ભગવાન આત્મા છે, એમાં અકાર્યકારણ નામની શકિત છે-ગુણ છે. એનું પરિણમન જે છે એ પણ અકાર્યકારણરૂપ છે. એમ સિદ્ધ કરવું છે ત્યાં. અને શકિતના વર્ણનમાં મલિન પરિણામ એની પર્યાય છે એ ત્યાં નથી. ત્યાં તો દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ. ક્રમસર. ક્રમ-અક્રમ. પર્યાય ક્રમ અને ગુણે અક્રમ. એ ક્રમમાં તો નિર્મળ પરિણતિની વાત છે. ત્યાં મલિનની વાત નથી. શકિત નિર્મળ છે ને માટે એની પરિણતિ નિર્મળની જ ત્યાં વ્યાખ્યા છે. રાગ ભલે હો પણ એ રાગનું જ્ઞાન છે તે પરિણતિને લીધી ત્યાં. અહીંયા તો દ્રવ્યને કારણ-કાર્ય નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'**સો...**' છે ને? '**દોનોં ભાવ વસ્તુમેં...**' વસ્તુ એટલે દ્રવ્ય. '**ઈસસે દ્રવ્યાર્થિકનયકર જીવ નિત્ય હૈ,...**' લો. દ્રવ્યદૃષ્ટિથી એને જોઈએ તો નિત્ય વસ્તુ છે. એ કોઈથી ઊપજતો પણ નથી, એ કોઈને ઊપજાવતો પણ નથી.

મુમુક્ષુ :- વ્યવહારસે ભી ન જન્મતા હૈ.

ઉત્તર :- વ્યવહારથી પણ જન્મ ધારણ કરતો નથી. દ્રવ્ય વ્યવહારે શું જન્મ ધારણ કરે? દ્રવ્ય છે એને વ્યવહારથી ક્યાં જન્મ છે? પર્યાયને વ્યવહારથી જન્મ છે. સમજાણું

કાંઈ? એ તો અહીં સિદ્ધ કરવું છે. પર્યાયથી નારકી આદિ છે અને પર્યાયને નારકી આદિને ઉપજાવે છે. વસ્તુ જે છે એ કંઈ કોઈથી ઉપજતી પણ નથી, કોઈને ઉપજાવતી નથી. આહા..! સમજાણું કાંઈ?

‘**પર્યાયાર્થિકનયકર ઉત્પન્ન હોતા હૈ,..**’ લ્યો, છે? અહીં એ વાત લેવી છે. પર્યાયમાં ઉત્પન્ન-વ્યય છે. દ્રવ્યમાં ઉત્પન્ન-વ્યય નથી. દ્રવ્ય છે એ ધ્રુવ છે. એકરૂપ સ્વભાવ. ખરેખરે તો... આહા..! એની પર્યાયને પણ એ દ્રવ્ય ઉપજાવતું નથી. ‘અમરચંદભાઈ’! એ.. ધ્રુવ જે છે એ તો એની પોતાની પર્યાયને પણ ઉપજાવતું નથી. આહાહા..! તેમ એ પર્યાયને નાશ કરતું નથી. દ્રવ્ય તો દ્રવ્ય ત્રિકાળ છે. આહાહા..! એની પર્યાય જે છે તે ઊપજે છે અને વિણસે છે. અથવા પર્યાય છે એ પરથી ઊપજે છે, વિકાર, અને વિકારને ઊપજાવે છે. પર્યાય. આહાહા..!

હવે શિષ્યને પ્રશ્ન થયો. તમે આ કહ્યું પણ સિદ્ધમાં શી રીતે આ લાગુ પડે? સિદ્ધની પર્યાય તો નિર્મળ થઈ ગઈ છે. દ્રવ્ય પણ નિર્મળ અને પર્યાય પણ નિર્મળ. એને પર્યાયાર્થિકનયે ઊપજવું, વિણસવું સિદ્ધને શી રીતે લાગુ પડે? એમ પ્રશ્ન કરે છે. સમજાય છે કાંઈ? આહા...! ‘**સંસારી જીવોંકે તો નર-નારકી આદિ પર્યાયોંકી અપેક્ષા ઉત્પત્તિ ઔર મરણ પ્રત્યક્ષ દિખતા હૈ, પરન્તુ સિદ્ધોંકે ઉત્પાદ, વ્યય કિસ તરહ હો સકતા હૈ?**’ આ પ્રશ્ન છે. સિદ્ધમાં ઉત્પાદ-વ્યય કઈ રીતે લેવો? સંસારીને માટે તો ઠીક. સંસારની પર્યાયને ઉપજાવે અને એ પર્યાયને વ્યય કરે. અથવા ઊપજે અને પરને-રાગાદિને ઊપજાવે. પણ સિદ્ધને શું છે પર્યાયનયે? તમે તો એમ સિદ્ધ કર્યું કે પર્યાયનયે દરેક આત્મામાં ઉત્પાદ અને વ્યય છે. તો સિદ્ધને ઉત્પાદ-વ્યય શી રીતે છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ‘**સિદ્ધોંકે ઉત્પાદ-વ્યય કિસ તરહ હો સકતા હૈ? ક્યોંકિ ઉનકે વિભાવ-પર્યાય નહીં હૈ,...**’ ચાર ગતિની પર્યાય છે નહિ. ‘**સ્વભાવ-પર્યાય હી હૈ, ઔર વે સદા અખંડ અવિનશ્વર હી હૈં.**’ સ્વભાવપર્યાય સદા અખંડ અવિનશ્વર છે.

‘**ઈસકા સમાધાન યહ હૈ કિ જૈસા ઉત્પન્ન હોના, મરના, ચારોં ગતિયોંમેં સંસારી જીવોંકે હૈ, વૈસા તો ઉન સિદ્ધોંકે નહીં હૈ,...**’ હવે સિદ્ધમાં ઉત્પાદ-વ્યય સિદ્ધ કરે છે. ઓલા તમારા કહેતા હતા ને? શેઠ! દાઢીવાળા, નહિ? ‘ડેડિયા’. સિદ્ધમેં ભી પર્યાય... શું કીધું? પીછે પડી? કાંઈ ખબર ન મળે. સિદ્ધમાં પણ હજી પર્યાય? છોડતી નહીં? પીછા નહીં છોડતી? સિદ્ધ મેં ભી પર્યાય પીછા નહીં છોડતી? કાંઈ ખબર ન મળે. અહીં એ પ્રશ્ન છે કે સંસારીજીવને તમે ઉત્પાદ-વ્યય કહો તો બરાબર છે. સિદ્ધ તો પૂર્ણ સ્વરૂપ થઈ ગયા. વિભાવ તો છે નહિ. એકલો સ્વભાવ પર્યાય પ્રગટ થઈ ગયો છે. એને ઉત્પાદ-વ્યય તમે શી રીતે લાગુ પાડો છો? તમે એને ઉત્પાદ-વ્યય કીધા. પર્યાયનયે દરેક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય કીધા. તો સિદ્ધમાં ઉત્પાદ-વ્યય કઈ રીતે? આહાહા..! સમજાણું કાંઈ? તો કહે છે, સાંભળ!

**'જૈસા ઉત્પન્ન હોના, મરના, ચારોં ગતિયોંમેં સંસારી જીવોંકે હૈ, વૈસા તો ઉન સિદ્ધોંકે નહીં હૈ, વે અવિનાશી હૈં, પરન્તુ શાસ્ત્રોંમેં પ્રસિદ્ધ અગુરુલઘુ ગુણકી પરિણતિરૂપ અર્થપર્યાયહૈ,...'** સિદ્ધને પણ અગુરુલઘુની અર્થપર્યાય સમયે સમયે છે. '**વહ સમય-સમયમેં આવિર્ભાવતિરોભાવરૂપ હોતી હૈ.**' જોયું? સમયે સમયે ઉત્પન્ન અને વ્યય. એક સમયમાં ઉત્પન્ન અને વ્યય ત્યાં તો થાય છે. ષટ્ગુણહાનિવૃદ્ધિ છે ને? એક જ સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. પહેલા સમયે ઉત્પન્ન થાય અને બીજા સમયે વ્યય થાય એ વળી પછી (વાત). પણ આ તો એક સમયમાં હાનિ અને વૃદ્ધિ. સિદ્ધની કેવળજ્ઞાનની પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. એક સમયે હાનિ વૃદ્ધિ. એવો જ પર્યાયનો સ્વભાવ ભગવાને જોયો. ઈ કહેશે. '**તિરોભાવરૂપ હોતી હૈ.**'

**'સમયમેં પૂર્વપરિણતિકા વ્યય હોતા હૈ ઔર આગેકી પર્યાયકા આવિર્ભાવ (ઉત્પાદ) હોતા હૈ. ઈસ અર્થપર્યાયકી અપેક્ષા ઉત્પાદ-વ્યય જાનના,...'** એક વાત. સિદ્ધને અગુરુલઘુની અર્થપર્યાયની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય જાણવો. એક બોલ આ લીધો. હજી બીજા બોલ લેશે. '**અન્ય સંસારીજીવોંકી તરહ નહીં હૈ.**' સંસારીને જેમ નારકી ગતિ આદિ ઉત્પન્ન થાય અને પોતે રાગને ઉપજાવે એવું નહિ. પણ અર્થપર્યાયની અપેક્ષાએ... આહાહા..! સમય સમયમાં ઉત્પાદ-વ્યય એટલે હાનિ વૃદ્ધિ. ઓલો ઉત્પાદ-વ્યય એમ નહિ. પણ એક સમયમાં હાનિ-વૃદ્ધિ થાય એવો એનો સ્વભાવ છે. આહા..!

**'સિદ્ધોંકે એક તો અર્થપર્યાયકી અપેક્ષા ઉત્પાદ-વ્યય જાનના કહા હૈ. અર્થપર્યાયમેં ષટ્ગુણહાનિવૃદ્ધિ હોતી હૈ.'** જોયું? સમય સમયમાં. '**૧. અનંતભાગવૃદ્ધિ.**' એ સૂક્ષ્મ કેવળજ્ઞાનગમ્ય વાત છે. કેવળજ્ઞાનની પર્યાયમાં અનંતભાગવૃદ્ધિ અનંતભાગ હિણી થયા કરે છે. પર્યાય તો છે એ છે. '**૧. અનંતભાગવૃદ્ધિ. ૨. અસંખ્યાતભાગ વૃદ્ધિ. ૩. સંખ્યાતભાગવૃદ્ધિ. ૪. સંખ્યાતગુણવૃદ્ધિ, ૫. અસંખ્યાતગુણવૃદ્ધિ, ૬. અનંતગુણવૃદ્ધિ.' એમ '૧. અનંતભાગહાનિ, ૨. અસંખ્યાતભાગહાનિ, ૩. સંખ્યાતભાગહાનિ, ૪. સંખ્યાતગુણહાનિ, ૫. અસંખ્યાતગુણહાનિ, ૬. અનંતગુણહાનિ. યે ષટ્ગુણી હાનિ-વૃદ્ધિ નામ કહે હૈં. ઈનકા સ્વરૂપ તો કેવળીકે ગમ્ય હૈ,...'** સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની એક પર્યાયમાં, એક પર્યાયમાં એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ એ તો કોઈ સ્વભાવ છે, ભગવાન જાણે છે.

મુમુક્ષુ :-શ્રુતકેવળી પણ...

ઉત્તર :- આ જાણે તો કેવળીમાં બાકી શું રહ્યું? આ બધું જાણ્યું જાય તો ઓલામાં બાકી શું રહ્યું જાણવાનું?

મુમુક્ષુ :- પરોક્ષપણે જાણે.

ઉત્તર :- ઈ આ નહિ.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાન જાણે...

ઉત્તર :- ઈ આ નહિ. આ નહિ. એ તો 'પંચાસ્તિકાય'માં આવ્યું છે ને? 'અમૃતચંદ્રાચાર્ય'ની સંસ્કૃત ટીકામાં. આગમગમ્ય છે, ત્યાં એમ લીધું છે. છે ને? એ વસ્તુનો કોઈ સ્વભાવ છે એવો કોઈ. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય તો એવી ને એવી રહે. એમાં કાંઈ જાણવું ઓછું-વત્તું થાય નહિ. પણ એ પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ (થાય છે). એક સમયમાં ષટ્ગુણહાનિ અને ષટ્ગુણવૃદ્ધિ. એ તે કંઈ (વાત છે)!

મુમુક્ષુ :- આગમગમ્ય ...

ઉત્તર :- આગમગમ્ય એટલે શાસ્ત્ર જાણે. સિદ્ધાંત આગમથી માનવા લાયક છે. એમ કહેવું છે. તમને અનુભવમાં ઈ નહિ બેસી શકે.'પંચાસ્તિકાય'માં છે. આહાહા..!

બીજી રીતે તો એવું છે, એક ઠેકાણે એમ આવે છે કે જો બધું શ્રુતજ્ઞાનમાં જણાય તો કેવળજ્ઞાનમાં જાણવાનું અચિંત્ય અને અપૂર્વ શું રહ્યું? આવે છે. આહાહા..! .. ન જણાય, એ તો કેવળીગમ્ય છે, એમ અહીં કહે છે. જેમ શ્રુતજ્ઞાન પરોક્ષ છે તો બધું જાણે તો આ પણ પરોક્ષ છે (એને પણ જાણે) એમ નહિ. પરોક્ષ પણ એના ખ્યાલમાં બધી વાત આવે છે. આ ખ્યાલમાં આવે એવી વાત જ નથી. ઝીણી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો જ કોઈ પર્યાયનો સ્વભાવ છે. એ એક જ સમયમાં અનંતભાગવૃદ્ધિ, અસંખ્યભાગવૃદ્ધિ, સંખ્યભાગવૃદ્ધિ, અનંતગુણવૃદ્ધિ, અસંખ્યગુણવૃદ્ધિ, સંખ્યગુણવૃદ્ધિ. અને એક સમયમાં અસંખ્યભાગહાનિ, સંખ્યભાગહાનિ, અનંતભાગહાનિ. અને સંખ્યભાગવૃદ્ધિ, અસંખ્યભાગવૃદ્ધિ, અનંતભાગવૃદ્ધિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ આ રીતે જ કહીને છોડી દીધું છે. એનો અર્થ ઈ છે કે ઈ પર્યાયનું આવું સામર્થ્ય કોઈ કેવળજ્ઞાનગમ્ય જ છે. સાધારણને એ વાત નહિ બેસી શકે. એવું અચિંત્ય કેવળજ્ઞાનનું માહાત્મ્ય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આ તર્કથી નહિ બેસે એમ કહે છે આ. ગંભીરતા બતાવે છે. એવો કોઈ પર્યાયમાં... સમય એક અને ષટ્ગુણહાનિ તે સમયે અને તે સમયે ષટ્ભાગવૃદ્ધિ. ષટ્ગુણહાનિવૃદ્ધિ. ઓહોહો..!

મુમુક્ષુ :- વૃદ્ધિનો અર્થ શું? અને હાનિનો અર્થ શું?

ઉત્તર :- ઓછું થાય. હાનિમાં ઓછું થાય અને વૃદ્ધિમાં વધે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદ..

ઉત્તર :- એ નહિ. અવિભાગ પ્રતિચ્છેદ છે એટલા છે. જરી ઝીણી વાત છે. કેવળજ્ઞાનના પર્યાય તો જેટલા છે એટલા જ છે. એમાં ઓછાવત્તું થાય એમ નથી. આ વાત બાપુ! એવી છે. કેવળજ્ઞાનને કાંઈ રાખશો કે નહિ એને માટે? કે બધું આમાં જણાય જાય? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રત્યક્ષ નહિ.

મુમુક્ષુ :- એના માટે પરોક્ષ...

ઉત્તર :- નહિ, નહિ, નહિ. એ નહિ. એમ પણ નહિ. આને પરોક્ષ, આને પ્રત્યક્ષપણું રાખ્યું એમ પણ નહિ. એ કોઈ અચિંત્ય સ્વભાવ છે, ભાઈ!

કેવળજ્ઞાનની એક પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણવાની પોતાની પર્યાય જાણતાં જણાય. એટલી તો તાકાત એની સમય સમયમાં! એ પર્યાયમાં ઓછાવત્તું થાય એ જાતનું જે વ્યકત, એમાં નહિ, પણ એ પર્યાયનો એવો કોઈ સ્વભાવ છે એટલે કેવળી જ જાણે. એને માટે બાકી રાખી વાત. એમ કહે છે.

મુમુક્ષુ :- કેવળી જ જાણે એટલું આપણે જાણીએ.

ઉત્તર :- કેવળી જાણે એવું તું જાણે, એમ માન. આહાહા..!

મુમુક્ષુ :- પરોક્ષ અને પ્રત્યક્ષ...

ઉત્તર :- એ નહિ. ન રહી. કોણે કીધું? એ તો ના પાડી ને. આ પરોક્ષ આવી જાય એને એમ પણ નહિ. પ્રત્યક્ષ એને થાય એમ પણ નથી. એને એ કોઈ સ્વભાવ કેવળજ્ઞાનમાં એ પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ (થાય) એવો જ કોઈ પર્યાયનો સ્વભાવ એ સર્વજ્ઞને જ જ્ઞાનગમ્ય છે. એને માટે બાકી રાખ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- એવું હોય તો પરથી સિદ્ધ થાય. એ આગમગમ્ય કીધું. 'પંચાસ્તિકાય'માં છે ને ઈ? કેટલામી ગાથામાં છે? કેટલામાં છે? ક્યાંક છે ને? 'પંચાસ્તિકાય'. એ જ પદ સામે આવ્યું. એ પદ ને એ લીટી. જુઓ! છે? '**पर्यायास्त्वगुरुलघुगुणहानिवृद्धिनिर्वृत्ताः शुद्धाः, सूत्रोपात्तास्तु**' પાઠ સામો ઈ આવ્યો તરત. નીકળતા ક્યે ઠેકાણે હશે? સોળમી ગાથામાં આવ્યું. છેલ્લો શબ્દ. સમજાણું? એ જ શબ્દ સામે આવ્યો, પાઠ નીકળતાં. કુદરત સામે છે. અને એ જ શબ્દ પાછો. સામે જુઓ! '**शुद्धाः, सूत्रोपात्तास्तु**' છે? '**सूत्रोपात्तास्तु**' નર, નારકીમાં છે એ બીજી વાત છે. '**सूत्रोपात्तास्तु**' આગમગમ્ય છે એમ છે. અહીં તો આવ્યું. '**शुद्धाः, सूत्रोपात्तास्तु**' એટલું. આહાહા..! આગમગમ્ય છે. આગમગમ્ય એટલે? શ્રુતજ્ઞાનથી જણાય એમ નહિ. શ્રુતજ્ઞાનમાં એમ જણાય કે આ કેવળજ્ઞાનગમ્ય છે. શ્રુતજ્ઞાનમાં આમ જણાય કે એ કેવળજ્ઞાન જાણે છે. એમ. એવો અર્થ છે. આહાહા..! દ્રવ્યની લીલા એની છે ને! ભાઈ! એ સર્વજ્ઞ પરમેશ્વરે જોયું, એ કોઈ બીજાએ જોયું નથી. આહાહા..!

પર્યાયનો દરબાર સૂક્ષ્મ. દરેક પર્યાય પાછી. કેવળજ્ઞાનની પર્યાય, અનંત આનંદની પર્યાય, અનંત વીર્યની પર્યાય, બધી પૂર્ણ થઈ ગયેલી છે. અનંત ઈશ્વરતાની પર્યાય, અનંત સ્વચ્છતાની પર્યાય, અનંત કર્મની પર્યાય, કર્તા, કર્મ ગુણ છે ને એની પર્યાય ત્યાં પૂર્ણ થઈ ગઈ છે. છતાં એ એક એક પર્યાયમાં, એક એક ગુણની એક એક પર્યાયમાં એક એક સમયમાં હાનિ અને વૃદ્ધિ એક જ સમયમાં. પહેલે સમયે હાનિ અને બીજે સમયે વૃદ્ધિ એમ પણ નહિ. ઓલાએ જરી ખુલાસો કર્યો છે. 'દીપચંદજી', 'ચિદ્વિલાસ'માં.

પહેલી પર્યાય જાય છે વ્યય અને પછી થાય ઉત્પાદ. એમ. જરી મેળવ્યું છે. ષટ્ગુણહાનિમાં આમ લેવું. આ તો કોઈ અચિંત્ય સ્વભાવ, જે કેવળજ્ઞાનમાં જ જણાય. આહાહા..! શ્રુતજ્ઞાનમાં પરોક્ષથી પણ વાત બાકી રાખી. શ્રુતજ્ઞાનમાં પરોક્ષમાં બધું જણાય. ફેર પ્રત્યક્ષ અને પરોક્ષ એટલો જ છે. બાકી છે બધું. પણ આ નહિ. આ એને કેવળજ્ઞાનગમ્ય છે એવું સૂત્રમાં જાણે. આહાહા..! એવી વાતું છે. આવી ગયું? ષટ્ગુણનું થઈ ગયું.

'**ઈનકા સ્વરૂપ કેવલીકે ગમ્ય હૈ,...**' લ્યો, ઠીક! છે ને? પોતે ખુલાસો કરશે. ટીકામાં .. '**आगमप्रसिद्धयागुरुलघुकगुणहानिवृद्धयपेक्षया**' સંસ્કૃતમાં એટલું છે. એણે કેવળીગમ્યનો વિશેષ ખુલાસો કર્યો. '**ઈસ ષટ્ગુણી હાનિ-વૃદ્ધિકી અપેક્ષા સિદ્ધોંકે ઉત્પાદ-વ્યય કહા જાતા હૈ.**' એક વાત તો આ. '**અથવા...**' બીજી રીતે. '**સમસ્ત જ્ઞેયપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમતે હૈં,...**' દરેક પદાર્થ ઉત્પાદ-વ્યયપણે સદાય પરિણમે છે. '**સો સબ પદાર્થ સિદ્ધોંકે જ્ઞાન-ગોચર હૈં. જ્ઞેયાકાર જ્ઞાનકી પરિણતિ હૈ,...**' જેવી જ્ઞેયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે, ષટ્ગુણહાનિ નહિ પણ ઉત્પાદ-વ્યય થાય છે, એવો જ ઉત્પાદ-વ્યય અહીં જ્ઞાનમાં જણાય છે. જ્ઞેયાકાર જે ઉત્પાદ-વ્યય ભિન્ન ભિન્ન ત્યાં થાય છે, એટલે અહીં પણ ભિન્ન ભિન્ન ઉત્પાદ-વ્યય થાય છે. પહેલે સમયે જે જાણ્યું હતું, ત્યાં થાય છે એવું, એ પાછું જ્યાં બદલ્યું ત્યાં તો બીજે સમયે બીજું જાણ્યું. ભલે એવું ને એવું પણ બીજી રીતે જાણ્યું. જેવું ત્યાં થયું એવું જાણ્યું. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ જ્ઞેયના પલટવાની અપેક્ષાએ પણ જ્ઞાન ઉત્પાદ-વ્યયપણે પલટે છે એમ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે, બાપા! સર્વજ્ઞ સ્વભાવ શું! આહા..!

મુમુક્ષુ :- ... બધી ચોખવટ...

ઉત્તર :- પણ ઈ ચોખવટ તો કેવળજ્ઞાની જાણે, એમ કહે છે. એક ઠેકાણે આવે છે, હોં! એમ કે શ્રુતજ્ઞાનમાં બધું જણાય તો કેવળજ્ઞાનમાં વિશેષતા શી એની? આવે છે, આવે છે એક ઠેકાણે. આહાહા..! એક સમયનો કેવળપર્યાય ત્રણકાળને (જાણે)... એમાં નહિ, એમાં હાનિવૃદ્ધિ થાય એમ કહે છે. કેવળજ્ઞાનની પર્યાય છે તો ઘટી જાય, ઓછું જ્ઞાન થાય અને વિશેષ થાય એમ નહિ. કેવળજ્ઞાનની પર્યાય તો પૂર્ણ છે એ એટલી ને એટલી જ રહે છે. પણ એ પર્યાયમાં આવો ષટ્ગુણહાનિવૃદ્ધિ એક સમયમાં સ્વભાવ છે એ કેવળજ્ઞાનગમ્ય છે. આહાહા..! શ્રુતજ્ઞાનમાં બધું જણાય જાય બાપુ! તો કેવળજ્ઞાન... એ કેવળજ્ઞાનની અચિંત્ય મહિમા છે કે એ એ જ જાણે. આ દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યા છે ને. ઈ પર્યાય તો બસ, કેવળીગમ્ય છે. આહાહા..! એટલી મહિમાવંત છે, એમ કહે છે. આહાહા..! એવો કોઈ પર્યાયનો સ્વભાવ આવો મહિમાવંત (છે). એ જ સમયે હાનિ, એ જ સમયે વૃદ્ધિ. એક સમયે હાનિ ને બીજે સમયે વૃદ્ધિ એમ હોય તો તો... આહાહા..!

મુમુક્ષુ :...

ઉત્તર :- એમ પણ નહિ. અહીં તો વર્તમાન ઉત્પાદમાં હાનિ ને વૃદ્ધિ એક સમયમાં. સમજાણું કાંઈ? આ તો અચિંત્ય સ્વભાવ છે, ભાઈ! આહાહા..! એ સર્વજ્ઞ કેવળી પરમાત્મા, એને ગમ્ય છે એ. એટલું માહાત્મ્ય તો કર. શ્રુતજ્ઞાનમાં બધું આવી જાય (તો કેવળજ્ઞાનમાં બાકી શું રહે?)

મુમુક્ષુ :- અવ્યકત ગુણનું પરિણમન સિદ્ધ ભગવાનને કેવી રીતે..

ઉત્તર :- એ તો પરિણમન છે. એ તો સદાય છે. પણ એની અહીં વાત નથી. એ તો પર્યાય છે એની વાત નથી. એ એક સમયની પર્યાયમાં, દરેક ગુણની એક સમયની પર્યાયમાં દ્રવ્યત્વગુણ, પ્રમેયત્વગુણ, અગુરુલઘુ... શું કહેવાય? જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેની પર્યાય. એ તો દરેકની એક સમયની પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ એક જ સમયમાં. આ તો અચિંત્ય વાત છે ને! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એવો ગંભીર દરિયો છે. પર્યાયમાં એક સમયની પૂર્ણ પર્યાયમાં તે જ સમયમાં ષટ્પણે હાનિ, અનંતગુણપણે હાનિ અને અનંતભાગપણે હાનિ, વૃદ્ધિ. અનંતગુણ વૃદ્ધિ અને અનંતગુણ હાનિ. આહા..હા..! એવું કોઈ એનું સ્વરૂપ છે. કેવળીગમ્ય છે. પરમાત્મા, એનું માહાત્મ્ય રાખ. તું બધું લઈને નહિ. આહાહા..! એક વાત ઈ.

બીજી, જ્ઞેયો જે છે એ સમયે સમયે પલટે છે. ભૂતની પર્યાય વર્તમાન થઈ, વર્તમાનની પર્યાય ભવિષ્યમાં ગઈ, કેમકે ત્યાં થાય છે ને? એ રીતે અહીં જ્ઞાન પરિણમે પાછું. સમજાણું કાંઈ? એ રીતે પણ એનો ઉત્પાદ-વ્યય સિદ્ધ કર્યો. બીજે બોલે. '**સમસ્ત જ્ઞેયપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમતે હૈં, સો સબ પદાર્થ સિદ્ધોંકે જ્ઞાનગોચર હૈં. જ્ઞેયાકાર જ્ઞાનકી પરિણતિ હૈ,...**' એ જેવું જ્ઞેય પલટે છે એવી પરિણતિ અહીં થાય છે. પોતાથી, હોં! એને લઈને નહિ. સમજાણું કાંઈ? સામા દ્રવ્યમાં...

મુમુક્ષુ :- આમાં લીધું છે, ધ્રુવ..

ઉત્તર :- ધ્રુવ તો ભેગું લઈ લીધું છે. એ તો ધ્રુવ ભેગું લીધું છે. એ તો એક ન્યાયે ગુણ પરિણમે છે એમ આવે છે. 'પંચાધ્યાયી'માં લીધું છે. એ અપેક્ષાથી લીધું છે. એમ કે ધ્રુવ છે... પર્યાય છે એ આવે છે ને જાય છે, એટલું થાય છે ને, એટલું ગુણમાં પણ પર્યાયનયે પરિણમન છે. આ અપેક્ષાએ, હોં! 'પંચાધ્યાયી'માં છે ઈ. છે, ખબર છે. આહાહા..! ખજાનો મોટો છે ભાઈ આ તો.

મુમુક્ષુ :- બધાને વહેંચી નાખો.

ઉત્તર :- કોણ આપે ને કોણ લે? તમે તો શરાફ છો. પૈસા આપો બધાને. આહાહા..!

અહીંયા તો સિદ્ધમાં ઉત્પાદ-વ્યય કેમ છે? એ તો અવિનાશી છે. અવિનાશી એટલે પર્યાય તો એવી ને એવી સરખી થયા જ કરે છે. એમાં ઉત્પાદ-વ્યય પર્યાય થાય એમ નહિ, પણ એનો પર્યાય અવિનાશી એવો ને એવો થયા જ કરે છે. તેથી એને કૂટસ્થ કીધું છે. 'પંચાસ્તિકાય'માં. કેવળજ્ઞાનની પર્યાયને કૂટસ્થ કીધી છે. છે તો પરિણમન. પણ એવી

ને એવી રહે છે ને એટલે એ અપેક્ષાએ કૂટસ્થ કીધી છે. કઈ અપેક્ષાએ છે? સંસ્કૃતમાં એ પાઠ છે. કેવળજ્ઞાનની પર્યાયને કૂટસ્થ કીધી છે. છે તો પરિણમન. કૂટસ્થનો અર્થ એવી ને એવી રહે છે એ અપેક્ષાએ કૂટસ્થ.

મુમુક્ષુ :- 'પ્રવચનસાર'માં એને નિત્ય કીધી છે.

ઉત્તર :- કીધું ને? કૂટસ્થ કીધું એટલે નિત્ય થઈ ગયું. એ અપેક્ષાએ નિત્ય કહેવાય. એ અપેક્ષાએ, હોં! આહાહા..!

એક તો પોતાના સમયની પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિને લઈને પણ સિદ્ધને ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે. બીજી રીતે, જ્ઞેયમાં ઉત્પાદ-વ્યય ભિન્ન ભિન્ન એની ભૂતકાળની પર્યાય, ભવિષ્યની પર્યાય વર્તમાનમાં થાય, વર્તમાન છે ઈ ભૂતમાં જાય, વર્તમાન છે ઈ ભૂતમાં જાય, ભવિષ્યની પર્યાય વર્તમાન થાય. એવું ત્યાં જ્ઞેયમાં થાય છે ને? એવું અહીં જ્ઞાનમાં પરિણમન થાય છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પણ સામાન્ય જે વર્તમાન પર્યાય છે એ ગઈ, બીજે સમયે ગઈ. અને બીજે સમયે જે ભવિષ્યની હતી તે આવી. એટલું થયું ને? એ રીતે સિદ્ધ જાણે છે તો એ અપેક્ષાએ એમાં ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે. એ પોતાને કારણે, હોં! એ કંઈ પરને કારણે નહિ. સમજાણું કાંઈ? આ તો દ્રવ્ય-ગુણ-પર્યાયની વાતું ઝીણી, બાપા! આહા..! પરમાત્માની...

**'જ્ઞેયાકાર જ્ઞાનકી પરિણતિ હૈ, સો જબ જ્ઞેય-પદાર્થમેં ઉત્પાદ-વ્યય હુઆ,...'** જોયું? ઉત્પાદ-વ્યય હુઆ. **'તબ જ્ઞાનમેં સબ પ્રતિભાસિત હુઆ, ઈસલિયે જ્ઞાનકી પરિણતિકી અપેક્ષા ઉત્પાદ-વ્યય જાનના.'** જ્ઞેયની પરિણતિની અપેક્ષાએ જ્ઞાન પરિણમ્યું એ અપેક્ષાએ એને ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે. આહાહા..! બે વાત થઈ.

ત્રીજી વાત. સિદ્ધમાં ઉત્પાદ-વ્યયને સિદ્ધ કરવાની ત્રણ રીત. સિદ્ધની પર્યાય એવી ને એવી અવિનાશીપણે રહેતી હોવા છતાં. અવિનાશી એટલે? પર્યાય તો બદલે છે પણ એનું સ્વરૂપ એવું છે કે એવું ને એવું બીજે સમયે, એવું ને એવું ત્રીજે સમયે, એવું ને એવું ચોથે સમયે (રહે છે). એવું હોવા છતાં તેમાં અગુરુલઘુની અપેક્ષાએ ષટ્ગુણહાનિવૃદ્ધિની અપેક્ષાએ પર્યાયમાં ઉત્પાદ-વ્યય. જ્ઞેયમાં સમયે સમયે બદલો થાય છે એ અપેક્ષાએ અહીં પોતામાં પણ બદલો થાય એ અપેક્ષાએ પણ એને ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે. બે (વાત થઈ). હવે ત્રીજું. સિદ્ધને ઉત્પાદ-વ્યય સિદ્ધ કરવામાં હવે ત્રીજી વાત. હવે આહા..! આ તો સમજાય એવું છે. ભાષા કાંઈ બહુ એવી નથી. આહાહા..!

**'અથવા જબ સિદ્ધ હુએ, તબ સંસાર-પર્યાયકા વિનાશ હુઆ, સિદ્ધપર્યાયકા ઉત્પાદ હુઆ,...'** લ્યો. એ અપેક્ષાએ પણ ઉત્પાદ-વ્યય કહ્યું. સંસારપર્યાયનો વ્યય, સિદ્ધપર્યાયનો ઉત્પાદ. એ અપેક્ષાએ ઉત્પાદ-વ્યય કહ્યું. એક જ સમય છે ને.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- ઈ વખતે. સિદ્ધના પહેલે સમયે. પછી પછીનું કાંઈ નહિ. પછીની પર્યાય પણ એક સમયે વ્યય ને પછીની પર્યાય ઉત્પાદ થાય છે. પણ અહીં તો સ્થૂળપણે

સંસારપર્યાયનો વ્યય, સિદ્ધપર્યાયનો પણ ઉત્પાદ. આ અપેક્ષાએ પણ ઉત્પાદ-વ્યય લાગુ પડે છે. આહા..! આવો માર્ગ વીતરાગનો, બાપુ! ક્યાંય છે નહિ. અને એમાં પણ દિગંબર સંતો સિવાય (ક્યાંય નથી). કેવળીના માર્ગ એણે ઉભા રાખ્યા છે. આહાહા..!

**'જબ સિદ્ધ હુએ, તબ સંસાર-પર્યાયકા વિનાશ હુઆ, સિદ્ધપર્યાયકા ઉત્પાદ હુઆ તથા દ્રવ્યસ્વભાવસે સદા ધ્રુવ હી હૈં. સિદ્ધોંકે જન્મ, જરા, મરણ નહીં હૈ,...'** આહાહા..! એ તો '**સદા અવિનાશી હૈં.**' જન્મ-મરણની અપેક્ષાએ, હોં! '**સિદ્ધકા સ્વરૂપ સબ ઉપાધિયોંસે રહિત હૈ, વહી ઉપાદેય હૈ...**' આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' ભગવાનઆત્મા જ ઉપાદેય છે. સમજાણું કાંઈ? આ ભાવાર્થ છે. છે ને અંદર?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકસાથે. અપેક્ષા ભિન્ન. ત્રણ (અપેક્ષા થઈ). એક અર્થપર્યાય અગુરુલઘુ. અને એક જ્ઞેય પરિણમે તેમ પરિણમે તે જ્ઞાનનું પરિણમન. અને એક સંસારનો નાશ અને સિદ્ધની ઉત્પત્તિ. એમ ત્રણ. ત્રણ છે. એ ષટ્ગુણહાનિ પહેલા બોલમાં ગયું. પહેલા બોલમાં ગયું. બીજો બોલ ષટ્ગુણહાનિનો નથી. અગુરુલઘુ ષટ્ગુણહાનિવૃદ્ધિ એક જ બોલમાં આવ્યું. આહાહા..! એ તો ષટ્ગુણહાનિવૃદ્ધિ અગુરુલઘુનું સ્વરૂપ બતાવ્યું. છે તો એક જ સમય. ષટ્ગુણહાનિવૃદ્ધિ સમયે સમયે થાય એ અગુરુલઘુગુણને લઈને. ઈ ઉત્પાદ-વ્યયનો એક પ્રકાર. બીજો, જ્ઞેય પરિણતિની અપેક્ષાએ જ્ઞેય પલટે છે એવું અહીં પલટન થાય છે એ અપેક્ષાએ પણ ઉત્પાદ-વ્યય સિદ્ધને છે. અને ત્રીજું, સંસારનો નાશ. ભગવાન સિદ્ધપણે ઉત્પન્ન થયા. એવો એક પ્રકારનો ઉત્પાદ-વ્યય. બીજે સમયે પણ જે ઉત્પાદ છે, બીજે સમયે વ્યય થાય છે અને નવી ઉત્પન્ન થાય છે. સિદ્ધમાં પણ સદાય કેવળજ્ઞાનની પર્યાય ઉત્પાદ-વ્યય થયા કરે. આહાહા..! દરિયો છે ભઈ એ તો. વસ્તુ સ્વભાવ દરિયો છે મોટો દરિયો. પર્યાય દરિયો, દ્રવ્ય-ગુણની તો શું વાત કરવી!! એમ કહે છે. પર્યાયની ગંભીરતા દરિયો મોટો! એના દ્રવ્ય-ગુણની તો શું વાત કરવી! પર્યાયનું આટલું માહાત્મ્ય છે કે જે કેવળજ્ઞાનગમ્ય વ્યાખ્યા કરી નાખી. આહાહા..!

એ સિદ્ધસ્વરૂપ બધી ઉપાધિથી રહિત (છે). ઈ સિદ્ધ કહો કે આ સિદ્ધ કહો. સમજાણું કાંઈ? જેમ કહ્યું ને ઓલામાં? કે, કેવળીના ગુણનું સ્તવન કેમ કહેવાય? ત્યારે કહ્યું, ગુણ અધિક એવો તારો આત્મા એને તું અનુભવ એ કેવળીની સ્તુતિ છે. મૂળ કહેવું છે તો ઈ. કેવળજ્ઞાનની સ્તુતિ કોને કહેવી? પૂછ્યું એમ. ૩૧ ગાથા, 'સમયસાર'. કેવળજ્ઞાનીની સ્તુતિ સાચી કોને કહેવી? ત્યારે કહ્યું, સાચી એને કહેવી કે ભગવાનઆત્મા એક પર્યાયથી અધિક નામ જુદો, એવો જે અનુભવ કરવો એનું નામ કેવળીની સ્તુતિ કહેવાય છે. કેવળી એટલે કેવળ આત્મા એકલો. આહાહા..! સમજાણું કાંઈ? એ ૫૬ ગાથા (પૂરી) થઈ.

अथ द्रव्यगुणपर्यायस्वरूपं प्रतिपादयति –

५७) तं परियाणहि दव्वु तुहुँ जं गुण–पज्जय–जुत्तु।
सह–भुव जाणहि ताहँ गुण कम–भुव पज्जउ वुत्तु।।५७।।
तं परिजानाहि द्रव्यं त्वं यत् गुणपर्याययुक्तम्।
सहभुवः जानीहि तेषां गुणाः क्रमभुवः पर्यायाः उक्ताः।।५७।।

तं परियाणहि दव्वु तुहुं जं गुणपज्जयजुत्तु तत्परि समन्ताज्जानीहि द्रव्यं त्वम्। तत्किम्। यद्गुणपर्याययुक्तं, गुणपर्यायस्य स्वरूपं कथयति। सहभुव जाणहि ताहं गुण कमभुव पज्जउ वुत्तु सहभुवो जानीहि तेषां द्रव्याणां गुणाः, क्रमभुवः पर्याया उक्ता भणिता इति। तद्यथा। गुणपर्ययवद् द्रव्यं ज्ञातव्यम्। इदानीं तस्य द्रव्यस्य गुणपर्यायाः कथ्यन्ते। सहभुवो गुणाः, क्रमभुवः पर्यायाः, इदमेकं तावत्सामान्यलक्षणम्। अन्वयिनो गुणाः व्यतिरेकिणः पर्यायाः, इति द्वितीयं च। यथा जीवस्य ज्ञानादयः पुद्गलस्य वर्णादयश्चेति। ते च प्रत्येकं द्विविधाः स्वभावविभावभेदेनेति। तथाहि। जीवस्य तावत्कथ्यन्ते। सिद्धत्वादयः स्वभावपर्यायाः केवलज्ञानादयः स्वभावगुणा असाधारणा इति। अगुरुलघुकाः स्वभावगुणास्तेषामेव गुणानां षड्हानिवृद्धिरूपस्वभावपर्यायाश्च सर्वद्रव्यसाधारणाः। तस्यैव जीवस्य मतिज्ञानादिविभावगुणा नरनारकादिविभावपर्यायाश्च इति। इदानीं पुद्गलस्य कथ्यन्ते। केवलपरमाणुरूपेणावस्थानं स्वभावपर्यायः वर्णान्तरादिरूपेण परिणमनं वा। तस्मिन्नेव परमाणौ वर्णादयः स्वभावगुणा इति, द्व्यणुकादिरूप–स्कन्धरूपविभावपर्यायास्तेष्वेव द्व्यणुकादिस्कन्धेषु वर्णादयो विभावगुणा इति भावार्थः। धर्माधर्माकाशकालानां स्वभावगुणपर्यायास्ते च यथावसरं कथ्यन्ते। विभावपर्यायास्तूपचारेण यथा घटाकाशमित्यादि। अत्र शुद्धगुणपर्यायसहितः शुद्धजीव एवोपादेय इति भावार्थः।।५७।।

---

आगे द्रव्य, गुण, पर्यायका स्वरूप कहते हैं –

गाथा – ५७

अन्वयार्थ :– [ यत् ] जो [ गुणपर्याययुक्तं ] गुण और पर्यायोंकर सहित है, [ तत् ] उसको [ त्वं ] हे प्रभाकरभट्ट, तू [ द्रव्यं ] द्रव्य [ परिजानिहि ] जान, [ सहभुवः ] जो सदाकाल पाये जावें, नित्यरूप हों, वे तो [ तेषां गुणाः ] उन द्रव्योंके गुण हैं, [ क्रमभुवः ] और जो द्रव्यकी अनेकरूप परिणति क्रमसे हों अर्थात् अनित्यपनेरूप समय–समय उपजे, विनशे, नानास्वरूप हों वह [ पर्यायाः ] पर्याय [ उक्ताः ] कही जाती हैं।।

भावार्थ :– जो द्रव्य होता है, वह गुणपर्यायकर सहित होता है। यही कथन तत्त्वार्थसूत्रमें कहा है 'गुणपर्यायवद्द्रव्यं'। अब गुणपर्यायका स्वरूप कहते हैं – 'सहभुवो गुणाः क्रमभुवः

पर्यायाः' यह नयचक्र ग्रंथका वचन है, अथवा 'अन्वयिनो गुणा व्यतिरेकिणः पर्यायाः' इनका अर्थ ऐसा है, कि गुण तो सदा द्रव्यसे सहभावी हैं, द्रव्यमें हमेशा एकरूप नित्यरूप पाये जाते हैं, और पर्याय नानारूप होती हैं, जो परिणति पहले समयमें थी, वह दूसरे समयमें नहीं होती, समय-समयमें उत्पाद व्ययरूप होता है, इसलिये पर्याय क्रमवर्ती कहा जाता है। अब इसका विस्तार कहते हैं – जीव द्रव्यके ज्ञान आदि अर्थात् ज्ञान, दर्शन, सुख, वीर्य, आदि अनंत गुण हैं, और पुद्गल-द्रव्यके स्पर्श, रस, गंध, वर्ण, इत्यादि अनंतगुण हैं, सो ये गुण तो द्रव्यमें सहभावी हैं, अन्वयी हैं, सदा नित्य हैं, कभी द्रव्यसे तन्मयपना नहीं छोड़ते। तथा पर्यायके दो भेद हैं – एक तो स्वभाव दूसरी विभाव। जीवके सिद्धत्वादि स्वभाव-पर्याय हैं, और केवलज्ञानादि स्वभाव-गुण हैं। ये तो जीवमें ही पाये जाते हैं, अन्य द्रव्यमें नहीं पाये जाते। तथा अस्तित्व, वस्तुत्व, द्रव्यत्व, अगुरुलघुत्व, ये स्वभावगुण सब द्रव्योंमें पाये जाते हैं। अगुरुलघु गुणका परिणमन षट्गुणी हानि-वृद्धिरूप है। यह स्वभावपर्याय सभी द्रव्योंमें हैं, कोई द्रव्य षट्गुणी हानि-वृद्धि बिना नहीं है, यही अर्थ-पर्याय कही जाती हैं, वह शुद्ध पर्याय है। यह शुद्ध पर्याय संसारीजीवोंके सब अजीव-पदार्थोंके तथा सिद्धोंके पायी जाती है, और सिद्धपर्याय तथा केवलज्ञानादि गुण सिद्धोंके ही पाया जाता है, दूसरोंके नहीं। संसारी-जीवोंके मतिज्ञानादि विभावगुण और नर-नारकी आदि विभावपर्याय ये संसारी-जीवोंके पायी जाती हैं। ये तो जीव-द्रव्यके गुण-पर्याय कहे और पुद्गलके परमाणुरूप तो द्रव्य तथा वर्ण आदि स्वभावगुण और एक वर्णसे दूसरे वर्णरूप होना, ये विभावगुण व्यंजन-पर्याय तथा एक परमाणुमें जो तीन इत्यादि अनेक परमाणु मिलकर स्कंधरूप होना, ये विभावद्रव्य व्यंजन-पर्याय हैं। द्व्यणुकादि स्कंधमें जो वर्ण आदि हैं, वे विभावगुण कहे जाते हैं, और वर्णसे वर्णान्तर होना, रससे रसान्तर होना, गंधसे अन्य गंध होना, यह विभाव-पर्याय हैं। परमाणु शुद्ध द्रव्यमें एक वर्ण, एक रस, एक गन्ध और शीत उष्णमेंसे एक तथा रूखे-चिकनेमेंसे एक, ऐसे दो स्पर्श, इस तरह पाँच गुण तो मुख्य हैं, इनको आदिसे अस्तित्वादि अनंतगुण हैं, वे स्वभाव-गुण कहे जाते हैं, और परमाणुका जो आकार वह स्वभावद्रव्य व्यंजन-पर्याय है, तथा वर्णादि गुणरूप परिणमन वह स्वभावगुण व्यंजन-पर्याय है। जीव और पुद्गल इन दोनोंमें तो स्वभाव और विभाव दोनों हैं, तथा धर्म, अधर्म, आकाश, काल, इन चारोंमें अस्तित्वादि स्वभाव-गुण ही हैं, और अर्थपर्याय षट्गुणी हानि-वृद्धिरूप स्वभाव-पर्याय सभीके हैं। धर्मादिके चार पदार्थोंके विभावगुण-पर्याय नहीं हैं। आकाशके घटाकाश मठाकाश इत्यादिकी जो कहावत है, वह उपचारमात्र है। ये षट्द्रव्योंके गुण-पर्याय कहे गये हैं। इन षट् द्रव्योंमें जो शुद्ध गुण, शुद्ध पर्याय सहित जो शुद्ध जीव द्रव्य है, वही उपादेय है-आराधने योग्य है।।५७।।

હવે દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ કહે છે :

ભાવાર્થ : 'गुणपर्यायवदद्रव्यं' જાણવું (ગુણપર્યાયવાળું તે દ્રવ્ય જાણવું) હવે તે દ્રવ્યના ગુણપર્યાય કહેવામાં આવે છે : सहभुवो गुणाः क्रमभुवः पर्यायाः (સહભાવી ગુણો છે, ક્રમભાવી પર્યાયો છે.) આ એક પહેલું સામાન્ય લક્ષણ છે. अन्वयिनो गुणा व्यतिरेकिणः पर्यायाः (અન્વયી તે ગુણો છે, વ્યતિરેકી તે પર્યાયો છે), એ બીજું લક્ષણ છે. જેમ કે : જીવના જ્ઞાનાદિ અને પુદ્‌ગલના વર્ણાદિ ગુણો અને તે દરેક સ્વભાવ અને વિભાવના ભેદથી બે પ્રકારે છે તે આ પ્રમાણે :

પ્રથમ જીવના ગુણપર્યાયો કહેવામાં આવે છે. સિદ્ધત્વાદિ જીવના અસાધારણ સ્વભાવ-પર્યાયો છે અને કેવળજ્ઞાનાદિ જીવના અસાધારણ સ્વભાવગુણો છે. અગુરુલઘુ તે સર્વદ્રવ્યના સાધારણ સ્વભાવ ગુણો છે, તે જ ગુણોની ષટ્‌ગુણહાનિવૃદ્ધિરૂપ સ્વભાવ પર્યાયો છે. તે જીવને મતિજ્ઞાનાદિ વિભાવગુણો અને નરનારકાદિ વિભાવપર્યાયો છે.

હવે પુદ્‌ગલના ગુણપર્યાય કહેવામાં આવે છે : કેવળ પરમાણુરૂપે રહેવું તે અથવા વર્ણાન્તરાદિરૂપે (એક વર્ણથી બીજા વર્ણરૂપે) પરિણમવું તે સ્વભાવપર્યાય છે. તે પરમાણુમાં વર્ણાદિ સ્વભાવગુણો છે, દ્વ્યણુકાદિ સ્કંધરૂપ વિભાવપર્યાયો છે, તે દ્વ્યણુકાદિ સ્કંધોમાં વર્ણાદિ વિભાવગુણો છે એવો ભાવાર્થ છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યને સ્વભાવગુણ અને સ્વભાવપર્યાયો છે અને તે યોગ્ય સમયે કહેવામાં આવશે. અને (આકાશને) વિભાવપર્યાયો ઉપચારથી છે, જેમ કે ઘટાકાશ, (મઠાકાશ) વગેરે.

અહીં શુદ્ધ ગુણપર્યાય સહિત શુદ્ધ જીવ જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૫૭.

## ગાથા-૫૭ ઉપર પ્રવચન

'આગે દ્રવ્ય, ગુણ, પર્યાયકા સ્વરૂપ કહતે હૈં :' ૫૭.

૫૭) तं परियाणहि दव्वु तुहुँ जं गुण-पज्जय-जुत्तु।
सह-भुव जाणहि ताहँ गुण कम-भुव पज्जउ वुत्तु।।५७।।

**અન્વયાર્થ :-** '**જો ગુણ ઔર પર્યાયોંકર સહિત હૈ, ઉસકો હે પ્રભાકરભટ્ટ, તૂ દ્રવ્ય જાન,...**' દ્રવ્યની વ્યાખ્યા. ગુણ અને પર્યાયસહિત તેને દ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- પર્યાયરહિતનું દ્રવ્ય જાણ.

ઉત્તર :- ઈ નહિ. અહીં તો દ્રવ્યને પરથી તદ્દન ભિન્ન દ્રવ્ય લેવું છે. '**पर्यायविजुत्तं दव्वं**' એટલે? પર્યાયરહિત દ્રવ્ય નથી. પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ વાત છે. પોતામાં વળી પર્યાયરહિત દ્રવ્ય છે એ જુદું. એ તો બેમાં પાછા ભેદ પાડવા છે. અહીં તો ગુણ,

પર્યાયસહિત દ્રવ્ય છે એમ સિદ્ધ કરવું છે. ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે. આહાહા..! અને તે ગુણ-પર્યાયવાળું દ્રવ્ય પરને લઈને નહિ. એમ. પોતાના ગુણ અને પર્યાયને લઈને દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

ગુણ અને સમયે સમયે થતી પર્યાય એ ગુણ-પર્યાયસહિત દ્રવ્ય છે. એટલે એની પર્યાય પરને કારણે ઊપજે છે એમ નથી. એ દ્રવ્ય જ પોતાના ગુણ-પર્યાય સહિતવાળું છે. સમજાણું કહું છું ઈ? ક્ષણે ક્ષણે પર્યાય જે થાય છે એ ગુણની. અને એ ગુણ-પર્યાયસહિત દ્રવ્ય છે. એટલે કે પર્યાયની ઉત્પત્તિવાળું, ગુણવાળું તે દ્રવ્ય છે. એની પર્યાયને કોઈ બીજો ઉપજાવે છે (એમ નથી). અને એની પર્યાયને પોતે જ ગુણની પર્યાય થાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- સોની સોનાને ઘડે કે ન ઘડે?

ઉત્તર :- સોનાને શું ઘડે? દાગીનો સોનાથી થાય છે. સોનીથી નહિ. કીધું નહિ? ૩૭૨ ગાથામાં. માટીથી ઘડો થાય છે. કુંભારથી નહિ. સોનીથી દાગીનો થતો નથી. દાગીનો. દાગીનો કહે છે ને? ઝવેરાત. એની પર્યાય પોતાથી થાય છે, સોનીથી નહિ. આહાહા..! એ તો ૩૭૨માં કહ્યું નહિ? કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ.

મુમુક્ષુ :- એ ભલે ન હોય, ગુરુથી તો જ્ઞાન થાય છે.

ઉત્તર :- બિલકુલ નહિ કોઈથી. જુઓ! 'માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...' અડ્યા વિના 'પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.' કહો.

મુમુક્ષુ :- કુંભાર ભલે ન હો, પણ ગુરુ વિના જ્ઞાન ન થાય.

ઉત્તર :- આહાહા..! આ પ્રમાણે બધું લઈ લેવું. કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. એમ સ્ત્રી રોટલીની કરનાર છે નહિ. એમ ચિત્રકાર ચિત્રનો કરનારો છે જ નહિ.

મુમુક્ષુ :- કાગળનું લખાણ?

ઉત્તર :- કાગળનો લખનાર ઈ છે જ નહિ. એની પર્યાય એનાથી થઈ છે, પરથી થઈ નથી.

મુમુક્ષુ :- બધું મંજૂર છે.

ઉત્તર :- એક રાખો. એ આવે. વ્યવહારથી એમ કહેવાય. એ આત્માના ગુરુ વિના જ્ઞાન નહિ. ભગવાન જગતપિતા પરમઆત્મા, એના વિના એની પર્યાય નહિ. પિતા વિના પર્યાય નહિ. પોતે ધર્મપિતા આત્મા છે. એની પર્યાય એના ધર્મપિતાની. પર વિના હોય. આહાહા..! આવી વાત છે, ભાઈ ! લોકોને એથી જ લાગે છે ને.

મુમુક્ષુ :- આપનું બધું રાખો, અમારી તો એક વાત છે, ગુરુ વિના જ્ઞાન નહિ.

ઉત્તર :- ગુરુ તો એને કીધો છે. 'ઈષ્ટોપદેશ'માં. તેં તને સમજાવ્યો માટે તું તારો ગુરુ. એમ કહ્યું છે. 'ઈષ્ટોપદેશ'માં છે. તેં તને સમજાવ્યો ને કે હું આ દ્રવ્ય છું, શુદ્ધ છું, અખંડ છું. માટે તું તારો ગુરુ.

મુમુક્ષુ :- 'કાનપુર'થી એટલે આવ્યા છીએ?

ઉત્તર :- એ 'કાનપુર'થી સમજે છે. આહા..! વાંધા જ આ બધા ઉઠ્યા છે ને. ઓલાને કીધું ને? નિમિત્તથી થાય નહિ. એક 'કેશુભાઈ' છે, 'વઢવાણ'માં. દશાશ્રીમાળી. એને બીજાએ કહ્યું કે, નિમિત્તથી થાય નહિ (એમ કહો છો) તો તમે ન્યાં શું કરવા સાંભળવા જાઓ છો? ભઈ! નિમિત્તથી નથી થતું એ અમારું દૃઢ થાય છે. એ અમારે માટે છે. અમે નિમિત્ત માટે જતા નથી.

મુમુક્ષુ :- દૃઢતા તો થાય ને.

ઉત્તર :- પણ એ પોતાથી થાય. આવી વાતું ભારે. આહાહા..! લોકોને મુશ્કેલી પડે એવું છે. લોકો મશ્કરી કરે છે. એ વાંચ્યું છે તમે? નહિ વાંચ્યું હોય. 'જૈનસંદેશ'. 'કૈલાસચંદજી'એ લખ્યું છે. ઘોર નિમિત્તનું સાધન કરે છે અને માનતા નથી. ઘોર ઉપાદાનનું કરવા સાધન તો બનાવે છે અને ના પાડે છે. અરે..! પ્રભુ! એ જ કીધું ને એમાં ભાઈએ? અબુદ્ધસ્ય બોધનાર્થં. જ્ઞાની વ્યવહારથી કહે અને ઓલો પકડે કે તમે કીધું ને વ્યવહારથી. એટલે ... આહાહા..! એનાથી અમે સમજીએ છીએ કે નહિ? અરે..! ભાઈ! અને તમે પણ વ્યવહાર સમજાવવા વાણીનો આશ્રય લ્યો છો કે નહિ? પુસ્તકનો આશ્રય લ્યો છે કે નહિ? એમ ઓલો બોલે. ભાઈ! એમ ન બોલાય. એમ ન થાય. એમ તર્ક ન થાય. અમે પૂછીએ છીએ અને તમે ઉત્તર આપો છો. ત્યારે તમે નિમિત્તનો સહારો ન લીધો અમને ઉત્તર દેવામાં? અરે..! પ્રભુ! એમ ન કહેવાય. સમજાણું કાંઈ? આહાહા..!

મોટા અવાજે અમે કહ્યું છે. નથી આવતું? 'પ્રવચનસાર' છેલ્લી ગાથા. મોટે અવાજે અમે કહ્યું ઈ બધું સ્વાહા થઈ ગયું. તું સમજ તો કહેવાણું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પાછા એમ કહે, અમે કાંઈ કીધું નથી.

ઉત્તર :- અમે કાંઈ કહ્યું નથી. આહાહા..! ઓહોહો..! વસ્તુનું સ્વરૂપ આવું છે. અહીં ઈ કહે છે, ગુણ-પર્યાયવાળું દ્રવ્ય. એટલે દરેક દ્રવ્ય પોતાના કાર્યવાળું દ્રવ્ય છે, એમ કહે છે. પર્યાયવાળું એટલે (એનો અર્થ ઈ). એના કાર્ય માટે બીજું હોય છે એમ નથી. બીજી ચીજ ભલે હો. વિશેષ કહેવાશે,... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૬, શનિવાર
## તા. ૧૭-૦૭-૧૯૭૬, ગાથા-૫૭, ૫૮ પ્રવચન નં. ૩૭

'પરમાત્મપ્રકાશ' ૫૭ ગાથા. દ્રવ્ય, ગુણ, પર્યાયની વ્યાખ્યા.

**ભાવાર્થ :- 'જો દ્રવ્ય હોતા હૈ, વહ ગુણપર્યાયકર સહિત હોતા હૈ.'** કોઈપણ ચીજ છે (એ) એના ગુણ અને પર્યાય સહિત જ હોય છે. લ્યો. દરેક દ્રવ્ય એના ગુણ, પર્યાય સહિત જ હોય છે. બીજો એની પર્યાય શી રીતે કરે? દરેક ક્ષણની વાત છે ને? દરેક પદાર્થ પોતાના

ગુણ અને પર્યાય સહિત છે. દરેક સમયે. એથી બીજો પદાર્થ એની પર્યાયને કરે (એમ છે નહિ). છે (પર્યાય) સહિત એને બીજો કરે શું?

મુમુક્ષુ :- અનંત શકિત એમાં હોય છે ને.

ઉત્તર :- અનંત શકિત કોનામાં? પોતામાં કે પરને કારણે? એ કળશમાં આવ્યું છે. એવી એક શકિત લ્યો કે પરનું કરી શકે. અંદર કળશમાં છે. એવી શકિત છે જ નહિ. આહાહા..!

પહેલો સિદ્ધાંત આ. પ્રત્યેક દ્રવ્ય '**ગુણપર્યાયકર સહિત હોતા હૈ.**' આહાહા..! દરેક સમયે તે તે દ્રવ્ય પોતાના ગુણ, પર્યાય સહિત છે. આહાહા..! એટલો સિદ્ધાંત છે. એને બીજું દ્રવ્ય આવે તો પર્યાય થાય (એમ છે નહિ). ગુણ, પર્યાય સહિત તો છે. આહાહા..! બે કારણ કીધાં છે ને? એ તો બીજું કારણ તો ઉપચારિક જાણવા માટે કહ્યું છે. ખરું તો દરેક પદાર્થ-દરેક આત્મા, દરેક રજકણ વર્તમાન પોતાના ગુણ અને કાર્ય સહિત છે. પર્યાય એટલે કાર્ય. સમજાણું કાંઈ? દરેક દ્રવ્ય ગુણ અને કાર્ય સહિત છે. પર્યાય સહિત કહો કે કાર્ય સહિત કહો. તો એના કાર્યને માટે બીજા દ્રવ્યની જરૂર છે એમ એમાં છે નહિ. આહાહા..! એક વાત.

'**યહી કથન તત્ત્વાર્થસૂત્રમેં કહા હૈ, 'गुणपर्यायवद्द्रव्यं'**. જોયું? ગુણ અને પર્યાયવાળું તે દ્રવ્ય. તેના ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય. આહાહા! એવા સિદ્ધાંત છે ને! '**અબ ગુણપર્યાયકા સ્વરૂપ કહતે હૈં...'सहभुवो गुणाः क्रमभुवः पर्यायाः**' યહ નયચક્ર ગ્રંથકા કથન હૈ, અથવા '**अन्वयिनो गुणा व्यतिरेकिणः पर्यायाः**' વ્યતિરેક (એટલે) ભિન્ન-ભિન્ન થાય તે પર્યાય. '**ઇનકા અર્થ ઐસા હૈ, કિ ગુણ તો સદા દ્રવ્યસે સહભાવી હૈં,...**' એ વ્યાખ્યા બરાબર નથી. ગુણને જે સહભાવી કહ્યા છે એ દ્રવ્યની સાથે છે માટે સહભાવી કહ્યા છે એમ નથી. કારણ કે દ્રવ્યની સાથે ગુણ પણ છે અને દ્રવ્યની સાથે પર્યાય પણ છે. એટલે દ્રવ્યની સાથે ગુણ રહે તો એને સહભાવી કહેવા, તો એ અતિવ્યાપ્તિ દોષ થઈ જાય છે. કારણ કે પર્યાય પણ સાથે (રહે છે). 'પંચાધ્યાયી'માં છે. 'પંચાધ્યાયી'માં. ભાઈ! એ વાત થઈ ગઈ છે પહેલી.

'**દ્રવ્યસે સહભાવી હૈ, દ્રવ્યમેં હમેશા એકરૂપ નિત્ય પાયે જાતે હૈં,...**' એમ વ્યાખ્યા નથી. ગુણ એને કહીએ દરેક ગુણ સહભાવી-સાથે ગુણ હોય. શું કીધું? 'ચંદુભાઈ'! દ્રવ્યની સાથે હોય એમ નહિ. ગુણ દરેક સાથે જ હોય. પર્યાય સાથે ન હોય, ક્રમસર (હોય). એવી એની વ્યાખ્યા છે.

મુમુક્ષુ :- ... ગુણની સાથે લાગુ થાય છે.

ઉત્તર :- ગુણની સાથે ગુણ છે. દ્રવ્યની સાથે ગુણ છે માટે સહભાવી એમ નહિ. સહભાવી ગુણ કીધા છે. ગુણ ગુણની સાથે એકસાથે હોય છે. એનો અર્થ ઈ છે કે વસ્તુ છે એમાં ગુણ જે છે એ દરેક ગુણ આમ સાથે છે. એકસાથે. ગુણ ગુણની સાથે સહભાવી છે.

ગુણ દ્રવ્યની સાથે સહભાવી છે એમ નહિ. સમજાણું કાંઈ? સમજાણું?

મુમુક્ષુ :- બધું સરખું લાગે છે.

ઉત્તર :- શું લાગે છે સરખું? ઉગમણો-આથમણો ફેર (પડે છે). દ્રવ્યની સાથે રહે તો ગુણ કહો તો પર્યાય પણ દ્રવ્યની સાથે રહે છે. એનું લક્ષણ યથાર્થ ન થયું. અહીં તો એવી વાત છે. વાણિયાવાડ નથી અહીં. આહા..! દ્રવ્યની સાથે ગુણ રહે માટે સહભાવી. તો દ્રવ્યની સાથે પર્યાય પણ સદાય રહે છે. એ લક્ષણ અતિવ્યાપ્તિ થઈ ગયું. એ વાસ્તવિક લક્ષણ ન થયું. 'ધન્નાલાલજી'! એ વાત 'પંચાધ્યાયી'માં લીધી છે. એ તો તે દિ' વાંચ્યું ત્યારે (કહ્યું હતું).

'**सहभुवो**'નો અર્થ એ નહિ. ગુણો દ્રવ્યની સાથે રહે માટે '**सहभुवो**' એમ નહિ. ગુણ ગુણની સાથે રહે માટે '**सहभुवो**'. આહાહા..! લક્ષણ અને સ્વરૂપ એવું હોવું જોઈએ ને કે જેમાં વ્યાજબીપણું ઉભું થાય, યથાર્થપણે. આહાહા..!

મુમુક્ષુ :- ગુણ ગુણની સાથે રહે છે.

ઉત્તર :- ગુણ ગુણની સાથે (રહે છે). અને તેથી.. જુઓ!

'**सहभुवो गुणाः**' છે? '**क्रमभुवः पर्यायाः**' એટલે પર્યાય બધી સાથે ન હોય. ક્રમસર પર્યાય હોય. ગુણ એકસાથે હોય. ગુણ ગુણ એકસાથે હોય. પર્યાય એકસાથે ન હોય, ક્રમભાવી (હોય). આહાહા..! સમજાણું કાંઈ? આ વીતરાગદર્શનનું દ્રવ્યાનુયોગ તત્ત્વ આ રીતે છે. બીજી રીતે માને તો વસ્તુની સ્થિતિ પલટી જાય. દ્રવ્યમાં ગુણ જે છે એ એકસાથે આમ ગુણનો વિસ્તાર છે. ગુણ ગુણની સાથે એકસાથે છે. તેથી એને સહભાવી કહ્યા છે. ગુણ દ્રવ્યની સાથે છે માટે સહભાવી કહ્યા છે, એમ નહિ. સમજાણું કાંઈ? અને પર્યાયને ક્રમભાવી કહી છે. ઈ આમ જ્યારે ગુણ એકસાથે છે, પર્યાય એકસાથે નથી. ક્રમસર, ક્રમભાવી, ક્રમબદ્ધ (છે). એવું છે. એની મશ્કરી કરે છે.

'લલિતપુર'માં થયું ને? માર્યા છે. એમ કે, ક્રમબદ્ધ થવાનો 'કાનજીસ્વામી'નો મત છે તો ક્રમબદ્ધ છે એમ માની લેજો, આની ટીકા કરશો નહિ. અરેરે..! એવું છાપામાં આવ્યું છે. ભાઈનો તો કાગળ બિચારાનો આવી ગયો. 'રમેશભાઈ' એ જરી કડક ભાષા લખી હતી. 'સ્વાધ્યાય મંદિર'વાળા નપુંસક છે. કંઈ સામું ન કહ્યું. એ પછી કાલે કાગળ આવ્યો. મારી ભૂલ થઈ ગઈ, મેં આવેશમાં લખી નાખ્યું. કોઈની સામે પડવું એ કંઈ કામ છે? સહન કરી લેવું. માફી આવી છે. કાલે કાગળ આવ્યો છે. મારી ભૂલ થઈ ગઈ. મેં સ્વાધ્યાય મંડળને નપુંસક કહ્યા. માર્યા ને સામે કોઈ મદદમાં ન રહ્યું ને. કાંઈ કર્યું નહિ એટલે. એ તો કોને કહેવું? બાપા! આહાહા..!

દરેક દ્રવ્યની પર્યાય ક્રમસર એક પછી એક, એક પછી એક તે તે થવાની તે તે થાય, તો ક્રમસર કહેવાય. આડીઅવળી થાય નહિ. આહા..! પર્યાયનું આવું સ્વરૂપ છે. અને ગુણનું એવું સ્વરૂપ છે કે બધા એકસાથે રહે. આવી દ્રવ્યના ગુણની અને દ્રવ્યના પર્યાયની વ્યાખ્યા છે. આહાહા..! આ તો પહેલી મુદ્દાની રકમ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ ક્રમબદ્ધ પર્યાય તો આપની જ છે ને.

ઉત્તર :- કોની છે? લોકો એમ કહે. એણે કાઢી છે ને. અહીંથી નીકળી છે ને એટલે (કહે છે). એ તો પહેલા જ્યારે (સંવત) ૨૦૧૩માં નીકળ્યા ત્યારે 'બનારસ'માં એક ગૃહસ્થને ત્યાં આહાર કરવા જતા હતા. ઝવેરી છે ને? કોઈ ગૃહસ્થ છે. એને ન્યાં મોટી પ્રતિમા ઝવેરાતની હતી. ચોરાઈ ગઈ ને પાછી આવી ગઈ. ત્યાં આહાર કરવા જતા હતા. બધા સાથે હતા. 'ફૂલચંદજી', 'કૈલાસચંદજી'. કીધું, વસ્તુ ક્રમબદ્ધ છે. 'ફૂલચંદજી' કહે, જો ક્રમબદ્ધ ન હોય તો વૈશેષિક મત થઈ જાય છે. માટે બરાબર છે.

અહીંયાં વિદ્વત પરિષદ વખતે ક્રમબદ્ધની મોટી ચર્ચા થઈ હતી. 'જગનમોહનલાલજી' કહે, ક્રમબદ્ધ નહિ. કારણ કે એ બધા ભણેલા બીજી રીતે. અને 'લાલબહાદુરે' તે દિ' ક્રમબદ્ધ સ્વીકાર્યું. તે દિ' સ્વીકાર્યું હતું. છે ને? તે દિ' સ્વીકાર્યું હતું. પાછો ફરી ગયો હવે. યથાર્થપણું ફરે? પર્યાય ફરે. માર્ગ તો આ છે. આ (માર્ગ) કાંઈ કોઈના ઘરનો છે? સર્વજ્ઞ પરમેશ્વરે આવું જ વસ્તુનું સ્વરૂપ જોયું છે તેમ કહ્યું છે. જાણ્યું ને જોયું તેમ કહ્યું. આહાહા..! દ્રવ્ય, ગુણ, પર્યાયની ત્રણની વ્યાખ્યા બરાબર સમજવી જોઈએ. તો બધો ઝઘડો નીકળી જાય. બીજાથી થાય ને આનાથી થાય ને આડીઅવળી થાય ને એ બધો ઝઘડો નીકળી જાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ કઈ રીતે નીકળી જાય, બધું સમજાવો.

ઉત્તર :- આ કહે છે ને. દ્રવ્ય છે એનું જેને જ્ઞાન કરવું હોય તો દ્રવ્યમાં જેટલા ગુણો છે એ બધા એકસાથે રહે છે. આડાઅવળા નહિ, એક પછી એક નહિ. કે પહેલું જ્ઞાન ને પછી દર્શન ને પછી (ચારિત્ર.. એમ નહિ). એકસાથે આમ છે. તેથી તેને સહભાવી કહીએ. પર્યાયને ક્રમભાવી કહીએ. કોઈ પર્યાય એકસાથે અનંતી ન હોય. દરેક ગુણની પર્યાય એમ અનંતી હોય. પણ એક ગુણની પર્યાય એકસાથે બે, ત્રણ, ચાર સાથે હોય એમ ન હોય. ક્રમસર હોય. સમજાણું કાંઈ? આહાહા..! આ એક વ્યાખ્યા સમજે તો આનાથી થાય ને આનાથી ન થાય ને કેમ કહ્યું, એનો ખુલાસો આવી જાય. આહાહા..!

કાલે આવ્યું છે. બે કારણથી, બે સામગ્રીથી દ્રવ્યનું કાર્ય થાય. પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે, ભાઈ! દરેક સમયે પર્યાય ક્રમસર થાય છે અને તેમાં નિમિત્ત પણ સામે ચીજ હોય જ છે. હોય છે માટે થઈ છે એમ નથી. આ મોટો ફેર. સમજાણું કાંઈ? ધર્માસ્તિકાય છે માટે જીવ ગતિ કરે છે, એમ છે? તો ધર્માસ્તિ તો ત્રિકાળ છે તો ગતિ ત્રિકાળ કર્યા જ કરવી જોઈએ.

મુમુક્ષુ :- તો તો ગતિ જ કર્યા કરે.

ઉત્તર :- થઈ રહ્યું. તો એનો અર્થ શું થયો? કે ગતિ કરવા કાળે તે ક્રમસરમાં ગતિ થવાનો પર્યાય થાય, ત્યારે ધર્માસ્તિ છે એને નિમિત્તથી, આરોપથી કહેવાય. આહાહા..! આ તો વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિનું સ્વરૂપ છે. દ્રવ્ય, ગુણ, પર્યાયના જ્ઞાનમાં ગોટા ઉઠ્યા તો આ બધો ગોટો ઉઠ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમને દ્રવ્ય, ગુણ, પર્યાયથી શું મતલબ છે? ધર્મ કરવો છે.

ઉત્તર :- ધર્મ તે પર્યાય છે, તો કોનાથી થાય? દ્રવ્ય, ગુણથી થાય. એનું એને નક્કી કરવું પડશે કે નહિ? ધર્મ પર્યાય છે. કરવું છે ને એને? ધર્મ કરવો છે ને? ત્યારે એનો અર્થ થયો કે એની પર્યાયમાં ધર્મ નથી. પર્યાયમાં નથી, ગુણ-દ્રવ્યમાં છે. જો એની પર્યાયમાં હોય તો કરવો છે, આ છે એને ટાળવો છે અને નવો કરવો છે એવું હોય નહિ. આહાહા..! એટલે જેને ધર્મ કરવો છે એ પ્રશ્ન ઉઠે ત્યાં એને પર્યાયમાં ધર્મ થાય, એ પર્યાય ક્રમવર્તી છે. ગુણ અને દ્રવ્ય ત્રિકાળ છે, તેને આશ્રયે થાય. આહાહા..! વાત તો બહુ સાદી છે પણ હવે... ગંભીર છે. આહાહા..!

'**દ્રવ્યસે સહભાવી...**' એમ ન લેવું. '**દ્રવ્યસે સહભાવી...**' એમ ન લેવું. દ્રવ્યમાં ગુણ સદા હોય છે, એટલું. પણ સહભાવી જે શબ્દ છે, એ ગુણ અને ગુણની સાથે સહભાવી છે. સમજાણું કાંઈ? આંતરો પડ્યો છે ક્યાં? દ્રવ્યની સાથે રહે એ ગુણ (એમ કહો તો) દ્રવ્યની સાથે પર્યાય સદાય રહે છે. કે દિ' પર્યાય નથી? ખૂબી તો એ છે કે એક સમયમાં આમ અક્રમ ગુણો છે. ગુણો ગુણની સાથે અક્રમ કહો કે સાથે કહો અને પર્યાય ક્રમ છે. ક્રમ છે તો આમ છે. એક પછી એક, એક પછી એક... ધારાવાહી.. છએ દ્રવ્યનું પરિણમન ધારાવાહી ચાલે છે. એક સમય પણ ત્યાં વિસામો નથી. આહાહા..! એ પરિણતિ પોતાથી થાય છે. તેથી 'પ્રવચનસાર'માં એમ કહ્યું કે, એની ઉત્પત્તિનો કાળ છે ઈ. પર્યાયનો ઉત્પત્તિનો એ ક્ષણ છે. માટે ઉત્પત્તિ થઈ છે. 'અમરચંદભાઈ'! નિમિત્ત આવ્યું માટે થઈ છે (એમ નથી). આહાહા..!

મુમુક્ષુ :- .. સમજી જાવું જોઈએ ને.

ઉત્તર :- શું સમજે? ઈ તો જ્ઞાન કરવા માટે છે પણ ઈ આવ્યું તો થાય એ માટે નથી ઈ. સમજાણું કાંઈ? નિમિત્તમાં પણ એના ક્રમસર પર્યાય થાય છે કે નહિ એને પણ? એનું પણ ઉપાદાન છે કે નહિ? એ તો આની અપેક્ષાએ નિમિત્ત છે. નિમિત્ત ઉપાદાનની પર્યાય પણ ક્રમસર એનામાં થાય છે. આહાહા..! ભગવાનઆત્મા પોતાના સ્વભાવનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શનની પર્યાય થઈ, તે ક્ષણે પર્યાય થવાની તે થઈ. એનો કાળ ઈ હતો. એ વખતે દર્શનમોહનો ત્યાં અભાવ થયો એનો પણ ક્રમબદ્ધમાં અભાવ થવાના પર્યાયનો એનો કાળ હતો. આહાહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ ! વીતરાગ સર્વજ્ઞદર્શન વિશ્વદર્શન છે. ઓલા વિશ્વધર્મ પ્રેરક કહે છે એમ નહિ આ. આ 'વિદ્યાનંદજી' ને ઓલા 'સુશિલ' (કહે છે). વિશ્વધર્મ પ્રેરક. વિશ્વધર્મ તો આ જૈનધર્મ છે. વાસ્તવિક સ્વરૂપ છે એ તો જૈનધર્મ છે. આહાહા..! જૈનધર્મ કહો કે વિશ્વધર્મ આ રીતે. બીજાઓ કહે અને ભેળવીને વિશ્વધર્મ છે એમ નથી. આહાહા..! જગતની દ્રવ્ય, ગુણ, પર્યાયની સ્થિતિ આવી છે, એ જૈનદર્શનમાં જ છે આ. સમજાણું કાંઈ? એની જેને કબુલાત થઈ એને વિશ્વદર્શન થયું. વિશ્વનો પદાર્થ જે આત્મા કે જડ, એનું અહીં દર્શન થતાં જડ આમાં નથી એ પણ ભેગી પ્રતીત આવી ગઈ. સમજાણું કાંઈ? આહાહા..!

ક્રમસરમાં પર્યાય ક્રમે થઈ એ પર્યાય સમ્યગ્દર્શનને આધાર તો દ્રવ્ય હતો. ત્યાં આશ્રય દ્રવ્યનો હતો. એ દ્રવ્યમાં ક્રમસર થઈ. સમજાણું કાંઈ? એવી પર્યાયનો નિર્ણય કરે એની તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય અને પર્યાય પોતાથી થાય. આવી વાત છે જરી. વાત ઝઘડે પાર પડે એવું નથી. એમ કહે છે, નિશ્ચયની વાત કરો છો અને વ્યવહારના સાધન વડે કરીને નિશ્ચયને સિદ્ધ કરવા માગો છો. અરેરે..! આ શું છે? ભાઈ! કોઈ પણ વાત કહેવી હોય તો વાણી દ્વારા આવે. વાણી જડ છે. દ્રવ્યની સાથે રહે ઈ ગુણ નહિ. પણ ગુણની સાથે રહે એ ગુણ. ઈ બોલે કોણ? વાણી. તમે એમ ત્યાં, તમે કહો, જુઓ! વાણીનો આશ્રય લીધો કે નહિ કહેવામાં? ભાઈ! એમ નથી. વાણી પણ તેને ક્રમકાળે વાણી નીકળી છે. એનો પણ પર્યાયનો ક્રમ છે ત્યાં એ વાણી થઈ છે. આત્માએ કરી નથી. આહાહા..! શું થાય?

'**सहभुवो**' '**द्रव्यमें हमेशा एकरूप नित्यरूप पाये जाते हैं....**' એ તો વળી બીજી સાધારણ વાત છે. '**और पर्याय नानारूप होती हैं,...**' અનેકરૂપ થાય છે. '**जो परिणति पहले समयमें थी, वह दूसरे समयमें नहीं होती,...**' આ ક્રમ સિદ્ધ કરે છે. ગુણ તો એક સમયમાં બધા સાથે હોય છે. અને પર્યાય એક સમયમાં થઈ. પહેલા સમયમાં નહોતી. એ બીજે સમયે નહિ રહે. આહાહા..! અરે...! '**समय-समयमें उत्पाद-व्यय होता है,...**' લ્યો. ક્યા દ્રવ્યમાં ક્યા સમયમાં ઉત્પાદ-વ્યય નથી? એ તો પોતાનો સ્વભાવ છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. ઉત્પાદરૂપી કાર્ય ક્યા દ્રવ્યમાં કોઈ સમયમાં થયા વિના રહે છે? આહા...! સમજાણું કાંઈ? એ તો નિમિત્તપણું જે માનતો ન હોય, નિમિત્તથી થાય એમ નહિ, પણ નિમિત્ત જ નથી, એવું માનતો હોય એને બતાવ્યું છે. પણ નિમિત્તથી થાય એ ત્યાં બતાવવું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

પર્યાય એક પછી એક (થાય). એક પછી એક એટલે? '**समय-समयमें उत्पाद...**' લ્યો. '**पहले समयमें थी, वह दूसरे समयमें नहीं होती,...**' લ્યો. '**समय-समयमें उत्पाद-व्यय होता है...**' આહાહા..! '**इसलिये पर्याय क्रमवर्ती कहा जाता है.**' આ કારણે પર્યાયને ક્રમવર્તી (કહેવાય છે). સાધારણ શબ્દ નથી, હોં! આખા ત્રણકાળ ત્રણલોકના દ્રવ્યની સમય સમયની પર્યાય ક્રમસર છે. સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યને જ્યાં અવલંબે છે પછી પર્યાય ક્રમસર થવાની તે થાય જ છે. એને પર્યાયને પણ કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાય પર્યાયને તે સમયે કરે છે. દ્રવ્ય પણ પર્યાયને કરતું નથી. એ તો આવ્યું. ૩૨૦ ગાથા. આહાહા..! ક્રમસર પર્યાય પર્યાયને કરે એમાં દ્રવ્યનું ક્યાં કામ છે? સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો... ભાઈ!

મુમુક્ષુ :- પર્યાય પર્યાયને..

ઉત્તર :- પર્યાય પર્યાયને કરે. દ્રવ્ય નહિ. દ્રવ્ય તો ધ્રુવ છે. પરિણતિ થાય... એક સમયની પર્યાયમાં ષટ્કારક પરિણમન છે. દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના. શું કહ્યું? દરેક દ્રવ્યની જે સમયની ક્રમવર્તી પર્યાય (થાય) એ એક સમયના પર્યાયમાં ષટ્કારકપણું-

પર્યાય પર્યાયને કરે, પર્યાય પર્યાયનું કર્મ, પર્યાયનું સાધન પર્યાય. ઈ પર્યાય, હોં! ઈ ની ઈ. પર્યાયનું અપાદાન એનાથી થઈ, એના આધારે થઈ, ત્યાં ને ત્યાં રહી. એ ષટ્કારક એક સમયની પર્યાયમાં સ્વતંત્ર સ્વયંસિદ્ધ ષટ્કારક છે. દ્રવ્ય-ગુણને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. ક્રમવર્તી ક્રમે વર્તતી થાય છે એમ કીધું ને? થાય છે એનો અર્થ શું થયો? દ્રવ્ય કરે છે, ગુણ કરે છે એમ ન આવ્યું.

મુમુક્ષુ :- પર્યાયાર્થિકનયે કરે છે એમ આવે છે.

ઉત્તર :- પર્યાયાર્થિકનયે કરે છે. એ તો પર્યાય પર્યાયને કરે. એ તો ઈ થયું. એ તો પર્યાયાર્થિક ભેદથી જ્યારે કથન કરે ત્યારે કહે. કારણ કે એક સમયની પર્યાય જે જાય છે, ન્યાં ને ન્યાં. થાય છે ન્યાંથી. એટલી ભેદની અપેક્ષા લઈને દ્રવ્ય પર્યાયને કરે એમ કહેવામાં આવે. પણ વસ્તુસ્થિતિ જોઈએ તો પર્યાય પર્યાયને કરે છે, દ્રવ્ય પર્યાયને કરતું નથી. કેમકે પર્યાયનો ક્રમવર્તી થવાનો સ્વભાવ છે. પર્યાયનો ક્રમવર્તી થવાનો સ્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- પણ દ્રવ્ય પર્યાયને કરે એમાં શું દોષ આવે છે?

ઉત્તર :- એક સત્‌ને બીજા સત્‌ની અપેક્ષા છે જ નહિ. સત્ સ્વયં સત્ અહેતુક હોય.

મુમુક્ષુ :- દ્રવ્ય-પર્યાયમાં પણ..?

ઉત્તર :- એના માટે તો વાત ચાલે છે. પર્યાય સત્ છે. તે અહેતુક છે. કોઈ હેતુ નહિ. છે એને હેતુ શો? આહાહા..! આવો ખુલાસો દિગંબર સંતોએ જ કર્યો છે. એણે જૈનધર્મ અને અનાદિ સત્ છે એ ટકાવી રાખ્યું છે. આહાહા..!

જુઓને ! એટલી વ્યાખ્યા બાંધી. ગુણપર્યાયવત્ દ્રવ્યમ્. એમાં તો બધું આવ્યું. દરેક દ્રવ્ય તેના ગુણ અને તેના કાર્ય સહિત હોય છે. હવે એના કાર્ય માટે બીજું કારણ (હોય)? સમજાણું કાંઈ? એક સૂત્ર પણ નક્કી કરવું જોઈએ ને એણે? કે દરેક દ્રવ્ય, ગુણ-પર્યાય સહિત છે. એમ આવ્યું ને? ગુણ અને પર્યાય એટલે કાર્ય. દરેક દ્રવ્ય દરેક સમયે પોતાના કાર્ય અને ગુણ સહિત છે. પોતાના કાર્ય અને ગુણ સહિત છે. પરના કાર્ય અને નિમિત્ત સહિત છે એમ અહીં નથી આવ્યું. આહાહા..!

મુમુક્ષુ :- તો પછી બે કારણથી કાર્ય થાય એમ ન કહેવું.

ઉત્તર :- એ કથન તો જ્ઞાન કરવા માટે છે. બે કારણ છે જ નહિ, એક જ કારણ છે. મોક્ષનો માર્ગ એક જ છે. માર્ગ કહો કે કારણ કહો. બે મોક્ષના માર્ગ (નથી). માર્ગ બે કહો કે કારણ બે કહો, એ છે જ નહિ. આવી વાત છે. આહાહા..! વસ્તુસ્થિતિ એમ છે ત્યાં હવે એને...

દરેક દ્રવ્ય, પરમાણુ એ પણ ગુણ, પર્યાય સહિત છે. આહાહા..! દરેક પરમાણુ તે તે સમયમાં પોતે ગુણ અને પર્યાય સહિત છે. આહાહા..! કાયમ રહેલી શકિત અને કાર્યરૂપ દશા, એ સહિત દ્રવ્ય છે. આહાહા..! 'ચંદુભાઈ'! આવો માર્ગ છે, ભાઈ! કહો. પાણી ગળવું એ આત્મા કરી શકે નહિ, એમ અહીં તો વાત છે.

મુમુક્ષુ :- કોણ કરે છે?

ઉત્તર :- ઈ પરમાણુની પર્યાય એમાં ક્રમસર એ જાતની પર્યાય થવાને કાળે થાય છે. નિશ્ચય તે સત્ય છે અને વ્યવહાર છે તે ઉપચારના કથન છે. આહાહા..! ત્યાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એમ પણ કહ્યું છે, નિશ્ચય છે તે યથાર્થ છે અને વ્યવહાર કહે છે તેની શ્રદ્ધા છોડવી. છે ખરી એની ચીજ પણ શ્રદ્ધા છોડવી. એમ કહ્યું. નહિ? છેલ્લા સાતમામાં. ઓહોહો..!

'ટોડરમલે' તો ઘણું સરસ કર્યું. એમાં પણ સાતમો અધ્યાય અને એમાં પણ નિશ્ચય, વ્યવહારાભાસનો ભાગ.. ભારે કામ! (સંવત) ૧૯૮૪માં જ્યારે.. વાંચ્યું હતું ૧૯૮૨માં, 'મોક્ષમાર્ગ પ્રકાશક'. ૧૯૮૨. ૫૦ વર્ષ થયા. 'સમયસાર' (સંવત) ૧૯૭૮માં (હાથ આવ્યું). ૫૪ વર્ષ થયા. 'સમયસાર' ૧૯૭૮. 'પંચાધ્યાયી', 'મોક્ષમાર્ગ પ્રકાશક', 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' એ બધા ૧૯૮૨ (માં વાંચ્યા).૧૯૮૨માં આ વાંચતા ખાવું, પીવું ક્યાંય ગોઠે નહિ. એની વાંચનની ધૂન (લાગેલી). 'રાજકોટ'. પહેલું મળ્યું હતું ભાઈ પાસેથી. 'લાખાણી.. લાખાણી'. 'દામોદર ચત્રભૂજ' એની પાસેથી મળ્યું હતું. મેડી ઉપર. આ 'હીરાભાઈ' સામે રહે છે ને? એની સામે ન્યાં મેડી નથી? 'રાજકોટ'. ઉતારામાં રહેતા ને 'હીરાભાઈ'? રહે છે? ત્યાં ને ત્યાં રહે છે? સામે મેડી. ત્યાં પુસ્તક રહેતા. આ ૧૯૮૨ની વાત છે. પચાસ વર્ષ થયા પણ અમારે તો જાણે કાલે થયું હોય એવું લાગે ને. 'ચત્રભુજભાઈ' હતા, ડોસા. મેં કીધું, 'મોક્ષમાર્ગ' જોઈએ છે. 'દામોદરભાઈ' ... ઉભા થાય. સીઢી છે ને? સીઢી, ચડવાની. ઈ આવું પુસ્તક છે. આમ નહિ. પણ એક એક શબ્દ સાતમા અધ્યાયનો.. ઓહોહો...! નિચોડ કરી નાખ્યો છે આ તો. પછી સાથે રાખતા નહોતા. ૧૯૮૪માં લખી લીધેલું. સાતમું લખી લીધું. આહા..! વસ્તુ તો વસ્તુ આ છે, બાપુ! એ કોઈના ઘરની છે? આહા..!

તું પણ આત્મા છો. ઠીક! તું ગુણ-પર્યાય સહિત છો. દરેક સમયે તું ગુણ, પર્યાય સહિત છો. હવે તારા પર્યાયના કાર્ય માટે પરના સહિતની જરૂર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ ઉપચારિક કારણ, ખોટું કારણ છે. વ્યવહાર કારણ તે અયથાર્થ કારણ છે. એની શ્રદ્ધા છોડવી. આહાહા..! આ એક જ સિદ્ધાંત વીતરાગનો. દ્રવ્ય તે ગુણ, પર્યાય સહિત છે. આહાહા..! ક્યે સમયે તે ગુણ-પર્યાય વિનાનો હોય? આહાહા..! કે જે પર્યાય પરને કારણે થાય? એ કાર્ય ને ગુણ, કાર્ય સહિત તો છે. ગુણ કારણ છે, પર્યાય કાર્ય છે. એના કારણ-કાર્ય સહિત તો એ દ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા...! આવું છે, ભાઈ!

મુમુક્ષુ :- મિથ્યાત્વના ટુકડા કરી નાખવાની વાત છે.

ઉત્તર :- વાત એવી છે, ભાઈ ! વાત તો એવી છે. આહા..!

'**ગુણ તો દ્રવ્યમેં સહભાવી હૈં,...**' એ નથી. '**પર્યાય ક્રમવર્તી કહા જાતા હૈ. અબ ઈસકા વિસ્તાર કહતે હૈં. જીવ દ્રવ્ય કે જ્ઞાન આદિ અર્થાત્ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય...**'

અનંતગુણ એક સમયમાં છે. જીવદ્રવ્યમાં એક સમયમાં અનંતાગુણ છે. છે ને? **'ઔર પુદ્‌ગલદ્રવ્યકે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ઈત્યાદિ અનંતગુણ હૈં,...'** આહાહા..! **'સો યે ગુણ તો દ્રવ્યમેં સહભાવી હૈં,...'** એ એણે વ્યાખ્યા કરી નાખી. પણ એ ગુણ ગુણમાં સહભાવી છે. ટીકામાં આ શબ્દ નથી. જોયા નથી. ન્યાય મળવો જોઈએ ને પાછો. પરમાણુમાં દ્રવ્યમાં **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ઈત્યાદિ અનંતગુણ હૈં,...'** ગુણ તો છે. **'અન્વયી હૈં, સદા નિત્ય હૈં, કભી દ્રવ્યસે તન્મયપના નહીં છોડતે.'** એ અપેક્ષાએ અર્થ કર્યો છે. દ્રવ્યથી ગુણ જુદા પડતા નથી, એટલું. સહભાવીનો અર્થ ગુણ ગુણની સાથે છે.

**'તથા પર્યાયકે દો ભેદ હૈં એક તો સ્વભાવ, દૂસરી વિભાવ.'** આહાહા..! **'જીવકે સિદ્ધત્વાદિ સ્વભાવ-પર્યાય હૈં,...'** લ્યો. સિદ્ધ આદિ છે ઈ સ્વભાવ પર્યાય છે **'ઔર કેવલજ્ઞાનાદિ સ્વભાવ-ગુણ હૈં.'** એને ગુણ ગણ્યો છે, અપેક્ષાએ. કેવળજ્ઞાનને, હોં! અને અંતરના ગુણો છે એ સ્વભાવ ગુણ છે, ત્રિકાળ છે. **'અન્ય દ્રવ્યમેં નહીં પાયે જાતે.'**

**'અસ્તિત્વ,...'** હોવાપણું **'વસ્તુત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ, યે સ્વભાવગુણ સબ દ્રવ્યોંમેં પાયે જાતે હૈં.'** બધા દ્રવ્યમાં આ ગુણો છે. આહાહા..! **'અગુરુલઘુ ગુણકા પરિણમન ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિરૂપ હૈ.'** પર્યાય લેવી છે ને. **'યહ સ્વભાવપર્યાય સભી દ્રવ્યોંમેં હૈં,...'** લ્યો, સૂક્ષ્મ આવ્યું ઈ. છએ દ્રવ્યમાં અગુરુલઘુની ષટ્‌ગુણ હાનિ-વૃદ્ધિની પર્યાય (થાય છે). અગુરુલઘુ એક પ્રતિજીવી ગુણ છે. એક અગુરુલઘુ અનુજીવી ગુણ છે. અને એ એ અગુરુલઘુની પર્યાયમાં ષટ્‌ગુણની હાનિવૃદ્ધિપણું (થાય છે), એવું દરેક ગુણની પર્યાયમાં ષટ્‌ગુણની હાનિવૃદ્ધિપણું છે. 'સર્વવિશુદ્ધ' તો એ લીધું છે ને? 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં. અગુરુલઘુગુણને લઈને ઉત્પાદ-વ્યય છે. એટલે ત્યાં (લીધું છે), બસ. ષટ્‌ગુણ હાનિ... સર્વવિશુદ્ધમાં આવ્યું છે. એને કારણે પરિણમન છે. આવે છે. છે, એ બધું આવી ગયું છે. અગુરુલઘુને કારણે પર્યાય છે. બસ, એટલું ત્યાં છે.

**'યહ સ્વભાવપર્યાય સભી દ્રવ્યોંમેં હૈ, કોઈ દ્રવ્ય ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિ બિના નહીં હૈ, યહી અર્થપર્યાય કહી જાતી હૈ, વહ શુદ્ધ પર્યાય હૈ. યહ શુદ્ધ પર્યાય સંસારીજીવોંકે સબ અજીવ પદાર્થોંકે તથા સિદ્ધોંકે પાયી જાતી હૈ,...'** અભવી જીવના ગુણની પર્યાયમાં પણ ષટ્‌ગુણી શુદ્ધ છે. મિથ્યાદર્શનની પર્યાયમાં ષટ્‌ગુણ હાનિ-વૃદ્ધિ છે ને. ઈ શુદ્ધ છે, એમ કહેવું છે. આગમગમ્ય છે. શું કહ્યું ઈ? મિથ્યાત્વની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય, દરેક પર્યાયમાં ષટ્‌ગુણ હાનિ-વૃદ્ધિવાળી શુદ્ધ પર્યાય છે. વસ્તુ એવી છે. ગંભીર.. ગંભીર.. ગંભીર...

**'યહ શુદ્ધ પર્યાય સંસારીજીવોંકે, સબ અજીવ પદાર્થોંકે તથા સિદ્ધોંકે પાયી જાતી હૈ,...'** લ્યો. **'સિદ્ધપર્યાય તથા કેવલજ્ઞાનાદિ ગુણ સિદ્ધોંકે હી પાયા જાતા હૈ, દૂસરોંકે નહીં. સંસારી-જીવોંકે મતિજ્ઞાનાદિ વિભાવગુણ...'** એને ગુણ કહ્યો. છે તો પર્યાય. કેવળજ્ઞાનને ગુણ કહ્યો એમ મતિજ્ઞાનને ગુણ કહ્યો છે. ગુણ નથી છે ઈ પર્યાય પણ એને

ગુણ કહ્યો છે. અવગુણ ટળીને થઈ માટે ગુણ કહ્યો છે. અવગુણની પર્યાય ટળીને થયો માટે ગુણ, છે તો પર્યાય.

મુમુક્ષુ :- આ બધાને લાગુ પડે?

ઉત્તર :- બધાને લાગુ પડે. આહાહા..!

**'મતિજ્ઞાનાદિ વિભાવગુણ ઔર નર-નારકી આદિ વિભાવપર્યાય યે સંસારી-જીવોંકે પાયી જાતી હૈ. યે તો જીવ-દ્રવ્યકે ગુણ-પર્યાય કહે ઔર પુદ્‌ગલકે પરમાણુરૂપ જો દ્રવ્ય તથા વર્ણ આદિ સ્વભાવગુણ..'** અહીંયા હવે પર્યાયની વાત છે. **'એક વર્ણસે દૂસરે વર્ણરૂપ હોના,...'** એ પર્યાય. સ્વભાવિક પર્યાય, હોં! વિભાવ શબ્દ છે એ ખોટો છે. વિભાવ શબ્દ પડ્યો છે એ ખોટો છે. **'એક વર્ણ દૂસરે વર્ણરૂપ હોના સ્વભાવગુણપર્યાય છે.'** આહાહા..! એ વ્યંજન પણ ખોટું છે. સ્વભાવગુણપર્યાય જોઈએ, બસ એટલું. વ્યંજન છે એનું કામ નથી. ગુણ-પર્યાયની વાત છે ને અહીં. આ દ્રવ્ય-પર્યાયની વ્યાખ્યા નથી. દ્રવ્ય-પર્યાયની વ્યાખ્યા હોય તો વ્યંજન કહેવાય. આ તો ગુણ-પર્યાયની (વ્યાખ્યા છે). ઈ તે દિ' વ્યાખ્યા થઈ છે. તે દિ' આ બધું કહેવાઈ ગયું છે. 'પરમાત્મપ્રકાશ' વંચાઈ ગયું. કહ્યું છે ત્યાં.

**'એક પરમાણુમેં દો તીન ઈત્યાદિ અનેક પરમાણુ મિલકર સ્કંધરૂપ હોના, યે વિભાવદ્રવ્ય વ્યંજન-પર્યાય હૈ.'** એ બરાબર છે. જાજા રજકણ ભેગા થઈને જે વિભાવપર્યાય થાય એને વિભાવદ્રવ્ય વ્યંજનપર્યાય કહે છે. આહા..! એ પણ ગુણ-પર્યાય સહિત જ દ્રવ્ય હોય છે, વિભાવ વખતે પણ. આહાહા..! સમજાણું કાંઈ? વિભાવ વખતે બીજી ચીજનો આશ્રય તે વિભાવ એ અહીં લેવું નથી. એ વિભાવપર્યાય કાળે એ પર્યાય અને ગુણ સહિત જ પરમાણુ છે. આહાહા..! તે તે કાળે અનંત રજકણનો સ્કંધ એવી વિભાવિક દ્રવ્યની પર્યાય સહિત જ દ્રવ્ય છે. પરને કારણે નહિ. સમજાણું કાંઈ? ઝીણી ગંભીર વાત છે, ભાઈ! વીતરાગદર્શન...

**'દ્વ્યણુકાદિ સ્કંધમેં જો વર્ણ આદિ હૈ, વે વિભાવગુણ કહે જાતે હૈં,...'** સ્કંધ છે ને ભેગો એટલે વિભાવ. **'વર્ણસે વર્ણાન્તર હોના, રસસે રસાન્તર હોના, ગંધસે અન્ય ગંધ હોના, યહ વિભાવ-પર્યાય હૈ.'** સ્કંધમાં, હોં! સ્કંધમાં. આહા..! **'પરમાણુ શુદ્ધ દ્રવ્યમેં એક વર્ણ, એક રસ, એક ગન્ધ ઔર શીત ઉષ્ણમેંસે એક તથા રૂખે-ચિક્નેમેંસે એક, ઐસે દો સ્પર્શ, ઈસ તરહ પાંચ ગુણ તો મુખ્ય હૈં, ઈનકો આદિસે અસ્તિત્વાદિ અનંત ગુણ હૈં, વે સ્વભાવ-ગુણ કહે જાતે હૈં,...'** લ્યો. એક પરમાણુમાં અસ્તિત્વ આદિ અનંત સ્વભાવ ગુણ કહેવામાં આવે છે. **'ઔર પરમાણુકા જો આકાર વહ સ્વભાવદ્રવ્ય વ્યંજન-પર્યાય હૈ.'** વિસ્તાર ઘણો લીધો છે. ઓલા ગુણ કીધા.

એક પરમાણુ વર્ણ આદિથી રસાંતર થાય એ તો ગુણ-પર્યાયમાં આવ્યું. સમજાણું? પણ સ્કંધમાં થાય તો એ વિભાવપર્યાયમાં આવ્યું. અને એક પરમાણુમાં આકાર એ સ્વભાવદ્રવ્ય વ્યંજન પર્યાય છે. સ્વભાવદ્રવ્ય વ્યંજનપર્યાય. એકલો છે ને? **'વર્ણાદિ**

**ગુણરૂપ પરિણમન સ્વભાવગુણ...**' પર્યાય એટલું લેવું. વર્ણાદિ ગુણરૂપ પરિણમન એ સ્વભાવગુણપર્યાય એમ લેવું. વ્યંજન ન લેવું. વર્ણાદિ ગુણરૂપ પરિણમન. બસ, અહીં તો ગુણનું પરિણમન. સ્વભાવગુણ. ગુણનું લેવું છે ને. દ્રવ્ય નથી લેવું. દ્રવ્ય હોય તો વ્યંજન આવે. સમજાણું કાંઈ? એ તે દિ' વાંચ્યું ત્યારે બધું કહ્યું હતું. ચિહ્ન કરાવ્યા હતા. શું કીધું ઈ?

એક પરમાણુના રંગ, ગંધ, રસગુણનું પરિણમન એ સ્વભાવગુણ પર્યાય છે. એકલો છે ને. જાજા ભેગા થઈને થાય તો વિભાવગુણપર્યાય. આહા..! કેટલું યાદ રાખવું? આ તો સાધારણ... ચૌદ પૂર્વ યાદ રાખે છે ને. આહાહા..! બાર અંગ એક ક્ષણમાં રચે એવી તાકાત જીવની. ગણધરનો જીવ ભગવાનની વાણી સાંભળી પછી (રચે). આહા..! મુનિ પહેલા થઈ જાય, હોં! પછી વાણી નીકળે. પછી શાસ્ત્ર રચે. બાર અંગ, ચૌદ પૂર્વ. એમાં શું? બાર અંગમાં પણ સ્થૂળ કથન છે. સૂક્ષ્મ કથન તો અંદર ગંભીર રહી ગયું છે. આહાહા..! એથી કહ્યું છે એનાથી કંઈક વિપરીત છે એમ નહિ. કહ્યું છે તેમાં સૂક્ષ્મતા અનંતી છે. એમ છે. સમજાણું કાંઈ? એટલે કાંઈક બીજી રીતે હશે વળી, એમ નહિ. સૂક્ષ્મપણું એમાં અનંતુ છે. આહાહા..! સ્થૂળપણે કહ્યું માટે કોઈ બીજી ચીજ વિપરીત છે, એમ નહિ. કહેલું સ્થૂળ છે એટલે એમાં રહેલું સત્યની સૂક્ષ્મતા અપાર રહી છે, એમ કહે છે. આહાહા..! એક એક વાક્યો વીતરાગના ગંભીર છે.

'**જીવ ઔર પુદ્‌ગલ ઈન દોનોંમેં તો સ્વભાવ ઔર વિભાવ દોનોં હૈં,...**' બે છે ને એમાં? '**તથા ધર્મ, અધર્મ, આકાશ, કાલ, ઈન ચારોંમેં અસ્તિત્વાદિ સ્વભાવ-ગુણ હી હૈં, ઔર અર્થપર્યાય ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિરૂપ સ્વભાવ-પર્યાય સભીકે હૈં.**' એમાં વિભાવ નથી, એમ કહેવું છે. ચાર દ્રવ્યમાં વિભાવ નથી. ધર્માદિ ચાર, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ (ઈન) '**ચાર પદાર્થોંકે વિભાવગુણ-પર્યાય નહીં હૈં.** ' આહાહા..! બહુ સારું સ્પષ્ટ કર્યું છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય ને તો એને કારણ-કાર્યના ઝઘડા ઉડી જાય. સમજાણું કાંઈ? તે તે સમયે ગુણ, પર્યાય સહિતનું દ્રવ્ય (છે). ભલે વિભાવપર્યાય સહિત (હોય). ગુણ સ્વભાવ અને પર્યાય વિભાવ, એ સહિતનું દ્રવ્ય તે તે કાળે તે પોતાથી જ છે. આહા..! સમજાણું કાંઈ? એ ગુણ અને પર્યાય સહિત જ દ્રવ્ય પોતાથી જ સમયે સમયે છે. વિભાવ વખતે પણ પોતાથી જ છે. આહાહા..!

'**આકાશકે ઘટાકાશ મઠાકાશ ઈત્યાદિકો જો કહાવત હૈ,...**' એ તો ઉપચાર છે. આકાશ તો આકાશ છે. એમાં ઘટાકાશ (એટલે) ઘટ જેટલો રહે એ ઘટાકાશ. પણ એથી કરીને આકાશ ઘટાકાશ કાંઈ જુદો નથી પડી ગયો. એ ઉપચારમાત્ર છે, એમ કહેવું છે. આકાશમાં આ ઘટાકાશ, આ પટાકાશ એવું જે કહેવું એ ઉપચારમાત્ર છે. આકાશ તો આકાશ જ છે. એને પરને લઈને ઉપાધિ થઈ ઘટાકાશ અને મઠાકાશ એમ નથી, એમ કહેવું છે. એને લઈને વિભાવ થયો એમ નથી, એમ કહેવું છે. આહાહા..!

'**યે ષટ્‌દ્રવ્યોંકે ગુણ-પર્યાય કહે ગયે હૈં.**' લ્યો. '**ઈન ષટ્‌દ્રવ્યોમેં જો શુદ્ધ ગુણ શુદ્ધ પર્યાય સહિત જો શુદ્ધ જીવ દ્રવ્ય...**' લ્યો. શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાય સહિત જે શુદ્ધ

જીવદ્રવ્ય '**વહી ઉપાદેય હૈ.**' સરવાળો આ છે. ભગવાન શુદ્ધ ગુણ, દ્રવ્ય શુદ્ધ, પર્યાય શુદ્ધ. પરિણતિને કાળે તે ઉપાદેય છે. ઉપાદેય થવાને કાળે તે ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાય શુદ્ધ એવું જેને દૃષ્ટિમાં પરિણમન થયું એને એ ઉપાદેય છે.

મુમુક્ષુ :- શુદ્ધ પર્યાય સહિત ઉપાદેય?

ઉત્તર :- હા, પર્યાય છે ને ઈ. નિર્મળ પર્યાય. અંદરમાં થાય છે ને. શુદ્ધ પર્યાયમાં દ્રવ્ય-ગુણની શુદ્ધતા ઉપાદેય થાય છે ને. આહા..હા..! શું કહ્યું ઈ? શુદ્ધ પર્યાય જે નિર્મળ છે એમાં એ દ્રવ્ય, ગુણ અને શુદ્ધ પર્યાય ઉપાદેયરૂપે પરિણમે છે. શુદ્ધ પર્યાય પણ ઉપાદેય તરીકે શુદ્ધ પરિણમનમાં થાય છે. અભેદ તરીકે. આહાહા..! આવી વ્યાખ્યા. બહારના કડાકૂટામાં પડ્યા એને આ સૂઝ ન આવે. દૃષ્ટિમાં ગોટો ઉઠે પછી.

'**આરાધને યોગ્ય હૈ.**' લ્યો. શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાય સેવવા યોગ્ય છે. આહાહા..! સેવન તો પર્યાયમાં થાય છે, પણ પર્યાયનું ધ્યેય દ્રવ્ય, ગુણ છે એથી એને આરાધ્યું એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- આ જે શુદ્ધ પર્યાય લીધી છે એ પ્રગટવાળી?

ઉત્તર :- નિર્મળ. નિર્મળ પ્રગટ. એ પોતે પ્રગટ છે ત્યારે શુદ્ધ પર્યાય ઉપાદેય થાય છે ને. શું કીધું ઈ? નિર્મળ પર્યાય ઉપાદેયપણે પરિણમે ત્યારે એને શુદ્ધ કહેવાય છે ને. આહાહા..! દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે એનો આશ્રય લઈને જે પરિણતિ થઈ ત્યારે તેને શુદ્ધ પર્યાય દ્રવ્ય-ગુણ ઉપાદેય કહેવામાં આવ્યા. આહાહા..! આવો માર્ગ. આમાં વાદવિવાદે ચડાવી નાખીને... અરે..! લોકોને બિચારાને માંડ બહાર આવ્યું ત્યાં ઝઘડા ઉભા કર્યા.

૫૭મી ગાથામાં દ્રવ્ય, ગુણ, પર્યાયની વ્યાખ્યા આવી. આહાહા..! દ્રવ્ય એને કહીએ કે ગુણ, પર્યાય સહિત હોય. આહાહા..! હવે, કેટલાક પર્યાયો મતિજ્ઞાનાદિ વિભાવગુણ હોય, કેવળજ્ઞાન આદિ... ગુણ કહ્યું પણ પર્યાય (છે), સ્વભાવપર્યાય હોય અને પરમાણુ દ્રવ્ય, ગુણ, પર્યાય શુદ્ધ હોય. એની વ્યંજનપર્યાય શુદ્ધ છે, અર્થપર્યાય અગુરુલઘુ શુદ્ધ છે. બે પરમાણુથી માંડીને સ્કંધમાં તેની વિભાવિક વ્યંજનપર્યાય અશુદ્ધ છે. એમાં ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ પર્યાય તે શુદ્ધ છે. એમ અભવિ આદિ જીવમાં ગુણો તે શુદ્ધ છે, પર્યાયો તે અશુદ્ધ વિભાવપણે હોવા છતાં તેની પર્યાયમાં અગુરુલઘુની શુદ્ધતા અનંતી છે. આહાહા..! સમજાણું કાંઈ? વિભાવપર્યાય ભલે હોય, પણ એમાં ષટ્ગુણ હાનિ-વૃદ્ધિની પર્યાયો (શુદ્ધ છે). ગજબ છે! એ અર્થપર્યાય તો શુદ્ધ જ છે. '**આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ, ભાખ્યો શ્રી સીમંધરનાથ.**' આહાહા..!

---

**अथ जीवस्य विशेषेण द्रव्यगुणपर्यायान् कथयति –**

**૫૮) अप्पा बुज्झहि दव्वु तुहुँ गुण पुणु दंसणु णाणु।**
**पज्जय चउ–गइ–भाव तणु कम्म–विणिम्मिय जाणु।।५८।।**

आत्मानं बुध्यस्व द्रव्यं त्वं गुणौ पुनः दर्शनं ज्ञानम्।
पर्यायन् चतुर्गतिभावान् तनुं कर्मविनिर्मितान् जानीहि।।५८।।

अप्पा बुज्झहि दव्वु तुहुं आत्मानं द्रव्यं बुध्यस्व जानीहि त्वम्। गुण पुणु दंसणु णाणु गुणौ पुनर्दर्शनं ज्ञानं च। पज्जय चउगइभाव तणु कम्मविणिम्मिय जाणु तस्यैव जीवस्य पर्यायंश्चतुर्गतिभावान् परिणामान् तनुं शरीरं च। कथंभूतान् तान्। कर्मविनिर्मितान् जानीहीति। इतो विशेषः शुद्धनिश्चयेन शुद्धबुद्धैकस्वभावमात्मानं द्रव्यं जानीहि। तस्यैवात्मनः सविकल्पं ज्ञानं निर्विकल्पं दर्शनं गुण इति। तत्र ज्ञानमष्टविधं केवलज्ञानं सकलमखण्डं शुद्धमिति शेषं सप्तकं खण्डज्ञानमशुद्धमिति। तत्र सप्तकमध्ये मत्यादिचतुष्टयं सम्यग्ज्ञानं कुमत्यादित्रयं मिथ्याज्ञानमिति। दर्शनचतुष्टयमध्ये केवलदर्शनं सकलमखण्डं शुद्धमिति चक्षुरादित्रयं विकलमशुद्धमिति। किं च। गुणास्त्रिविधा भवन्ति। केचन साधारणाः, केचनासाधारणाः, केचन साधारणासाधारणा इति जीवस्य तावदुच्यन्ते। अस्तित्वं वस्तुत्वं प्रमेयत्वागुरुलघुत्वादयः साधारणाः, ज्ञानसुखादयः स्वजातौ साधारणा अपि विजातौ पुनरसाधारणाः। अमूर्तित्वं पुद्गलद्रव्यं प्रत्यसाधारणमाकाशादिकं प्रति साधारणं। प्रदेशत्वं पुनः कालद्रव्यं प्रति पुद्गलपरमाणुद्रव्यं च प्रत्यसाधारणं शेषद्रव्यं प्रति साधारणमिति संक्षेपव्याख्यानम्। एवं शेषद्रव्याणामपि यथासंभवं ज्ञातव्यमिति भावार्थः।।५८।।

---

आगे जीवके विशेषपनेकर द्रव्य–गुणपर्याय कहते हैं –

**गाथा – ५८**

अन्वयार्थ :– हे शिष्य, [ त्वं ] तू [ आत्मानं ] आत्माको तो [ द्रव्यं ] द्रव्य [ बुध्यस्व ] जान, [ पुनः ] और [ दर्शनं ज्ञानम् ] दर्शन ज्ञानको [ गुणौ ] गुण जान, [ चतुर्गतिभावान् तनुं ] चार गतियोंके भाव तथा शरीरको [ कर्मविनिर्मितान् ] कर्मजनित [ पर्यायान् ] विभाव–पर्याय [ जानीहि ] समझ।

भावार्थ :– इसका विशेष व्याख्यान करते हैं – शुद्धनिश्चयनयकर शुद्ध, बुद्ध, अखंड, स्वभाव, आत्माको तू द्रव्य जान, चेतनपनेके सामान्य स्वभावको दर्शन जान, और विशेषतासे जानपना उसको ज्ञान समझ। ये दर्शन ज्ञान आत्माके निज गुण है, उनमेंसे ज्ञानके आठ भेद हैं, उनमें केवलज्ञान तो पूर्ण है, अखंड है, शुद्ध है, तथा मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्ययज्ञान ये चार ज्ञान तो सम्यक्ज्ञान और कुमति, कुश्रुत, कुअवधि ये तीन मिथ्या ज्ञान, ये केवल की अपेक्षा सातों ही खंडित हैं, अखंड, और सर्वथा शुद्ध नहीं है, अशुद्धता सहित हैं, इसलिये परमात्मामें एक केवलज्ञान ही है। पुद्गलमें अमूर्तगुण नहीं पाये जाते, इस कारण पाँचोंकी अपेक्षा साधारण, पुद्गलकी अपेक्षा असाधारण। प्रदेशगुण कालके बिना पाँच

द्रव्योंमें पाया जाता है, इसलिये पाँचकी अपेक्षा यह प्रदेशगुण साधारण है, और कालमें न पानेसे स्वकालकी अपेक्षा असाधारण है। पुद्गल–द्रव्यमें मूर्तिकगुण असाधारण है, इसीमें पाया जाता है, अन्यमें नहीं और अस्तित्वादि गुण इसमें पाये जाता हैं, तथा अन्यमें भी, इसलिये साधारणगुण हैं। चेतनपना पुद्गलमें सर्वथा नहीं पाया जाता। पुद्गल–परमाणुको द्रव्य कहते हैं। स्पर्श, रस, गंध, वर्णस्वरूप जो मूर्ति वह पुद्गलका विशेषगुण है। अन्य सब द्रव्योंमें जो उनका स्वरूप हैं, वह द्रव्य है, और अस्तित्वादि गुण, तथा स्वभाव परिणति पर्याय है। जीव और पुद्गलके बिना अन्य चार द्रव्योंमें विभाव–गुण और विभाव–पर्याय नहीं है, तथा जीव पुद्गलमें स्वभाव–विभाव दोनों हैं। उनमेंसे सिद्धोंमें तो स्वभाव ही है, और संसारीमें विभावकी मुख्यता है। पुद्गल परमाणुमें स्वभाव ही है, और स्कंध विभाव ही है। इस तरह छहों द्रव्योंका संक्षेपसे व्याख्यान जानना।।५८।।

---

હવે જીવના દ્રવ્ય, ગુણ, પર્યાયનું વિશેષપણે કથન કરે છે :

**ભાવાર્થ : શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવા આત્માને તું દ્રવ્ય જાણ. સવિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ દર્શનને તું તે આત્માના ગુણો જાણ, ત્યાં જ્ઞાન આઠ પ્રકારનું છે, કેવળજ્ઞાન સકલ, અખંડ, શુદ્ધ છે, બાકીના સાત ખંડ જ્ઞાન અશુદ્ધ છે. તે સાતમાં મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ ચાર જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ ત્રણ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.**

**ચાર દર્શનોમાં કેવળદર્શન સકલ, અખંડ અને શુદ્ધ છે, ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણ દર્શન વિકલ અને અશુદ્ધ છે.**

**વળી ગુણો ત્રણ પ્રકારના છે કેટલાક સાધારણ છે, કેટલાક અસાધારણ છે, કેટલાક સાધારણાસાધારણ છે.**

**તેમાં પ્રથમ જીવના ગુણો કહેવામાં આવે છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ વગેરે ગુણો સાધારણ છે. જ્ઞાન સુખાદિ ગુણો સ્વજાતિમાં (અર્થાત્ જીવદ્રવ્યોની અપેક્ષાએ) સાધારણ છે પણ વિજાતિમાં (વિજાતિય દ્રવ્યોની અપેક્ષાએ) અસાધારણ છે. અમૂર્તત્વ, પુદ્‌ગલદ્રવ્ય, પ્રતિ (પુદ્‌ગલદ્રવ્યની અપેક્ષાએ) અસાધારણ છે, આકાશાદિ પ્રતિ સાધારણ છે. વળી પ્રદેશપણું કાળદ્રવ્ય પ્રતિ અને પુદ્‌ગલપરમાણુદ્રવ્ય પ્રતિ અસાધારણ છે, બાકીના દ્રવ્યો પ્રતિ સાધારણ છે.**

**એ પ્રમાણે સંક્ષેપમાં કથન કર્યું.**

**એ પ્રમાણે બાકીના દ્રવ્યોનું કથન પણ યથાસંભવ સમજી લેવું એવો ભાવાર્થ છે. ૫૮.**

---

## ગાથા-૫૮ ઉપર પ્રવચન

**'આગે જીવકે વિશેષપનેકર દ્રવ્ય-ગુણપર્યાય કહતે હૈં :'** ૫૮.

**૫૮ ) अप्पा बुज्झहि दव्वु तुहुँ गुण पुणु दंसणु णाणु।**
**पज्जय चउ-गइ-भाव तणु कम्म-विणिम्मिय जाणु।।५८।।**

**અન્વયાર્થ :- 'હે શિષ્ય, તૂ આત્માકો તો દ્રવ્ય જાન,..'** વળી એકકોર એમ કહે કે વાણીથી પણ આત્મા જણાય નહિ. એ પહેલા આવી ગયું છે. દિવ્યધ્વનિથી અને મહામુનિના ઉપદેશથી પણ એ વાણીથી જીવ ન જણાય. અહીં કહે છે, હે જીવ જાણ, એમ કહે છે. જે અપેક્ષાએ વાત (હોય તે અપેક્ષા સમજવી જોઈએ). ત્યાં પહેલું કીધું, વેદ અને મૌની. બે આવ્યું હતું ને? વેદ એટલે દિવ્યધ્વનિ. મુનિ-ઉત્કૃષ્ટ મુનિની વાણીથી પણ આત્મા ન જણાય. અહીં કહે છે કે, હે શિષ્ય! હું કહું છું એ જાણ. સમજાણું કાંઈ? પરલક્ષી જ્ઞાનમાં એ જાણવાની વાત કરે છે. સ્વલક્ષી જ્ઞાનમાં તો આનાથી જ્ઞાન થાય નહિ. આહાહા..! એ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૭, રવિવાર
## તા. ૧૮-૦૭-૧૯૭૬, ગાથા-૫૮, ૫૯, પ્રવચન નં. ૩૮

૫૮ ગાથા. 'પરમાત્મપ્રકાશ' **'આગે જીવકે વિશેષપનેકર દ્રવ્ય-ગુણપર્યાય કહતે હૈં :-'** જીવના ખાસ ગુણ શું? દ્રવ્ય શું? અને પર્યાય શું? એની વ્યાખ્યા મુખ્ય છે.

**૫૮) अप्पा बुज्झाहि दव्वु तुहुँ गुण पुणु दंसणु णाणु।**
**पज्जय चउ-गउ-भाव तणु कम्म-विणिम्मिय जाणु।।५८।।**

**અન્વયાર્થ :- 'હે શિષ્ય, તુ આત્માકો તો દ્રવ્ય જાન,...'** એની વ્યાખ્યા કરશે. **'દર્શન જ્ઞાનકો ગુણ જાન, ચાર ગતિયોંકે ભાવ તથા શરીરકો કર્મજનિત વિભાવ-પર્યાય સમજ.'**

**ભાવાર્થ :- 'ઈસકા વિશેષ વ્યાખ્યાન કરતે હૈં - શુદ્ધનિશ્ચયનયકર...'** ભગવાનઆત્મા સમ્યગ્દર્શનનો જે વિષય એ **'શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધ, બુદ્ધ,...'** એકની વ્યાખ્યા અખંડ કરી છે. મૂળ તો એક સ્વભાવ છે. શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ. છે સંસ્કૃતમાં. **'शुद्धबुद्धैकस्वभावमात्मानं द्रव्यं जानीहि'** એ એકનો અર્થ અખંડ કર્યો છે. પણ અખંડ તો કેવળજ્ઞાનમાં આવશે ને. પર્યાયમાં અખંડ આવશે. એટલે આને એક સ્વભાવ લેવો. શું કીધું? શુદ્ધ નિશ્ચયથી ભગવાનઆત્મા તદ્દન શુદ્ધ છે. બુદ્ધ-જ્ઞાનનો પિંડ છે અને એક સ્વભાવ છે. વસ્તુ છે એનો એક સ્વભાવ છે. પર્યાયમાં અનેક ભેદ છે. સમજાણું કાંઈ? જે

સમ્યગ્દર્શનનો વિષય જે ઉપાદેય કરવા લાયક ચીજ (છે) એ તો શુદ્ધથી શુદ્ધ નિશ્ચયનયથી એટલે કે સમ્યક્ શ્રુતજ્ઞાનની દૃષ્ટિથી-જ્ઞાનથી જોઈએ તો એ શુદ્ધ પ્રભુ છે. બુદ્ધ છે. બુદ્ધ નામ જ્ઞાનસ્વરૂપ જ છે એ તો. ત્રિકાળી, હોં! ત્રિકાળી. અને એક સ્વભાવી છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**અખંડ, સ્વભાવ, આત્માકો તૂ દ્રવ્ય જાન,...**' આહાહા..! એને તું આત્માને દ્રવ્ય-દ્રવ્ય-વસ્તુ જાણ. શુદ્ધ, બુદ્ધ અને એક સ્વભાવરૂપ વસ્તુ, એને તું આત્મા જાણ. આહાહા..!

'**ચેતનપનેકે સામાન્ય સ્વભાવકો દર્શન જાન,...**' શું કહે છે? હવે એના ગુણની વ્યાખ્યા કરે છે. એટલે દ્રવ્યની કહી. દ્રવ્ય એટલે વસ્તુ. '**ચેતનપનેકે સામાન્ય સ્વભાવકો દર્શન..**' દેખવું-દર્શન ઉપયોગ. '**ચેતનપને કે સામાન્ય સ્વભાવકો દર્શન જાન, ઔર વિશેષતાસે જાનપના ઉસકો જ્ઞાન સમજ.**' સમજાણું કાંઈ? '**યે દર્શન જ્ઞાન આત્માકે નિજ ગુણ હૈ,...**' દેખવું સામાન્ય અને વિશેષ. સામાન્ય એટલે દર્શન અને વિશેષ એટલે જ્ઞાન. એ આત્માના ત્રિકાળ નિજ ગુણ છે. વસ્તુ જેમ શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ ત્રિકાળ છે. એમ આ દર્શન, જ્ઞાન આત્માના નિજ ગુણ ત્રિકાળ એકરૂપ છે. આહાહા..!

'**ઉનમેંસે જ્ઞાનકે આઠ ભેદ હૈં,...**' હવે એ પર્યાયની વાત લે છે. '**ઉનમેં કેવલજ્ઞાન તો પૂર્ણ હૈ, અખંડ હૈ,...**' ત્યાં આવ્યું અખંડ. '**केवलज्ञानं सकलमखण्डं शुद्धम**' એમ શબ્દ છે. કેવળજ્ઞાન છે... આહાહા..! એ પૂર્ણ છે. સકળ છે ને? સકળ છે એ શબ્દમાં. પૂર્ણ છે, અખંડ છે, શુદ્ધ છે. પર્યાય, હોં! કેવળજ્ઞાનની પર્યાય એ અખંડ છે, શુદ્ધ છે, પૂર્ણ છે.

'**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન યે ચાર જ્ઞાન...**' એ ચાર જ્ઞાનની જે પર્યાય, એ '**તો સમ્યગ્જ્ઞાન...**' છે સમ્યગ્જ્ઞાન. વિભાવજ્ઞાન-એ ચારને વિભાવજ્ઞાન કહ્યા. કેવળજ્ઞાનને સ્વભાવજ્ઞાન કહ્યું. '**કુમતિ, કુશ્રુત, કુઅવધિ યે તીન મિથ્યા જ્ઞાન, યે કેવલ કી અપેક્ષા સાતોં હી ખંડિત હૈં,...**' આહાહા..! મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનના અખંડની અપેક્ષાએ એ ચારેય જ્ઞાન ખંડ છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન અખંડ છે પણ આશ્રય કરવાલાયક નથી. ત્રિકાળી દ્રવ્ય તે આશ્રય કરવા લાયક છે.

વસ્તુ જે છે આમ ધ્રુવ શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ, એ ઉપાદેય છે. એમાં એને લઈને સમ્યગ્દર્શન થાય છે. આ કેવળજ્ઞાન સાધ્ય તરીકે ઉપાદેય ખરું. ધ્યેય તરીકે ઉપાદેય નહિ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન ઉપેય છે ને ઉપેય? એ અપેક્ષાએ-સાધ્યની અપેક્ષાએ ઉપાદેય છે. અને ધ્યેયની અપેક્ષાએ તો ત્રિકાળી દ્રવ્ય જ ઉપાદેય છે. અખંડ જ્ઞાન વસ્તુ શુદ્ધ ચૈતન્ય. એ સાતેય જ્ઞાન, ચાર જ્ઞાન સમ્યક્ અને ત્રણ અજ્ઞાન, સાતેય ખંડિત છે. અખંડ નહિ. '**ઔર સર્વથા શુદ્ધ નહીં હૈ,...**' મતિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પણ સર્વથા શુદ્ધ નથી. કેવળજ્ઞાન સર્વથા શુદ્ધ (છે). આહાહા..!

'**અશુદ્ધતા સહિત હૈં,...**' મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાન એ પણ અશુદ્ધતા સહિત

ખંડિત છે. આહાહા..! **'ઈસલિયે પરમાત્મામેં એક કેવલજ્ઞાન હી હૈ.'** પરમાત્મામાં તો એક કેવળજ્ઞાન જ છે. કેમકે આ ખંડિત છે એમ એ નથી. અખંડ જ્ઞાન કેવળજ્ઞાન. એક ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને આશ્રયે પૂર્ણ આશ્રય થઈ ગયો તો પૂર્ણ પર્યાય કેવળજ્ઞાન અખંડ પ્રગટી. સમજાય છે કાંઈ?

**'પુદ્ગલમેં અમૂર્તગુણ નહીં પાયે જાતે,...'** છે? એણે વધારે નથી નાખ્યું. નહિતર અહીં તો પાઠમાં જરી એ છે. **'ગુણાસ્ત્રિવિધા ભવન્તિ'** ગુણ ત્રણ પ્રકારના છે એટલો શબ્દ વધારે છે સંસ્કૃતમાં. ગુણ ત્રણ પ્રકારના છે. સાધારણ, અસાધારણ, સાધારણ-અસાધારણ. સંસ્કૃતમાં છે. બીજી લીટી છે. ઉપર બીજી લીટી. **'ગુણાસ્ત્રિવિધા ભવન્તિ'** એ શબ્દ ન નાખતા પાધરો ખુલાસો કર્યો એમણે-ટીકાકારે. **'પુદ્ગલમેં અમૂર્તગુણ નહીં પાયે જાતે,...'** પરમાણુમાં અમૂર્તપણું નથી. **'ઈસ કારણ પાંચોકી અપેક્ષા સાધારણ,...'** અમૂર્તપણું પુદ્ગલ સિવાયના પાંચ દ્રવ્યની અપેક્ષાએ સાધારણ (છે). સમજાણું કાંઈ? પુદ્ગલ સિવાય અમૂર્તપણું પાંચ દ્રવ્યમાં સાધારણ છે-બધે છે. **'પુદ્ગલકી અપેક્ષા અસાધારણ.'** પુદ્ગલમાં અમૂર્તપણું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'પ્રદેશગુણ કાલકે બિના પાંચ દ્રવ્યોંમેં પાયા જાતા હૈ, ઈસલિયે પાંચ કી અપેક્ષા યહ પ્રદેશગુણ સાધારણ હૈ,...'** શું કીધું એ? પ્રદેશગુણની અપેક્ષાએ કાળ સિવાય પાંચ દ્રવ્યમાં સાધારણ (છે). બધાને પ્રદેશ છે. સમજાણું કાંઈ? **'ઔર કાલમેં ન પાનેસે કાલકી અપેક્ષા અસાધારણ હૈ.'** પ્રદેશગુણ એમાં નથી. કાળમાં નથી. પાંચમાં છે માટે સાધારણ. આમાં અસાધારણ માટે નથી.

**'પુદ્ગલ-દ્રવ્યમેં મૂર્તિકગુણ અસાધારણ હૈ,...'** લ્યો! પુદ્ગલ દ્રવ્યમાં મૂર્તિકપણું અસાધારણ છે. એટલે? એમાં જ છે, બીજામાં છે નહિ. **'ઈસીમેં પાયા જાતા હૈ,...'** જોયું! ખુલાસો કર્યો છે. **'અન્યમેં નહીં...'** મૂર્તિકપણું તો એક પુદ્ગલમાં જ છે, બીજે છે નહિ. **'અસ્તિત્વાદિ ગુણ ઈસમેં પાયે જાતે હૈં,...'** પુદ્ગલદ્રવ્યમાં પણ **'અસ્તિત્વગુણ આદિ પાયે જાતે હૈં,...'** અસ્તિત્વ, વસ્તુત્વ આવે છે ને? અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમયેત્વ, અગુરુ, સાધારણ એટલું છે અંદર. એ તો આપણે આવે છે, જૈન (સિદ્ધાંત) પ્રવેશિકામાં.

હોવાપણું, વસ્તુત્વ. લ્યો! પ્રમેયત્વ કોઈપણ જ્ઞાનનો વિષય થાય એવો ગુણ છે. અગુરુલઘુત્વ આદિ સાધારણ છે. બધા દ્રવ્યમાં છે. છએ દ્રવ્યમાં એ છે. આ તો જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વતંત્ર છે એમ સિદ્ધ કરવું છે. જે દ્રવ્યમાં જે ગુણ છે એ બીજામાં નથી એ અપેક્ષાએ એને (અસાધારણ કહ્યું). અહીં બધામાં છે એને સાધારણ કહ્યું અને બીજામાં નથી એને અસાધારણ કહ્યું. આહાહા..! અને દરેક ગુણની શક્તિ પોતાથી સ્વતંત્ર છે. આહાહા..! સાધારણપણે.

**'ચેતનપના પુદ્ગલમેં સર્વથા નહીં પાયા જાતા.'** પરમાણુમાં ચેતનપણું છે નહિ. છતાં સચેત શરીર કહે છે ને? સચેત વનસ્પતિ નથી આવતી?

મુમુક્ષુ :- શરીર કોઈ દિ' સચેત હોય? એ તો પુદ્ગલનું...

ઉત્તર :- એ તો નિમિત્તથી કથન છે. સચેતન શરીર, સચેતન વનસ્પતિ. સમજાણું?

**'ચેતનપના પુદ્ગલમેં સર્વથા નહીં પાયા જાતા.'** એમ કહેવું સચેત શરીર, સચેત વનસ્પતિ. એમ કહે છે કે નહિ? આ સચેત વનસ્પતિ. એ તો નિમિત્તથી છે. પુદ્ગલ પરમાણુ તો તદ્ન ચેતનપણે છે જ નહિ. ચેતનપણાનો અંશ પણ નથી જરીએ. અને કહેવાય છે સચેતન એ મોટી તકરાર છે. સચેત શરીર કીધું છે. આહાહા..! સચેત વનસ્પતિ કીધી છે. સચેત અને અચેત વનસ્પતિના બે ભેદ નથી? એ તો અપેક્ષાથી વાત છે. શરીર જે છે એ તો અચેતન જ છે. વનસ્પતિના શરીર હો, એકેન્દ્રિયનું શરીર તો તદ્ન અચેતન જ છે. એ તો જોડે જીવ છે એમ કરીને સચેતનનો ઉપચાર કરીને કથન કર્યું છે. સમજાણું કાંઈ?

**'પુદ્ગલ-પરમાણુકો દ્રવ્ય કહતે હૈં.'** હવે પુદ્ગલની વાત લે છે. **'પુદ્ગલ-પરમાણુકો દ્રવ્ય કહતે હૈં.'** જીવને કીધું હતું ને પહેલું દ્રવ્ય? હવે આ પુદ્ગલને લે છે. **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણસ્વરૂપ જો મૂર્તિ વહ પુદ્ગલકા વિશેષગુણ હૈ.'** સ્પર્શપણું, રસપણું, ગંધપણું, રંગપણું એ મૂર્તિક એ વિષયના ગુણ છે. **'અન્ય સબ દ્રવ્યોંમેં જો ઉનકા સ્વરૂપ હૈ, વહ દ્રવ્ય હૈ.'** **'સબ દ્રવ્યોંમેં જો ઉનકા સ્વરૂપ હૈ, વહ દ્રવ્ય હૈ.'** બીજા બધાને. **'ઔર અસ્તિત્વાદિ ગુણ,...'** બધા દ્રવ્યમાં જે અસ્તિત્વ, વસ્તુત્વ આદિ એના ગુણ છે. અને સ્વભાવ પરિણતિ પર્યાય છે. આહાહા..! પુદ્ગલ સિવાય. જીવ, પુદ્ગલ સિવાય. જેની સ્વભાવ પરિણતિ છે ને એ અપેક્ષાએ પર્યાય છે.

**'જીવ ઔર પુદ્ગલકે બિના અન્ય ચાર દ્રવ્યોંમેં વિભાવ ગુણ...'** જોયું! જીવ અને પુદ્ગલ વિના **'ચાર દ્રવ્યોંમેં વિભાવ ગુણ ઔર વિભાવ-પર્યાય નહીં હૈ, તથા જીવ પુદ્ગલમેં સ્વભાવ-વિભાવ દોનોં હૈં.'** સ્વભાવરૂપ પરિણમન અને વિભાવરૂપ પરિણમન એમ પોતાનું સ્વરૂપ જ છે. **'ઉનમેંસે સિદ્ધોંમેં તો સ્વભાવ હી હૈ,...'** લ્યો! સિદ્ધમાં તો એકલો સ્વભાવ છે. ત્યાં વિભાવ નથી. **'ઔર સંસારીમેં વિભાવકી મુખ્યતા હૈ.'** સ્વભાવ પણ પ્રગટ્યો હોય છે, પણ વિભાવની મુખ્યતા છે.

**'પુદ્ગલ પરમાણુમેં સ્વભાવ હી હૈ,...'** શું કીધું? એક પરમાણુમાં વિભાવ નથી એમ કહેવું છે. એક પરમાણુ છે એ તો પુદ્ગલ સ્વભાવ જ છે. બે-ત્રણ-ચાર ભેગા થાય તો એને વિભાવ કહેવાય. એક પરમાણુમાં વિભાવ નથી. એક પરમાણુ તો સ્વભાવ જ છે. એમાં કોઈ નિમિત્તની અપેક્ષા નથી, વિભાવપણું નથી. ખરેખર તો સ્વભાવિક દ્રવ્ય એને કહીએ. **'ઔર સ્કંધ વિભાવ હી હૈ.'** જોયું! બે પરમાણુથી માંડીને અનંત રજકણો વિભાવ છે. એ વિભાવ પરમાણુમાં નથી. અને સ્કંધ વિભાવ છે તે સ્વભાવ નથી. વિભાવ છે એટલો. બે ભેગા થઈને થયા ને આમ? ભેગાનો અર્થ છે તો બેય જુદા જુદા અંદર પણ એકબીજાને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. સ્કંધમાં પણ પરમાણુ તો સ્વયંસિદ્ધ કામ કરે છે.

પણ એટલો ફેર કે એક પરમાણુ છૂટો હોય એ સ્વભાવિક પર્યાય છે અને એ પરમાણુ સ્કંધમાં હોય ત્યારે વિભાવિક પર્યાય છે. એની ભિન્ન, હોં! સ્વતંત્ર. શું કહ્યું સમજાણું?

એ પ્રશ્ન ઉઠ્યો હતો. એક પરમાણુ છે એ સ્વભાવિક પર્યાય છે પણ બીજા સ્કંધમાં જોડાય છે માટે એને વિભાવ થાય છે. ત્યારે એમ કે એ વિભાવ પરને લઈને છે એનામાં, એમ નથી. સ્કંધમાં પણ પરમાણુ વિભાવરૂપે પોતાથી છે. સમજાણું કાંઈ? ત્યાં એ મોટો પ્રશ્ન ઉઠ્યો હતો. અહીં તો ઘણા પ્રશ્ન આવ્યા છે ને. એકલો પરમાણુ છૂટો એને સ્વભાવ કહેવો અને એ પરમાણુ સ્કંધમાં જોડાય છે એને કારણે વિભાવ કહેવો. પણ એ વિભાવ બધાને લઈને છે એમ નહિ. એક એક પરમાણુનો વિભાવ પર્યાય ત્યાં સ્વતંત્ર છે. સમજાણું કાંઈ એમાં? સ્કંધમાં છે માટે પરને લઈને પરમાણુનો વિભાવ છે એમ નહિ.

સ્કંધમાં સંબંધમાં પરમાણુ હોય એ પરમાણુ પોતાથી વિભાવરૂપે પરિણમેલો છે. સમજાણું કાંઈ? અને સ્કંધમાં પણ પોતાનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણું વિભાવપણું આદિ ભિન્ન છે. આહાહા..! આવી વાત છે. માટે પરમાણુમાં વિભાવપણું સ્કંધની અપેક્ષાએ આવ્યું માટે પરની અપેક્ષાએ આવ્યું એમ નથી. એ વખતના પરમાણુનો સ્વભાવ જ વિભાવરૂપે પરિણમ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાને કહેલા વાસ્તવિક દ્રવ્ય-ગુણ અને પર્યાય કઈ રીતે છે એની આ વ્યાખ્યા છે. સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્ય કહ્યા, એના ગુણ કહ્યા, એની પર્યાય કહી. એ કઈ રીતે એનું અસ્તિત્વ છે એની આ વ્યાખ્યા છે. આહાહા..!

પરમાણુમાં સ્કંધમાં છે ત્યારે વિભાવરૂપે થયો છે. અથવા સ્થુળ સ્કંધમાં પરમાણુ છે એ પરમાણુ સ્થુળપણે થયો છે. એથી એમ કહે છે, ઓલા સ્થુળ છે માટે સ્થુળપણે થયો છે. એમ નથી. એ પણે સ્થુળપણાનો થવાનો સ્વભાવ એનો તે સમયનો પોતાને લઈને છે. આહાહા..! આ બધા પ્રશ્ન નિમિત્ત-ઉપાદાનના ઝઘડામાં ઘણા પ્રશ્ન આવ્યા હતા. એ 'દેસાઈ' લાવ્યા હતા. 'જેતપુરવાળા' નહિ? કેવા? 'શાંતિલાલ દેસાઈ' ત્યાંથી એ બાજુથી. જુઓ! એમાં જોડાણા ત્યારે એને લઈને વિભાવ થયો છે ને? એકલો પરમાણુ કેમ વિભાવરૂપે નથી? એટલે પરને લઈને વિભાવરૂપ થયો છે એમ નથી. સમજાણું કાંઈ? એ ગાથા છે ને 'પંચાસ્તિકાય'ની?

મુમુક્ષુ :- ૬૨ ગાથા.

ઉત્તર :- ૬૨ છે એ નહિ. ૮૧. ૮૧. સ્કંધમાં પણ પરમાણુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે છે, પરને લઈને નહિ. આહાહા..! ભલે વિભાવપણે પરિણમ્યો પણ એ પોતાની સ્વતંત્ર અવસ્થાથી વિભાવપણે પરિણમ્યો છે. સમજાણું કાંઈ? ખરેખર તો સ્કંધમાં પરમાણુ સ્થુળરૂપે પરિણમ્યો છે. પરમાણુ ભિન્ન છે ત્યારે સૂક્ષ્મપણે છે. સ્કંધમાં છે ત્યારે સ્થુળપણે પોતાથી પરિણમ્યો છે. પરમાણુ સ્થુળ થયો એટલે લોકો એમ કહે કે પરને લઈને સ્થુળ થયો. એમ નથી. તે સમયે પોતે પોતાથી સ્થુળ થયો છે. આહાહા..!

મુમુક્ષુ :- પરને લઈને શું થાય?

ઉત્તર :- એમણે પ્રશ્ન મુકયો હતો એ બાજુથી. આમ કહે છે એ લોકો. સ્થુળમાં પરમાણુ સૂક્ષ્મ રહ્યો નથી. તેનો અર્થ શું થયો? સ્થુળના સંબંધે તે સ્થુળ થયો. નિમિત્તથી સ્થુળ થયો એમ સિદ્ધ કરવું છે ત્યાં. એમ નથી. એ પરમાણુ પોતે સ્કંધમાં સ્થુળમાં રહ્યો છે એ પોતાની સ્વતંત્ર સ્થુળતાપણે પરિણમ્યો છે. આહાહા..! સ્વતંત્ર સ્થુળ છે. સ્થુળવાળા છે માટે સ્થુળ થયો, એને લઈને થયો એમ નથી. આ બહુ ઝીણી વાત છે. મૂળ વસ્તુને ઉપાદાનની સ્થુળતા પોતાથી થઈ છે ત્યાં. આહાહા..! એવો જ એનો સ્વભાવ છે.

જેમ છે તેના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ, એમ કહ્યું ને અહીં તો? આહાહા..! તો પરમાણુ સ્કંધમાં પણ સ્થુળ થયો છે એ પોતે જ પોતાથી સ્થુળ થયો છે. નિમિત્તનો સંબંધ છે માટે સ્થુળ થયો છે એમ કહેવું એ તો વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં? ઝીણું ભાઈ! બહુ આ તો. પરમાણુ પરમાણુ સ્થુળમાં પોતાની તે સમયની સ્થુળતાની પર્યાય થઈ છે એને. આહાહા..! જાડો થઈ ગયો હશે? એકલો હોય તો સૂક્ષ્મ રહે અને અહીં સ્થુળ થયો. એ સ્થુળની પર્યાયપણે પરિણમવાની પોતાની યોગ્યતાથી પરિણમ્યો છે. બીજી ચીજ તો જોડે નિમિત્ત છે, એને શું છે? આહાહા..! મોટી તકરાર એને લઈને હતી. લ્યો!

**'પુદ્‌ગલકે બિના અન્ય ચાર દ્રવ્યોંમેં વિભાવ-ગુણ ઔર વિભાવ-પર્યાય નહીં હૈ,...'** છે? **'જીવ પુદ્‌ગલમેં સ્વભાવ-વિભાવ દોનોં હૈ. ઉનમેંસે સિદ્ધોમેં તો સ્વભાવ હી હૈ, ઔર સંસારીમેં વિભાવકી મુખ્યતા હૈ. પુદ્‌ગલ પરમાણુમેં સ્વભાવ હી હૈ, ઔર સ્કંધ વિભાવ હી હૈ.'** એ વખતની પર્યાયની વિભાવપણે પરિણમવાની યોગ્યતા એની છે. સમજાણું કાંઈ? સ્કંધના વિભાવના સંબંધમાં આવ્યો માટે એને લઈને અહીં વિભાવપણે સ્થુળપણે પરિણમ્યો એમ નથી. 'ચંદુભાઈ'! મોટો પ્રશ્ન છે આ નિમિત્ત ઉપાદાનવાળાનો.

મુમુક્ષુ :- આ હતું માટે થયું કે નહિ?

ઉત્તર :- હા, એમ. પ્રશ્ન લાવ્યા હતા તે દિ' એ બાજુથી. શું કહેવાય એ દેશ? 'બિહાર'? 'બિહાર'. એ બાજુથી લાવ્યા હતા.

મુમુક્ષુ :- ... સ્થુળ...

ઉત્તર :- એને નિમિત્ત સિદ્ધ કરવું છે ને. નિમિત્તથી થાય એ સિદ્ધ કરવું છે ને. શું કીધું, સમજાણું? આ છે આમાં પરમાણુ અહીં છે. છૂટો હતો ત્યારે સૂક્ષ્મ હતો. અહીં સ્થુળ થયો. જુઓ! આના સંબંધને લઈને સ્થુળ થયો કે નહિ? નિમિત્તને લઈને સ્થુળ થયો કે નહિ?

મુમુક્ષુ :- પણ પોતાના ઉપાદાનથી ન થાય એમાં નિમિત્ત શું કરી શકે?

ઉત્તર :- એમ નથી. એ વખતે પરમાણુ પોતાની સ્થુળપણાની પરિણતિથી પરિણમ્યો છે. આહાહા..! મોટો એમાં સિદ્ધાંત છે. એક પરમાણુ છે એ છૂટો સૂક્ષ્મ રહ્યો. અહીં આવ્યો ત્યારે સ્થુળ થઈ ગયો? તો આ સ્કંધને લઈને સ્થુળ થયો ને? એની પર્યાયમાં સ્થુળપણું થવું એ સમયનો પોતાનો સ્વભાવ છે. આહાહા..! 'દેવીલાલજી'! દરેકના દ્રવ્ય-

ગુણ-પર્યાય સ્વતંત્ર છે. પરને લઈને નહિ. એ વાત અહીં સિદ્ધ કરે છે.

**'ઇસ તરહ છહોં દ્રવ્યોંકા સંક્ષેપસે વ્યાખ્યાન જાનના.'** લ્યો! આ રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણની વ્યાખ્યા આ રીતે જાણવી.

---

अथानन्तसुखस्योपादेयभूतस्याभिन्नत्वात् शुद्धगुणपर्यायप्रतिपादनमुख्यत्वेन सूत्राष्टकं कथ्यते तत्राष्टकमध्ये प्रथमचतुष्टयं कर्मशक्तिस्वरूपमुख्यत्वेन द्वितीयचतुष्टयं कर्मफलमुख्यत्वेनेति। तद्यथा।

जीवकर्मणोरनादिसंबन्धं कथयति –

५९) जीवहँ कम्मु अणाइ जिय जणियउ कम्मु ण तेण।
कम्मैं जीउ वि जणिउ णवि दोहिँ वि आइ ण जेण।।५९।।

जीवानां कर्माणि अनादीनि जीव जनितं कर्म न तेन।
कर्मणा जीवोऽपि जनितः नैव द्वयोरपि आदिः न येन।।५९।।

जीवहं कम्मु अणाइ जिय जणियउ कम्मु ण तेण जीवानां कर्मणामनादिसंबन्धो भवति हे जीव जनितं कर्म न तेन जीवेन। कम्में जीउ वि जणिउ णवि दोहिं वि आइ ण जेण कर्मणा कर्तृभूतेन। जीवोऽपि जनितो न द्वयोरप्यादिर्न येन कारणेनेति। इतो विशेषः। जीवकर्मणामनादिसंबन्धः पर्यायसंतानेन बीजवृक्षवद्व्यवहारनयेन संबन्धः कर्म तावत्तिष्ठति तथापि शुद्धनिश्चयनयेन विशुद्धज्ञानदर्शनस्वभावेन जीवेन न तु जनितं कर्म तथाविधजीवोऽपि स्वशुद्धात्मसंवित्यभावोपार्जितेन कर्मणा नरनारकादिरूपेण न जनितः कर्मात्मेति च द्वयोरनादित्वादिति। अत्रानादिजीवकर्मणो–स्संबन्धव्याख्यानेन सदा मुक्तः सदा शिवः कोऽप्यस्तीति निराकृतमिति भावार्थः।। तथा चोक्तम् – 'मुक्तश्चेत्प्राग्भवे बद्धो नो बद्धो मोचनं वृथा। अबद्धो मोचनं नैव मुञ्चेरर्थो निरर्थकः। अनादितो हि मुक्तश्चेत्पश्चाद्बन्धः कथं भवेत्। बन्धनं मोचनं नो चेन्मुञ्चेरर्थो निरर्थकः।।'।।५९।।

---

ऐसे तीन प्रकारकी आत्माका है कथन जिसमें ऐसे पहले महाधिकारमें द्रव्य–गुण पर्यायके व्याख्यानकी मुख्यतासे सातवें स्थलमें तीन दोहा–सूत्र कहे। आगे आदर करने योग्य अतीन्द्रिय सुखसे तन्मयी जो निर्विकल्पभाव उसकी प्राप्तिके लिए शुद्ध गुण–पर्यायके व्याख्यानकी मुख्यतासे आठ दोहा कहते हैं। इनमें पहले चार दोहोमें अनादि कर्मसम्बन्धका व्याख्यान और पिछले चार दोहोंमें कर्मके फलका व्याख्यान इस प्रकार आठ दोहोंका रहस्य है, उसमें प्रथम ही जीव और कर्मका अनादिकालका सम्बन्ध है, ऐसा कहते हैं –

गाथा – ५९

अन्वयार्थ :– [ हे जीव ] हे आत्मा [ जीवानां ] जीवोंके [ कर्माणि ] कर्म [ अनादीनि ]

अनादि कालसे हैं, अर्थात् जीव कर्मका अनादि कालका सम्बन्ध है, [ तेन ] उस जीवने [ कर्म ] कर्म [ न जनितं ] नहीं उत्पन्न किये, [ कर्मणा अपि ] ज्ञानावरणादि कर्मोंने भी [ जीवः ] यह जीव [ नैव जनितः ] नहीं उपजाया, [ येन ] क्योंकि [ द्वयोःअपि ] जीव कर्म इन दोनोंका ही [ आदिः न ] आदि नहीं है, दोनों ही अनादिके हैं।

भावार्थ :– यद्यपि जीव व्यवहारनयसे पर्यायोंके समूहकी अपेक्षा नये–नये कर्म समय–समय बाँधता है, नये–नये उपार्जन करता है, जैसे बीजसे वृक्ष और वृक्षसे बीज होता है, उसी तरह पहले बीजरूप कर्मोंसे देह धारता है, देहमें नये–नये कर्मोंको विस्तारता है, यह तो बीजसे वृक्ष हुआ। इसी प्रकार जन्म–सन्तान चली जाती है। परन्तु शुद्धनिश्चयनयसे विचारा जावे, तो जीव निर्मल ज्ञान दर्शनस्वभाव ही है। जीवने ये कर्म न तो उत्पन्न किये, और यह जीव भी इन कर्मोंने नहीं पैदा किया। जीव भी अनादिका है, ये पुद्गलस्कंध भी अनादिके हैं, जीव और कर्म नये नहीं है, जीव अनादिका कर्मोंसे बँधा है। और कर्मोंके क्षयसे मुक्त होता है। इस व्याख्यानसे जो कोई ऐसा कहते हैं, कि आत्मा सदा मुक्त है, कर्मोंसे रहित है, उनका निराकरण (खंडन) किया। ये वृथा कहते हैं, ऐसा तात्पर्य है। ऐसा दूसरी जगह भी कहा है – 'मुक्तश्चेत्' इत्यादि। इसका अर्थ यह है, कि जो यह जीव पहले बँधा हुआ हो, तभी 'मुक्त' ऐसा कथन संभवता है, और पहले बँधा ही नहीं तो फिर 'मुक्त' ऐसा कहना किस तरह ठीक हो सकता। मुक्त तो छूटे हुएका नाम है, सो जब बँधा ही नहीं, तो फिर 'छूटा' किस तरह कहा जा सकता है। जो अबंध है, उसको छूटा कहना ठीक नहीं। जो बिना बंध मुक्ति मानते हैं, उनका कथन निरर्थक है। जो यह अनादिका मुक्त ही हो, तो पीछे बंध कैसे सम्भव हो सकता है। बंध होवे तभी मोचन छूटकारा हो सके। जो बंध न हो तो मुक्त कहना निरर्थक है।।५९।।

---

હવે જેમાં ત્રણ પ્રકારના આત્માનું કથન છે એવા પહેલા મહાધિકારમાં દ્રવ્ય-ગુણપર્યાયના વ્યાખ્યાનની મુખ્યતાથી સાતમા સ્થળમાં ત્રણ દોહાસૂત્ર સમાપ્ત થયાં.

હવે ઉપાદેયભૂત અનંતસુખથી અભિન્ન હોવાથી શુદ્ધગુણપર્યાયના કથનની મુખ્યતાથી આઠ સૂત્રો કહેવામાં આવે છે, તે આઠ ગાથાસૂત્રોમાંથી પ્રથમ ચાર સૂત્રો કર્મશક્તિના સ્વરૂપની મુખ્યતાથી અને બીજા ચાર સૂત્રો કર્મફળની મુખ્યતાથી છે. તે આ પ્રમાણે :

તેમાં પ્રથમ જ જીવ અને કર્મનો અનાદિ કાળનો સંબંધ છે એમ કહે છે :

ભાવાર્થ : જીવ અને કર્મનો અનાદિસંબંધ છે અર્થાત્ પર્યાય સંતાનથી જ બીજ અને વૃક્ષની માફક વ્યવહારનયે સંબંધ છે તો પણ શુદ્ધનિશ્ચયનયથી વિશુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવવાળા જીવથી કર્મ ઉત્પન્ન થયું નથી તેમ જ જીવ પણ સ્વશુદ્ધાત્મસંવેદનના અભાવથી ઉપજેલા કર્મથી નરનારકાદિરૂપે ઉત્પન્ન થયો નથી, કારણ કે કર્મ અને આત્મા

બન્ને અનાદિના છે.

**અહીં જીવ અને કર્મના અનાદિસંબંધના વ્યાખ્યાનથી આત્મા સદા મુક્ત છે, સદા શિવ છે એમ કોઈ કહે છે, તેનું નિરાકરણ કર્યું છે એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે : ''मुक्तश्चेत्प्राग्भवे बद्धो नो बद्धो मोचनं वृथा। अबद्धो मोचनं नैव मुञ्चेरर्थो निरर्थकः। अनादितो हि मुक्तश्चेत्पश्चाद्बन्धः कथं भवेत्। बन्धनं मोचनं नो चेन्मुञ्चेरर्थो निरर्थकः।।''**

**અર્થ : જો જીવ પહેલા બંધાયો હોય તો મુક્ત થાય, ન બંધાયો હોય તો મૂકાવું વૃથા છે. અબદ્ધને મૂકાવું થતું જ નથી, તેથી 'મૂકાયો' કહેવું નિરર્થક થાય છે. જો અનાદિથી જ મુક્ત હોય તો પછી બંધ કઈ રીતે થાય ? અને જો બંધન અને મુક્તિ ન હોય તો 'મૂકાયો' કહેવું નિરર્થક હોય. ૫૯**

## ગાથા-૫૯ ઉપર પ્રવચન

**'ઐસે તીન પ્રકારકી આત્માકા હૈ કથન જિસમેં...'** બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા. ત્રણ પ્રકારનું કથન ચાલ્યું છે. **'ઐસે પહલે મહાધિકારમેં દ્રવ્ય-ગુણ-પર્યાયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે સાતવેં સ્થળમેં તીન દોહા-સૂત્ર કહે. આગે આદર કરને યોગ્ય અતીન્દ્રિય સુખસે તન્મયી...'** આહાહા..! **'જો નિર્વિકલ્પભાવ ઉસકી પ્રાપ્તિકે લિયે, શુદ્ધ ગુણ-પર્યાયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે આઠ દોહા કહતે હૈં...'** **'આદર કરને યોગ્ય અતીન્દ્રિય સુખસે તન્મયી જો નિર્વિકલ્પભાવ...'** આહાહા..! એની પ્રાપ્તિને માટે **'શુદ્ધ ગુણ-પર્યાયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે આઠ દોહા કહતે હૈં. ઈનમેં પહલે ચાર દોહોમેં અનાદિ કર્મસંબંધકા વ્યાખ્યાન...'** **'ચાર દોહોમેં અનાદિ કર્મસંબંધકા વ્યાખ્યાન ઔર પિછલે ચાર દોહોંમેં કર્મકે ફલકા વ્યાખ્યાન ઈસ પ્રકાર આઠ દોહોંકા રહસ્ય હૈ, ઉસમેં પ્રથમ હી જીવ ઔર કર્મકા અનાદિકાલકા સંબંધ હૈ, ઐસા કહતે હૈં.'** ૫૯.

**૫૯) जीवहँ कम्मु अणाइ जिय जणियउ कम्मु ण तेण।**
**कम्में जीउ वि जणिउ णवि दोहिं वि आइ ण जेण।।५९।।**

**'હે આત્મા જીવોંકે કર્મ અનાદિકાલસે હૈં, અર્થાત્ જીવ કર્મકા અનાદિ કાલકા સંબંધ હૈ, ઉસ જીવને કર્મ નહીં ઉત્પન્ન કિયે,...'** આ વાત કહે છે. કર્મ જીવે ઉત્પન્ન કર્યા નથી. કર્મ કર્મથી થયેલા છે. જીવ જીવથી રહ્યો છે, કર્મ કર્મથી રહ્યા છે એમ કહે છે. આહાહા..! છે? **'કર્મ નહીં ઉત્પન્ન કિયે, જ્ઞાનાવરણાદિ કર્મોંને ભી યહ જીવ નહીં ઉપજાયા,...'** એ કર્મે જીવની કોઈ પર્યાય ઉપજાવી નથી અને જીવે કર્મની પર્યાય ઉપજાવી નથી, એમ સિદ્ધ કરવું છે. આહા..! તે તે કાળે કર્મની પર્યાયપણે પરિણમતા પરમાણુ પોતાથી ઉપજ્યા છે અને જીવ પણ આ બાજુ વિભાવ આદિ પણે પોતાથી ઉપજ્યા છે, કર્મને લઈને નહિ.

મુમુક્ષુ :- કર્મ શાસ્ત્ર બધા ખોટા પડી ગયા.

ઉત્તર :- કર્મ શાસ્ત્રમાં નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાનાવરણી જ્ઞાનને રોકે એ શબ્દ છે એનો ધ્વનિ. જ્ઞાનાવરણી. જ્ઞાનને આવરનારું જ્ઞાનાવરણી. એ તો નિમિત્તથી કથન છે. એ કહે છે અહીંયાં.

જ્ઞાનાવરણીની પર્યાય જીવે ઉપજાવી નથી અને જીવની જ્ઞાનની પર્યાય હીણી કે વિભાવપણે પરિણમન એ કર્મે ઉપજાવ્યું નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? નિગોદમાં પણ કર્મના રજકણોની જે જે પર્યાય છે એ જીવે નથી કરી અને જીવની જે ત્યાં દશા વિભાવ આદિ પર્યાય છે એ કર્મે નથી કરી. આહાહા..! કર્મથી થાય.. કર્મથી થાય... એ વાંધો છે ને બધો અત્યારે? એ પ્રશ્ન ચાલ્યો હતો ને ત્યાં? જ્ઞાનમાં કમી-બેસી એટલે હિનાધિક થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે એમ 'કાનજીસ્વામી' કહે છે. મહારાજ! જ્ઞાનાવરણીથી નહિ, એમ કહે છે. જ્ઞાનાવરણીની પર્યાય જીવે ઉપજાવી નથી અને જ્ઞાનની હીણી દશાનું યોગ્યતા આદિનું પરિણમન કર્મે ઉપજાવ્યું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનાવરણી કર્મના અભાવથી તો કેવળજ્ઞાન થાય.

ઉત્તર :- એના અભાવથી થતું નથી. એના અભાવથી, જ્ઞાનાવરણીના અભાવથી અકર્મરૂપી પર્યાય થાય છે. એ ચર્ચ્યુ હતું ભાઈએ-'ફુલચંદજી'એ. જ્ઞાનાવરણીના નાશથી કેવળ થાય કે જ્ઞાનાવરણીના અભાવથી અકર્મરૂપ પર્યાય કર્મમાં થાય? મોટા ઉપાદાન-નિમિત્તના ઝઘડા ઊભા છે. આહાહા..! એકાંતથી છે... એકાંતથી છે... એમ કહે. નિમિત્તથી પણ થાય છે. જ્ઞાનાવરણીથી પણ કાંઈક અંદર હીણી-અધિક દશા થાય છે. જ્ઞાનાવરણીનું નિમિત્ત છે તો હીણી છે, ખસી જાય તો અધિક થાય છે. એ વાત એમ નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

દરેક સમયમાં નિગોદમાં પણ જે કર્મની પર્યાયરૂપે ત્યાં પરિણમેલ પુદ્‌ગલ છે એને જીવે કર્યા નથી અને જીવમાં જે જ્ઞાનની હીણી દશારૂપ પરિણમન છે, નિગોદને અક્ષરના અનંતમાં ભાગે (જ્ઞાન છે) એ કર્મે કર્યું નથી એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે પણ હવે જરી... એ પ્રશ્ન (સંવત) ૧૯૮૪માં ઉઠેલો. 'વીરજીભાઈ' સાથે. એમ કે નિગોદમાં જે કર્મ છે એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પરમાણુના છે એની સંખ્યા, એનો રસ, એની પ્રકૃતિ, એની સ્થિતિ એ તો એનામાં પોતાથી છે. હવે જીવમાં એક જ પ્રમાણે પોતાથી એના એ જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સ્થિતિ છે. એ એને લઈને નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનની હિણી દશારૂપે થવું એ કર્મને લઈને નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- .. કર્મથી જ થાય.

ઉત્તર :- ખોટી વાતું બધી છે. મોટો વાંધો એ આવ્યો હતો ને તે દિ' 'વર્ણીજી' સાથે. ઓલામાં લખ્યું છે. છે ને એ ચોપડી કાંઈક આમાં? શેમાં છે? છપાઈ ગયું છે આ તો. પ્રશ્ન :- 'રતનચંદજી મુખત્યાર, સહરાનપુર' કાનજીસ્વામી યહ કહતે હૈં કિ મહારાજ જ્ઞાનાવરણી કર્મ કુછ નહિ કરતા. અપની યોગ્યતા સે જ્ઞાનમેં કમી-બેસી હોતી હૈ.'

ઓછાવત્તાપણું. 'મહારાજ! જ્ઞાનમેં કમી હોતી હૈ અપની વજહ સે હોતી હૈ, અપની યોગ્યતા સે હોતી હૈ. કાનજીસ્વામી યહ કહતે હૈં. જ્ઞાનાવરણી કુછ નહિ કરતા. મહારાજ! ક્યા યહ ઠીક હૈ?' (સંવત) ૨૦૧૩ની સાલની વાત છે. ૧૯ વર્ષ.

ઉત્તર :- 'ક્ષુલ્લકવર્ણીજી :- વહ ઠીક હે આપ હી સમજો. કૈસે ઠીક હૈ? ઠીક નહીં. કોઈ ભી કહે ચાહે, હમ તો કહતે હૈં અંગધારી કહે તો ભી ઠીક નહીં.' ભાઈ 'ચેતનજી' સાથે હતા. કેવળી કહે તોપણ ઠીક નથી, એમ કહ્યું હતું. એ અહીં સિદ્ધ કરે છે.

નિગોદના જીવની પણ જે અનંત ગુણની પર્યાય હિણાપણે થઈ એ કર્મે કરી નથી અને કર્મની પર્યાય આત્માએ કરી નથી. આહાહા..! આ મોટો સવાલ ઉઠ્યો હતો ત્યાં. પછી ત્યાં લાવ્યા હતા, 'કલકત્તા' 'ગજરાજજી'ના ઘરે. 'ગજરાજજી'ને ત્યાં આહાર કર્યો હતો ને, ત્યાં શેઠ લાવ્યા 'શાહુજી'. પત્ર આવ્યો છે 'ઈસરી'થી. આ પ્રમાણે કર્મને લઈને જો આત્મામાં હિણી અવસ્થા ન થાય તો કોને લઈને (થાય છે)? એ સ્વભાવ થઈ જાય છે. કીધું, ઉત્તર દીધો છે ત્યાં. ઉઠો. 'ગજરારજી'ને ઘરે આહાર હતો તે દિ'. મેડી ઉપર, હોં!

પોતાને લઈને જ પર્યાય થઈ છે. કર્મ ભલે હો. નિમિત્તપણે હો. પણ એથી એનાથી થઈ છે એમ નથી. આહાહા..! ૬૨ ગાથાનો (આધાર) આપ્યો હતો તે દિ'. 'પંચાસ્તિકાય'. વિકારી પરિણમન જીવનું નિગોદથી માંડીને દરેક જીવને પોતાના ષટ્કારકથી તે પર્યાય વિકારપણે પરિણમે છે. દ્રવ્ય-ગુણને કારણે નહિ, પર કારકને કારણે નહિ. 'અમરચંદભાઈ'! આહાહા..! મોટો વાંધો ઉઠ્યો પછી. આહાહા..! સ્વભાવ થઈ જશે. એ સ્વભાવ જ છે. એ જાતની પર્યાયનો સ્વભાવ (છે). સ્વસ્ય ભવનં સ્વભાવ. છે? આવે છે અર્થમાં-ટીકામાં. આહાહા..! એ અહીં કહે છે, હોં! શું કહ્યું?

**'જીવ કર્મકા અનાદિકાલકા સંબંધ હૈ, ઉસ જીવને કર્મ નહીં ઉત્પન્ન કિયે,...'** કર્મની પર્યાય કર્મથી થઈ છે ત્યાં. **'જ્ઞાનાવરણાદી કર્મોંને ભી યહ જીવ નહીં ઉપજાયા, ક્યોંકિ જીવ કર્મ ઈન દોનોંકા હી આદિ નહીં હૈ, દોનોં હી અનાદિકે હૈ.'** આહાહા..! છે? **'કર્મ નહીં ઉત્પન્ન કિયે, જ્ઞાનાવરણાદિ કર્મોંને ભી યહ જીવ નહીં ઉપજાયા,...'** જીવ નામ એની જે પર્યાય છે એ કર્મે ઉપજાવી નથી. આહાહા..! આવી વાત છે. એકાંત થાય છે, એમ કહે છે. અરે..! એકાંત સમ્યક્ એકાંત જ છે, સાંભળને!

તે તે સમયનો વિકારી પર્યાયનો તેને પોતાથી વિભાવરૂપે એ ઉત્પન્ન થવાની એની ક્ષણ છે. એનો પોતાનો જ કાળ છે એ, પરને લઈને નહિ. સમજાણું કાંઈ? એક તો જાણે એમાં 'ગોમ્મટસાર'માં એવું આવે. જ્ઞાનાવરણી કર્મ શબ્દ આવે અને જ્ઞાનને આવરણ કરનારું આવ્યું એટલે ન્યાં નિમિત્ત પ્રધાનતા થઈ ગઈ. નિશ્ચયમાં એમ આવે કે વિકારના પરિણામનો સ્વામી પુદ્ગલ છે અને પુદ્ગલથી તે થયા છે. જવથી જવ થાય. ૬૮ ગાથા. પુદ્ગલથી પુદ્ગલના પરિણામ એ વિકારી થયા છે. ત્યાં એમ આવ્યું અને 'ગોમ્મટસાર'માં આમ આવ્યું. 'અમરચંદભાઈ'! કઈ અપેક્ષા? ત્યાં આવ્યું છે એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાનની દશા પોતાપણે તે સમયે હિણીપણે પરિણમે એ ભાવઘાતિ પોતે (પરિણમે છે).

ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. પણ નિમિત્તથી અહીં હિણી થઈ છે અને હિણી થઈ છે માટે ત્યાં જ્ઞાનાવરણી બંધાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- એક દ્રવ્ય બીજા દ્રવ્યનું...

ઉત્તર :- એક દ્રવ્ય બીજા દ્રવ્યનું શું કરે? દ્રવ્યને ન કરે, પર્યાયને કરે ને!

**'યહ જીવ નહીં ઉપજાયા,...'** એનો અર્થ જીવની પર્યાય. અહીં શબ્દ આવ્યો ને આ? શું કહ્યું? **'જીવને કર્મ નહીં ઉત્પન્ન કિયે, જ્ઞાનાવરણાદિ કર્મોંને ભી યહ જીવ નહીં ઉપજાયા,...' 'જીવ નહીં ઉપજાયા,...'** એટલે? એની વર્તમાન પર્યાય જે છે તેને કર્મે નથી ઉપજાવી. આહાહા..! વિકારનું પરિણમન સ્વયં એક સમયનું સ્વતંત્ર પોતાથી છે એવું જેને ન બેસે એને દ્રવ્ય જે પર્યાયની પાછળ આખો અવ્યક્ત છે, ગુપ્ત છે એ સ્વતંત્ર એને નહી બેસે. જે પ્રગટ પર્યાય છે એ સ્વતંત્ર છે, વિકારપણે પણ સ્વતંત્ર છે એવું જેને ન બેસે, એને વિકારની પાછળ ભગવાન આત્મા અખંડ શુદ્ધ, પૂર્ણ શુદ્ધ સ્વતંત્ર છે એ વાત એને નહિ બેસે. સમજાણું કાંઈ? આ અધિકાર ઈ લીધો છે અહીં કે અનાદિ કર્મનો સંબંધ હોવા છતાં કર્મની સમયે સમયે જે પર્યાય ત્યાં થાય એ આત્મા કરતો નથી અને આત્મામાં સમયે સમયે જે હિણી આદિ પર્યાય થાય એને કર્મ કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'ચેતનજી'? એમ છે કે નહિ એમાં? જીવને કરતો નથી એમ કહ્યું છે એણે. પર્યાયને નથી કરતો એમ ક્યાં કહ્યું છે?

**'યહ જીવ નહીં ઉપજાયા, ક્યોંકિ જીવ કર્મ ઈન દોનોંકા હી આદિ નહીં હૈ, દોનોં હી અનાદિકે હૈ.'** કર્મની પર્યાય કર્મપણે થઈ છે. જીવની પર્યાય પોતાપણે હિણી આદિ થઈ છે. બસ. એમ કે કર્મમાં ક્ષયોપશમ થાય તો જ્ઞાનમાં ક્ષયોપશમ થાય ને? ના પાડે છે. નહિ? બેય ભિન્ન છે. જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ એ જીવે કર્યો નથી અને આમાં અહીં ક્ષયોપશમની પર્યાય જીવમાં થઈ તે ક્ષયોપશમ જ્ઞાનાવરણીએ કર્યો નથી. આહાહા..! થોડી વાતમાં સ્વતંત્રતાની સિદ્ધિ છે. વસ્તુનું સ્વરૂપ એ રીતે છે. કાલે કહ્યું હતું, નહિ? ગુણપર્યાયવતદ્રવ્યં. દરેક સમયમાં તે પોતાના ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે. પરને લઈને નહિ. સમજાણું કાંઈ? ગમે તે સમયમાં નિગોદમાં હો. તેથી તો ત્યાં કહ્યું એમ કહ્યું નથી 'ગોમ્મટસાર'માં પંડિતજી? ભાવકર્મ પૌરા. કર્મ બહુ જોરવાળા છે માટે નિગોદપણું છોડતું નથી એમ નથી કહ્યું. પોતાના ભાવકલંકની પ્રચુરતા છે. એ કર્મને લઈને નહિ. આવી વસ્તુ. દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન અત્યારે ઘટી ગયું. મોટી તકરારું ઊઠી. પંડિતોના ઝઘડા. અરે...! ભાઈ! આ ઝઘડા ટાળવાના ટાણામાં આ શું આવ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાળ કાળમાં રહી ગયો. એમ કે હુંડાવસર્પિણી કાળ છે ને, એમ ભાઈ કહે છે.

**ભાવાર્થ :- 'યદ્યપિ જીવ વ્યવહારનયસે પર્યાયોકે સમૂહકી અપેક્ષા નયે-નયે કર્મ સમય-સમય બાંધતા હૈ, નયે-નયે ઉપાર્જન કરતા હૈ,...'** કર્મની પર્યાય. **'જૈસે બીજસે વૃક્ષ ઔર વૃક્ષસે બીજ હોતા હૈ, ઉસી તરહ પહલે બીજરૂપ કર્મસે દેહ ધારતા હૈ, દેહમેં નયે-**

**નયે કર્મોંકો વિસ્તારતા હૈ, યહ તો બીજસે વૃક્ષ હુઆ.**' નિમિત્તનો સંબંધ કહે છે. '**વ્યવહારનયસે પર્યાયોંકે સમૂહકી અપેક્ષા નયે-નયે કર્મ સમય-સમય બાંધતા હૈ,...**' જીવ બાંધે છે એમ કહે છે નિમિત્તની અપેક્ષાએ. '**નયે-નયે ઉપાર્જન કરતા હૈ, જૈસે બીજસે વૃક્ષ ઔર વૃક્ષસે બીજ હોતા હૈ, ઉસી તરહ પહલે બીજરૂપ કર્મોંસે દેહ ધારતા હૈ, દેહમાં નયે-નયે કર્મોંકો વિસ્તારતા હૈ,...**' નવા નવા વિકાર કરે છે. '**યહ તો બીજસે વૃક્ષ હુઆ. ઈસીપ્રકાર જન્મ-સંતાન ચલી જાતી હૈ.**' અનાદિથી. કર્મની ઉત્પત્તિની સંતાન અને વિકારની ઉત્પત્તિની સંતાન એમ પ્રવાહ ચાલ્યો જાય છે. એકબીજાને લઈને નહિ. પોતપોતાને આ પ્રવાહ ચાલ્યો જાય છે. આહાહા..!

'**પરંતુ શુદ્ધનિશ્ચયનયસે વિચારા જાવે,...**' આહાહા..! '**જો જીવ નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવ હી હૈ.**' આહાહા..! એ હીણાપણું ઉપજવું અને કર્મનું ઉપજવું એ બધું આત્મામાં છે નહિ. હીણાપણે ઉપજવું એમાં કર્મપણું નથી પણ હીણાપણે ઉપજવું એ ત્રિકાળમાં નથી, એમ કહે છે. હીણાપણે વિકારી આદિમાં ઉપજવું એ કર્મને લઈને નથી અને હીણાપણું ઉપજવું એ ત્રિકાળમાં નથી. એ પર્યાયમાં હીણાપણે ઉપજવાની સ્વતંત્રતાથી પરિણમે છે એમ છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડા ફેરે ફેર મોટો એમાં હોય છે. ઓલો કહે કે નિમિત્ત હોય તો થાય છે. આ કહે કે નિમિત્તને કાળે નિમિત્તમાં થાય અને આને કાળે પોતાથી થાય. આહાહા..! મોટો ફેર.

અહીં ચર્ચા ચાલી. 'પંચાધ્યાયી'માં કાંઈ ભૂલ હોય તો મને સુધરાવો. એમ કહ્યું. પછી કીધું, ભૂલ જુઓ તમારી. છઠ્ઠે ગુણસ્થાને તમે બુદ્ધિપૂર્વક રાગ કીધો. સાતમે અબુદ્ધિપૂર્વક કહ્યો. એમ નથી, કીધું. છઠ્ઠે બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક બે પ્રકાર છે. અહીં સુધાર્યું પછી સુધાર્યું હતું. એણે બનાવ્યું છે ને ટીકા બનાવી છે. અમારા બધાના નિમિત્તપ્રધાન જ ભણતર છે. એ પ્રમાણે અમે લખ્યું. એમ નથી, ભાઈ!

કોઈ દ્રવ્યની કોઈ પર્યાય પરને લઈને થાય એમ ત્રણકાળમાં નથી. એ પર્યાયનો સ્વકાળ પોતે છે તો પોતાથી જ થાય છે. ચાહે તો વિકારપણે હો, ચાહે તો અવિકારપણે હો, ચાહે તો ખંડ જ્ઞાનપણે હો, ચાહે તો અખંડ જ્ઞાનપણે હો. સમજાણું કાંઈ? ચાહે તો વિભાવપણે હો. ચાર જ્ઞાનને વિભાવ કીધો છે. કેવળજ્ઞાનને સ્વભાવ કીધો છે. ત્રણ દર્શનને વિભાવ કીધો છે. ચક્ષુ, અચક્ષુ, અવિધિ. કેવળદર્શનને સ્વભાવ કીધો છે. એ હોય, તે તે સમયે પોતાથી છે. સમજાણું કાંઈ? 'અમરચંદભાઈ'! આવું છે. આહાહા..!

ઓલા ગાય ને પેલા સ્થાનકવાસી? 'કર્મે રાજા કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.' એવી સ્તુતિ બોલે ને પહેલી? એ તો બહારના સંયોગો જે મળે છે એમાં કર્મનું નિમિત્ત છે. એ પણ નિમિત્ત છે. સંયોગ એ નિમિત્તને કારણે આવે છે એમ પણ નથી. સાતાવેદનીના ઉદયને લઈને અહીં પૈસા આવે છે એ તો એક નિમિત્તનું કથન છે. પૈસાનું આવવું સ્વતંત્ર ઉપાદાનને કારણે એ પર્યાય આમ આવે છે. સાતાવેદનીય બીજા કર્મની અવસ્થા છે અને પૈસા આવે છે એ બીજા પદાર્થની અવસ્થા છે. માટે પુણ્યથી પૈસા મળે એમ કહેવું એ પણ

વ્યવહાર છે. આહાહા..! એ પૈસાના પરમાણુ તે સમયે તે પર્યાયનું ત્યાં આવવાનું હતું તેથી આવ્યા છે. સમજાણું કાંઈ? એને પૂર્વના પુણ્યનો ઉદય હતો તો આવ્યા એ તો નિમિત્ત કોણ હતું એ જણાવવા. કઈ ચીજ એમાં નિમિત્ત હોય? એટલું.

કહે છે કે આવી વિકારી પર્યાય સંતાન હિનાધિકની અવસ્થા પોતાથી છે, કર્મની પર્યાયમાં કર્મનું હીણું-અધિક સ્થિતિનું પરિણમવું એ એનાથી છે. '**પરંતુ શુદ્ધનિશ્ચયનયસે વિચારા જાવે, તો જીવ નિર્મલ જ્ઞાનદર્શનસ્વભાવ હી હૈ.**' આહાહા..! હીણાપણે થવું કે વિભાવપણે થવું એ એનું-ત્રિકાળનું સ્વરૂપ નથી. પર્યાયનું સ્વરૂપ છે એમ સિદ્ધ કરવું છે. પર્યાયમાં હિનાધિક અને વિભાવરૂપની યોગ્યતાથી હો, પણ વસ્તુના સ્વભાવમાં એ નથી. આહાહા..! નિર્મળ જ્ઞાન-દર્શન સ્વભાવ. ચાર જ્ઞાન આદિ અશુદ્ધ અને ખંડ જ્ઞાન છે પોતાથી ત્યાં, પર્યાયની પર્યાયિતા (યોગ્યતા), પણ વસ્તુની દૃષ્ટિએ જુઓ એમ કહે છે અહીં તો હવે. વસ્તુની ભિન્નતા... આહાહા..! એ તો નિર્મળ જ્ઞાન દર્શન સ્વભાવી (છે) ત્યાં દૃષ્ટિ કરવા જેવી છે. ખંડ ખંડની પર્યાય સ્વભાવિક ભલે પોતાથી સ્વતંત્ર તે પર્યાય હોય. પણ છતાં દૃષ્ટિનો વિષય જે છે ત્યાં દૃષ્ટિ દેવા જેવી છે. પર્યાય ઉપર દૃષ્ટિ દેવા જેવી નથી એમ કહે છે. પર્યાયની સ્વતંત્રતા આત્માની પર્યાયમાં નિગોદથી માંડીને સ્વતંત્ર તે તે પર્યાય પોતાથી થયેલી છે. છતાં એ પર્યાયની સ્વતંત્રતાની યોગ્યતા ઉપર દૃષ્ટિ લેવાની નથી, એમ કહે છે. છે એને જાણવા જેવું છે. બસ. હવે આદરવા જેવું શું? સમજાણું કાંઈ? આહાહા..! માળે થોડામાં પણ...

'**શુદ્ધનિશ્ચયનયસે વિચારા જાવે, તો જીવ નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ હી હૈ. જીવને યે કર્મ ન તો ઉત્પન્ન કિયે, ઔર યહ જીવ ભી ઈન કર્મોંને નહીં પૈદા કિયા.**' આહાહા..! '**જીવ ભી અનાદિકા હૈ, યે પુદ્‌ગલસ્કંધ ભી અનાદિકે હૈં, જીવ ઔર કર્મ નયે નહીં હૈ,...**' નવા નથી, અનાદિના છે બેય.

મુમુક્ષુ :- ઘાત ક્યારથી થયો?

ઉત્તર :- અનાદિની ઘાત પોતાની પર્યાય તે પોતામાં અનાદિની છે.

મુમુક્ષુ :- જીવમાં રાગ ક્યારથી થયો?

ઉત્તર :- અનાદિનો છે. કીધું, એ તો પહેલા વાત થઈ ગઈ, નહિ? રાગ અનાદિનો પોતાથી થયેલો છે. કર્મની પર્યાય પણ અનાદિની એનાથી થયેલી છે. હવે એટલું જાણીને કરવાનું શું? એ રહે છે.

'**જીવને યે કર્મ ન તો ઉત્પન્ન કિયે, ઔર યહ જીવ ભી ઈન કર્મોંને નહીં પૈદા કિયા. જીવ ભી અનાદિકા હૈ, યે પુદ્‌ગલસ્કંધ ભી અનાદિકે હૈં, જીવ ઔર કર્મ નયે નહીં હૈ, જીવ અનાદિકા કર્મોંસે બંધા હૈ. ઔર કર્મોંકે ક્ષયસે મુક્ત હોતા હૈ.**' એ નિમિત્તથી કથન છે. '**ઈસ વ્યાખ્યાનસે જો કોઈ ઐસા કહતે હૈં, કિ આત્મા સદા મુક્ત હૈ, કર્મોંસે રહિત હૈ, ઉનકા નિરાકરણ (ખંડન) કિયા.**' આ એ માટે કહ્યું છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૯, મંગળવાર**
**તા. ૨૦-૦૭-૧૯૭૬, ગાથા-૫૯ થી ૬૧, પ્રવચન નં. ૩૯**

૫૯ ગાથા. '**જીવ ભી અનાદિકા હૈ,...**' ત્યાંથી. છે પાછળ? '**પુદ્ગલસ્કંધ ભી અનાદિકે હૈં,...**' કર્મ સ્કંધ આત્માની સાથે અનાદિનો છે. '**જીવ ઔર કર્મ નયે નહીં હૈ,...**' જીવ નવો થયો નથી. તેમ કર્મ નવા થયા નથી. જીવ પણ અનાદિ અને કર્મનો સ્કંધ પણ અનાદિ (છે). '**જીવ અનાદિકા કર્મોંસે બંધા હૈ. ઔર કર્મોંકે ક્ષયસે મુક્ત હોતા હૈ. ઈસ વ્યાખ્યાનસે જો કોઈ ઐસા કહતે હૈં, કિ આત્મા સદા મુક્ત હૈ,...**' એનો અહીં નિષેધ કર્યો. સદા મુકત કહે છે ને? સદા મુકત જ છે. સદાશિવ. એમ નથી. વસ્તુ સ્વભાવ વસ્તુ સદા મુકત છે. પણ પર્યાયમાં કર્મનો સંબંધ બંધ અનાદિથી છે. '**કર્મોંસે રહિત હૈ,...**' એમ જે કહે છે, '**ઉનકા નિરાકરણ (ખંડન) કિયા.**' ખંડન કર્યું. '**યે વૃથા કહતે હૈ, કિ ઐસા તાત્પર્ય હૈ.**'

'**ઐસા દૂસરી જગહ ભી કહા હૈ–**' '**मुक्तश्चेत्**' '**જો યહ જીવ પહલે બંધા હુઆ હો, તભી મુક્ત ઐસા કથન સંભવતા હૈ, ઔર પહલે બંધા હી નહીં તો ફિર મુક્ત ઐસા કહના કિસ તરહ ઠીક હો સકતા.**' જેલમાં પડ્યો નથી કોઈ માણસ, એને કહે કે તું છૂટ્યો. એ તો અપમાન છે. 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે. એ છૂટ્યો. છૂટ્યો પણ જેલમાં હતો જ કે દિ'? જેલમાં હોય એ છૂટ્યો કહેવાય. એમ આત્મા પર્યાયમાં બંધન હોય તો છૂટ્યો કહેવાય. પણ બંધન જ નથી એને છૂટ્યો કહેવો. વસ્તુ છે એ બંધન નથી. પર્યાયની વાત છે. વસ્તુ છે એ તો અબંધ ત્રિકાળ છે. આત્મા પદાર્થ છે વસ્તુ તરીકે એ તો મુકત સ્વરૂપ જ, અનાદિથી મોક્ષ સ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ? પણ પર્યાયમાં બંધન રાગની એકતાનો સંબંધ છે તો એ બંધનથી મુકત થાય. બંધન ન જ હોય તો મુકત થાય એવું પર્યાયમાં રહેતું નથી.

'**મુક્ત તો છૂટે હુએકા નામ હૈ, સો જબ બંધા હી નહીં, તો ફિર છૂટા કિસ તરહ કહા જા સકતા હૈ. જો અબંધ હૈ, ઉસકો છૂટા કહના ઠીક નહીં. જો બિના બંધ મુક્તિ માનતે હૈં....**' ત્યાં વિના જોઈએ. વિભાવ શબ્દ પડ્યો છે ને? '**જો બિના બંધ મુક્તિ માનતે હૈં, ઉનકા કથન નિરર્થક હૈ.**' પર્યાયમાં મલિનતા જ નથી અને તેને નિર્મળ થયો કહેવું એ વાત વ્યાજબી નથી. પર્યાયમાં મલિનતા છે. પર્યાયમાં બંધન છે, પર્યાયમાં બંધન છે. એ બંધન ન હોય તો મુકતપણું પણ થઈ શકે નહિ. નિશ્ચયથી, દ્રવ્યથી બંધન નથી, દ્રવ્યમાં બંધન નથી. દ્રવ્ય તો અબંધસ્વરૂપ છે. આહાહા..! પર્યાયમાં બંધ સ્વરૂપ છે તો મુકત થઈ શકે છે.

'**બિના બંધ મુક્તિ માનતે હૈં, ઉનકા કથન નિરર્થક હૈ. જો યહ અનાદિકા મુક્ત હી હો,**

**તો પીછે બંધ કૈસે સંભવ હો સકતા હૈ.**' અનાદિનો પર્યાયમાં મુક્ત હોય તો એને બંધ કેમ સંભવે? અનાદિનો પર્યાયથી શુદ્ધ જ છે એમ જો કહે તો અશુદ્ધતાનો નાશ અને શુદ્ધતાની સ્થિતિ સિદ્ધ થતી નથી. પર્યાયમાં પણ અનાદિ (શુદ્ધ હોય)... દ્રવ્ય શુદ્ધ છે. ગુણ શુદ્ધ છે, પણ પર્યાયમાં અશુદ્ધતા જો ન હોય, તો અશુદ્ધતા સંસાર ન હોય તો એનું મુક્તિ, એનું છૂટવું પણ હોઈ શકે નહિ. આહાહા..! '**બંધ હોવે તભી મોચન છુટકારા હો સકે.**' મુકવું એમ શબ્દ છે તો એનો અર્થ બંધ છે પહેલો. '**જો બંધ ન હો તો મુક્ત કહના નિરર્થક હૈ.**' લ્યો! આહાહા..! સદાશિવ માને છે ને? વાત સાચી અજ્ઞાનીની. વસ્તુ સદાશિવ છે. પણ પર્યાય અપેક્ષાએ સદાશિવ હોય તો પર્યાય ટાળવી શુદ્ધતા થવી એ કાંઈ રહેતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

પર્યાય-અવસ્થામાં રાગનો સંબંધ છે. એ બંધ છે-ભાવબંધ. અને એનું-રાગનું છૂટવું એ ભાવમુક્તિ, પર્યાયમાં મુક્તિ (થઈ). મોક્ષ છે એ પર્યાય છે ને? મોક્ષ છે એ કોઈ દ્રવ્ય નથી. આહાહા..! મોક્ષ છે એ પણ આત્મદ્રવ્યનો એક ભેદ છે. પર્યાયરૂપી ભેદ છે. ત્રિકાળી ચીજ નથી. સમજાણું કાંઈ? તેથી મોક્ષનો ભેખ લીધો હતો. આસ્રવનો ભેખ, પુણ્ય-પાપનો ભેખ, એમ મોક્ષનો પણ એક પર્યાય ભેખ છે. કાયમી ચીજ નથી. આહાહા..! એ કાયમની ચીજ છે એને બંધન ન હોય તો છૂટકારો કહેવું એ બની શકતું નથી. એ ૫૯ ગાથા કીધી. ન્યાય સમજાય છે આમાં? વસ્તુ સદાશિવ છે એને ઠેકાણે પર્યાયથી સદાશિવ માને છે. એ મોટી ભૂલ છે. એમ કહે છે.

---

**अथ व्यवहारनयेन जीवः पुण्यपापरूपो भवतीति प्रतिपादयति –**

**६०) एहु ववहारें जीवडउ हेउ लहेविणु कम्मु।**
**बहुविह–भावें परिणवइ तेण जि धम्मु अहम्मु।।६०।।**

**एष व्यवहारेण जीवः हेतुं लब्ध्वा कर्म।**
**बहुविधभावेन परिणमति तेन एव धर्मः अधर्मः।।६०।।**

**एहु ववहारें जीवडउ हेउ लहेविणु कम्मु एष प्रत्यक्षीभूतो जीवो व्यवहारनयेन हेतुं लब्ध्वा। किम्। कर्मेति। बहुविहभावें परिणवइ तेण जि धम्मु अहम्मु बहुविधभावेन विकल्पज्ञानेन परिणमति तेनैव कारणेन धर्मोऽधर्मश्च भवतीति। तद्यथा। एष जीवः शुद्धनिश्चयेन वीतरागचिदानन्दैकस्वभावोऽपि पश्चाद्व्यवहारेण वीतरागनिर्विकल्पस्वसंवेदनाभावेनोपार्जितं शुभाशुभं कर्म हेतुं लब्ध्वा पुण्यरूपः पापरूपश्च भवति। अत्र यद्यपि व्यवहारेण पुण्यपापरूपो भवति तथापि परमात्मानुभूत्यविनाभूत–वीतरागसम्यग्दर्शनचारित्रबहिर्द्रव्येच्छानिरोधलक्षण–तपश्चरणरूपा या तु निश्चयचतुर्विधाराधना तस्या भावनाकाले साक्षादुपादेयभूतवीतराग–परमानन्दैकरूपो मोक्षसुखाभिन्नत्वात् शुद्धजीव उपादेय इति तात्पर्यार्थः।।६०।।**

आगे व्यवहारनयसे यह जीव पुण्य-पापरूप होता है, ऐसा कहते हैं –

गाथा – ६०

अन्वयार्थ :- [ एष जीवः ] यह जीव [ व्यवहारेण ] व्यवहारनयकर [ कर्म हेतुं ] कर्मरूप करणको [ लब्ध्वा ] पाकरके [ बहुविधभावेन ] अनेक विकल्परूप [ परिणमित ] परिणमता है। [ तेन एव ] इसीसे [ धर्मः अधर्मः ] पुण्य और पापरूप होता है।

भावार्थ :- यह जीव शुद्ध निश्चयनयकर वीतराग चिदानन्द स्वभाव है, तो भी व्यवहारनयकर वीतराग निर्विकल्प स्वसंवेदनज्ञानके अभावसे रागादिरूप परिणमनेसे उपार्जन किये शुभ-अशुभ कर्मोंके कारणको पाकर पुण्यी तथा पापी होता है। यद्यपि यह व्यवहारनयकर पुण्य-पापरूप है, तो भी परमात्माकी अनुभूतिसे तन्मयी जो वीतराग सम्यग्दर्शन, ज्ञान, चारित्र और बाह्य पदार्थोंमें इच्छाके रोकनेरूप तप, ये चार निश्चयआराधना हैं, उनकी भावनाके समय साक्षात् उपादेयरूप वीतराग परमानन्द जो मोक्षका सुख उससे अभिन्न आनंदमयी ऐसा निज शुद्धात्मा ही उपादेय है, अन्य सब हेय हैं।।६०।।

હવે વ્યવહારનયથી જીવ પુણ્ય-પાપરૂપ થાય છે, એમ કહે છે :

ભાવાર્થ : આ જીવ શુદ્ધ નિશ્ચયનયથી વીતરાગ ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવો હોવા છતાં પણ વ્યવહારનયથી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનના અભાવથી ઉપાર્જિત એવા શુભાશુભ કર્મરૂપ કારણને પામીને પુણ્યરૂપ અને પાપરૂપ થાય છે.

અહીં જો કે વ્યવહારનયથી જીવ પુણ્ય-પાપરૂપ થાય છે, તો પણ પરમાત્માની અનુભૂતિની સાથે અવિનાભાવી વીતરાગસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર અને બાહ્ય પદાર્થોમાં ઇચ્છાનો નિરોધ જેનું લક્ષણ છે, એવા તપશ્ચરણરૂપ જે ચાર પ્રકારની નિશ્ચય-આરાધના છે તેની ભાવનાના સમયે સાક્ષાત્ ઉપાદેયભૂત વીતરાગ પરમાનંદ જેનું એક રૂપ છે એવો શુદ્ધ જીવ મોક્ષસુખથી અભિન્ન હોવાથી ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૬૦.

## ગાથા-૬૦ ઉપર પ્રવચન

'આગે વ્યવહારનયસે યહ જીવ પુણ્ય-પાપરૂપ હોતા હૈ, ઐસા કહતે હૈં-'

६०) एहु ववहारें जीवडउ हेउ लहेविणु कम्मु।
बहुविह-भावें परिणवइ तेण जि धम्मु अहम्मु।।६०।।

ધર્મ એટલે પુણ્ય અને અધર્મ એટલે પાપ. અહીં એ શબ્દ છે. ધર્મ-અધર્મ છે ને શબ્દ? ધર્મ એટલે પુણ્ય, અધર્મ એટલે પાપ. '**વ્યવહારનયસે યહ જીવ પુણ્ય-પાપરૂપ હોતા હૈ,...**' પર્યાયમાં પુણ્ય-પાપની મલિન અવસ્થારૂપે થાય છે પણ સ્વભાવમાં નથી.

વસ્તુ કોઈ દિ' મલિન થઈ છે એમ નથી. આહાહા..! વસ્તુ તો સદા પવિત્ર ત્રિકાળ છે. પણ વ્યવહારનયથી પર્યાયદૃષ્ટિએ વર્તમાનમાં '**પુણ્ય-પાપરૂપ હોતા હૈ, ઐસા કહતે હૈં-**'

**અન્વયાર્થ :- 'યહ જીવ વ્યવહારનયકર કર્મરૂપ કરણકો...'** '**कर्म हेतुं**' છે ને? '**कर्म हेतुं लब्ध्वा**' '**કર્મરૂપ કરણકો પાકરકે અનેક વિકલ્પરૂપ પરિણમતા હૈ.**' આહાહા..! પર્યાયમાં છે. એના અસ્તિત્વમાં છે. બંધ અને રાગ ને પુણ્ય અને પાપ એની પર્યાયમાં છે. '**અનેક વિકલ્પરૂપ પરિણમતા હૈ. ઈસી પુણ્ય ઔર પાપરૂપ હોતા હૈ.**'

**ભાવાર્થ :- 'યહ જીવ શુદ્ધ નિશ્ચયનયકર વીતરાગ ચિદાનંદ સ્વભાવ હૈ,...'** લ્યો! એનો અસલી ત્રિકાળી સ્વભાવ શુદ્ધ નિશ્ચયનયથી જોઈએ તો વીતરાગ ચિદાનંદ સ્વભાવ છે. એનો સ્વભાવ તો વીતરાગ ચિદાનંદ સ્વભાવ, વીતરાગ જ્ઞાનાનંદ સ્વભાવ, વીતરાગ સ્વરૂપ જ ત્રિકાળ છે. વીતરાગ સ્વરૂપ ત્રિકાળ ન હોય તો વીતરાગની પર્યાય ક્યાંથી આવશે? કાંઈ બહારથી આવે છે? એમ ચિદાનંદ સ્વરૂપ ન હોય તો જ્ઞાનના આનંદની દશા પૂર્ણ ક્યાંથી આવશે? આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ જ છે. આહાહા..! વસ્તુ વીતરાગસ્વરૂપ જ છે. બીજી ભાષાએ કહીએ તો એ અકષાયસ્વરૂપ છે. એટલે કે ચારિત્રસ્વરૂપ છે. એટલે કે વીતરાગસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વીતરાગ ચિદાનંદ સ્વભાવ, તો ભી વ્યવહારનયકર વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે અભાવસે...**' પણ વર્તમાનમાં તેને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનનો અભાવ છે. આહાહા..! પર્યાયમાં વીતરાગ નિર્વિકલ્પ સ્વ-પોતાથી પ્રત્યક્ષ વેદનમાં જ્ઞાનનો અભાવ છે. આહાહા..! એથી પર્યાયમાં '**રાગાદિરૂપ પરિણમનેસે ઉપાર્જન કિયે શુભ-અશુભ કર્મોંકે...**' તેથી પર્યાયમાં રાગાદિરૂપ પરિણમવાથી. લ્યો! શુભ-અશુભ કર્મ, એના કારણે '**પાકર પુણ્યી તથા પાપી હોતા હૈ.**' આહાહા..! સમજાણું?

ખરેખર પુણ્ય અને પાપ નવતત્ત્વમાં જ્ઞાયકતત્ત્વથી ભિન્ન છે. નવ છે ને? તો પુણ્ય અને પાપ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન છે. પણ પર્યાયમાં છે. એમ સિદ્ધ કરવું છે. ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ વસ્તુ વીતરાગસ્વરૂપ એનાથી પુણ્ય-પાપના ભાવ તત્ત્વ જ એ ભિન્ન છે, છતાં પર્યાયમાં છે. આહાહા..! 'સર્વવિશુદ્ધ'માં ન કહ્યું ત્યાં? '**धम्माधम्मं**' જીવનો ભાવ છે. 'સર્વવિશુદ્ધ'માં પાછળ. પુણ્ય-પાપના ભાવ એના છે. પર્યાયમાં. 'સર્વવિશુદ્ધ'માં છે.

**णाणं सम्मादिट्ठिं दु संजमं सुत्तमंगपुव्वगयं।**

**धम्माधम्मं च तहा पव्वज्जं अब्भुवंति बुहा।।४०४।।**

ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ પણ આત્મામાં છે એમ ભગવાન કહે છે. છે? ૪૦૪.

**સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો અને**

**ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.**

લ્યો! આહાહા..! છે? '**બુધ પુરુષો (અર્થાત્ જ્ઞાની જનો) જ્ઞાનને જ સમ્યગ્દૃષ્ટિ,...**'

જ્ઞાનની પર્યાયમાં જે સમ્યગ્દૃષ્ટિ એ આત્માની સમ્યગ્દૃષ્ટિ. '**(જ્ઞાનને જ) સંયમ,...**' એ આત્માનું જ્ઞાન તે જ સંયમરૂપે કહ્યું છે. અંગપૂર્વગત જ્ઞાન એ પણ પર્યાય છે એની. અંગપૂર્વગત જ્ઞાનની, જ્ઞાનની પર્યાય છે. આત્માની. અને '**ધર્મ–અધર્મ (પુણ્ય–પાપ) તથા દીક્ષા...**' એ પણ આત્માના છે, આત્મામાં છે. પ્રવજ્યા પણ આત્મામાં છે અને પુણ્ય–પાપ પણ આત્મામાં છે. સમજાણું કાંઈ? ધર્મ–અધર્મ શબ્દ વાપર્યો છે. એવો અહીં એ શબ્દ વાપર્યો છે. જુઓ! '**धम्मु अहम्मु**'. તેથી કેટલાક કહે છે ને કે તમે પુણ્યને પુણ્ય કહો છે અને અધર્મ કહો છો પણ આમાં ધર્મ કીધો છે. એનો અર્થ છે કે જેને આત્મા આનંદનો અનુભવ થયો છે નિશ્ચય ધર્મ, એને પુણ્ય પરિણામના વ્યવહાર ધર્મનો આરોપ આપીને વ્યવહારધર્મ કહ્યો છે. સમજાણું કાંઈ? જેને આત્મા આનંદનો નાથ પ્રભુ વીતરાગભાવે જાગીને વીતરાગભાવરૂપ દશા થઈ છે એ વાસ્તવિક ધર્મ છે. પણ તેની સાથે પુણ્યભાવ છે એને વ્યવહારધર્મનો આરોપ અપાય છે. છે નહિ. એને વ્યવહારનયથી કહે છે એવું આ છે. એ તકરાર કરે છે.

ઓલો હતો ને એક 'કલકત્તા'વાળો કે 'દિલ્હી'વાળો નહિ? પંડિત. ઢીચકો–ઢીચકો વૃદ્ધ. નહોતો એક 'કલકત્તા'નો? તમે પુણ્યને અધર્મ ન કહો. ઢીચકો હતો. 'ભીંડ'નો રહેવાસી ઢીચકો હતો. વૃદ્ધ. છે ને ખ્યાલ. ઘણા દિ' અહીંયાં રહ્યા હતા. ભૂલી જઈએ નામ બધા. હિન્દી તમારા હતા. 'સૂરજપાલ' નહિ.

મુમુક્ષુ :– 'જમનલાલ'.

ઉત્તર :– 'જમનલાલ'. બસ, એ 'જમનલાલ'. 'જમનલાલ' ઢીચકા હતા. એ 'જમનલાલ' કહેતા હતા અહીંયાં. પુણ્યને અધર્મ ન કહો.

મુમુક્ષુ :– .. અનાત્મ ધર્મ...

ઉત્તર :– અનાત્મ નહિ આમાં કીધું ને ઓલામાં. 'આત્માવલોકન'. શ્રાવકને લીધા છે ધર્મ–અધર્મ ગાથા. વારંવાર વીતરાગ કહેવું... વીતરાગ કહેવું... આવે છે ને? મુહુ મુહુ વીતરાગ. 'આત્માવલોકન'ની ગાથા આવે છે ને? 'દીપચંદજી'ની. ત્યાં એમ કહ્યું છે. કે શ્રાવકને ધર્મ–અધર્મ બે હોય છે. શ્લોક છે. છે એમાં. છે ને, ખબર છે. ધર્મ જેટલી નિર્મળ પરિણતિ સમ્યગ્દર્શન–જ્ઞાન આદિ થઈ એ ધર્મ. અને જેટલો રાગાદિ છે તે અધર્મ. એ શ્લોક છે. બતાવ્યું હતું 'આત્માવલોકન'. આહાહા..!

મુમુક્ષુ :– 'જમનલાલ' અહીં આવ્યા હતા?

ઉત્તર :– આવ્યા હતા. ઘણા દિ' રહ્યા હતા. પણ વ્યવહારની વાત. લાકડુ ન નીકળે. એમ કહે, કાંઈક કાંઈક છે એમાં. ધૂળમાંય નથી. શુભભાવ એ અધર્મ છે. ચોખ્ખી વાત. આહાહા..!

નિર્મળાનંદ પ્રભુ... ભાવ હોય ખરો. શુભ હોય છે. અશુભ પણ હોય છે જ્ઞાનીને. પણ એ છે અધર્મ. ધર્મ તો આત્મા વીતરાગમૂર્તિને આશ્રયે જેટલી પરિણતિ સ્વને આશ્રયે પ્રગટ કરે એટલી પરિણતિ તે ધર્મ છે. આહાહા..! અને પરાશ્રય જેટલો ભાવ (થાય એ)

બધો અધર્મ છે. પછી એના બે ભાગ પાડવા એ તો શુભને પુણ્ય કહે અને અશુભને પાપ કહે. આહાહા..! બહુ ઝઘડા.

મુમુક્ષુ :- પુણ્યની મીઠાશ છે ને?

ઉત્તર :- મીઠાશ-મીઠાશ. રાગ છે, ભાઈ! જેને મોક્ષ અધિકારમાં તો વિષકુંભ કહ્યો છે. વિષકુંભ-ઝેર, ઘડો. અહીંયાં 'સમયસાર'. 'સમયસાર' મોક્ષ અધિકાર વિષકુંભ. કેમકે ભગવાન અમૃતનો સાગર છે. એના આશ્રયે જે અમૃતદશા થાય એનાથી પર આશ્રય જેટલો ભાવ (થાય) એ બધો ઝેર (ભાવ છે). સ્વભાવનો આશ્રય નથી. સ્વભાવને આશ્રયે તો અમૃત હોય. પરને આશ્રયે અમૃતથી વિરૂદ્ધ તે ઝેર (હોય). આહાહા..!

એથી કહે છે કે '**પુણ્યી તથા પાપી હોતા હૈ.**' ધર્મ અને અધર્મ. પર્યાયમાં જીવ પોતાની લાયકાતથી પુણ્ય-પાપરૂપ થાય છે. સમજાણું કાંઈ? બપોરે એમ આવે છે કે પુણ્ય-પાપના ભાવ એ પુદ્ગલનું કર્મ છે. પુદ્ગલ પરિણામ છે, એ પુદ્ગલના પરિણામ છે. એ તો ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં નથી એ અપેક્ષાએ. પુદ્ગલના કારણે પુદ્ગલ પરિણામ થાય છે. પુદ્ગલ પરિણામ એટલે પુણ્ય-પાપભાવ. પ્રશસ્ત રાગ આદિ ભાવ એ બધા પુદ્ગલનું કાર્ય છે. પુદ્ગલ વ્યાપક છે, કર્તા છે અને એ શુભભાવ તે કર્તાનું કર્મ છે. એ કઈ અપેક્ષાએ? ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, એની જ્યાં દૃષ્ટિ અને સ્વીકાર થયો ત્યારે તેનું કર્મ તો નિર્મળ વીતરાગી પર્યાય તે તેનું કર્મ છે. વ્યાપક સ્વભાવ થઈને નિર્વિકારી અવસ્થા એનું વ્યાપ્ય હોય. એ ગણીને વિકારના પરિણામ પુદ્ગલનું વ્યાપ્ય છે એમ ... આમ છે. તકરાર કરે તો ભાઈ (નિવેડો ન આવે). જે અપેક્ષાએ જ્યાં કહ્યું, તે અપેક્ષાએ એને સમજવું. સમજાણું કાંઈ?

ત્યાં તો એમ કહ્યું. 'સર્વવિશુદ્ધ' ન કીધું ૪૦૪? ધર્મ અને અધર્મ એ જ્ઞાન છે, આત્મા છે એમ કહ્યું છે. એય...! શું કીધું. જ્ઞાન એટલે આત્મા. તે સમ્યગ્દર્શન છે, તે ચારિત્ર છે, તે પ્રવજ્યા છે. તે પુણ્ય અને પાપ છે. સમજાણું કાંઈ? એની પર્યાયમાં એનાથી થયેલું છે એ સિદ્ધ કરવા એ જ્ઞાનનો પુણ્ય-પાપ છે, આત્માના પુણ્ય-પાપ છે. 'અમરચંદભાઈ'! આહાહા..! અહીં છોડી દેવાના, છોડવાના. સ્વભાવમાં નથી. એટલે વસ્તુ છે એનો વિકાસ થાય તો તો નિર્મળ પરિણામ થાય. એનો વિકાસ થાય તો મલિન થાય? એ અપેક્ષાએ ત્યાં મલિન પરિણામને પુદ્ગલનો વિકાસ અને પુદ્ગલનું કાર્ય કહ્યું છે. ચૈતન્યનો વિકાસ એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ ચૈતન્યસૂર્ય જ્ઞાનસૂર્ય પ્રકાશમાં આવે તો એ તો જ્ઞાન અને આનંદની દશાનો પ્રકાશ આવે. રાગનો પ્રકાશ આવે એમાં? એ અપેક્ષાએ તેને રાગનું કાર્ય પુદ્ગલનું ગણીને છોડાવી દીધું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**યહ જીવ શુદ્ધ નિશ્ચયનયકર...**' આહાહા..! ભગવાનઆત્મા '**વીતરાગ ચિદાનંદ સ્વભાવ હૈ,...**' જેનો ત્રિકાળ વીતરાગ જ્ઞાનાનંદ સ્વભાવ. શુદ્ધ નિશ્ચય, કાયમના અસલી તત્ત્વની દૃષ્ટિથી જોઈએ તો એ તો વીતરાગ ચિદાનંદ સ્વભાવ છે. સમજાણું કાંઈ? કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન છે પર્યાય. પણ એનો વિષય છે એ વીતરાગ

ચિદાનંદ સ્વભાવ. આહાહા..! આવું હોવા છતાં '**વ્યવહારનયકર...**' જોયું! નિશ્ચયથી તો વીતરાગ ચિદાનંદ સ્વરૂપ પ્રભુ છે. પણ પર્યાયમાં વ્યવહારનયકર. વ્યવહારથી બંધ છે અને વ્યવહારથી મુક્તિ છે. મોક્ષ પણ વ્યવહારથી છે. પર્યાયનો મોક્ષ. ત્રિકાળની અપેક્ષાએ જૂઠ, વર્તમાનની અપેક્ષાએ એટલું સત્ય. એમ છે. સદ્ભુત વ્યવહાર છે ને. રાગાદિ છે એ અસદ્ભુત વ્યવહાર છે. અને મોક્ષની પર્યાય છે કેવળજ્ઞાનાદિ એ સદ્ભુત વ્યવહાર છે. એનામાં પર્યાયમાં સત્ સત્ સત્ છે. એવી નિર્મળ વીતરાગી પર્યાય પણ એ બધો વ્યવહારનયનો વિષય છે. આહાહા..! પર્યાયનો વિષય છે. ત્રિકાળી ભગવાન છે શુદ્ધ નિશ્ચયનયનો વિષય અથવા ભૂતાર્થ, ભૂતાર્થ ત્રિકાળ વસ્તુ છે એ આ. વીતરાગ ચિદાનંદ સ્વભાવ ભૂતાર્થ. એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય છે. એના આશ્રયથી મુક્તિ થાય છે એ પર્યાય છે, એ વ્યવહાર છે. આહાહા..!

'પરમાર્થ વચનિકા'માં કહ્યું નહિ? 'બનારસીદાસ', 'પરમાર્થવચનિકા'. દ્રવ્ય તે નિશ્ચય છે અને મોક્ષનો માર્ગ તે વ્યવહાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ, હોં! છે ને? 'પરમાર્થ વચનિકા'. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર, નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. પર્યાય છે ને? છે? શુદ્ધ દ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય. આમ કોણે કર્યું? સમજાણું કાંઈ? જુઓ! આ 'બનારસીદાસ'.

મુમુક્ષુ :- આચાર્યનું કથન છે?

ઉત્તર :- કેવળીનું કથન છે. કહ્યું નથી છેલ્લું? છેલ્લું કહ્યું. જુઓ! આહાહા..! વચનાતીત, ઈન્દ્રિયાતીત, જ્ઞાનાતીત એવા વિચારો બહુ થોડા લખવા. જે જ્ઞાતા છે એટલે '**થોડું લખેલું બહુ સમજશે. અજ્ઞાની હશે તે આ ચીઠી સાંભળશે ખરો. સમજશે નહિ. આ વચનિકા યથાયોગ્ય સુમતિપ્રમાણ કેવળી વચનાનુસાર છે.**' '**યથાયોગ્ય સુમતિપ્રમાણ...**' મારી શક્તિ પ્રમાણે '**કેવળી વચનાનુસાર છે. જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે ભાગ્ય અનુસાર કલ્યાણકારી થશે.**' ભાગ્ય એટલે પુરુષાર્થ. આહાહા..! અહીં તો આ કહેવું છે. કેવળી વચન અનુસાર. પોતે કહે છે કે આ કેવળી વચન અનુસાર છે. આહાહા..!

'**વ્યવહારનયકર વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે અભાવસે રાગાદિરૂપ પરિણમનેસે ઉપાર્જન કિયે શુભ-અશુભ કર્મોકે કારણકો પાકર પુણ્યી તથા પાપી હોતા હૈ. યદ્યપિ યહ વ્યવહારનયકર પુણ્ય-પાપરૂપ હૈ, તો ભી પરમાત્માકી અનુભૂતિસે તન્મયી જો વીતરાગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઔર બાહ્ય પદાર્થોમેં ઈચ્છાકે રોકનેરૂપ તપ, યે ચાર નિશ્ચય આરાધના હૈ,...**' આહાહા..! '**ઉનકી ભાવનાકે સમય સાક્ષાત્ ઉપાદેયરૂપ વીતરાગ પરમાનંદ જો મોક્ષકા સુખ...**' એ પુણ્ય-પાપ આદરણીય નથી એમ કહેવું છે. જ્યારે આત્મા પરમાત્માની અનુભૂતિ પરમસ્વરૂપનો અનુભવ કરે અને તેમાં તન્મય હોય. '**અનુભૂતિસે તન્મયી...**' '**પરમાત્માકી અનુભૂતિસે તન્મયી...**' આ તો કેમ અટક્યું હતું એટલું? કે પરમાત્મામાં તન્યમ નથી. પરમાત્માની અનુભૂતિથી તન્મય. એમ. દ્રવ્યમાં

તન્મય નહિ. એની અનુભૂતિમાં. આહાહા..! '**પરમાત્માકી અનુભૂતિસે તન્મયી...**' આહાહા..! શું? '**વીતરાગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર...**' આહાહા..! એ આત્માનો સ્વભાવ, એની અનુભૂતિથી તન્મય. કોણ? કે આ બધું સમ્યગ્દર્શન,જ્ઞાન, ચારિત્ર. આહાહા..!

'**બાહ્ય પદાર્થોંમે ઈચ્છાકે રોકનેરૂપ તપ, યે ચાર નિશ્ચયઆરાધના હૈં,...**' આહાહા..! એ ચાર નિશ્ચય સેવવા લાયક છે. આરાધના. એ દેવની આરાધના. દેવ અને દેવીની આરાધના નથી કરતા? આ ભગવાન આત્મા દેવ છે, એની આ ચાર પ્રકારની આરાધના છે. આહાહા..! '**ઉનકી ભાવનાકે સમય...**' અંતરની અનુભૂતિના ભાવનાને કાળે, અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની અને તપની ઈચ્છા નિરોધની પરિણતિને કાળે... આહાહા..! એને '**સાક્ષાત્ ઉપાદેયરૂપ...**' છે. અંતરમાં લીન થયો એને એ ઉપાદેય છે, એમ કહે છે. કોણ? ત્રિકાળી વસ્તુ. આહાહા..!

ત્રિકાળી વીતરાગસ્વરૂપ જે કહ્યું. વીતરાગ ચિદાનંદ સ્વભાવ એને અંતરની અનુભૂતિને કાળે તે ઉપાદેય છે. એમ કહે છે. આમ ઉપાદેય નહિ. ઉપાદેયપણે પરિણમ્યો છે તેને ઉપાદેય છે. આહાહા..! પુણ્ય-પાપપણે હોવા છતાં ત્રિકાળી વીતરાગ સ્વભાવની આરાધનાના કાળમાં... આહાહા..! એ આત્મા ત્રિકાળી છે તે ઉપાદેય છે. પુણ્ય-પાપ નહિ. પુણ્ય-પાપ એ હેય છે. હેય અહીં ન કહ્યું. સમજાણું કાંઈ? પહેલું આવી ગયું છે. પુણ્ય-પાપના ભાવ જેને ઉપાદેય છે એને વીતરાગ ચિદાનંદ સ્વભાવ હેય છે. આહાહા..! કેવી વાત! આહાહા..! દિગંબર સંતોની શૈલી તો જુઓ! આમ ઉપાદેય છે અને હેય છે એટલે શું કહે છે? પુણ્ય-પાપ હેય છે, ભગવાનઆત્મા આનંદસ્વરૂપ ઉપાદેય છે. એટલે શું? એની પરિણતિમાં, અનુભૂતિમાં જ્યારે રહે છે ત્યારે એને એ કાળે આત્મા ઉપાદેય છે. ઉપાદેયરૂપે પરિણમ્યો છે ત્યારે ઉપાદેય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ વખતે એને પુણ્ય-પાપના ભાવ ઉપાદેયમાં નથી. બહાર રહી ગયા, એમ કહે છે.

'**ભાવનાકે સમય સાક્ષાત્ ઉપાદેયરૂપ વીતરાગ...**' આહાહા..! આત્મા વીતરાગ સહજાનંદ પ્રભુ ઉપાદેય છે એમ જેણે ધારણામાં ધાર્યું હતું. ત્યારે એને સાક્ષાત્ ઉપાદેય નથી. છે? '**ભાવનાકે સમય સાક્ષાત્ ઉપાદેયરૂપ...**' આહાહા..! વીતરાગ ચિદાનંદ પ્રભુ, એના તરફની ઢળતી શુદ્ધ પરિણતિ, એ પરિણતિના કાળે એ આત્મા સાક્ષાત્ ઉપાદેય થયો. એને ઉપાદેય છે. આહાહા..! એવી વાત છે, જુઓ! આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધ વીતરાગ ચિદાનંદ સ્વભાવની અનુભૂતિ એમ છે ને?

'**પરમાત્માકી અનુભૂતિસે તન્મયી...**' કોણ? '**વીતરાગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર...**' આહાહા..! એની સાથે એકરૂપ છે. સમ્યગ્દર્શન એ વીતરાગ છે. આહાહા..! લોકો કહે છે ને સમ્યગ્દર્શન સરાગ છે. અરે..! ભાઈ! એ વાત નથી. એ તો ચારિત્રના દોષ સહિતનું સમકિત વર્ણવતી વખતે એમ કહે. સમકિત સરાગ છે જ નહિ. સમ્યગ્દર્શન તો

વીતરાગ પર્યાય છે. આહાહા..! એમ કે ચોથે ગુણસ્થાને સરાગ સમકિત હોય છે, એમ કહે છે. વીતરાગ સમકિત તો સાતમે-આઠમે હોય. એમ નથી, ભાઈ! 'વિકાસચંદજી' તો એ જ લખે છે વારંવાર.

મુમુક્ષુ :- એ તો બધાય ભૂલ્યા છે...

ઉત્તર :- આ બધા ભૂલ્યા છે. 'ટોડરમલ' ભૂલ્યા, 'બનારસીદાસ' ભૂલ્યા. તમે પણ ભૂલ્યા છો. ચોથે ગુણસ્થાને નિશ્ચય સમકિત? (એમ માનનાર) ભૂલ્યા છે.

અહીંયાં તો સમ્યગ્દર્શન તે વીતરાગી પર્યાય છે. કેમકે વીતરાગ ચિદાનંદ સ્વરૂપ જે ત્રિકાળ, એની સન્મુખ થઈને આશ્રય થઈને જે દૃષ્ટિ પ્રગટી એ વીતરાગ પરિણતિ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? અનંતાનુબંધી ગયો પણ અહીં તો વીતરાગસ્વરૂપ છે. વીતરાગ ચિદાનંદ સ્વરૂપ જ છે. એનો આશ્રય લઈને જે દશા થાય એ વીતરાગસ્વરૂપે જ થાય. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! આહાહા..! પાછું ઓલો તપ ક્યારે કીધું? પરમાત્માની અનુભૂતિમાં તન્મય. તે કાળે એને વીતરાગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ (છે). લ્યો! આ અપવાસ-બપવાસ એ તપ નહિ.

પરમાત્મા... એ તો પહેલી વ્યાખ્યા કહી ગયા. વીતરાગ ચિદાનંદ સ્વભાવ. એ પરમાત્માની અનુભૂતિ, એને અનુસરીને થતી દશા, એની સાથે તન્મય અનુભૂતિની સાથે વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને વીતરાગ પરિણતિની ઉગ્રતા દશા તે તપ. આહાહા..! એ પરમાત્માની અનુભૂતિની સાથે આ તન્મય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'પરમાત્મપ્રકાશ' છે ને! ભગવાન પરમાત્મા એટલે આત્મા વીતરાગ જ્ઞાનાનંદસ્વરૂપ, જ્ઞાન, આનંદ અને ચારિત્ર બધું ભેગું આવી ગયું. વીતરાગ જ્ઞાનાનંદ સ્વરૂપ એવો જે પરમાત્મા એટલે આત્મા, એને અનુસરીને સન્મુખની જે અનુભૂતિ (થાય), એ અનુભૂતિના કાળમાં, ત્રિકાળી ભાવ-સ્વભાવની ભાવનાના કાળમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ તે કાળે તન્મય છે. ત્યારે તે કાળે તે આત્મા ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? દૃષ્ટિમાં, જ્ઞાનમાં, સ્થિરતામાં એ લીધું છે. એ અનુભૂતિ પર્યાય છે. ત્રિકાળી આત્મા, પરમાત્મા દ્રવ્ય છે. એ અનુભૂતિની સાથે એકમેક રહેલ વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગીજ્ઞાન, વીતરાગી સ્થિરતા, વીતરાગી તપ... આહાહા..! એ ચાર આરાધના છે. આહાહા..! આમાં કાંઈ રાગનું ન આવ્યું. પુણ્ય-પાપ છે એના ખરી એમ કીધું. પણ પુણ્ય-પાપનું આરાધન, આરાધનમાં મદદ કરે એ પુણ્ય-પાપ, પુણ્યનો ભાવ, એમ ન આવ્યું. ભારે.

'**ઉનકી ભાવનાકે સમય...**' નિશ્ચય આરાધના જે છે. આરાધના ચાર પ્રકારની તો છે ને? દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ. એથી અહીં ચાર બોલ આરાધનાના નાખ્યા છે. આહાહા..! ઓહોહો..! વ્યવહારનયકર પુણ્ય-પાપરૂપ છે. આહાહા..! છતાં જ્યારે સ્વભાવ-પરમાત્મા વીતરાગ ચિદાનંદ સ્વભાવ એવો પરમાત્મા, જેની સન્મુખની

અનુભૂતિ, એ અનુભૂતિમાં તન્મય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ, એ ચારેય આરાધના તન્મય સાથે છે. આહાહા..! ચારેયનું આરાધન અનુભૂતિની સાથે છે. '**ઉનકી ભાવનાકે સમય...**' વસ્તુ ત્રિકાળી ભગવાન, એની ભાવના એટલે એકાગ્રતા. એના '**સમય સાક્ષાત્ ઉપાદેયરૂપ વીતરાગ પરમાનન્દ જો મોક્ષકા સુખ...**' આહાહા..! '**ઉસસે અભિન્ન આનંદમયી ઐસા નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' લ્યો! સાક્ષાત્ ઉપાદેય (વીતરાગ પરમાનંદ) '**જો મોક્ષકા સુખ ઉસસે અભિન્ન આનંદમયી ઐસા નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' આહાહા..! '**અન્ય સબ હેય હૈં.**' લ્યો, આવી ગયું એ. પાઠ છે ને? '**मोक्षसुखाभितत्वात् शुद्धजीव उपादेय इति तात्पर्यार्थः**' લ્યો! પછી હેય કીધું એ એમાંથી કાઢ્યું છે. ઓહોહો..! એ ૬૦ થઈ.

---

**अथ तानि पुनः कर्माण्यष्टौ भवन्तीति कथयति –**

**६१) ते पुणु जीवहँ जोइया अट्ठ वि कम्म हवंति।**
**जेहिं जि झंपिय जीव णवि अप्प-सहाउ लहंति।।६१।।**

**तानि पुनः जीवानां योगिन् अष्टौ अपि कर्माणि भवन्ति।**
**यैः एव झंपिताः जीवाः नैव आत्मस्वभावं लभन्ते।।६१।।**

**ते पुणु जीवहं जोइया अट्ठ वि कम्म हवंति तानि पुनर्जीवानां हे योगिन्नष्टावेव कर्माणि भवन्ति। जेहिं जि झंपिय जीव णवि अप्पसहाउ लहंति यैरेव कर्मभिर्झपिताः जीवा नैवात्मस्वभावं लभन्ते इति। तद्यथा–ज्ञानावरणादिभेदेन कर्माण्यष्टावेव भवन्ति यैर्झंपिताः सन्तो जीवाः सम्यक्त्वाद्यष्टविधस्वकीयस्वभावं न लभन्ते। तथा हि – 'सम्मत्तणाणदंसणवीरियसुहुमं तहेव अवगहणं। अगुरुगलहुगं अव्वाबाहं अट्ठगुणा हुंति सिद्धाणं।।' शुद्धात्मादिपदार्थविषये विपरीताभिनिवेशरहितः परिणामः क्षायिकसम्यक्त्वमिति भण्यते। जगत्त्रयकालत्रयवर्तिपदार्थयुगपद्विशेषपरिच्छित्तिरूपं केवलज्ञानं भण्यते तत्रैव सामान्यपरिच्छित्तिरूपं केवलदर्शन भण्यते। तत्रैव केवलज्ञानविषये अनन्तपरिच्छित्तिशक्तिरूपमनन्तवीर्यं भण्यते। अतीन्द्रियज्ञानविषयं सूक्ष्मत्वं भण्यते। एकजीवावगाहप्रदेशे अनन्तजीवावगाहदानसामर्थ्यमवगाहनत्वं भण्यते। एकान्तेन गुरुलघुत्वस्या–भावरूपेण अगुरुलघुत्वं भण्यते। वेदनीयकर्मोदयजनितसमस्त–बाधारहितत्वादव्याबाधगुणश्चेति। इदं सम्यक्त्वादिगुणाष्टकं संसारावस्थायां किमपि केनापि कर्मणा प्रच्छादितं तिष्ठति यथा तथा कथ्यते। सम्यक्त्वं मिथ्यात्वकर्मणा प्रच्छादितं, केवलज्ञानं केवलज्ञानावरणेन झंपितं, केवलदर्शनं केवलदर्शनावरणेन झंपितम्, अनन्तवीर्यं वीर्यान्तारयेण प्रच्छादिदं, सूक्ष्मत्वमायुष्ककर्मणा प्रच्छादितम्। कस्मादिति चेत्। विवक्षितायुः कर्मोदयेन**

भवान्तरे प्राप्ते सत्यतीन्द्रियज्ञानविषयं सूक्ष्मत्वं त्यक्त्वा पश्चादिन्द्रियज्ञानविषयो भवतीत्यर्थः। अवगाहनत्वं शरीरनामकर्मोदयेन प्रच्छादितं, सिद्धावस्थायोग्यं विशिष्टागुरुलघुत्वं नामकर्मोदयेन प्रच्छादितम्। गुरुत्वशब्देनोच्चगोत्रजनितं महत्त्वं भण्यते, लघुत्वशब्देन नीचगोत्रजनितं तुच्छत्वमिति, तदुभयकारणभूतेन गोत्रकर्मोदयेन विशिष्टागुरुलघुत्वं प्रच्छाद्यत इति। अव्याबाधगुणत्वं वेदनीयकर्मोदयेनेति संक्षेपेणाष्टगुणानां कर्मभिराच्छादनं ज्ञातव्यमिति। तदेव गुणाष्टकं मुक्तावस्थायां स्वकीयस्वकीयकर्मप्रच्छादनाभावे व्यक्तं भवतीति संक्षेपेणाष्टगुणाः कथिताः। विशेषेण पुनरमूर्तत्वनिर्नामगोत्रादयः साधारणासाधारण–रूपानन्तगुणाः यथासंभव–भागमाविरोधेन ज्ञातव्या इति। अत्र सम्यक्त्वादिशुद्धगुणस्वरूपः शुद्धात्मैवोपादेय इति भावार्थः।।६१।।

---

आगे कहते हैं, वे कर्म आठ हैं, जिनसे संसारी जीव बँधे हैं, कहते–श्रीगुरु अपने शिष्य मुनिसे कहते हैं, कि –

**गाथा – ६१**

अन्वयार्थ :– [ योगिन् ] हे योगी, [ तानि पुनः कर्माणि ] वे फिर कर्म [ जीवानां अष्टौ अपि ] जीवोंके आठ ही [ भवन्ति ] होते हैं, [ यैः एव झंपिताः ] जिन कर्मोंसे ही आच्छादित (ढँके हुए) [ जीवाः ] ये जीवकर [ आत्मस्वभावं ] अपने सम्यक्त्वादि आठ गुणरूप स्वभावको [ नैव लभन्ते ] नहीं पाते।

भावार्थ :– अब उन्हीं आठ गुणोंका व्याख्यान करते हैं 'सम्मत्त' इत्यादि–इसका अर्थ ऐसा है, कि शुद्ध आत्मादि पदार्थोंमें विपरीत श्रद्धान रहित जो परिणाम उसको क्षायिकसम्यक्त्व कहते हैं, तीन लोक तीन कालके पदार्थोंको एक ही समयमें विशेषरूप सबको जानें, वह केवलज्ञान है, सब पदार्थोंको केवलदृष्टिसे एक ही समयमें देखे, वह केवलदर्शन है। उसी केवलज्ञानमें अनंतज्ञायक (जाननेकी) शक्ति वह अनंतवीर्य है, अतीन्द्रियज्ञानसे अमूर्तिक सूक्ष्म पदार्थोंको जानना, आप चार ज्ञानके धारियोंसे न जाना जावे वह सूक्ष्मत्व हैं, एक जीवके अवगाह क्षेत्रमें (जगहमें) अनंते जीव समा जावें, ऐसी अवकाश देनेकी सामर्थ्य वह अवगाहनागुण है, सर्वथा गुरुता और लघुताका अभाव अर्थात् न गुरु न लघु – उसे अगरुलघु कहते हैं, और वेदनीयकर्मके उदयके अभावसे उत्पन्न हुआ समस्त बाधा रहित जो निराबाधगुण उसे अव्याबाध कहते हैं। ये सम्यक्त्वादि आठ गुण जो सिद्धोंके हैं, वे संसारावस्थामें किस किस कर्मसे ढँके हुए हैं, इसे कहते हैं – सम्यक्त्व गुण मिथ्यात्वनाम दर्शनमोहनीयकर्मसे आच्छादित है, केवलज्ञानावरणसे केवलज्ञान ढका हुआ है, केवलदर्शनावरणसे केवलदर्शन ढका है, वीर्यान्तरायकर्मसे अनंतवीर्य ढका है, आयुःकर्मसे

सूक्ष्मत्वगुण ढका है, क्योंकि आयुकर्म उदयसे जब जीव परभवको जाता है, वहाँ इन्द्रियज्ञानका धारक होता है, अतीन्द्रियज्ञानका अभाव होता है, इस कारण कुछ एक स्थूल वस्तुओंको तो जानता है, सूक्ष्मको नहीं जानता, शरीरनामकर्मके उदयसे अवगाहनगुण आच्छादित है, सिद्धावस्थाके योग्य विशेषरूप अगुरुलघुगुण नामकर्मके उदयसे अथवा गोत्रकर्मके उदयसे ढक गया है, क्योंकि गोत्रकर्मके उदयसे जब जीव नीच गोत्र पाया, तब उसमें तुच्छ या लघु कहलाया, और उच्च गोत्रमें बड़ा अर्थात् गुरु कहलाया और वेदनीयकर्मके उदयसे अव्याबाध गुण ढक गया, क्योंकि उसके उदय साता-असातारूप सांसारिक सुख-दुःखका भोक्ता हुआ। इस प्रकार आठ गुण आठ कर्मोंसे ढक गये, इसलिये यह जीव संसारमें भ्रमा। जब कर्मका आवरण मिट जाता है, तब सिद्धपदमें ये आठ गुण प्रकट होते हैं। यह संक्षेपसे आठ गुणोंका कथन किया। विशेषतासे अमूर्तत्व निर्नामगोत्रादिक अनंतगुण यथासम्भव शास्त्र-प्रमाणसे जानने। तात्पर्य यह है, कि सम्यक्त्वादि निज शुद्ध गुणस्वरूप जो शुद्धात्मा है, वही उपादेय है ।।६१।।

---

હવે તે કર્મો આઠ છે એમ કહે છે :

ભાવાર્થ : જ્ઞાનાવરણાદિ ભેદથી કર્મો આઠ જ છે કે જેનાથી આચ્છાદિત થયેલા જીવ સમ્યકત્વાદિ અષ્ટવિધ સ્વકીય સ્વભાવને પામતા નથી. હવે આઠ ગુણો કહે છે - 'सम्मत्तणाणदंसणवीरियसुहुमं तहेव अवगहणं। अगुरुगलहुगं अव्वाबाहं अट्ठगुणा हुंति सिद्धाणं।।' (કુંદકુંદાચાર્યદેવ વિરચિત પ્રાકૃત સિદ્ધભક્તિ. ૨૦)

અર્થ : સમ્યકત્વ, જ્ઞાન, દર્શન, વીર્ય, સૂક્ષ્મ તથા અવગાહન, અગુરુલઘુ, અવ્યાબાધ એ આઠ ગુણો સિદ્ધોને હોય છે.

(૧) શુદ્ધ આત્માદિ પદાર્થોમાં વિપરીત અભિનિવેશ રહિત પરિણામ તે ક્ષાયિક સમ્યકત્વ કહેવાય છે.

(૨) ત્રણ લોક અને ત્રણ કાળવર્તી પદાર્થોની યુગપત્ વિશેષપરિચ્છિત્તિરૂપ કેવળજ્ઞાન કહેવાય છે.

(૩) ત્રણ લોક અને ત્રણ કાળવર્તી પદાર્થોની યુગપત્ સામાન્યપરિચ્છિત્તિરૂપ કેવળદર્શન કહેવાય છે.

(૪) તે કેવળજ્ઞાનની અનંત પરિચ્છિત્તિની શક્તિરૂપ અનંતવીર્ય કહેવાય છે.

(૫) અતીન્દ્રિયજ્ઞાનનો વિષય સૂક્ષ્મત્વ કહેવાય છે.

(૬) એક જીવના અવગાહપ્રદેશોમાં અનંત જીવોને અવગાહ દેવાનું જે સામર્થ્ય તે અવગાહનત્વ કહેવાય છે.

(૭) સર્વથા ગુરુલઘુત્વના અભાવરૂપે અગુરુલઘુત્વ કહેવાય છે.

**(૮) વેદનીય કર્મના ઉદયજનિત સમસ્ત બાધાથી રહિત હોવાથી અવ્યાબાધ ગુણ કહેવાય છે.**

**આ સમ્યક્ત્વાદિ આઠ ગુણો સંસાર-અવસ્થામાં કઈ રીતે ક્યા કર્મથી આચ્છાદિત રહે છે તે કહે છે :**

**સમ્યક્ત્વ મિથ્યાત્વકર્મથી આચ્છાદિત છે. કેવળજ્ઞાન કેવળજ્ઞાનાવરણથી આચ્છાદિત છે. કેવળદર્શન કેવળદર્શનાવરણથી આચ્છાદિત છે, અનંતવીર્ય વીર્યાન્તરાયથી આચ્છાદિત છે, સૂક્ષ્મત્વ આયુકર્મથી આચ્છાદિત છે શાથી? કે વિવક્ષિત આયુકર્મના ઉદયથી બીજો ભવ પ્રાપ્ત થતાં, અતીન્દ્રિયજ્ઞાનના વિષયરૂપ સૂક્ષ્મત્વને છોડીને પાંચ ઇન્દ્રિયજ્ઞાનના વિષયરૂપ થાય છે એવો અર્થ છે. અવગાહનત્વ શરીરનામકર્મના ઉદયથી આચ્છાદિત છે. સિદ્ધઅવસ્થાને યોગ્ય વિશિષ્ટ અગુરુલઘુત્વનામકર્મના ઉદયથી આચ્છાદિત છે.** **સિદ્ધઅવસ્થાને યોગ્ય વિશિષ્ટ અગુરુલઘુત્વનામકર્મના ઉદયથી આચ્છાદિત છે,** **'ગુરુત્વ' શબ્દથી ઉચ્ચગોત્રજનિત મહત્વ (ઉચ્ચપણું) કહેવામાં આવે છે. 'લઘુત્વ' શબ્દથી નીચગોત્રજનિત તુચ્છપણું કહેવામાં આવે છે. તે બન્નેના કારણરૂપ ગોત્રકર્મના ઉદયથી વિશિષ્ટ અગરુલઘુત્વ આચ્છાદિત છે. અવ્યાબાધગુણપણું વેદનીયકર્મના ઉદયથી આચ્છાદિત છે. એ પ્રમાણે સંક્ષેપથી કર્મોથી આઠ ગુણોનું આચ્છાદન જાણવું. તે આઠ ગુણો મુક્ત-અવસ્થામાં પોતપોતાના કર્મના આચ્છાદનના અભાવમાં વ્યક્ત થાય છે.**

**એ પ્રમાણે સંક્ષેપથી આઠ ગુણો કહ્યા.**

**વળી વિશેષમાં અમૂર્તપણું, નામરહિતપણું ગોત્રરહિતપણું આદિ સાધારણ-અસાધારણરૂપ અનંત ગુણો યથાસંભવ આગમથી અવિરોધપણે જાણવા.**

**અહીં સમ્યક્ત્વાદિ શુદ્ધગુણસ્વરૂપ શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૬૧.**

## ગાથા-૬૧ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં, વે કર્મ આઠ હૈં, જિનસે સંસારી જીવ બંધે હૈં, કહતે – શ્રીગુરુ અપને શિષ્ય મુનિસે કહતે હૈં, કિ–' 'હે યોગી,...'**

**६१) ते पुणु जीवहँ जोइया अट्ठ वि कम्म हवंति।**
**जेहिं जि झंपिय जीव णवि अप्प-सहाउ लहंति।।६१।।**

શ્રીગુરુ શિષ્યને કહે છે, **'હે યોગી,...'** મુનિ. **'વે ફિર કર્મ જીવોંકે આઠ હી હોતે હૈં,...'** આઠ પ્રકારના કર્મ છે. **'જિન કર્મોંસે હી આચ્છાદિત યે જીવકર અપને સમ્યક્ત્વાદિ આઠ ગુણરૂપ સ્વભાવકો નહીં પાતે.'** કર્મના નિમિત્ત નામ ભાવકર્મથી આચ્છાદિત. નિમિત્તથી વાત છે. વ્યવહારનયથી. બાકી આઠ ગુણ સમકિત આદિ એના વિરૂદ્ધ ભાવના ભાવથી

ઢંકાયેલો છે. આહાહા..! '**જીવકર અપને સમ્યક્ત્વાદિ આઠ ગુણરૂપ સ્વભાવકો નહીં પાતે.**'

ભાવાર્થ :- '**અબ ઉન્હીં આઠ ગુણોંકા વ્યાખ્યાન કરતે હૈ.**' લ્યો! '**સમ્મત્ત ઈત્યાદિ-ઈસકા અર્થ ઐસા હૈ, કિ શુદ્ધ આત્માદિ પદાર્થોંમેં વિપરીત શ્રદ્ધાન રહિત...**' શુદ્ધ ભગવાનઆત્મા આદિ પદાર્થ લીધા છે. '**जीवानां**' ત્યાં તો એમ છે. જીવને એક ક્ષણ .. '**શુદ્ધ આત્માદિ પદાર્થોંમેં...**' છે ને? છે અંદર. '**શુદ્ધ આત્માદિ પદાર્થોંમે...**' આદિ શબ્દ છે ને? એમ શુદ્ધાત્મા આદિ. એમ. '**શુદ્ધ આત્માદિ પદાર્થોંમેં વિપરીત શ્રદ્ધાન રહિત જો પરિણામ ઉસકો ક્ષાયિકસમ્યક્ત્વ કહતે હૈં,...**' આહાહા..! એ ગૃહસ્થાશ્રમમાં પણ થઈ શકે છે. 'શ્રેણિક' રાજાને ક્ષાયિક સમકિત હતું. એમાં શું છે? વસ્તુ છે ને? 'યોગસાર'માં આવે છે, નહિ? બે ગાથા. આત્મામાં લીન ગૃહસ્થી. આવે છે ગાથા. ગૃહસ્થાશ્રમમાં પણ આત્મામાં લીન છે એ મોક્ષ જાય છે.

મુમુક્ષુ :- ગૃહકામ કરતા ...

ઉત્તર :- હા. એ. બે ગાથા છે. ગૃહ કામ કરતા છતાં છે આત્મામાં લીન. હેયાહેયનું જ્ઞાન. ઓલા કહે, ગૃહસ્થાશ્રમમાં (શુદ્ધોપયોગ) હોય નહિ. એ તો ગૃહસ્થાશ્રમમાં મુનિપણાનો જે શુદ્ધોપયોગ છે એ ન હોય. આ તો હોય છે એને. આહાહા..! આત્માનું ધ્યાન, આનંદનું ધ્યાન એ શ્રાવકને, સમકિતીને હોય છે. આહાહા..!

'**શુદ્ધ આત્માદિ પદાર્થોંમેં વિપરીત શ્રદ્ધાન રહિત જો પરિણામ ઉસકા ક્ષાયિકસમ્યક્ત્વ કહતે હૈં, તીન લોક તીન કાલકે પદાર્થોંકો એક હી સમયમેં વિશેષરૂપ સબકો જાને, વહ કેવલજ્ઞાન હૈ,...**' અહીં સિદ્ધના ગુણ વર્ણવવા છે ને? એ વર્તમાનમાં આચ્છાદિત છે એમ કહે છે. '**સબ પદાર્થોંકો કેવલદષ્ટિસે એક હી સમયમેં દેખે, વહ કેવલદર્શન હૈ.**' કેવળદષ્ટિ છે સામાન્ય. '**सामान्यपरिच्छित्तिरूपं केवलदर्शन भण्यते।**' એટલું છે. છે ને? સંસ્કૃત ટીકામાં. '**સબ પદાર્થોંકો કેવલદષ્ટિસે એક હી સમયમેં દેખે, વહ કેવલદર્શન હૈ. ઉસી કેવલજ્ઞાનમેં અનંત જ્ઞાયક (જાનનેકી) શક્તિ વહ અનંતવીર્ય હૈ,...**' '**અનંતજ્ઞાયક (જાનનેકી) શક્તિ....**' આહાહા..! એ અનંતવીર્ય.

'**અતીન્દ્રિયજ્ઞાનસે અમૂર્તિક સૂક્ષ્મ પદાર્થોંકો જાનના,...**' '**અતીન્દ્રિયજ્ઞાનસે અમૂર્તિક સૂક્ષ્મ પદાર્થોંકો જાનના, આપ ચાર જ્ઞાનકે ધારિયોંસે ન જાના જાવે વહ સૂક્ષ્મત્વ હૈં,...**' એ સૂક્ષ્મથી વ્યાખ્યા કરી. '**અતીન્દ્રિયજ્ઞાનસે અમૂર્તિક સૂક્ષ્મ પદાર્થોંકો જાનના,..**' જે સૂક્ષ્મત્વ' '**આપ ચાર જ્ઞાન ધારિયોંસે ન જાના જાવે...**' આહાહા..! '**એક જીવકે અવગાહ ક્ષેત્રમેં (જગહમેં)...**' એક આત્મા છે તેના ક્ષેત્રમાં-અવગાહમાં '**અનંતે જીવ સમા જાવેં, ઐસી અવકાશ દેનેકી સામર્થ્ય વહ અવગાહનાગુણ હૈ,...**' આત્મામાં આ લીધું. આત્મામાં અવગાહગુણ એક છે કે જ્યાં છે ત્યાં અનંતા જીવ રહે એવો અવગાહ ગુણ છે. સમજાણું કાંઈ?

**'સર્વથા ગુરુતા ઔર લઘુતાકા અભાવ અર્થાત્ ન ગુરુ ન લઘુ-ઉસે અગુરુ-લઘુ કહતે હૈં,...'** ઓલું લીધું છે સૂક્ષ્મત્વ એ નામ કર્મના અભાવનું. સૂક્ષ્મત્વ. અને અવગાહન આયુષ્ય કર્મના અભાવનું. એવી રીતે લીધું છે. આયુષ્યકર્મના અભાવનું. અને આ ગુરુ-લઘુતા એ ગૌત્ર કર્મના અભાવનું. છે ને? **'ઔર વેદનીયકર્મકે ઉદયકે અભાવસે ઉત્પન્ હુઆ સમસ્ત બાધા રહિત જો નિરાબાધગુણ...'** એ ચાર અઘાતિના લીધા. સૂક્ષ્મત્વ જે અતીન્દ્રિય જ્ઞાનથી જાણી શકાય, જે ચાર જ્ઞાનના ધણી પણ જેને જાણી શકે નહિ, એવો સૂક્ષ્મત્વ ગુણ નામકર્મના અભાવથી અમૂર્તપણું સૂક્ષ્મ પ્રગટ્યું તે નામ કર્મના અભાવથી. અને અવગાહના ગુણને આયુષ્યકર્મના અભાવથી એમ લીધું. આહાહા..! જ્યાં ભગવાન છે પોતે ત્યાં અનંતા જીવને અવગાહ આપે એવો એનો સ્વભાવ છે. એવી રીતે લીધું છે. અવગાહ ગુણ અહીં આકાશમાં આયુષ્યના અભાવની વાત કરી છે. અક્ષય સ્થિતિ કહે છે ને? એ રીતે લીધું છે. સમજાય છે કાંઈ આમાં? .. લીધું છે. 'આયુકર્મ ઉદયસે ... ' એમ લીધું છે. **'શરીરનામકર્મકે ઉદયસે અવગાહનગુણ આચ્છાદિત હૈ,...'** એમ લીધું છે ત્યાં અંદર. સૂક્ષ્મત્વમાં આયુકર્મનો અભાવ લીધો. અર્થમાં લીધું છે, જુઓ! અને નામકર્મના અભાવમાં અવગાહગુણ, એમ લીધું છે. આહાહા..! અંદર છે પાછળ. છે અંદર?

**'આયુકર્મકે સૂક્ષ્મત્વગુણ ઢકા હૈ,...'** પાછળ છે. નામકર્મ આમ લીધું. **'આયુકર્મ ઉદયસે જબ જીવ પરભવકો જાતા હૈ, વહાં ઈન્દ્રિયજ્ઞાનકા ધારક હોતા હૈ, અતીન્દ્રિયજ્ઞાનકા અભાવ હોતા હૈ, ઈસ કારણ કુછ એક સ્થૂલ વસ્તુઓંકો તો જાનતા હૈ, સૂક્ષ્મકો નહીં જાનતા,...'** એમ આયુષ્યની અપેક્ષા લીધી. અને **'શરીરનામકર્મકે ઉદયસે અવગાહગુણ આચ્છાદિત હૈ,...'** એમ લીધું. એનો ખુલાસો કર્યો. અપેક્ષાથી વાત છે. આહાહા..! ગુરુ-લઘુ નહિ. **'વેદનીયકર્મકે ઉદયકે અભાવસે ઉત્પન્ન હુઆ સમસ્ત બાધા રહિત જો નિરાબાધગુણ ઉસે અવ્યાબાધ કહતે હૈં. યે સમ્યક્ત્વાદિ આઠ ગુણ જો સિદ્ધોંકે હૈં, વે સંસારાવસ્થામેં કિસ કિસ કર્મસે ઢકે હુએ હૈં, ઈસે કહતે હૈં-'** લ્યો! એને વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૧૦, બુધવાર
## તા. ૨૧-૦૭-૧૯૭૬, ગાથા-૬૧ થી ૬૩, પ્રવચન નં. ૪૦

**'સમ્યક્ત્વાદિ આઠ ગુણ જો સિદ્ધોંકે હૈં,...'** છે? **'વે સંસારાવસ્થામેં કિસ કિસ કર્મસે ઢકે હુએ હૈં, ઈસે કહતે હૈં-સમ્યક્ત્વ ગુણ મિથ્યાત્વ નામ દર્શનમોહનીયકર્મસે આચ્છાદિત હૈ,...'** બરાબર છે? શબ્દ તો આમ છે. સમકિતમોહનીય **'સમ્યક્ત્વ ગુણ મિથ્યાત્વ નામ દર્શનમોહનીયકર્મ...'** એ નિમિત્તથી કથન છે. નિમિત્તનું કથન છે. બહુ ટૂંકું. ખરેખર તો

મિથ્યાત્વના પરિણામથી સમકિત ઢંકાયેલું છે. પોતાના વિપરીત અભિપ્રાયથી સમકિત ઢંકાણું છે. એને કર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. આમાં બધું વજન છે ને લોકોનું. જુઓ! કર્મથી ઢંકાય. કર્મ જડ છે, નિમિત્ત છે, એનાથી કાર્ય ત્યાં થાય છે. પણ એનો અર્થ ત્યાં કર્યો છે, ૧૬મી ગાથામાં, 'પ્રવચનસાર'. દ્રવ્ય અને ભાવ ઘાતિકર્મ બે પ્રકારના છે એમ લીધું ત્યાં. આ ઘાતિ દ્રવ્ય છે એ કર્મ છે અને ભાવઘાતિ પોતે પોતાથી ઘાત કરે છે એ ભાવઘાતિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની પર્યાય નથી થઈ એને ઢાંકી છે કોણે? વિપરીત માન્યતાએ. એ ઉપાદાન એનું પોતાનું છે. ત્યારે કર્મનું નિમિત્ત ટૂંકી ભાષા કરવા માટે સમકિતને મિથ્યાત્વ કર્મે ઢાંક્યું એમ ટૂંકું કરવા માટે લખ્યું છે. ખરેખર તો પોતાની વિપરીત માન્યતાને કારણે એ સમકિત ઉત્પન્ન થયું નથી એટલે ઢંકાણું છે એને દર્શનમોહનું નિમિત્ત છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'કેવલજ્ઞાનાવરણસે કેવલજ્ઞાન ઢકા હુઆ હૈ,...'** લ્યો! ઠીક! કેવળજ્ઞાનાવરણી તો જડ છે. અને આત્માના જ્ઞાનની પર્યાયને એ જડ પરદ્રવ્ય ઢાંકે. શબ્દ તો આમ છે. જ્ઞાનની પર્યાયમાં હિણાપણે પરિણમનની યોગ્યતા એ પોતાની છે. એ ભાવઘાતિ છે. ત્યારે કેવળજ્ઞાનાવરણીને નિમિત્ત કહેવામાં આવ્યું. આવી વાતું લાંબી. નિમિત્ત-ઉપાદાનનો ઝઘડો મોટો. છતાં ઉપાદાન નિમિત્તના દોહરામાં તો નિમિત્ત હારી ગયું. આવે છે? ઉપાદાન-નિમિત્ત. નહિ? ૪૭ દોહરા. ૪૭ દોહરા છે ને. ત્યાં તો નિમિત્ત હારી ગયું.

અહીંયાં 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'માં પણ એમ છે. ઓહો..! કેવળજ્ઞાનાવરણીની શક્તિ કેવળજ્ઞાન ઢાંકે, ઉત્પન્ન થવા ન દે. એ નિમિત્તના કથન છે. સ્વદ્રવ્યની પર્યાયને પરદ્રવ્ય ઢાંકે, પરદ્રવ્યને એ પર્યાય અડતી પણ નથી. કેવળજ્ઞાનાવરણીની પર્યાય જે જડની એને જ્ઞાનની હિણી દશા અડતી પણ નથી. એમ કેવળજ્ઞાનાવરણી .. અહીં પર્યાયને અડતું નથી. પરદ્રવ્ય છે. પોતાની હિણી દશાના પરિણમનના ભાવઘાતિમાં કેવળજ્ઞાનાવરણી નિમિત્ત કહેવામાં આવે છે. એમ કેવળદર્શનાવરણીથી કેવળદર્શન ઢંકાય. એ પ્રમાણે એમ લેવું. આહાહા..!

**'વીર્યાન્તરાયકર્મસે અનંતવીર્ય ઢકા હૈ,...'** એ ભાવપણે તો પોતે જ વીર્યને હિણું કર્યું છે. ત્યારે તેને વીર્યાન્તરાયને નિમિત્ત કહેવામાં આવે છે. **'આયુ કર્મસે સૂક્ષ્મત્વગુણ ઢકા હૈ,...'** લ્યો! પોતાની યોગ્યતાથી જ હીણી દશા થઈ છે. ત્યારે આયુકર્મનું એમાં નિમિત્ત છે, એ સૂક્ષ્મગુણ ઢંકાયો છે. **'ક્યોંકિ આયુકર્મ ઉદયસે જબ જીવ પરભવકો જાતા હૈ, વહાં ઈન્દ્રિયજ્ઞાનકા ધારક હોતા હૈ,...'** ઈન્દ્રિયજ્ઞાનનું ધારણ છે ને? અતીન્દ્રિય જ્ઞાનનો અભાવ છે. **'ઈસ કારણ કુછ એક સ્થૂલ વસ્તુઓંકો તો જાનતા હૈ, સૂક્ષ્મકો નહીં જાનતા,...'** એ અપેક્ષાએ આયુષ્યમાં એને નાખ્યું.

**'શરીરનામકર્મકે ઉદયસે અવગાહનગુણ આચ્છાદિત હૈ,..'** નામકર્મ. **'સિદ્ધાવસ્થાકે યોગ્ય વિશેષરૂપ અગુરુલઘુગુણ નામકર્મકે ઉદયસે અથવા ગોત્રકર્મકે ઉદયસે ઢક ગયા હૈ,**

**ક્યોંકિ ગોત્રકર્મકે ઉદયસે જબ જીવ નીચ ગોત્ર પાયા, તબ ઉસમેં તુચ્છ યા લઘુ કહલાયા, ઔર ઉચ્ચ ગોત્રમેં બડા અર્થાત્ ગુરુ કહલાયા...**' કર્મ નિમિત્ત, પોતાની યોગ્યતા નીચ ગોત્રમાં (જન્મવાની). આવે છે ને 'ગોમ્મટસાર'માં? સંતાનક્રમમાં જેમાં ઊંધાઈ મિથ્યાત્વ છે. સંતાનક્રમમાં એમાં અવતરવું એને નીચ ગોત્ર કહે છે. એમાં પોતાની યોગ્યતાથી જ ત્યાં અવતર્યો છે. ગોત્રકર્મ તો નિમિત્ત કહેવામાં આવે છે. આ બધો વાંધો અહીંથી ઉઠ્યો નિમિત્તનો. કર્મની શૈલીમાં આમ કહેવાય અને સ્વભાવમાં પણ એમ આવ્યું આપણે. ૯૫માં એમ આવ્યું ને? પુદ્ગલ પરિણામને પુદ્ગલ પરિણામ કર્તા છે. રાગ-દ્વેષનો કર્તા કર્મ છે ત્યાં એમ આવ્યું. કહો. 'સમયસાર'માં એમ આવ્યું, 'ગોમ્મટસાર'માં આમ આવ્યું. હવે કરે શું એ બિચારા?

'ગોમ્મટસાર'માં, પોતાની હિણી પર્યાયના કાળમાં નિમિત્ત કોણ છે તે જણાવ્યું છે. 'સમયસાર'માં, સ્વભાવ-શક્તિ-ગુણ કોઈ રાગ કરવાનો નથી. એટલે ગુણનો ધરનાર એવો ગુણી એનું વ્યાપ્યપણું સ્વભાવનું હોય છે. વ્યાપક સ્વભાવ અને વ્યાપ્ત પર્યાય નિર્મળ વ્યાપ્ત સ્વભાવ પર્યાય હોય છે. એને વિકારી પર્યાય વ્યાપ્ય નહિ એમ કાઢી નાખવા માટે સ્વભાવનું શરણ લઈને જેને સ્વભાવની પર્યાય પ્રગટ થઈ એ એનું વ્યાપ્ય છે. સમજાણું કાંઈ? વ્યાપ્ય એટલે કાર્ય. એનું રાગનું કાર્ય .. આનું કાર્ય નથી એમ સિદ્ધ કર્યું છે. કેમ કે આત્મામાં કોઈ એવો ગુણ નથી. શક્તિ અનંત છે, સાધારણ-અસાધારણ ગુણો આત્મામા અનંત છે. સમજાણું કાંઈ? આવશે હમણાં. સાધારણ એટલે અસ્તિ આદિ એવા ગુણો પણ આત્મામાં અનંત છે અને અસાધારણ જ્ઞાનાદિ કે જે અસાધારણ પોતામાં જ છે અને બીજામાં નથી, એવા આત્મામાં અસાધારણ ગુણ પણ અનંત છે. સાધારણ પણ અનંત છે, (અસાધારણ પણ) અનંત છે. એનું હિણી આદિનું કાર્ય ગુણ પોતે કરે છે. સમજાણું? એને નિમિત્તથી કર્યું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આવું છે.

મુમુક્ષુ :- એમાં લખ્યું હોય એથી જુદો અર્થ...

ઉત્તર :- લખ્યું છે ઈ કઈ નયનું કથન છે એ જાણવું જોઈએ ને. દરેક ગાથાનો શબ્દાર્થ કરી અને કઈ નયનું કથન છે, આગમનું શું છે? અન્યમતનું એમાં શું છે? અને તાત્પર્ય શું છે? એવા એક ગાથામાં પાંચ બોલે અર્થ કરવો જોઈએ. સમજાણું કાંઈ? આ શબ્દ છે. હવે આ કઈ નયનું કથન છે એ જાણવું જોઈએ ને? આ વ્યવહારનય.. વ્યવહારનયનું કથન છે આ તો. સમજાણું કાંઈ?

'**વેદનીયકર્મકે ઉદયસે અવ્યાબાધ ગુણ ઢક ગયા, ક્યોંકિ ઉસકે ઉદય સાતા-અસાતારૂપ સાંસારિક સુખ-દુઃખકા ભોક્તા હુઆ.**' આહાહા..! દુઃખની કલ્પનાનો ભોક્તા એ શાતા-અશાતામાં નિમિત્તથી છે. છે તો પોતાની યોગ્યતાથી સુખ-દુઃખની વેદના. આહાહા..! '**ઈસ પ્રકાર આઠ ગુણ આઠ કર્મોંસે ઢક ગયે,...**' આ અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. આહાહા..! '**ઈસલિયે યહ જીવ સંસારમેં ભ્રમા.**' આહાહા..! 'ગોમ્મટસાર'માં કહ્યું ને? નિગોદને ભાવકલંક પોહરા. એ પોતે ભાવકલંક પ્રચુરથી

નિગોદમાં રહ્યો છે. કર્મને લઈને રહ્યો છે (એમ નથી). એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય શું કરે?

મુમુક્ષુ :- 'ગોમ્મટસાર'માં એક ઠેકાણે આવ્યું બીજે ઠેકાણે...

ઉત્તર :- એ એક ઠેકાણે આવ્યું એનો સિદ્ધાંત આવ્યો ને? પંડિતજી!

મુમુક્ષુ :- એક ઉપર લક્ષ જાય શેનું? બીજા ઉપર એનું જ્યારે...

ઉત્તર :- મૂળ આશય ન જાણે તો શું થાય? ભાઈ ઈ કહેતા હતા. 'દેવકીનંદન'. બધા પંડિતોની નિમિત્તપ્રધાન અમારી પઢાઈ છે, એમ કહેતા હતા. એ ગુરુગમ મળ્યા નથી, સંસ્કાર નથી અને સ્વચ્છંદે વાંચે એ કાંઈ શાસ્ત્ર આગમનો પાર ન આવે એમ.

મુમુક્ષુ :- સમજાવનાર...

ઉત્તર :- સમજાવનાર ઈશ્વરકર્તાવાળા. જેમ જગતનું ઉપાદાન જગત છે. નિમિત્ત ઈશ્વર છે એમ કહે એ. એમ આ કર્મ નિમિત્ત છે. ઈશ્વરકર્તા માનનારાઓ પાસે શીખ્યા કાશીમાં. આહાહા..! આ વાત એવી છે. અને ઉપાદાન નિમિત્તમાં તો દોહરામાં નાખ્યું બધું કે પોતાથી થાય છે. ૪૭ દોહરા.

મુમુક્ષુ :- ... ટીકાકારે .. નહિ નિમિતથી કીધું છે.

ઉત્તર :- હવે ઓલો 'અજીતપ્રસાદ' (એમ કહે છે), નિમિત્તે જે કીધું છે એમાં ઉપાદાન-નિમિત્તમાં એનું બરાબર છે. ઉપાદાન કીધું એ ઉટપટાંગ છે. કહો વળી. સિદ્ધ કરવું છે ઉપાદાન. પોતાની દૃષ્ટિમાં બેઠું નહિ એટલે કહે, ઉપાદાનનું લખાણ-ઉત્તર છે એ ઉટપટાંગ છે. 'ભૈયા ભગવતીદાસ'નું. અને 'ભગવતીદાસ' એમ કહે છે કે તમે મધ્યસ્થી આગમ પ્રમાણે જોજો. છે એમાં? છેલ્લી ગાથા છે. આગમ પ્રમાણે જુઓ તો આ વસ્તુ આમ સિદ્ધ થશે. ઉપાદાનમાં છે એ. શ્લોક છે એ ભૂલી ગયા. આગમ પ્રમાણ.

મુમુક્ષુ :- સાખ જિનાગમ...

ઉત્તર :- હા. સાખ. 'સાખ જિનાગમ સૌ મિલે તો ન કરજો ખેદ.' અમે કીધું એની જિનાગમથી સાખ મળશે, એમ કહે છે. હવે એને ખોટું ઠરાવે છે. શું થાય? પણ પરદ્રવ્યની પર્યાય સ્વતંત્ર તેનાથી થાય, દ્રવ્ય તે તે કાળે તેની ઉત્પત્તિનો કાળ છે, જન્મક્ષણ છે એમ પાઠ છે. 'પ્રવચનસાર'માં ૧૦૨ ગાથા. દરેક દ્રવ્યની તે તે સમયની હિણી-અધિક, વિપરીત કે અવિપરીત એ પર્યાય ઉત્પન્ન થવાનો એનો કાળ છે. અને તેથી 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એમ કહ્યું છએ દ્રવ્યને પર્યાયની કાળલબ્ધિ છે. છએ દ્રવ્યને તે તે પર્યાય તે કાળે પ્રાપ્ત થાય એવી કાળલબ્ધિ છે. આહાહા..! 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એમ છે. અને 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં (એમ કહ્યું), ભગવાને જે દીઠું તે પ્રમાણે ત્યાં સામે, તે કાળે, તે પ્રસંગે, તે નિમિત્તે, તે ક્ષેત્રે તે જ રીતે થાશે. આહાહા..! તેમાં એની પર્યાય સ્વતંત્ર તેનાથી તે કાળે થાય છે. નિમિત્ત ભલે હો. નિમિત્તથી થાય છે એમ છે નહિ. નિમિત્ત તે પોતાનું કાર્ય કરે કે પરનું કરે?

મુમુક્ષુ :- મોટા માણસ ..

ઉત્તર :- ધૂળ કરે. મોટો કોણ? આહાહા..!

**'આઠ ગુણ આઠ કર્મોંસે ઢક ગયે, ઈસલિયે યહ જીવ સંસારમેં ભ્રમા. જબ કર્મકા આવરણ મિટ જાતા હૈ,...'** એ નિમિત્તથી કથન છે ને? પોતે જ્યારે ભાવકર્મનો નાશ કરે છે તો દ્રવ્યકર્મને નાશ થવાની યોગ્યતા જ એની હોય છે. એના ક્રમમાં દ્રવ્યકર્મને અકર્મ થવાની અવસ્થાની લાયકાત જ એના સમયની હોય છે. અહીંયાં આત્મા સ્વભાવનો આશ્રય લઈને હિણી ભાવ દશાનો નાશ કરે એટલે કે હિણી ઉત્પન્ન ન થાય. અહીં સ્વભાવના આશ્રયથી, ઉગ્ર પુરુષાર્થથી સ્વનો આશ્રય કર્યો એટલે એના પ્રમાણમાં હિણી દશા કે વિપરીત દશા ઉત્પન્ન થાય નહિ. એનો એણે નાશ કર્યો એમ કહેવામાં આવે. આહાહા..! આવી વાતું બધી.

**'યહ સંક્ષેપસે આઠ ગુણોંકા કથન કિયા. વિશેષતાસે અમૂર્તત્વ નિર્નામગોત્રાદિક...'** આવા ગુણો પણ અનંત છે એમ કહે છે. **'અમૂર્તત્વ નિર્નામગોત્રાદિક...'** સાધારણ-અસાધારણરૂપ બે શબ્દ પડ્યા રહ્યા છે એમાં. અર્થમાં નથી. ટીકામાં છે. શું કહ્યું? **'વિશેષતાસે અમૂર્તત્વ નિર્નામગોત્રાદિક સાધારણ-અસાધારણરૂપ અનંત ગુણ...'** એમ લેવું. આહાહા..! જીવમાં સાધારણ પણ અનંતગુણ છે. સાધારણ છ લીધા છે આમ. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ. સામાન્ય રીતે. પણ છે અનંત. અને અસાધારણ જ્ઞાન, દર્શન આદિ લીધા છે પણ છે અસાધારણ પણ અનંત. આહાહા..! એક એક આત્મામાં આ આઠ ગુણ તો લીધા પર્યાય તરીકે, પણ એવા અનંતગુણ સાધારણ અને અનંતગુણ અસાધારણ એક સમયમાં આત્મામાં છે. આહાહા..! સમજાણું કાંઈ? લખ્યું છે?

**'વિશેષતાસે...'** એટલે આઠ ગુણ તો કહ્યા. પણ ખાસ વિશેષથી જોઈએ તો દરેક જીવમાં **'અમૂર્તત્વ નિર્નામગોત્રાદિક...'** એ ગુણ છે એવો. **'સાધારણ-અસાધારણ અનંતગુણ યથાસંભવ શાસ્ત્ર-પ્રમાણસે જાનને.'** લ્યો! આહાહા..! નિગોદનો જીવ, અંગુલના અસંખ્ય ભાગમાં એક શરીરમાં અનંત જીવ અને એક શરીર અંગુલના અસંખ્ય ભાગમાં. એમાં અનંત જીવ, એમાં એક જીવમાં સાધારણ અને અસાધારણ ગુણ અનંત છે. આહાહા..! એને કાંઈ ક્ષેત્રની જરૂર નથી. મોટું ક્ષેત્ર હોય તો જાજા ગુણ. આહાહા..! એક જીવમાં આ આઠ ગુણ તો કહ્યા ઢંકાયેલા, પણ એ સિવાય અનંતગુણ છે, કહે છે. સાધારણ અને અસાધારણ. આહાહા..! એવા ગુણનો દરિયો છે ભગવાન. અરૂપી ભગવાન અનંત અનંત ગુણનો સાગર-દરિયો છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ પણ સામાન્ય ગુણો અનંતગુણનો દરિયો અને અસાધારણ આત્મા જ્ઞાનાદિ, ધર્માસ્તિમાં ગતિ આદિ એવા અનંત ગુણો સાધારણ-અસાધારણ છે.

**'તાત્પર્ય યહ હૈ, કિ સમ્યક્ત્વાદિ નિજ શુદ્ધ ગુણસ્વરૂપ જો શુદ્ધાત્મા હૈ,...'** લ્યો! સમકિત આદિ **'નિજ શુદ્ધ ગુણસ્વરૂપ જો શુદ્ધાત્મા હૈ,...'** ત્રિકાળ. **'વહી ઉપાદેય હૈ.'** આહાહા..! અથવા સમકિતી આદિ નિર્મળ પર્યાય જે છે એવો જે શુદ્ધાત્મા તે ઉપાદેય છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યક્ત્વ આદિ તો ગુણ છે.

ઉત્તર :- ગુણ પણ લેવાય અને પર્યાય પણ કહેવાય એને. પર્યાયને ગુણ પણ કહે છે. ભગવાનને આઠ ગુણ પ્રગટ્યા. એ પર્યાય છે. ગુણ પ્રગટતા નથી. ગુણ તો ત્રિકાળી રહે છે. પ્રગટે છે, અવરાય છે એ પર્યાય. ગુણ તો ત્રિકાળ એકરૂપ છે. ત્રિકાળ. આહાહા..! ગુણ પ્રગટે નહિ, ગુણ અવરાય નહિ. ગુણ તો અનાદિઅનંત એવા ને એવા છે. પર્યાયમાં આવરણ પોતાની અશુદ્ધતાને કારણે. પર્યાયમાં ઉત્પત્તિ (પણ પર્યાયને કારણે). કેવળજ્ઞાન પણ ગુણ નહિ, પર્યાય છે.

મુમુક્ષુ :- સિદ્ધને આઠ ગુણ પ્રગટ થાય છે. આવું ક્યાંથી તમે લાવ્યા?

ઉત્તર :- એમ કહે છે કે સમકિતને તમે પર્યાય કેમ કહો છો? એક ક્ષુલ્લકનો પ્રશ્ન આવ્યો હતો. 'સૂર્યસિંહ' 'સૂર્યસિંહ ક્ષુલ્લક' હતા કો'ક. અત્યારે છે કે નહિ? 'મુંબઈ' ગયા ત્યારે હતા ત્યાં દેરાસરના અપાસરામાં. એ કયું દેરાસર કહેવાય?

મુમુક્ષુ :- 'ભુલેશ્વર'.

ઉત્તર :- હા. 'ભુલેશ્વર'નું. ત્યાં અંદર હતા. પણ બોલ્યા નહિ કાંઈ. છાપામાં આવ્યું હતું એનું વિરૂદ્ધનું. એમ કે તમે સમકિતને પર્યાય કહો છો. સિદ્ધાંતમાં તો એને ગુણ કહ્યો છે. વિચારીને લખો. છાપામાં આવ્યું હતું. એ કાંઈ મૂળ અભ્યાસ ન મળે તત્ત્વનો (અને) ક્રિયાકાંડમાં ચડી ગયા બહારમાં. આ ત્યાગ, આ કરવું, આ કરવું. મૂળ વસ્તુની ખબર ન મળે. મૂળ વસ્તુની ભૂમિકા ન મળે અને ઝાડ રોપી દીધા. સમકિત વિના ન હોય, આવે છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. આવે છે. આહાહા..! વસ્તુની સ્થિતિની મર્યાદા કેટલી. ત્રિકાળી છે એની જ્યાં દૃષ્ટિ થઈ નથી, એને વળી વ્રત આદિના ઝાડ ક્યાંથી ઉગ્યા એને? ચારિત્ર આવ્યા ક્યાંથી એને? સમજાણું કાંઈ? આ તો માર્ગ ભાઈ એવો છે. લોકો એમ કહે છે કે 'સોનગઢે' આ નવો માર્ગ કાઢ્યો છે. પણ આ શું કહે છે? અનાદિનું આ સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ...સમ્યક્ત્વને આચ્છાદિત કરે...

ઉત્તર :- કઈ નયે? એ તો કીધું. પહેલું આમાં જ આવ્યું છે. દરેક સૂત્રનો પાંચ નયે અર્થ કરવો. આમાં આવી ગયું નહિ પહેલું? પહેલી ગાથામાં આવી ગયું છે.

**'ઔર નિરંજન જ્ઞાનમયી પરમાત્મ દ્રવ્ય આદરને યોગ્ય હૈ, ઉપાદેય હૈ, યહ ભાવાર્થ હૈ, ઈસી તરહ શબ્દ,...'** શબ્દ પહેલો. પછી **'નય, મત, આગમ, ભાવાર્થ વ્યાખ્યાનકે અવસર પર સબ જાન લેના.'** છે? એ પહેલેથી કહી ગયા છે. પહેલી ગાથા, એનો છેલ્લો અર્થ. પહેલી ગાથાનો છેલ્લો. તદ્દન છેલ્લો, છેલ્લો. પહેલી ગાથા પૂર્ણ થતાં... પહેલી ગાથા છે ને? એક ગાથા. આમાં નવમું પાનું છે. એમાં સાતમું હશે. નીકળ્યું? એક એક ગાથામાં અને એક એક શબ્દમાં એનો પહેલો શબ્દાર્થ કરવો, પછી કઈ નયનું વાક્ય છે એમ કરવું, પછી આગમપક્ષ શું કહે છે એમ કહેવું, અન્યમત આમાં શું કહે છે એમ કહેવું અને એનો ભાવાર્થ (કહેવો). આહાહા..!

મુમુક્ષુ :- અન્યમતના શાસ્ત્રોનો અભ્યાસ જોઈએ.

ઉત્તર :- આને એમ કે અન્યમતની અપેક્ષાએ આમાં શું કહ્યું. અન્યમતની અપેક્ષાએ આમાં શું કહ્યું છે. કે ઈશ્વરનયે કર્તા માને છે કે આમાં કર્તા નથી, એમ. આત્મા પોતે કર્તા છે. એમ. આગમનો અર્થ પોતે કર્તા છે, અન્યમતનો અર્થ એ કે પોતે કર્તા નથી, ઈશ્વરકર્તા છે એનો અહીં નિષેધ કર્યો છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- લાંબુ લાંબુ બહુ થાય છે.

ઉત્તર :- એ તો ટૂંકુ ભાઈએ લખ્યું છે ને? પંડિતજીએ નહિ? 'પંચાસ્તિકાય'માં લખ્યું છે નહિ? કે લાંબુ લાંબુ કરવામાં તો આમ થાય કે પોતાની હિણી દશા પોતે કરે ત્યારે કર્મ નિમિત્ત હોય છે તેથી વ્યવહારે કહેવામાં આવ્યું. એટલું લાંબુ કરવા કરતાં ટૂંકુ કહ્યું છે. છે ને, 'પંચાસ્તિકાય'માં છે. 'પંચાસ્તિકાય'માં છે. આહાહા..! ઘણી વાત તો ભાઈ બહાર આવી ગઈ છે. આહાહા..! એ ૬૧ ગાથા થઈ.

---

**अथ विषयकषायसक्तानां जीवानां ये कर्मपरमाणवः संबद्धा भवन्ति तत्कर्मेति कथयति –**

**६२) विसय–कसायहिँ रंगियहँ ते अणुया लग्गंति।**
**जीव–पएसेहँ मोहियहँ ते जिण कम्म भणंति।।६२।।**

**विषयकषायैः रञ्जितानां ये अणवः लगन्ति।**
**जीवप्रदेशेषु मोहितानां तान् जिनाः कर्म भणन्ति।।६२।।**

**विसयकसायहिं रंगियहं जे अणुया लग्गंति विषयकषायै रंगितानां रक्तानां ये परमाणवो लग्ना भवन्ति। जीवपएसिहिं मोहियहं ते जिण कम्म भणंति। केषु लग्ना भवन्ति। जीवप्रदेशेषु। केषाम्। मोहितानां जीवानाम्। तान् कर्मस्कन्धान् जिनाः कर्मेति कथयन्ति। तथाहि। शुद्धात्मानुभूतिविलक्षणैर्विषयकषायै रक्तानां स्वसंवित्यभावोपार्जितमोहकर्मोदयपरिणतानां च जीवानां कर्मवर्गणायोग्यस्कन्धास्तैलम्रक्षितानां मलपर्यायवदष्टविधज्ञानावरणादिकर्मरूपेण परिणमन्तीत्यर्थः। अत्र य एव विषयकषायकाले कर्मोपार्जनं करोति स एव परमात्मा वीतरागनिर्विकल्पसमाधिकाले साक्षादुपादेयो भवतीति तात्पर्यार्थः।।६२।। इति कर्मस्वरूपकथनमुख्यत्वेन सूत्रचतुष्टयं गतम्।**

---

आगे विषय–कषायोंमें लीन जीवोंके जो कर्मपरमाणुओंके समूह बँधते हैं, वे कर्म कहे जाते हैं, ऐसा कहते हैं –

**गाथा – ६२**

अन्वयार्थ :– [ विषयकषायैः ] विषय–कषायोंसे [ रञ्जितानां ] रागी [ मोहितानां ] मोही जीवोंके [ जीवप्रदेशेषु ] जीवके प्रदेशोंमें [ ये अणवः ] जो परमाणु [ लगंति ] लगते हैं, बँधते हैं,

**[ तान् ] उन परमाणुओंके स्कंधों (समूहों) को [ जिनाः ] जिनेन्द्रदेव [ कर्म ] कर्म [ भणंति ] कहते हैं।**

**भावार्थ :– शुद्ध आत्माकी अनुभूतिसे भिन्न जो विषयकषाय उनसे रँगे हुए आत्मज्ञानके अभावसे उपार्जन किये हुए मोहकर्मके उदयकर परिणत हुए, ऐसे रागी, द्वेषी, मोही, संसारी जीवोंके कर्मवर्गणा योग्य जो पुद्गलस्कंध हैं, वे ज्ञानावरणादि आठ प्रकार कर्मरूप होकर परिणमते हैं। जैसे तेलसे शरीर चिकना होता है, और धूलि लगकर मैलरूप होके परिणमती है, वैसे ही रागी, द्वेषी, मोही, जीवोंके विषय–कषाय–दशामें पुद्गलवर्गणा कर्मरूप होके परिणमती हैं। जो कर्मोंका उपार्जन करते हैं, वही जब वीतराग निर्विकल्पसमाधिके समय कर्मोंका क्षय करते हैं, तब आराधने योग्य हैं, यह तात्पर्य हुआ।।६२।।**

---

**હવે વિષયકષાયમાં આસક્ત જીવોને જે કર્મપરમાણુઓ બંધાય છે તે કર્મ છે એમ કહે છે :**

**ભાવાર્થ : શુદ્ધ આત્માની અનુભૂતિથી વિલક્ષણ વિષયકષાયથી રક્ત અને સ્વસંવેદનના અભાવથી ઉપાર્જિત કરેલા એવા મોહકર્મના ઉદયરૂપે પરિણમેલા જીવોને કર્મવર્ગણા યોગ્ય સ્કંધો, જેવી રીતે તેલથી લેપાયેલ શરીરમાં ધૂળ લાગીને મેલપર્યાયરૂપ પરિણમે છે તેવી રીતે, અષ્ટવિધ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે એવો અર્થ છે.**

**અહીં જે વિષયકષાયના કાળે કર્મનું ઉપાર્જન કરે છે તે પરમાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિકાળે સાક્ષાત્ ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૬૨.**

---

## ગાથા-૬૨ ઉપર પ્રવચન

૬૨. '**આગે વિષય-કષાયોંમેં લીન જીવોંકે જો કર્મપરમાણુઓંકે સમૂહ બંધતે હૈં, વે કર્મ કહે જાતે હૈં,...**' એમ એ સિદ્ધ કરે છે. ૬૨.

**६२) विसय–कसायहिँ रंगियहँ ते अणुया लग्गंति।**
**जीव–पएसहँ मोहियहँ ते जिण कम्म भणंति।।६२।।**

'**વિષય-કષાયોંસે રાગી મોહી જીવોંકે...**' લ્યો! પોતાની મેળે એમ કીધું આ તો. વિષય કષાયના રાગ અને મિથ્યાત્વમાં જે રંગાયેલો જીવ છે. જોયું! એના '**જીવકે પ્રદેશોંમેં જો પરમાણુ લગતે હૈં, બંધતે હૈં,...**' જોયું! અહીંયાં વિષય કષાયમાં રંગાયેલો જીવ (છે). ત્યાં એમ ન કહ્યું કર્મને લઈને રંગાયેલો જીવ. એ પોતે પોતાના વિષય કષાયના ભાવથી રંગાયેલો જીવ તે કાળે કર્મ(થી બંધાય છે). આ તો નિમિત્તમાત્ર છે. કર્મના ઉપાદાનને લઈને ત્યાં કર્મ પરમાણુ બંધાય છે. સમજાણું કાંઈ?

પહેલા એમ કહ્યું હતું કે કર્મને લઈને અહીં ગુણ ઢંકાય છે. ત્યાં એમ કહેવું છે, પોતે જ્યારે યોગ્યતાથી હિણી દશા અને વિપરીતપણે પરિણમે છે ત્યારે કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. અહીંયાં એમ કહ્યું કે કર્મ બંધાય છે એ પોતાને કારણે. પણ એમાં જીવના વિષય-કષાયનો રંગ જે છે એ નિમિત્ત છે. એને લઈને બંધાય છે એનો અર્થ એ તો નિમિત્ત છે. પરમાણુ એની પોતાની યોગ્યતાથી બંધાય છે. આત્મા વિષય કષાયથી રંગાણો માટે કર્મ બાંધ્યા એમ નથી. જડને કોણ બાંધે? આહાહા..!

**'ઉન પરમાણુઓંકે સ્કંધો કો જિનેન્દ્રદેવ કર્મ કહતે હૈં.'** લ્યો! કર્મ કોને કહે છે એની વ્યાખ્યા. જીવ પોતાના વિકાર અને મિથ્યાત્વ આદિના ભાવપણે થાય.. આહાહા..! જુઓ! ત્યાં એમ કીધું. કર્મથી થાય એમ ત્યાં નથી લીધું. જીવ પોતે વિષય-કષાયના મોહપણે પરિણમે ત્યારે કર્મ બંધાય છે. એ કર્મના રજકણો કર્મરૂપે થાય છે એને જિનેન્દ્ર કર્મ કહે છે. એ કર્મે આચ્છાદન પહેલું કહ્યું એ નિમિત્તથી કહ્યું છે. સમજાણું કાંઈ? આ પણ નિમિત્તથી છે. કર્મથી આચ્છાદન થયું એ કીધું નિમિત્તથી અને કર્મ બંધાણા એ વિષય-કષાયના પરિણમનને લઈને, એ પણ નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? આહાહા..! આગમની કથની તો જુઓ! દિગંબર આચાર્યોની. સત્ય પ્રવાહ. અનાદિનું સત્ય છે તેમ છે. એમાંથી ઊંધું કાઢે.

પરમાણુઓને કર્મરૂપે થવાની અવસ્થા હતી (તેથી) તે કર્મ થયા છે. એ રાગ-દ્વેષ પરિણમ્યો છે માટે તે કાળે થયા છે એમ નથી. અહીંયાં પણ એમ કહ્યું હતું કે કર્મને લઈને ઢંકાણો એટલે પોતે ઊંધી પર્યાયપણે પરિણમ્યો ત્યારે કર્મે ઢંકાણો એમ કીધું. અહીંયાં પણ કર્મપણે પરિણતિ શક્તિવાળા પરમાણુઓને કર્મ કેમ કહ્યા? અહીં વિષયમાં રંગાયેલો જીવ નિમિત્તરૂપે છે એને પરમાણુ થયા એ રીતે એને કર્મ કહે છે. અહીં રાગ અને વિકારપણે જીવ પરિણમ્યો માટે કર્મને કર્મપણે થવું પડ્યું એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! **'ઉન પરમાણુઓંકે સ્કંધો (સમૂહોં) કો જિનેન્દ્રદેવ કર્મ કહતે હૈં.'**

**ભાવાર્થ :- 'શુદ્ધ આત્માકી અનુભૂતિસે ભિન્ન...'** શું કહે છે? વિષય કષાયના પરિણામ મિથ્યાત્વના શું ચીજ છે? કહે છે કે **'શુદ્ધ આત્માકી અનુભૂતિસે ભિન્ન...'** જે આત્માનો અનુભવ નિર્મળ થવો જોઈએ, એનાથી એ વિપરીત ભાવ છે. અનુભૂતિ કરે તો એ પોતે સ્વતંત્ર છે અને અનુભૂતિથી વિપરીત કરે તોપણ એ સ્વતંત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ ન કીધું કે કર્મને કારણે ત્યાં વિષય-કષાયના પરિણામ છે. શું કીધું સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આને ન કીધું, બીજા શાસ્ત્રમાં કીધું.

ઉત્તર :- એ તો કીધું, નિમિત્તના કથન છે.

અહીં તો એમ કહ્યું, **'શુદ્ધ આત્માની અનુભૂતિસે ભિન્ન...'** આહાહા..! કર્મને કારણે વિષય કષાય છે એમ નથી કહેવું. તે વિષય કષાયનું પરિણમન થયું એ શુદ્ધ અનુભૂતિથી વિપરીત છે. એ શુદ્ધ અનુભૂતિ પોતે એનાથી ભિન્ન વિપરીત છે, બસ. આહાહા..! કેવી

શૈલીથી વાત કરી છે! આહાહા..! વિષય કષાયના પરિણામ મિથ્યાત્વ આદિના એનું કારણ શું કહે છે. તે શુદ્ધ અનુભૂતિથી વિપરીત છે. પોતે શુદ્ધ અનુભૂતિ થવી જોઈએ એનાથી વિપરીત છે. એને કર્મને કારણે આ થયું છે એમ નથી. આહાહા..! કેવી શૈલી છે જુઓ તો ખરા! આહાહા..! સ્વતંત્રતા. આહાહા..! શુદ્ધ અનુભવ થવો જોઈએ. વસ્તુ છે આનંદનો નાથ પ્રભુ, એનો શુદ્ધ અનુભવ થવો જોઈએ. એનાથી વિપરીત કષાયનું પરિણમન કરે છે. આ ન કરતાં આ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

પાઠ શું છે? જોયું! '**विषयकषायैः रञ्जितानां**' રંગાયેલા છે. ઓહોહો..! કર્મને લઈને રંગાણો છે એમ નહિ. આહાહા..! એથી અહીં કર્મને આમ કર્યું.. આમ કર્યું... એની સામે ગાથા પાધરી મૂકી આ. આહાહા..! દિગંબર સંતોની બલિહારી છે. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં (તે સમજવું). આવી વાત કયાંય છે નહિ. આવો સત્યનો પ્રવાહ દિગંબર સંતો સિવાય કયાંય નથી.

મુમુક્ષુ :- શ્વેતાંબર પણ કહે છે...

ઉત્તર :- શ્વેતાંબર પણ કહે છે .. એમાં સત્ય છે નહિ. ઝીણી વાત, બાપુ! દુઃખ થાય. વિપરીત દૃષ્ટિથી પછી આ શાસ્ત્રો કલ્પ્યા-રચ્યા છે. જેમાં એક વસ્ત્રનો ધાગો રાખે, મુનિપણું માને (એ) નિગોદમાં જાય, આ વાણી વીતરાગની. અને આ વાણી મુનિને દસ-દસ કપડા હોય, દસ-દસ રજોણા હોય... આહાહા..! આ વાણી વીતરાગની નહિ. 'ભગવતી સૂત્ર'માં (પાઠ) છે. મોટું 'ભગવતી સૂત્ર' છે. સોળ હજાર શ્લોકનું. સવા લાખની ટીકા છે. સત્તર વાર વાંચ્યું છે. સાધુ વહોરવા જાય અને ત્યાંથી એને દસ પાત્રા મળે તો લે. દસ કપડા મળે તો લે. આચાર્યને નવ આપે અને એક પોતે રાખે. અરે..! આ તે કાંઈ માર્ગ છે! આ તે લખાણ કોના છે?

કેમકે વસ્ત્રનો એક ધાગો રાખે અને મુનિપણું માને તો નવે તત્ત્વની વિરૂદ્ધ શ્રદ્ધા છે. નવે તત્ત્વની. કેમકે વસ્ત્ર રાખવાનો ભાવ છે એ તો તીવ્ર આસ્રવ છે. એને સંવર ઘણો ઓછો હોય છે. આ તો સમ્યગ્દર્શનની વાત. ત્યારે આ તીવ્ર આસ્રવ વખતે એણે મુનિપણું સ્થાપ્યું. તો સંવરની ભૂલ, આસ્રવની ભૂલ. એનાથી કર્મ બંધાય એની ભૂલ, જીવનો આશ્રય કેટલો લેવો એની ભૂલ અને છઠ્ઠે ગુણસ્થાને સંયોગે કેટલી રહે ચીજ? છઠ્ઠા ગુણસ્થાને સંયોગમાં કેટલી રહે એની ભૂલ. એને વસ્ત્રાદિનો સંયોગ હોય એ અજીવનો સંયોગ, એમાં પણ ભુલ. એ આચાર્યોએ એકદમ નથી કીધું કે વસ્ત્ર રાખે એ નિગોદમાં જાય. એ કાકડીના ચોરને ફાંસી એમ નથી કહ્યું. આહાહા..! વસ્તુના સ્વરૂપની સ્થિતિ વર્ણવી છે. આહા..!

શૈલી જુઓને આ ગાથામાં! ઓલામાં એમ કહ્યું કે કર્મે ગુણને ઢાંકયા. તો અહીંથી ગાથા એકદમ ઉપાડી. આહાહા..! પોતે પોતાના વિપરીત વિષય અને કષાયના ભાવથી પરિણમે છે તેથી તે નિર્મળ અનુભૂતિને પ્રાપ્ત થતો નથી. એનો અર્થ થયો ને? આહાહા..! સમજાણું કાંઈ? પોતે જ વિષય અને કષાયના મેલપણે રાગમાં રંગાય છે તેથી તે શુદ્ધ

અનુભૂતિને કરી શકતો નથી.

મુમુક્ષુ :- પોતે એટલે?

ઉત્તર :- જીવ પોતે આત્મા. સ્વયં. આહાહા..! એ તો શૈલી છે એમની? વિષય કષાય શબ્દ પડ્યો છે તો એનાથી અનુભૂતિથી વિપરીત છે. એ શૈલી છે એની. 'જયસેનાચાર્ય'ની ટીકાની શૈલી. આહાહા..! ('સમયસાર'ગાથા)૬૯-૭૦માં એમ કહ્યું ને? કર્તા-કર્મની શરૂઆતમાં. ઉદાસીન અવસ્થા જ્ઞાતા-દૃષ્ટાની અવસ્થાને છોડી દઈને. છોડી દઈને એટલે કાંઈ હતી અને છોડવી નથી. આહાહા..! જે જાણવા અને દેખવાની દશા, ઉદાસ અવસ્થા છોડી દઈને, રાગનો-પુણ્યનો ભાવનો કર્તા થાય છે. એમ છે ને? ૬૯-૭૦માં આવ્યું. આહાહા..! એનો અર્થ કે સવળી અવસ્થાને છોડી દઈને અવળી અવસ્થા કરે છે. કર્મને લઈને કરે છે એમ છે નહિ. આહાહા..!

**ભાવાર્થ :- 'શુદ્ધ આત્માકી અનુભૂતિ સે ભિન્ન જો વિષયકષાય ઉનસે રંગે હુએ આત્મજ્ઞાનકે અભાવસે...'** આહાહા..! **'ઉપાર્જન કિયે હુએ મોહકર્મકે ઉદયકર પરિણત હુએ,...'** આહાહા..! **'ઐસે રાગી, દ્વેષી, મોહી, સંસારી જીવોંકે કર્મવર્ગણા યોગ્ય જો પુદ્‌ગલસ્કંધ હૈં,...'**

મુમુક્ષુ :- ભાવાર્થમાં તો કર્મ આવ્યું.

ઉત્તર :- હા, એટલે થયું ને. નિમિત્ત છે ને.

**'ઉપાર્જન કિયે હુએ મોહકર્મકે ઉદયકર પરિણત હુએ,...'** એ તો અર્થ આવ્યો. પોતાથી પરિણત ન થયો તો કર્મના નિમિત્તના ઉદયમાં પરિણત થયો. જોડાઈ ગયો. આત્મામાં અનુભૂતિથી જોડાવું જોઈએ, આત્મજ્ઞાનમાં આત્માના અંદરમાં જ્ઞાન કરવું જોઈએ એ ન કરતા ઉદયના નિમિત્તને અનુસાર પરિણમી ગયો. તો પોતે પોતાને કારણે (પરિણમ્યો છે). આહાહા..! **'આત્મજ્ઞાનકે અભાવસે ઉપાર્જન કિયે હુએ...'** વિષય કષાયથી ઉત્પન્ન થયા મોહકર્મ. એના **'ઉદયકર પરિણત હુએ...'** એના નિમિત્તમાં જોડાઈ ગયો. **'ઐસે રાગી, દ્વેષી, મોહી, સંસારી જીવોંકે કર્મવર્ગણા યોગ્ય જો પુદ્‌ગલસ્કંધ હૈ, વે જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર કર્મરૂપ હોકર પરિણમતે હૈં.'** આહાહા..!

**'જૈસે તેલસે...'** લ્યો! 'સમયસાર'નું આવ્યું. **'તેલસે શરીર ચિકના હોતા હૈ, ઔર ધૂલ લગકર મૈલરૂપ હોકે પરિણમતી હૈ, વેસે હી રાગી, દ્વેષી, મોહી, જીવોંકે વિષય-કષાય-દશામેં પુદ્‌ગલવર્ગણા કર્મરૂપ હોકે પરિણમતી હૈં.'** બસ. આહાહા..! **'જો કર્મોંકા ઉપાર્જન કરતે હૈં,...'** એ જ પરમાત્મા. છે? એ પરમાત્મા શબ્દ નહિ હોય. એ જ પરમાત્મા એમ લેવું. ટીકામાં છે. **'ઉપાર્જન કરતે હૈં,...'** સુધાર્યું છે નવામાં? નવામાં સુધાર્યું છે. નવામાં સુધાર્યું છે? **'વહી પરમાત્મા જબ વીતરાગ નિર્વિકલ્પ સમાધિકે સમય...'** આહાહા..! એવો જે ભગવાનઆત્મા **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકે સમય...'** અંતરદૃષ્ટિથી સમાધિમાં ઠરે છે ત્યારે. **'કર્મોંકા ક્ષય કરતે હૈં,...'** આહાહા..! ત્યારે એ કર્મોનો ક્ષય કરે છે.

'**તબ આરાધને યોગ્ય હૈં,...**' તે કાળે તે આરાધવા યોગ્ય છે. આહાહા..! પોતાની અનુભૂતિમાં ઠરતો, પોતાને ઉપાદેય તરીકે જાણતો કર્મને ક્ષય કરે તે ટાણે ઉપાદેયરૂપ છે. તે ટાણે એટલે આરાધનાને કાળે આરાધના યોગ્ય છે. આહાહા..!

વિષય કષાયમાં રંગાયેલો જીવ, તેનું નિમિત્ત અને કર્મપણે થવું જડમાં. હવે અહીં કહે છે કે વીતરાગપણે જ્યારે પરિણમે અનુભૂતિમાં, આરાધના સમયમાં પોતે ઉપાદેય તરીકે, એ જ કાળે કર્મનો ક્ષય થાય છે. લ્યો! વિષયકષાયના કાળે કર્મ બંધાય છે. એ એને કારણે. એમ વીતરાગ પરિણતિના સ્વભાવમાં ઠરતો, વીતરાગ નિર્વિકલ્પ સમાધિને સમયે ઠરતો, ત્યારે કર્મનો ક્ષય થાય. ત્યારે કર્મ એની મેળે ટળી જશે. આહાહા..! વિષય કષાયના સમયે કર્મ પોતાને કારણે બંધાય છે. આનંદના અનુભવના કાળમાં તે સમયે સ્વરૂપનું આરાધન છે ત્યારે તે કાળે કર્મ ક્ષય થાય છે. લ્યો! એ પણ નિમિત્તનું કથન છે.

આરાધનાના સમયમાં ચૈતન્યના અનુભવમાં આરાધે છે માટે કર્મને ક્ષય થવું પડ્યું એમ નથી. તે કાળે કર્મની અકર્મ અવસ્થા થવાને લાયક હતી તે થઈ છે. આવી વાતું! એ પરમાત્માને જે વિષય કષાયથી રંગાયેલો અને અનુભૂતિથી ભિન્ન પરિણામને કરતો, તે કાળે કર્મને યોગ્ય વર્ગણા કર્મ બંધાય તે પરમાત્માને... આહાહા..! અંતરના નિર્વિકલ્પ સમાધિના સમયમાં સ્વરૂપનું આરાધન થાય છે ત્યાં કર્મનો ક્ષય થાય છે. લ્યો! ત્યારે એને વિષય-કષાયના પરિણમનમાં કર્મરૂપી વ્યંજન કર્મ બંધાય છે. અને અનુભૂતિના અનુભવના કાળમાં એ કર્મનો ક્ષય થાય છે. આહાહા..! એ નિમિત્ત નિમિત્ત સંબંધની વ્યાખ્યા. સમજાણું કાંઈ?

'**ક્ષય કરતે હૈં,...**' ભાષા એમ આવે, લ્યો! આનંદના અનુભવમાં વિષય કષાયના પરિણામથી રહિત, સ્વ વિષય અને સ્વનો આશ્રય લઈને જે અનુભવમાં નિર્વિકલ્પ સમાધિને કાળે જે સ્વ ઉપાદેયપણે આરાધે છે તે કાળે... આહાહા..! જે વિષયકષાયને કાળે કર્મ બંધાય છે, આનંદના કાળે કર્મનો ક્ષય થાય, એમ ભાષા લીધી. આહાહા..! એ કર્મ બાંધે છે એમ કહેવું અને અહીં કર્મ ક્ષય કરે છે એમ કહેવું. એ બધા નિમિત્તના કથન છે. આહાહા..! વસ્તુને વસ્તુ તરીકે રાખ, ભાઈ! તારી કલ્પનાએ વસ્તુને વિપરીત ન કર. આહાહા..! વસ્તુને વસ્તુ તરીકે રાખ. પોતાની બાંધેલી કલ્પનાથી વસ્તુને સિદ્ધ કરવા જા એમ નહિ થાય. સમજાણું કાંઈ?

---

**अथापीन्द्रियचित्तसमस्तविभावचतुर्गतिसंतापाः शुद्धनिश्चयनयेन कर्मजनिता इत्यभिप्रायं मनसि धृत्वा सूत्रं कथयन्ति –**

**६३) पंच वि इंदिय अण्णु मणु अण्णु वि सयल–विभाव।**
**जीवहँ कम्मइँ जणिय जिय अण्णु वि चउगइ–ताव।।६३।।**

**पञ्चापि इन्द्रियाणि अन्यत् मनः अन्यदपि सकलविभावः।**
**जीवानां कर्मणा जनिताः जीव अन्यदपि चतुर्गतितापाः।।६३।।**

पंच वि इंदिय अण्णु मणु अण्णु वि सयलविभाव पञ्चेन्द्रियाणि अन्यन्मनः अन्यदपि पुनरपि समस्तविभावः। जीवहं कम्मइं जणिय जिय अण्णु वि चउगइताव एते जीवानां कर्मणा जनिता हे जीव, न केवलमेते अन्यदपि पुनरपि चतुर्गतिसंतापास्ते कर्मजीनता इति। तद्यथा। अतीन्द्रियात् शुद्धात्मनो यानि विपरीतानि पञ्चेन्द्रियाणि, शुभाशुभसंकल्पविकल्परहितात्मनो यद् विपरीत-मनेकसंकल्पविकल्पजालरूपं मनः, ये च शुद्धात्मतत्त्वानुभूतेर्विलक्षणाः समस्तविभावपर्यायाः, वीतरागपरमानन्दसुखामृतप्रतिकूलाः समस्तचतुर्गतिसंतापाः दुःखदाहाश्चेति सर्वेऽप्येते अशुद्ध-निश्चयनयेन स्वसंवेद्याभावोपार्जितेन कर्मणा निर्मिता जीवानामिति। अत्र परमात्मद्रव्यात्प्रतिकूलं यत्पञ्चेन्द्रियादिसमस्तविकल्पजालं तद्धेयं तद्विपरीतं स्वशुद्धात्मतत्त्वं पञ्चेन्द्रियविषयाभिलाषादि-समस्तविकल्परहितं परमसमाधिकाले साक्षादुपादेयमिति भावार्थः।।६३।।

---

इसप्रकार कर्मस्वरूपके कथनकी मुख्यतासे चार दोहे कहे। आगे पाँच इन्द्रिय, मन, समस्त विभाव और चार गतिके दुःख ये सब शुद्ध निश्चयनयकर कर्मसे उपजे हैं, जीवके नहीं हैं, यह अभिप्राय मनमें रखकर दोहा-सूत्र कहते हैं –

गाथा – ६३

अन्वयार्थ :– [ पंचापि ] पाँचों ही [ इन्द्रियाणि ] इन्द्रियाँ [ अन्यत् ] भिन्न हैं, [ मनः ] मन [ अपि ] और [ सकलविभावः ] रागादि सब विभाव परिणाम [ अन्यत् ] अन्य हैं, [ चतुर्गतितापाः अपि ] तथा चारों गतियोंके दुःख भी [ अन्यत् ] अन्य हैं, [ जीव ] हे जीव, ये सब [ जीवानां ] जीवोंके [ कर्मणा ] कर्मकर [ जनिताः ] उपजे हैं, जीवसे भित हैं, ऐसा जान।

भावार्थ :– इन्द्रिय रहित शुद्धात्मासे विपरीत जो स्पर्शन आदि पाँच इन्द्रियाँ, शुभ-अशुभ संकल्प-विकल्पसे रहित आत्मासे विपरीत अनेक संकल्प-विकल्पसमूहरूप जो मन और शुद्धात्मतत्त्वकी अनुभूतिसे भिन्न जो राग, द्वेष, मोहादिरूप सब विभाव ये सब आत्मासे जुदे हैं, तथा वीतराग परमानन्दसुखरूप अमृतसे पराङ्मुख जो समस्त चतुर्गतिके महान दुःखदायी दुःख वे सब जीवपदार्थसे भिन्न हैं। ये सभी अशुद्धनिश्चयनयकर आत्म-ज्ञानके अभावसे उपार्जन किये हुए कर्मोंसे जीवके उत्पन्न हुए हैं। इसलिये ये सब अपने नहीं हैं, कर्मजनित हैं। यहाँ पर परमात्म-द्रव्यसे विपरीत जो पाँचों इन्द्रियोंको आदि लेकर सब विकल्प-जाल हैं, वे तो त्यागने योग्य हैं, उससे विपरीत पाँचों इन्द्रियोंके विषयोंकी अभिलाषाको आदि लेकर सब विकल्प-जालोंसे रहित अपना शुद्धात्मतत्त्व वही परमसमाधिके समय साक्षात् उपादेय है। यह तात्पर्य जानना।।६३।।

**એ પ્રમાણે કર્મસ્વરૂપના કથનની મુખ્યતાથી ચાર સૂત્રો સમાપ્ત થયાં.**

**હવે, પાંચ ઈન્દ્રિય, મન, સમસ્ત વિભાવ અને ચાર ગતિના સંતાપો શુદ્ધ નિશ્ચયનયથી કર્મજનિત છે એવો અભિપ્રાય મનમાં રાખીને સૂત્ર કહે છે :**

**ભાવાર્થ : અતીન્દ્રિય શુદ્ધ આત્માથી વિપરીત જે પાંચ ઈન્દ્રિયો, શુભાશુભ સંકલ્પ વિકલ્પથી રહિત આત્માથી વિપરીત અનેક સંકલ્પ વિકલ્પની જાળરૂપ જે મન અને શુદ્ધ આત્માની અનુભૂતિથી વિલક્ષણ જે સમસ્ત વિભાવપર્યાયો અને જે વીતરાગ પરમાનંદરૂપ સુખામૃતથી પ્રતિકૂળ ચારગતિના સમસ્ત સંતાપો-દુઃખના દાહો એ સર્વ અશુદ્ધ નિશ્ચયનયથી સ્વસંવેદનના અભાવથી ઉપાર્જેલા કર્મથી જીવોને ઉત્પન્ન થયાં છે.**

**અહીં, પરમાત્મદ્રવ્યથી પ્રતિકૂળ જે પંચેન્દ્રિયાદિ સમસ્ત વિકલ્પજાળ છે તે હેય છે, તેનાથી વિપરીત પંચેન્દ્રિય વિષયની અભિલાષાદિ સમસ્ત વિકલ્પથી રહિત એવું સ્વશુદ્ધાત્મતત્ત્વ પરમ સમાધિના સમયે સાક્ષાત્ ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૬૩.**

## ગાથા-૬૩ ઉપર પ્રવચન

**'ઈસપ્રકાર કર્મસ્વરૂપકે કથનકી મુખ્યતાસે ચાર દોહે કહે. આગે પાંચ ઈન્દ્રિય, મન, સમસ્ત વિભાવ ઔર ચાર ગતિકે દુઃખ યે સબ શુદ્ધ નિશ્ચયનયકર કર્મસે ઉપજે હૈં,...'** સ્વભાવથી ઉપજ્યા નથી, તો એ કર્મથી ઉપજ્યા એમ કહેવામાં આવે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ જ હોય ને. સ્વભાવની દૃષ્ટિમાં... આહાહા..! કેમ કે સ્વભાવ વસ્તુ પોતે જે છે એ તો અનંત શક્તિ, અનંત સ્વભાવનો-ગુણનો પવિત્રનો પિંડ છે એટલે પવિત્ર છે. એ પવિત્ર આત્મામાં વિકાર, પવિત્ર આત્માની શક્તિથી અપવિત્ર કેમ થાય? પવિત્ર ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પવિત્ર છે. એ દ્રવ્ય અને ગુણ એ બધા પવિત્ર છે. એ પવિત્ર ભગવાન પોતે અપવિત્રપણે કઈ રીતે પરિણમે? એમાં પવિત્રપણું પડ્યું છે એ અપવિત્રપણે કેમ થાય? સમજાણું કાંઈ? એથી અપવિત્ર પર્યાયમાં થાય છે એ કર્મના નિમિત્તના સંગે થાય છે. સ્વનો સંગ નહિ. આહાહા..! વીતરાગની કથા ઝીણી બહુ, ભાઈ! આહાહા..!

**'જીવકે નહીં હૈં,...'** એ જીવનો સ્વભાવ નહિ એમ કહેવું છે. વિકારપણે થવું એ જીવનો સ્વભાવ નહિ. જીવ એવો નથી. જીવ તો પવિત્ર છે એમ કહે છે. વસ્તુ અને એની શક્તિઓ એના ગુણો ભલે અનંત હો પણ એ બધું પવિત્ર છે. પવિત્રથી અપવિત્રતા ઉત્પન્ન ન થાય. આહાહા..! સમજાણું કાંઈ? **'જીવકે નહીં હૈ,...'** એ અપવિત્રતા ઉત્પન્ન થાય એ જીવની નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'યહ અભિપ્રાય મનમેં રખકર દોહા-સૂત્ર કહતે હૈં-'** ૬૩.

**૬૩) पंच वि इंदिय अण्णु मणु अण्णु वि सयल-विभाव।**
**जीवहँ कम्मइँ जणिय जिय अण्णु वि चउगइ-ताव।।६३।।**

**અન્વયાર્થ :- 'પાંચોં હી ઈન્દ્રિયાં ભિન્ન હૈં, મન ઔર રાગાદિ સબ વિભાવ પરિણામ અન્ય હૈં,...'** ઈન્દ્રિય ભિન્ન, મન ભિન્ન, પાંચેય ઈન્દ્રિયના રાગાદિ ભાવ ભિન્ન '**તથા ચારોંગતિયોંકે દુઃખ ભી અન્ય હૈં,...**' આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એ ચારેય ગતિનું દુઃખ તે સ્વભાવથી ભિન્ન છે. આહાહા..! પરમાત્માનું વર્ણન છે ને! પરમાત્મા પોતે આનંદસ્વરૂપ, પવિત્રસ્વરૂપ, પવિત્રતાની મૂર્તિ પ્રભુ, વીતરાગમૂર્તિ આત્મા છે. એને અહીંયાં ચાર ગતિના દુઃખ, વિષય કષાયના ભાવ, મન અને ઈન્દ્રિયો એ બધા એનાથી જુદા છે. ભગવાન પરમાત્મસ્વરૂપથી જુદા ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

૭૫માં એ આવ્યું હતું. ભગવાન આત્મા સ્વતંત્રપણે કરે તો એ તો પવિત્રતાને કરે. પવિત્રતા તેનું કર્તાપણું અને કાર્ય તે તેનું. અપવિત્રતા એમાં ક્યાં હતી તે અપવિત્રતાનો કર્તા એ થાય? એમ કહે છે. સમજાણું કાંઈ? એ અપવિત્રતા એ કર્મનું પરિણામ છે. આહાહા..! એ ગુણી અને ગુણ એવો ભગવાન, એનું એ પરિણામ નથી. સમજાણું કાંઈ?

'**જીવોંકે કર્મકર ઉપજે હૈં,...**' એટલે કે જીવના સ્વભાવથી ઉપજ્યા નથી. આહાહા..! ભગવાન પરમાનંદ સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ, ચિદાનંદ સ્વરૂપ, સુખ સ્વરૂપ, એનાથી મન, ઈન્દ્રિય, ચાર ગતિના દુઃખ અને વિભાવ એમાંથી કેમ થાય? આહાહા..! એનાથી ભિન્ન છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'ઈન્દ્રિય રહિત શુદ્ધાત્માસે વિપરીત...'** ભાષા જુઓ હવે. ઈન્દ્રિય છે શું? એમ કહે છે. ભગવાન તો ઈન્દ્રિય રહિત શુદ્ધાત્મા છે. આહાહા..! અણીન્દ્રિય ભગવાનઆત્મા. ઈન્દ્રિયની વ્યાખ્યા કરે છે. અણીન્દ્રિય એવો ભગવાન, એનાથી વિપરીત ઈન્દ્રિય. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈન્દ્રિય રહિત શુદ્ધાત્માસે વિપરીત જો સ્પર્શન આદિ પાંચ ઈન્દ્રિયાં,...**' આહાહા..! એ 'જયસેનાચાર્ય'ની ટીકામાં એવી શૈલી લે છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૧૧, ગુરુવાર
## તા. ૨૨-૦૭-૧૯૭૬, ગાથા-૬૩-૬૪, પ્રવચન નં. ૪૧

'પરમાત્મપ્રકાશ'. ૬૩-ગાથા. પરમાત્મા જીવ પોતે પરમાત્મસ્વરૂપ જ છે. એને જીવ કહીએ. એકલો જ્ઞાયક સ્વભાવ પવિત્ર અનંત સ્વભાવનું સ્વરૂપ તે આત્મા, તેને અહીંયાં પરમાત્મા કહે છે. ધર્મી જીવને આવા આત્માનો સ્વીકાર હોય છે. કારણ કે એ આત્મા એવો છે. કેવો છે? ઈન્દ્રિય રહિત શુદ્ધાત્મા. એ તો ઈન્દ્રિય રહિત શુદ્ધાત્મા છે.

આહાહા..! ઇન્દ્રિય સહિતપણું કર્મના સંયોગે છે. વસ્તુના સ્વભાવમાં ઇન્દ્રિયનો સંયોગ નથી.

**ભાવાર્થ :-** '**ઇન્દ્રિય રહિત શુદ્ધાત્મા...**' ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ પવિત્ર આત્મા એને આત્મા કહીએ. '**ઇન્દ્રિય રહિત શુદ્ધાત્માસે વિપરીત જો સ્પર્શન આદિ પાંચ ઇન્દ્રિયાં,...**' એ આત્માના સ્વભાવથી વિપરીત છે. ઇન્દ્રિય રહિત શુદ્ધાત્મા પવિત્ર સ્વરૂપ, એને અહીંયાં આત્મા કહીએ અને ધર્મીની દૃષ્ટિમાં એ આત્મા હોય છે. સમજાણું કાંઈ? '**જો સ્પર્શન આદિ પાંચ ઇન્દ્રિયાં,...**' એ બધા કર્મના કારણે ઉત્પન્ન થયેલા (છે), એમ કહે છે. વસ્તુનો સ્વભાવ એ નહિ.

'**શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પસે રહિત...**' મનથી રહિત કહેવું છે. છે ભગવાનઆત્મા, એને કહીએ આત્મા કે શુભ-અશુભ જે સંકલ્પ વિકલ્પ છે એનાથી રહિત, તેને આત્મા કહીએ. સમજાણું કાંઈ? કેમકે આસ્રવતત્ત્વ એ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન છે. અને આસ્રવતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન (છે). જ્ઞાયકતત્ત્વથી આસ્રવતત્ત્વ ભિન્ન. એવું જે જ્ઞાયકતત્ત્વ, એનાથી વિપરીત શુભાશુભ સંકલ્પ-વિકલ્પ, એનાથી રહિત આત્મા છે. આહાહા..! એનાથી '**વિપરીત અનેક સંકલ્પ-વિકલ્પ...**' '**શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પસે રહિત આત્માસે વિપરીત અનેક સંકલ્પ-વિકલ્પસમૂહરૂપ જો મન...**' એ ભગવાનઆત્માથી ભિન્ન છે. એટલે આત્મા અને ઇન્દ્રિય એક નથી. અણીન્દ્રિય ભગવાનઆત્મા અને ઇન્દ્રિય એક નથી. એમ અમનસ્વરૂપ આત્મા, એ મન અને આત્મા એક નથી. આહાહા..! પરમાત્માની વ્યાખ્યા છે ને? પરમાત્મસ્વરૂપ છે આત્મા.

'**ઔર શુદ્ધાત્મતત્ત્વકી અનુભૂતિસે ભિન્ન...**' ત્રીજી વાત. ઇન્દ્રિયથી રહિત, મનથી રહિત. હવે શુદ્ધાત્મતત્ત્વનો જે અનુભવ, શુદ્ધ ભગવાનઆત્મા પવિત્ર, એની જે અનુભૂતિ એનાથી ભિન્ન. '**રાગ, દ્વેષ મોહાદિરૂપ સબ વિભાવ...**' આહાહા..! ભગવાનઆત્માની અનુભૂતિથી ભિન્ન છે. આહાહા..! એમ કીધું, જોયું! આત્માથી ભિન્ન એમ નહિ કહેતા આત્મા જ્યારે આવ્યો અનુભૂતિમાં ત્યારે એને અનુભૂતિથી ભિન્ન આ મોહ છે એમ કહેવામાં આવ્યો. આહાહા..! આવી વાત છે. શુદ્ધાત્મતત્ત્વ, એની અનુભૂતિ, ભગવાન પૂર્ણ પરમાત્મસ્વરૂપ જ છે. એને અનુસરીને સન્મુખ થઈને અનુભૂતિ થાય ત્યારે શુદ્ધાત્મા એના અનુભવમાં આવ્યો. એવો જે શુદ્ધાત્મા એની અનુભૂતિથી ભિન્ન રાગ-દ્વેષ-મોહ એનાથી ભિન્ન છે. આહાહા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ શુદ્ધાત્માનુભૂતિ એવો આત્મા, અનુભૂતિથી જણાય એવો આત્મા અને ત્યારે તેને આત્મા કહીએ. એના સન્મુખ થઈને અનુભૂતિમાં આત્મા જણાણો એ અનુભૂતિથી વ્યવહારરત્નત્રયના વિકલ્પ આદિ એ અનુભૂતિથી ભિન્ન છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! એવું સ્વરૂપ જ એ છે.

ચૈતન્યબિંબ પ્રભુ અનંત અનંત સાધારણ અસાધારણ શક્તિઓનો સમુહ,

સાધારણ અસાધારણ ગુણો-એ શક્તિ કહો, ગુણ કહો, શક્તિવાનની એ શક્તિઓ છે. એવી અનંત શક્તિઓ સાધારણ અને અસધારણ, એનું જે સ્વરૂપ તે આત્મા. એનો જ્યારે અનુભવ થયો, એને અનુસરીને અનુભૂતિ (થઈ), એવી જે શુદ્ધાત્માની અનુભૂતિથી રાગ ભિન્ન રહી જાય છે. એ આવ્યું હતું આપણે, 'પ્રવચનસાર'માં ૫૦ થી ૫૫, ૫૧થી નહિ? અનુભૂતિથી ભિન્ન. આવે છે? અજીવ અધિકાર. આહાહા..!

આત્માથી ભિન્ન ન કહેતા આત્મા અનુભૂતિમાં આવ્યો ત્યારે એને આત્મા જણાણો. એવી જે આત્માની અનુભૂતિ, એનાથી મોહ-રાગ-દ્વેષથી ભિન્ન છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? સ્વભાવ સન્મુખની નિશ્ચય અનુભૂતિ, એ અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના વિકલ્પો જે છે એનાથી તે ભિન્ન છે. હવે એનાથી ભિન્ન છે એનાથી અનુભૂતિ પ્રાપ્ત થાય? એ વાત નાખે છે અંદર. સમજાણું કાંઈ? એ તો ચૈતન્ય અનુભૂતિથી પ્રાપ્ત છે. અનુભૂતિમાં એને આત્મા આવ્યો ત્યારે એ આત્મા એને જણાયો. ત્યારે આત્મા છે એવો અનુભવ થયો. આહાહા..! એવી અનુભૂતિ સ્વરૂપ ભગવાનઆત્મા, એનાથી બધા સંકલ્પ-વિકલ્પો ભિન્ન છે. આહાહા..!

'**રાગ, દ્વેષ, મોહાદિરૂપ સબ વિભાવ યે સબ આત્માસે જુદે હૈં,...**' આહાહા..! અરે..! એવો આત્મા કોણ છે? કેમ છે? એને એણે દૃષ્ટિમાં લીધો નથી. આવો આત્મા છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી રહિત, મનથી રહિત, શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પથી રહિત એવો જે આત્મા તે દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિમાં તે આવે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અંતરની આ વાતું. એણે કોઈ દિ' અંતરમાં સ્વરૂપ શું છે એનો પ્રયોગ અનુભૂતિથી કર્યો નથી. આહાહા..!

'**તથા...**' ત્રણ વાત તો કરી. ઈન્દ્રિય, મન અને સંકલ્પ-વિકલ્પ. હવે ચાર ગતિ. આહાહા..! '**વીતરાગ પરમાનંદસુખરૂપ અમૃતસે...**' આહાહા..! ભગવાનઆત્મા વીતરાગ પરમાનંદ સુખરૂપ અમૃત ધ્રુવ છે. આહાહા..! ચાર ગતિ વર્ણવવી છે ને? '**વીતરાગ પરમાનંદસુખરૂપ...**' વીતરાગી પરમાનંદ એ સુખરૂપ. આહાહા..! એવું જે અમૃત. ભગવાનઆત્મા '**વીતરાગ પરમાનંદસુખરૂપ અમૃતસે પરાङ्मુખ જો સમસ્ત ચતુર્ગતિકે મહાન દુઃખદાયી દુઃખ...**' આહાહા..! એ ચારેય ગતિના દુઃખો છે. સ્વર્ગમાં પણ દુઃખ છે. રાગનું દુઃખ છે. આહાહા..! એ '**સમસ્ત ચતુર્ગતિકે મહાન દુઃખદાયી...**' આહાહા..! સ્વર્ગનું પણ મહાન દુઃખ છે એમ કહે છે. આહા..! નવમી ગ્રૈવેયકે ૩૧ સાગર, દ્રવ્યલિંગી મુનિ સમકિતથી રહિત ત્યાં જાય. કહે છે કે દુઃખમાં છે એ તો. એ દુઃખમાં ઉપજ્યો છે અને દુઃખને વેદે છે. ભગવાનઆત્મા એ દુઃખથી રહિત છે. આહાહા..! એ તો વીતરાગ પરમાનંદસુખની અમૃતની મૂર્તિ છે. એવો આત્મા દૃષ્ટિનો વિષય, અનુભૂતિનો વિષય, અનુભવનો વિષય કહો. આહાહા..! વર્તમાન જે અનુભવ, એનો વિષય આ આત્મા છે. એવા આત્માના અનુભૂતિથી, અમૃતથી ચાર ગતિના દુઃખો.. આહાહા..! તે

પણ મહાન દુઃખદાયી એમ ભાષા છે. એ સ્વર્ગનું પણ મહાન દુઃખ એમ કહ્યું. આ બધા શેઠાઈના સુખો કહે છે ને. કરોડપતિ અને અબજોપતિ. કહે છે કે મહા દુઃખી છે.

મુમુક્ષુ :- પણ નિમિત્તનું...

ઉત્તર :- વસ્તુનું સ્વરૂપ એમ છે. કહે શું? આહાહા..! કહો, સમજાણું કાંઈ? કહો, શેઠ! આહાહા..! કેમકે લક્ષ્મી તરફનું લક્ષ જાય છે ત્યારે રાગ થાય છે. રાગ છે તે દુઃખ છે. આહાહા..! ભગવાન તરફ લક્ષ જાય છે ત્યારે વીતરાગતા ઉત્પન્ન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! પોતે ચૈતન્યસ્વરૂપ છે. વીતરાગી પરમાનંદના સુખામૃતથી ભરેલો છે. એના ઉપર જાય છે ત્યારે સુખી થાય છે. અહીં ઉપર જાય ત્યારે દુઃખી થાય છે એમ કહે છે. આહાહા..! ચાહે તો એ પૈસા ઉપર લક્ષ જાય કે સ્ત્રી, શરીર સુંદર એનું રૂપાળું એના ઉપર લક્ષ જાય એ બધું દુઃખ છે. આહાહા..! વિષય-વાસના, કહે છે કે એ દુઃખ છે. આહાહા..! જેને દુનિયા મજા માને છે. સમજાણું કાંઈ? અહીં એને દુઃખ કહે છે. જુઓ! ચારેય ગતિ લીધી છે, હોં! મનુષ્યગતિ, નરકગતિ, તિર્યંચગતિ તો ઠીક પણ મનુષ્યગતિની શેઠાઈ અને દેવગતિના સુખો એ બધા દુઃખ છે. કહો, 'હીરાલાલજી'! આ બધા પૈસાવાળા છે. ... 'કુચામણ'. આ પાછળ બેઠા ઈ. એંસી હજાર દીધાને એણે બે વર્ષ પહેલા. સત્ સાહિત્ય માટે. એંસી હજાર આપ્યા. પૈસાવાળા છે ઈ. પૈસાવાળા એટલે દુઃખી એમ કહે છે.

મુમુક્ષુ :- તો ગરીબ સુખી?

ઉત્તર :- ગરીબ સુખી. ગરીબ એટલે? રાગ વિનાનો પ્રાણી આત્મા એ સુખી. આહાહા..!

અહીં તો ચાર ગતિના મહાન દુઃખ શબ્દ વાપર્યો છે. આહાહા..! '**वीतराग-परमानन्दसुखामृतप्रतिकूलाः समस्तचतुर्गतिसंतापाः दुःखदाह**' એમ શબ્દ છે, લ્યો! '**दुःखदाह**' છે ને શબ્દ? એનો અર્થ મહાન કરી નાખ્યો છે. આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે અને ચાર ગતિના ભાવો બધા દુઃખદાયી છે, દુઃખદાહ છે. આહાહા..! 'છ ઢાળા'માં ન આવ્યું? 'રાગ આગ દાહ દહે સદા...' ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ. આહાહા..! 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેવીએ' આહાહા..! રાગમાં દાહ-દુઃખની બળતરા છે. માટે ભગવાનઆત્મા એ રાગથી રહિત છે, એની સેવના કરવી. સમામૃત કીધું ને આ અમૃત? '**વીતરાગ પરમાનંદસુખરૂપ અમૃત...**' ત્યાં એ લીધું. 'સમામૃત સેઈએ.' ભગવાનઆત્મા સમતાનો, અમૃતનો સાગર. સમતાનો પિંડ વીતરાગપિંડ. અતીન્દ્રિય અમૃતનો સાગર. 'તાતે સમામૃત સેઈએ.' વીતરાગભાવથી આત્માની સેવા કરવી. આહાહા..! ચાહે તો લક્ષ્મીમાં દાનનો ભાવ થાય એ પણ રાગ છે. એ પણ દાહ છે, બળતરા છે, એમ કહે છે. એને રાખવાનો અને સંભાળવાનો ભાવ એ તો દુઃખદાયી દાહ છે. દુઃખદાહ એમ લીધું, જોયું! આહાહા..! દુઃખનો દાહ બળતરા છે, કહે

છે. અજ્ઞાની તેને સુખ માને છે એ જ મહામિથ્યાત્વ અને પાપ છે. આહાહા..! શરીરની સુંદરતા, લક્ષ્મીની વિવિધતા, કરોડો અબજો, એ જેને આકર્ષણ લાગે, એનું આકર્ષણ લાગે એ બધા દુઃખી છે. ભગવાનનું આકર્ષણ જેને નથી. આહાહા..! અને આ પરપદાર્થની અનુકૂળતા દેખીને મન આકર્ષિત થઈ જાય છે, ખેંચાઈ જાય છે ત્યાં... આહાહા..! એ દુઃખ છે.

મુમુક્ષુ :- એવા માણસના તો લોકો જયકાર બોલે છે.

ઉત્તર :- પાગલના તો પાગલ જયકારા બોલે. એમાં શું? એ પાગલ છે. આહાહા..! આનંદનો નાથ ભૂલીને પરમાં આકર્ષણ થઈને વિવિધતાની વિચિત્રતાના પ્રેમમાં ખેંચાવું... આહાહા..! એ દુઃખના દાહમાં ખેચાંઈ ગયો છે, કહે છે. સમજાણું? આકર્ષણ ત્યાં થઈ ગયું. પૈસાનું. આહાહા..! હીરાના (દાગીના). એક એક હીરો કરોડનો એવા કરોડો હીરાના ઓલા નીકળે. શું કહેવાય? ચરુ. ચરુ... ચરુ. હીરાના ચરુ. આમ જ્યાં (જોવે)... આહાહા..! આકર્ષણ થાય. કહે છે કે એ દુઃખદાહ છે. 'અમરચંદભાઈ'! આહાહા..! એ ચૈતન્યના હીરાનું એને આકર્ષણ ન થયું. 'હીરાલાલજી'! આહાહા..!

ભગવાન સુખામૃતનો સાગર એનું એને આકર્ષણ દૃષ્ટિમાં ન થયું અને આ આકર્ષણમાં ખેંચાણો એ દુઃખદાહમાં બળી ગયો છે. અહીં તો એમ કહેવું છે કે એ દુઃખદાહથી ભગવાન ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ પરમાનંદ સુખરૂપ... આહાહા..! અમૃત રેડ્યા છે. પરમાત્મા પોતે અમૃતનું નિધાન છે. સુખામૃતનું નિધાન છે. એનું દૃષ્ટિમાં આકર્ષણ થવું જોઈએ. આહાહા..! દૃષ્ટિમાં ત્યાં ખેંચાણ થવું જોઈએ. એમ છતાં બહારની ચીજોની અનુકૂળતામાં ખેંચાઈ જાય, એ દુઃખના દાવાનળમાં સળગી ગયો છે.

'**સમસ્ત ચતુર્ગતિકે મહાન દુઃખદાયી...**' ઓહોહો..! ચક્રવર્તી નહિ. વાસુદેવ, બળદેવ, ઈન્દ્રોના ચતુર્ગતિના મહાન દુઃખદાયી, ચારેય ગતિમાં મહાનદુઃખદાયી. દુઃખદાહ છે. ક્યાંય એમ ન કહ્યું કે મનુષ્યમાં, સ્વર્ગમાં કાંઈક ઠીક છે. આહાહા..! ભગવાન અમૃતસ્વરૂપ ભગવાનઆત્મા, એનાથી વિરૂદ્ધ ભાવ બધો દુઃખદાયી છે. આહાહા..! એ ચતુર્ગતિના મહાન દુઃખદાયી. જોયું? દુઃખદાયી-દુઃખદાતા. દાયી છે ને? એ દુઃખદાતા છે. આહાહા..! એ શુભ-અશુભની લાગણી ઊઠે છે એ બધી દુઃખદાયી છે. આહાહા..! દુઃખનો દાતાર છે એ. ભગવાન અમૃતસાગર સ્વરૂપથી એ દુઃખની દાતાર દશા તદ્દન ભિન્ન છે. સ્વરૂપમાં એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવો આત્મા તેને એણે દૃષ્ટિમાં લેવો જોઈએ. આહાહા..! એવો ભગવાનઆત્મા એને એણે અનુભૂતિમાં લેવો જોઈએ. આહાહા..! પર્યાયની અનુભૂતિમાં આ આત્માને ખેંચવો જોઈએ. આહાહા..! અનુભૂતિમાં આવો આત્મા સમીપમાં લેવો જોઈએ. જે રાગમાં દૂર છે પ્રભુ. આહાહા..! ચાર ગતિના દુઃખદાયી દશાથી પ્રભુ દૂર છે અથવા તેનાથી તે દુઃખદાયી દશા ભિન્ન છે. આહાહા..! એને આનંદની દશા દ્વારા આત્માને સમીપમાં લેવો. આહાહા..! સમજાણું કાંઈ?

માણસોને આ એવું લાગે કે આ તો બધું નિશ્ચય (છે). પણ નિશ્ચય એ સત્ય છે. એ જ પરમસત્ય છે. વ્યવહારાદિ વિકલ્પો એ તો દુઃખદાયી છે. આહાહા..! હવે દુઃખદાયીને સાધન બનાવીને સુખ થાય? શાસ્ત્રમાં તો લખાણ આવે. એ તો કહ્યું ને? નિમિત્ત હસ્તાવલંબ જાણીને શાસ્ત્રમાં ઘણું કહ્યું, પણ એનું ફળ સંસાર છે. ૧૧મી ગાથા. આહાહા..! આચાર્યોએ આત્માને ખુલ્લો કરીને મૂક્યો છે. આહાહા..! કન્યાને દહેજ નથી આપતા? લુગડા, કપડા ને આપે ને? પાંચ-દસ હજાર ત્યાં મૂકે. કુટુંબ જોવા આવે. કરિયાવર. કરિયાવર કહે તમારે? પાંચ-દસ હજારનું આપે ને કન્યાને? શું કહેવાય તમારે? કરિયાવર-દહેજ. એ બધા કુટુંબીને બતાવે. પાટલા પાથરે અને આટલા સાડલા, આટલું રૂપુ, આટલું સોનું, આટલા પંખા. બધા જોવા આવે. આ તો દૃષ્ટાંત છે.

ભગવાને આત્માને ખુલ્લો કરીને કરિયાવર કાઢ્યો છે. આહાહા..! અરે..! જોવા તો આવ તું એકવાર. અનંત વીતરાગી પરમ સુખામૃતનો સાગર પ્રભુ, એને અનુભૂતિમાં લે, એને જો. આહાહા..! ભગવાને ખુલ્લો મૂક્યો છે, બાપુ! આવો તું છો. આહાહા..! તને વળાવવો છે મોક્ષમાં. એના સાધન આ છે. આનંદના નાથને જો. એનો આદર કર. આહાહા..! એટલે આ નિશ્ચય લોકોને એવું લાગે. પણ બાપુ! વસ્તુ એ છે, પ્રભુ! આહાહા..!

આ 'પરમાત્મપ્રકાશ' છે ને! એટલે ગાથામાં પરમાત્મસ્વરૂપ આત્મા તે પરમાત્મા એ આનાથી ભિન્ન છે એમ બતાવે છે. આહાહા..! મનથી ભિન્ન, ઇન્દ્રિયોથી ભિન્ન, સંકલ્પ-વિકલ્પથી ભિન્ન અને ચાર ગતિના દુઃખદાયી ભાવથી ભિન્ન. આહાહા..! લ્યો! આ બધા સુખી કહે છે ને? 'ચીમનભાઈ'! આ બધા તમારા પૈસાવાળાને સુખી કહે. બંગલા ઘરે રાખે, બનાવે. આહાહા..! ભાઈ! તારો બંગલો તો અંતર આનંદનો સાગર છે. ત્યાં વસને. આહાહા..! ત્યાં વાસ્તુ કર. કોઈ દિ' અનંત કાળમાં આનંદના સાગરમાં તેં વાસ્તુ કર્યું નથી. દુઃખદાયી ભાવમાં વાસ્તુ કરીને (દુઃખી થાય છે). આહાહા..! આ લાખ, બે લાખના મકાન કરે બે-ચાર લાખના. એનું વાસ્તુ હોય, શેઠીયા, કુટુંબી, સગા-વહાલા જાણીતાને આમંત્રણ આપે ભેગા થઈને બસો-પાંચસો માણસ થાય અને પછી એમાંથી... આહાહા..! એ મેસુબ ને ઉડતા હોય.

મુમુક્ષુ :- આ બધું દુઃખ છે?

ઉત્તર :- એ તો અહીં કહે છે. ચાર ગતિની જેટલી આ ક્રિયાઓ આવી થાય એ બધી દુઃખદાયી છે. એને તું મજા માણ એ તારો ભ્રમ છે. આહાહા..! જે દુઃખદાયી છે તેને સુખ છે, મજા છે એ માન્યતા મિથ્યાત્વ છે. તેં આત્માને ન માન્યો. ભગવાન અમૃતનો સાગર ત્યાં આનંદ છે એને તેં ન જાણ્યો, ન માન્યો. જેમાં આનંદ નથી તેમાં આનંદ માન્યો એ દુઃખથી તો ભગવાન ભિન્ન છે ને. આહાહા..! આવું વીતરાગનું સ્વરૂપ છે. આ તો 'પરમાત્મપ્રકાશ' છે. ગાથા દીઠ પરમાત્મા કેવો છે આત્મા એને વર્ણવે છે. આહાહા..!

**'વે સબ જીવપદાર્થસે ભિન્ન હૈં.'** છે? મન, ઇન્દ્રિય, સંકલ્પ અને વિકલ્પ અને ચાર

ગતિના દુઃખો... આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અનુભૂતિમાં જણાય એવો પ્રભુ, એ અનુભૂતિથી આ ભાવો બધા ભિન્ન રહી જાય છે. આહાહા..! એમાં નથી એનું એને શ્રદ્ધા ને જ્ઞાન આમ થાય છે. આમાં આ છું અને આ નથી એટલે એમાં બીજા તત્ત્વ આ નથી એવું એમાં જ્ઞાન થઈને શ્રદ્ધા થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓને! હમણાં અહીં ત્રણ જણા ૩૫-૩૫ વર્ષના જુવાન રીક્ષામાં જતા હતા. રીક્ષામાં. એમાં બસ આવી, બસ. રીક્ષા ઉપર ચડી. ત્રણ તો મરી ગયા. ૩૫-૩૫ વર્ષના જુવાન. અહીં તો બીજું કહેવું છે. એ કચ્ચરઘાણનું જે દુઃખ ભાસે છે એને એના કરતાં મિથ્યાત્વના દુઃખમાં કચ્ચરઘાણ થઈ જાય છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એ પરમાં સુખ છે, ચાર ગતિમાં સુખ છે એ દુઃખદાયીમાં સુખ છે એવી માન્યતાથી કચ્ચરઘાણ થઈ જાય છે. કચડાઈ જાય છે એ. એની એને ખબર નથી. બહારનું આ થાય તો રાડ નાખે.

હમણાં અહીં એક કુંભારનો છોકરો મરી ગયો. જુવાન છોકરો હતો બિચારો. સાયકલમાં આમ જાતો હતો. આની કોર છે ને ઓલું નહેરું છે. એટલે ઓલો તરવા ગયો જરી. બસમાં આવી ગયો. ત્યાં ને ત્યાં મરી ગયો. જુવાન છોકરો. હમણાં જ અહીં (બની ગયું). આ નહેરુ છે ત્યાં. એનો બાપ આવ્યો. મને મડદું બતાવો. તપાસ કરે. મગજ ઓલો થઈ ગયો એના બાપનો. મારા દીકરાને લઈ જવા દો, મારા દીકરાને-મડદાને. મને આપી દયો. આ ગાંડા તે ગાંડા. કોના દીકરા અને કોની માં? એ અહીં કચ્ચરઘાણ (થઈ ગયો). દિશાએ જઈએ છીએ ને? એના ઉપર લોહી ઘણા દિ' સુધી રહ્યું. સુકાઈ ગયું પછી. ત્યાં આગળ છોકરો કચરાઈ ગયો. જુવાન છોકરો કુંભારનો. એનો બાપ આવીને કહે. મડદું આપે નહિ ઝટ. પોલીસો આવ્યા. તપાસ કરી. કયે ઠેકાણે કેમ થયું? આની ભૂલ છે કે આની ભૂલ છે. આમ ગતિ કરી કે આમ હતું? તપાસ કરે ને? એની જે ગતિ છે તે વચમાંથી આમ જવી જોઈએ અને આમથી આમ જવી જોઈએ, એમ તપાસ કરતા હતા. એનો બાપ કહે, મને મારો દીકરો આપો. મને મારો દીકરો આપો. અરે..! ક્યાં દીકરા, બાપા! ગાંડપણું છે આ બધું. પાગલ છે.

મારો નાથ અંદર આત્મા છે એને સ્વીકારતા જે પ્રજા થાય એ એની પ્રજા છે. સમજાણું કાંઈ? સુખનો સાગર અનુભૂતિથી જણાય એવો, એ અનુભૂતિ તે એની પ્રજા, તે એની પ્રજા છે. આહાહા..! રાગાદિની પ્રજા એ પણ એની નહિ. આહાહા..! તો વળી બાયડી-છોકરા બહારના ક્યાંય રહ્યા. આહાહા..! એને ને આને શું સંબંધ છે? એને કારણે આવ્યા અને એને કારણે ચાલ્યા જાય છે. આહાહા..!

**'યે સભી અશુદ્ધનિશ્ચયનયકર...'** હવે આ કહે છે. એ કેમ થયા ત્યારે એ બધા? કે **'અશુદ્ધનિશ્ચયનયકર આત્મા-જ્ઞાનકે અભાવસે...'** જોયું! ભગવાનઆત્મા જે પરમાનંદ સુખામૃત સાગર પ્રભુ, એનું જ્ઞાન નહિ. આહાહા..! આત્મજ્ઞાનના અભાવથી અને અશુદ્ધ નિશ્ચયનયથી. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, પરમાત્મસ્વરૂપના જ્ઞાન

વિના, એ આત્મજ્ઞાન એટલે ઇ. આત્મા આવો જે છે સુખ-દુઃખથી રહિત, વિકલ્પથી રહિત, મનથી રહિત, એવો જે આત્મા છે એના જ્ઞાનથી રહિત. એવા અશુદ્ધ નિશ્ચયનયથી '**ઉપાર્જન કિયે હુએ કર્મોંસે...**' આહાહા..! સમજાણું કાંઈ?

'**અશુદ્ધનિશ્ચયનયકર આત્મ-જ્ઞાનકે અભાવસે ઉપાર્જન કિયે હુએ કર્મોંસે જીવકે ઉત્પન્ન હુએ હૈં.**' આ બધું જીવને ઉત્પન્ન આ થાય છે. મન, ઇન્દ્રિય, ચાર ગતિના દુઃખો ને.. એ આત્મવસ્તુના જ્ઞાનના અભાવથી અશુદ્ધ નિશ્ચયનયથી જે વિકારભાવ કર્યો, એનાથી કર્મ બંધાણા અને એને કારણે આ બધી ચીજો મળી. આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**ઇસલિયે યે સબ અપને નહીં હૈ,...**' એ તો આત્મજ્ઞાનના અભાવથી વાસ્તવિક સ્વરૂપના ભાન વિના અશુદ્ધ નિશ્ચયનયથી પર્યાયમાં જે વિકારી દશા થઈ, એનાથી થયા કર્મો, એનાથી થયો આ સંયોગ. સંકલ્પ-વિકલ્પ ચાર ગતિ આદિ એ આત્માથી ભિન્ન છે. આહાહા..! કેમકે આત્મજ્ઞાનના અભાવથી ઉપાર્જેલા ભાવ એનું ફળ આત્માથી ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા જે વસ્તુ પૂર્ણ આનંદ પરમાત્મા તેના જ્ઞાનમાં, તેનું જ્ઞાન, આત્મજ્ઞાન, હોં! પર્યાયનું જ્ઞાન એ નહિ. આત્મા આખો આત્મા. પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એવો આત્મા એનું જ્ઞાન. પર્યાયનું જ્ઞાન એ નહિ, આ તો આવા આત્મદ્રવ્યનું જ્ઞાન. આહાહા..! આ જુઓ! 'પરમાત્મપ્રકાશ'. 'યોગીન્દ્રદેવ' દિગંબર સંતો જગતને જાહેર કરે છે. પરમાત્મા તું જુદો છો, બાપુ! આહાહા..! એને અમે આત્મા કહીએ છીએ. એવા આત્માના જ્ઞાન વિના એ આત્મદર્શન, આત્મવસ્તુના જ્ઞાન વિના પર્યાય નામ રાગનું જ્ઞાન કર્યું, શાસ્ત્રનું (જ્ઞાન કર્યું)... આહાહા..! એમ કહે છે. આવો જે આત્મા વસ્તુ છે, પૂર્ણાનંદ પ્રભુ પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. એની શકિત અને એનો સ્વભાવ તો પરમાત્મા જ છે. એવા પરમાત્માના જ્ઞાન વિના અશુદ્ધ નિશ્ચયથી ઉપાર્જેલા કર્મોના આ બધા સંયોગ છે, કહે છે. ઇન્દ્રિય, મન ને સંકલ્પ ને વિકલ્પ ને.. આહાહા..!

'**ઇસલિયે યે સબ અપને નહીં હૈં,...**' આહાહા..! ઇન્દ્રિય, મન, સંકલ્પ, વિકલ્પ વ્યવહાર... આહાહા..! અને ચાર ગતિ '**અપને નહીં હૈ, કર્મજનિત હૈં.**' પોતાના આત્મજ્ઞાનથી નથી તેથી તે કર્મજનિત છે. એમ. આહાહા..! '**યહાં પર પરમાત્મ-દ્રવ્યસે વિપરીત...**' ભગવાનઆત્મા, જે દૃષ્ટિનો વિષય પરમાત્મા પૂર્ણ સ્વરૂપ, સમ્યગ્દર્શનનો વિષય જે ભૂતાર્થ પૂર્ણાનંદ પ્રભુ. ભૂતાર્થ કહ્યોને ૧૧મી ગાથામાં. છતો પદાર્થ ત્રિકાળ ભૂતાર્થ વસ્તુ. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ આદિ અનંત ચતુષ્ટયથી ભરેલું તત્ત્વ, એવો જે પરમાત્મા, એના દ્રવ્યથી પરમાત્મદ્રવ્ય કીધું, જોયું! એનાથી વિપરીત. '**જો પાંચો ઇન્દ્રિયોંકો આદિ લેકર સબ વિકલ્પ-જાલ હૈં,...**' આહાહા..! '**વે તો ત્યાગને યોગ્ય હૈં,...**' ચાહે તો સંકલ્પ-વિકલ્પ હોય કે ચાર ગતિ હો, એ બધું ત્યાગવા યોગ્ય છે. લ્યો! આ તો કહે છે કે મનુષ્યગતિ મળી ત્યારે એને મોક્ષનું સાધન થયું. ગતિ તો આત્મામાં છે નહિ,

એમ કીધું. છે નહિ એનાથી લાભ થાય? એમાં હોય એનાથી લાભ થાય. આહાહા..! એમાં તો જ્ઞાન, આનંદ, શાંતિ પડી છે તો એનાથી લાભ થાય. ગતિથી, મનુષ્યગતિ. મનુષ્યગતિ જુઓ...

એક પંડિત આવ્યો હતો. 'કુચામણ'નો. નહિ? પંડિત નહોતો? ઘણા વર્ષ પહેલા. 'ઘાસીલાલજી'. 'કલકત્તા' રહે. હવે છે કે નહિ, ખબર નહિ. આવ્યા હતા. આમ છે. મનુષ્યપણું એ લાભનું કારણ. મનુષ્યગતિ થઈ ત્યારે એને સાંભળવાનું મળ્યું અને ધર્મ થયો. શું થાય? અહીં તો કહે છે કે જે વસ્તુથી ભિન્ન છે એનાથી લાભ થાય? ગતિથી મનુષ્યપણું મળ્યું. આહાહા..! અરે..! સાંભળવા મળ્યું એ વિકલ્પ થયો, એનાથી લાભ થાય?

'**પાંચોં ઇન્દ્રિયોંકો આદિ લેકર સબ વિકલ્પ-જાલ હૈં,...**' આહાહા..! શાંતિનો સાગર નિર્વિકલ્પ પ્રભુ, એનાથી આ બધી વિકલ્પજાળ ભિન્ન છે. આહાહા..! '**વે તો ત્યાગને યોગ્ય હૈં, ઉસસે વિપરીત પાંચો ઇન્દ્રિયોંકે વિષયોંકી અભિલાષાકો આદિ લેકર સબ વિકલ્પ-જાલોંસે રહિત અપના શુદ્ધાત્મતત્ત્વ...**' જોયું! '**અપના શુદ્ધાત્મતત્ત્વ...**' ભગવાનનો આત્મા એ નહિ. '**અપના શુદ્ધાત્મતત્ત્વ વહી પરમસમાધિકે સમય સાક્ષાત્ ઉપાદેય હૈ.**' આહાહા..! ગજબ કરે છે ને કાંઈ! એના તરફ ઝુક્યો છે, એકાગ્ર થયો છે તે કાળે તેને એ આત્મા ઉપાદેય છે. આહાહા..! તે કાળે તેને રાગાદિ હેય થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ 'પરમાત્મપ્રકાશ'ની શૈલીમાં દરેકમાં એ લે છે. તે કાળે ઉપાદેય, તે કાળે પ્રતીતમાં આવ્યો. આવ્યો ત્યારે કહેવું ને. એમ કહે છે.

આવો જે ભગવાન ઇન્દ્રિય રહિત, વિકલ્પથી રહિત, મનથી રહિત, ચાર ગતિના દુઃખથી રહિત એને '**વિકલ્પ-જાલોંસે રહિત અપના શુદ્ધાત્મતત્ત્વ વહી પરમસમાધિકે...**' આહાહા..! વિકલ્પ વિનાની નિર્વિકલ્પ શાંતિ. વિકલ્પ છે એ દુઃખ છે અને નિર્વિકલ્પ તે શાંતિ છે. નિર્વિકલ્પ સમાધિકે સમય. આહાહા..! નિર્વિકલ્પ શાંતિ સમયે-તે વખતે ઉપાદેય થયો. આહાહા..! આ ઉપાદેય છે અને આ હેય છે, એ જાણવામાત્રમાં રહે એ વસ્તુ નથી, કહે છે. ઉપાદેયરૂપ થઈ જે દશામાં તે દશાને કાળે તે ઉપાદેય છે. આહાહા..! કહો, આ તો સમજાય એવું છે. ભાષા કાંઈ ઓલી નથી. ભાવ ગંભીર, ભાષા સાદી છે. સાદો આત્મા, સાદી ભાષા. આહાહા..!

'**સાક્ષાત્ ઉપાદેય હૈ.**' જોયું! સાક્ષાત્ એટલે અનુભવમાં આવ્યો. પેલો ધારણામાં હતો કે આ ઉપાદેય છે અને આ હેય છે. આ તો સાક્ષાત્ અનુભવના કાળમાં સાક્ષાત્ ઉપાદેય થયો. આહાહા..! સમ્યગ્દર્શનના કાળમાં સમ્યગ્જ્ઞાન અને અનુભવમાં (ઉપાદેય) થાય. સાક્ષાત્ એટલે છે એવો ઉપાદેય થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? કેટલી ટીકા ગંભીર છે! આહાહા..! પ્રવૃત્તિના પ્રેમીઓને આ વાત કઠણ પડે. સમજાણું કાંઈ? આહાહા..! આમ કરો... આમ કરો... આમ કરો... મેં ન કર્યું? ઈ એમ કહે છે. તમે

નિવૃત્તિ-નિવૃત્તિની વાતું કરો છો પણ આમાં આવા આવા મોટા મકાન કરીને (રહીએ છીએ). એમ કહે છે. કોણ કરે ભાઈ? તે કાળે તે આ ઉત્પન્ન પરમાણુની પર્યાયનો જન્મક્ષણ છે ત્યાં ઉત્પન્ન થાય છે. કોઈથી થતો નથી. આહાહા..! કરે અને વળી થતું નથી એમ કહે વળી પાછા. કોણ કરે? ભાઈ! તું એમ ન દેખ.

એ સાક્ષાત્ કીધું ને? એટલે કે અનુભવના કાળમાં પરમ શાંતિની સમાધિમાં દૃષ્ટિમાં આવ્યો તે કાળે તેને ઉપાદેય છે. આહાહા..! નિર્વિકલ્પ શાંતિ, રાગમાં અશાંતિ અને દુઃખ હતું. એ નિર્વિકલ્પ સુખની સમાધિ, નિર્વિકલ્પ આનંદની સમાધિને કાળે ભગવાન નિર્વિકલ્પ પૂર્ણ સ્વરૂપ તે ઉપાદેય થયો. આહાહા..! એનો આશ્રય કર્યો અને એની સન્મુખ થયો ત્યારે તેને ઉપાદેય થયો. આહાહા..! સમજાણું કાંઈ? '**યહ તાત્પર્ય જાનના.**' લ્યો! ભાવાર્થ કીધો ને? પાંચ બોલ. ગાથા હોય એનો શબ્દાર્થ કરવો, નયાર્થ કરવો, આગમાર્થ કરવો, અન્યમતનો અર્થ એમાં શું નિષેધ થયો અને એનું તાત્પર્ય-સાર. આ સાર-તાત્પર્ય છે. આહાહા..! ભાવ, અર્થ અને તાત્પર્ય આ છે.

---

**अथ सांसारिकसमस्तसुखदुःखानि शुद्धनिश्चयनयेन जीवानां कर्म जनयतीति निरूपयति –**

**६४) दुक्खु वि सुक्खु वि बहु-विहउ जीवहँ कम्मु जणेइ।**
**अप्पा देक्खइ मुणइ पर णिच्छउ एउँ भणेइ।।६४।।**

**दुःखमपि सुखमपि बहुविधं जीवानां कर्म जनयति।**
**आत्मा पश्यति मनुते परं निश्चयः एवं भणति।।६४।।**

**दुक्खु वि सुक्खु वि बहुविहउ जीवहं कम्मु जणेइ दुःखमपि सुखमपि। कथंभूतम्। बहुविधं जीवानां कर्म जनयति। अप्पा देक्खइ मुणइ पर णिच्छउ एउं भणेइ आत्मा पुनः पश्यति जानाति परं नियमेन निश्चयनयः एवं ब्रुवते इति। तथाहि-अनाकुलत्वलक्षणपारमार्थिक-वीतरागसौख्यात् प्रतिकूलं सांसारिकसुखदुःखं यद्यप्यशुद्धनिश्चयनयेन जीवजनितं तथापि शुद्धनिश्चयेन कर्मजनितं भवति। आत्मा पुनर्वीतरागनिर्विकल्पसमाधिस्थः सन् वस्तु वस्तुस्वरूपेण पश्यति जानाति च न च रागादिकं करोति। अत्र पारमार्थिकसुखाद्विपरीतं सांसारिकसुखदुःखविकल्पजालं हेयमिति तात्पर्यार्थः।।६४।।**

---

**आगे संसारके सब सुख-दुःख शुद्ध निश्चयनयसे शुभ-अशुभ कर्मोंकर उत्पन्न होते हैं, और कर्मोंको ही उपजाते हैं, जीवके नहीं है, ऐसा कहते हैं –**

**गाथा – ६४**

अन्वयार्थ :– [ जीवानां [ जीवोंके [ बहुविधं ] अनेक तरहके [ दुःखमपि सुखं] अपि दुःख और सुख दोनों ही [ कर्म ] कर्म ही [ जनयति ] उपजाता है। [ आत्मा ] और आत्मा

[ पश्यति ] उपयोगमयी होनेसे देखता है, [ परं मनुते ] और केवल जानता है, [ एवं ] इस प्रकार [ निश्चयः ] निश्चयनय [ भणति ] कहता है, अर्थात् निश्चयनयसे भगवान्‌ने ऐसा कहा है।

भावार्थ :– आकुलता रहित पारमार्थिक वीतराग सुखसे पराङ्मुख (उलटा) जो संसारके सुख–दुःख यद्यपि अशुद्ध निश्चयनयकर जीव सम्बन्धी है, तो भी शुद्ध निश्चयनयकर जीवने उपजाये नहीं हैं, इसलिये जीवके नहीं हैं, कर्म–संयोगकर उत्पन्न हुए हैं और आत्मा तो वीतरागनिर्विकल्पसमाधिमें स्थिर हुआ वस्तुको वस्तुके स्वरूप देखता है, जानता है, रागादिकरूप नहीं होता, उपयोगरूप है, ज्ञाता द्रष्टा है, परम आनंदरूप है। यहाँ पारमार्थिक सुखसे उलटा जो इन्द्रियजनित संसारका सुख–दुःख आदि विकल्प समूह है वह त्यागने योग्य है, ऐसा भगवान्‌ने कहा है, यह तात्पर्य है।।६४।।

---

હવે, શુદ્ધ નિશ્ચયનયથી જીવોના સાંસારિક સમસ્ત સુખ-દુઃખોને કર્મ ઉત્પન્ન કરે છે. એમ કહે છે :

ભાવાર્થ : અનાકુળતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક વીતરાગ સુખથી પ્રતિકૂળ સાંસારિક સુખ-દુઃખ જો કે અશુદ્ધ નિશ્ચયનયથી જીવજનિત છે તોપણ શુદ્ધ નિશ્ચયનયથી કર્મજનિત છે, અને આત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્થ થયેલો, વસ્તુને વસ્તુસ્વરૂપે દેખે-જાણે છે પણ રાગાદિ કરતો નથી.

અહીં, પારમાર્થિક સુખથી વિપરીત સાંસારિક સુખ-દુઃખરૂપ વિકલ્પજાળ હેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૬૪.

---

## ગાથા-૬૪ ઉપર પ્રવચન

'**આગે સંસારકે સબ સુખ-દુઃખ શુદ્ધ નિશ્ચયનયસે શુભ-અશુભ કર્મોકર ઉત્પન્ન હોતે હૈં,...**' સંસારના બધા સુખ-દુઃખ, કલ્પનાના. એ શુદ્ધ નિશ્ચયનયથી '**શુભ-અશુભ કર્મોકર ઉત્પન્ન હોતે હૈં, ઔર કર્મોંકો હી ઉપજાતે હૈં,...**' આહાહા..! કર્મોથી ઉત્પન્ન થયા છે અને એ કર્મને ઉપજાવે છે. સમજાણું? સંસારના જેટલા સુખ-દુઃખ (થાય છે) એ બધા શુદ્ધ નિશ્ચયથી શુભ-અશુભ કર્મોથી થયા છે અને એ કર્મોને ઉપજાવે છે. સંસારના સુખ-દુઃખ કર્મોને ઉપાર્જે છે. સંસારના સુખ-દુઃખ કર્મથી થયા છે અને સુખ-દુઃખ કર્મને ઉપજાવે છે. આહાહા..!

'**જીવકે નહીં હૈ, ઐસા કહતે હૈં.**' શું કીધું? સંસારના સર્વ સુખ-દુઃખ કર્મથી થયા અને કર્મને એ ઉપજાવે છે. જીવથી ઉપજે છે અને જીવે ઉપાજર્યા છે એમ નહિ. જીવ એને કહીએ કે પરમાત્મસ્વરૂપ તે. શુદ્ધ ચૈતન્યઘન ભગવાનઆત્મા એનાથી આ સુખ-દુઃખાદિ ઉત્પન્ન થયા નથી અને એણે સુખ-દુઃખ ઉત્પન્ન કર્યા નથી. આહાહા..! કર્મથી આ થયા અને

કર્મને ઉપાર્જ્યા છે. આહાહા..! ૬૪.

**૬૪) दुक्खु वि सुक्खु वि बहु-विहउ जीवहँ कम्मु जणेइ।**
**अप्पा देक्खइ मुणइ पर णिच्छउ एउँ भणेइ।।६४।।**

આહાહા..! '**જીવોંકે અનેક તરહકે દુઃખ ઔર સુખ...**' આ કલ્પનાના સુખ, હોં! સંસારના. એ '**કર્મ હી ઉપજાતા હૈ ઔર આત્મા ઉપયોગમયી હોનેસે...**' ભગવાન તો જાણનાર-દેખનાર છે. ઉપયોગસ્વરૂપ જાણનાર-દેખનાર જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ છે. એ '**ઉપયોગમયી હોનેસે દેખતા હૈ,...**' દેખે છે કે આ થાય છે. આહાહા..! કર્મથી થયા એમ દેખે છે અને એનાથી કર્મ બંધાય છે એમ દેખે છે. આહાહા..! એને આત્મા કહીએ. આહાહા..! જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભગવાનઆત્મા કર્મથી ઉત્પન્ન થયેલા સુખ-દુઃખને જાણે છે અને સુખ-દુઃખની કલ્પનાથી કર્મ બંધાણા એને એ ભગવાન જાણે છે. એને આત્મા કહીએ. આહાહા..! ભારે ઝીણી વાતું.

એ તો '**ઉપયોગમયી...**' છે, કહે છે. '**पश्यति**' છે ને? '**पश्यति**' છે એ તો. આહાહા..! '**देक्खइ**' એ '**देक्खइ**'નું '**पश्यति**' કર્યું. પાઠમાં '**देक्खइ**' છે. દેખે છે એ '**पश्यति**' '**मुणइ**' '**मनुते**' તે જાણે છે. આહાહા..! છે? '**पश्यति**' નામ દેખે છે અને '**मनुते**' નામ જાણે છે. પરમ '**मनुते**' કેવળ જાણે. આહાહા..! એને આત્મા કહીએ. દેખે અને જાણે એને આત્મા કહીએ. એ કર્મથી થયેલા સુખ-દુઃખ અને કલ્પનાઓ અને એનાથી થયેલા કર્મો, એને ભગવાનઆત્મા એને કહીએ કે તેને જાણે અને દેખે છે. આહાહા..! છે? '**पश्यति मनुते परं**' '**मुणइ पर**' આહાહા..!

'**ઈસપ્રકાર નિશ્ચયનય કહતા હૈ,...**' વાસ્તવિક દૃષ્ટિ આમ કહે છે. '**નિશ્ચયનયસે ભગવાનને ઐસા કહા હૈ.**' લ્યો! ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવ જિનવરદેવે નિશ્ચયથી આમ કહ્યું છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૧૨, શુક્રવાર
## તા. ૨૩-૦૭-૧૯૭૬, ગાથા-૬૪-૬૫-૧, પ્રવચન નં. ૪૨

**ભાવાર્થ : 'આકુલતા રહિત પારમાર્થિક વીતરાગ સુખસે પરાઙ્મુખ...'** આત્માનું સુખ તો એવું છે કે આકુળતા-રહિત, રાગ રહિત એટલે પરમાર્થે વીતરાગ સુખ. વીતરાગ સુખ સ્વરૂપ ભગવાનઆત્મા એનાથી પરાઙ્મુખ ઊલટું સંસારનું સુખ-દુઃખ. વિષય-વાસના, ભોગ આદિના દુઃખમાં કલ્પના, એ બધું પારમાર્થિક આત્માના સુખથી ઊલટી દશા છે. પરમાર્થે આત્મા આનંદ સ્વરૂપ (છે), એની જે પર્યાયમાં પરમાનંદ પ્રગટ થવો,

એનાથી ઊલટું ઇન્દ્રિયના વિષયો સુખ કે દુઃખ એ બધા જો કે '**અશુદ્ધ નિશ્ચયનયકર જીવ સંબંધી હૈ,...**' છે તો એની પર્યાયમાં અશુદ્ધ નિશ્ચયથી. સંસારના વિષય કષાયના ભાવો છે તો જીવની પર્યાયમાં, અશુદ્ધ નિશ્ચયથી. સ્વભાવની અપેક્ષાએ નીકળી જાય માટે પુદ્ગલ. પણ થાય છે એની પર્યાયમાં એથી અશુદ્ધ નિશ્ચયથી જીવના છે, એમ કહેવાય છે. '**જીવ સંબંધી...**' આવ્યું ને? '**અશુદ્ધ નિશ્ચયનયકર જીવ સંબંધી હૈ,...**' એની પર્યાયમાં થયો ને? વિષય કષાયના રાગ દુઃખની કલ્પના કે સુખની કલ્પના એ એની પર્યાયમાં છે ને?

'**તો ભી શુદ્ધ નિશ્ચયનયકર જીવને ઉપજાયે નહીં હૈં,...**' વસ્તુ સ્વરૂપ જે છે ત્રિકાળી એણે તો એ સુખ-દુઃખને ઉત્પન્ન કર્યા નથી. આહાહા..! અશુદ્ધ નિશ્ચયનયથી જીવ સંબંધી ઉપાર્જન કર્યા કહેવામાં આવે છે. ભગવાનઆત્મા ત્રિકાળી એ વસ્તુએ તો એને ઉત્પન્ન કર્યા નથી. દ્રવ્યસ્વભાવ છે એનાથી ઉત્પન્ન થયા નથી, એમ કહે છે. આહાહા..! દ્રવ્યસ્વભાવ તો આનંદ ને જ્ઞાયક છે. ચૈતન્ય ચિંતામણી રત્ન પ્રભુ! એનાથી સંસારના સુખ-દુઃખની કલ્પના થઈ નથી. સમજાણું કાંઈ?

'**ઈસલિયે જીવકે નહીં હૈં,...**' અશુદ્ધથી જીવ સંબંધી, શુદ્ધથી જીવ સંબંધી નહિ. આહાહા..! અસ્તિ-નાસ્તિ. મલિનનયની દૃષ્ટિએ જોઈએ તો વિષયકષાયના ભાવ સુખ-દુઃખ એ જીવ પર્યાયના સંબંધમાં છે અને જીવ સંબંધી પર્યાયદૃષ્ટિએ છે, વસ્તુ દૃષ્ટિએ જોઈએ તો એનામાં છે નહિ. '**જીવકે નહીં હૈં, કર્મ-સંયોગકર ઉત્પન્ન હુએ હૈં ઔર આત્મા તો વીતરાગનિર્વિકલ્પસમાધિમેં સ્થિર હુઆ વસ્તુકો વસ્તુકે સ્વરૂપ દેખતા હૈ,...**' એને આત્મા કહીએ. આહાહા..! ભગવાનઆત્મા વીતરાગનિર્વિકલ્પ શાંતિ, સમાધિ પર્યાય. પર્યાયમાં '**વીતરાગનિર્વિકલ્પસમાધિમેં સ્થિર હુઆ (આત્મા) વસ્તુકો વસ્તુકે સ્વરૂપ દેખતા હૈ,...**' આહાહા..! એ સુખ-દુઃખની કલ્પના પણ વીતરાગ સ્વરૂપે રહેતા, વીતરાગનિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થતાં એ રાગાદિને જાણે છે. સંસારના સુખ-દુઃખની કલ્પના. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જાણનાર

ઉત્તર :- જાણે છે, એ એનો સ્વભાવ છે. રાગ થોડો કરવો એ એનો સ્વભાવ નથી.

'**જાનતા હૈ, રાગાદિકરૂપ નહીં હોતા,...**' સ્વભાવ સન્મુખની વીતરાગી શાંતિમાં સ્થિર થઈને જો આત્માને જોવે તો રાગને કરતો નથી, રાગરૂપે થતો નથી, રાગરૂપ થતો નથી. આહાહા..! '**ઉપયોગરૂપ હૈ,...**' ભગવાન તો જાણવાના ઉપયોગરૂપ છે. વસ્તુ, જે વસ્તુ ભગવાનઆત્મા એ તો ઉપયોગરૂપ છે, એ આ રાગરૂપ થતો નથી. વસ્તુ છે એ રાગરૂપ થતી નથી. આહાહા..! '**જ્ઞાતા દૃષ્ટા હૈ,...**' પ્રભુ તો જ્ઞાતા-જાણનાર ને દેખનાર છે. રાગ થાય એને પણ જાણનાર, દેખનાર છે. સમજાણું કાંઈ?

'**પરમ આનંદરૂપ હૈ.**' આહાહા..! ભગવાનઆત્મા તો પરમ અતીન્દ્રિય સુખ સ્વરૂપ,

આનંદરૂપ છે. એ રાગના ભાવને કેમ કરે ને કેમ ભોગવે? એ તો જાણે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો 'પરમાત્મપ્રકાશ' છે ને? એ પોતે પરમાત્મ સ્વરૂપ જ છે. એ પરમાત્મ સ્વરૂપ આનંદને પોતાના આનંદને કરે પણ સુખ-દુઃખની કલ્પનાના વિષયના સુખને કેમ કરે? આહાહા..! જેની દૃષ્ટિ, ભગવાન આનંદ સ્વરૂપ છે, એમાં જેની દૃષ્ટિ પડી છે, એ તો આનંદની દશાને કરે. સંસારના સુખ-દુઃખની કલ્પનાને જાણે. આહા..! આવી વાત છે.

'**યહાં પારમાર્થિક સુખસે ઊલટા...**' ભગવાનઆત્માનો જે આનંદ, સુખ, પરમાત્માનું આનંદ, સુખ એનાથી '**ઊલટા જો ઇન્દ્રિયજનિત સંસારકા સુખ-દુઃખ...**' આહાહા..! સંસારની પ્રતિકૂળ-અનુકૂળતામાં રાગ-દ્વેષને અનુકૂળ-પ્રતિકૂળ થવું. '**આદિ વિકલ્પ સમૂહ હૈ વહ ત્યાગને યોગ્ય હૈ,...**' આહાહા..! એ સંસારના વિષય સુખમાં રાગાદિ થાય એ છોડવા જેવું છે, એ આદરવા જેવું નથી. પરમાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા એનો આનંદ પર્યાય પ્રગટ થાય તે આદરવા જેવો છે. રાગાદિ ભાવ તે આદરવા જેવો નથી. '**ઐસા ભગવાન્‌ને કહા હૈ, યહ તાત્પર્ય હૈ.**' તાત્પર્ય છે ને? ટીકામાં તો એટલું છે '**हेयमिति तात्पर्यार्थः**' એમ. એ હેય છે ને પરમાર્થ સુખ, આત્માના આનંદનું સુખ તે ઉપાદેય છે. આહાહા..!

કેટલું ધીરું... કેટલી બહારથી એને દૃષ્ટિને સંકેલવી પડે, એમાં અનંત પુરુષાર્થ છે. સ્વભાવ સન્મુખમાં અનંત પુરુષાર્થ છે. એવા અનંત પુરુષાર્થના આનંદની આગળ કહે છે કે આ વિષયના સુખની કલ્પનાઓ, વિકલ્પો બધા છોડવા લાયક છે. ઝેરના પ્યાલા છે. આહાહા..! શરીરની સુંદરતા, નમણાઈ, ઇન્દ્રિયોની પુષ્ટિ એમાં થતો જે સુખનો વિકલ્પ,.. આહાહા..! એ છોડવા જેવો છે. પાંચ ઇન્દ્રિય, સુંદર નમણાઈ, અનુકૂળતા, ખોરાકની અનુકૂળતામાં શરીરની પુષ્ટિ આદિ એનાથી ઉત્પન્ન થતી ઇન્દ્રિય જનીત કલ્પના એ ઝેર છે, દુઃખ છે. ભગવાન પરમાનંદના આશ્રયે જે સુખ ને આનંદ થાય એની આગળ એ ઝેર છે, એ છોડવા જેવું છે. '**એસા ભગવાન્‌ને કહા હૈ, યહ તાત્પર્ય હૈ.**' ઇન્દ્રિયના સુખોનું આકર્ષણ થાય, પર તરફના વલણનો ઝુકાવ (થાય) એ બધા વિકલ્પો ઝેર ને દુઃખ છે. ભગવાન આનંદ સ્વરૂપની સન્મુખતાનો ઝુકાવ થાય એ આનંદ સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

છ ખંડના રાજા ચક્રવર્તી, છન્નું હજાર સ્ત્રીઓ, એક સ્ત્રીરત્નને તો હજાર દેવ સેવા કરે એવી શરીર ને સામગ્રી બધી ઊંચી પણ એના તરફનો પ્રેમ (એ) ઝેર છે. ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એનો આદર છોડીને આવા આદરમાં જાવું એ ઝેરના પ્યાલા પીવે છે. માટે તે અમૃત સ્વરૂપ ભગવાનની સામું જોઈ અને આનંદને પ્રગટ કરીને આ વિકલ્પને હેય કરવા જેવો છે. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થ છે !

ઉત્તર : આ મોક્ષનો પુરુષાર્થ છે. સ્વભાવ તરફનો મોક્ષનો પુરુષાર્થ, ભોગ તરફનો એ કામનો પુરુષાર્થ, પૈસા રળવા તરફનો એ અર્થનો પુરુષાર્થ (છે). એ બધો ઝેરીલો પુરુષાર્થ છે.

મુમુક્ષુ :- એ બધાનો પુરુષાર્થ તો કરે છે ને?

ઉત્તર :- પુરુષાર્થ કરે છે, ઝેરનો. ઝેર પીવે છે. આહાહા..! હોડ કરે છે. બીજો આમ કરે તો એનાથી હું વધારે કરું, રાગ. પુરુષાર્થ કરીને રાગથી પૈસા મેળવું, વિષયની સામગ્રી (ભોગવું),... આહાહા..! સ્ત્રી આદિને રાજી કરું, એનાથી રાજી થાઉં. આહાહા..! અમૃતનો નાથ પ્રભુ ત્યાં રાગમાં રોળાય જાય છે. અમૃતનો સાગર ભગવાન એ રાગમાં રોળાય જાય છે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' છે ને? પોતે પરમાત્મ સ્વરૂપનો પ્રકાશ કરવો, આનંદની દશા પ્રગટ કરવી એ સુખરૂપ છે. આહાહા..! એ ૬૪ (ગાથા પૂરી) થઈ. ૬૫ (ગાથા).

---

**अथ निश्चयेन बंधमोक्षी कर्म करोतीति प्रतिपादयति –**

**६५) बंधु वि मोक्खु वि सयलु जिय जीवहँ कम्मु जणेइ।**
**अप्पा किंपि वि कुणइ णवि णिच्छउ एउँ भणेइ।।६५।।**

**बन्धमपि मोक्षमपि सकलं जीव जीवानां कर्म जनयति।**
**आत्मा किमपि करोति नैव निश्चय एवं भणति।।६५।।**

**बंधु वि मोक्खु वि सयलु जिय जीवहं कम्मु जणेइ बन्धमपि मोक्षमपि समस्तं हे जीव जीवानां कर्म कर्तृ जनयति अप्पा किंपि किंचि वि कुणइ णवि णिच्छउ एउं भणेइ आत्मा किमपि न करोति बन्धमोक्षस्वरूपं निश्चय एवं भणति। तद्यथा। अनुपचारितासद्भूतव्यवहारेण द्रव्यबन्धं तथैवाशुद्धनिश्चयेन भावबन्धं तथा नयद्वयेन द्रव्यभावमोक्षमपि यद्यपि जीवः करोति तथापि शुद्धपारिणामिकपरमभावग्राहकेन शुद्धनिश्चयनयेन न करोत्येवं भणति। कोऽसौ। निश्चय इति। अत्र य एव शुद्धनिश्चयेन बन्धमोक्षौ न करोति स एव शुद्धात्मोपादेय इति भावार्थः।।६५।।**

---

**आगे निश्चयनयकर बन्ध और मोक्ष कर्मजनित ही है, कर्मके योगसे बन्ध और कर्मके वियोगसे मोक्ष है, ऐसा कहते हैं –**

**गाथा – ६५**

**अन्वयार्थ :– [ जीव ] हे जीव [ बंधमपि ] बंधको [ मोक्षमपि ] और मोक्षको [ सकलं ] सबको [ जीवानां ] जीवोंके [ कर्म ] कर्म ही [ जनयति ] करता है, [ आत्मा ] आत्मा [ किमपि ] कुछ भी [ नैव करोति ] नहीं करता, [ निश्चयः ] निश्चयनय [ एवं ] ऐसा [ भणति ] कहता है,**

अर्थात् निश्चयनयसे भगवान्‌ने ऐसा कहा है।

भावार्थ :- अनादि कालकी संबंधवाली अयथार्थस्वरूप अनुपचरितासद्भूत-व्यवहारनयसे ज्ञानावरणादि द्रव्यकर्मबंध और अशुद्धनिश्चयनयसे रागादि भावकर्मके बंधको तथा दोनों नयोंसे द्रव्यकर्म भावकर्मकी मुक्तिको यद्यपि जीव करता है, तो भी शुद्धपारिणामिक परमभावके ग्रहण करनेवाले शुद्धनिश्चयनयसे नहीं करता है, बंध और मोक्षसे रहित है, ऐसा भगवानने कहा है। यहाँ जो शुद्धनिश्चयनयकर बंध और मोक्षका कर्ता नहीं, वही शुद्धात्मा आराधने योग्य है।।६५।।

---

હવે, નિશ્ચયનયથી બંધમોક્ષ કર્મ કરે છે, એમ કહે છે :

ભાવાર્થ : અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી દ્રવ્યબંધ તેમજ અશુદ્ધ નિશ્ચયનયથી ભાવબંધ તથા બન્ને નયોથી દ્રવ્યભાવરૂપ મોક્ષને પણ જો કે જીવ કરે છે તોપણ શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધનિશ્ચયનયથી કરતો જ નથી, એમ નિશ્ચયનય કહે છે.

અહીં, જે શુદ્ધનિશ્ચયનયથી બંધમોક્ષને કરતો નથી તે જ શુદ્ધ આત્મા ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૬૫.

---

## ગાથા-૬૫ ઉપર પ્રવચન

**'નિશ્ચયનયકર બન્ધ ઔર મોક્ષ કર્મજનિત હી હૈ, કર્મકે યોગસે બન્ધ ઔર કર્મકે વિયોગસે મોક્ષ હૈ, ઐસા કહતે હૈં...'** એકદમ દ્રવ્ય સ્વભાવ, એમાં બંધન છે એ પર્યાયનયે છે અને મુક્તિ છે એ પર્યાયનયે છે. એટલે કર્મથી બંધન ને કર્મના છૂટવાથી મુક્તિ એમ કહ્યું. આહાહા..! ચડતી જશે ગાથા, હોં ! ૬૮, ૬૮ સુધી લઈ જશે.

**६५) बंधु वि मोक्खु वि सयलु जिय जीवहँ कम्मु जणेइ।**
**अप्पा किंपि वि कुणइ णवि णिच्छउ एउँ भणेइ।।६५।।**

આહાહા..! નિશ્ચય એમ ભણે છે. **'હે જીવ બંધકો ઔર મોક્ષકો...'** ભાવબંધ ને દ્રવ્યબંધ, ભાવમોક્ષ ને દ્રવ્યમોક્ષ, **'સબકો જીવોંકે કર્મ હી...'** આહાહા..! **'કરતા હૈ, આત્મા કુછ ભી નહીં કરતા,...'** દ્રવ્યસ્વભાવ એ શું કરે? એમ કહે છે. આહાહા..! પર્યાયનયથી બંધ છે ને પર્યાયનયથી મુક્તિ છે. આહાહા..! વસ્તુને બંધ, મોક્ષ ક્યાં છે? આહાહા..! **'મોક્ષકો સબકો જીવોંકે કર્મ હી કરતા હૈ,...'** પર્યાયબુદ્ધિથી થાય છે એ કર્મથી થાય છે એમ કહ્યું. અને પર્યાયમાં નિર્મળતા થાય છે એ પણ કર્મના અભાવરૂપે થઈ એટલે પર્યાયમાં મુક્તિ પણ કર્મે કરી, એમ કહ્યું.

ભગવાનઆત્મા એક આનંદનું દળ છે, ચિદ્રૂપ છે. ચિદ્રૂપજ્ઞાન જેનું સ્વરૂપ છે,

એકલો જ્ઞાનકંદ છે. એ પર્યાયમાં શું કરે? એમ કહે છે. પર્યાયમાં રાગને ને પર્યાયમાં રાગના અભાવને એ પર્યાયનયે કરે, કર્મ કરે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિમિત્તવાદીની અહીં વાત નથી. નિમિત્તવાદીને બન્ને સારા, વાત સાચી. ભાઈ! કઈ અપેક્ષાએ વાત છે? બાપુ! દ્રવ્યસ્વભાવ છે તે પર્યાયને કરતું નથી, રાગની પર્યાયને કરતું નથી કે મોક્ષની પર્યાયને દ્રવ્ય કરતું નથી, એમ સિદ્ધ કરવું છે. આહાહા..! બંધ-મોક્ષ તો પર્યાયમાં છે, જીવમાં-દ્રવ્યમાં ક્યાં છે? આહાહા..! બંધ ને મોક્ષ બન્ને વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળ છે તે નિશ્ચયનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પરમાત્માની લીલા છે, પોતાની, હોં! આહાહા..! અજ્ઞાનભાવથી પર્યાયમાં કર્મ ઉત્પન્ન કરે અને જ્ઞાનભાવથી પર્યાયમાં મુકિત થાય, એ બધી પર્યાયમાં થાય એટલે કર્મ અશુદ્ધતા કરે છે ને કર્મ છૂટે તો મુકિત થાય, એમ અશુદ્ધનિશ્ચયના કથન છે. આહાહા..!

'**કુછ ભી નહીં કરતા,...**' ભગવાનઆત્મા કાંઈ કરતો નથી. વસ્તુ છે એ શું કરે? આહાહા..! એની-પરમાત્માની દૃષ્ટિ કરાવવી છે. પરમાત્મા સ્વરૂપે ભગવાન (છે). અરે..! ભાઈ! એ વાત બેસે એ તો અલૌકિક વાતું છે. બેસે છે પર્યાયમાં પણ એ પર્યાય દ્રવ્ય આ હું (એમ માને છે) પરિપૂર્ણ ભગવાન બંધને કરે નહિ, મોક્ષને કરે નહિ એવી વસ્તુ ધ્રુવ ધાતુ. આહાહા..! એવી દૃષ્ટિ કરાવવા બંધ ને મોક્ષ કર્મ કરે છે, પર્યાયથી થાય છે એટલે કર્મથી થાય છે, એમ. ભગવાન દ્રવ્યથી થાતું નથી એટલે દ્રવ્યથી થાતું નથી. આહાહા..! અરે..! '**નિશ્ચયનય એસા કહતા હૈ, અર્થાત્ નિશ્ચયનયસે ભગવાન્‌ને એસા કહા હૈ.**'

**ભાવાર્થ :** '**અનાદિ કાલકી સંબંધવાલી...**' ભાષા દેખો! '**અનાદિ કાલકી સંબંધવાલી અયથાર્થસ્વરૂપ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયસે...**' અયથાર્થસ્વરૂપ, અભૂતાર્થસ્વરૂપ. આહાહા..! અનુપચરિત એટલે કે કર્મ અને રાગ નજીક છે ને આમ? અનુપચરિત પણ અસદ્‌ભૂત (અર્થાત્) આત્મામાં એ છે નહિ. એવો '**વ્યવહારનયસે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મબંધ ઔર અશુદ્ધનિશ્ચયનયસે રાગાદિ ભાવકર્મકે બંધકો...**' બન્ને લીધા. અયથાર્થસ્વરૂપ, અભૂતાર્થસ્વરૂપ વ્યવહાર. અનુપચરિત નજીકના સંબંધથી અસદ્‌ભૂત વ્યવહારનયથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મબંધન કરે. આહાહા..! '**અશુદ્ધનિશ્ચયનયસે રાગાદિ ભાવકર્મકે બંધકો...**' કરે. આહાહા..! પેલું જડકર્મ છે ને એટલે નિમિત્તથી અસદ્‌ભૂત વ્યવહાર કહ્યું. અને આ ભાવ છે તે એના પર્યાયમાં અશુદ્ધ નિશ્ચયથી છે. સમજાણું? દ્રવ્યકર્મનું કરવું તો અયથાર્થ અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. પરની સાથે શું? એ બંધાય છે તો એને કારણે, છૂટે છે એને કારણે પણ નિમિત્તનો નજીક સંબંધ દેખીને તે નયે એમ કહ્યું કે જ્ઞાનાવરણીય કર્મને વ્યવહારનયથી કરે.

'**અશુદ્ધનિશ્ચયનયસે રાગાદિ ભાવકર્મકે બંધકો** (કરે)**...**' આહાહા..! ભાવકર્મનો બંધ અશુદ્ધનિશ્ચયથી છે. આ નયો તો સહેલી છે. પરની અપેક્ષાવાળી નય તે અસદ્‌ભૂત છે

અને સ્વના અશુદ્ધનય અપેક્ષાએ એને અશુદ્ધ નિશ્ચય પોતાની છે, પોતાથી થાય છે. આહાહા..! '**દોનોં નયોંસે દ્રવ્યકર્મ ભાવકર્મકી મુક્તિકો...**' આહાહા..! દ્રવ્યકર્મ પણ અયથાર્થ અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી છોડે છે અને રાગને અશુદ્ધનિશ્ચયથી છોડે છે. આહાહા..! સમજાણું? રાગને અશુદ્ધનિશ્ચયથી છોડે છે અને અશુદ્ધ વ્યવહારનયથી કર્મને છોડે છે. આહા..! એણે ઘણું ગંભીર થવું પડશે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છોડે. પર્યાયમાં છૂટે છે ને? દ્રવ્યમાંથી ક્યાં? મોક્ષની પર્યાય યથાર્થપણે તો સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. એના અશુદ્ધ નિશ્ચય છૂટે છે, એમ કહીએ. અશુદ્ધ નિશ્ચય કહો કે વ્યવહાર કહો. આહાહા..!

'**અશુદ્ધનિશ્ચયનયસે રાગાદિ ભાવકર્મકે બંધકો તથા દોનોં નયોંસે...**' અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવ દ્રવ્યકર્મને છોડે છે, એમ. અશુદ્ધનિશ્ચયનયથી ભાવકર્મને છોડે છે. યદ્યપિ જીવ આ રીતે પર્યાયમાં કરે છે. આહાહા..! પર્યાય ને દ્રવ્ય બે એક નથી, એમ કહે છે. અશુદ્ધનિશ્ચયથી રાગને છોડે છે એ પર્યાયમાં, દ્રવ્યમાં કંઈ છે નહિ. દ્રવ્યકર્મને બાંધવું-છોડવું, ભાવકર્મને બાંધવું-છોડવું વસ્તુ સ્વરૂપમાં નથી. આહાહા..! આવી નય છે, ઈન્દ્રજાળી નય. ભગવાન! તારી નય ઈન્દ્રજાળ છે. આહા..! ઈન્દ્રજાળ કરીને પર્યાયમાં ઊભો થાય છે. આહા..! પાછો સંકેલે છે એ પણ અશુદ્ધનયથી, એમ કહે છે. શુદ્ધ સ્વરૂપ ત્રિકાળમાં એ ક્યાં છે? આહાહા..!

અરે..! એને વખત લેવો પડશે, ભાઈ! આ સંસારના પાપ માટે આખો દિ' ને રાત ધંધામાં પાપના પોટલા બાંધે. ચોવીસે કલાક દુકાને, એને આ આત્માનું હિત કરવું હોય તો એણે નિવૃત્તિ લેવી પડશે. એને સમજવા માટે બાહ્યથી નિવૃત્તિ હોય તો એને સાંભળવાનું મળે, તો એને વિચારવાનું મળે, સત્ય શું છે તેનો નિર્ણય કરવાનું મળે. આહાહા..! આવી વાત છે, બાપુ! અરે..! ચોર્યાશીના ભવ,... આહાહા..! એ દરિયામાંથી જ્યાં જોતાને, અહીં 'દાદર' માં અઢાર દિ' રહ્યા ને દરિયાને કાંઠે. દરિયો નજીક ત્યાં. આહાહા..! ક્યાંય પાણીનો છેડો ન મળે. આ 'આમોદ'વાળાના મકાને ઉતર્યા હતા. 'આમોદ'વાળા 'રમણીકભાઈ' દિગંબર છે 'આમોદ, આમોદ' આપણે 'ગુજરાત'ના. પાંચ, છ કરોડ રૂપિયા છે, નરમ માણસ છે. અહીં વિનંતી કરવા આવ્યા હતા. મહારાજ! 'દાદર'માં અમારે ઘરે ઉતરવું. એ ૭૦ લાખનું તો એનું એક મકાન છે. પાંચ, છ કરોડ રૂપિયા છે, નરમ માણસ છે. આખો દિ' બિચારા ધ્યાન રાખીને, પ્રવૃત્તિ એની ઓછી કરીને સાથે રહેતા, બન્ને ભાઈઓ. આમ દરિયો નજીક, હોં! અહીં તરત ... આહાહા..!

આ પાણીના દળ, નીચે કેટલું પાણી, આમ કેટલું પાણી એક એક બિંદુમાં અસંખ્ય જીવ, ભાઈ! એ જીવો એમાં ને એમાં મરે ને ઊપજે. પેલા થાય ને લોઢ? પાણીના લોઢ મરે, ક્ષણે ક્ષણે અસંખ્ય મરે અને પાછા ત્યાં ને ત્યાં એ ઊપજે ને કો'ક બીજે ઊપજે. આહાહા..! પાણીના કાંઠે આમ અથડાય ને? પાણી અથડાય એમાં મરી જાય પાણીના

જીવ અને ક્ષણે ક્ષણે કેટલા મરે અને એ પછી ત્યાં ઊપજે, વળી ત્યાં ઊપજે કે બીજે ઊપજે. આહાહા..! આ ભવસમુદ્રદરિયો અને માથે જોઈએ તો સેંકડો ધોળા બગલા માછલા પકડવા ફરતા હોય. વીસ વીસ માઈલ! કાંઠેથી વીસ માઈલ સુધી બગલા જાય માછલા લેવા, પકડવા. તરતાં તરતાં ચાલ્યા જાય. આહાહા..! વીસ માઈલ એટલે? દસ ગાઉ. વળી દસ ગાઉ પાછા આવે. ન્યાં દરિયામાં તો કાંઈ બેસવા ન મળે. આહાહા..! કેટલી મહેનત કરે બિચારા! બગલા, બગલા સમજો છો? ધોળા. આમ દેખાતા. કીધું, ભાઈ! આ બગલા ક્યાં સુધી જાય? ભાઈ કહે, 'રમણીકભાઈ' કહે કે વીસ માઈલ સુધી જાય છે. એ તો ન્યાં કાયમ રહેનારા. બંગલો છે, સીત્તેર લાખ રૂપિયાનો તો એક બંગલો છે. એમાં ઉપર ઉતર્યા હતા. શેઠ આવ્યા હતા ને? નહોતા ન્યાં 'દાદર'?

મુમુક્ષુ :- તબીયત સારી નહોતી માટે ....

ઉત્તર :- નહોતી, હા ઠીક. નહિતર આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- આપનો ઉતારો જે જગ્યાએ થઈ જાય તે ધન્ય થઈ જાય છે!

ઉત્તર :- ઈ તો છે, આ તો એક સંસાર આમ દેખતા, દેખતા... આહાહા..! આ સંસારસિંધુદરિયો એમાં પાણીના જીવપણે થવું. આહાહા..! અને એ આમ ઊંડું કેટલું, આમ કેટલું એ બધું પાણી જીવના દળ ભર્યા છે, એકેન્દ્રિય જીવ. આહાહા..! એ ક્યારે મનુષ્ય થાય? એને ક્યારે આવી વાત સાંભળવામાં મળે? અરે..! દુર્લભ વસ્તુ છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

એમાં હવે વળી અહીં આત્મા... આહાહા..! અશુદ્ધનિશ્ચયથી બંધ ને અશુદ્ધનિશ્ચયથી મુક્તિ. ગજબ છે ને? શુદ્ધનિશ્ચયમાં મુક્તિ કેવી? કહે છે. મુક્તિ તો પર્યાય થઈ, અશુદ્ધથી છૂટવું. એય..! આ શુદ્ધ ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ એ શુદ્ધનિશ્ચયમાં તો ભાવબંધ પણ નથી અને બંધથી છૂટવું એમાં નથી. પર્યાયમાં ભાવબંધ ને પર્યાયમાં છૂટવું છે. આહાહા..! સમજાણું કાંઈ? જે જે ક્ષેત્રમાં હોય, તે તે ક્ષેત્રને આકારે જાણે આત્મા એ ક્ષેત્રનો થઈ ગયો હોય એમ માને. આ ક્ષેત્ર તો પર છે. શરીરનું ક્ષેત્ર પર છે પણ ત્યાં ઊપજે એટલે જાણે એ ક્ષેત્ર આકારવર્તી થઈ ગયો. આહાહા..! એ બધું અશુદ્ધનિશ્ચયથી છે, એમ કહે અને છૂટવું પણ અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છૂટવું ક્યાં છે? પર્યાયમાં બંધ ને પર્યાયમાં મોક્ષ. આહાહા..! દ્રવ્યથી ભિન્ન. તેથી દ્રવ્યમાં નહિ બંધ ને દ્રવ્યમાં નહિ મોક્ષ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો અભાવ થાય છે, એ શુદ્ધનય ક્યાં આવ્યું ન્યાં? એનો આશ્રય દ્રવ્યનો કરવો ત્યાં શુદ્ધનય છે. પર્યાયના આશ્રયે જેટલી વાત એ બધી વ્યવહારનયની છે. અશુદ્ધનિશ્ચય કહો કે વ્યવહાર કહો. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય પણ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે, નિશ્ચયનો નહિ. આહાહા..! કેવળજ્ઞાનની પ્રાપ્તિ સદ્‌ભૂત

વ્યવહાર છે. આ નિશ્ચયનયમાં આપણે ૧૧(મી ગાથા)માં આવ્યું નહિ? વ્યવહાર બધો અભૂતાર્થ હોવાથી અભૂત અર્થને પ્રગટ કરે છે. આહાહા..! એટલે શું? ૧૧મી ગાથા, પહેલી શરૂઆતની ટીકા. વ્યવહાર બધો અભૂતાર્થ હોવાથી અભૂત અર્થને પ્રગટ કરે છે તેથી તે હેય છે. શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી શુદ્ધ અર્થને એ પ્રગટ કરે છે, ત્રિકાળીને પ્રગટ કરે છે. એટલે બધો વ્યવહાર અભૂતાર્થ. કેવળજ્ઞાન પણ સદ્ભૂત વ્યવહારનો વિષય એને અહીંયા અભૂતાર્થ કીધો.

મુમુક્ષુ :- આશ્રય કરવાયોગ્ય છે!

ઉત્તર :- ... આશ્રય નથી ને જાણવા યોગ્ય છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ! અંતરમાં, અરે..! કોઈ દિ' એણે જોવાની મહેનત કરી નથી અંદર. પ્રભુ જ્યાં બિરાજે છે, પોતે પ્રભુ પરમાત્મા! આહાહા..! એને જોવાને એણે કોઈ દિ' દરકાર કરી નથી. આહાહા..! એ દરકાર કરી નથી એ પણ અશુદ્ધનયથી છે અને દરકાર કરે એ પણ (અશુદ્ધનયથી છે). આહાહા..!

આનંદનો નાથ જ્યાં ઝુલી રહ્યો છે. આહા..! એકલો આનંદકંદ રસ, જ્ઞાયકરસ, ચૈતન્ય રસ, ધ્રુવધાતુ, ચૈતન્યરૂપ ધ્રુવધાતુ. ધ્રુવપણું જેણે ચૈતન્યનું ધારી રાખ્યું છે. એકરૂપ ત્રિકાળ. આહાહા..! એની એણે નજરું કરી નથી, એ માટે આ બધી વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો નજર કરવી એ પણ કહે છે કે અશુદ્ધનિશ્ચય છે. આહાહા..! એ વસ્તુ પોતે એ છે પણ એના ઉપર પર્યાય છે ને? આહાહા..! એ વ્યવહારનય છે. નિશ્ચય મોક્ષમાર્ગ દ્રવ્યને લક્ષે થાય એ વ્યવહાર છે. આહાહા..! ત્રિકાળપણું જે ચીજ છે, એ મોક્ષમાર્ગ પર્યાયમાં પણ આવતી નથી, રાગના ભાવમાં આવતી નથી. રાગમાં તો ન આવે પણ એના મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય એમાં પણ ન આવે કેમ કે એ વ્યવહાર છે. આહાહા..! આ તો જાણવા જેવી ચીજ છે, બાપુ! ચૈતન્યહીરાને એણે પરખ્યો નહિ. એ માટે આ બધી વાત કરે છે. પર્યાયથી બંધ ને પર્યાયથી મુક્તિ. રહી ગયો ભગવાન ભિન્ન. સમજાણું કાંઈ? જેની કિંમત કરવા જેવી છે એ રહી ગઈ.

'**દોનોં નયોંસે...**' અસદ્ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મથી છૂટે, અશુદ્ધ નિશ્ચયનયથી ભાવકર્મથી છૂટે. આહાહા..! છે ને? એવું કરે છે. '**તો ભી...**' આહાહા..! '**શુદ્ધપારિણામિક પરમભાવકે ગ્રહણ કરનેવાલે...**' આહાહા..! શુદ્ધ પારિણામિક ત્રિકાળી સહજ સ્વરૂપ છે, પારિણામિક એટલે સહજ સ્વરૂપ. ત્રિકાળી સ્વરૂપ છે, જેમાં પર્યાયનું થવું પણ નથી, પર્યાયનું જવું નથી. આહાહા..! પર્યાય પ્રવેશ કરતી નથી, પર્યાય ઉપર ઉપર તરે છે. આહાહા..! એવો '**શુદ્ધપારિણામિક પરમભાવ...**' જોયું? ક્ષાયિકભાવ આદિ અપરમભાવ છે, અપરમભાવ. આહાહા..! આ ભગવાન પરમભાવ અસ્તિ શાશ્વત્ છે ને? પરમ સ્વભાવભાવ એનું હોવાપણું શાશ્વત છે. ક્ષાયિકભાવનું હોવાપણું પણ સાદિ અનંત છે. આહાહા..! એ પર્યાય છે, નાશવાન છે, ક્ષાયિકભાવની પર્યાય પણ નાશવાન છે, કેમ કે

એક સમયે થાય ને બીજે સમયે નાશ પામે. ભગવાન અંદર અવિનાશી એકરૂપ છે. આહાહા..!

એવા '**શુદ્ધપારિણામિક પરમભાવકે ગ્રહણ કરનેવાલે...**' એટલે જાણવાવાળી. '**શુદ્ધનિશ્ચયનયસે નહીં કરતા હૈ,...**' શુદ્ધનિશ્ચયનયથી રાગને કરતો નથી, બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી. આહાહા..! વસ્તુ પર્યાયને શું કરે છે? આહાહા..! પર્યાય પર્યાયને કરે. જુઓ! એ સર્વજ્ઞનો પંથ છે. જિનવરદેવ એમ ભગવાન ભાખે છે. આહાહા..! 'પરમાર્થ વચનીકા' માં કહ્યું નહિ? કહ્યું હતું ને? બતાવ્યું હતું. 'પરમાર્થ વચનીકા' 'બનારસીદાસ'. દ્રવ્ય છે તે નિશ્ચય છે અને નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો છે એ વ્યવહાર છે. પર્યાય છે ને? દ્રવ્ય ને પર્યાયમાં દ્રવ્ય નિશ્ચય છે ને પર્યાય વ્યવહાર છે. ચાહે તો મોક્ષની પર્યાય હો અને ચાહે તો કેવળીની હો, પણ એ વ્યવહાર છે. આહાહા..!

'**શુદ્ધપારિણામિક પરમભાવ...**' એમ શુદ્ધ કેમ લીધો?–કે પર્યાયને પણ પારિણામિક કહેવાય છે. ઉદયભાવ, ઉપશમભાવને પારિણામિક કહેવાય છે પણ એ અશુદ્ધ પરિણામિક છે. શુદ્ધ ત્રિકાળ છે. એ 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે, આમાં પારિણામિકના ભેદ આવે છે ને? અશુદ્ધના. જીવ ભવ્ય, અભવ્ય છે. એ ત્રણ પડ્યા ઈ ભેદ થઈ ગયા. 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે, આમાં આવે છે. એક સમયની મોક્ષની પર્યાય, તે પણ નાશવાન (છે). બીજે સમયે તો વ્યય થઈ જાય છે. આહાહા..! એથી એ પર્યાય પણ... આ શ્રુતજ્ઞાનીને માટેની વાત છે, હોં! જેને થઈ ગયું એને કાંઈ નથી. જેને નયથી જાણવું (થાય છે) એને માટે આ છે. નય છે એ શ્રુતજ્ઞાનીઓને માટેનો (ભેદ છે). મોક્ષ થઈ ગયો એને વ્યવહાર નથી. આ તો જે સાધક છે, શ્રુતજ્ઞાનના ભેદ નયથી જાણે છે એને મોક્ષ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? એને નય ક્યાં છે ન્યાં? એ તો આવતું નથી? ત્યાં શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ. આવે છે ને? 'સમયસાર'માં 'આસ્રવ અધિકાર', 'આસ્રવ અધિકાર'. કેવળજ્ઞાનમાં શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ. એટલે કે આશ્રય લેવાનો હતો તે લઈ લીધો, પૂરો થઈ ગયો. આસ્રવમાં આવે છે. 'સમયસાર' તો અધ્યાત્મના... આહાહા..! મોટા ગંજ છે!! અધ્યાત્મના નિધાન છે.

'**બંધ ઔર મોક્ષસે રહિત હૈ,...**' લ્યો! પરમ શુદ્ધપારિણામિકભાવ એ તો બંધ ને મોક્ષથી રહિત છે. આહાહા..! '**એસા ભગવાનને કહા હૈ.**' લ્યો! આમાં છે ને? ન્યાં આવ્યું છે ને? '**कोऽसौ। निश्चय इति।**' એમ. એ પછી ભગવાનનું કહેલું છે. એનો ખુલાસો કર્યો. શુદ્ધ ઉપાદેય '**इति**' ભાવાર્થ છે, એમ. આહાહા..!

'**વહી શુદ્ધાત્મા આરાધને યોગ્ય હૈ.**' લ્યો ! આરાધનાની પર્યાય છે એ અશુદ્ધનયની છે. આરાધવું છે ત્રિકાળને એ શુદ્ધ છે. આહાહા..! પરમાત્મા પરમદેવ, એની આરાધના કરવાની છે. આહાહા..! એ આરાધના કરવાને લાયક છે, લ્યો! ૬૫મી બહુ સરસ ગાથા છે! હવે ૬૮મા નિશ્ચયનું આવશે. ૩૨૦ (ગાથામાં) આવ્યું છે ને? ૩૨૦ ગાથા 'જયસેનાચાર્ય'ની ટીકા. એમાં આ ૬૮મી ગાથા મુકી છે.

अथ स्थलसंख्याबाह्यं प्रक्षेपकं कथयति –

६५) सो णत्थि त्ति पएसो चउरासी-जोणि-लक्ख-मज्झम्मि।
जिण वयणं ण लहंतो जत्थ ण डुलुडुल्लिओ जीवो।।६५*१।।
स नास्ति इति प्रदेशः चतुरशीतियोनिलक्षमध्ये।
जिनवचनं न लभमानः यत्र न भ्रमिताः जीवः।।६५*१।।

सो णत्थि त्ति पएसो स प्रदेशो नास्त्यत्र जगति। स किम्। चउरासीजोणिलक्खमज्झम्मि जिणवयणं ण लहंतो जत्थ ण डुलुडुल्लिओ जीवो चतुरशीतियोनिलक्षेषु मध्ये भूत्वा जिनवचनमलभमानो यत्र न भ्रमतो जीव इति। तथाहि। भेदाभेदरत्नत्रयप्रतिपादकं जिनवचनमलभमानः सन्नयं जीवोऽनादिकाले यत्र चतुरशीतियोनिलक्षेषु मध्ये भूत्वा न भ्रमितः सोऽत्र कोऽपि प्रदेशो नास्ति इति। अत्र यदेव भेदाभेदरत्नत्रयप्रतिपादकं जिनवचनमलभमानो भ्रमितो जीवस्तदेवोपादेयात्म-सुखप्रतिपादकत्वादुपादेयमिति तात्पर्यार्थः।।६५*१।।

---

आगे दोहा-सूत्रोंकी स्थल-संख्यासे बाहर उक्तं च स्वरूप प्रक्षेपकको कहते हैं –

गाथा – ६५*१

अन्वयार्थ :– [ अत्र? ] इस जगतमें [ स (कः अपि) ] ऐसा कोई भी [ प्रदेशः नास्ति ] प्रदेश (स्थान) नहीं हैं, कि [ यत्र ] जिस जगह [ चतुरशीतियोनिलक्षमध्ये ] चौरासी लाख योनियोंमें होकर [ जिनवचनं न लभमानः ] जिन-वचनको नहीं प्राप्त करता हुआ [ जीवः ] यह जीव [ न भ्रमितः ] नहीं भटका।

भावार्थ :– इस जगतमें कोई ऐसा स्थान नहीं रहा, जहाँपर यह जीव निश्चय व्यवहार रत्नत्रयको कहनेवाले जिन वचनको नहीं पाता हुआ अनादि कालसे चौरासी लाख योनियोंमें होकर न घूमा हो, अर्थात् जिन वचनकी प्रतीति न करनेसे सब जगह और सब योनियोंमें भ्रमण किया, जन्म-मरण किये। यहाँ यह तात्पर्य है, कि जिन-वचनके न पानेसे यह जीव जगत्में भ्रमा, इसलिये जिन-वचन ही आराधने योग्य है।।६५*१।।

---

હવે દોહા-સૂત્રોની સ્થલસંખ્યાથી બહાર પ્રક્ષેપકને કહે છે :

ભાવાર્થ : આ જગતમાં એવો કોઈ પણ પ્રદેશ નથી કે જ્યાં ચોરાશીલાખ યોનિમાં-ઉપજીને-ભેદાભેદરત્નત્રયના પ્રતિપાદક જિનવચનને નહિ પ્રાપ્ત કરતો આ જીવ અનાદિકાળથી ન ભમ્યો હોય.

અહીં, ભેદાભેદરત્નત્રયના પ્રતિપાદક જે જિનવચનને નહિ પ્રાપ્ત કરતો જીવ ભટક્યો. તે જિનવચન ઉપાદેયભૂત આત્મસુખનું પ્રતિપાદક હોવાથી ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૬૫*૧.

## ગાથા-૬૫ ઉપર પ્રવચન

**'આગે દોહા-સૂત્રોંકી સ્થુલ-સંખ્યાસે બાહર ઉક્તં ચ સ્વરૂપ પ્રક્ષેપકકો કહતે હૈં...'** આ પ્રક્ષેપની ગાથાઓ છે. ૬૫, ૬૫નો બીજો.

**૬૫) सो णत्थि त्ति पएसो चउरासी-जोणि-लक्ख-मज्झम्मि।**
**जिण वयणं ण लहंतो जत्थ ण डुलुडुल्लिओ जीवो॥६५*१॥**

આહા..! **'એસા કોઈ ભી પ્રદેશ (સ્થાન) નહીં હૈ,...'** ચૌદ બ્રહ્માંડમાં કોઈ ક્ષેત્ર ખાલી નથી કે જેમાં અનંત વાર જન્મ્યો ને મર્યો ન હોય. અસંખ્ય જોજનનું ચૌદ બ્રહ્માંડ, તીરછો અસંખ્ય જોજન ... કોઈ એક પ્રદેશ પણ ખાલી નથી. આહાહા..! **'કિ જિસ જગહ ચૌરાસી લાખ યોનિયોંમેં હોકર જિન-વચનકો નહીં પ્રાપ્ત કરતા હુઆ...'** આહાહા..! જિનવચનનો અર્થ? ભગવાને કહેલો ભાવ. આહાહા..! એને **'નહીં પ્રાપ્ત કરતા...'** આહાહા..! એવો જે ત્રિકાળી ભાવ એ જિનવચનનો અર્થ.

એ આવ્યું છે ને 'કળશ-ટીકા' માં? નહિ? **'उभयनयविरोधध्वंसिनी स्यात्पदांके'** ત્યાં અર્થ કર્યો છે કે ભગવાને શુદ્ધ આત્મા ઉપાદેય કહ્યો છે, એ જિનવચન છે. સમજાણું કાંઈ? 'કળશ-ટીકા'. ન્યાં વાંધા છે ને? પાઠ એવો છે. **'उभयनयविरोधध्वंसिनी स्यात्पदांके जिनवचसि रमन्ते'** એટલે વ્યવહાર ને નિશ્ચયમાં રમે. એવો અર્થ કરે છે આમાં. વ્યવહારનય બે છે ને? બે નય છે ને? કેટલાક પંડિત એવો અર્થ કરે છે. એથી કહે છે કે **'जिनवचसि रमन्ते'** એટલે? દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ. એ. જિનવચનમાં રમવું એટલે જિનવચને કહેલી શુદ્ધ ઉપાદેય વસ્તુ એ જિનવચન કહે છે. આહાહા..! છે કે નહિ? 'શિખરચંદજી'! આમાં સો ટકા .... એવી વાતું છે, બાપા! આહાહા..!

શું કીધું? **'जिनवचसि रमन्ते'** છે ને શબ્દ? એટલે કે ભાઈ! જિનવચનમાં રમવું છે? વચન તો જડ છે. પાઠ તો આ છે. ત્યારે કહે છે કે જિનવચનમાં એટલે દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેય શુદ્ધ જીવ વસ્તુ, તેમાં **'रमन्ते'** સાવધાનપણે રુચિ, શ્રદ્ધા પ્રતીતિ કરે. શુદ્ધ જીવ વસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે, તેનું નામ રુચિ, શ્રદ્ધા, પ્રતીતિ છે. વચન પુદ્‌ગલ છે તેની રુચિ કરતા સ્વરૂપની પ્રાપ્તિ નથી. તેથી વચન દ્વારા કહેવામાં આવે છે, જે કોઈ ઉપાદેય વસ્તુ તેનો અનુભવ કરતા ફળ પ્રાપ્તિ છે. આહા! કેવું છે જિનવચન? બે પક્ષપાત ને પરસ્પર વેરભાવ છે - દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - એનો નિકાલ કરનારું છે. આહા! આમાંથી એ કાઢે. જુઓ! બે નય છે, ભગવાને કીધું છે બન્નેમાં રમવું, પણ બન્નેમાં શી રીતે રમે? આમ રમે તો રાગમાં રમે નહિ ને રાગમાં રમે તો આમાં રમે નહિ. એટલે રમવાની વસ્તુ એક જ કીધી. ત્રિકાળી વસ્તુ છે તે ઉપાદેય છે, જિનવચનમાં એમ કહ્યું. ટીકાકારે .... આહા! એમાં પંડિતો ગોટા વાળે ન્યાં.

જિનવચનમાં રમવું એમ કહ્યું તો વચનમાં રમવું છે? વચન તો વાણી છે, જડ છે. એમાં કહેલો જે ભાવ, દિવ્યધ્વનિ દ્વારા કહેલો આત્મા ત્રિકાળી, એ દિવ્યધ્વનિ દ્વારા ભગવાને કહ્યું છે. પૂર્ણાનંદનો નાથ પૂર્ણ છે તેનો આદર કર. આહાહા..! એને તું ઉપાદેય તરીકે જાણ, ભાઈ! રાગને નહિ, નિમિત્તને નહિ, પર્યાયને નહિ, ઉપાદેય તરીકે... આહાહા..! ભગવંતોનું દિવ્યધ્વનિ દ્વારા આમ કહેવું છે. આહાહા..! અરે..! એને ન સમજે ને બહારમાં આ કર્યા કરે, પૂજા ને દયા ને દાન ને ભકિત ને... એ તો બધા રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ? દયા, દાન, પૂજા, વ્રત, ભકિત.... વીતરાગના વચનમાં તો પ્રભુએ આ કહ્યું છે. આહાહા..! '**भूदत्थमस्सिदो खलु**' એ ભગવાને કહ્યું છે. ૧૧મી ગાથા. ભૂતાર્થને આશ્રયે દૃષ્ટિ સમકિત થાય છે. ભૂતાર્થનો આશ્રય કર, ત્રિકાળ ભગવાન છે તેને ઉપાદેય કર. આહાહા..!

'**યહ જીવ નહીં ભટકા.**' જિનવચનને નહિ પ્રાપ્ત કરીને. એટલે અહીં તો જિનવચન આવ્યું છે ને? એટલે એ જિનવચનમાં કહેલી ઉપાદેય વસ્તુ, એને નહીં પામીને. '**ઈસ જગતમેં કોઈ એસા સ્થાન નહીં રહા, જહાંપર યહ જીવ નિશ્ચય વ્યવહાર રત્નત્રયકો કહનેવાલે જિન વચનકો નહીં પાતા હુઆ...**' છે ને? પાઠમાં પણ છે, હોં! '**भेदाभेदरत्नत्रयप्रतिपादकं**' એમ છે ને? કહ્યું છે. મૂળ તો નિશ્ચય છે ત્યાં વ્યવહાર હોય છે એવું જણાવીને ભેદાભેદ રત્નત્રયનું પ્રતિપાદક વચન કહ્યું. સમજાણું કાંઈ? જ્યાં નિશ્ચય છે, સ્વભાવનો આશ્રય લઈને પડ્યો છે એને હજી રાગ બાકી છે, એને વ્યવહાર હોય છે એમ સિદ્ધ કરવા ભેદાભેદ રત્નત્રયનું વચન અણપામીને, એમ કહ્યું છે. સમજાણું કાંઈ? એમાં પણ પેલું નિશ્ચય છે, એને વ્યવહાર હોય છે એવું સિદ્ધ કરવા વીતરાગની વાણીમાં ભેદાભેદ રત્નત્રયને કહ્યું છે, એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આરાધવા લાયક એક છે?

ઉત્તર :- એનો અર્થ એ કે આરાધવા લાયક એક છે પણ જોડે છે એને આરાધવા લાયકનો આરોપ અપાણો છે. આહાહા..! જેમ બે મોક્ષમાર્ગ કહ્યા ને? એ કથન છે. એમ બે આરાધન છે એ કથન છે. આરાધવા લાયક તો એક જ ત્રિકાળી વસ્તુ છે પણ જોડે નિરૂપણ કથન આવે, જોડે તે તે ભૂમિકાને યોગ્યનો મંદ કષાયનો રાગ હોય છે એને વ્યવહારનો આરોપ કરીને આરાધવાનું કહ્યું છે. આ..હા..! આરોપથી કહ્યું છે, યથાર્થથી નહિ. આહાહા..!

'**નિશ્ચય વ્યવહાર રત્નત્રયકો કહનેવાલે જિન વચનકો નહીં પાતા હુઆ અનાદિ કાલસે ચૌરાસી લાખ યોનિયોંમેં હોકર ન ઘૂમા હો,...**' આહાહા..! અરે..રે..! એકેન્દ્રિયના ચોર્યાસી લાખ યોનિ. એક એક યોનિમાં અનંતવાર જન્મ્યો ને મર્યો ન હોય એવું કોઈ સ્થાન નથી. કાળની આદિ નહિ એવા અનાદિ કાળમાં એણે ચોર્યાસી (લાખ) યોનિમાં એક એકમાં અનંતવાર ઉપજીને... આહાહા..! ખાલી રાખી નથી. '**અર્થાત્ જિન વચનકી**

**પ્રતીતિ ન કરનેસે સબ જગહ ઔર સબ યોનિયોંમેં...**' આહાહા..! '**ભ્રમણ કિયા, જન્મ-મરણ કિયે.**' ભાઈ! આહાહા..! વીતરાગી ભાવનું આરાધન ન કર્યું. વીતરાગી ભાવ એવો ભગવાનઆત્મા એનું આરાધન ન કર્યું એટલે વ્યવહાર પણ એને ન હોય. જેણે આ આરાધન કર્યું એને વ્યવહાર હોય છે, એટલું બતાવવા બન્નેનું આરાધન કહ્યું છે. આહાહા..! પેલા કહે, બેએ પૂરું થાય છે. 'સમંતભદ્ર'નું કીધું. બાહ્ય ને અભ્યંતરે... બાપુ! એ કઈ અપેક્ષા છે? ભાઈ! નિશ્ચયનો જ્યાં અભ્યંતર પરિણામ છે તે કાળે એની પૂર્ણ દશા થઈ નથી તેથી તે કાળે તેને રાગ હોય છે, એને વ્યવહાર કહીને મોક્ષમાર્ગ કહ્યો, આરાધન કરવું કહ્યું. સમજાણું? ઉપચારથી છે, નિશ્ચયથી છે તે યથાર્થથી છે. સમજાણું કાંઈ? એ કઈ નયનું કથન છે, એમ ન જાણે તો મુશ્કેલ પડે.

'**યહાં યહ તાત્પર્ય હૈ, કિ જિનવચનકે ન પાનેસે યહ જીવ જગત્‌મેં ભ્રમા, ઈસલિયે જિન-વચન હી આરાધને યોગ્ય હૈ.**' ૬૫ છે ને? જુઓ! ટીકામાં તો એમ છે. '**जीवस्तदेवोपादेयात्मसुखप्रतिपादकत्वा**' જોયું? '**जीवस्तदेवोपादेयात्मसुखप्रतिपादकत्वा-दुपादेय**' આત્મસુખની પ્રાપ્તિ તે ઉપાદેય છે. પાછુ નાખ્યું બન્ને પેલું, ભાઈ! પણ ટીકાનો છેલ્લો સરવાળો આ છે, ૬૫મા., ૬૫નો બીજો. '**जीवस्तदेवोपादेयात्मसुखप्रतिपादकत्वा-दुपादेय**' એમ છે ને? એમ લખ્યું છે. સુખનું કહેવાવાળું, એમ. આનંદનું કહેવાવાળુ વચન વીતરાગનું છે. અતીન્દ્રિય આનંદનું કહેવાવાળુ છે, એનું આરાધન કર્યું નહિ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ.)

---

**अथात्मा पङ्गुवत् स्वयं न याति न चैति कर्मैव नयत्यानयति चेति कथयति –**

**६६) अप्पा पंगुह अणुहरइ अप्पु ण जाइ ण एइ।**
**भुवणत्तयहँ वि मज्झि जिय विहि आणइ विहि णेइ॥६६॥**

**आत्मा पङ्गोः अनुहरति आत्मा न याति न आयाति।**
**भुवनत्रयस्य अपि मध्ये जीव विधिः आनयति विधिः नयति॥६६॥**

**अप्पा पंगुह अणुहरइ अप्पु ण जाइ ण एइ आत्मा पङ्गोनुहरति सदृशो भवति १अयमात्मा न याति न चागच्छति। क्क। भुवणत्तयहं वि मज्झि जिय विहि आणइ विहि णेइ भुवनत्रयस्यापि मध्ये हे जीव विधिरानयति विधिर्नयतीति। तद्यथा। [१]अयमात्मा शुद्धनिश्चयेनानन्तवीर्यत्वात् शुभाशुभकर्मरूपनिगलद्वयरहितोऽपि व्यवहारेण अनादिसंसारे स्वशुद्धात्मभावनाप्रतिबन्धकेन मोनवचनकायत्रयेणोपार्जितेन कर्मणा निर्मितेन पुण्यपापनिगलद्वयेन दृढतरं बद्धः सन् पङ्गुवद्भूत्वा स्वयं न याति न चागच्छति स एवात्मा परमात्मोपलम्भप्रतिपक्षभूतेन विधिशब्दवाच्येन कर्मणा भुवनत्रये नीयते तथैवानीयते चेति। अत्र वीतरागसदानन्दैकरूपा-**

---

१. પાઠાન્તર : अयमात्मा = स्वयमात्मा

त्सर्वप्रकारोपादेयभूतात्परमात्मनो यद्भिन्नं शुभाशुभकर्मद्वयं तद्धेयमिति भावार्थः।।६६।। इति कर्मशक्तिस्वरूपकथनमुख्यत्वेनाष्ट–मस्थस्ले सूत्राष्टकं गतम्।

---

आगे आत्मा पङ्गु (लंगड़े) की तरह आप न तो कहीं जाता है, और न आता है, कर्म ही इसको ले जाते है, और ले आते हैं, ऐसा कहते हैं –

गाथा – ६६

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ आत्मा ] यह आत्मा [ पङ्गोः अनुहरति ] पंगुके समान है, [ आत्मा ] आप [ न यति ] न कहीं जाता है, [ न आयाति ] न आता है [ भुवनत्रयस्य अपि मध्ये ] तीनों लोकमें इस जीवको [ विधिः ] कर्म ही [ नयति ] ले जाता है, [ विधिः ] कर्म ही [ आनयति ] ले आता है।

भावार्थ :– यह आत्मा शुद्ध निश्चयनयसे अनंतवीर्य (बल) का धारण करनेवाला होनेसे शुभ–अशुभ कर्मरूप बंधनसे रहित है, तो भी व्यवहारनयसे इस अनादि संसारमें निज शुद्धात्माकी भावनासे विमुख जो मन, वचन, काय इन तीनोंसे उपार्जे कर्मोंकर उत्पन्न हुए पुण्य–पापरूप बँधनोंकर अच्छी तरह बँधा हुआ पंगुके समान आप ही न कहीं जाता है, न कहीं आता है। जैसे बंदीवान आपसे न कहीं जाता है और न कहीं आता है, चौकीदारोंकर ले जाया जाता है, और आता है, आप तो पंगुके समान है। वही आत्मा परमात्माकी प्राप्तिके रोकनेवाले चतुर्गतिरूप संसारके कारणस्वरूप कर्मोंकर तीन जगत्में गमन–आगमन करता है, एक गतिसे दूसरी गतिमें जाता है। यहाँ सारांश यह हैं, कि वीतराग परम आनंदरूप तथा सब तरह उपादेयरूप परमात्मासे (अपने स्वरूपसे) भिन्न जो शुभ–अशुभ कर्म हैं, वे त्यागने योग्य हैं।।६६।।

---

હવે, આત્મા પાંગળા માણસની જેમ સ્વયં જતો નથી કે આવતો નથી, કર્મ જ તેને લાવે છે, લઈ જાય છે એમ કહે છે :

ભાવાર્થ : આ આત્મા શુદ્ધનિશ્ચયનયથી અનંતવીર્યવાળો હોવાથી શુભાશુભકર્મરૂપ બંધનદ્વયથી રહિત હોવા છતાં વ્યવહારનયથી અનાદિ સંસારમાં સ્વશુદ્ધાત્માની ભાવનાના પ્રતિબંધક મન, વચન, કાય એ ત્રણથી ઉપાર્જિત કરેલા કર્મથી રચાયેલ પુણ્ય-પાપરૂપ બંધનદ્વયથી દઢતર બંધાયેલો થકો પાંગળા જેવો થઈને સ્વયં જતો નથી અને આવતો નથી, પણ તે આત્માને પરમાત્માની પ્રાપ્તિની પ્રતિપક્ષભૂત વિધિથી, શબ્દથી કહેવાતા કર્મથી ત્રણ લોકમાં લઈ જવાય છે અને લાવવામાં આવે છે.

અહીં, વીતરાગ સદાનંદ જેનું એક રૂપ છે એવો સર્વ પ્રકારે ઉપાદેયભૂત પરમાત્માથી જે શુભાશુભ કર્મદ્વય ભિન્ન છે તે હેય છે, એવો ભાવાર્થ છે. ૬૬.

**વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૧૩, શનિવાર**
**તા. ૨૪-૦૭-૧૯૭૬, ગાથા-૬૬-૬૭, પ્રવચન નં. ૪૩**

'પરમાત્મપ્રકાશ'. ૬૬-ગાથા. એ ત્યાં ૬૬ લખાય ગયું છે ઈ ભૂલ છે. ૬૫નું પેલું પ્રક્ષેપનું છે. હવે ૬૬.

**'આગે આત્મા પંગુ (લંગડે) કી તરહ આપ ન તો કહીં જાતા હૈ, ઔર ન આતા હૈ,...'** જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય વસ્તુ એ ક્યાં જાય અને ક્યાં આવે? વસ્તુ જે છે ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ, એ તો પંગુની પેઠે ક્યાંય જાતો આવતો નથી. **'કર્મ હી ઈસકો લે જાતે હૈ,...'** એટલે કે આત્માના સ્વરૂપથી વિરૂદ્ધ ભાવ કરીને જે કર્મ ઉપાજર્યા એ કર્મને લઈને આવે જાય છે. વસ્તુની સ્થિતિ પોતે પોતાના સ્વભાવથી ક્યાંય જાય ને આવે છે એમ નથી. આહાહા..! એમ કહે છે. ૬૬.

**૬૬) अप्पा पंगुह अणुहरइ अप्पु ण जाइ ण एइ।**
**भुवणत्तयहँ वि मज्झि जिय विहि आणइ विहि णेइ।।६६।।**

બે શબ્દ મુક્યા છે. **'હે જીવ,...'** એમ કરીને. આત્મા જે જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ સ્વભાવ એનું અસ્તિત્વ તો જ્ઞાયકભાવરૂપે છે. એ જ્ઞાયકભાવ ક્યાં જાય અને ક્યાં આવે? **'હે જીવ, યહ આત્મા પંગુકે સમાન હૈ,...'** આમાંથી આ લોકો એ કાઢે છે. કર્મને લઈને જાય-આવે. જુઓ! નિમિત્તને લઈને આવે ને જાય એમ થાય છે કે નહિ? અહીં તો સ્વભાવની વાત છે. બાકી તો ગતિમાં જાય છે એ પોતાની યોગ્યતાની પર્યાયથી જાય છે. આહાહા..! પણ અહીંયાં એ યોગ્યતાની પર્યાય એ એનો સ્વભાવ નથી. સ્વભાવ તો ચૈતન્યમૂર્તિ જ્ઞાનરસ છે. એની અપેક્ષાએ એ જ્ઞાનરસ આત્મા તત્ત્વ એ ક્યાંય જાતું-આવતું નથી. એના સ્વભાવથી વિરૂદ્ધ ભાવ અજ્ઞાનભાવે કર્યા એ ભાવથી કર્મ થયા અને એને લઈને જાવું-આવવું થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની યોગ્યતા પોતે ભૂલ્યો, એનાથી થયા શુભાશુભભાવ, એના થયા કર્મ, એનાથી થાય એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

માખીનો દાખલો આપ્યો છે ક્યાંક. માખી ક્યાંક બેઠી હોય અને પછી પાટ આમ ચાલે, માખી તો ત્યાંને ત્યાં છે. માખી ત્યાંને ત્યાં છે. ફરે છે બીજું. પાટ ઉપર હોય ને આમ? આહાહા..! એમ ભગવાનઆત્મા અહીંયાં તો જ્ઞાયકભાવ સ્વરૂપ તેને આત્મા કહે છે. અજ્ઞાનથી થયા શુભાશુભભાવ એ કાંઈ આત્મા નથી. એ તો આસ્રવ છે. એનાથી થયા કર્મ, એ તો અજીવ જડ છે. નવ તત્ત્વમાં એ અજીવ જુદી ચીજ છે, આસ્રવ જુદી ચીજ છે. સ્વભાવના ભાન વિના ઉપાર્જેલા આસ્રવ, એનાથી થયેલા કર્મ, એનાથી ગતિ-આગતિ

થાય છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! એને લઈને એમ નથી કે કર્મને લઈને આવ્યા અને પોતાની યોગ્યતા નહિ. એ અહીં નથી સિદ્ધ કરવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નથી.

અહીંયાં તો જાત પોતાની જ્ઞાયક ચૈતન્યબિંબ પ્રભુ, ઈ પોતે ક્યાંય જાય-આવે એવો એનો સ્વભાવ નથી. એ સ્વભાવને ભૂલીને જે થયેલા કર્મો એ કાંઈ આત્મા નથી. ભૂલ થઈ આસ્રવ એ કાંઈ આત્મા નથી. ભૂલ થઈ એવા જે પરિણામ તે આસ્રવ એ પણ આત્મા નથી. આહાહા..! એમ ગણીને એ આત્મા પાંગળો છે અને કર્મને લઈને અહીં લઈ જાય અને આવી જાય. આહાહા..! એ એનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- કર્મથી જાય છે?

ઉત્તર :- હા, એ કઈ અપેક્ષાએ? કહ્યું ને આ. પહેલા વાત કરીને કે સ્વરૂપ છે એ તો જ્ઞાયક ચિદાનંદ છે. એના ભાન વિના ઉપાર્જેલા ભાવ આસ્રવ એ અજીવ છે. એ જ્ઞાયકભાવ વસ્તુ નથી. અને એના ઉપાર્જેલા ભાવથી બંધાયેલું કર્મ એ અજીવ છે. એને લઈને ગતિ-આગતિ થાય છે, સ્વભાવને લઈને નહિ, એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સ્વભાવથી વિપરીત ભાવને ઉત્પન્ન કર્યો એ આત્મા નહિ. એને લઈને ગતિ-આગતિ થાય એમ સિદ્ધ કરવું છે. આત્માથી ગતિ થાય (નહિ), એ તો જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ છે. આહાહા..! આ 'પરમાત્મપ્રકાશ' છે ને! આત્મા તો પરમાત્મસ્વરૂપ છે, પરમસ્વરૂપ છે. એને વિપરીત ભાવ એમાં છે એ એનો ક્યાં છે? પણ કર્યા એણે પર્યાયમાં વ્યવહારનયથી. એનાથી થયા કર્મ અને એનાથી ગતિ-આગતિ, જ્ઞાયકભાવથી ગતિ-આગતિ નથી એમ કહેવું છે.

મુમુક્ષુ :- પરિભ્રમણ માટે આત્મા પાંગળો છે?

ઉત્તર :- પાંગળો છે આ અપેક્ષાએ. જાણનાર-દેખનાર સ્વભાવ ભગવાન, એ ગતિ-આગતિ ક્યાં કરે? એ કહેશે, જુઓ!

'**હે જીવ, યહ આત્મા પંગુકે સમાન હૈ, આપ ન કહીં જાતા હૈ, ન આતા હૈ તીનોં લોકમેં ઈસ જીવકો કર્મ હી લે જાતા હૈ,...**' એનો સ્વભાવ નથી એમ કહે છે. સ્વભાવથી વિપરીત ભાવને કરીને (રખડે છે), તો વિપરીત ભાવ એ કાંઈ જીવ નથી. સમજાણું કાંઈ? એને કર્મ કહો, ભાવકર્મ કહો એનાથી થયું જડકર્મ બધું એક છે. એ બધું અજીવ છે. આહાહા..! અજીવથી જવું-આવવું થાય છે. જીવના વાસ્તવિક સ્વભાવથી એનું જવું-આવવું એના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! તેથી સરવાળે કહેશે. શુભાશુભ કર્મ છોડવા લાયક છે. એટલે? સ્વભાવથી વિરૂદ્ધ જે પુણ્ય-પાપના ભાવ છોડવાલાયક છે. એનાથી કર્મ બંધાય એ છોડવા લાયક છે. આદરવા લાયક તો જ્ઞાયકસ્વરૂપ પ્રભુ ચૈતન્ય સ્વભાવ, શુદ્ધ ચૈતન્યઘન એ આદરવાલાયક છે. આહાહા..! દૃષ્ટિમાં એને ઉપાદેય તરીકે માનવા લાયક નથી. શુભાશુભભાવ એ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ, એનાથી

થયું કર્મ, એ બધું છોડવા લાયક છે. સમજાણું કાંઈ? આવી વાત છે. આહાહા..! આમાં એ કાઢે છે કે કર્મને લઈને જ રખડે છે. એમ નથી અહીંયાં. કર્મ બંધાણા છે વિકારી ભાવથી. એ વિકારી ભાવ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ પોતે કર્યો. એનાથી થયું કર્મ નિમિત્તથી. કર્મને લઈને જવું-આવવું થાય. વસ્તુનો સ્વભાવ નથી, એમ સિદ્ધ કરવું છે. 'અમરચંદભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- ... કર્મ છે એટલે...

ઉત્તર :- કઈ નયથી કથન છે એ જાણવું જોઈએ ને. ભગવાન પોતે કંઈક અપરાધ કરે છે એ એની ચીજ નથી. શુભાશુભભાવ જે કરે છે એ અપરાધ છે. એ એનું સ્વરૂપ નથી. તેથી સ્વરૂપ પોતે અપરાધ કરતો નથી. સ્વરૂપને ભૂલનારા ભાવ તે અપરાધ કરે છે. એ અપરાધથી કર્મ થાય છે, એનાથી રખડે ને આવે-જાય છે. એમ. 'દેવીલાલજી'! આમ છે, ભાઈ! અરે..રે..! '**કર્મ હી લે જાતા હૈ, કર્મ હી લે આતા હૈ.**'

**ભાવાર્થ :- 'યહ આત્મા શુદ્ધ નિશ્ચયનયસે અનંતવીર્ય** (બલ) **કા ધારણ કરનેવાલા...**' ઓહો...! એનું સ્વરૂપ તો અનંતવીર્ય, અનંતવીર્ય, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એ અનંત ચતુષ્ટય સંપન્ન આત્મા છે. એનું બળ અનંત છે. સ્વભાવનું. એવો અનંતબળને ધારણ કરનાર '**હોનેસે શુભ-અશુભ કર્મરૂપ બંધનસે રહિત હૈ,...**' આ કારણે એ શુભ-અશુભભાવ અને બંધનથી રહિત છે. વસ્તુ અબદ્ધસ્પૃષ્ટ છે. આહાહા..! અનંત જેનું વીર્ય છે. આહાહા..! અનંત જેનો પુરુષાર્થ પરાક્રમ સ્વભાવ છે. એવો ભગવાનઆત્મા '**શુભ-અશુભ કર્મરૂપ બંધનસે રહિત હૈ,...**' એ અપેક્ષાએ તો વસ્તુસ્વભાવથી તો શુભ-અશુભ કર્મના બંધનથી રહિત છે.

અનંતવીર્ય સ્વરૂપ એવો ભગવાનઆત્મા અબંધસ્વરૂપ છે. સમજાણું કાંઈ? તેથી કહ્યું ને ('સમયસાર') ૧૪-૧૫ ગાથા. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' એ અબદ્ધસ્પૃષ્ટ છે એને જે જોવે, એની જે દૃષ્ટિ કરે એણે જૈનશાસન જોયું. આવે છે ને? '**पस्सदि जिणसासणं**' આહાહા..! '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अण्णणयं णियदं। अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।**' '**अबद्धपुट्ठं अणण्णमविसेसं अपदेससंतमज्झं पस्सदि जिणसासणं...**' જેણે ભગવાન સ્વરૂપ પ્રભુ આત્મા એને મુકતસ્વરૂપ જોયો, અબદ્ધસ્વરૂપ એટલે બંધથી રહિત એટલે મુકતસ્વરૂપ છે એ તો. આહાહા..! મુકતસ્વરૂપ ભગવાન જેણે દૃષ્ટિમાં લીધો એણે જૈનશાસન બધું જોયું. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. લોકોને અત્યારે કઠણ (પડે). શુભભાવ શુભભાવ હાય-હાય એમ થઈ ગયું છે જાણે. શુભભાવ કહો લોકોને, શુભભાવ કહો, ભાઈ! એ તો કરી રહ્યા છે, ભાઈ! એને ધર્મ સમજાવવો છે કે શું? શુભભાવ તો કરી રહ્યા છે અનાદિથી. એ કાંઈ નવી ચીજ નથી. એને ધર્મ કરવો હોય અને સમજાવવું હોય તો એ પુણ્યના, પાપના ભાવથી વસ્તુ રહિત છે. એને જો એ શુદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સભાને જોઈને ઉપદેશ આપવો.

ઉત્તર :- આ સભા શું છે આ? દ્રવ્યાનુયોગનો અભ્યાસ સભામાં કરવો એમ કહ્યું નથી? જ્યાં મોક્ષનો માર્ગ છે મુખ્ય. સભામાં તો એ કહેવું. આવે છે? 'મોક્ષમાર્ગપ્રકાશક' એમાં એ આવે છે. સભામાં મુખ્યપણે દ્રવ્યાનુયોગનો ઉપદેશ દેવો. કેમકે તેમાં મોક્ષના માર્ગનો, મુખ્ય-મુખ્ય માર્ગનો અધિકાર ત્યાં છે. આહાહા..! અરે..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મનો ઉપદેશ કરવો ને? પુણ્ય-પાપ તો કરી રહ્યો છે. આહાહા..!

એ કાલે વાંચ્યું? ભાઈ! વાંચ્યું નહિ હોય. વાંચવા જેવું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરતા હોય તોપણ અંદર એને અહંકાર મુમુક્ષુને... એવું નાખ્યું છે. ઉતારી નાખ્યા બધાને. અને ધર્મમાં આ લોકોએ દ્વંદ ઊભો કર્યો છે. ચાલતું હતું કાંઈક. ઉપાદાન-નિમિત્તનું નહોતું કાંઈ. પુણ્યમાં ધર્મ માનતા હતા. પણ માનતા હતા એ તો અજ્ઞાન છે. સાંભળને! એ માટે તો અહીં ધર્મની વાત છે. ભગવાને ધર્મ કહ્યો છે કે સંસારના ભાવને કહ્યો છે? આહાહા..! અને તે શુભભાવ તો થાય છે. ક્યાં નથી થાતા? પૂજા, ભક્તિ, સાંભળવું એમાં નથી હોતું? હોય છે તેથી શું? આવે ને. પણ અંતર દૃષ્ટિમાં એનો નિષેધ થઈને સ્વભાવનો સ્વીકાર નહિ કરે ત્યાં સુધી એના જન્મ-મરણ નહિ મટે. આ વાત છે. અહીં તો ધર્મની વાત છે ને?

એણે એમ કહ્યું જૈનશાસન દેખીને. શુભભાવ દેખે એણે જૈનશાસન દેખ્યું એમ નથી કહ્યું ત્યાં. આહાહા..! જે શુભભાવ અશુભભાવ રહિત અને રાગના એકત્વની બુદ્ધિના બંધથી રહિત... આહાહા..! એવો જે ભગવાન અબુદ્ધસ્પૃષ્ટ છે, નિયત-નિશ્ચય છે, વિશેષરહિત સામાન્ય છે. આહાહા..! અને સુખ-દુઃખના પરિણામ રહિત છે. એવા આત્માને જે દેખે. ભગવાન તો એમ કહે છે. તીર્થંકરો, કેવળીઓ, સંતો તો એમ કહે છે. આવા આત્માને દેખે તેણે જૈનશાસન જોયું. શુભભાવને કરે અને દેખે એણે જૈનશાસન (જોયું) એમ નથી.

મુમુક્ષુ :- બધા અનાદિમાં તો શુભભાવ...

ઉત્તર :- એ તો કરે. અભવિને હોય છે. નિગોદને હોય છે ને. એકેન્દ્રિય જીવને અનાદિ નિગોદમાં પડ્યા છે જીવો, હજી ત્રસ થયા નથી, એને ક્ષણમાં શુભ અને બીજે ક્ષણે અશુભ, ત્રીજે શુભ, ચોથે અશુભ નિરંતર ચાલ્યા કરે છે. કેમકે ચૈતન્યની ધારાની ખબર નથી અને કર્મધારા શુભાશુભભાવની કાયમ ચાલે જ છે. આહાહા..! અભવિ નિગોદમાં પડ્યો એને પણ શુભભાવ હોય છે. આહાહા..! એ શું ચીજ છે? ભાઈ! આ તો ધર્મની વાત છે. જૈનધર્મ. એને જેણે સમજવો હોય તો એને આ (સમજવું). આહાહા..! પુણ્ય-પાપના ભાવ રહિત અને અબદ્ધસ્પૃષ્ટ સહિત એકલો સામાન્ય સ્વભાવ, એને શ્રદ્ધામાં લેવો પડશે. કારણ કે સ્વરૂપ એવું એનું છે. હવે એમાં પુણ્ય-પાપના પરિણામને જોવા અને કરવા એ ક્યાં (છે)?

મુમુક્ષુ :- શુદ્ધતામાં આવે તોય શુભ-અશુભ થાય જ છે ને?

ઉત્તર :- પણ એ છે ક્યાં એમાં? વસ્તુમાં..

એથી તો અહીં કહે છે કે વસ્તુ પોતે પંગુ છે. અબદ્ધસ્પૃષ્ટ વસ્તુ એ તો પંગુ છે. એનાથી વિરૂદ્ધ ભાવ શુભાશુભ કર્યા, એનાથી કર્મ થયું એને લઈને ગતિ-આગતિ છે. આહાહા..! એમ કરીને એ શુભાશુભભાવને દૃષ્ટિમાંથી છોડાવવા માગે છે. અને દૃષ્ટિમાં પંગુ જે આત્મા છે તેને દૃષ્ટિમાં લેવા (વાત કરે છે). આવી વાત છે પણ હવે ભારે કથન એવું લખાણ કર્યું છે માળે. ચાર લખાણ આવ્યા છે એવા એક પછી એક વિરૂદ્ધના. એમાં આ વખતે તો બહુ ફેર દૃષ્ટિ થઈ ગઈ કહે, અરે..! પ્રભુ! ભગવાન... ભગવાન... ભગવાન.

અહીંયાં તો જૈનધર્મ કહેવો છે ને? તો જૈનધર્મ કોને કહેવાય? કે જે પુણ્ય અને પાપના ભાવ રાગ છે એનાથી ભિન્ન ભગવાન અરાગી વસ્તુ છે, એની દૃષ્ટિ-જ્ઞાન કરવું તેનું નામ જૈનધર્મ છે. રાગને જીતે અને અરાગને પ્રગટ કરે તેનું નામ જૈનધર્મ છે. રાગને રાખે અને કરે એનું નામ જૈન ધર્મ છે? આવી વસ્તુ, બાપુ! શું થાય? નહોતી અને બહાર આવીને તો લોકોને એવું લાગ્યું ખળભળાટ. પોતાની પંડિતાઈના વાંધા આવે છે. આહાહા..! પ્રભુ! પ્રભુ! આહાહા..! જૈનધર્મ સમજવો છે ને? જૈનધર્મ કરવો છે ને? તો જૈનધર્મ એટલે શું? ભગવાન વીતરાગસ્વરૂપી પ્રભુ, એની પુણ્ય-પાપની રુચિ છોડી અને આ વીતરાગી સ્વભાવની દૃષ્ટિ કરવી એનું નામ જૈનધર્મ છે. 'દેવીલાલજી'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધું ને, ૧૪-૧૫. '**जो पस्सदि अप्पाणं**' આહાહા..! '**अपदेससंतमज्झं पस्सदि जिणसासण सव्वं॥**' જેણે રાગ વિનાનો ભગવાનઆત્મા (જોયો), એ રાગ વિનાનો જ આત્મા છે. રાગ છે એ તો આસ્રવ છે. આસ્રવ છે એ તો અજૈનપણું છે. એનાથી.. ભાઈ! અહીં તો ધર્મની વાત છે. ધર્મ કરવો હોય અને સમજવો હોય તો આ વાત છે. શુભભાવ તો થાય છે. અને ત્યાં સુધી લીધું 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ અપરાધ છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'. હવે શું કહેવું? હો પણ છે અપરાધ. જ્યારે તીર્થંકરગોત્રનો ભાવ પણ અપરાધ (છે), એ જૈનપણું નહિ. આહાહા..! જૈનપણું તો રાગને જીતે એટલે અરાગી દૃષ્ટિ કરે એને જૈન કહેવામાં આવે છે. વસ્તુ તો આ છે.

અહીં એ કહે છે. અનંતવીર્યનો ધારણ કરવાવાળો પ્રભુ '**શુભ-અશુભ કર્મરૂપ બંધનસે રહિત હૈ,...**' આહાહા..! એ તો અબદ્ધસ્વરૂપ છે. જોયું! '**તો ભી...**' આવો હોવા છતાં પણ '**વ્યવહારનયસે ઈસ અનાદિ સંસારમેં નિજ શુદ્ધાત્માકી ભાવનાસે વિમુખ...**' લ્યો! આહાહા..! એનાથી ઉપાર્જેલા કર્મ એ રખડાવે છે. એ તો પોતાનો ભાવ જ રખડવાનો છે. આહાહા..! મધ્યસ્થથી જોવું પડશે ને, બાપુ! આમ માને છે અને ફલાણા આમ માને છે. એમ નહિ, સત્ય શું છે? આહાહા..! '**નિજ શુદ્ધાત્માકી...**' પાછું દેખ્યું?

ભગવાન સર્વજ્ઞ એ પણ નહિ. એ તો પરદ્રવ્ય છે. '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે...**' જોયું! નિજ શુદ્ધાત્માની સન્મુખની એકાગ્રતા, એ જૈન ધર્મ. એનાથી વિમુખ. આહાહા..!

નિજ શુદ્ધાત્મા વીતરાગી મૂર્તિ પ્રભુ, એની ભાવના વીતરાગી પર્યાય... આહાહા..! એનાથી વિમુખ '**મન, વચન, કાય ઈન તીનોંસે ઉપાર્જે કર્મોંકર...**' મન, વચન, કાયા ચાહે તો શુભ-અશુભભાવ હો. આહાહા..! '**ઈન તીનોંસે ઉપાર્જે કર્મોંકર ઉત્પન્ન હુએ પુણ્ય-પાપરૂપ બંધનોંકર અચ્છી તરહ બંધા હુઆ...**' પહેલું તો કહ્યું, અનંતવીર્યનો ધણી ભગવાન બંધ રહિત છે. એમ તો પહેલું કહ્યું. આહાહા..! પણ સ્વભાવની ભાવનાથી વિરૂદ્ધ ભાવ, એનાથી ઉપાર્જેલા કર્મો, એનાથી બંધાયેલો '**પુણ્ય-પાપરૂપ બંધનોંકર અચ્છી તરહ બંધા હુઆ...**' આહાહા..! એ દોષ તો નિજ ભાવનાથી વિરૂદ્ધ ભાવનો દોષ કહ્યો. સમજાણું કાંઈ? જ્ઞાયકભાવ આનંદસ્વરૂપ પ્રભુ એની ભાવના તો એની સન્મુખની એકાગ્રતા એ તો વીતરાગતા છે. એના ભાવનાથી વિમુખ એટલે રાગ. મન, વચન, કાયાથી ઉપાર્જેલા કર્મ. આહાહા..!

'**ઉત્પન્ન હુએ પુણ્ય-પાપરૂપ બંધનોંકર અચ્છી તરહ બંધા હુઆ પંગુકે સમાન આપ હી ન કહીં જાતા હૈ, ન કહીં આતા હૈ.**' આહાહા..! જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવમાં જ છે. સમજાણું કાંઈ? માખી આંગળી ઉપર બેઠી હોય, આંગળી આમ ચાલે પણ એ તો છે ત્યાં છે. સમજાણું કાંઈ? એ હાલતી-ચાલતી નથી. એને લઈને ગતિ થાય એ જુદી વસ્તુ છે.

મુમુક્ષુ :- અહીંથી અહીં આવી જાય છે.

ઉત્તર :- હા, એ તો પોતાને કારણે છે ત્યાં. આહાહા..! આને લઈને આમ થાય છે એમ પણ નહિ. એ તો નિમિત્ત ચીજ છે. એને પોતાને લઈને આમ ગતિ કરે છે એ પોતાની યોગ્યતા છે. ક્રિયાવતી શક્તિને લઈને એમ થાય છે. આહાહા..!

'**ચૌકીદારોંકર લે જાયા જાતા હૈ,...**' આહાહા..! ચોકીદારનું દૃષ્ટાંત આપ્યું. '**લે જાયા જાતા હૈ, આતા હૈ, આપ તો પંગુકે સમાન હૈ.**' જ્ઞાયકસ્વરૂપ તો જ્ઞાયકરૂપે જ છે. આહાહા..! પર્યાયમાં વિપરીત ભાવ થયા બધું થયું ભલે, વસ્તુ તો વસ્તુ તરીકે છે. આહાહા..! વસ્તુ એ શુભાશુભભાવમાં આવી નથી, તેમ કર્મ બંધાણા એમાં આત્મા આવ્યો નથી. સમજાણું કાંઈ? એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી ગમે તેવી પર્યાય થઈ પણ વસ્તુ તો વસ્તુ તરીકે છે એમાં ત્રિકાળ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વસ્તુ એવી છે. બંધન તો પર્યાયમાં છે. વસ્તુને ક્યાં બંધન છે. એની જ મહિમા છે. આહાહા..!

કીધું ને? અનંતવીર્યનો ધણી પ્રભુ, એનું મહાત્મ્ય એ છે. અનંતજ્ઞાનનો ધણી, અનંત આનંદનો સાહેબો એનું માહાત્મ્ય તો ઈ છે. પણ એની સન્મુખની ભાવનાથી છૂટીને એ વસ્તુની સન્મુખની ભાવનાથી વિમુખ. એમ કહ્યું ને? એવી વિકારી ભાવનામાં

આવીને. પછી ચાહે તો પુણ્ય હોય કે પાપ. એ પુણ્ય અને પાપથી કીધું છે ને? જુઓને! '**બંધનોંકર અચ્છીતરહ બંધા હુઆ...**' પુણ્ય-પાપથી બરાબર બંધાઈ ગયો છે. સમજાણું કાંઈ? છે? ટીકામાં છે ને? '**विधिशब्दवाच्येन कर्मणा भुवनत्रये**' '**पुण्यपापनिगलद्वयेन दृढतंर बद्धः**' એ '**અચ્છીતરહ...**' '**અચ્છીતરહ...**'નું કર્યું ને શેઠે. '**पुण्यपापनिगलद्वयेन दृढतंर बद्धः**' આહાહા..! બેડીમાં બંધાય ગયો, કહે છે. પોતાની ઊંધી ભાવનાથી. આહાહા..!

'**વહી આત્મા પરમાત્માકી પ્રાપ્તિકે રોકનેવાલે ચતુર્ગતિરૂપ સંસારકે કારણસ્વરૂપ કર્મોંકર તીન જગતમેં ગમન-આગમન કરતા હૈ,...**' આહાહા..! ઉપાર્જ્યા છે તો એણે વ્યવહારની ઊંધી પર્યાયથી ને? પરમાર્થથી નથી. વ્યવહારનયની ઊંધી પર્યાયથી, સ્વભાવથી વિરૂદ્ધ ભાવથી કર્મ એને લઈને રખડે છે. આહાહા..! પોતાના ભાવથી, હોં! ઉંધો કર્યો છે એણે? એ ભાવને લઈને રખડે છે. સ્વભાવ એવો નથી.

જ્ઞાતા-દૃષ્ટા, અનંતવીર્ય, અનંતઆનંદ જેનું સ્વરૂપ અને સ્વભાવ, એના ગુણની મર્યાદાની હદ શી? અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતઈશ્વરતા, એવો જે ભગવાન, એની ભાવનાથી વિમુખ. આહાહા..! આ સ્વરૂપ છે તેની ભાવના જોઈએ. એ આવું છે તેની અંદરમાં એકાગ્રતા જોઈએ. એને ઠેકાણે એનાથી વિમુખ રાગમાં એકાગ્રતા (કરે છે). એમ કહે છે મૂળ તો. આહાહા..! એ રાગમાં એકાગ્રતાથી બંધાણો અને રખડે છે. મૂળ તો ઊંધી ભાવના એ જ રખડવાનું કારણ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? શુભાશુભભાવ, શુદ્ધતાના સ્વભાવના આશ્રય વિના ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એની ભાવના વિના વિરૂદ્ધ ભાવની ભાવનાથી રખડે છે. એટલે એનાથી કર્મ થયું, કર્મથી આવ-જા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે આવી વાત કહે તો સાધારણને માટે છે. સંભળાવવું તો 'સમયસાર' તો એમ કહે છે પોતે. '**वोच्छामि समयपाहुडं**' હે શ્રોતાઓ! તમારા જ્ઞાનમાં પણ હું સિદ્ધપણાને સ્થાપું છું. મારા જ્ઞાનમાં પણ હું સિદ્ધ દશાને સ્થાપું છું. એટલે કે લક્ષ દ્રવ્ય ઉપર જાય ને તારું પણ લક્ષ દ્રવ્ય ઉપર જાય. અને તને સંભળાવું છું. ફલાણાને સંભળાવું એમ છે? ત્યાં તો ત્યાં સુધી કીધું છે કે તીવ્ર અપ્રતિબુદ્ધ જીવ છે એને હું સંભળાવું છું. આવે છે? અત્યંત અપ્રતિબુદ્ધ. આહાહા..! ક્યે ક્ષણે એ સવળો ન પડી શકે એમ કેમ માનવું? સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનનો જીવ સિંહના ભવમાં આમ હરણને મારવાને થાપો મારે છે. માંસ.. આહાહા..! કહો. એને ઉપદેશ આપ્યો, અરે..! આત્મા! તું કોણ છો? તું તો દસમાં ભવમાં તીર્થંકર થવાને લાયક તારો આત્મા. તું તીર્થંકરનો જીવ છો. અરે આ! આમ જ્યાં થયું. હવે આમ તો માંસ ખાય છે અને હરણ મારે છે. આહાહા..! ગુલાંટ ખાઈ જાય છે ત્યાં. એમ નહિ કે આને માટે પહેલા શુભભાવ કરે પછી.. સાંભળે ત્યાં શુભભાવ થયો જ. રાગ કરે કે મુનિએ આમ કહ્યું. અરે પ્રભુ! શું છે આ? તું કોણ છો? કેવળીઓએ મને કહ્યું છે કે તું

તીર્થંકરનો જીવ છો. દસમે ભવે તીર્થંકર છો. આહાહા..! એની યોગ્યતા કેવી! મુનિની ભાષા કેવી? એ જંગલમાં રહેનારા સિંહને એ ભાષા કેમ સમજાઈ ગઈ? આહાહા..! હવે એ તો મુનિ ઉપરથી ઉતરે છે. હવે એની ભાષા કઈ અને સમજાણું. એ નિમિત્ત નિમિત્ત સંબંધ જ એવો થઈ જાય. આહાહા..!

આમ કહે છે, અરે આત્મા! ભગવાને કેવળીએ તો અમને કહ્યું છે કે તું તીર્થંકરનો જીવ છો. એ સમજી ગયા ભાષાથી. એ પછી. પહેલું તો સાંભળ્યું. પછી એને વિચાર્યું ઓહો..! આ શું કહે છે? અને એવી સ્થિતિમાં પણ જાતિસ્મરણ થયું એમ જોને. હજી હરણ ઉપર આમ હાથ છે. આહાહા..! અરે એ આત્મા. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિકૃષ્ટ કાળ આત્મજ્ઞાનને માટે નથી. આત્મદર્શનને માટે નિકૃષ્ટ કાળ નથી. એ 'નિયમસાર'માં કહ્યું કે બીજું તારાથી ન થઈ શકે, કાળ એવો છે પણ સાચી શ્રદ્ધા તો બરાબર કર. આવે છે? આહાહા..! શ્રદ્ધામાં કાંઈ ફેરફાર ન રાખ. એ શ્રદ્ધા હશે તો તરી જઈશ તું. એ હાથમાં માર્ગ આવી ગયો. સમજાણું કાંઈ? આહાહા..! એ શ્લોક આવે છે કાંઈક, પણ યાદ ન આવ્યો. એમ કે દર્શનમોહ ગળતો જાય તેમ તેમ સમકિતની શુદ્ધિ થતી જાય એવો એક શ્લોક આવે છે. શેમાં હશે હવે ધવલમાં કે? ગાથા છે. ઘણી ગાથા હોય ને એમાં વાંચ્યું છે. 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'માં, 'ઇષ્ટોપદેશ'માં ક્યાંક છે ગાથા એવી.

જેમ સ્વભાવ તરફનો પુરુષાર્થી શ્રદ્ધાના બળને વધારતો જાય છે, તેમ તેમ દર્શનમોહ ગળતો જાય છે. એકદમ પામે છે ત્યાં એમ નથી લીધું. એ શ્રદ્ધાના સંસ્કાર નાખતો જાય છે ને અંદર. તે પૂર્ણ થશે ત્યારે સમકિત થશે. એમ ક્યાંક ગાથા છે. છે કહ્યું છે, વ્યાખ્યાનમાં કહ્યું છે કે જુઓ ભાઈ, આમાં આમ કહ્યું છે. આચાર્યો, દિગંબર આચાર્યોએ તો ગજબ કામ કર્યા છે! જૈનધર્મને ટેકો રાખીને,.. એવા મુનિઓના પણ વિરહ પડ્યા.

એમ એ મુનિરાજ અહીં જુઓને આ કહે છે. 'યોગીન્દ્રદેવ' મુનિરાજ છે, આ 'પરમાત્મપ્રકાશ'(માં કહે છે), ભગવાન! તારા સ્વરૂપમાં તો જવું-આવવું એવી ક્રિયા છે જ નહિ. એવી તારી ચીજ જ્ઞાતા-દૃષ્ટાના રસથી ભરેલો પ્રભુ, પણ એની ભાવનાથી વિમુખ ભાવ કર્યો એણે પોતે. એનાથી થયા કર્મ, એ ખરેખર તો વિમુખ ભાવને લઈને ગતિ-આગતિ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'આત્મા પરમાત્માકી પ્રાપ્તિકે રોકનેવાલા ચતુર્ગતિરૂપ સંસારકે કારણસ્વરૂપ કર્મોંકર તીન જગતમેં ગમન-આગમન કરતા હૈ, એક ગતિસે દૂસરી ગતિમેં જાતા હૈ. યહાં સારાંશ યહ હૈ કિ...'** વીતરાગ પરમાનંદરૂપ ભગવાનઆત્મા વીતરાગી પરમ આનંદરૂપ પ્રભુ અને **'સબ તરહ ઉપાદેયરૂપ...'** કેવો છે પ્રભુ આ આત્મા? વીતરાગી પરમાનંદરૂપ. આહાહા..! અને **'સબ તરહ ઉપાદેયરૂપ...'** બધી રીતે તે ભગવાન ઉપાદેય એક જ છે. આહાહા..! એના સ્વરૂપથી ભિન્ન (બધું હેય છે). ઉપાદેય તો આ છે કહે છે. સમજાણું કાંઈ? એનાથી **'ભિન્ન જો શુભ-અશુભ કર્મ હૈં, વે ત્યાગને યોગ્ય હૈં.'** આહાહા..! શુભાશુભભાવ છોડવા

લાયક છે, તેનાથી બંધાયેલું કર્મ છોડવા લાયક છે. બધું એક છે. પુણ્ય-પાપમાં લીધું છે ને. કર્મ છોડવા લાયક એટલે કર્મના પછી પ્રકાર લીધા છે. શુભાશુભભાવ પણ એ, બંધાયેલું કર્મ આદિ બધું. એ છોડવાલાયક છે. ઓલા કહે છે કે જડ કર્મ છોડવા લાયક કીધું છે. પણ જડ કર્મની સાથે ત્યાં લીધું છે 'અમૃતચંદ્રાચાર્યે' કે આ ભાવકર્મ પણ સાથે છે એને છોડવા લાયક છે. પુણ્ય-પાપ અધિકાર. આહાહા..! અરે..! રુચે નહિ આ. એમ કે જે ભાવ સંસારમાં દાખલ કરે એ ભાવને કેમ એનો ઉપદેશ દેવો કે આ તું કર.

મુમુક્ષુ :- એ તો આવડે છે.

ઉત્તર :- એ તો આવડે છે અને અનાદિથી કરે છે. આહાહા..!

એ તે દિ' ત્યાં ગયા હતા ને ઓલામાં? આ ડાકુને પૂર્યા હતા એ નહિ? ડાકુને પૂર્યા હતા ને એ ગામમાં.

મુમુક્ષુ :- 'બેગમગઢ'

ઉત્તર :- 'બેગમગઢ' કેવું? 'બેગમગઢ'. ત્યાં બે-ત્રણ વાર રસ્તામાં આવ્યું હતું ને, એ લોકોએ ડાકુને પૂર્યા છે ત્યાં. ડાકુ છે મોટા. ત્યાં અમારો જોડે જ ઉતારો હતો. એને ખબર પડી એ ડાકુઓને. મોટા મોટા ડાકુઓ. મોટા ડાકુઓ. મોટા.. બધાને પુરેલા. એને ... છૂટ આપી. એને જરૂર હોય ત્યારે જાવું. પણ પાછું અહીં આવવું. પછી એને ખબર પડી કે મહારાજ અહીં છે. મહારાજના અમારે દર્શન કરવા છે. જેલમાં. મોટા ડાકુ ત્રણ હતા મહાપાપી. મોટા પાપ કરેલા. અનેક લાખો રૂપિયા ભેગા કરેલા. પણ એને ખબર પડી કે મહારાજ અહીં આવ્યા છે. અમારે રસ્તામાં આવે ને તો બે-ત્રણ-ચાર વાર આવી ગયેલો. ઉતારો બહાર. એને ખબર પડી કે અહીં મહારાજ છે. કહે, અમારે દર્શન કરવા છે. બધા આવ્યા હતા.

કીધું, બાપુ! આત્મા છે એ આવા .. કરે છે. અજ્ઞાનપણે શું ન કરે? ભાઈ! આહાહા..! બધા ડાકુ હતા. ત્રણ મોટા ડાકુ. ૨૦-૨૫ જણા મોટા હતા. બધા બિચારાએ .. હતું. ઓલું .. આપ્યું હતું. આવે છે ને? ફુલમાળા. આ રેશમની નથી આવતી? રેશમની નહિ પણ અમથી કપાસમાં રંગેલી ઊંચી આવે છે ને? સૂતરની. એ ત્યાં લાવ્યા હતા. મૂકી પછી, હાથમાં આપે ને.

મુમુક્ષુ :- ઉતારે આવ્યા હતા?

ઉત્તર :- ના, ના અંદર મારે જાવું પડ્યું. બહાર ન આવે. જેલમાં ગયા હતા અમે. જોડે (હતી) જેલ. સામી જેલ હતી. એને બે દરવાજા હોય છે. એક દરવાજો ઉઘાડીને અંદર બંધ કરે. પછી આમ ... બધા આવ્યા હતા. સાંભળતા હતા. બહુ ખુશી થતા હતા. બાપુ! આત્મા છે, ભાઈ! અપરાધ તો કરે છે જીવ અનાદિથી, પણ એને છોડવું એ વાત છે. આહાહા..!

એમ અપરાધ તો કરે છે અહીં જીવ, એમ કહે છે. એના ફળ તરીકે રખડે છે. સમજાણું કાંઈ? કર્મ રખડાવે.. કર્મ રખડાવે... એટલે? કર્મ બાંધ્યાના ભાવ કોના? પોતાના ભાવ છે

અજ્ઞાન. એનાથી વિમુખ થઈને... આહાહા..! જ્યારે ભગવાનઆત્મા કર્તા-હર્તા વિનાની ચીજ છે, ત્યારે એનાથી વિમુખ થયેલા ભાવ તે કર્તા-હર્તાનું કારણ છે. રખડવાનું કારણ છે. સમજાણું કાંઈ? એ નિરપરાધ તો એક ક્ષણમાં થઈ શકે છે. વસ્તુ નિરપરાધી પડી છે આખી. આહાહા..! બહારથી ખેંચીને અંતરમાં દૃષ્ટિ રાખવાની વસ્તુ, એ તો એનું પોતાનું કામ છે.

અનંતવીર્યનો ધણી છે, અનંત આનંદનો સાહેબો છે. આહાહા..! અનંત આનંદ જ્યાં પડ્યા છે અંદર, ત્યાં એને જાવું છે. એ તો હોંશથી જાય ને? આહાહા..! ઉત્સાહ ઉત્સાહ જોઈએ. વીર્યમાં ઉત્સાહ જોઈએ. સ્વભાવમાં જવા સન્મુખ થવાનો વીર્યનો ઉત્સાહ જોઈએ. પુરુષાર્થહિનના ત્યાં કામ નથી. કાયરના કામ નથી ત્યાં. આહાહા..! 'હરિનો મારગ છે શુરાનો કાયરના નહિ કામ.' એમ પ્રભુનો મારગ છે શુરાનો, વીર્યહિનના ત્યાં કામ નથી. આહાહા..! આ બધા કાર્યકર્તા છે બહારના. અમારે ભાઈ નથી હમણા, નહિ? 'ગીરધરભાઈ' નથી. એ કાર્યકર્તા છે મોટા અમારા 'વઢવાણ'ના. અહીં રહે છે હમણા. 'ગીરધરભાઈ' છે, 'વઢવાણ'ના. શેઠિયા છે અહીંના અને કાર્યકર્તા છે. હમણા અહીં જ રહે છે. હમણાં ગયા છે. અરે..! કોના કાર્ય? બાપા! સ્વભાવની વિમુખના કાર્ય પણ રખડવાના છે. તો પરના કાર્ય તો ક્યાં કરી શકે છે? સમજાણું કાંઈ? આહાહા..!

પંગુ કરીને શું વર્ણન કર્યું? ભગવાન! તું રાગની ક્રિયા વિનાનો અક્રિય સ્વરૂપ છે. એ રખડે કેમ? એના અક્રિય સ્વરૂપની ભાવનાથી વિરૂદ્ધ ભાવ, જે છોડવા જેવો છે... આહાહા..! એને કરીને રખડે છે. છેલ્લે કહેજો કે એ છોડવા જેવો છે. જે ભાવે રખડે છે, કર્મ બંધાય એ ભાવ છોડવા જેવો છે. જુઓ!

'**વીતરાગ પરમાનંદરૂપ...**' આહાહા..! અરે..! એના અસ્તિત્વને, આવું એનું અસ્તિત્વ છે એને સ્વીકારે તો ખરો. આહાહા..! પરમ વીતરાગ આનંદરૂપ ભગવાન '**સબ તરહ ઉપાદેયરૂપ...**' પરમાત્મા પોતે છે. આહાહા..! એના તરફ સન્મુખ થવું અને ઉપાદેય થવું એ સર્વ તરફથી એક જ વાત ઉપાદેય છે. સમજાણું કાંઈ? આહાહા..! જેમાં પર્યાય પણ ઉપાદેય નથી તો શુભાશુભભાવની વાત શું કરવી. આહાહા..! કીધું ને? '**સબ તરહ ઉપાદેયરૂપ પરમાત્મા...**' પોતાનું ત્રિકાળી સ્વરૂપ કીધું. અરે..! ઉત્સાહ તો દે.. ઉત્સાહ તો દે. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ વીતરાગ પરમાનંદરૂપ એ ઉપાદેય છે. એનાથી વિરૂદ્ધ ભાવ તે ત્યાજ્ય છે, એમ કહે છે. આ તો ધર્મની વાત છે, ભાઈ! ધર્મમાં શુભભાવ છોડવાલાયક છે એમ શ્રદ્ધામાં ન લે તો સ્વભાવ તરફ નહિ જઈ શકે. સમજાણું કાંઈ? ત્યાં વળી એમ કહ્યું. નિશ્ચય અને વ્યવહાર બેય ઉપાદેય છે. અને નિશ્ચયને વ્યવહાર બેય હેય છે. કહો. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિર્જરા છે જ નહિ એમાં. હતું જ નહિ. આહાહા..! અશુદ્ધનય છે એ. શુદ્ધ

તો ત્રિકાળી એક જ ઉપાદેય.

અહીં કીધું, એક જ ઉપાદેય સર્વ તરફથી છે. આહાહા..! કોઈ અંશે પણ ઉપાદેય નથી એમ નહિ. સર્વાંશે ઉપાદેય છે. વીતરાગ પરમાનંદરૂપ અને જે '**सब तरह ઉપાદેયરૂપ...**' એવો પરમાત્મા શ્રદ્ધામાં લેવા જેવો છે. આહાહા..! એમ કહે છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બધું એમાં આવી ગયું. શુદ્ધમાં બેય આવી ગયું. જ્ઞાન પણ આવી ગયું. અનંત ગુણ સાથે છે ને. એ ૬૬ થઈ.

---

**अत ऊर्ध्वं भेदाभेदभावनामुख्यताय पृथक् पृथक् स्वतन्त्रसूत्रनवकं कथयति–**

**६७) अप्पा अप्पु जि परु जि परु अप्पा परु जि ण होइ।**
**परु जि कयाइ वि अप्पु णवि णियमेँ पभणहिं जोई।।६७।।**

**आत्मा आत्मा एव परः एव परः आत्मा परः एव न भवति।**
**पर एव कदाचिदपि आत्मा नैव नियमेन प्रभणन्ति योगिनः।।६७।।**

**अप्पा अप्पु जि परु जि परु अप्पा परु जि ण होइ आत्मात्मैव पर एव परः आत्मा पर एव न भवति। परु जि कयाइ वि अप्पु णवि णियमें पभणहिं जोइ पर एव कदाचिदप्यात्मा नैव भवति नियमेन निश्चयेन भणन्ति कथयन्ति। के कथयन्ति। परमयोगिन इति। तथाहि। शुद्धात्मा केवलज्ञानादिस्वभावः शुद्धात्मात्मैव परः कामक्रोधादिस्वभावः पर एव पूर्वोक्तः परमात्माभिधानं तदैकस्वस्वभावं त्यक्त्वा कामक्रोधादिरूपो न भवति। कामक्रोधादिरूपः पर क्वापि काले शुद्धात्मा न भवतीति परमयोगिनः कथयन्ति। अत्र मोक्षसुखादुपादेयभूतादभिन्नः कामक्रोधादिभ्यो भिन्नो यः शुद्धात्मा स एवोपादेय इति तात्पर्यार्थः।।६७।।**

---

**इसप्रकार कर्मकी शक्तिके स्वरूपके कहनेकी मुख्यतासे आठवें स्थलमें आठ दोहे कहे। इससे आगे भेदाभेदरत्नत्रयकी भावनाकी मुख्यतासे जुदे जुदे स्वतन्त्र नौ सूत्र कहते हैं –**

**गाथा–६७**

**अन्वयार्थ :– [ आत्मा ] निजवस्तु [ आत्मा ] एव आत्मा ही है, [ परः ] देहादि पदार्थ [ परः एव ] पर ही हैं, [ आत्मा ] आत्मा तो [ परः न एव ] परद्रव्य नहीं [ भवति ] होता, [ पर एव ] और परद्रव्य भी [ कदाचिदपि ] कभी आत्मा नैव आत्मा नहीं होता, ऐसा [ नियमेन] निश्चयकर [ योगिनः ] योगीश्वर [ प्रभणन्ति ] कहते हैं।**

**भावार्थ :– शुद्धात्मा तो केवलज्ञानादि स्वभाव है, जड़रूप नहीं है, उपाधिरूप नहीं है, शुद्धात्मस्वरूप ही है। पर जो काम–क्रोधादि पर वस्तु भावकर्म द्रव्यकर्म नोकर्म हैं, वे पर ही हैं, अपने नहीं है, जो यह आत्मा संसार–अवस्थामें यद्यपि अशुद्धनिश्चयनयकर काम क्रोधादिरूप**

**हो गया है, तो भी परमभावके ग्राहक शुद्धनिश्चयनयकर अपने ज्ञानादि निजभावको छोड़कर काम क्रोधादिरूप नहीं होता, अर्थात् निजभावरूप ही है। ये रागादि विभावपरिणाम उपाधिक हैं, परके संबंधसे हैं, निजभाव नहीं हैं, इसलिये आत्मा कभी इन रागादिरूप नहीं होता, ऐसा योगीश्वर कहते हैं। यहाँ उपादेयरूप मोक्ष-सुख (अतीन्द्रिय सुख) से तन्मय और काम-क्रोधादिकसे भिन्न जो शुद्धात्मा है, वही उपादेय है, ऐसा अभिप्राय है।।६७।।**

---

**ત્યાર પછી ભેદાભેદ ભાવનાની મુખ્યતાથી પૃથક્ પૃથક્ સ્વતંત્ર નવ ગાથા સૂત્રો કહે છે :-**

**ભાવાર્થ :- કેવળજ્ઞાનાદિ જેનો સ્વભાવ છે એવો શુદ્ધાત્મા તે શુદ્ધ આત્મા જ છે, કામક્રોધાદિ જેનો સ્વભાવ છે એવો પર તે પર જ છે. પૂર્વોક્ત પરમાત્મા નામનો શુદ્ધાત્મા તેના એક (કેવળ) સ્વભાવને છોડીને કામક્રોધાદિરૂપ થતો નથી, કામક્રોધાદિ પર કોઈ પણ સમયે શુદ્ધ આત્મારૂપ થતાં નથી, એમ પરમયોગીઓ કહે છે.**

**અહીં, ઉપાદેયભૂત મોક્ષસુખથી અભિન્ન અને કામક્રોધાદિથી ભિન્ન જે શુદ્ધાત્મા છે તે જ ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૬૭.**

---

## ગાથા-૬૭ ઉપર પ્રવચન

૬૭. '**ઈસપ્રકાર કર્મકી શક્તિકે સ્વરૂપકે કહનેકી મુખ્યતાસે આઠવેં સ્થલમેં આઠ દોહે કહે. ઈસસે આગે ભેદાભેદરત્નત્રયકી ભાવનાકી મુખ્યતાસે જુદે જુદે સ્વતંત્ર નૌ સૂત્ર કહતે હૈં-**' ભેદાભેદરત્નત્રયની ભાવના. છે તો અભેદરત્નત્રયની ભાવના. પણ સાથે રાગ છે એને આરોપિત કરીને એની આરાધના ભાવનાની મુખ્યતાથી કહેવામાં આવે છે. સમજાણું? ભેદરત્નત્રય તો રાગ છે. પણ અહીંયાં નિશ્ચયનું અભેદરત્નત્રય જે છે, એની સાથે એવો રાગ છે તેથી તેને સહચર ગણીને આરાધનાનો આરોપ આપ્યો છે. ખરેખર એનું આરાધવું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદાભેદ... ભેદ છે. એ તો રત્નત્રયની નિરૂપણની દશા છે. રત્નત્રય તો અભેદ થયું એક જ છે. પણ મોક્ષમાર્ગ, એના આશ્રયે થયેલો નિશ્ચય એક જ છે. પણ મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. મોક્ષમાર્ગ એટલે પર્યાય, નિર્મળ પર્યાય મોક્ષમાર્ગ છે એની સાથે રાગ મોક્ષમાર્ગ છે એ આરોપિત કથન છે. જ્ઞાન કરવા માટે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભાવના .. ભાષા એમ આવે છે. મોક્ષમાર્ગ બે કહ્યો ને. એમ આ બે. .. એ બે કહ્યું. બે નથી. ખરેખર તો એક જ છે. બીજાને નિમિત્ત સહચર દેખીને આરોપ

કરીને કહ્યું છે. એવી વાત છે, ભાઈ! આહાહા..! એકલી ગાથા પકડે પણ કઈ નયની અપેક્ષા છે એ ન સમજે તો તો વિરોધ આવે. આહાહા..! અરે..! પરમાત્મ સ્વરૂપને પામવાના કાળમાં આગ્રહ આવા કરે એ ન ચાલે. પ્રભુ! તને નુકસાન કરશે. આહાહા..! બે કહ્યા છે ને? પણ એનો અર્થ શું? મોક્ષમાર્ગ બે કહ્યા નથી? પણ છતાં એક મોક્ષમાર્ગ છે તે સાચો છે અને બીજો ઉપચારિક કથન કર્યું છે. નિરૂપણ બે પ્રકારે છે. એમ આ નિરૂપણ બે પ્રકારે છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૧૪, રવિવાર
## તા. ૨૫-૦૭-૧૯૭૬, ગાથા-૬૭-૬૮, પ્રવચન નં. ૪૪

'**શુદ્ધાત્મા તો કેવળજ્ઞાનાદિ સ્વભાવ હૈ,...**' આત્મા ત્રિકાળી શુદ્ધ આત્મા વસ્તુ એ તો એકલા જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ સ્વરૂપ છે. કેવળ એટલે એકલું, કેવળ (-જ્ઞાનની) પર્યાય નહિ. એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ એવો શુદ્ધાત્મા એનો સ્વભાવ છે. '**જડરૂપ નહીં હૈ,...**' એ શરીરરૂપ નહિ, રાગરૂપ નહિ. એ આત્મા ઉપાદેય-દૃષ્ટિમાં ગ્રહણ કરવા લાયક છે એમ કહેવું છે. આવી વાત છે. '**ઉપાધિરૂપ નહીં...**' ભગવાનઆત્મા એનો દ્રવ્ય સ્વભાવ, નિત્ય સ્વભાવ એ જ્ઞાન ને આનંદ એનું સ્વરૂપ સ્વભાવ છે. એ કદી રાગરૂપ થયો નથી. શરીરરૂપ તો થયો નથી પણ રાગરૂપ એ વસ્તુ થઈ નથી. આહા..!

'**ઉપાધિરૂપ નહીં હૈ,...**' ચૈતન્યબિંબ પ્રભુ જે સમ્યગ્દર્શનનો વિષય, જે પર્યાયમાં ઉપાદેય કરવા લાયક એવો જે શુદ્ધાત્મા તે રાગરૂપ થયો નથી. '**શુદ્ધાત્મસ્વરૂપ હી હૈ.**' એ તો શુદ્ધ ચૈતન્યઘન નિર્મળાનંદ પ્રભુ (છે). '**પર જો કામ-ક્રોધાદિ પર વસ્તુ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ હૈં, વે પર હી હૈં,...**' ઈચ્છા, ક્રોધ, રાગ, દ્વેષ, દયા, દાનના ભાવ, જડ કર્મ ને શરીર એ બધા પર છે. '**અપને નહીં હૈ,...**' એ સ્વરૂપમાં નહિ, સ્વરૂપના નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જો યહ આત્મા...**' ત્યારે કહે કે છે ને પર્યાયમાં? '**સંસાર-અવસ્થામેં યદ્યપિ અશુદ્ધનિશ્ચયનયકર...**' પર્યાયમાં અશુદ્ધતા છે એ '**અશુદ્ધનિશ્ચયનયકર કામ-ક્રોધાદિરૂપ હો ગયા હૈ,...**' પર્યાયમાં અશુદ્ધનિશ્ચયથી, શુદ્ધનિશ્ચય તો ત્રિકાળ શુદ્ધ છે. આહાહા..! એ જ આદરણીય છે પણ એની પર્યાયમાં અશુદ્ધનિશ્ચયથી કામ-ક્રોધાદિરૂપે થયા છે. '**તો ભી પરમભાવકે ગ્રાહક શુદ્ધનિશ્ચયનયકર...**' આહાહા..! તોપણ ત્રિકાળી એનો સ્વભાવ જે છે એ દૃષ્ટિથી એને જોવો તો... પરમભાવ ગ્રાહક (અર્થાત્) ત્રિકાળી સ્વભાવને જાણનારી, ગ્રહનારી એવી જે શુદ્ધનિશ્ચયનય... છે? '**અપને જ્ઞાનાદિ એક સ્વભાવકો છોડકર...**' એક શબ્દ રહી ગયો છે. અંદર સંસ્કૃતમાં છે. '**શુદ્ધનિશ્ચયકર અપને જ્ઞાનાદિ**

**એક નિજસ્વભાવ...**' એક નિજસ્વભાવ એમ. એકરૂપ જે ત્રિકાળ સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! ચિદ્દ્ઘન પ્રભુ જ્ઞાનસ્વભાવી વસ્તુ એ શુદ્ધનિશ્ચયથી એને જોઈએ તો એક સ્વભાવી જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છે. એણે કોઈ દિ' એના નિજ સ્વભાવને છોડ્યો નથી. આહાહા..!

વસ્તુ છે એનો જે જ્ઞાન આનંદ આદિ સ્વભાવ (છે એ) શુદ્ધ નિશ્ચયથી જુઓ તો એણે કોઈ દિ' છોડ્યો નથી અને રાગને ને કામ-ક્રોધને કે વિકલ્પને કોઈ દિ' ગ્રહ્યા નથી. આહાહા..! આવી વાત છે. '**કામ-ક્રોધાદિરૂપ નહીં હોતા, અર્થાત્ નિજભાવરૂપ હી હૈ.**' શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિથી જોઈએ તો નિજભાવરૂપ શુદ્ધ એકરૂપ ત્રિકાળ સ્વભાવ છે અને એ જ ઉપાદેય છે. પર્યાયમાં ઉપાદેય (અર્થાત્) એની સન્મુખ થઈને તેનો જ આદર કરવા જેવું છે. આહાહા..! આ ધર્મની રીત છે. અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રય જે છે એ રૂપે નિજ સ્વભાવ કદી થયો જ નથી. શું છે?

મુમુક્ષુ :- કામ-ક્રોધાદિ...

ઉત્તર :- કામ-ક્રોધાદિ વિકાર છે. વિકાર આવ્યું ને? વ્યવહાર રત્નત્રય વિકાર છે, શુભરાગ છે. જો કે પર્યાયમાં અશુદ્ધ નિશ્ચયથી હો પણ એ તો પર્યાયમાં અશુદ્ધ છે, વસ્તુમાં નથી. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. રાગાદિરૂપ નથી થતો. એ આવ્યું કે નહિ?

'**નિજભાવરૂપ હી હૈ. યે રાગાદિ વિભાવપરિણામ ઉપાધિક હૈં,...**' શું આવ્યું? આવ્યું કે નહિ ઈ? આહાહા..! ભગવાન ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ રાગની ઉપાધિથી રહિત છે, સ્વભાવના એકરૂપ સ્વભાવથી ભરેલું એ તત્ત્વ છે. વીતરાગ માર્ગ ઝીણો (છે), બાપુ! લોકોએ બહારથી માનીને મનાવ્યું છે, એ વીતરાગ માર્ગ નથી. આહાહા...!

મુમુક્ષુ :- માન્યો મનાવ્યો છે ને.

ઉત્તર :- આ મનાવ્યું છે. રાગથી ધર્મ ને પુણ્યથી વ્યવહારથી ને એ શુભરાગથી (ધર્મ છે). એ જ વાંધા ઉઠ્યા છે ને બધાના? શુભ ઉપયોગ છે એ જ અત્યારે કરવા જેવો છે. આહાહા..! ભાઈ! એ તો અનંતકાળથી કરે છે. જે સ્વભાવમાં નથી એવી પર્યાયમાં શુભભાવ તો અશુદ્ધ નિશ્ચયથી અનાદિથી કરી રહ્યો છે, એ કાંઈ નવી ચીજ નથી. નવી તો એ શુદ્ધભાવથી શુભથી ભિન્ન ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગમૂર્તિ પ્રભુ છે તેને ઉપાદેય કરવો એનું નામ ધર્મ છે.

મુમુક્ષુ :- વીતરાગ મૂર્તિ તો ત્યાં (મંદિરમાં) છે.

ઉત્તર :- અહીં છે. એ તો સ્થાપના નિક્ષેપ છે. આ ભાવનિક્ષેપ છે. એ તો સ્થાપના છે. ભાવ સ્વરૂપ અહીં છે. વીતરાગ સ્વરૂપી શુદ્ધાત્મા એકલો જ્ઞાન સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, અકષાય સ્વરૂપ એવો ભગવાન નિત્યાનંદ પ્રભુ પર્યાયમાં ઉપાદેય છે. એ તો છે એ છે. આહાહા..! એના તરફની દૃષ્ટિ કરવી એ જ એનું ઉપાદેયપણું છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ!

'**એસા યોગીશ્વર કહતે હૈં.**' મુનિઓ એમ કહે છે કે ત્રિકાળી સ્વભાવ ભગવાનઆત્મા એ કદી રાગરૂપ, વ્યવહારરૂપ થયો જ નથી અને પર્યાયમાં થયો છે એ તો અશુદ્ધનયનો વિષય છે એટલે કે વ્યવહારનો વિષય છે. એ વસ્તુ નથી. આહાહા..! જેમાં જન્મ-મરણ ને જન્મ-મરણના ભાવ નથી પણ એના ભાવ વિનાનો સ્વભાવ જેમાં છે એનો આશ્રય કરવાથી જન્મ-મરણ મટે એવું છે. આ ચોર્યાસીના અવતાર, એક એક ભવના દુઃખનું વર્ણન શાસ્ત્રમાં (આવે છે). નિગોદના જીવો એક શ્વાસમાં અઢાર ભવ કરે. એ દુઃખની કેટલી પરાકાષ્ટા! આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથનો આશ્રય લીધો નહિ, એને સ્વીકાર્યો નહિ કે હું પૂર્ણાનંદ સ્વરૂપ છું. એને લઈને અશુદ્ધ પરિણતિમાં પુણ્ય ને પાપના ભાવમાં રોકાઈ અને એણે પરિભ્રમણ કર્યું. સમજાણું કાંઈ?

'**યહાં ઉપાદેયરૂપ મોક્ષ-સુખ સે તન્મય...**' એટલે? ભગવાનઆત્મા અતીન્દ્રિય સુખથી અભિન્ન છે. મૂળ શબ્દ અભિન્ન છે. એનો અર્થ તન્મય કર્યો છે. ટીકામાં '**मोक्षसुखादुपादेयभूतादभिन्नः**' ભાઈ! પેલા રાગાદિને ભિન્ન કહેવા છે ને એટલે મોક્ષના સુખને અભિન્ન કહેવું છે. સંસ્કૃતમાં છે. હેઠેથી સંસ્કૃતની બીજી લીટી. આહા..! એટલે '**मोक्षसुखादुपादेयभूतादभिन्नः**' આહાહા..! એવો શુદ્ધાત્મા... આહાહા..! જે પરમાનંદનો નાથ પ્રભુ મોક્ષના સુખથી તે અભિન્ન છે અને કામ-ક્રોધાદિના વ્યવહાર વિકલ્પથી ભિન્ન છે. આહાહા...! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

કાલે કાગળ આવ્યો હતો. કો'કનો છે કે હું સાંભળવા આવ્યો હતો પણ મને કાંઈ સમજાણું નહિ.

મુમુક્ષુ :- દિવ્યધ્વનિ જેવું લાગે છે.

ઉત્તર :- ઈ બોલ્યા હતા કે તમે હસતા-હસતા કાંઈક વાત કરતા હતા એથી જાણે દિવ્યધ્વનિ હોય એવું લાગતું હતું. પણ શું કહે છે (એ સમજાણું નહિ). વાત તો એવી લાગતી હતી કે જાણે હસતા કહેતા દિવ્યધ્વનિ આવતી હોય! એમ લખ્યું છે. કાગળ આવ્યો છે ને કાલે? કાલે વાંચ્યો. પણ કાંઈ સમજ્યો નથી, મને હવે સમજવાની જિજ્ઞાસા છે. પુસ્તકો મફત મોકલો એમ લખ્યું છે. આહાહા..!

પ્રભુ! તું અનાદિથી અજાણ્યો રહ્યો. શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એ અનાદિથી અજાણી રહી અને શુભાશુભભાવનો જાણપણાનો પરિચય કર્યો. આહાહા..! એ શુભભાવ કાંઈ નવી ચીજ નથી. એમ કહે છે કે તમે શુભભાવનું હવે કાંઈક કહો, સુધારો કરો. શુભભાવને હેય બતાવો છો એને સુધારો એમ કહે છે. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- વ્યવહાર રત્નત્રય છે ને!

ઉત્તર :- એ તો અનાદિથી છે, એ નવી ક્યાં ચીજ છે? એ તો શુદ્ધ ચૈતન્યના સ્વભાવનું ભાન દશા થાય એને વ્યવહાર રત્નત્રયનો આરોપ શુભભાવમાં અપાય. લ્યો! આટલું આવે. જેને ભગવાનઆત્મા વીતરાગ આનંદનો નાથ પ્રભુ પૂર્ણ સ્વરૂપ છે એને જેણે ઉપાદેય કરીને નિશ્ચયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું છે એને જે રાગાદિ છે એને

વ્યવહાર રત્નત્રય અને પરંપરા મોક્ષનું કારણ (છે) એમ એને આરોપ કરીને કહેવાય છે. સમજાણું કાંઈ? છે, વસ્તુ નથી પણ બંધનું કારણ છે. એને આરોપથી મોક્ષનું કારણ કહ્યું. એ કીધું ને? આહાહા..! આવી વાત છે, બાપુ! એણે કોઈ દિ' નિજ સ્વભાવનું અવલંબન લીધું નથી. આ રાગના ઓથે આલંબન લઈને પડ્યો છે, એમાં એને મજા પડે છે, એ રખડવાના રસ્તા છે. આહાહા..! આરોપિત એ વસ્તુ છે. કીધું ને નિશ્ચય સમ્યગ્દર્શન.

મુમુક્ષુ :- લોકો ભ્રમમાં પડી જાય.

ઉત્તર :- લોકો ભ્રમમાં પડી જાય એ એ... ન સમજે એ તો ભ્રમમાં પડ્યા જ છે. આત્માનો શુદ્ધ ચૈતન્ય ભગવાન આનંદ સ્વરૂપ એની શ્રદ્ધા ઉપાદેય કરીને નિશ્ચય સમ્યગ્દર્શન થયું, એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ જે છે તેને સહજ નિમિત્તરૂપે દેખી, સહચર દેખી ઉપચારથી વ્યવહારે તેને સમકિત કહ્યું છે. આટલા શબ્દ છે. છે? 'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમા અધ્યાયમાં (આવે છે). આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સીધુ કીધું છે ને બંધનું જ કારણ કીધું છે. પણ અહીંયાં આ છે એનો આરોપ દઈને સહચર સાથે દેખીને આરોપથી વ્યવહાર કહ્યો છે. એ નથી? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં. આહાહા..! બહુ સરસ વાત. અને એણે તો ત્યાં સુધી કહ્યું કે આ લક્ષણ જે બાંધુ છું એ નિશ્ચય (અને) સર્વ વ્યવહારનું લક્ષણ સર્વત્ર જાણવું. આહાહા..! જ્યાં ક્યાંય રાગને સાધક તરીકે કીધો હોય ત્યાં પણ તેને ઉપચારથી, વ્યવહારથી, આરોપથી સાધન કહ્યું છે. ખરું સાધન તો ભગવાનઆત્મા રાગથી ભિન્ન પડીને અનુભવની ક્રિયા કરે, પ્રજ્ઞાછીણી છેદી રાગથી ભિન્ન પાડે એ સાધન છે. આહાહા..!

મુમુક્ષુ :- અનુભવની રીત બતાવો.

ઉત્તર :- રીત આ છે. આહાહા..! અને જેમાં આનંદ આવે એને સાધકપણું કહીએ. રાગ આવે એમાં તો દુઃખ આવે છે. વ્યવહાર રત્નત્રયનો રાગ છે એ તો દુઃખ છે. દુઃખને મોક્ષના ઉપાયમાં આરોપથી કથન (કર્યું છે). એ તો આરોપથી કથન છે, નિરૂપણની શૈલી છે, વસ્તુસ્થિતિ એ નથી. આહાહા..!

અરે..! ભગવાન આવો વખત મળ્યો, ભાઈ! જગતને આમ જોઈએ છીએ. આહાહા..! કેટલા જીવો પડ્યા છે થરના થર, આ લીમડા જુઓ! ઓહોહો..! પાંદડાની એક કટકીમાં અસંખ્ય જીવ જામીને પડ્યા (છે). બિચારા કે દિ' માણસ થાય? તરવાના ઉપાયને સાંભળવાનું કે દિ' મળે એને? આહાહા..! આવી દુર્લભ ચીજ છે એને સમજી લે કહે છે. આહાહા...! દુર્લભ કીધું છે. આ ૮૫ મી ગાથામાં કાલે આવ્યું હતું ને? '**कालु लहेविणु जोइया**' એના અર્થમાં હતું એકેન્દ્રિય, બેઈન્દ્રિય ને ત્રણેન્દ્રિય કરતાં... કરતાં... કરતાં... કરતાં... એમ લીધું છે, હોં! ૮૫ નહિ? ૮૫ છે ને? કાલે નહોતી યાદ આવતી એ યાદ આવી હતી ને ઈ.

'**कालु लहेविणु जोइया**' ૮૫ (ગાથા). એ કાળની લબ્ધિ પામીને હે યોગી! '**जिमु जिमु**

**मोहु गलेइ तिमु तिमु दंसणु लहइ जिउ णियमें अप्पु मुणेइ**' આહાહા..! એ પછી એમાં ખુબ ખુલાસો કર્યો છે. '**એકેન્દ્રીયસે વિકલત્રય ... દુર્લભ હૈ, વિકલત્રયસે પંચેન્દ્રિય, પંચેન્દ્રિયસે સૈની પર્યાપ્ત, ઉસસે મનુષ્ય હોના કઠિન હૈ. મનુષ્યમેં ભી આર્યક્ષેત્ર, ઉત્તમકુલ, શુદ્ધાત્માકા ઉપદેશ આદિ મિલના...**' આહાહા..! જૈનમાં જન્મ હોય ને પાછો શુદ્ધાત્માનો ઉપદેશ મળવો..! આહાહા..! '**દુર્લભ સામગ્રી મિલને પર ભી જૈન-શાસ્ત્રોક્ત માર્ગસે મિથ્યાત્વાદિકે દૂર હો જાનેસે આત્મસ્વરૂપકી પ્રાપ્તિ હોતે હુએ, જૈસા જૈસા મોહ ક્ષીણ હોતા જાતા હૈ, વૈસા શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ, એસા રુચિરૂપ સમ્યક્ત્વ હોતા હૈ.**' આહાહા..!

કેટલું દુર્લભ છે. અરે..! એને ભૂલી ન જા, ભાઈ! બહારના રસના પ્રેમમાં કાળ ચાલ્યો જશે તો એ તો જે અનંતકાળ કર્યું છે એ માયલું છે. ભગવાન અનંત આનંદનો નાથ પ્રભુ છે ને! આનંદની નિધિ છે, જ્ઞાનની નિધિ છે, શ્રદ્ધાની નિધિ છે, શાંતિની નિધિ છે. આહાહા..! ઈશ્વર શકિતઓની એ નિધિ છે. એને તું સાધારણમાં ન ખપવી નાખ, ભાઈ! એ શુભ ઉપયોગથી ને એમાંથી થાશે. ભાઈ! એ તો સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે, વિરુદ્ધ ભાવથી સ્વભાવભાવ થાય?

મુમુક્ષુ :- અશુભથી તો બચશે ને?

ઉત્તર :- એ બચે એ કોણ? જે સમકિતી હોય ઈ. જેને શુદ્ધ ચૈતન્યનું ભાન થયું છે એને શુભરાગમાં અશુભથી બચવું થાય છે, મિથ્યાદૃષ્ટિને તો આખી દૃષ્ટિ જ ત્યાં પડી છે, અશુભથી બચે છે ક્યાં ઈ? ભાઈ! 'દેવીલાલજી'! ભગવાન! આવું તારું સ્વરૂપ છે ને? એને પામરમાં ન નાખ. આહાહા..! ભાઈ! તને નુકસાન છે એમાં. દુનિયા રાજી થશે ને તું રાજી થઈશ. આહાહા..! શુભભાવ થાય છે ને... શુભભાવ થાય છે ને... ભાઈ! એ શુભભાવ તો નિગોદમાં પણ અનંતવાર કર્યો છે. નિગોદમાં પણ શુભભાવ અનંતવાર કર્યો છે. એ કોઈ ચીજ નથી. આહાહા..! ભગવાન શુભભાવની પાછળ... ઈ અહીં કહ્યું મહાપ્રભુ પડ્યો છે ને! આહાહા..! જે પોતે કદી શુભરાગ (રૂપ) થયો જ નથી. આહાહા..! અને રાગ તે શુદ્ધાત્મારૂપે કદી થયો નથી. આહાહા..!

મુમુક્ષુ :- શુદ્ધાત્માની પર્યાયબુદ્ધિમાં રાગ છે.

ઉત્તર :- એ હવે પછી આવશે. અહીં તો હજી અહીં ૬૭ સુધી લીધું. હવે ૬૮ (ગાથામાં) આગળ આવશે, આગળ વધતી જાય છે ને ગાથા. આહાહા..!

'**ઉપાદેયરૂપ મોક્ષ-સુખ સે તન્મય...**' અભિન્ન. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદથી તન્મય છે. અંદર સ્વભાવમાં અતીન્દ્રિય આનંદથી અભિન્ન છે એ. આહાહા..! '**કામ-ક્રોધાદિકસે ભિન્ન છે જો શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય હૈ, એસા અભિપ્રાય હૈ.**' લ્યો! હવે આગળ વધીને જાય છે. આ ૬૮ ગાથા તો બહુ ઊંચી છે. ૩૨૦ ગાથાની ટીકામાં પણ આ નાખ્યું છે, 'જયસેનાચાર્ય'ની ટીકામાં. ૩૨૦ (ગાથા) હમણાં 'મુંબઈ' વંચાય ગઈ છે. હજારો (માણસો), દસ-દસ હજાર માણસ, પંદર-પંદર હજાર માણસ. ૩૨૦ ગાથા,

'જયસેનાચાર્ય'ની (ટીકા છે) એમ આ ગાથા છે. હવે તો લોકો સાંભળે છે, સાંભળે છે. બાપુ! સાંભળો, ભાઈ! અરે..! ભગવાન પક્ષને છોડી દ્યો! ફલાણા આમ કહેશે ને ઢીંકણા આમ (કહેશે, એ) રહેવા દે, બાપા! ત્રણલોકના નાથ જિનવરદેવ શું કહે છે એને જોને તું. આહાહા..!

એ પરમાત્મા તો એમ કહે છે કે ત્રિકાળી શુદ્ધ આત્મા જે છે એ રાગરૂપ થયો નથી. આહાહા..! અને રાગ છે તે શુદ્ધાત્મારૂપ થયો નથી. અહીં સુધી ૬૭ મી ગાથાએ વાત કરી. હવે ૬૮ માં આગળ લઈ જાય છે. અલૌકિક વાત છે, બાપુ! તાકડે વળી રવિવાર છે. અમારે આ 'ભાવનગર'વાળા આવ્યા છે ને, 'મનસુખભાઈ' ને 'જયંતિભાઈ' ને.

મુમુક્ષુ :- તમારા ભાવનગરવાળા છે?

ઉત્તર :- 'ભાવનગર' વાળા એ અમારા છે. જે 'ભાવનગર'વાળા હોય એ બધા છે. એ તો આ લોકો રવિવારે આવે છે ને, રવિવારે આવે છે.

મુમુક્ષુ :- પણ અમે તમારા છીએ કે નહિ?

ઉત્તર :- અહીં કોઈના નથી. આહા..! ૬૮. ભાઈ ! આ સમજાય છે? અશુદ્ધનય! ભાઈએ પૂછ્યું.

શુદ્ધનિશ્ચય એ વસ્તુ. વસ્તુને શુદ્ધનિશ્ચય કીધી, પરમ શુદ્ધનિશ્ચય. ત્રિકાળ. અને પર્યાયમાં અશુદ્ધતા... અરે..! શુદ્ધતા હોય તોપણ તેને અશુદ્ધનય કહે છે. પર્યાયમાં શુદ્ધતા... ૪૭ નય આવે છે ને? 'પ્રવચનસાર'. ૪૬, ૪૭ છેલ્લી (નય). માટીને એના વાસણવાળી દશાથી જુઓ તો તે અશુદ્ધનય છે. એમ ભગવાનઆત્માને પર્યાયનયથી જોવો (તો) એ અશુદ્ધ છે. સમજાણું કાંઈ? માટીને માટીરૂપે એકલી જોવો તે એ શુદ્ધ છે. એમ ભગવાનને એની નિર્મળ પર્યાયથી પણ ન જોવો (અને) એકલા દ્રવ્યને જોવો એ શુદ્ધ છે. ૪૬, ૪૭ અશુદ્ધનય ને શુદ્ધનય છે ને? આહાહા..! અરે..! દિગંબર સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યા છે. આહા..! કેવળજ્ઞાનના કેડાયતો! એકલો માલ પીરસ્યો છે. એવી વાત ક્યાંય નથી, ભાઈ! સમજાણું કાંઈ? આગળ લઈ જાય છે.

---

**अथ शुद्धनिश्चयेननोत्पत्तिं मरणं बन्धमोक्षौ च न करोत्यात्मेति प्रतिपादयति –**

**६८) ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ॥६८॥**

**नापि उत्पद्यते नापि म्रियते बन्धं न मोक्षं करोति।**
**जीवः परमार्थेन योगिन् जिनवरः एवं भणति॥६८॥**

**नाप्युत्पद्यते नापि म्रियते बन्धं मोक्षं च न करोति। कोऽसौ कर्ता। जीवः। केन परमार्थेन हे योगिन् जिनवर एवं ब्रूते कथयति। तथाहि। यद्यप्यात्मा शुद्धात्मानुभूत्यभावे सति शुभाशुभोपयोगाभ्यां परिणम्य जीवितमरणशुभाशुभबन्धान् करोति। शुद्धात्मानुभूतिसद्भावे तु**

शुद्धोपयोगेन परिणम्य मोक्षं च करोति तथापि शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन न करोति। अत्राह शिष्यः। यदि शुद्धधद्रव्यार्तिकलक्षणेन शुद्धनिश्चयेन मोक्षं च न करोति तर्हि शुद्धनयेन मोक्षो नास्तीति तदर्थमनुष्ठानं वृथा। परिहारमाह। मोक्षो हि बन्धपूर्वकः, स च बन्धः शुद्धनिश्चयेन नास्ति, तेन कारणेन बन्धप्रतिपक्षभूतो मोक्षः सोऽपि शुद्धनिश्चयेन नास्ति। यदि पुनः शुद्धनिश्चयेन बन्धो भवति तदा सर्वदेव बन्ध एव। अस्मिन्नर्थे दृष्टान्तमाह। एकः कोऩपि पुरुषः शुङ्खलाबद्धस्तिष्ठति द्वितीयस्तु बन्धनरहितस्तिष्ठति यस्य बन्धभावो मुक्त इति व्यवहारो घटते, द्वितीयं प्रति मोक्षो जातो भवत इति यदि भण्यते तदा कोपं करोति। कस्माद्बन्धाभावे मोक्षवचनं कथं घटते इति। तथा जीवस्यापि शुद्धनिश्चयेन बन्धाभावे मुक्तवचनं न घटते इति। अत्र वीतरागनिर्विकल्पसमाधिरतो मुक्तजीवसदृशः स्वशुद्धात्मोपादेय इति भावार्थः।।६८।।

आगे शुद्धनिश्चयनयकर आत्मा जन्म, मरण, बन्ध और मोक्षको नहीं करता है, जैसा है वैसा ही है, ऐसा निरूपण करते हैं –

गाथा–६८

अन्वयार्थ :– [ योगिन् ] हे योगीश्वर, [ परमार्थेन ] निश्चयनयकर विचारा जावे, तो [ जीवः ] यह जीव [ नापि उत्पद्यते ] न तो उत्पन्न होता है, [ नापि म्रियते ] न मरता है [ च ] और [ न बन्धं मोक्षं ] न बंध मोक्षको [ करोति ] करता है, अर्थात् शुद्धनिश्चयनयसे बन्ध–मोक्षसे रहित है, [ एवं ] ऐसा [ जिनवरः ] जिनेन्द्रदेव भणति कहते हैं।

भावार्थ :– यद्यपि यह आत्मा शुद्धात्मानुभूतिके अभावके होने पर शुभ–अशुभ उपयोगोंसे परिणमन करके जीवन, मरण, शुभ, अशुभ, कर्मबंधको करता है, और शुद्धात्मानुभूतिके प्रगट होने पर शुद्धोपयोगसे परिणत होकर मोक्षको करता है, तो भी शुद्ध पारिणामिक परमभाव ग्राहक शुद्धद्रव्यार्थिकनयकर न बंधका कर्ता है और न मोक्षका कर्ता है। ऐसा कथन सुनकर शिष्यने प्रश्न किया, कि हे प्रभो, शुद्धद्रव्यार्थिकस्वरूप शुद्धनिश्चयनयकर मोक्षका भी कर्ता नहीं है, तो ऐसा समझनाचाहिये, कि शुद्धनयकर मोक्ष ही नहीं है, जब मोक्ष नहीं, तब मोक्षके लिये यत्न करना वृथा है। उसका उत्तर कहते हैं – मोक्ष है, वह बंधपूर्वक है, और बंध है, वह शुद्धनिश्चयनयकर नहीं है। जो शुद्धनिश्चयनयसे बंध होता, तो हमेशा बंधा ही रहता, कभी बंधका अभाव न होता। इसके बारेमें दृष्टांत कहते हैं – कोई एक पुरुष साँकलसे बँध रहा है, और कोई एक पुरुष बंध रहित हैं, उनमेंसे जो पहले बंधा था, उसको तो 'मुक्त' (छूटा) ऐसा कहना, ठीक मालूम पड़ता है और दूसरा जो बंधा ही नहीं, उसको जो 'आप छूट गये' ऐसा कहा जाय, तो वह क्रोध करे, कि मैं कब बँधा था, सो यह मुझे 'छुटा' कहता है, बँधा

**होवे, वह छूटे, इसलिये बँधेको तो मोक्ष कहना ठीक है, और बँधा ही न हो, उसे छूटे कैसे कह सकते हैं? उसीप्रकार यह जीव शुद्धनिश्चयनयकर बँधा हुआ नहीं है, इस कारण मुक्त कहना ठीक नहीं है। बंध भी व्यवहारनयकर है, बंध भी व्यवहारनयकर और मुक्ति भी व्यवहारनयकर है, शुद्धनिश्चयनयकर न बंध है, न मोक्ष है, और अशुद्धनयकर बंध है, इसलिये बंधके नाशका यत्न भी अवश्य करना चाहिये। यहाँ यह अभिप्राय है, कि सिद्ध समान यह अपना शुद्धात्मा वीतराग निर्विकल्पसमाधिमें लीन पुरुषोंको उपादेय हैं, अन्य सब हेय हैं।।६८।।**

---

**હવે, શુદ્ધનિશ્ચયનયથી આત્મા જન્મ, મરણ, બંધ અને મોક્ષને કરતો નથી, એમ કહે છે :-**

**ભાવાર્થ :- જો કે આત્મા શુદ્ધ આત્માની અનુભૂતિનો અભાવ હોતાં, શુભાશુભ ઉપયોગરૂપે પરિણમીને જન્મ, મરણ અને શુભ-અશુભ બંધને કરે છે, અને શુદ્ધ આત્માની અનુભૂતિના સદ્ભાવમાં શુદ્ધ ઉપયોગરૂપે પરિણમીને મોક્ષ પણ કરે છે તોપણ શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જન્મમરણ અને બંધમોક્ષને કરતો નથી.**

**અહીં, શિષ્ય પ્રશ્ન પૂછે છે :- જો શુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ શુદ્ધનિશ્ચયનયથી મોક્ષને કરતો નથી તો શુદ્ધનયથી મોક્ષ નથી, તો પછી તેને માટે અનુષ્ઠાન કરવું વૃથા છે?**

**તેનો પરિહાર :- મોક્ષ ખરેખર બંધપૂર્વક છે અને શુદ્ધનિશ્ચયનયથી તો તે બંધ પણ નથી, તે કારણે બંધના પ્રતિપક્ષભૂત એવો મોક્ષ તે પણ શુદ્ધનિશ્ચયનયથી નથી. વળી જો શુદ્ધનિશ્ચયનયથી બંધ હોય તો સર્વદા બંધ જ રહે. આ વિષયના સમર્થનમાં દૃષ્ટાંત કહે છે :- કોઈ એક પુરુષ સાંકળથી બંધાયો છે અને બીજો બંધન રહિત છે. જે બંધાયો છે તેને 'છુટયો' એવો વ્યવહાર ઘટે છે. બીજા પુરુષને (જે પહેલેથી બંધાયો જ નથી તેને) તમે 'છૂટયા' એમ જો કહેવામાં આવે તો તે ક્રોધ કરે છે, કારણ કે બંધ નથી તો પછી મોક્ષનું વચન કઈ રીતે ઘટે? તેવી રીતે શુદ્ધનિશ્ચયનયથી જીવને પણ બંધના અભાવમાં 'મુક્ત' એવું વચન પણ ઘટતું નથી.**

**અહીં સિદ્ધ સમાન પોતાનો શુદ્ધ આત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિરત પુરુષોને ઉપાદેય છે. એવો ભાવાર્થ છે. ૬૮.**

---

## ગાથા-૬૮ ઉપર પ્રવચન

'**શુદ્ધનિશ્ચયનયકર આત્મા જન્મ,...**' નામ એને ઉત્પાદ પર્યાય નથી. મરણ નામ વ્યય એમાં નથી. એને બંધ નથી ને મોક્ષ કરતો નથી. એ ઉત્પાદને કરતો નથી, વ્યયને કરતો નથી, બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી. આહાહા..! પાઠ શું છે?

**૬૮) ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थें जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**

ત્રણલોકના નાથ જિનવર એમ કહે છે. આહા..! જીવ જેને અમે કહીએ... આહાહા..! એ જીવ ઉત્પન્ન થતો નથી, પર્યાયમાં આવતો નથી, પર્યાયને વ્યય કરતો નથી. એ જીવ એને અમે કહીએ છીએ કે તે બંધને કરતો નથી અને તે મોક્ષને ને મોક્ષના કારણને માર્ગને કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો પ્રભુ એક સમયમાં ચૈતન્ય ધાતુએ ધરેલો, ધાતુ એટલે સ્વભાવથી ધારી રાખેલું એવું જે ત્રિકાળી તત્ત્વ એને જિનવર એમ કહે છે, એવો જે જીવ, એ જીવ (છે). આહાહા..! 'અમરચંદભાઈ' ! આહાહા..!

એવો જે જીવ ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ પરમાત્મા પોતે એ મોક્ષના માર્ગને કરતો નથી. આહાહા..! મોક્ષને કરતો નથી, તો બંધ અને બંધના માર્ગને તો કરતો નથી. એ ઉત્પાદ પર્યાયમાં આવતો નથી, એ વ્યય પર્યાયમાં આવતો નથી. આહાહા..! એવા જીવને જિનવર જીવ કહે છે. આહાહા..! 'સમયસાર'ની ૩૨૦ મી ગાથા છે એની ટીકામાં આ ગાથા નાખી છે.

**૬૮) ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थें जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**

ત્રણલોકના નાથ આને જીવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જે સમ્યગ્દર્શનનો વિષય જે જીવ છે એ નથી મોક્ષની પર્યાયને કરતો, નથી મોક્ષને કરતો. આહાહા..! મોક્ષમાર્ગને કરતો નથી. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને જીવ કરતો નથી. આહાહા..! એ પર્યાયને પર્યાય કરે છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની પર્યાયને જીવ કરતો નથી. કેમ?-કે એ પર્યાયમાં ષટ્કારકરૂપે પરિણમવાની પર્યાયની તાકાતથી તે પર્યાય પરિણમે છે. સમ્યગ્દર્શનની પર્યાય કર્તા, કર્મ, પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય સાધન,... આહા..! પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન, પર્યાય કરીને પર્યાય રાખે, પર્યાયનો આધાર પર્યાય. એ એક સમયની સમ્યગ્દર્શનની પર્યાય ષટ્કારકરૂપે પરિણમતી (ઉત્પન્ન થાય છે). એ દ્રવ્ય તે રૂપે પરિણમતું નથી. એ દ્રવ્ય તે સમકિતને કરતું નથી. આહાહા..! 'શેઠ'! આવી વાત છે, બાપા  અરેરે..! એની વાસ્તવિક સત્ય. 'રમણીકભાઈ'! હમણાં વળી ઠીક કર્યું અહીંયાં. ધંધા છોડીને આવ્યા. આ તો સમજવા જેવું છે, બાપા! શું થાય? અરેરે..! દુનિયામાં માર્ગને ફેરફાર કરી નાખ્યો એથી માર્ગ નહિ ફરે. માર્ગ તો માર્ગ રહેશે, ભાઈ! આહાહા..!

અહીં પરમાત્મા એમ કહે છે, '**जिणवरु एउँ भणेइ**' જિનવર ત્રિલોકનાથ તીર્થંકર ઈન્દ્રો ને ગણધરની સભામાં એમ કહેતા હતા. આહાહા..! એમ સંતો કહે છે. આહાહા..! એ વીતરાગી સંત વીતરાગના માલના આડતિયા છે. ઈ કહે છે કે જિનવર આમ કહે છે, પ્રભુ! પણ તમે પણ મુનિ છો ને કહો તો એ વ્યાજબી (છે). પણ (આ) તો જિનવર એમ કહે છે.

આહાહા..! ભાઈ! આ વાદ-વિવાદની વસ્તુ નથી. આ તો અંતરમાં સમાવાની વસ્તુ છે. આહાહા..! જ્યાં ચીજ છે ત્યાં જવા માટે છે. એ જવાની પર્યાયને પણ એ કરતો નથી, કહે છે. આહાહા..! એ ધ્રુવ ભગવાન ઉત્પાદ-વ્યયની પર્યાયને નિર્મળને મોક્ષમાર્ગની પર્યાયને કરતો નથી. 'પંડિતજી'! આહાહા..! આવી વાત છે, ભાઈ! આચાર્યે તો ત્યાં સુધી કહ્યું, '**जिणवरु एउँ भणेइ**' શું કહ્યું? જીવો એને જીવ કહીએ. એને જીવને ભગવાને એમ કહ્યું કે એવો જીવ તે જીવ, તે બંધ ને મોક્ષની પર્યાયને કરતો નથી તે જીવને અમે જીવ કહીએ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જુદો જ છે. પર્યાય ને દ્રવ્ય બે એક છે જ નહિ. આહાહા..! પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે પણ પર્યાયમાં દ્રવ્ય ન આવે. આહાહા..! પરમભાવ સ્વભાવભાવ ભગવાન નિત્યાનંદ પ્રભુ એવો જે જીવ, એ એક સમયની જ્ઞાનની પર્યાયમાં એ આખું તત્ત્વ છે એવું અહીં જ્ઞાન આવે પણ એ દ્રવ્ય અહીં ન આવે. આહાહા..! જુઓ! વીતરાગ માર્ગની બલીહારી. આહાહા..! એક સમયની પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન આવે, લોકાલોક ન આવે. એક પર્યાયમાં આખું દ્રવ્યનું જ્ઞાન આવે, આવી ચીજ છે એવું જ્ઞાન આવે, વસ્તુ ન આવે. આહાહા..! અરે..! આવું માર્ગનું તત્ત્વ છે, ભાઈ!

તું રાગની એકતામાં ભીડાય ગયો, પ્રભુ! ભીંસમાં આવી ગયો છો. પર્યાય ભીંસમાં આવી છે, હોં ! દ્રવ્ય તો દ્રવ્યરૂપે સદાય એકરૂપ રહ્યું છે. એ રાગની ભીંસમાં આવતું નથી, એ મોક્ષમાર્ગની પર્યાયમાં પણ આવતું નથી. આહાહા..! રાગની ભીડમાંથી, ભીંસથી છૂટ્યો તો એ પર્યાયમાં દ્રવ્ય નથી આવતું. આહાહા..! આવી ચીજ છે. ક્યાં છે? બાપુ! આહાહા..! જિનવર ત્રિલોકનાથ એમાં એ દિગંબર ધર્મ એ સનાતન જૈનદર્શન. આહાહા..!

મુમુક્ષુ :- પર્યાય વગરનું દ્રવ્ય તો...

ઉત્તર :- એ તો પરની અપેક્ષાએ પર્યાયનું દ્રવ્ય, સ્વની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય છે. બે છે કે નહિ?-કે એક છે? પર્યાય ને દ્રવ્ય બે વાચક છે ને? તો વાચ્ય બે છે. તો બે ભિન્ન ચીજ છે. ખરેખર તો દ્રવ્ય પર્યાયને અડ્યું નથી. એ નથી આવતું આપણે ૪૯ ગાથામાં? ('સમયસાર'માં) અલિંગગ્રહણમાં. પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહાહા..! ૪૯ માં આવે છે. વ્યકત-અવ્યકતનું એક સાથે જ્ઞાન હોવા છતાં વ્યકતને પ્રભુ સ્પર્શતો નથી. આહા..! પર્યાયને આત્મા અડતો નથી. આહાહા..! જુઓ! એ જિનવરની (કથની)! આહાહા..!

ભાઈ! તારી સ્થિતિ આવી છે. આહાહા..! એને તું લક્ષમાં તો લે. એ ભગવાનઆત્મા, (તેને) લક્ષમાં લેનારી પર્યાયમાં આવતો નથી. આહાહા..! આવું છે, બાપુ! આ તો વીતરાગ સ્વરૂપની વાત છે, ભગવાન! આમાં રાગથી રાજીપા થવા ને હરખ ને હોંશો આદિ બાપા! એ તો ઉન્માદતા છે. અહીં તો પરમાત્મા પોતે જિનવરદેવ એમ કહે

છે કે એને અમે જીવ કહીએ છીએ કે જે જીવ બંધ ને મોક્ષની પર્યાયમાં આવતો નથી, એને કરતો નથી એને અમે જીવ કહીએ છીએ કે ઉત્પાદ-વ્યયની દશામાં એ આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે આકરો લાગે ને માણસને? પેલો બિચારો કહે, હું કાંઈ સમજ્યો નથી. કોઈ દિ' કંઈ સાંભળ્યું ન હોય એટલે બિચારા (એમ કહે). શું થાય? બાપુ! તારા ઘરની વાત છે, ભાઈ! આહાહા..!

આવો જે પર્યાયમાં જે આવતો નથી, મોક્ષની પર્યાયમાં આવતો નથી એવો આત્મા દૃષ્ટિમાં લેવો છતાં એ દૃષ્ટિમાં એ વસ્તુ આવતી નથી. આહાહા..! શ્રદ્ધાની પર્યાયમાં એ વસ્તુ છે એવી શ્રદ્ધા આવે. એ વસ્તુ કેવડી ને જેવડી છે એવી શ્રદ્ધાની પર્યાયમાં આવે છે પણ પર્યાયમાં એ વસ્તુ આવતી નથી. આહાહા..! આ શરાફી ધંધો છે. અમારે શેઠ શરાફ છે ને. આહાહા..! શરાફી ધંધો આ છે, બાપા! આહાહા..! ભાઈ! એને વાદ-વિવાદમાં ન નાખ. સમજાણું કાંઈ? એને જેમ છે તેમ રાખ. આહાહા..! ભાષા જુઓને! આહા..!

'**जिणवरु एउँ भणेइ**' જિનવર એમ કહે છે. એને અમે જીવ કહીએ છીએ કે જે જીવ પર્યાયના મોક્ષમાં આવતો નથી, મોક્ષની પર્યાયને કરતો નથી એને અમે જીવ કહીએ છીએ. આ ગજબ વાત છે! આહાહા..! ગાથા તે ગાથા છે ને!! અમૃત રેડ્યા છે, અમૃત રેડ્યા છે. આહાહા..!

'**ण वि उप्पज्जइ**' એ જીવ ઉત્પાદ પર્યાયમાં આવતો નથી, ગજબ વાત! પ્રભુ! આત્મા તો ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્ છે ને? એ તો પ્રમાણના વિષયનું સત્ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**શુદ્ધનિશ્ચયનયકર...**' એટલે કે ત્રિકાળી વસ્તુને જોનારી નયથી જોઈએ તો '**આત્મા...**' પાઠમાં જીવ છે. અહીં 'આત્મા' શબ્દ લીધો. વળી કોઈ એમ કહે કે જીવ ને આત્મા બે જુદી જાત છે. આ વેદાંતવાળા એમ કહે છે ને? અંતકરણ વિશિષ્ટ તે જીવ ને નિર્મળ તદ્દન ત્રિકાળ તે આત્મા. એમ છે નહિ. આહા..!

'**શુદ્ધનિશ્ચયનયકર...**' ભગવાનઆત્મા ધ્રુવ જે છે તેને અહીંયાં આત્મા કહીએ. આહાહા..! નિત્યાનંદ સ્વભાવ છે તેને અહીંયાં આત્મા કહીએ. એ આત્મા જન્મતો નથી એટલે ઉત્પાદમાં આવતો નથી, મરતો નથી (એટલે) વ્યયમાં આવતો નથી. આહાહા..! ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્ છે ને? પણ એ તો આખા દ્રવ્યની વાત કરી, પણ મૂળ દ્રવ્ય જે ધ્રુવ છે એની વાતમાં આ વાત છે. સમજાણું કાંઈ?

'**જૈસા હૈ વૈસા હી હૈ,...**' આહાહા..! એ તો ભગવાન જેવો છે એવો ને એવો એકરૂપ છે. એકેન્દ્રિયની પર્યાય, સિદ્ધની પર્યાય કે મોક્ષમાર્ગની પર્યાય (હો) બધે ઈ તો જે છે એ છે. આહાહા..! સમજાણું કાંઈ? આજ વળી રવિવાર આવી ગયો છે ને આ ગાથા પણ આવી ગઈ. 'જયંતિભાઈ'! આહાહા..! અરે..! ભગવાન! તું કેવડો ક્યાં છો એની પ્રભુ વાત કરે છે. કેવડો ક્યાં છો? એને અમે આત્મા કહીએ. એ ક્યાં છો?-કેવડો છો? આહાહા..! ત્રણલોકના નાથ જિનવરદેવ દિવ્યધ્વનિ દ્વારા એમ ફરમાવે છે. જીવ એ બંધ ને મોક્ષની પર્યાયને કરતો નથી એમ અમે કહીએ છીએ, એને જીવ કહીએ છીએ. આહા..!

સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે, પર્યાય નહિ. સમ્યગ્દર્શન પર્યાય (છે)... આહાહા..! પણ એનો વિષય છે તે ત્રિકાળી વસ્તુ છે. આહાહા..! એ પર્યાયમાં આખી ચીજ છે એની શ્રદ્ધા આવે પણ શ્રદ્ધાની પર્યાયમાં એ વસ્તુ ન આવે. સમજાય છે કાંઈ? શ્રદ્ધાની પર્યાયમાં એની પાચન શક્તિ શ્રદ્ધામાં છે. અગ્નિ જેમ પચવી નાખે છે ને? ગમે તેવા અનાજ હોય એને (પચવી નાખે). એમ સમ્યગ્દર્શનની પર્યાયમાં પાચન શક્તિ આખો પૂર્ણ પ્રભુ છે તેને પાચન કરી નાખે છે. સમજાણું કાંઈ? એ પ્રતીતિમાં આખા પૂર્ણાનંદને લે છે. છતાં એ પ્રતીતિમાં પૂર્ણાનંદની શ્રદ્ધા લીધી પણ પૂર્ણાનંદનો નાથ શ્રદ્ધાની પર્યાયમાં ન આવ્યો. આહાહા..! 'જયંતિભાઈ'! આવી ચીજ છે, બાપુ! અત્યારે તો ભારે ગડબડ કરી નાખી છે.

અહીં આવ્યું હતું ને? ભેદાભેદરત્નત્રયની ભાવના. પાઠમાં તો એટલું છે-ભેદાભેદ ભાવના. એનો અર્થ ઈ છે. ૬૭ (ગાથામાં) ભાઈ આવ્યું હતું ને? ૬૭. આગળ ભેદાભેદ રત્નત્રયની ભાવનાથી નવ સૂત્ર કહેશે. એ માહ્યલું આ સૂત્ર છે ને. છે? પાઠમાં ભેદાભેદ છે, ભેદાભેદની ભાવના, ખુલાસો ભેદાભેદરત્નત્રય. એ પણ આ કથન છે. સમ્યગ્દર્શન ચારિત્ર જે નિશ્ચય છે આનંદ દાતા એ પર્યાયને અભેદ કહે છે ત્યારે જોડે રાગનો ભાગ છે. શ્રદ્ધાનો વ્યવહારે શ્રદ્ધાનો, જ્ઞાનનો, મહાવ્રતનો વિકલ્પ એને નિમિત્તપણું દેખીને અને સાથે છે માટે ઉપચારથી એને વ્યવહાર રત્નત્રયનું આરાધન કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

અભેદ રત્નત્રયના પરિણામ જેમાં નથી. આહાહા..! અને અભેદ રત્નત્રયના પરિણામમાં આત્મા નથી. એ ભેદ રત્નત્રયમાં આત્મા ક્યાંથી આવ્યો? આહાહા..! માર્ગ એવો છે, બાપુ! એ દેહ વિલાય જશે, ભાઈ! અને કોઈ સાથે નહિ આવે. બહારની અનુકૂળતા લોકો રાજી થયા હશે, રાજી રાખીએ... આહાહા..! એ કોઈ મદદ નહિ કરે, બાપુ! આહા..! જેની શરણે જાવું એ ત્રણલોકનો નાથ છે. આહાહા..! એ શરણે જવાની પર્યાય પણ જેમાં નથી અને જેમાં એ આવતો નથી. આહાહા..!

'કેવળી પણત્તો ધમ્મો શરણં' મોક્ષનો માર્ગ છે, નિશ્ચયે એ શરણ છે. એ શરણની પર્યાયમાં ધ્રુવ આવતો નથી. આહાહા..! એવું આત્માનું શરણ છે. સમજાણું કાંઈ?- કેટલાક બિચારાએ આ વાત સાંભળી ન હોય. આ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ત્યાગ કરો એવી વાત પેલા સાધુ કરે એટલે સરળ લાગે, અમને સમજાય. તમારી વાત સમજાતી નથી, છે કાંઈક ખરું એમ કહ્યું. પણ કાંઈ સમજાણું નહિ, કાંઈ સમજાતું નથી. એવો કાગળ આવ્યો. કોઈ ગામનો છે. 'દિલ્હી'? 'દિલ્હી'નો.

હવે અહીં એમ કહે કે નિશ્ચય મોક્ષમાર્ગ જે છે એ સ્વને આશ્રયે પ્રગટ્યો. છતાં આશ્રયે પ્રગટ્યો એટલે? દ્રવ્યમાંથી આવ્યું? દ્રવ્ય તો દ્રવ્ય છે એમ કહે છે. આહાહા..! એ ભાષા તો એમ જ આવે. વસ્તુસ્થિતિ જ આખી પડી છે ને? એમાંથી નિર્મળ પરિણતિ આવે છે ને?

ભેદ થયો, એમ ભેદથી કહે, ભેદથી એમ કહેવાય. બાકી વસ્તુ છે તે વસ્તુ છે, પર્યાય પર્યાયમાંથી થાય છે, પર્યાય પર્યાયથી થાય છે. આહાહા..! પર્યાય દ્રવ્યથી પણ નહિ. આહા..! આવો વીતરાગ માર્ગ. જિનવરદેવની... આહાહા..! પરમ નિધાનને, 'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય જિનેશ્વર' એ પરમાત્મા પરમ નિધાન પડ્યું છે એને ઓળંગીને પર્યાય ને રાગમાં ચોંટ્યા છે. 'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય.' આહાહા..!

મુમુક્ષુ :- પર્યાય ધ્રુવ... ધ્રુવ પર્યાયની એકતા કરે કે ન કરે?

ઉત્તર :- એકતા કરતી નથી ત્રણકાળમાં. એકતા કહેવાનો અર્થ એ બાજુ ઢળી માટે એકતા (કરી એમ કહ્યું). બાકી પર્યાય ને દ્રવ્યની એકતા ત્રણકાળમાં કોઈ દિ' થાય નહિ. સામાન્ય વિશેષમાં ન આવે ને વિશેષ સામાન્યરૂપે ન થાય. બે ધર્મ ભિન્ન છે. આહાહા..! આ તો ગાથા આવી છે. આવી વાતું છે, ભાઈ ! ધ્રુવ તો સદશ્યરૂપે ત્રિકાળ એકરૂપ છે, કૂટસ્થ છે, બદલ્યા વિનાનું છે.

ક્યાંક એવું હોય તો 'પંચાધ્યાયી' માં એમ પણ કહેવાય છે કે ગુણ છે એ પર્યાય થાય છે તો બદલે છે, ગુણ પણ બદલે છે. એ તો પર્યાય આવે ને જાય એ અપેક્ષાએ (કહ્યું) પણ ગુણ ને દ્રવ્ય સદશ્ય ત્રિકાળ છે. 'પંચાધ્યાયી' માં છે. એમ કે પર્યાય પલટે છે એમ ગુણ પલટે છે કે નહિ? ગુણ પણ પલટે છે. બદલે છે ને? પેલી પર્યાય આવે જાય. નવી થાય, જુની થાય. એ અપેક્ષાએ ગુણને પર્યાયનયે પલટે છે એમ કહ્યું. દ્રવ્યનયે જુવો... આહાહા..! (તો) એકરૂપ આમ પરમાત્મા આખો બિરાજે છે. એને જન્મ પણ નથી, મરણ પણ નથી, બંધ પણ નથી, મોક્ષ પમ નથી.

**'જૈસા હૈ વૈસા હી હૈ, જૈસા હૈ વૈસા હી હૈ, એસા નિરૂપણ કરતે હૈં -' 'હે યોગીશ્વર!'** હે સંત! આહાહા..! 'પ્રભાકર ભટ્ટ'ને કહે છે ને! '**નિશ્ચયનયકર વિચારા જાવે...**' આ 'દ્રવ્યસંગ્રહ' માં છે, હોં! પાનું ૨૦૮. 'દ્રવ્યસંગ્રહ' માં પણ આ વાત છે. ધ્યાન વિનશ્વર છે, 'દ્રવ્યસંગ્રહ'માં ૨૦૮ પાનું લખ્યું છે. 'સમયસાર' નું પાનું ૪૨૪, આ ૩૨૦ ગાથાનું. લખી છે, તે દિ' લખી લીધેલું.

હે સંત! '**નિશ્ચયનયકર...**' પરમાર્થ નિશ્ચયનયથી જોઈએ. પરમાર્થ શબ્દ છે ને? પરમાર્થે જોઈએ તો. આહાહા..! '**યહ જીવ ન તો ઉત્પન્ન હોતા હૈ, ન મરતા હૈ ઔર ન બંધ મોક્ષકો કરતા હૈ, એ શુદ્ધનિશ્ચયનયસે બંધમોક્ષસે રહિત હૈ,...**' ભગવાન તો વસ્તુ છે એ નિશ્ચયથી બંધ હોય તો કોઈ દિ' છૂટે નહિ. બંધ હોય તો એનો અભાવ થઈ જાય છે. '**શુદ્ધનિશ્ચયથી બંધ-મોક્ષસે રહિત હૈ, એસા જિનેન્દ્રદેવ કહતે હૈં.**' આહાહા..!

વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૧, મંગળવાર
## તા. ૨૭-૦૭-૧૯૭૬, ગાથા-૬૮, પ્રવચન નં. ૪૫

પર્યાયને ઉત્પન્ન કરતો નથી. આહાહા..! અને પર્યાયનો વ્યય કરતો નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ છે. તો ધ્રુવ જે ચીજ છે એ પોતાની પર્યાયમાં પણ આવતી નથી અને પર્યાયને કરતી નથી. આહાહા..! અજ્ઞાની આત્મા પરદ્રવ્યનો કર્તા નથી, કરી શકતો નથી. અજ્ઞાનીનો આત્મા અને આત્મા શું છે એ દૃષ્ટિમાં નથી તો એ રાગનો કર્તા અજ્ઞાની થાય છે. વ્યવહારે રાગનો કર્તા થાય છે. પરનો કર્તા તો અજ્ઞાની પણ નથી થઈ શકતો. કેમકે પરપદાર્થ પોતાની પર્યાયનો કર્તા (છે) અને પર્યાયથી રહિત તો કદી પરપદાર્થ નથી તો એ પદાર્થની પર્યાયને અજ્ઞાની પણ નથી કરતો. અજ્ઞાની કરે તો પોતાના દ્રવ્યને ભૂલીને રાગને કરે. એને ખબર નથી કે હું કોણ છું? અહીંયાં તો જેને ખબર છે કે હું શુદ્ધ ચૈતન્યઘન છું... આહાહા..! એવો આત્મા પરદ્રવ્યની પર્યાયનો પર્યાય કર્તા નથી. પોતાની પર્યાયથી પરદ્રવ્યનો કર્તા આત્મા નથી અને નિર્મળ પર્યાયથી આત્માનું ભાન થયું તો નિર્મળ પર્યાયથી રાગનો પણ કર્તા નથી. આહાહા..! આવી ઝીણી વાત. લોકો ક્યાંક લઈ જાય છે. પરદ્રવ્યનો કર્તા ન માને એ દિગંબર જૈન નહિ. પ્રભુ! શું કરે છે, ભાઈ? અરે..! પરમાત્માના વિરહમાં આમ ન હોય. પરમાત્મા તો આમ ફરમાવે છે. ત્રિલોકનાથ કહે છે.

શુદ્ધનિશ્ચયથી ત્રિકાળી વસ્તુ જે ભગવાનઆત્મા એ ઉત્પાદને કરતો નથી, વ્યયને કરતો નથી. આહાહા..! બંધને કરતો નથી અને મોક્ષને કરતો નથી. આહાહા..! ત્રિકાળી વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય... આહાહા..! એ ચીજ તો પર્યાયની કર્તા નથી, મોક્ષની પર્યાયનો કર્તા નથી. આહાહા..! હવે એને પરનો કર્તા માનવો છે. 'દેવીલાલજી'! ભગવાન! તારી ચીજ શું છે તને ખબર નથી, પ્રભુ! ચીજ એ છે એ તો ભગવાન પોતાની પર્યાયની, મોક્ષમાર્ગની કે મોક્ષની પર્યાયનો કર્તા નથી. આહાહા..! શેઠ! આહાહા..! એ તો નિર્મળ મોક્ષની પર્યાયનો અકર્તા દ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**હે યોગીશ્વર,...**' શિષ્યને કહે છે. 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ છે. સંત દિગંબર આત્મજ્ઞાની, અનુભવી, ભાવલિંગી વીતરાગના આનંદમાં અનુભવ કરનારા છે. આહાહા..! એ પોતાના શિષ્યને કહે છે, હે યોગી! '**નિશ્ચયનયકર વિચારા જાવે,...**' વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિએ વિચારવામાં આવે... આહાહા..! વસ્તુ જે ધ્રુવ ચિદાનંદ પ્રભુ, જેની આદિ નથી, જેનો અંત નથી અને પૂર્ણ સ્વભાવથી ખાલી નથી. આહાહા..! એવી ચીજ વસ્તુ જે ભૂતાર્થ છે. લ્યો! આવી ચીજ છે. આહાહા..! 'અમરચંદભાઈ'!

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ પોતાનો પૂર્ણ સ્વભાવ.. પૂર્ણ સ્વભાવ.. પૂર્ણ સ્વભાવ... અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એવા પૂર્ણ સ્વભાવથી ભરેલું જે તત્ત્વ, એ તત્ત્વ મોક્ષના પરિણામને અને મોક્ષના માર્ગના પરિણામને કરે નહિ.

આહાહા..! આવી વાત છે, ભગવાન! સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ત્રિકાળ છે. તો સમ્યગ્દષ્ટિ એમ માને છે કે આ મારી પર્યાય છે એનો દ્રવ્ય કર્તા નથી એમ એ માને છે. આહાહા..! અરે..! પ્રભુ! ભાઈ! તારો માર્ગ આ છે. વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ! સમ્યગ્દષ્ટિ એમ માને છે, સમ્યગ્દર્શન છે પર્યાય પણ એ એમ માને છે કે મારી ચીજ છે એ તો સમ્યગ્દર્શનનો પણ કર્તા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. વીતરાગ... ઈ કહે છે.

'**નિશ્ચયનયકર વિચારા જાવે, તો યહ જીવ...**' વાસ્તવિક ભૂતાર્થ તત્ત્વ જે ત્રિકાળી છે એ દૃષ્ટિથી અને એ નયથી વિચારવામાં આવે તો... આહાહા..! '**ન તો ઉત્પન્ન હોતા હૈ, ન મરતા હૈ...**' વ્યયનો પણ કર્તા નથી અને ઉત્પાદનો પણ કર્તા નથી અને ભગવાન ઉત્પાદમાં પણ આવતો નથી, વ્યયમાં પણ આવતો નથી. આહાહા..! દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શનની જે પર્યાય ઉત્પન્ન થઈ એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહાહા..! એ પર્યાયનો દ્રવ્ય કર્તા નથી એમ સમ્યગ્દષ્ટિ જાણે છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિનું એવું જાણવું ધર્મ છે કે અધર્મ?

ઉત્તર :- સમ્યગ્દર્શન ધર્મ છે. સમ્યગ્દર્શન અને ચારિત્રાદિ એ તો ધર્મની પર્યાય છે. સમ્યગ્દષ્ટિ એમ માને છે કે પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નથી. આહાહા..! અને પર્યાય રાગનો કર્તા નથી, રાગ પરનો કર્તા નથી. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શનની પર્યાયમાં ત્રિકાળી ચીજ જે દૃષ્ટિમાં આવી છે તો એ સમ્યગ્દષ્ટિ એમ જાણે છે અને માને છે કે આ સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્મા આવતો નથી. આત્મા સમ્યગ્દર્શનની પર્યાયમાં ઉત્પન્ન થતો નથી. આહાહા..! એ સમ્યગ્દર્શનની પર્યાયમાં આખા પૂર્ણ આત્માની પ્રતીતિ આવે છે, પ્રતીતિ. પણ પ્રતીતિમાં એ દ્રવ્ય નથી આવતું. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. અરે..! ક્યાં અટકે છે? પ્રભુ! આહાહા..!

કહે છે, '**ઔર ન બંધમોક્ષકો કરતા હૈ અર્થાત્ શુદ્ધનિશ્ચયનયસે બંધ-મોક્ષસે રહિત હૈ, ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં.**' છે? આહાહા..! ત્રિલોકનાથ જિનવરપ્રભુ, જેને એક સમયમાં લોકાલોક જણાયા છે અને આખું દ્રવ્ય જણાયું છે. એક સમયની પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય શું છે એ જણાયું છે અને લોકાલોક પર્યાયમાં એમને જણાયા છે. એવા જિનવરદેવ દિવ્યધ્વનિ દ્વારા ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે આમ કહેતા હતા... આહાહા..! કે ભગવાનઆત્મા એ પરનો તો કર્તા નથી, રાગનો તો કર્તા નથી, પણ નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી. આહાહા..! 'અમરચંદભાઈ'! આ ગાથા તો છેલ્લા માલની છે. ૩૨૦ ગાથાના વ્યાખ્યાન ઘણા થઈ ગયા છે. 'સમયસાર'ની ૩૨૦ ગાથા છે. એની 'જયસેનાચાર્ય'ની ટીકામાં આ આવ્યું છે. એ સંસ્કૃત ટીકા છે 'જયસેનાચાર્ય'ની. એમાં આ ગાથા છે. હમણા 'મુંબઈ'માં વ્યાખ્યાન થઈ ગયા છે. ૩૨૦ ગાથા ઉપર ૧૧ વ્યાખ્યાન થયા. દસ-દસ હજાર માણસ, બાર-બાર હજાર, પંદર હજાર બધા સાંભળતા. બાપા! સાંભળો, ભાઈ! 'પોપટભાઈ'! 'પોપટભાઈ' હતા. બધા સાંભળતા હતા. સાંભળો,

બાપા! આહાહા..!

સુણજો તમે. આવે છે ને ક્યાંક? 'પંચાસ્તિકાય'માં પહેલાં આવ્યું ને? સુણજો તમે, નહિ? કાલે સજ્ઝાય આવી હતી. આહાહા..! કાલે 'પંચાસ્તિકાય'માં આવ્યું હતું. 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે... આહાહા..! વીતરાગી સંત છે અને જેને સમ્યગ્દર્શનાદિ અપ્રતિહત પ્રગટ્યા છે. આહાહા..! એ કહે છે, એ કહે છે કે સુણજો તમે, પ્રભુ! તમે સાંભળો. આહાહા..! ભગવંત! એકવાર અમે કહીએ એ સાંભળ, ભાઈ! પ્રભુ તરીકે બોલાવે છે.

૭૨ ગાથામાં આવ્યું છે. 'સમયસાર' ૭૨ ગાથા છે. ભગવાનઆત્મા શુચિ છે એમ કહ્યું. સંસ્કૃતમાં એમ છે. પુણ્ય અને પાપનો ભાવ છે એ અશુચિ છે, અપવિત્ર છે અને મેલપણે અનુભવાય છે અને ભગવાનઆત્મા.. એવો પાઠ છે. ભગવાન તરીકે બોલાવ્યો છે. આહાહા..! એની માં ઘોડિયામાં... શું કહેવાય એ? ઝુલામાં સુવડાવે તો વખાણ કરે છે. 'બેટા! પાટલે બેસી નાહ્યો' એમ આવે છે ને ગાણા? એ સુવાડવા માટે કહે છે. ભગવાન જાગૃત કરાવવા કહે છે. ત્રણલોકના નાથ ભગવાન એકવાર સાંભળ. અરેરે..! આહાહા...! તું અધૂરો નથી, અપૂર્ણ નથી, અલ્પજ્ઞ નથી, વિકારી નથી. આહાહા..! તું તો પવિત્ર જ્ઞાનાનંદ સ્વભાવનો પિંડ પ્રભુ છો. એવો એ આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો છે એને એમ કહે છે કે તારી પર્યાયનો કર્તા એ દ્રવ્ય નથી. આહાહા..! પર્યાય પર્યાયે કરી છે. એ સમજો તમે. આહાહા..! આવી વાત છે, ભાઈ!

સંસારના જન્મ-મરણના દુઃખો જુઓને, ઓહો..! કાલે રબારીનો છોકરો મરી ગયો બિચારો. રબારી. ભરવાડ હોય છે ને? ભરવાડ નથી હોતા? ભરવાડ નથી સમજતા? બકરા ચરાવે એ. પંદર વર્ષનો છોકરો હતો. માહ મહિનામાં લગ્ન થયા હતા. હજી હમણા લગ્ન કર્યા હતા. આપણા 'પૂનાભાઈ' અહીંયાં કામ કરે છે ને? એની છોકરી સાથે. હમણા 'પૂનાભાઈ' આવ્યા હતા. અહીં આવી ગયા. છેલ્લે એમ બોલ્યો, મને બાંધો, મારાથી બટકું ભરાઈ જશે. હડકાયું કૂતરું હોય ને? મને બાંધો અને મારો ખાટલો ઊંધો વાળી દ્યો. સાંભળ્યું હતું? એ કહેતા હતા. એમ કેમ એ ખાટલો ઊંધો વાળવાનું કહ્યું? આહાહા..! રામ.. એમ બિચારો બોલતો હતો. ઈ પીડા... ઈ પીડા દેહની એકતાબુદ્ધિની છે. એ દેહની એકતાબુદ્ધિની પીડા છે. દેહમાં રોગ છે એનું દુઃખ નથી. પોતાના આનંદસ્વરૂપને ભૂલીને દેહ અને રાગની એકતાબુદ્ધિમાં જે દુઃખ ઉત્પન્ન થાય છે એને વેદે છે, શરીરની પીડા નથી. શરીર તો જડ છે એની પીડા તો જડમાં છે. આહાહા..!

મુમુક્ષુ :- શરીર બગડે તો ખરું ને?

ઉત્તર :- શરીર બગડવું કોને કહેવું? એની પર્યાયને કાળે થાય એને બગડવું શું કહેવું? એ તો લોકની ભાષાએ રોગ હોય ત્યારે કહેવાય. એ રોગની અવસ્થા પણ તે પરમાણુની તે સમયની પર્યાય છે. આહાહા..! તે સમયની એ પર્યાય છે. આહાહા..! એને ખરાબ પણ શું કહેવું અને એને સારું શું કહેવું? એ તો પર્યાય છે. રોગ એ પરમાણુની પર્યાય છે.

આત્મા એનો જાણનાર છે. આહાહા..!

કહે છે કે '**શુદ્ધનિશ્ચયસે બંધ-મોક્ષસે રહિત હૈ, ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં.**' એમ મુનિરાજ કહે છે કે જિનેન્દ્ર આમ કહે છે તે તું સાંભળ. આહાહા..! ભાઈ! તારો મારગડો બહુ જુદો છે અને એ માર્ગનું ધ્યેય જે છે એ દ્રવ્ય છે. સમ્યગ્દર્શનનો માર્ગ જે છે, મોક્ષમાર્ગ કહો એનું ધ્યેય તો દ્રવ્ય છે કે જે પર્યાયને કરતું નથી એ દ્રવ્ય એનું ધ્યેય છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ જિનેન્દ્રદેવ કહે છે. આટલું તો પરમદિ' આવી ગયું હતું. આ ફરીને લીધું હિન્દીમાં જરી. આહાહા..!

**ભાવાર્થ : 'યદ્યપિ યહ આત્મા શુદ્ધાત્માનુભૂતિકે અભાવકે...'** આહાહા..! એવો જે દ્રવ્ય સ્વભાવ શુદ્ધ સ્વરૂપ, જે પર્યાયને કરતો નથી, પર્યાયમાં આવતો નથી. પર્યાયને કરતો નથી, પર્યાયમાં આવતો નથી... આહાહા..! એવો શુદ્ધાત્મા, એની જે અનુભૂતિ. એની સન્મુખ થઈને એનો અનુભવ, એનો અભાવ. શુદ્ધાત્માનુભૂતિનો અભાવ. આહાહા..! અનાદિકાળથી ભગવાન જે શુદ્ધ સ્વરૂપ, જે પર્યાયને પણ કરતો નથી એવો જે શુદ્ધાત્મા, એની જે અનુભૂતિ એ પર્યાય છે. એવો જે શુદ્ધાત્મા એની અનુભૂતિ એ પર્યાય છે. શુદ્ધાત્મા એ દ્રવ્ય છે. આહાહા..! એ શુદ્ધાત્માની અનુભૂતિના અભાવને કારણે '**શુભ-અશુભ ઉપયોગોંસે પરિણમન કરકે...**' આત્મા લીધો છે પાછો, હોં! ત્યાં. પર્યાયમાં પોતાની અનુભૂતિને અભાવને કારણે પોતાનો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એની અનુભૂતિના અભાવને કારણે શુભાશુભભાવ કરીને. છે?

'**શુભ-અશુભ ઉપયોગોંસે પરિણમન કરકે...**' આહાહા..! જુઓ! શુભોપયોગમાં પરિણમીને. પોતાની શુદ્ધ સ્વરૂપની અનુભૂતિના અભાવના કારણે શુભ ઉપયોગરૂપ પરિણમીને. આહાહા..! આ વ્યવહાર. '**જીવન, મરણ, શુભ, અશુભ, કર્મબંધકો કરતા હૈ,...**' ગતિનું ઉત્પન્ન થવું અને ગતિનું વ્યય થવું અને શુભ-અશુભ કર્મબંધને કરે છે. આહાહા..! શું કીધું? કે જે શુદ્ધનયથી કહેવામાં આવ્યું કે જે ત્રિકાળી ચીજ પરમાત્મા, એ તો પર્યાયને કરતો નથી તો રાગને કરે અને પરને કરે એમ તો એમાં છે જ નહિ. એવો સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ ચૈતન્યઘન આમ હોવાથી એની અનુભૂતિના અભાવને કારણે. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ ભગવાન છે. આહાહા..! ... એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ, આનંદનું દળ છે. આહાહા..! જેમાં જ્ઞાનશકિત, દર્શનશકિત પડી છે એ ત્રિકાળને જાણીને જાણવાની શકિતવાળો એ આત્મા છે. ત્રિકાળ વસ્તુ છે એના ત્રિકાળી જ્ઞાન, દર્શન ત્રિકાળને જાણવા-દેખવાની શકિત ધરાવે છે. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, એની સન્મુખની અનુભૂતિ એ પર્યાય છે. અનુભૂતિના અભાવને કારણે.. આહાહા..! શુભ-અશુભ ઉપયોગથી શુભાશુભ કર્મ બાંધ્યા. આહાહા..! શુભ-અશુભ ઉપયોગથી શુભાશુભ કર્મ બાંધ્યા, એનાથી જન્મ-મરણ કરે છે. આહાહા..! અહીં તો શુભોપયોગથી કર્મ બાંધે છે અને એનાથી જન્મ-મરણ

કરે એમ કહ્યું. એ શુભોપયોગથી આત્માને સમ્યગ્દર્શન થાય? આહાહા..! .. એવો માર્ગ છે. પંડિતજી!

મુમુક્ષુ :- આપે શું ફરમાવ્યું સમજાણું નહિ.

ઉત્તર :- ન સમજાણું? ભગવાનઆત્મા ધ્રુવ જે કહ્યો એ તો નિર્મળ પર્યાયને પણ કરતો નથી, મલિનપર્યાયને એ કરતો નથી તો નિર્મળ પર્યાયને તો કરતો જ નથી. આહાહા..! એવો આત્મા, એની અનુભૂતિના અભાવે, એ ચીજને સન્મુખ થઈને જે આત્માના આનંદનો અનુભવ થાય એવા આનંદની અનુભૂતિના અભાવે શુભ-અશુભ ઉપયોગથી શુભાશુભ કર્મ બાંધ્યા. શુભોપયોગથી અનુભૂતિ થાય છે એ તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ? અરે..! આ ક્યાં (છે)? બાપા! અત્યારે માંડ ટાણા મળ્યા. અરે..! આહાહા..! દુનિયાના દુઃખ જોવે તો ખરો. દુનિયાના દુઃખ દેખીને આંસુ આવે એવી પીડા જગતની છે. આહાહા..! એ પીડા ટાળવાના ટાણા છે પ્રભુ! એમાં તને આ પરની પકડ, આનાથી આ થાય ને આનાથી આ થાય. આહાહા..! ભગવાન! શુભોપયોગથી.. શું કહ્યું? **'શુભ-અશુભ ઉપયોગોંસે પરિણમન કરકે જીવન, મરણ, શુભ, અશુભ (કર્મબંધકો કરતાં હૈ.)'** શુભઉપયોગથી શુભકર્મ, અશુભઉપયોગથી અશુભકર્મ (બાંધે છે).

મુમુક્ષુ :- નિશ્ચયથી.

ઉત્તર :- નિશ્ચય નહિ, વ્યવહારથી. પર્યાય એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! તને ક્યાં સંતોષ છે? બાપુ! શુભભાવમાં પણ જ્યાં રોકાય ગયો છે, અટકી ગયો છે. બહારમાં તો શું ચીજ પડી છે? જગતની માયાજાળ. આહાહા..! સ્મશાનમાં હાડકા હોય છે ને હાડકા? સ્મશાનમાં. એમાં ચમક ચમક થાય છે. બાળક એમ માને કે ભૂત છે. ભૂત નહિ પણ એ હાડકામાં શું કહેવાય? ફોસ્ફરસ. મસાણમાં હાડકામાં હોય ને? એમ આ આખી દુનિયા હાડકાની ફાસફૂસ છે. આહાહા..! પ્રભુ! તું ક્યાં છો? અને ક્યાં તું રોકાઈ ગયો? આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, સિદ્ધ એ કરવું છે કે વસ્તુ પર્યાયને કરતી નથી અને પર્યાયમાં આવતી નથી, એ વાત સિદ્ધ કરવી છે. પણ કહે છે કે અત્યાર સુધી આ થયું શું? કે એ શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ વિના અને એની અનુભૂતિ વિના.. આહાહા..! એણે શુભ-અશુભ ઉપયોગ કર્યો, શુભ-અશુભ ઉપયોગ કર્યો. શુભોપયોગ તો એકેન્દ્રિયમાં પણ થાય છે. ભગવાન તો એમ કહે છે કે નિગોદમાં એક શરીરમાં અનંત જીવ (છે). આહાહા..! પ્રભુ! તારું જ્ઞેય કેટલું છે? તારા જ્ઞાનમાં આવવા લાયક જ્ઞેય કેટલું છે! એક રાયના દાણા જેટલો કાયનો, લસણનો, ડુંગળીનો... ડુંગળી કહે છે તમારે? પ્યાજનો એક રાયના દાણા જેટલો ટૂકડો લ્યો તો એમાં અસંખ્ય તો શરીર છે. એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ છે. વસ્તુસ્થિતિ એને ક્યાં (ખબર છે). આહાહા..! એ જીવમાં શુભ-અશુભભાવ થાય છે એમ કહેવું છે. ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ. નિરંતર ધારા ચાલે છે. એવું ભગવાનના કર્મશાસ્ત્રમાં-કરણાનુયોગમાં છે.

સમજાણું કાંઈ? એ કોઈ નવી ચીજ નથી. શુભભાવ એ કોઈ નવી ચીજ નથી.

અહીં તો એ કહ્યું કે ભગવાનઆત્મા પર્યાયનો કર્તા નથી એમ અમારે સિદ્ધ કરવું છે. એ આત્માની પર્યાય અનુભૂતિ નહિ કરતાં... આહાહા..! અનુભૂતિના અભાવે, શુભાશુભ ઉપયોગથી શુભ-અશુભ કર્મ બાંધે છે અને શુભ-અશુભ કર્મથી શુભ-અશુભ ગતિમાં ઉત્પન્ન થાય છે. આહાહા...! સમજાણું કાંઈ? કર્મબંધને કરે છે.

'**ઔર શુદ્ધાત્માનુભૂતિકે પ્રગટ હોને પર...**' ભગવાનઆત્મા ચૈતન્ય આનંદકંદ પ્રભુ એવો ધ્રુવ પ્રભુ, એની અનુભૂતિ, એના સન્મુખની પરિણતિ, વીતરાગી અનુભૂતિ. શુભ-અશુભભાવ હતો તે રાગ હતો. શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત. આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાયકભાવ, પૂર્ણાનંદભાવ, પરમસ્વભાવભાવ, પરમપારિણામિક સહજભાવ, એની અનુભૂતિ. આહાહા..! એ વસ્તુને અનુસરીને સન્મુખ થઈને જે અનુભૂતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધાત્માનુભૂતિ. શુદ્ધ આત્મા કોણ? કે જે પહેલાં કહ્યો એ. ત્રિકાળી જે પર્યાયનો પણ કર્તા નથી. આહાહા..! તારી વાત તને સાંભળવા મળે નહિ, પ્રભુ! એ બિચારા ક્યાં જાય? અને સત્યનો વિરોધ કરે. પ્રભુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..! એક સમયની ભૂલ છે. પ્રભુ તો ભૂલ વિનાનો છે.

મુમુક્ષુ :- પુસ્તક નહિ હોય એની પાસે.

ઉત્તર :- પુસ્તક હોય તો શું કરે? પુસ્તક તો વાંચે છે. (એની) દૃષ્ટિથી વાંચે છે ને. આહાહા..! જ્યાં લગી પરનો કર્તા ન માને એ શ્વેતાંબર છે-એમ કહીને અહીં શ્વેતાંબર ઠરાવવું છે. અરે..રે..! પ્રભુ! શું કરે છે તું આ? અમે તો અહીં શ્વેતાંબરને ગૃહિત મિથ્યાદૃષ્ટિ માનીએ છીએ. શ્વેતાંબરને તો અમે ગૃહીત મિથ્યાદૃષ્ટિ માનીએ છીએ. અમે શ્વેતાંબર નથી. પર્યાયમાં દિગંબર છીએ, દ્રવ્ય તો દિગંબર પણ નથી.

કહે છે,... થોડું ગુજરાતી આવી જાય છે. ભાષા ઈ છે ને. '**શુદ્ધાત્માનુભૂતિ કે પ્રગટ હોનેપર...**' ભાષા જુઓ! સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધાત્માનુભૂતિ સદ્ભાવે. એમ છે ને? સદ્ભાવ છે. આહા..! એટલે? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની સન્મુખ થઈને અનુભૂતિનો સદ્ભાવ થવો, અનુભૂતિનું પ્રગટ થવું. એમ પ્રગટ સદ્ભાવ-હયાતી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે અનુભૂતિ, એ વસ્તુના સ્વભાવની સન્મુખ થઈને થાય છે તો એની અનુભૂતિના સદ્ભાવમાં. '**શુદ્ધોપયોગસે પરિણત હોકર...**' જુઓ! પેલા શુભાશુભથી વિપરીત '**શુદ્ધોપયોગસે પરિણત હોકર...**' શુભોપયોગથી શુદ્ધોપયોગરૂપે પરિણમીને એમ નથી કહ્યું. સ્વ અનુભૂતિના કારણથી શુદ્ધોપયોગ કરીને. આહાહા...! આવો માર્ગ, બાપુ! આહાહા..! વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવ મહાવિદેહમાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. સંવત્ ૪૯. બે હજાર વર્ષ થયા. સમજાણું કાંઈ? એ 'કુંદકુંદાચાર્ય'ના કથનનું અનુકરણ બધા સંતોએ બહુ કર્યું છે. દિગંબર મુનિઓએ પણ 'કુંદકુંદાચાર્ય'ના કથનનું અનુકરણ ઘણું કર્યું છે.

'**શુદ્ધોપયોગસે પરિણત હોકર મોક્ષકો કરતાં હૈ,...**' લ્યો! આત્મા ભલે મોક્ષની પર્યાયનો કર્તા નથી પણ આત્મા શુદ્ધાત્માનુભૂતિમાં પરિણમન કરીને મોક્ષને કરે છે. આહાહા..! શુભભાવ બંધને કરે છે, શુદ્ધોપયોગ મોક્ષને કરે છે. બે વિપરીત વાત છે. આહાહા..! અરે..! ભાઈ! .. છોડીને કહે છે, ભાઈ! ... કે આને આ થયું તો એની છોડી અહીં ગામમાં હતી તો બીજે મોકલી દીધી. એવું સાંભળ્યું. ઓલી એક છોકરી મરી ગઈ, માસ્તરની દીકરી. આને સાંભળ્યું તો આને થઈ ગયું. એને કરડેલું હતું. બીજી એક છોડીને બહાર મોકલી દીધી. આને જ્યાં થયું તો એને બહાર મોકલી દીધી. શું કહ્યું સમજાણું? પાગલ કૂતરો છે. એક છોકરીને કરડી ગયું. ... તો એને બહાર પરગામે મોકલી દીધી. આહાહા..! અને એ પાગલપણાનું વેદન ઘણું આકરું. એને સહન ન થાય. ક્યાંય ચેન પડે નહિ. અહીં તો કોઈક કહેતું હતું કે પાણી માગ્યું. પાણી આપ. આહાહા..! એ સ્થિતિ છે.

જોયું છે, અમને ખબર છે. આહાહા..! એ તો હડકાયો બહારથી પાગલ છે. આ તો રાગને પોતાનો માનવો અને રાગથી ધર્મ માનવો એ અંદરનો પાગલ છે. આહાહા..! જેમાં ગતિ મળે એને ધર્મ માને એ પાગલ છે. આહાહા..! અરે..! દુનિયાને ક્યાં જોવું, બાપુ! તું કોણ છો ત્યાં જોને. તું કોણ છો? તું કોણ છો? કેવો છો? આહાહા..! અને તું એવો જ છો. તારી પાસે ચીજ છે એમ પણ નહિ, તું પોતે જ એવો છો. આહાહા..! છે એની નજર કરવાની છે. આહા...!

વસ્તુ પૂર્ણાનંદ પ્રભુ, એની સન્મુખ થઈને સ્વીકાર કરવાનો છે. છે એનો સ્વીકાર કરવાનો છે એમાં શું તારે? આહાહા..! એ અનુભૂતિ છે. શુદ્ધ ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ, એની અનુભૂતિ એ પર્યાય છે. અંતર સ્વરૂપની દૃષ્ટિ કરી અનુભવ કરવો, આનંદનો અનુભવ કરવો એ અનુભૂતિ, એ શુદ્ધઉપયોગ. શુદ્ધઉપયોગમાં આનંદનો સ્વાદ આવે છે. શુભરાગમાં દુઃખનો સ્વાદ આવે છે. 'ગોદીકાજી'! સમજાય છે ને? થોડી થોડી (ગુજરાતી) ભાષા આવી જાય છે. આહાહા..! આ તો હિન્દી છે એટલે હિન્દી કરીએ છીએ. બપોરે તો 'સમયસાર' ચાલશે. શુક્રવાર સુધી હિન્દી ચાલશે. બે દિવસ પછી. શનિવારે તો આપણે શિક્ષણ શિબિર છે. ત્યારે હિન્દી લોકો આવશે. ચારે કોરથી ઘણા પત્રો આવ્યા છે. કાલે કોઈ કહેતું હતું. ભાઈ! 'છિંદવાડા'. કેટલા? ૨૫, ક્યાંકથી ૫૦. આવો તો ખરા. આહા...! આટલા પ્રેમથી, જિજ્ઞાસાથી કેટલા દૂરથી આવે છે. આહાહા..!

અહીં પરમાત્મા જિનવર કહે છે, એમ આવ્યું છે ને? જિનવરે કહ્યું છે. એમ અમે કહીએ છીએ, મુનિ કહે છે. અમારી કોઈ કલ્પનાની વાત નથી. જિનવરદેવ ત્રણલોકના નાથ પરમેશ્વર વીતરાગ ભગવાનના શ્રીમુખે દિવ્યધ્વનિમાં આવ્યું છે એમ અમે તને કહીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ?

'**તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર ન બંધકા કર્તા હૈ ઔર ન મોક્ષકા કર્તા હૈ.**' જુઓ! શુદ્ધ અનૂભૂતિ પોતાની નિર્મળ વીતરાગી દશાથી વિપરીત શુભાશુભભાવ, એ શુભાશુભભાવ પર્યાયમાં થાય છે અને એનાથી બંધ થાય છે.

અને અનુભૂતિથી, શુદ્ધોપયોગથી મોક્ષ થાય છે. પણ એ પરમપારિણામિકભાવની દૃષ્ટિએ કહીએ તો એ મોક્ષની પર્યાયનો કર્તા નથી અને બંધની પર્યાયનો પણ કર્તા નથી. આહાહા..! એ તો જ્ઞાતા-દૃષ્ટાનો પિંડ છે.

એ સત્ છે. તો સત્નું સત્ત્વ અનંત જ્ઞાન, દર્શન, આનંદ એ સત્નું સત્ત્વ છે. સત્ત્વ એનો માલ. આહાહા..! એ શુદ્ધાત્માનુભૂતિનો અભાવ કરીને, શુભાશુભભાવ કરીને જન્મ-મરણ કરે છે અને શુદ્ધાત્માનુભૂતિ કરીને મોક્ષને કરે છે, પણ વસ્તુની દૃષ્ટિએ જોઈએ તો બંધ અને મોક્ષને એ વસ્તુ કરતી નથી. આહાહા..! હવે એના બહારના કામમાં હોંશિયારી. 'ગિરધરભાઈ' નથી હમણાં. એ તો હવે છૂટી ગયા છે. આહાહા..! આ કાર્યકર્તા થાય છે ને? 'ઢેબરભાઈ' ને... 'ઢેબરભાઈ' નથી આપણે? 'ગાંધીજી'ના. અમે આમ કરીએ છીએ. હમણા તો એને કાંઈક બીજું થઈ ગયું હતું એવું સાંભળ્યું હતું. પક્ષઘાત થઈ ગયો છે. હા, એમ કોઈક કહેતું હતું. પક્ષઘાત. આહાહા..!

આમ પર્યાયમાં શુભાશુભભાવ પર્યાયદૃષ્ટિથી કરે છે અને એ શુભાશુભભાવથી કર્મ બંધાય છે અને શુદ્ધાત્માનુભૂતિથી પર્યાયમાં શુદ્ધાનુભૂતિ થાય છે, એનાથી મોક્ષ થાય છે. '**તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક...**' આહાહા..! સહજ ત્રિકાળી સ્વભાવ જે પર્યાય વિનાની ચીજ. ધ્રુવ-ધ્રુવ, અનાદિ-અનંત, આદિ નહિ, અંત નહિ, સ્વભાવથી ખાલી નહિ. આહાહા..! એવી ચીજ '**પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર ન બંધકા કર્તા હૈ ઔર ન મોક્ષકા કર્તા હૈ.**' શુભાશુભભાવનો કર્તા પણ નથી, અનુભૂતિની પર્યાયનો પણ એ કર્તા નથી. આહાહા..!

અરે..! ભગવાન! તારી સામર્થ્ય શકિત તો જો! આહાહા..! અનંતવીર્યનો પિંડ તું છો, પ્રભુ! અનંતવીર્યનો પિંડ ધ્રુવ વસ્તુ છે. અનંતજ્ઞાનનો પિંડ છે, અનંત સિદ્ધરૂપ છે, અનંત શાંતિ, સ્વચ્છતા, અકષાયસ્વભાવનો અનંત અનંત પિંડ છે. એવો પ્રભુ પરમભાવની દૃષ્ટિએ જોઈએ તો એ અનુભૂતિ અને શુભાશુભભાવ બેયને કરતો નથી. આહાહા..! કહો, 'ખજુરીયાજી'! આવું સાંભળ્યું છે? આવી વીતરાગની વાત છે. આ દિગંબર સંતો... આહાહા..! દુનિયા દુનિયાની જાણે, બાપુ! જેના જે પરિણામ છે તેના પરિણામનું વેદન તો એને છે ને. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

મિથ્યાશ્રદ્ધા કરે એનું વેદન તો પ્રભુ! એને દુઃખનું કારણ છે. 'શ્રીમદ્' તો એમ કહે છે. 'બંધ મોક્ષ છે કલ્પના ભાખે વાણી મ્હાય, વર્તે મોહાવેશમાં શુષ્ક જ્ઞાની તેં આંહી'. ક્રિયાકાંડમાં જ્ઞાનમાર્ગ નિષેધતા... એની કરુણા ઊપજે. કરુણા ઊપજે, ભાઈ! બાપુ! દ્વેષ તારા ઉપર નથી. પણ ભાઈ! તારી વિપરીત માન્યતાના ફળ, બાપુ! તને દુઃખ બહુ કરશે. અત્યારે રાજી અને હોંશથી શુભભાવથી ધર્મ થાય ને શુભભાવ આમ ને ..એની હોંશ કરે, બાપુ! આહાહા...!

'**શુદ્ધ પારિણામિક પરમભાવ...**' ત્રિકાળ પરમભાવ, ભૂતાર્થ ભાવ, સત્યાર્થ ભાવ, પર્યાય વિનાનો ભાવ. આહાહા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે ને? તો ઉત્પાદ-વ્યય વિનાનું

ધ્રુવ. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ છે ને? 'તત્ત્વાર્થસૂત્ર' 'ઊમાસ્વામી'નું. એમાં ઉત્પાદ-વ્યય વિનાનું જે ધ્રુવ છે એ પરમભાવ દૃષ્ટિથી જોઈએ તો એ ધ્રુવ છે. એ બંધનો અને મોક્ષનો કર્તા નથી. આહાહા..! મોક્ષના માર્ગનો કર્તા નથી.

મુમુક્ષુ :- તત્ત્વાર્થ સૂત્રનો પાઠ તો મોઢે યાદ છે.

ઉત્તર :- મોઢે છે તો શું થયું? અર્થ સમજાવો જોઈએ ને. એ તો હંમેશા સાંભળતા. દશલક્ષણી પર્વમાં. દશલક્ષણી. તત્ત્વાર્થસૂત્ર. એનો અર્થ સમજવો જોઈએ ને. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. એ પૂર્ણ સત્યની વાત કરી. પણ જે ધ્રુવ સત્ છે એમાં ઉત્પાદ-વ્યય નથી. નહિતર તો ઉત્પાદ-વ્યય પણ સત્ છે. પણ એ સત્ ઉત્પાદ-વ્યય, નિશ્ચયથી ઉત્પાદ-વ્યયના હેતુ વિના ધ્રુવ છે. આહાહા..! જરા ઝીણી વાત છે. નિશ્ચયથી તો ઉત્પાદ છે એ પણ વ્યયના હેતુથી નથી, ઉત્પાદ છે એ ધ્રુવના હેતુથી નથી, વ્યય ઉત્પાદના હેતુથી નથી, વ્યય ધ્રુવના હેતુથી નથી, ધ્રુવ ઉત્પાદવ્યયના હેતુથી નથી. આહાહા..! આવો વીતરાગમાર્ગ છે ક્યાં? બાપા! એ દિગંબર સિવાય (ક્યાંય નથી). એમાં દિગંબરમાં અર્થ કરવાવાળાને ઊંધા ગોટા ઊઠ્યા. આહાહા..!

મુમુક્ષુ :- આપે બધા અર્થ બદલી નાખ્યા?

ઉત્તર :- જેમ થાય એમ કર્યા. આહાહા..!

પર્યાયમાં એવો શુભાશુભ ભાવ થાય છે, શુભાશુભ બંધ થતાં જન્મ-મરણ કરે છે અને અનુભૂતિ થતાં મોક્ષને કરે છે. એમાં જન્મ-મરણ નથી અને બેય ભાવનો કર્તા ધ્રુવ નથી. ઓહોહો..! કેવળજ્ઞાનની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. ગજબ વાત છે. કેવળજ્ઞાનની પર્યાયમાં આખો લોકાલોક જણાય છે અને આખું દ્રવ્ય પણ જણાય છે. જેમ પૂર્ણ દ્રવ્ય છે એમ પર્યાયમાં જણાયું છે પણ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી, એનું જ્ઞાન થયું. આહાહા..! સમજાણું કાંઈ? એક વાત.

નિમિત્તનો વિચાર આવ્યો. ભગવાનનું કેવળજ્ઞાન છે. સર્વવિશુદ્ધમાંસિદ્ધાંતમાં લેખ છે કે લોકાલોકને એ નિમિત્ત છે. શું કીધું? કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત છે અને લોકાલોક છે એ કેવળજ્ઞાનની પર્યાયમાં નિમિત્ત છે. એનો અર્થ શું? લોકાલોકે કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યું, નિમિત્તે? અને કેવળજ્ઞાનની પર્યાયે લોકાલોકને બનાવ્યું છે? 'અમરચંદભઈ'! સર્વવિશુદ્ધમાં પાછળ છે. કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોકને નિમિત્ત કહેવામાં આવે છે. 'દેવીલાલજી'! સર્વવિશુદ્ધમાં પાછળ. આહાહા..! ગજબ 'સમયસાર' તો એવી ઘડીએ લખાયું છે... ગજબ કામ કર્યું છે! કેવળજ્ઞાનને ભુલવાડી દીધું છે. આહાહા..!

કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત કહેવામાં આવે છે. એનો અર્થ શું? કેવળજ્ઞાનની પર્યાયે લોકાલોક બનાવ્યું છે? અને લોકાલોક કેવળજ્ઞાનની પર્યાયમાં નિમિત્ત છે. ત્યારે લોકાલોકે કેવળજ્ઞાનની પર્યાયને બનાવી છે? એ છે એવી વસ્તુ, બસ. આહાહા...! નિમિત્ત છે એટલે શું પણ? કેવળજ્ઞાન લોકાલોકનો નિમિત્ત છે એમ છે, તો શું

કેવળજ્ઞાને લોકાલોક બનાવ્યું છે? અને લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે, તો લોકાલોકે કેવળજ્ઞાનની પર્યાયને બનાવી છે? આહાહા..! સમજાણું કાંઈ? કાલે આવ્યું હતું ને? નિમિત્ત નહોતું આવ્યું? જીવપરિણામને પ્રાપ્ત કરીને નિમિત્ત .. પુદ્‌ગલ પરિણામની પરિણતિ થાય છે અને પુદ્‌ગલપરિણતિનું નિમિત્ત બનાવીને અહીંયાં વિકાર થાય છે. એનો અર્થ શું? શું કર્મના ઉદયે વિકાર કર્યો? વિકાર કર્યો તો એણે કર્મબંધની પર્યાય કરી? આહાહા..! એ ગાથાની તકરાર પહેલેથી આવી છે. ઘણા વર્ષ પહેલાં. નિમિત્ત પ્રાપ્ત કરીને આમ થાય છે. પણ નિમિત્ત પ્રાપ્ત કરીને એનો અર્થ શું? વિકારી પરિણામ છે અને સામે કર્મબંધની પર્યાય પોતાથી થાય છે. કોઈ આગળપાછળ નથી કે નિમિત્ત આવ્યું અને અહીં કર્મની પર્યાય થઈ. એમ છે? કે કર્મનો ઉદય આવ્યો અને અહીં વિકાર થયો એમ છે? એ ત્યાં નિમિત્ત છે. વિકાર પોતાથી થયો.

પછી એનો કર્તા ક્યાં છે? આહાહા..! આવી વસ્તુ છે, ભાઈ! માને, ન માને સ્વતંત્ર જીવો છે. અનાદિકાળથી સત્યને શરણે ગયો નથી. સત્‌નું શરણ લીધું જ નથી, અસત્‌નું શરણ લીધું. શુભ અને અશુભભાવ ને આમ ને તેમ. આહાહા..!

અહીં તો કહે છે કે પર્યાયનું જ શરણ નથી. પર્યાયનું શરણ તો ... જે દ્રવ્ય પર્યાયને કરતી નથી એ પર્યાયને દ્રવ્યનું શરણ છે. 'અમરચંદભાઈ'! આહાહા..! સમ્યગ્દર્શનની પર્યાયને દ્રવ્ય કરતું નથી પણ સમ્યગ્દર્શનની પર્યાયને દ્રવ્યનું શરણ છે. શરણનો અર્થ? એની સન્મુખતા કરી એ શરણ. આહાહા..! સન્મુખ (એટલે) બીજું શું? કાંઈ પર્યાય દ્રવ્યમાં એક થઈ જાય છે? પર્યાય તો પર્યાયમાં રહે છે. પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યની શ્રદ્ધા કરે છે, પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. દ્રવ્યમાં ભળીને જ્ઞાન કરે છે? આહાહા..! વીતરાગમાર્ગ બાપા અલૌકિક છે. નાગા બાદશાહથી આઘા. નગ્ન મુનિઓ જેને બાદશાહની દરકાર નથી. સમાજમાં આ વાત બેસશે કે નહિ? સમતોલ રહેશે કે નહિ? વાત આ છે. માનો ન માનો તમારી મરજી. સમજાણું કાંઈ? અને માનનાર ઘણા હોય તો એ સત્ય છે એમ કાંઈ નથી. સત્ય તો સત્ય જ છે.

'**ऐसा कथन सुनकर शिष्यने प्रश्न किया,...**' એમ કહ્યું ને કે બંધ-મોક્ષની પર્યાયનો દ્રવ્ય કર્તા નથી. તો પ્રશ્ન કર્યો. '**कि हे प्रभो, शुद्ध द्रव्यार्थिकस्वरूप शुद्धनिश्चयनयकर मोक्षका भी कर्ता नहीं है,...**' તમે તો કહો છો કે શુદ્ધ નિશ્ચયથી દ્રવ્ય સ્વભાવ જે છે એ મોક્ષનો કર્તા નથી. '**तो ऐसा समजना चाहिये कि शुद्धनयकर मोक्ष ही नहीं है? जब मोक्ष नहीं, तब मोक्षके लिये यत्न करना वृथा है.**' શિષ્યનો પ્રશ્ન છે. શુદ્ધ નિશ્ચયથી તો મોક્ષ જ નથી. જો મોક્ષ નથી તો મોક્ષ માટે પ્રયત્ન કરવો એ વ્યર્થ છે. સમજાણું કાંઈ? આપ શું કહેવા માગો છો? તમે કહો છો કે મોક્ષનો અને બંધનો કર્તા ભગવાન નથી તો મોક્ષ માટે પ્રયત્ન કરવાનો રહેતો નથી. કેમકે મોક્ષ છે નહિ. મોક્ષ આત્મા કરતો નથી. દ્રવ્યમાં મોક્ષ છે? નહીંતર વ્યર્થ પ્રયત્ન કરવો રહ્યો. એનો જવાબ કહેશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૨, બુધવાર
## તા. ૨૮-૦૭-૧૯૭૬, ગાથા-૬૮, પ્રવચન નં. ૪૬

અનુભૂતિ. જે શુદ્ધ આત્મા છે તેને અનુસરીને અનુભૂતિ થવી. નિર્વિકલ્પ પરિણતિને શુદ્ધાત્માનુભૂતિ કહે છે. પોતાનો આત્મા ત્રિકાળ શુદ્ધ છે એની અનુભૂતિ, તેનો અનુભવ થવો. તેના અભાવમાં-અનુભૂતિના અભાવમાં '**શુભ-અશુભ ઉપયોગોં સે પરિણમન કરકે...**' કેમકે શુદ્ધ આત્મા વસ્તુ તરફની શુદ્ધાત્માનુભૂતિનો અભાવ (છે) તો શુભાશુભભાવનો ભાવ (છે). '**શુભ-અશુભ ઉપયોગોં સે પરિણમન કરકે જીવન, મરણ, શુભ, અશુભ કર્મબંધ કો કરતા હૈ,...**' જન્મના ઔર મરના, વહ શુભાશુભ ઉપયોગ કે કારણ સે કર્મબંધ હોતા હૈ, ઉસસે વહ જીવન-મરણ હોતા હૈ.

'**ઔર શુદ્ધાત્માનુભૂતિ કે પ્રગટ હોને પર...**' અહીંયા વાત એ કહેવી છે કે પર્યાયમાં અનુભૂતિના અભાવને કારણે પર્યાયમાં શુભાશુભ ભાવ કરીને જે કર્મબંધન થયું તેનાથી જન્મ-મરણ કરે છે. '**ઔર શુદ્ધાત્માનુભૂતિ કે પ્રગટ હોને પર...**' ભગવાન શુદ્ધ આત્માને નિર્વિકલ્પ અનુભૂતિ દ્વારા અનુભવ કરી અથવા '**શુદ્ધાત્માનુભૂતિ કે પ્રગટ હોને પર...**' શુદ્ધાત્માનુભૂતિના અભાવમાં શુભાશુભ ભાવ પ્રગટ છે. '**શુદ્ધત્માનુભૂતિ કે પ્રગટ હોને પર...**' આહાહા..! ચૈતન્ય વસ્તુ જે અબદ્ધસ્વરૂપ છે, પરમાર્થે પોતે અબદ્ધસ્વરૂપ છે પરંતુ તેની પર્યાયમાં જ્યારે શુદ્ધાત્માનુભૂતિ થાય છે તેનાથી '**શુદ્ધોપયોગ સે પરિણત હોકર મોક્ષ કો કરતા હૈ,...**' પર્યાયમાં શુદ્ધાત્માનુભૂતિની પરિણતિથી પર્યાયમાં મોક્ષ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત છે.

આમ હોવા છતાં, શુદ્ધાત્માનુભૂતિના અભાવમાં શુભાશુભ ભાવ કરી પર્યાયમાં જન્મ-મરણ થાય છે અને શુદ્ધાત્માનુભૂતિને પ્રગટ કરવાથી - ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ તરફની નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ પ્રગટ કરી મોક્ષ કરે છે. એ બન્ને વાત પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર...**'-ત્રિકાળ પરમ સ્વભાવભાવ જે બંધમાં નથી અને મુકિતમાં નથી. એ તો ત્રિકાળી મોક્ષસ્વરૂપ જ છે. શકિતરૂપ મોક્ષસ્વરૂપ જ આત્મા છે. આહા..! એમાં પર્યાયમાં બંધ અને મુકિત (છે તે) ત્રિકાળી મુકત સ્વભાવમાં નથી.

અહીં તો એમ પણ કહ્યું કે શુભઉપયોગથી તો શુભ બંધ થાય છે અને તેનાથી જન્મ-મરણ થાય છે. ભલે સ્વર્ગાદિ મળે. અને શુદ્ધઉપયોગથી જ મુકિત થાય છે. વ્યવહારથી પરંપરા મુકિત કહેવામાં આવે છે. એ તો ઉપચારથી કથન છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ (છે) તેની અનુભૂતિ સ્વરૂપ શુદ્ધઉપયોગ (છે).

આહાહા..! (એ) શુદ્ધઉપયોગથી મુક્તિ થાય છે. એમ કહ્યું ને? પરંતુ એ પર્યાયની વાત કરી. વસ્તુ જે ત્રિકાળ પરમ સ્વભાવભાવ છે '**શુદ્ધદ્રવ્યાર્થિકનયકર...**' શુદ્ધ દ્રવ્ય જે નયનું પ્રયોજન છે એ નયથી જોવાથી '**ન બંધ કા કર્તા હૈ ઔર ન મોક્ષ કા કર્તા હૈ.**' એ વસ્તુ જે છે એ રાગભાવરૂપી બંધનો પણ કર્તા નથી અને અનુભૂતિરૂપ નિર્વિકલ્પ શુદ્ધઉપયોગનો પણ કર્તા નથી અને મોક્ષનો પણ કર્તા નથી. આહા..!

અહીંયા કહે છે, જુઓ! '**ઐસા કથન સુનકર શિષ્યને પ્રશ્ન કિયા, કિ હે પ્રભો, શુદ્ધદ્રવ્યાર્થિકસ્વરૂપ શુદ્ધનિશ્ચયનયકર મોક્ષ કા ભી કર્તા નહીં હૈ,...**' આત્મા શુદ્ધદ્રવ્ય સ્વરૂપથી મોક્ષનો કર્તા નથી '**તો ઐસા સમજના ચાહિયે, કિ શુદ્ધનયકર મોક્ષ હી નહીં હૈ, જબ મોક્ષ નહીં, તબ મોક્ષ કે લિયે યત્ન કરના વૃથા હૈ.**' શુદ્ધનયથી મુક્તિ નથી તો મોક્ષનો પ્રયત્ન કરવો પણ રહ્યો નહિ. આમ શિષ્યનો પ્રશ્ન છે. ગાથા બહુ અલૌકિક છે. ૩૨૦ ગાથાની 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં એ લીધું છે.

'**ઉસકા ઉત્તર કહતે હૈં**' શું કહે છે? ભગવંત! આપ કહો છો કે શુદ્ધનયથી, દ્રવ્યાર્થિકનયથી તો આત્મા મોક્ષને પણ કરતો નથી. બંધ કરતો નથી એ વાત એક કોર રાખો પણ મોક્ષને પણ કરતો નથી. તો મોક્ષનો પ્રયત્ન કરવો વૃથા થઈ ગયો. આત્મા મોક્ષ કરતો નથી તો મોક્ષનો પ્રયત્ન કરવો વૃથા થયો. સમજાણું કાંઈ? તેનો ઉત્તર '**મોક્ષ હૈ, વહ બંધપૂર્વક હૈ,...**' પર્યાયમાં જે મોક્ષ છે, વસ્તુસ્વરૂપ જે મોક્ષ (સ્વરૂપ) છે એ તો ત્રિકાળ છે. અબંધસ્વરૂપ કહો, મોક્ષ સ્વરૂપ કહો. કાયમ મોક્ષસ્વરૂપ, હોં! અસલી ત્રિકાળી. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ!

આવું ઉત્તમ સ્વરૂપ જે બંધ-મોક્ષની પર્યાય રહિત છે એને દૃષ્ટિમાં લેવું એ કેટલો પુરુષાર્થ છે! એ નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા, જેમાં પર્યાયના બંધ-મોક્ષ નથી તેની શુદ્ધ નિર્વિકલ્પ પરિણતિ દ્વારા દૃષ્ટિમાં આવે છે. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! આવી વાતું છે. અમે પણ કરતા ને, બાપા! અમે બધા પણ ત્યાં દુકાન ઉપર કરતા. 'પાલેજ'. સામાયિક કરીએ પણ ઈ પજોસણમાં, હોં! આઠ દિ' પજોસણ આવે ત્યારે સાંજે પડિકમણા, આઠ દિ'માં ચાર અપવાસ (કરીએ). તે દિ', હોં! સંવત ૧૯૬૪-૬૫ ની સાલ. દીક્ષા તો સંવત ૧૯૭૦ માં (લીધી). એ વખતે આઠ દિ' માં ચાર અપવાસ કરતા. ચોવિહારા, હોં! ચોવિહારા એટલે પાણી નહિ (લેવાનું). દુકાને ધંધે બેસવું પડે.

મુમુક્ષુ :- તે દિવસના પુણ્ય હજી કામ આવે છે.

ઉત્તર :- એ ભ્રમણા હતી. આહા..! એમ માનતા હતા કે ધર્મ કરીએ છીએ. આહાહા..! એ તો સાધારણ શુભભાવ હતો. મિથ્યાત્વ સહિત, ગૃહિત મિથ્યાત્વ (હતું). સ્થાનકવાસીની શ્રદ્ધા હતી ને! એ તો ગૃહિત મિથ્યાત્વ હતું. નાની ઉંમરમાં અમે તો (સંવત) ૧૯૬૪ ની સાલથી શાસ્ત્ર વાંચતા હતા. ૧૯૬૫ ની સાલથી તો રાત્રી આહાર-પાણીનો ત્યાગ છે. ૧૯૬૫ ની સાલથી રાત્રે આહાર-પાણી નથી લેતા. દુકાન ઉપર પણ લેતા નહોતા. એ બધું ગૃહિત મિથ્યાત્વની ભૂમિકામાં એવો શુભભાવ હતો. આહા..!

આ ચીજ તો... આહાહા..! કહે છે કે જેની પર્યાયમાં બંધ-મોક્ષ છે એ દ્રવ્યમાં બંધ-મોક્ષ નથી. આહાહા..! અથવા દ્રવ્ય જે ત્રિકાળી વસ્તુ છે એ બંધ-મોક્ષને કરતી નથી. આહાહા..! તો પછી શિષ્યનો પ્રશ્ન છે કે મોક્ષને કરતો નથી અને શુદ્ધનયથી તો મોક્ષ થતો નથી તો પછી શુદ્ધનયથી મોક્ષનો પ્રયત્ન કરવો વૃથા થઈ ગયો. શિષ્યનો આ પ્રશ્ન છે. ઉત્તર (આમ છે).

**'મોક્ષ હૈ, વહ બંધપૂર્વક હૈ,...'** પર્યાયમાં રાગનો બંધ થાય તો તેનો અભાવ કરીને બંધપૂર્વક મોક્ષ થાય છે. પર્યાયમાં બંધભાવ થાય છે તો એ બંધનો અભાવ કરીને મોક્ષ થાય છે. **'ઔર બંધ હૈ, વહ શુદ્ધનિશ્ચયનયકર હોતા હી નહીં,...'** આહાહા..! ત્રિકાળી વસ્તુને નિશ્ચયથી તો બંધ છે જ નહિ. બંધ શું? એ તો પર્યાયમાં બંધ છે. સમજાણું કાંઈ? આહાહા..!

બહારની ચીજોનું આકર્ષણ છે ત્યાં સુધી તો અજ્ઞાનભાવ છે. ઈ વસ્તુમાં નથી. આહાહા..! અહીંયા તો કહે છે કે બંધ છે તે મોક્ષપૂર્વક થાય છે, પણ એ તો પર્યાયમાં બંધ છે તો મોક્ષપૂર્વક થાય છે. વસ્તુમાં નિશ્ચયથી તો બંધ નથી. વસ્તુમાં બંધ કેવો? દ્રવ્યમાં બંધ હોય તો તો તેનો અભાવ થઈ જાય. સમજાણું કાંઈ? પર્યાયમાં બંધ હોય તો પર્યાયમાં વિકાર દશા ઉત્પન્ન થાય. વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! વસ્તુ જે છે એ જો નિશ્ચયથી બંધરૂપ હોય તો તેનો અર્થ શું થયો? કે વસ્તુ જ બંધમાં આવી ગઈ, તો વસ્તુ જ (રહેતી) નથી. પરંતુ એમ નથી. નિશ્ચયથી વસ્તુમાં બંધ છે જ નહિ. આહાહા..! ઝીણી વાત છે, 'પોપટભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- ધ્યાન રાખે તો સમજાય.

ઉત્તર :- ધ્યાન રાખે તો સમજાય, વાત સાચી. આહાહા..! અરે..! એને ક્યારે વખત મળે? ભાઈ! આહાહા..! જન્મ-મરણ કરીને જુઓને આ. આહા..! હડકાયા કૂતરાથી માણસ મરી જાય છે. બહુ દુઃખ હોય એને, બહુ દુઃખ. એ વખતે એને એટલું દુઃખ હોય કે ક્યાંય ચેન ન પડે. આહાહા..! પાગલ કૂતરો કરડે છે ને! આ (અજ્ઞાની) પાગલ છે, કહે છે. રાગની એકતાબુદ્ધિ (ધરનાર) પાગલ છે.

ભગવાનઆત્મા નિશ્ચયમાં બંધપૂર્વક થાય તો તો વસ્તુનો જ અભાવ થઈ જાય. વસ્તુમાં તો બંધ છે નહિ. આહા..! છે? **'બંધ હૈ, વહ શુદ્ધનિશ્ચયનયકર હોતા હી નહીં, ઈસ કારણ બંધ કે અભાવરૂપ મોક્ષ હૈ, વહ ભી શુદ્ધનિશ્ચયનયકર નહીં હૈ.'** પર્યાયમાં જે બંધનો અભાવ થાય છે એ તો દ્રવ્યમાં છે નહિ. દ્રવ્યમાં બંધ નથી તો બંધનો અભાવ કરીને મોક્ષ (કરવો) એ વસ્તુમાં નથી. આહાહા..! આ તે કઈ વસ્તુ?

જ્ઞાયકભાવ સ્વભાવભાવ... ! 'પ્રવચનસાર' ૨૦૦ ગાથામાં લીધું છે ને? ગમે તે રીતે રાગાદિ થયો, વસ્તુ તો જ્ઞાયકભાવરૂપે રહી છે. આહાહા..! 'પ્રવચનસાર' ૨૦૦ ગાથામાં છે. 'પ્રવચનસાર'ની ૨૦૦ ગાથામાં છે કે (વસ્તુ) તો જ્ઞાયકરૂપ જ રહી છે. એમાં બંધ પણ નથી, મોક્ષ પણ નથી. વસ્તુમાં શું? આહા..! એવી વસ્તુની દૃષ્ટિ કરવી એમ કહ્યું એમાં

કેટલો પુરુષાર્થ છે! સમજાણું કાંઈ?

જે વસ્તુમાં બંધ-મોક્ષ નથી (એમાં) પર્યાયદૃષ્ટિ ઉડાડી દીધી. ત્રિકાળી ભગવાનઆત્મા અસ્તિ પદાર્થ છે ને! અસ્તિસત્તારૂપ ભાવ છે અને એ જ્ઞાયકભાવરૂપ સત્તાભાવ ત્રિકાળ છે. એમાં બંધ અને મોક્ષ ક્યાં આવ્યો? એ તો પર્યાયમાં બંધ અને મોક્ષ છે. આહા..! કેવી વાત કરી છે! પર્યાયબુદ્ધિ ઉડાડવા, દ્રવ્યબુદ્ધિ કરાવવા (કહે છે કે) દ્રવ્યમાં બંધ-મોક્ષ નથી. આહાહા..! ભાઈ! આ તો ધીરાના કામ છે, બાપુ! આહાહા..! જે વસ્તુમાં બંધ અને મોક્ષ નથી. પર્યાયનો બંધ-મોક્ષ દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? એ દ્રવ્યદૃષ્ટિ કરવી એ કાંઈ શુભઉપયોગથી દૃષ્ટિ થાય છે? આહાહા..!

મુમુક્ષુ :- ... રોકાય છે.

ઉત્તર :- એ પર્યાય રોકાય છે. દ્રવ્યમાં કાંઈ નથી. આહા..!

અહીંયા તો ખુલાસો એ આવે છે કે જેમાં બંધ-મોક્ષ નથી એવી ચીજ, એ ચીજને પકડવી એ શું શુભરાગ પકડી શકે છે? સમજાણું કાંઈ? એ તો શુદ્ધઉપયોગથી જ પકડાય છે. આહા..! શુદ્ધઉપયોગ છે પર્યાય, પણ એનું ધ્યેય આખું પૂર્ણ દ્રવ્ય છે. આહાહા..! જન્મ-મરણ રહિત થવાનો આ ઉપાય છે. શરીર જુવાન હોય, રૂપાળું હોય, પૈસા પાંચ-પચાસ લાખ હોય, કુટુંબ, સ્ત્રી, પુત્ર ઠીક હોય એટલે જાણે અમને ઠીક છે. અરે...! પ્રભુ! ક્યાં છે? બાપુ! પ્રભુ! તું ક્યાં રોકાણો? આહા..!

મુમુક્ષુ :- વ્યવહારની અપેક્ષાએ ઠીક છે.

ઉત્તર :- વ્યવહારની અપેક્ષાએ પણ અઠીક છે. મોક્ષમાર્ગ એ વ્યવહાર છે એની અપેક્ષાએ તો તે અઠીક છે. આહા..! મોક્ષમાર્ગ અને મોક્ષ પણ પર્યાય, વ્યવહાર છે. આહાહા..! ડોકટરે મુદત આપી છે. ૪૮ કલાક ધ્યાન રાખજો. આહાહા..! હવે એ સ્થિતિમાં ૪૮ કલાક કઈ રીતે કાઢવા? લોકોને એમ થઈ ગયું, હાય.. હાય..! શું થશે? કારણ કે એ તો ૪૮ કલાકે દેહ તો છૂટી જશે. ૪૮ કલાકમાં શું થશે? આહા..! એ રાગની એકતાની પીડા.

મુમુક્ષુ :- શરીરની પીડા નહિ?

ઉત્તર :- શરીરની પીડા નથી. શરીરને તો અડતો પણ નથી. આહા..! શરીર મારું. એ પણ ક્યાં ખબર છે? આહા..! અનાદિનો પાગલ (છે). એને મિથ્યાત્વનું હડકાયું કૂતરું કરડ્યું છે. આહાહા..! એને પરપદાર્થની અનુકૂળતામાં હોંશ (આવે છે) એ બધું હડકાયું કૂતરું છે, પાગલ કૂતરું છે. એને છ છોકરા (છે), બે કરોડ રૂપિયા, પેદાશ મોટી (છે). છએ મોટા લોઢા જેવા છે. આહા..! કોના છોકરા? બાપુ! આરે..!

જ્યાં નિર્મળ પરિણતિ પણ દ્રવ્યની નથી.. આહા..!

મુમુક્ષુ :- એ તો પર્યાયમાં છે.

ઉત્તર :- હા, પર્યાયમાં છે, ભગવાન! બાપુ! તું કોણ છો? આહાહા..! તું કોણ છો? તમે કોણ છો? આહા..! એ પછી ૬૯ (ગાથામાં) કહેશે. હે આત્મરામ! ટીકામાં છે, હોં! હે

આત્મન! હે જીવ! ૬૯ માં છે, ભાઈ! પહેલી લીટી છે ને? પેલી કોરની પહેલી, આમ ત્રીજી લીટી છે. હે આત્મન! હે જીવ! અર્થ કર્યો છે, '**હે આત્મારામ.**' 'નિજપદ રમે સો રામ કહીએ' આનંદનો નાથ આનંદમાં રમે તેને આત્મા કહીએ. આહાહા..! આનંદનો નાથ આત્મામાં રમે તો આત્મારામ કહીએ. રાગમાં રમે તે હરામ આત્મા છે. આહાહા..! એ પર્યાયમાં છે. હરામ અને રામની બધી રમત પર્યાયમાં છે. આહાહા..!

આચાર્ય દ્રવ્યદૃષ્ટિ કરાવવા અને દ્રવ્યનું સ્વરૂપ વર્ણવીને ત્યાં દૃષ્ટિ લગાવવા પર્યાયને દ્રવ્ય કરતું નથી, એમ કહે છે. કરતું નથી ત્યાં નજર નાખ ને! આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય પર્યાયને કરતું નથી. ઓહોહો..! આ તો હજી પરદ્રવ્યને કરવું (એમ માને છે). મૂળ વાત તો એ છે કે નિમિત્તનું કરવું છે એ સ્થાપવું છે. નિમિત્ત કર્તા છે ને? નિમિત્ત કર્તા. એ વાતને સ્થાપીને એને કહેવું છે કે પરનો કર્તા ન માને એની વાત ખોટી છે. એમ. મૂળ આમ કહેવું છે, હોં! અરે..! ભગવાન!

પરની ક્રિયા જે કાળે થાય તે વખતે અજ્ઞાનીના જોગ અને રાગનો તે કર્તા થાય છે. કંપન અને ઈચ્છાનો રાગ. તો એ ઈચ્છા અને કંપન (નિમિત્ત કહેવાય છે). પરની પર્યાય તો એ કાળે એને કારણે થઈ છે. એમાં આ જોગ ને વિકલ્પનો કર્તા અજ્ઞાની આત્મા છે. તે તેનો નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાની તો નિમિત્તકર્તા પણ નથી. આહા...! નિમિત્ત છે એટલું કહેવામાં આવે છે. અને ધર્મી તો નિજ સ્વભાવની દૃષ્ટિમાં છે તે કારણે પોતાના સમ્યગ્જ્ઞાનમાં પર ચીજ નિમિત્ત પડી. આમ નિમિત્ત થયો. અજ્ઞાની આમ નિમિત્તકર્તા થયો. આહાહા..!

નિમિત્ત તો અમે થઈએ કે નહિ? એમ અમારે એક કહેતા હતા. છે ને 'ઢેબરભાઈ'? આ 'ઢેબરભાઈ' નહિ? અહીંયા વડાપ્રધાન હતા ને? 'દિલ્હી'માં વડાપ્રધાન હતા. અમે જે દિ' પહેલીવાર 'દિલ્હી' ગયા તે દિ' વડાપ્રધાન હતા. વ્યાખ્યાનમાં આવતા હતા. લોકોને એમ થાતું કે આવા વડાપ્રધાન (સાંભળવા આવે છે)? ત્યાં તો અમારે ઘણીવાર આવે. 'રામજીભાઈ' એના ગુરુ હતા, 'રામજીભાઈ'ના શિષ્ય હતા. પછી મોટી પદવી થઈ ગઈ. આહા..! અમે નિમિત્ત તો થઈને? એમ ઈ કહેતા. નિમિત્ત થઈએ, એનો અર્થ શું? જે સમયે જે દ્રવ્યની પર્યાય થાય છે એ વખતે નિમિત્ત હોય, તો નિમિત્ત થઈએ એમાં ક્યાં આવ્યું? ત્યારે તો નિમિત્ત કહેવાય છે. આહાહા..! નિમિત્ત થઈએ તો ત્યાં થાય, એનો અર્થ શું? એનો અર્થ શું? સમજાણું? આહાહા..!

અહીંયા કહે છે, '**જો શુદ્ધનિશ્ચયનય સે બંધ હોતા, તો હંમેશા બંધા હી રહતા,...**' આહાહા..! '**કભી બંધ કા અભાવ ન હોતા. ઈસકે બારેમેં દૃષ્ટાંત કહતે હૈં કોઈ એક પુરુષ સાંકલ સે બંધ રહા હૈ, ઔર કોઈ એક પુરુષ બંધ રહિત હૈં, ઉનમેં સે જો પહલે બંધા થા, ઉસકો તો 'મુક્ત' (છૂટા) ઐસા કહના, ઠીક માલૂમ પડતા હૈ...**' બંધાયો હતો તે છૂટ્યો એમ કહેવું એ ઠીક છે. '**ઔર દૂસરા જો બંધા હી નહીં, ઉસકો જો 'આપ છૂટ ગયે' ઐસા કહા જાય, તો વહ ક્રોધ કરે,...**' અરે! શું કહો છો? અમે બંધાયા હતા તે છૂટ્યા એમ કહો

છો? અમે જેલમાં ગયા હતા તો છૂટ્યા એમ કહો છો? એનો અર્થ કે અમે કાંઈ ગુનો કર્યો હતો? ગુનો કર્યો હતો, જેલમાં ગયા હતા તો હવે છૂટ્યા એટલું બધું નક્કી થઈ જાય છે. અમે તો કદી બંધાયા જ નથી. ક્યારેય ગુનો કરીને જેલમાં કદી ગયા જ નથી. અમે છૂટ્યા એમ તમે શું કહો છો? ટીકાકારે ભાષામાં કોપ (શબ્દ) લીધો છે, હોં! '**तदा कोपं करोति**' એમ શબ્દ છે. સંસ્કૃત ટીકામાં છે. છે?

'**ઐસા કહા જાય, તો વહ ક્રોધ કરે, કિ મૈં કબ બંધા થા, સો યહ મુજે 'છૂટા' કહતા હૈ,...**' શું હું પહેલા જેલમાં ગયો હતો તો તમે છૂટ્યા કહો છો? '**બંધા હોવે, વહ છૂટે, ઈસલિયે બંધે કો તો મોક્ષ કહના ઠીક હૈ,...**' સમજાણું કાંઈ? રાગથી બંધાયો છે તે પર્યાયમાં મુક્ત થયો એમ કહેવું એ બરાબર છે. પર્યાયમાં રાગથી બંધાયો છે તો રાગથી છૂટ્યો એમ પર્યાયવાળાને કહેવું એ તો બરાબર છે. '**ઔર બંધા હી ન હો, ઉસે છૂટે કૈસે કહ સકતે હૈં?**' આહા..!

'**ઉસીપ્રકાર યહ જીવ શુદ્ધનિશ્ચયનયકર બંધા હુઆ નહીં હૈ,...**' આહાહા..! વસ્તુ ભગવાન પૂર્ણાનંદ વસ્તુ અસ્તિ તત્ત્વ મહાસત્તા, એ ચીજ તો કદી બંધાય જ નથી. આહાહા..! એ ચીજ બંધાય તો એનો શું અર્થ થયો? કે રાગમાં બંધાય તો અરાગી પર્યાય રોકાઈ ગઈ. એમ જીવ બંધાય તો જીવ તત્ત્વનો જ અભાવ થઈ જાય. સમજાણું કાંઈ? શું કહ્યું? રાગથી બંધાયો હોય તો તો અરાગી પર્યાય રોકાઈ ગઈ. સમજાણું? અરાગી રહી નહિ. એમ વસ્તુ જો બંધાય જાય તો વસ્તુ રહી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો સૂક્ષ્મ છે, ભગવાન!

લોકોએ સ્થૂળ કરીને પાછું આમ કરી નાખ્યું કે વ્યવહાર પરંપરા મોક્ષનો માર્ગ છે. અરે..! ભગવાન! કોણે કોને કહ્યું? એ તો જેને નિશ્ચય અનુભવ થયો છે, સમ્યગ્દર્શન થયું છે, જ્ઞાન, ચારિત્ર, શાંતિ (પ્રગટ થયા છે) તેના વ્યવહારને પરંપરાનો આરોપ દઈ મુક્તિનું કારણ કહ્યું છે. પરંતુ જેને હજી નિશ્ચય જ નથી, અંતર આત્મા આનંદસ્વરૂપ રાગથી ભિન્ન છે એવો અનુભવ નથી, દૃષ્ટિ નથી, આશ્રય નથી, તેને તો એકલા વ્યવહારનો આશ્રય છે, તે વ્યવહાર પરંપરા મુક્તિનું કારણ છે? સમજાણું કાંઈ? એવો વ્યવહાર તો અનંતવાર કર્યો. અનંતવાર વ્યવહાર કર્યો. નવમી ગ્રૈવેયક ગયો તો ત્યાંના અનંતા પુદ્ગલ પરાવર્તન શાસ્ત્રમાં લખ્યા છે. નવમી ગ્રૈવેયકના અનંત પુદ્ગલ પરાવર્તન કર્યા. આહાહા..! સમજાણું કાંઈ?

એક પુદ્ગલ પરાવર્તનના ભાગમાં અનંત અનંત ભવ થાય છે. એક પુદ્ગલ પરાવર્તનના અનંતમા ભાગે અનંત ભવ થાય છે. એવા અનંત પુદ્ગલ પરાવર્તન નવમી ગ્રૈવેયકના કર્યા. અનંત અનંત કાળ છે. એના શુભભાવની દશા તો બહુ ઊંચી હતી. એ કારણે સ્વર્ગમાં ગયો. મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં છેલ્લી હદનો શુભભાવ (થયો) તેનાથી તો કોઈ લાભ થયો નહિ. મિથ્યાત્વ રહ્યું (તો) જન્મ-મરણ રહ્યા. આહાહા..! સમ્યક્ અનુભવ વિના વ્યવહાર જે છે તે (વ્યવહાર જ નથી). અજ્ઞાનીને તો વ્યવહાર જ ક્યાં છે? નિશ્ચય

થયો હોય તેને રાગ બાકી રહ્યો તેને વ્યવહાર કહ્યો. પણ જેને નિશ્ચય જ નથી થયો તેને વ્યવહાર ક્યાંથી આવ્યો? એ તો આખો આત્મા જ એ રૂપે થઈ ગયો છે. આત્મા એ રૂપે થયો નથી, એવો અનુભવ થયો છે તેના રાગને પરંપરા મુકિતના કારણનો આરોપ કરવામાં આવે છે. 'દેવીલાલજી'! આવી વાત છે, ભાઈ!

ભગવાન પરમાત્મા જિનેશ્વર તો આમ કહે છે. એ આમાં કહ્યું ને? '**जिणवरु एउँ भणेइ**' આહાહા..! જીવો જન્મ-મરણ અને બંધ-મોક્ષ કરતા નથી, એમ જિનવર કહે છે. તેને જીવ કહે છે. આહાહા..! તેને જીવ કહીને જિનવર કહે છે. આહહા..! એ શબ્દ છે ને? ૬૮ (ગાથા). '**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ**' એ જીવને જીવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જે બંધ-મોક્ષ કરે નહિ, જન્મ-મરણ કરે નહિ એ જીવને જિનેશ્વરદેવે જીવ કહ્યો છે. આહાહા..! છે?

'**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ**' આહાહા..! ત્રણલોકના નાથ, ઈચ્છા વિના વાણીમાં આમ આવ્યું, હે યોગી ! આ જીવને જિનવર જીવ કહે છે. પર્યાયમાં બંધ-મોક્ષ કરે તે જીવ નહિ. એ તો વ્યવહાર પર્યાય થઈ, નિશ્ચય જીવ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ગજબ વાત છે. બંધ-મોક્ષ કરે નહિ, ઊપજે-મરે નહિ એ જીવ. તે પરમાર્થે, હે યોગી ! તેને અમે જીવ કહીએ છીએ અને '**जिणवरु एउँ भणेइ**'. ત્રણલોકના નાથ અનંત તીર્થંકરો એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! એને અમે જીવ કહીએ છીએ કે જે બંધ-મોક્ષ અને જન્મ-મરણ કરે નહિ. પર્યાયમાં બંધ-મોક્ષ થાય છે એ તો વ્યવહાર આત્મા થઈ ગયો, પરમાર્થ આત્મા ન રહ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

નિશ્ચય મોક્ષમાર્ગ પણ પર્યાય છે તો એ પણ વ્યવહાર થઈ ગયો. ત્રિકાળ દ્રવ્યમાં બંધ-મોક્ષ નથી એવા જીવને જીવ કહે છે, તો જ્યારે મોક્ષની પર્યાય થઈ તો એ વ્યવહાર આત્મા થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? પ્રભુના કથન એવા (છે), ભાઈ! આહાહા..! વીતરાગ '**जिणवरु एउँ भणेइ**'. આહાહા..! સંતો પણ કહે છે ને! આ દિગંબર સંતોની ધ્વનિ તો દેખો! જિનવર આમ કહે છે. અનંત જિનવર, એક જિનવર નથી લીધા. અનંત જિનવર આમ કહે છે કે જે જીવ જન્મ-મરણ અને બંધ-મોક્ષ ન કરે તેને અમે જીવ કહીએ છીએ. આહાહા..! તેને અમે પરમાર્થે આત્મા કહીએ છીએ. આહાહા..!

પર્યાયબુદ્ધિ છોડાવવા અને દ્રવ્ય તરફ ઝુકાવ કરવા આ વાત કહે છે. આહાહા..! નિશ્ચય મોક્ષમાર્ગ છે તેનો આશ્રય કરવા લાયક નથી. નિશ્ચય બંધમાર્ગ રાગ છે તે તો આશ્રય કરવા લાયક નથી પણ પર્યાયમાં મોક્ષમાર્ગ થાય છે એ આશ્રય કરવા લાયક નથી. આહાહા..! નિશ્ચય મોક્ષમાર્ગમાં આશ્રય કરવા લાયક ત્રિકાળી જીવ છે, જે બંધ-મોક્ષથી રહિત છે તે. નિશ્ચય મોક્ષમાર્ગમાં નિશ્ચય મોક્ષમાર્ગનો પણ આશ્રય નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, 'હીરાભાઈ'! આહાહા..!

અનંત જિનવર એટલે! વીતરાગી પ્રધાન પરમાત્મા. જિન તો ચોથા, પાંચમા (ગુણસ્થાનવર્તીને પણ) કહીએ. આ તો જિનવર એવો શબ્દ (છે). જિનવર વીતરાગ પરમાત્મા પૂર્ણાનંદનો નાથ એ આવા જીવને જીવ કહે છે કે જે બંધ-મોક્ષ કરતો નથી. આહાહા..! જે પર્યાયને કરતો નથી તેને જિનવર જીવ કહે છે. અરે..! ભગવાન! આ વાત ક્યાં છે? બાપુ! 'દેવીલાલજી'! આ ત્રણલોકના નાથના ઘરની વાતું (છે), ભાઈ! અરેરે..!

પાંચમો આરો એટલે જીવ તો છે તે છે. ચોથે આરે બીજો જીવ અને પાંચમે આરે (બીજો જીવ) એમ છે કાંઈ? પાંચમે આરે પણ ભગવાન તેને જીવ કહે છે. આહાહા..! અનંત જિનવર તેને જીવ કહે છે કે જે બંધ-મોક્ષની પર્યાયને, જન્મ-મરણને કરે નહિ તેને જીવ કહે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? લ્યો, આ પર્યાયને જીવ ન કહીએ? મોક્ષમાર્ગની પર્યાયને જીવ ન કહીએ? મોક્ષને જીવ ન કહીએ? એ વ્યવહાર જીવ છે. પર્યાયવાળો જીવ એટલે પર્યાય એટલે વ્યવહાર. દ્રવ્ય એટલે નિશ્ચય. આ સિદ્ધાંત (છે). આહાહા..!

ભગવાન! તારી બલિહારી (છે), નાથ! તું કોરો રહીને પર્યાયમાં ન આવે. આહાહા..! એવા જીવને પરમાત્મા કહે છે કે અમે આત્મા કહીએ છીએ. હે આત્મરામ! ત્યાં નજર કર! જે દ્રવ્ય બંધ-મોક્ષને કરતું નથી, જે જીવ મોક્ષના પરિણામને કરતો નથી એમ જિનવર કહે છે. એવા જીવને અમે જીવ કહીએ છીએ. કહે છે કે ત્યાં નજર કર! 'અમરચંદભાઈ'! આહાહા..! ગજબ વાતું છે, ભાઈ ! દુનિયાને એવું લાગે કે આવું આ!

મુમુક્ષુ :- મીઠું લાગે.

ઉત્તર :- એવું મીઠું છે, બાપા!

મુમુક્ષુ :- જીવ અને મોક્ષમાં વચમાં કોઈ સંબંધ છે કે નહિ?

ઉત્તર :- પર્યાય પર્યાયમાં છે, દ્રવ્ય દ્રવ્યમાં છે. દ્રવ્યમાં પર્યાયનો અભાવ છે, એવો સંબંધ છે. સમજાણું કાંઈ? પર્યાયધર્મનો દ્રવ્યધર્મમાં અભાવ છે. દ્રવ્યધર્મમાં પર્યાયધર્મનો અભાવ છે. આહા!

મુમુક્ષુ :- આવું તો લખ્યું નથી.

ઉત્તર :- આ લખ્યું છે. આહાહા..! શું પ્રભુની શૈલી!

જિનવર એને જીવ કહે છે. આહાહા..! એમ સંતો આડતિયા થઈને જિનવરનો માલ પ્રસિદ્ધ કરે છે. આડતિયા કહે છે ને? આડતિયા હોય છે ને? માલ બતાવે છે. સંતો, દિગંબર સંતો આડતિયા થઈને જિનવર આવો માલ કહે છે એમ કહે છે. તને રુચે છે? આહાહા..! આહાહા..! ભગવાનસ્વરૂપ તું ત્રિકાળ છો. સદૃશ વસ્તુ છો, સામાન્ય છો, એમાં વિશેષનો તો અભાવ છે, એમ કહે છે. સામાન્ય ચીજ જે છે એ વિશેષને કરતી નથી. ગજબ વાત છે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્ય પર્યાયને અડતું નથી. એ અધિકાર બહુ આવ્યો. 'સમયસાર' ૪૯

ગાથા. વ્યકત-અવ્યકતને જાણવા છતાં વ્યકતને આત્મા સ્પર્શતો નથી. વ્યકત નામ પર્યાય, અવ્યકત નામ દ્રવ્ય. એ દ્રવ્ય અને પર્યાયનું એક સમયે સાથે જ્ઞાન થવા છતાં અવ્યકત વ્યકતને અડતું નથી. દ્રવ્ય મોક્ષની પર્યાયને અડતું નથી. આહાહા..! ભગવાન આમ કહે છે, હોં! આહાહા..! અને પર્યાય દ્રવ્યને અડતી નથી. ૪૯ માં અલિંગગ્રહણમાં આવ્યું. વીસ બોલમાં ૧૯ બોલ. પર્યાય દ્રવ્યને અડતી નથી. અર્થાવબોધરૂપ વિશેષ પર્યાયનું આલિંગન કર્યા વિના દ્રવ્ય શુદ્ધ છે. આહાહા..! પર્યાયનું આલિંગન કર્યા વિના દ્રવ્યને શુદ્ધ કહે છે. આહાહા..! જુઓને કેટલો મેળ (છે)!

૪૭ (નયમાં) શુદ્ધનય. નિર્મળ પર્યાય સહિત જો દ્રવ્યને જુઓ તો તેને અશુદ્ધનય કહે છે. વ્યવહાર થયો ને? આહાહા..! શું કહે છે? ભગવાન કહે છે એમ સાંભળો, ભાઈ! શું કહ્યું? કે મોક્ષની પર્યાય જે છે, કેવળજ્ઞાનની જે પર્યાય છે તે દ્રવ્યને અડતી નથી. આહાહા..! પ્રભુ! પૂર્ણ થઈ ગઈ ને? પણ છે પર્યાય ને!

મુમુક્ષુ :- બન્ને વચ્ચે અત્યંત અભાવ છે?

ઉત્તર :- અભાવ છે. ચાર જાતના ભાવ એ નહિ. પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ એ નહિ. આ તો અધ્યાત્મનો (અભાવ). રાગમાં અને આત્મામાં અત્યંત અભાવ છે. એ બીજી ચીજ છે. એ ચાર અભાવથી બીજી ચીજ છે, અધ્યાત્મનો (અભાવ છે). રાગમાં અને આત્મામાં અત્યંત અભાવ છે. ‘સમયસાર’માં આવે છે. આહાહા..! એ ચાર ભાવવાળી ચીજ નહિ, આ તો અધ્યાત્મની ચીજ (છે). એમ દ્રવ્યમાં પર્યાય નથી, એનો અભાવ છે. આ અધ્યાત્મનો અભાવ (છે). ‘ગિરધરભાઈ’! આ બધું પાછું આવ્યું. (એ) કાલે સવારે નહોતા. આહાહા..! ભગવાન! થોડું પણ સત્ય આ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જિનવર અનંત તીર્થંકરો દિવ્યધ્વનિમાં આમ કહે છે કે અમે એને જીવ કહીએ છીએ કે જે મોક્ષની પર્યાયને કરે નહિ તેને અમે જીવ કહીએ છીએ. આહાહા..! પરમાર્થ જીવ દ્રવ્ય આત્મવસ્તુ મૂળ વસ્તુ. આહાહા..! નિશ્ચયજીવ, નિશ્ચયઆત્મા. જેને ‘નિયમસાર’માં ૩૮ ગાથામાં કહ્યું છે ને? એ ત્રિકાળી ભગવાન છે તે નિશ્ચયઆત્મા છે. આહાહા..! જુઓને શૈલી તો જુઓ! દિગંબર સંતોની શૈલી તો જુઓ! ઓહોહો..! ચારે કોરથી સત્ય ઊભું થાય છે. ત્યાં એમ કહ્યું, સમજ્યા? શું કહ્યું છેલ્લું? ૩૮ (ગાથા). નિશ્ચયઆત્મા તેને કહીએ. ઓહો..! જે પરમપારિણામિકભાવ સ્વભાવ અહીં કહ્યો ને? ‘**પારિણામિક પરમભાવ ગ્રાહક.**’ એને આત્મા કહીએ. આહાહા..! એ અહીં જીવ કરીને કહે છે. આહાહા..!

ભગવાન! તારે એકવાર રાગને ભૂલવો પડશે. દુનિયાને ભૂલવી પડશે, આખી દુનિયાને જ ભૂલવી પડશે. અરે..! તારે પર્યાયને ભૂલવી પડશે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાય ત્યારે કામ કરશે કે જ્યારે પર્યાયને ભૂલી જશે ત્યારે. આહાહા..! પર્યાય તો એમ જાણે છે કે હું ત્રિકાળ નિરાવરણ છું. એ ૩૨૦ (ગાથામાં) આવ્યું છે ને? લ્યો, એ જ આવ્યું. મોક્ષનો માર્ગ ક્ષયોપશમજ્ઞાન સ્વરૂપ છે, એમ કહે છે. તો પણ ધ્યાતા પુરુષ

મોક્ષના માર્ગને ધ્યાવતો નથી. આહાહા..! તો પણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય... જે સકળ નિરાવરણ ત્રિકાળ અખંડ વસ્તુ (જેમાં) પર્યાયનો ભેદ નથી. એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. આ શું કહે છે? આહાહા..!

જ્ઞાનની પર્યાયમાં જેનો પ્રત્યક્ષ પ્રતિભાસ થાય છે. જ્ઞાનની પર્યાયમાં જેનો પ્રત્યક્ષ પ્રતિભાસ થાય છે. એ ચીજ આવતી નથી પણ પ્રતિભાસ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું. પર્યાય એમ જાણે છે કે હું આ છું. આહાહા..! ભગવાન એમ કહે છે કે જીવ આ છે. પર્યાય એમ કહે છે કે હું આ છું. આહાહા..! જુઓ તો! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પર્યાય પોતે પોતાને ભૂલી ગઈ.

ઉત્તર :- પર્યાય કહે છે કે આ હું છું. હું એનું ધ્યાન કરું છું. આહાહા..! એ હું છું, એમ કહ્યું ને? જુઓ! ધ્યાતા પુરુષ એમ ભાવના કરે છે કે જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, જે અહીંયા જીવ કહ્યો તે, એ પ્રત્યક્ષ પ્રતિભાસમય એકરૂપ છે, અખંડ છે, એકરૂપ છે. આહા..! જેમાં પર્યાયનો ભેદ નથી એવો પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું પરંતુ એમ ભાવતા નથી કે ખંડ જ્ઞાનરૂપ છું. મોક્ષમાર્ગની પર્યાયનું ધ્યાન કરતા નથી, એમ કહે છે. હું મોક્ષમાર્ગની છું એમ નહિ. હું તો આ છું. આવી વાતું છે, ભગવાન! શું કરે? આહા..!

મોટો પરમાત્મા પ્રભુ તું છો, ભાઈ! આહાહા..! શું વાત કરી છે! એને અમે જીવ કહીએ છીએ. ત્રણલોકના નાથ જિનવરદેવો એમ કહે છે કે તેને અમે જીવ કહીએ છીએ કે જે મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાય કરતો નથી તેને અમે જીવ કહીએ છીએ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં એ કહ્યું, પર્યાય એમ જાણે છે કે જે અહીં જીવ કહ્યો તે હું છું. સમજાણું કાંઈ? અહીંયા જિનવરે જે કહ્યું કે આ જીવ તે મોક્ષની પર્યાય અને મોક્ષમાર્ગની પર્યાયને કરે નહિ તેને અમે જીવ કહીએ છીએ. ધ્યાતા એ જીવને ધ્યાવે છે. આહાહા..! કહો, 'હીરાભાઈ'! આવી વાતું છે. કોઈવાર આવી (વાત) નીકળે. આહા..! થોડી તો 'મુંબઈ'માં ચાલી હતી. ૩૨૦ ગાથા. આજે વધારે વધારે આવે છે. અહીં જીવો કીધું ને? વીતરાગે આને જીવ કીધો. પર્યાય પણ એ જીવને ધ્યાવે છે (કે) એ હું છું. પર્યાય એમ કહે છે કે આ જીવ હું છું. આહા..! એટલે હું જ આ છું, એમ. આહાહા..! એમ થયું ને? 'હિંમતભાઈ'! એ કહે છે કે આ હું છું. વીતરાગ કહે છે કે આ જીવ કહેવાય છે. જે જીવ મોક્ષની પર્યાયને પણ કરતો નથી તેને અમે જીવ કહીએ છીએ.

ધર્મીની પર્યાય એમ જાણે છે.. આહાહા..! ત્રિકાળી અખંડ એકરૂપ ચીજ છે તે હું છું. જિનવરે એમ કહ્યું કે આ જીવ છે. તો પર્યાય કહે છે કે હું આ જીવ છું. આહાહા..! ભગવાને જેને જીવ કહ્યો એ જીવને જે પર્યાય (જીવ) માને છે આહાહા..! તેણે આત્માને માની. સમજાય છે કાંઈ? લ્યો, વખત થઈ ગયો, હોં! (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ.)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૩, ગુરુવાર
## તા. ૨૯-૦૭-૧૯૭૬, ગાથા-૬૮-૬૯, પ્રવચન નં. ૪૭

'પરમાત્મપ્રકાશ' ચાલે છે. ૬૮ ગાથા. છેલ્લો ભાવ છે, જુઓ ! '**તેવી જ રીતે...**' ત્યાં છે. છે? છેલ્લેથી છઠ્ઠી લીટી છે. પહેલા શું કહ્યું? દૃષ્ટાંત આપ્યું. કોઈ પ્રાણી સાંકળથી બંધાયેલો હોય તેને છૂટ્યો કહેવો એ વ્યાજબી છે, પણ જે બંધાયો જ નથી તેને છૂટ્યો કહેવું એ ગેરવ્યાજબી છે. સમજાય છે કાંઈ? સાંકળનું દૃષ્ટાંત છે. સાંકળ સમજાય છે? સાંકળ. અહીંયાં છે. કોઈ પ્રાણી સાંકળથી બંધાયેલો હોય તેને છૂટ્યો એમ કહેવું તે યથાર્થ છે, પણ જે સાંકળથી બંધાયો જ નથી તેને છૂટ્યો કહેવું એ વ્યાજબી નથી. આ તો દૃષ્ટાંત થયું.

'**તેવી જ રીતે આ જીવ શુદ્ધનિશ્ચયનયથી બંધાયો નથી,...**' આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ જે સ્વભાવ ચિદાનંદ છે, ત્રિકાળી દ્રવ્યભાવ સ્વભાવભાવ છે એ તો કદી બંધાયો જ નથી. વસ્તુ શું બંધાય? સમજાય છે કાંઈ? સૂક્ષ્મ અધિકાર છે. એક સમયમાં ચિદાનંદ ભગવાન દ્રવ્યસ્વભાવ પૂર્ણાનંદનો નાથ છે એ ચીજને બંધ શું અને મુક્તિ શું? સમજાય છે કાંઈ? આહાહા..! વસ્તુસ્વભાવ જે દ્રવ્યસ્વભાવ પર્યાય વિનાનો, પર્યાય વિનાનો જે દ્રવ્યસ્વભાવ છે તે બંધાયો નથી. એ તો મુક્તસ્વરૂપ ત્રિકાળ છે. શક્તિ સ્વરૂપ મુક્તસ્વરૂપ જ છે. સૂક્ષ્મ વાત છે, ભગવાન! એ ચીજ જે દૃષ્ટિનો વિષય છે એ તો કદી બંધાયો પણ નથી, કદી મુક્ત થતો નથી. છે?

'**આ કારણે મુક્ત કહેવું ઠીક નથી...**' આહાહા..! દ્રવ્ય સ્વભાવ જે શુદ્ધ અખંડાનંદ પ્રભુ, જે ૧૪-૧૫ ગાથામાં કહ્યું ને? અબદ્ધસ્પૃષ્ટ. એ અબદ્ધ સ્વરૂપ છે. એ બંધાયેલી ચીજ નથી. વસ્તુ બંધાય કેવી રીતે? પર્યાયમાં બંધ અને મુક્તિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! પર્યાય વર્તમાન દશા, જે વ્યવહારનયનો વિષય છે એ પર્યાયમાં બંધ અને પર્યાયમાં મુક્તિ છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે.

મુમુક્ષુ :- આપણે પર્યાયથી શું કામ છે?

ઉત્તર :- કરવાનું પર્યાયમાં છે ને! ધ્રુવમાં કરવાનું છે? મોક્ષમાર્ગ તો પર્યાય છે, એ અશુદ્ધનયનો વિષય છે. ધ્યાન રાખજો! પર્યાય છે ને? મોક્ષમાર્ગ પર્યાય છે. કારણ કે બંધમાર્ગભાવ એ પણ પર્યાય છે. એ બન્ને અશુદ્ધનયથી છે. અશુદ્ધનો અર્થ પર્યાયથી છે, પર્યાયનો અર્થ વ્યવહારથી છે. સૂક્ષ્મ છે, ભગવાન!

વસ્તુ જે છે એ તો નિષ્ક્રિય પરિણમન વિનાની ચીજ છે. સૂક્ષ્મ અધિકાર છે. આહાહા...! ભગવાનઆત્મા જે ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત ધ્રુવ છે તે તો બંધનમાં પણ નથી અને મોક્ષમાં પણ નથી. આહાહા...! સમજાય છે કાંઈ? એ કહે છે, જુઓ!

**'શુદ્ધિનિશ્ચયનયથી બંધાયો નથી...'** વસ્તુ બંધાય તો વસ્તુનો અભાવ થઈ જાય. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વિષય છે, ભાઈ! સમ્યગ્દર્શનનો વિષય બંધ અને મોક્ષની પર્યાયથી રહિત છે. સમજાય છે કાંઈ? 'પરમાત્મ પ્રકાશ' છે ને? પંડિતજી! 'બંસીધરજી' 'પરમાત્મ પ્રકાશ' છે? પંડિતજીને કહું છું. છે, પુસ્તક તો છે ને? સમજાય છે કાંઈ?

૬૮ ગાથા એવી છે કે જીવને જન્મ નથી, મરણ નથી, બંધ નથી, મોક્ષ નથી. તેને જિનવર જીવ કહે છે. ૬૮ ગાથા. **'ण वि उप्पज्जइ ण वि मरइ'** જેમાં નથી ઉત્પાદ થતો, ન વ્યય થાય છે. આહાહા...! **'बंधु ण मोक्खु करेइ'** બંધ ન કરે, મોક્ષ ન કરે. હે યોગી! હે સંત! ગુરુ કહે છે, હે શિષ્ય! **'जोइया'** જોગી! આહાહા..! **'जिणवरु एउँ भणेइ'** મૂળ ગાથા (છે). તેને જિનવર જીવ કહે છે. આહાહા..! કોણ જીવ? શું? નિશ્ચય આત્મા ત્રિકાળી આત્મા તે જીવ, પર્યાય નહિ!

મુમુક્ષુ :- જીવ કેટલા પ્રકારના છે?

ઉત્તર :- એક વ્યવહાર જીવ અને એક નિશ્ચય જીવ એમ બે પ્રકારના છે. જીવના બે પ્રકાર. (ત્રિકાળીને નિશ્ચય જીવ કહે છે) અને ઉત્પાદ-વ્યય પર્યાયવાળાને વ્યવહાર જીવ કહે છે.

મુમુક્ષુ :- એક જીવમાં બે જીવ ક્યાંથી આવ્યા?

ઉત્તર :- એક જીવ. પર્યાય અને દ્રવ્યના બે ભેદ છે. પર્યાય અને દ્રવ્ય બે ભેદ છે. પર્યાય દ્રવ્યમાં આવતી નથી અને દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. સૂક્ષ્મ છે, ભગવાન!

સર્વજ્ઞ વીતરાગ જિનવર એમ કહે છે કે તેને અમે જીવ કહીએ છીએ - નિશ્ચય જીવ, વાસ્તવિક જીવ એટલે યથાર્થ આત્મા તેને અમે કહીએ છીએ કે જેને ઉત્પાદ-વ્યય નથી, જન્મ-મરણ નથી, બંધ-મોક્ષ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

બંધ અને મોક્ષ, ઉત્પાદ-વ્યય તો પર્યાયદૃષ્ટિમાં છે, એ પર્યાયનયના વિષયમાં છે. દ્રવ્યનયના વિષયમાં એ નથી. આહાહા...! સમજાય છે કાંઈ? **'जिणवरु एउँ भणेइ'** આહાહા...! અનંત જિનવરો એમ કહે છે કે પરમાર્થ જીવ એને કહીએ, જે સમ્યગ્દર્શનનો વિષય છે; સમ્યગ્દર્શન છે પર્યાય પણ એનો વિષય ધ્રુવ દ્રવ્ય છે. આહાહા...! એ દ્રવ્ય જે ત્રિકાળી ધ્રુવ છે, જેમાં ઉત્પાદ-વ્યય નથી, જેમાં બંધ-મોક્ષ નથી તેને જિનવરદેવ પરમાર્થ ભગવાનઆત્મા કહે છે. સમજાય છે કાંઈ? ભાઈ! આહાહા...! પર્યાયવંત જે પર્યાય છે તે તો વ્યવહારનયનો વિષય છે. ચાહે તો મોક્ષ કે મોક્ષનો માર્ગ હો એ વ્યવહારનયનો વિષય છે.

મુમુક્ષુ :- મોક્ષ તે વ્યવહાર અને વ્યવહાર ખોટો માટે મોક્ષ ખોટો.

ઉત્તર :- વ્યવહાર ખોટો કઈ અપેક્ષાએ? એ તો ત્રિકાળીની અપેક્ષાએ અભૂતાર્થ છે, પણ પોતાની અપેક્ષાએ તો ભૂતાર્થ છે. આહાહા...! ઝીણો વિષય છે, આ ગાથા જ બહુ ઝીણી છે. આહાહા..!

મુમુક્ષુ :- ઝીણો એટલે?

ઉત્તર :- સૂક્ષ્મ.

મુમુક્ષુ :- સૂક્ષ્મ એટલે?

ઉત્તર :- આહાહા...! ઘણું જ લક્ષ રાખીને સાંભળવા લાયક આ ચીજ છે. આહાહા..! અનંતકાળમાં આ ચીજ શું છે તે એણે લક્ષમાં જ લીધી નથી. જે ભગવાનઆત્મા એક સમયમાં જે ધ્રુવ છે, એ ધ્રુવમાં તો ઉત્પાદ-વ્યય પણ નથી. ઉત્પાદ-વ્યય તો પર્યાયમાં છે, અને બંધ ને મોક્ષ પણ પર્યાયમાં છે. આહાહા...! ભારે વાતું! હજી તો લોકો બહારમાં વ્યવહાર કરે ને દયા, દાનથી મુક્તિ (માને છે). એ તો ક્યાંય રહી ગયું, પ્રભુ!

અહીંયા તો ભગવાનઆત્મા એક સમયમાં ઉત્પાદ-વ્યય જે છે (તેનાથી રહિત છે). 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' એ તો 'તત્ત્વાર્થ સૂત્ર' માં આવે છે. દસલક્ષણીપર્વમાં આવે છે. 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' ભગવાનઆત્મા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ, ત્રણે મળીને પ્રમાણનો વિષય છે, પ્રમાણનો વિષય છે. અને તેના બે ભાગ પાડીને (કહે છે), ત્રિકાળી દ્રવ્ય જે છે તે બંધ-મોક્ષથી રહિત છે, એ સમ્યગ્દર્શનનો વિષય છે અને બંધ-મોક્ષની પર્યાય છે એ વ્યવહારનયનો વિષય છે. આહાહા...! સમજાય છે કાંઈ? વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ (છે). અલૌકિક વાત છે. આવી વાત ક્યાંય નથી. વીતરાગ સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય નથી. શ્વેતાંબરમાં પણ નથી તો બીજામાં તો હોય ક્યાંથી? આહાહા..! આ તો સનાતન જૈનદર્શનમાં આ કથન છે. સમજાય છે કાંઈ? એમ કહીને શું કહેવું છે?

જે વસ્તુ બંધ-મોક્ષ રહિત ધ્રુવ છે તેનો આશ્રય કરવાલાયક છે. પર્યાયનો પણ આશ્રય કરવાલાયક નથી. મોક્ષ અને મોક્ષનો માર્ગ પણ આશ્રય કરવાલાયક નથી. પંડિતજી! સૂક્ષ્મ વિષય છે, ભાઈ! આહાહા...! એકદમ વાત ગુંલાટ ખાય છે. વસ્તુ ભગવાનઆત્મા એક સમયમાં ધ્રુવનો જે પિંડ છે, ધ્રુવ સ્વરૂપ છે, જેમાં ઉત્પાદ-વ્યય, બંધ-મોક્ષ નથી. આહાહા...! એ ચીજને ભગવાન પરમાર્થ આત્મા કહે છે. બંધ-મોક્ષની પર્યાય એ પરમાર્થ આત્મા નથી. આહાહા...! બંધ-મોક્ષ તો પર્યાયમાં છે, પર્યાયમાં રાગની એકતાનો બંધ અને રાગના અભાવરૂપ મોક્ષની પર્યાય એ પર્યાયમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- પર્યાયમાં દ્રવ્ય નથી અને દ્રવ્યમાં પર્યાય નથી, એટલું છે. છે તો સાથે. સાંભળો, ભાઈ! આ ભગવાનની વાત તો સૂક્ષ્મ છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. જ્ઞાનની પર્યાયમાં અને શ્રદ્ધાની પર્યાયમાં આખા દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યની શ્રદ્ધા થાય છે. સમજાય છે કાંઈ? પર્યાયમાં દ્રવ્ય કેવું છે તેની શ્રદ્ધા થાય છે, દ્રવ્ય (પર્યાયમાં) આવતું નથી. આહાહા..! ... હમણા તો આવતા નથી, બે-ચાર દિવસથી 'જિનેશ્વરદાસજી' આવ્યા નથી, ઠીક નથી. સમજાય છે કાંઈ? આહાહા...!

પ્રભુ! તું એકવાર સાંભળ તો ખરો. આહાહા..! તારા દ્રવ્યની પ્રભુતા એટલી છે કે

જેમાં બંધ-મોક્ષની પર્યાય પણ નથી. સમજાય છે કાંઈ? અને બંધ-મોક્ષની જે પર્યાય છે એ પર્યાય છે તો વ્યવહારનયનો વિષય છે અર્થાત્ એ અશુદ્ધનયનો વિષય છે. બંધ, મોક્ષ ને મોક્ષનો માર્ગ... ભગવાન ! એકવાર સાંભળ તો ખરો! એ જે નિશ્ચય મોક્ષનો માર્ગ છે, દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય વાસ્તવિક મોક્ષમાર્ગ છે, વિકલ્પ છે એ મોક્ષમાર્ગ છે જ નહિ. એ વાસ્તવિક નિશ્ચય મોક્ષમાર્ગ જે ખરેખર છે તે પણ પર્યાયનો વિષય છે, વ્યવહારનયનો વિષય છે, બીજી ભાષાએ કહીએ તો એ અશુદ્ધનયનો વિષય છે. આહાહા..! 'ઉમેદચંદભાઈ'! આવી વાત છે, ભાઈ!

ત્રણલોકના નાથ જિનવરદેવ સભામાં ઈન્દ્રો અને ગણધરોની વચમાં આમ ફરમાવતા હતા. એ આ વાત છે. આહાહા..! ભગવાન! તું કેવડો મોટો છો, કેટલું તારું માહાત્મ્ય અને તારી કેટલી ધ્રુવતા ત્રિકાળતા છે. આહાહા..! તેને પર્યાય અડતી નથી. એ દ્રવ્ય જે છે એ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયને અડતું નથી અને મોક્ષમાર્ગની પર્યાય જે છે એ દ્રવ્યને અડતી નથી. આવી વાત છે, ભગવાન! આહાહા..! અરે...! અત્યારે તો બધી ગડબડ (થઈ ગઈ). આ વ્યવહારથી થાય ને એનાથી થાય ને દયા, દાન ને વ્રતને કરો ને એનાથી (ધર્મ થશે). અરે..! ભગવાન! એ તો બંધમાર્ગ છે ને? એનાથી મોક્ષમાર્ગ થાય છે? બંધમાર્ગ દ્રવ્યનો આશ્રય લે છે? આહાહા..! રાગાદિ ભાવ છે એ તો (બંધમાર્ગ છે). (તેમાં) લક્ષ પરનું છે, દિશા પરની છે. એ દશાની દિશા પર તરફ છે. એ દશાની દિશા પર તરફ છે. આહાહા...! અને જે મોક્ષમાર્ગ સાચો છે એની દશાની દિશા દ્રવ્ય તરફ છે. સમજાય છે કાંઈ? અરેરે..! આવી વાત પ્રભુની લોકોએ એવી ગડબડમાં નાખી દીધી.

શાસ્ત્રમાં એમ આવે ને? વ્યવહાર રત્નત્રય પરંપરા મોક્ષનું કારણ છે, એમ આવે છે. કોને? જેને ત્રિકાળી ભગવાન બંધ-મોક્ષની પર્યાય રહિત છે તેની જેને અનુભવમાં દૃષ્ટિ થઈ છે, જેને આનંદનો સ્વાદ આવ્યો છે (તેને). આહાહા...! એટલે? હિન્દીમાં એટલે કહે છે ને? અર્થાત્. જે આનંદસ્વરૂપ ધ્રુવ પ્રભુ છે તેનો આશ્રય કરવાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા તો એ આનંદની દશા થઈ. ત્રિકાળી આનંદ છે તેની આનંદ દશા થઈ. સમજાય છે કાંઈ? આહાહા..! અને રાગ ભાગ છે, જેટલો શુભઉપયોગ છે, ભગવાને વ્યવહારનયથી જે કથન કરીને વ્રત ને નિયમ ને તપસ્યા ને ક્રિયાકાંડ કહ્યા એ બધું અશુદ્ધનયનો વિષય છે અને બંધનું કારણ છે. આહાહા..! અને મોક્ષનો માર્ગ જે છે એ નિર્મળ પર્યાય છે તેનો આશ્રયદાતા ભગવાન છે. દાતાનો અર્થ એ પર્યાયને દેતું નથી. આહાહા..!

એ દ્રવ્ય પર્યાયનો દાતા નથી. એ આપણે 'આત્મધર્મ' માં આવી ગયું ને? 'યોગસાર' માં. 'યોગસાર'નું કથન 'આત્મધર્મ' માં બહુ આવી ગયું. અત્યારે 'આત્મધર્મ' બહુ સારું સ્પષ્ટ આવે છે. લોકો બહુ રાજી થાય છે. આ કારતક મહિનાથી 'આત્મધર્મ' (વાંચીને) લોકો બહુ રાજીખુશી થાય છે. ઓહોહો..! 'આત્મધર્મ' તો 'આત્મધર્મ' હવે આવ્યું. આહાહા..! શું છે?

જે 'આત્મા' અને 'આત્મધર્મ', બે શબ્દ છે? તો આત્મા છે એ તો ત્રિકાળી છે. તેમાં બંધ અને મોક્ષ પણ નથી. મોક્ષનો માર્ગ પણ એમાં નથી. આહાહા..! જે બંધ અને મોક્ષ છે... કહ્યું ને? ૬૮ (ગાથા ને)? **'બંધ પણ વ્યવહારનયથી છે અને મુક્તિ પણ વ્યવહારનયથી છે.'** છે? ભાઈ! શું કહ્યું? સાંભળો, ભાઈ! આ તો અલૌકિક માર્ગ છે. આહાહા..! બંધ પણ વ્યવહાર છે. રાગની એકતા જે પર્યાયમાં છે તે વ્યવહાર છે. પર્યાય છે ને? અને મુકિતનો માર્ગ સાચો નિશ્ચય છે તે વ્યવહાર છે. પર્યાય છે ને? આહાહા..!

મુમુક્ષુ :- તે તો રાગથી છૂટેલી દશા છે.

ઉત્તર :- છૂટેલી પણ એ પર્યાય છે ને? પર્યાય છે તે વ્યવહાર છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! અહીંયાં તો 'પ્રવચનસાર' માં ૪૭ નયમાં ત્યાં સુધી કહ્યું, ૪૬-૪૭ નય છે ને? 'પ્રવચનસાર' માં પાછળ છે. ત્યાં તો એમ કહ્યું કે માટીને તેની વાસણ આદિ પર્યાયથી જોવી તે અશુદ્ધનય છે. માટીને માત્ર માટીરૂપે જોવી તે શુદ્ધનય છે. એમ ભગવાનઆત્માને નિર્મળ પર્યાય સહિત જોવો તે અશુદ્ધનય છે. આ સિદ્ધાંત છે. છે એમાં? 'પ્રવચનસાર' માં ૪૬-૪૭ (નય) ૪૬ સમજો છો? ૪૦ અને ૬. અને ૪૭. ૪૦ અને ૭. છેલ્લી બે નય છે ને? આહાહા..! માટીને એની પર્યાય જે વાસણ આદિ છે, વાસણ છે ને? માટીના વાસણ છે ને? વાસણથી માટીને જોવી તે અશુદ્ધનય છે. એક માટીને એકલી જોવી તે શુદ્ધનય છે. એમ ભગવાનઆત્માને નિર્મળ પર્યાય સહિત દ્રવ્યને જોવું તે અશુદ્ધનય છે. આહાહા..! ગજબ વાત છે. એકલા ત્રિકાળી દ્રવ્યને જોવું તે શુદ્ધનય છે. સમજાય છે કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! વીતરાગ જિનેશ્વરદર્શન એ દિગંબરદર્શન છે. દિગંબરદર્શન છે એ જિનેશ્વરદર્શન છે, એ જિનદર્શન છે. આહાહા..! એ સિવાય આવી સત્યની વાત બીજે ક્યાંય છે જ નહિ. આહાહા..! શું કહ્યું?

**'બંધ પણ વ્યવહારનયથી છે અને મુક્તિ પણ વ્યવહારનયથી છે,...'** છે? આહાહા..! કેમ કે બંધ અને મુકિત તો પર્યાય છે. વસ્તુમાં બંધ-મુકિત નથી, એ તો ત્રિકાળી ચીજ છે. આહાહા..! અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** ('સમયસાર') ૧૧ મી ગાથા. **'ववहारोऽभूदत्थो '** પર્યાયબુદ્ધિ અભૂતાર્થ છે. મોક્ષ અને મોક્ષના માર્ગની પર્યાય પણ અભૂતાર્થ છે. કઈ અપેક્ષાએ? ત્રિકાળની અપેક્ષાએ. તેની પોતાની અપેક્ષાએ છે પણ એ પર્યાયનયનો વિષય છે. આહાહા...! મોક્ષ અને મોક્ષનો માર્ગ, સાચો, હોં! વ્યવહાર મોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ છે જ નહિ. એ તો આરોપણથી કથનનિરૂપણ છે. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. મોક્ષમાર્ગ બે પ્રકારનો નથી. આહાહા...! કથનમાં એમ આવે છે. જ્યારે પોતાનો નિશ્ચય મોક્ષમાર્ગ પોતાથી પ્રગટ થાય છે તે વખતે રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ સાથે વ્યવહાર સહચર જોઈને નિમિત્તનો ઉપચાર કરીને વ્યવહાર કહ્યું છે. એ મોક્ષમાર્ગ નથી, ફક્ત સાથે નિમિત્ત દેખીને ઉપચાર કર્યો છે. આહાહા..! શેઠ! આવી ચીજ છે, ભગવાન! લ્યો, આ લોકો આવ્યા ને પહેલા આ જ (આવ્યું). આહાહા..!

'**મુક્તિ પણ વ્યવહારનયથી છે,...**' આહાહા..! રાગને વ્યવહારે મોક્ષનો માર્ગ કહ્યો છે એની તો વાત જ ક્યાં છે? એ તો બંધમાર્ગ છે. સમજાય છે કાંઈ? કેમ કે પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય છે. મુકિતની પર્યાય અનંત આનંદ, અનંત જ્ઞાન, દર્શન, કેવળજ્ઞાનની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! પર્યાય છે ને? ત્રિકાળમાં ભેદ છે. આહાહા..! ભગવાન ત્રિલોકનાથ જિનવરદેવ એમ કહે છે. પાઠમાં આવી ગયું છે. '**जिणवरु एउँ भणेइ**' આહાહા..!

પ્રભુ તું કોણ? કાયમી કોણ? તું કોણ છો? કાયમી ચીજ તો દ્રવ્ય સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ (છે). જિનવર એમ કહે છે કે ધ્રુવ સ્વરૂપમાં બંધ-મોક્ષની પર્યાયનો અભાવ છે. આહાહા..! અરે..! મોક્ષમાર્ગની પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે, દ્રવ્યની શ્રદ્ધા થાય છે પણ એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહાહા..! સમજાય છે? ભાઈ! સૂક્ષ્મ છે. આહાહા..! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા ગણધરો અને ઈન્દ્રોની સભામાં દિવ્યધ્વનિમાં આમ કહેતા હતા. આહાહા..! પ્રભુ ! તને મુકિત અને બંધ વ્યવહારનયથી છે આહાહા..! કેમ કે દ્રવ્ય તે નિશ્ચય છે, પર્યાય તે વ્યવહાર છે. એટલે મોક્ષ અને મોક્ષનો માર્ગ પર્યાય છે માટે વ્યવહારનયથી છે, અશુદ્ધનય છે. સમજાય છે કાંઈ? એ અશુદ્ધતા છે એમ નહિ. મોક્ષમાર્ગ અશુદ્ધ છે એમ નહિ પણ મોક્ષમાર્ગની પર્યાયથી જોવું એક ભેદ છે માટે અશુદ્ધનય છે. પર્યાય છે ને? અને ત્રિકાળી ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ શુદ્ધનયનો વિષય છે. એ સમ્યગ્દર્શનનો વિષય કહો, શુદ્ધનયનો વિષય કહો કે ૧૧ મી ગાથામાં કહ્યું, ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દર્શન થાય છે. એ ત્રિકાળ દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પકડાય એટલું પકડો, પ્રભુ! માર્ગ તો આ છે, ભાઈ! અત્યારે તો બહુ ફેરફાર કરી નાખ્યો. આહાહા..! ક્યાંનું ક્યાં... આહાહા..! પદ્માવતી દેવી ને ફલાણા જક્ષ ને ક્યાંના ક્યાં બિચારા ભમે છે.

અહીં તો કહે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ વિકલ્પ અને રાગ છે. આહાહા..! એ બંધમાર્ગ છે. પરદ્રવ્ય આશ્રિત ભાવ થાય છે તો રાગ જ થાય છે. એ તો બંધમાર્ગ છે. પણ અહીંયાં તો ભગવાન ત્રિકાળી આનંદનો નાથ છે, એમાં સર્વસ્વ શકિત ભરી છે. અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત ઈશ્વરતા, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય જેના સ્વભાવની મર્યાદા નથી! એક એક શકિતની મર્યાદા નથી એવી શકિત અને એ શકિતમાં અનંત અનંત સામર્થ્ય! એવી અનંત શકિતરૂપ ધ્રુવ ભગવાન દ્રવ્ય જે છે તે પર્યાયને અડતું નથી. આહાહા..! ૪૯ ગાથામાં આવ્યું છે, 'સમયસાર' ૪૯. વ્યકત અવ્યકતને. વ્યકત નામ પર્યાય અને અવ્યકત નામ દ્રવ્ય. બેનું એક સાથે જ્ઞાન થવા છતાં વ્યકતને અવ્યકત સ્પર્શતું નથી. આહાહા..! વ્યકત નામ પર્યાય અને અવ્યકત નામ દ્રવ્ય બેનું એક સાથે જ્ઞાન થવા છતાં.... આહાહા..! વ્યકતને અવ્યકત દ્રવ્ય સ્પર્શતું નથી. એ પાંચમો બોલ છે. છ બોલ છે ને? છ બોલ. ૪૯ ગાથા. અવ્યકતના છ બોલ છે.

સમજાય છે કાંઈ? આહાહા..!

અલિંગગ્રહણમાં છે. 'પ્રવચનસાર' ૧૭૨ ગાથામાં વીસ બોલ છે. એમાં ૧૮ મો બોલ છે. અર્થાવિબોધરૂપ ગુણવિશેષને નહિ સ્પર્શનારો એ ભગવાનઆત્મા. દ્રવ્ય છે તે વિશેષમાં આવતું નથી. આહાહા..! દ્રવ્ય તે વિશેષને સ્પર્શતું નથી. પંડિતજી! આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..! '....' આજે તો હિન્દીમાં ચાલે છે. આહાહા..! એ વ્યકતને દ્રવ્ય અડતું નથી, સ્પર્શતું નથી. પર્યાય પર્યાયમાં રહે છે, દ્રવ્ય દ્રવ્યમાં રહે છે. અને પર્યાય દ્રવ્યને અડતી નથી. એ વીસમો બોલ છે અને આ ઓગણીસમો બોલ છે. અર્થાવિબોધરૂપ વિશેષ પર્યાય દ્રવ્યને આલિંગન કરતી નથી. આહાહા..! જુઓ! વીતરાગનું તત્ત્વ દર્શન, જુઓ! આહાહા..! મોક્ષમાર્ગની પર્યાય વ્યકત છે એ અવ્યકત નામ દ્રવ્યને સ્પર્શતી નથી. આહાહા..!

મુમુક્ષુ :- આશ્રય લ્યે છે.

ઉત્તર :- આશ્રય લેતી જ નથી. આશ્રયનો અર્થ તે સન્મુખ થઈ તેને આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. આહાહા..! પર્યાય દ્રવ્ય-સન્મુખ થઈ તો દ્રવ્યનો આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. પર્યાય દ્રવ્યને અડતી નથી તો આશ્રય કેવો? આહાહા..! જુઓ! આ તત્ત્વજ્ઞાનની લહેર!

મોક્ષમાર્ગની આનંદની અનુભવ દશા, ક્ષાયિક સમકિત, ક્ષાયિક યથાખ્યાત ચારિત્રની પર્યાય દ્રવ્યને અડતી નથી અને તે પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્ય તેને અડતું નથી, દ્રવ્ય તેમાં આવતું નથી. પર્યાય અડતી નથી, પર્યાય દ્રવ્યમાં જાતી નથી. આહાહા..! જાતી નથી કહે છે ને? સમજાય છે કાંઈ? અહીં આ વ્યાખ્યા છે. '**વ્યવહારનયકર ઔર મુક્તિ ભી વ્યવહારનયકર હૈ.**' બંધ અને મુકિત વ્યવહારનયથી છે. પર્યાય છે ને? તો પર્યાય એ વ્યવહાર છે. આહાહા..!

'**શુદ્ધનિશ્ચયનયકર ન બંધ હૈ, ન મોક્ષ હૈ,...**' છે? આહાહા..! શુદ્ધનિશ્ચય તો ત્રિકાળી વસ્તુ, દ્રવ્યવસ્તુ છે. તેમાં ન તો બંધ છે, ન મોક્ષ છે. આહાહા..! અશુદ્ધનયકર બંધ છે. '**ઈસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે.**' બંધના નાશનો પ્રયત્ન વ્યવહારનયનો વિષય આવે છે, હોય છે. શિષ્યે એમ પ્રશ્ન કર્યો હતો ને કે નિશ્ચયનયથી બંધ અને મોક્ષ આત્મામાં નથી તો મોક્ષનો પ્રયત્ન કરવો વ્યર્થ છે. શિષ્યનો આ પ્રશ્ન હતો કે બંધ અને મોક્ષ આત્મામાં નથી તો મોક્ષનો પ્રયત્ન કરવો વ્યર્થ થયો. તો કહે છે, સાંભળ તો ખરો, પ્રભુ! બંધ પણ પર્યાયમાં છે અને મોક્ષ પણ પર્યાયમાં છે. વ્યવહારનયનો વિષય છે. બંધનો નાશ કરવામાં વ્યવહારનયનો વિષય નિશ્ચય મોક્ષમાર્ગ આવે છે. સમજાય છે કાંઈ?

'પરમાર્થ વચનિકા' માં પણ કહ્યું છે, નહિ? 'બનારસીદાસ' 'પરમાર્થ વચનિકા' છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં પાછળ લીધું છે, આપણે લીધું છે. હિન્દીમાં આવ્યું છે? હિન્દીમાં? 'મોક્ષમાર્ગ પ્રકાશક' ની પાછળ ત્રણ (વિષય) લીધા છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી',

'પરમાર્થ વચનિકા', 'ઉપાદાન-નિમિત્ત'. પાછળ ત્રણ વિષય લીધા છે. એમાં પણ એમ લીધું છે, દ્રવ્ય છે તે નિષ્ક્રિય નિશ્ચય છે. મોક્ષમાર્ગ નિશ્ચય સાધના તે વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? ક્ષાયિક સમકિત વ્યવહારનયનો વિષય છે, કેવળજ્ઞાન વ્યવહારનયનો વિષય છે. પર્યાય છે ને! યથાખ્યાત ચારિત્ર વ્યવહારનયનો વિષય છે, મોક્ષ વ્યવહારનયનો વિષય છે. પર્યાય છે. અરે..! મૂળ તત્ત્વની ખબર ન મળે. બહારથી આમ કરો ને આમ કરો ને આમ કરો.

અહીં તો દ્રવ્ય પર્યાયને કરતી નથી. પર્યાય રાગને કરતી નથી, રાગ પરદ્રવ્યની પર્યાયને કરતું નથી. વિકલ્પ છે તે પરની પર્યાયને, જડની કોઈ પર્યાયને કરતી નથી અને નિર્મળ પર્યાય રાગને કરતી નથી અને નિર્મળ ભગવાનઆત્મા નિર્મળ પર્યાયને કરતું નથી. આહાહા..! સમજાય એવી વાત છે. લોજીકથી ન્યાયથી તો કહેવામાં આવે છે. આ વીતરાગનો માર્ગ તો ન્યાયથી છે. સમજાય છે કાંઈ?

**'અશુદ્ધનયકર બંધ હૈ, ઈસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે.'** બંધના નાશનો અર્થ મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ વ્યવહાર છે. બંધ પણ અસદ્‌ભુત વ્યવહાર છે, આ સદ્‌ભુત વ્યવહાર છે. આહાહા..! આહાહા..! પણ એ બન્ને છે તો અશુદ્ધનયનો વિષય.

મુમુક્ષુ :- કોઈવાર તો આપ શુદ્ધનયનો વિષય કહો છો!

ઉત્તર :- એ કઈ અપેક્ષાથી ? એ તો શુદ્ધતાની અપેક્ષાએ, બાકી છે તો અશુદ્ધનયનો વિષય. વ્યવહારનયનો કહો, પર્યાયનયનો કહો કે અશુદ્ધનો કહો. ત્રિકાળ છે તે શુદ્ધનયનો વિષય છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર' માં એમ લીધું છે. ૪૭ નય છે ને? છેલ્લે ૪૭ નય છે ને? આત્મદ્રવ્ય અશુદ્ધનયે ઘટ અને રામપાત્રની વિશેષ માટીપાત્રની માફક સોપાધિક સ્વભાવવાળું છે. આહાહા..! આત્મદ્રવ્ય શુદ્ધનયે કેવળ માટીમાત્રની માફક નિરૂપાધિ સ્વભાવવાળું છે. આહાહા..! આત્મદ્રવ્ય એકલું ત્રિકાળી શુદ્ધનયે માટીમાત્રની માફક. માટીના વાસણ સહિત માટીને જોવી એ તો વ્યવહારનય થઈ ગયો, અશુદ્ધનય થયો. એમ ભગવાનઆત્માને નિર્મળ પર્યાય સહિત લક્ષમાં લેવો એ તો વ્યવહારનયનો અશુદ્ધનયનો વિષય છે. આહાહા..! 'પ્રવચનસાર' માં છે. ભાઈ! આવી વાત છે. ક્યાંય દૂરથી આવ્યા છે. આહાહા..! 'દિલ્હી' થી આવ્યા છે? આહાહા..!

અહીં તો આત્મદ્રવ્ય એ ત્રિકાળી અને મોક્ષ ને મોક્ષની વર્તમાન પર્યાય! એ ત્રિકાળી તે શુદ્ધનયનો અથવા સમ્યગ્દર્શનનો વિષય છે અને મોક્ષનો માર્ગ અને મોક્ષ એ વ્યવહારનયનો વિષય જાણવા લાયક છે. આહાહા..! એ મોક્ષનો માર્ગ અને મોક્ષ આદરવા લાયક નથી.

મુમુક્ષુ :- પ્રગટ કરવા લાયક છે?

ઉત્તર :- પ્રગટ કરવા લાયક છે એ બીજી વાત છે. એ તો પુરુષાર્થથી અશુદ્ધનયે વ્યવહારનયે પ્રગટ થાય છે. મોક્ષ પ્રગટ કરવા લાયક છે એમ તો અહીં કહ્યું ને? 'મોક્ષમાર્ગ

પ્રકાશક' માં. મોક્ષ છે એ પરમ હિતકર છે. સંવર છે તે ઉપાદેય છે, નિર્જરા છે તે હિતકર છે. આસ્રવ છે તે અહિતકર છે. આહાહા..! એ તો જ્ઞાન કરાવ્યું છે.

અહીંયા તો કહે છે, સંવર ઉપાદેય કહ્યો એ પણ પ્રગટ કરવાની અપેક્ષાએ (કહ્યો). બાકી ઉપાદેય તો ત્રિકાળી ધ્રુવ છે તે ઉપાદેય છે. પંડિતજી! આવી વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મદ્રવ્ય અશુદ્ધનયે ઘટ અને રામપાત્રની વિશેષ માટીમાત્રની માફક. ઘડો અને રામપાત્રની પર્યાયની વિશેષતા સહિત માટી એ અશુદ્ધનયનો વિષય છે. એમ ભગવાનઆત્મા, એની નિર્મળ પર્યાય સહિતનો એને જોવો એ વ્યવહારનયનો વિષય છે, અશુદ્ધનયનો વિષય છે. આહાહા..! ભગવાનઆત્મા ત્રિકાળી જે પર્યાય વિનાની ચીજ દ્રવ્ય છે તે ઉપાદેય છે. એ અહીંયા કહેશે, જુઓ! આહાહા..!

'**ઈસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે. યહાં યહ અભિપ્રાય હૈ,...**' જુઓ! '**યહાં યહ અભિપ્રાય હૈ, કિ સિદ્ધ સમાન યહ અપના...**' સિદ્ધ સમાન નામ પર્યાય નહિ. ત્રિકાળી. સમજાણું કાંઈ? '**સિદ્ધ સમાન યહ અપના શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં લીન પુરુષોંકો ઉપાદેય હૈ,...**' આહાહા..! કહે છે કે એવો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ધ્રુવ કોને ઉપાદેય છે?-કે જેણે શુદ્ધાત્માનુભૂતિમાં દ્રવ્યને લક્ષમાં-દૃષ્ટિમાં લીધો છે તેને ઉપાદેય છે. શું કહ્યું સમજાણું?

શુદ્ધ અનુભૂતિવાળાને આ આત્મા ઉપાદેય છે. આમ ઉપાદેય માનવું એ તો ધારણાનો વિષય થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ જે શુદ્ધનયનો વિષય છે, પણ ક્યારે તેને ઉપાદેય કહેવાય? આહાહા..! તેના સન્મુખની શુદ્ધાત્માનુભૂતિ થાય તે કાળે તે આત્મા ઉપાદેય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને જ તે ઉપાદેય છે. એમ ને એમ ઉપાદેય ઉપાદેય કહે, તે શું? આ ત્રિકાળી ઉપાદેય છે એવું પરિણમન થયું તેને ઉપાદેય છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ નિર્મળ અનુભૂતિ થઈ એ અનુભૂતિના કાળમાં ઉપાદેય છે. તેનો આશ્રય લીધો અને એ (નિર્મળ અનુભૂતિ થઈ) તો એ અનુભૂતિમાં એ ઉપાદેય છે. આવી વાત છે, ભગવાન! આહાહા..! અરેરે..! આવી વાતને લોકો નિશ્ચય કરીને તોડી નાખે. અરે! પ્રભુ! માર્ગ તો આ છે, હોં!

તારા હિતના પંથ તો આ છે, ભાઈ! બીજી રીતે કરવા જઈશ, પ્રભુ! (તો) હાથ નહિ આવે. આહાહા..! સંસારમાં રખડવું પડશે, ભાઈ! જન્મ-મરણ કરી કરીને હોથા નીકળી ગયા છે. નરક ને નિગોદના ભવ કરીને. આહાહા..! એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ. બાપુ! કેટલું દુઃખ હશે, ભાઈ! આહાહા..! તારા આનંદના નાથના વિરહમાં આવા દુઃખ તેં સહન કર્યા. આહાહા..! ઝઘડા ઊભા કરે. આ નયે આમ કહ્યું છે ને આ નયે (આમ કહ્યું છે). બધું છે, સાંભળને! આહાહા..!

અહીંયાં તાત્પર્ય અભિપ્રાય એ છે કે '**સિદ્ધ સમાન યહ અપના શુદ્ધાત્મા...**' ત્રિકાળી, હોં! '**વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં લીન...**' આહાહા..! રાગરહિત થઈને

સ્વભાવ સન્મુખની વીતરાગ નિર્વિકલ્પ શાંતિ, સમાધિ એટલે શાંતિ. વીતરાગ નિર્વિકલ્પ આનંદની શાંતિના કાળમાં તે ઉપાદેય છે. આહાહા..! એણે આત્માને આદર્યો. એણે આત્માનો આદર કર્યો. આહાહા..! શુદ્ધાત્માનુભૂતિના કાળમાં એણે આત્માને ઉપાદેય માન્યો. આહાહા..! '**લીન પુરુષોંકો ઉપાદેય હૈ, અન્ય સબ હેય હૈં.**' આહાહા..! પર્યાય આદિ બધું હેય છે. એ ૬૮ ગાથા પૂરી થઈ, લ્યો! ત્રણ દિવસથી આપણે ચાલે છે. આ નવા મહેમાન આવ્યા છે ને. છેલ્લી લીટીમાં આટલું ભર્યું છે, માલ ભર્યો છે. પાર ન આવે એવી વાત છે, બાપા! એ ગણધર પૂરું કરી શકે સંતો પૂરું કરી શકે એવી વાત છે.

વસ્તુ-વસ્તુ છે ને? તત્ત્વ છે ને? અસ્તિ પદાર્થ છે ને ભગવાન? ત્રિકાળ, હોં! અસ્તિ પદાર્થનો સ્વભાવ અસ્તિરૂપ અનંત છે. આહાહા..! એવો અનંત સ્વભાવ સંપન્ન ભગવાન સિદ્ધ સમાન દ્રવ્ય, હોં! તેની સન્મુખ થઈને શુદ્ધાત્માની અનુભૂતિના કાળમાં આ આત્મા ઉપાદેય થયો. આહાહા..! આમ શાસ્ત્રથી ખ્યાલમાં લીધો કે આ ઉપાદેય છે, પણ તે ઉપાદેય થયો તો નહિ.

મુમુક્ષુ :- શાસ્ત્ર સાંભળીને પણ 'આ ઉપાદેય છે' એમ ના થયું?

ઉત્તર :- જ્ઞાનની પર્યાયમાં એમ થયું પણ શ્રદ્ધાની પર્યાયમાં, અનુભૂતિની પર્યાયમાં આ ઉપાદેય છે એમ ક્યાં આવ્યું? અનંત પુરુષાર્થ છે. આહાહા..! કરવું છે તો આ જ કરવું છે, બાકી બધું હેય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**समाधिरतो मुक्तजीवसद्दशः**' જુઓ ! એમ લીધું છે ને? '**मुक्तजीवसद्दशः**' એમ લીધું છે. એટલે સિદ્ધ સમાન લીધું. '**स्वशुद्धात्मोपादेय इति भावार्थः**' લ્યો! આ સિદ્ધ સમાન લીધું ને? એ '**मुक्तजीवसद्दशः**' ની વ્યાખ્યા કરી. એ ૬૮ ગાથા થઈ, (હવે) ૬૯.

'**આગે નિશ્ચયનયકર જીવકે જન્મ, જરા, મરણ, રોગ, લિંગ, વર્ણ, ઔર સંજ્ઞા નહીં હૈ,...**' આહાહા..! '**આત્મા ઈન સબ વિકારોંસે રહિત હૈ,....**' આહાહા..! એ તો નિર્મળાનંદ પ્રભુ ત્રિકાળ વિજ્ઞાનઘન પ્રભુ એ આ બધા વિકારથી રહિત છે. '**ઐસા કહતે હૈં.**' એ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ निश्चयनयेन जीवस्योद्भवजरामरणरोगलिङ्गवर्णसंज्ञा नास्तीति कथयति –**

**६९) अत्थि ण उब्भउ जर-मरणु रोय वि लिंग वि वण्ण।**
**णियमिं अप्पु वियाणि तुहुँ जीवहँ एक्क वि सण्ण।।६९।।**

**अस्ति न उद्भवः जरामरणं रोगाः अपि लिङ्गान्यपि वर्णाः।**
**नियमेन आत्मन् विजानीहि त्वं जीवस्य एकापि संज्ञा।।६९।।**

**अत्थि ण उब्भउ जरमरणु रोय वि लिंग वि वण्ण अस्ति न न विद्यते। किं किं नास्ति। उब्भउ उत्पत्तिः जरामरणं जरामरणं रोगा अपि लिङ्गान्यपि वर्णाः णियमिं अप्पु वियाणि तुहुं**

जीवहं एक्क वि सण्ण नियमेन निश्चयेन हे आत्मन् हे जीव विजानीहि त्वम्। कस्य नास्ति। जीवस्य न केवलमेतन्नास्ति संज्ञापि नास्तीति। अत्र संज्ञाशब्देनाहारादिसंज्ञा नामसंज्ञा वा ग्राह्या। तथाहि। वीतरागनिर्विकल्पसमाधेर्विपरीतैः क्रोधमानमायालोभप्रभृतिविभावपरिणामैर्यान्युपार्जितानि कर्माणि तदुदयजनितान्युद्भवादीनि शुद्धनिश्चयेन न सन्ति जीवस्य। तानि कस्मात सन्ति। केवलज्ञानाद्यनन्तगुणैः कृत्वा निश्चयेनानादिसंतानागतोद्भवादिभ्यो भिन्नत्वादिति। अत्र उपादेयरूपानन्तसुखाविनाभूतशुद्ध-जीवात्तत्सकासाद्यानि भिन्नान्युद्भवादीनि तानि हेयानीति तात्पर्यार्थः।।६९।।

---

आगे निश्चयनयकर जीवके जन्म, जरा, मरण, रोग, लिंग, वर्ण, और संज्ञा नहीं है, आत्मा इन सब विकारोंसे रहित है, ऐसा कहते हैं –

गाथा – ६९

अन्वयार्थ :– [ आत्मन् ] हे जीव आत्माराम, [ जीवस्य ] जीवके [ उद्भवः न ] जन्म नहीं [ अस्ति ] है, [ जरामरणंः ] जरा (बुढ़ापा) मरण [ रोगाः अपि ] रोग [ लिंगान्यपि ] चिन्ह [ वर्णाः] वर्ण [ एका संज्ञा अपि ] आहारादिक एक भी संज्ञा वा नाम नहीं है, ऐसा [ त्वं ] तू [ नियमेन ] निश्चयनकर [ विजानीहि ] जान।

भावार्थ :– वीतराग निर्विकल्पसमाधिसे विपरीत जो क्रोध, मान, माया, लोभ, आदि विभाव-परिणाम उनकर उपार्जन किये कर्मोंके उदयसे उत्पन्न हुए जन्म-मरण आदि अनेक विकार है, वे शुद्धनिश्चयनयकर जीवके नहीं हैं, क्योंकि निश्चयनयकर आत्मा केवलज्ञानादि अनंत गुणाकर पूर्ण है, और अनादि-संतानसे प्राप्त जन्म, जरा, मरण, रोग, शोक, भय, स्त्री, पुरुष, नपुंसकलिंग, सफेद काला वर्ण, वगैर आहार, भय, मैथुन, परिग्रहरूप संज्ञा इन सबोंसे भिन्न है। यहाँ उपादेयरूप अनंतसुखका धाम जो शुद्ध जीव उससे भिन्न जन्मादिक हैं, वे सब त्याज्य हैं, एक आत्मा ही उपादेय हैं, यह तात्पर्य जानना।।६९।।

---

હવે નિશ્ચયનયથી જીવને જન્મ, જરા, મરણ, રોગ, લિંગ, વર્ણ, સંજ્ઞા નથી એમ કહે છે :

ભાવાર્થ : વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી વિપરીત ક્રોધ, માન, માયા, લોભ આદિ વિભાવપરિણામોથી ઉપાર્જિત કર્મો છે તેના ઉદયજનિત જે જન્માદિ તે શુદ્ધ નિશ્ચયનયથી જીવને નથી, કારણ કે કેવળજ્ઞાનાદિ અનંત ગુણે કરીને નિશ્ચયનયથી અનાદિ સંતાનથી પ્રાપ્ત જન્માદિથી જીવ ભિન્ન છે.

અહીં, ઉપાદેયરૂપ અનંત સુખની સાથે અવિનાભૂત શુદ્ધ જીવથી જે જન્માદિ ભિન્ન છે તે હેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૬૯.

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૪, શુક્રવાર
## તા. ૩૦-૦૭-૧૯૭૬, ગાથા-૬૯, પ્રવચન નં. ૪૮

**'જન્મ, જરા, મરણ, રોગ, લિંગ, વર્ણ ઔર સંજ્ઞા નહીં હૈ,...'** એ કહે છે. **'ઈન સબ વિકારોંસે રહિત હૈ,...'**

**૬૯) अत्थि ण उब्भउ जर–मरणु रोय वि लिंग वि वण्ण।**
**णियमिं अप्पु वियाणि तुहुँ जीवहँ एक्क वि सण्ण।।६९।।**

હે આત્મરામ! એમ કહીને બોલાવ્યા છે. આહાહા..! ભગવાનઆત્મા તો શુદ્ધ આત્મા છે. વસ્તુ તરીકે જે ત્રિકાળી શુદ્ધ આત્મા એ સમ્યગ્દર્શનનો વિષય છે. એ સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય એવો શુદ્ધાત્મા, તેને હે આત્મરામ! **'જીવકે જન્મ નહીં...'** એ વસ્તુ છે એમાં જન્મ નથી. આગળ કહેશે. જન્મ તો દેહનો છે. આત્માનો જન્મ નથી. આત્મામાં જન્મ નથી. આત્માનો જન્મ નથી પણ આત્મામાં જન્મ નથી. આત્માનો જન્મ નથી એમ નહિ પણ આત્માને જન્મ નથી. આહાહા..! આત્માને જન્મ નથી અર્થાત્ આત્મા કોઈ નવો ઉત્પન્ન થતો નથી. આહાહા..! એ તો અનાદિ નિત્યાનંદ પ્રભુ શુદ્ધ આનંદકંદ વિજ્ઞાનઘન એવી જે ચીજ આત્મા, એમાં હે આત્મરામ! જન્મ નથી. તું જન્મતો નથી. 'પોપટભાઈ'! આ જન્મનો દેહ, દેહનો જન્મ, પ્રભુ! આહાહા..!

શુદ્ધાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ તારી જે ચીજ છે એમાં તો જન્મ નથી. એવી ચીજ ઉપર દૃષ્ટિ કરવી એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનંત અનંત ગુણનું ગોદામ, અનંત શક્તિનો સંગ્રહાલય... આહાહા..! અનંત સ્વભાવનો સાગર, એવી જે ચીજ એને અહીંયાં આત્મા કહે છે. એ આત્મા સમ્યગ્દૃષ્ટિનો વિષય છે. 'શુકલચંદજી'! એ આત્મા રાગથી, વ્યવહારથી પ્રાપ્ત થાય એ આત્મા નહિ. સમજાણું કાંઈ? રાગાદિ ભાવ જે વ્યવહાર દયા, દાન, વ્રતાદિ છે, એ રાગથી પ્રાપ્ત નથી થતો. કેમકે એમાં રાગ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ધર્માનુરાગ છે ને.

ઉત્તર :- ધર્માનુરાગ એ રાગ વિકાર છે. વિકાર આત્મામાં છે નહિ અને એ વિકારથી આત્માની પ્રાપ્તિ થતી નથી. એવી ચીજ છે, ભાઈ!

'પરમાત્મપ્રકાશ' છે ને. વસ્તુ ત્રિકાળી એ જ પરમાત્મપ્રકાશ છે. આહાહા..! સહજાનંદ સ્વરૂપ પ્રભુ, જેમાં જન્મ નથી. આહાહા..! હે આત્મરામ! શબ્દ લીધો છે. જુઓ! પાઠમાં એમ છે, હોં! ટીકા. હે આત્મન! હે જીવ! એમ બે વાર લીધું છે. આહા..! પ્રભુ! તું તો આત્મા છો ને, પ્રભુ! તો આત્મા તો એને કહીએ કે જેમાં જન્મ નથી. આહાહા..! **'હે જીવ આત્મારામ, જીવને જન્મ નહીં હૈ, જરા (બુઢાપા)...'** નથી. શરીરની

અવસ્થા વૃદ્ધાવસ્થા (થાય) એ આત્મામાં નથી. એ તો જડની અવસ્થા છે. આહાહા..! ભગવાનઆત્મા તો એવો ને એવો અનાદિથી શુદ્ધ આનંદઘન છે. એમાં વૃદ્ધાવસ્થા નથી.

એ શુદ્ધ આનંદઘન જે ચૈતન્યમૂર્તિ મોજૂદ ચીજ જે છે, એની દૃષ્ટિ વિના રાગની એકતાબુદ્ધિમાં એ બાળ અવસ્થા છે. પર્યાયમાં. વસ્તુ તો વસ્તુ છે. રાગની એકતાબુદ્ધિ એ આત્માની પર્યાયમાં બાળ અવસ્થા (છે), વસ્તુમાં નથી. અને વસ્તુનું ભાન થવું સમ્યગ્દર્શન, અંતરાત્મા, અંતરાત્મા (છે). બહિરાત્મા-રાગાદિ વિકલ્પને પોતાના માનવા એ બહિરાત્મા છે, એ પર્યાયની બાળ અવસ્થા છે. વસ્તુમાં એ નથી.

મુમુક્ષુ :- બહિરાત્મા ભલે હોય, છે તો આત્મા ને.

ઉત્તર :- બહિર નામ એમાં જે ચીજ નથી એને બહિરને પોતાના માનવા એ પર્યાયમાં બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુ તો પરમાત્મસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? આ ચીજ છે, ભાઈ! અનંત કાળથી દુઃખી છે. સમજાણું કાંઈ?

હમણા નહોતું ઓલો છોકરો આવ્યો હતો તો વાત કરી હતી. એ છોકરો છે ને ભાઈ 'પોપટભાઈ'ના છોકરાનો છોકરો અહીં. 'પોપટભાઈ' 'લીંબડી'વાળા. એના છોકરાનો છોકરો. કીધું, તારા બાપના મામા પાસે બે અબજ અને ચાલીસ કરોડ રૂપિયા છે. અત્યારે બે અબજ ચાલીસ કરોડ. બે અબજ ચાલીસ કરોડ. બે અબજ સમજો છો? સો કરોડના એક અબજ, સો હજારના એક લાખ, સો લાખના કરોડ, સો કરોડનો એક અબજ. આહાહા..! એક અત્યારે છે 'ગોવા'માં. જૈન સ્થાનકવાસી. એ ગુજરી ગયા. એની પત્ની સવા વર્ષથી બેભાન પડી છે. હેમરેજ થઈ ગયું છે. સવા વર્ષથી. એની પાસે પૈસા તો બે અબજ ચાલીસ કરોડ છે. અત્યારે. એનો પતિ તો સવા વર્ષ પહેલા મરી ગયો. દસ મિનિટમાં. રાત્રે સ્ત્રીને હેમરેજ થઈ ગયું. હેમરેજ કહે છે ને? તો ત્યાંથી 'ગોવા'થી 'મુંબઈ' લાવ્યા હતા. ડોક્ટરને બતાવવા. એને જ રાત્રે દોઢ વાગે તબિયત ખરાબ થઈ. મને દુઃખે છે. બસ, ડોક્ટરને બોલાવો. ડોક્ટર આવ્યા પહેલા ભગવાન ચાલ્યા ગયા. આહાહા..!

મુમુક્ષુ :- એના પહેલા એનો આત્મા મરી ગયો?

ઉત્તર :- મરી શું જાય? શરીર-દેહ છૂટ્યો એને મરી ગયા એમ કહે છે. આત્મા મરતો નથી અને આત્મા જીવતો નથી. એ તો આવી ગયું ને આપણે? જેને આત્મા ધ્રુવ કહે છે એ તો પર્યાયમાં પણ આવતો નથી, શરીરમાં તો આવતો નથી. આહાહા..! આવી ચીજ, ભાઈ! જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર જગતની પાસે જાહેર કરે છે. પ્રભુ! તું કોણ છો? ક્યાં છે? તો કહે છે, પ્રભુ! તું તો પૂર્ણાનંદનો નાથ છો, ધ્રુવ સ્વરૂપ છો. એ ઉત્પન્ન થતો નથી, વ્યય થતો નથી પણ એ ધ્રુવ સ્વરૂપ પર્યાયમાં પણ આવતો નથી.

ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ, એ ધ્રુવ કાંઈ ઉત્પન્ન થતો નથી, ધ્રુવનો વ્યય થતો નથી. પણ ધ્રુવ ચીજ જે છે જેને નિશ્ચય પરમાત્મા આત્મા કહે છે એ તો પોતાની પર્યાયમાં પણ આવતો નથી. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનનો વિષય છે. બાકી લાખ-કરોડ બીજી વાત કરે. એ 'છ ઢાળા'માં નથી

આવતું? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદફંદ એક નિજ આતમ ઉર ધ્યાઓ.' આહાહા..!

મુમુક્ષુ :- અમારા આત્મામાં લખાવી દો.

ઉત્તર :- કોણ લખાવે? એ લખવું એટલે જાણવું. લખવું એ જાણવું હોય છે કે નહિ? પોતે પોતાને જાણે, બીજો કોણ જાણે? આહાહા..!

મુમુક્ષુ :- જ્યારથી આપે કહ્યું ત્યારથી અમને આ પાઠ યાદ છે.

ઉત્તર :- એમ નહિ. દૃષ્ટિમાં, અનુભૂતિમાં જ્યારે આવે છે ત્યારે એ આત્માનું જ્ઞાન થાય છે. રાગથી હટીને નિર્વિકલ્પ રાગ વિનાની અનુભૂતિ (થાય), એ અનુભૂતિની પર્યાયના કાળમાં આત્મા જણાય છે. કેમ કે એ ધ્યેય જે થયું, અનુભૂતિ થઈ એ ધ્યેયના લક્ષે થઈ. અનુભૂતિમાં આવ્યો ત્યારે જણાયું. એ વિના જણાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'દશરથલાલજી'! એવો આત્મા છે. લોકો તો બહારમાં એવી કડાકૂટા કરે. આમ વ્રત પાળો અને દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો. એ તો બધો વિકલ્પ છે, રાગ છે. એ રાગથી પ્રાપ્ત નથી થતો. અને એ ચીજ જ એવી છે કે અનુભૂતિના કાળે જ પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન શુદ્ધ ચૈતન્યઘન... અહીં પરમાત્માની વ્યાખ્યા છે ને? તો આત્મા છે એ જ પરમાત્મા છે. શક્તિએ પરમાત્મા છે. વ્યક્તિએ પર્યાયમાં પરમાત્મા થાય છે એ તો પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જેમ લીંડીપીપર હોય છે ને? લીંડીપીપર કહે છે. લીંડીપીપર આટલી. એમાં બહારમાં તિખાશ થોડી છે. પણ અંદરમાં ચોસઠ પહોરી તિખાશ ભરી છે. ચરપરાઈને અમારે તિખાશ કહે છે. તમારે ચરપરાઈ કહે છે. તો ચોસઠ પહોર આમ ઘસે છે તો પ્રગટ થાય છે તો એ બહાર ક્યાંથી આવી? અંદર છે. ચોસઠ પહોરી એટલે ચોસઠ પૈસા એટલે ? સોળ આના. એક રૂપિયો એટલે કે પૂર્ણ. આહાહા..!

ભગવાનઆત્મા પોતાના સ્વભાવમાં, જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તિખાશ ભરી છે, એ જ લીંડીપીપર એ જ છોટીપીપર, એમ ભગવાનઆત્મામાં પૂર્ણ આનંદ, જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા પૂર્ણ ધ્રુવ પડ્યા છે એને આત્મા કહે છે. પર્યાયને નહિ. આહાહા..! પર્યાયને વ્યવહાર આત્મા (કહે છે). આહાહા..! ભાઈ! આવી વાત છે. અરે..! ભાઈ! જન્મ-મરણ કરીને ચૌર્યાશીના અવતારમાં દુઃખી છે.આ પૈસાવાળા કહેવાય ધૂળવાળા-ધૂળના ધણી એ બિચારા દુઃખી છે, ભિખારી છે. પરને માગે છે. પોતાની ચીજ છે એને જાણતા નથી.

અહીં કહે છે કે જ્યાં સુધી પોતાની ચીજને જાણી નથી અને રાગાદિને પોતાના માનીને રહ્યો છે ત્યાં સુધી પર્યાયમાં બાળ અવસ્થા છે. અને પોતાનો આત્મા પૂર્ણાનંદનો નાથ છે એની દૃષ્ટિ કરીને અનુભવ કર્યો (તો) અંતરાત્મા થયો તો આત્માની યુવાન અવસ્થા થઈ, પર્યાયમાં યુવાન અવસ્થા થઈ. અને એ આત્મામાં કેવળજ્ઞાન થાય છે ત્યારે પર્યાયમાં વૃદ્ધાવસ્થા થઈ. સમજાણું કાંઈ? ભગવાન તારી ચીજ આવી છે. આહાહા..! એ

ભગવાનસ્વરૂપ જ છે.

મુમુક્ષુ :- આત્મા વૃદ્ધ થાય છે?

ઉત્તર :- વૃદ્ધ થાય છે. કહ્યું નહિ? કેવળજ્ઞાન થાય છે ત્યારે અવસ્થામાં વૃદ્ધ થાય છે. વસ્તુમાં તો છે ઈ છે. પર્યાયમાં, હોં! શરીરમાં નહિ. શરીરની વૃદ્ધાવસ્થા તો આત્મામાં છે જ ક્યાં? આ તો માટી-જડ છે. આ તો જગતની ચીજ માટી છે. એ માટી પોતાથી રહી છે, પોતાથી પરિણમે છે અને પોતાથી છૂટી જશે. એ કાંઈ આત્માની ચીજ નથી. એ તો જડ છે, માટી છે, ધૂળ છે. આહાહા..! એમ લક્ષ્મી પણ ધૂળ-માટી છે. આહાહા..! આ માટી મારી છે, દેહ મારો છે એવી જ્યાં સુધી મિથ્યા માન્યતા છે ત્યાં સુધી બહિરાત્મા છે, ત્યાં સુધી બાળઅવસ્થા પર્યાયમાં છે. આહાહા..! એ અહીં કહે છે. ભગવાનઆત્મામાં વૃદ્ધાવસ્થા નથી. આહાહા..! શરીરની વૃદ્ધાવસ્થા નથી, પણ કેવળજ્ઞાનની વૃદ્ધાવસ્થા પર્યાય છે એ પણ આત્મામાં નથી.

મુમુક્ષુ :- આત્મામાં નથી તો એ ક્યાં છે?

ઉત્તર :- પર્યાયમાં છે. આહાહા..! એ તો કાલે આવ્યું નહોતું? આત્મા છે એ તો પર્યાયમાં આવતો જ નથી. કેવળજ્ઞાન પણ પર્યાય છે, કોઈ ગુણ નથી. ગુણ તો ત્રિકાળ ધ્રુવ છે. એક સમયની કેવળદશા, પરમાત્મદશા એ પણ પર્યાય છે-અવસ્થા છે. આહાહા..!

ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ કેવળજ્ઞાનની પર્યાયમાં પણ આવતો નથી. એક સમયની પર્યાયમાં આવે તો એનો નાશ થઈ જાય. કેમકે કેવળજ્ઞાનની પર્યાય તો બીજે સમયે નાશ પામે છે. એક સમય રહે છે. કેવળજ્ઞાન પણ એક સમય રહે છે. પર્યાય છે ને? નાશવાન છે. બીજે સમયે બીજી કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. જો કેવળજ્ઞાનની પર્યાયમાં સામાન્ય આવી જાય, વિશેષ પર્યાયમાં સામાન્ય આવી જાય તો વિશેષ પલટતા સામાન્યનો પણ નાશ થઈ જાય. આહાહા..! અરે..! ભાઈ! તારી ચીજ શું છે? નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ...' આત્મજ્ઞાન, હોં! આત્માની પર્યાયનું જ્ઞાન એમ પણ નહિ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જે અહીં ત્રિકાળ કહે છે, ધ્રુવ, એવા આત્માના જ્ઞાન વિના લેશ સુખ ન પાયો. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ અને શરીરને છેદી નાખે તોપણ ક્રોધ ન કરે. પણ એ બધી શુભરાગની ક્રિયા છે. સ્વભાવથી વિપરીત રાગ, એની ક્રિયા છે. એ તો દુઃખની ક્રિયા છે. સમજાણું કાંઈ? આહાહા..! પંચ મહાવ્રતનો ભાવ દુઃખરૂપ છે, આસ્રવ છે, રાગ છે. ભગવાનઆત્મા, આવી ક્રિયાકાંડ તો અનંતવાર કરી પણ આત્મજ્ઞાન ન કર્યું. ભગવાન એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ ચિદ્રૂપોહં-જ્ઞાનરૂપ જ મારું સ્વરૂપ ત્રિકાળ છે, એનું જ્ઞાન ન કર્યું. એ જ્ઞાન વિના આનંદ ન આવ્યો. સમજાણું કાંઈ? તો એ કહે છે કે પર્યાયમાં પણ આવતો નથી.

અહીં વૃદ્ધાવસ્થા તો નથી. આહાહા..! સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે એમાં

આત્મા નથી આવતો. દેહનો જન્મ થાય એમાં તો આત્મા નથી આવતો... આહાહા..! આવો માર્ગ છે. પ્રભુ! તને તારી મોટપની ખબર નથી. આહાહા..! કહે છે કે વૃદ્ધાવસ્થા નથી. શરીરની અવસ્થા નથી અને કેવળજ્ઞાનનો ભાવ વૃદ્ધાવસ્થા એ પણ દ્રવ્યમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? પુસ્તક છે? ભાઈ! 'જમનાદાસજી'? 'પરમાત્મપ્રકાશ'. 'જમનાદાસ'. છે? 'પરમાત્મપ્રકાશ'. 'જલગાંવ'થી આવ્યા છે એ ભાઈ. 'રામજીભાઈ'! 'જલગાંવ'થી આવ્યા છે. તમારા 'રાજકોટ'ના મોચી છે. અમે 'જલગાંવ' ગયા હતા ને 'જલગાંવ'? ત્યારે એની દુકાનમાં હતા. મોચી છે 'રાજકોટ'ના. મોટી દુકાન છે. એને રડવું આવ્યું. બહુ રડ્યા. ભાઈ આવ્યા હતા. મોચી છે 'રાજકોટ'ના. અમને જોઈને.. અમને તો ખબર નહિ કાંઈ. સ્વાગત થતું હતું ને એ વખતે દુકાનમાં બેઠા હતા. જોઈને રડવા લાગ્યા. બહુ રડ્યા. પછી તો કાગળ લઈને આવ્યા, જ્યાં અમારો ઉતારો હતો ને ત્યાં. શું થયું? એને એમ થયું આ કોઈ અપશુકન થયા. પ્રેમના આંસુ આવ્યા. મહારાજ.. મોચી છે. ૧૦૧ રૂપિયા લઈને આવ્યા. એવી ચીજ કોઈ અંદરથી જોઈને એમ થઈ ગયું એને. આહાહા..!

ભગવાનઆત્મા... આહાહા..! એ ૮મી ગાથામાં નથી આવતું? આંસુ આવે. ૮મી ગાથા. ૮મી ગાથામાં આવે છે. હર્ષના આંસુ છે. આહાહા..! ત્યાં કહે છે કે આત્માનું જ્યાં ભાન થાય છે ત્યાં હર્ષના આંસુ આવે છે અને આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? 'દેવીલાલજી'! આહાહા..! ૮મી ગાથામાં છે.

મુમુક્ષુ :- અંદરમાં આનંદ, બહારમાં આસું?

ઉત્તર :- પર્યાયમાં આનંદ આવ્યો. જેમ કોઈ ચીજને દેખીને હર્ષના આંસુ આવે છે ને? વ્હાલો પુત્ર હોય એને જોઈને એમ થાય, ભાઈ! તું ઘણા વર્ષથી પરદેશમાં હતો, હવે આવ્યો. એમ ભગવાન ઘણા કાળથી રાગની આડમાં હતો. રાગનો પ્રેમ છોડીને અંદર જ્યાં ગયો ત્યાં આનંદના આંસુ આવ્યા. આહાહા..! જેમ પ્રભુને દેખીને હર્ષ આવે છે ને. સર્વજ્ઞ ત્રિલોકનાથ ઈન્દ્રો આવીને આમ.. આહાહા..! જેના જન્મમાં ઈન્દ્ર હજાર આંખ કરીને દેખે. બહારનું રૂપ, હોં! ભગવાનના શરીરની સુંદરતા, નમણાઈ બહારની દેખીને એક આંખે તૃપ્તિ નથી થતી, હજાર આંખ કરે છે.

મુમુક્ષુ :- એનાથી પણ તૃપ્તિ ન થાય.

ઉત્તર :- છતાં પણ તૃપ્તિ નથી. અહીં તો બીજું કહેવું છે ને. આહાહા..!

અંતરનો આનંદનો નાથ જ્યાં ચૈતન્યમૂર્તિ ભગવાન, રાગ અને પર્યાયબુદ્ધિમાં દૂર હતો, રાગની એકતા અને પર્યાયબુદ્ધિમાં ભગવાન દૂર હતો. પોતાનો ભગવાન, હોં! આહાહા..! એ પર્યાયને એની સન્મુખ કરી (ત્યાં) આનંદની ધારા વહે છે. એનું નામ આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન થયું એમ કહે છે. આહાહા..! આ તો બાપુ ધર્મની વાત છે, ભાઈ! ધર્મ ચીજ એવી કોઈ અપૂર્વ છે. લોકોએ માની રાખ્યો એવો ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એમાં તો એમ આવ્યું ને, ભાઈ! સ્વસ્તિ. કોઈ બ્રાહ્મણે કહ્યું કે સ્વઅસ્તિ.

'સમયસાર'ની આઠમી ગાથામાં છે. તમારું સ્વસ્તિ. સમજ્યો નહિ. સમજ્યો નહિ તો ટગ ટગ જોવે છે. શું કહો છો આપ? સ્વસ્તિ. સ્વસ્તિ શું કહો છો? અમે તો કાંઈ સમજતા નથી. ટગ ટગ (જોવે). જેમ મેંઢો જોવે એમ ટગ ટગ જોવે છે કે શું કહો છો આપ? એણે કહ્યું તારું અવિનાશી કલ્યાણ થાય એમ કહીએ છીએ અમે. સુઅસ્તિ, સ્વસ્તિ, સ્વઅસ્તિ. સ્વ એટલે તારા આત્માનું અસ્તિ એટલે જેવું છે એવું કલ્યાણ થાઓ. આહાહા..! તો એને હર્ષના આંસુ આવે છે. એમ છે ૮મી ગાથામાં. આહાહા..!

એમ ભગવાન, સંતો એને કહે છે કે તું આત્મા આવો છો. આત્મા કહ્યું તો ટગ ટગ જોવે છે. શું કહો છો? પ્રભુ! આપ શું કહો છો? તો કહે છે કે આત્મા એને કહીએ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એ આત્મા. અમે ભેદથી, વ્યવહારથી કહીએ છીએ કે દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ તે આત્મા. તો એ દર્શન-જ્ઞાનને પ્રાપ્ત કરનાર આત્મા છે ત્યાં નજર ગઈ. આનંદધારા (વહે છે), એનું નામ ધર્મ છે. આવી વાત છે, ભાઈ! આહાહા..! તારી પ્રભુતાની તને ખબર નથી. તેં પામરમાં પોતાને માની લીધો છે. પોતાની પર્યાયમાં કેવળજ્ઞાન થાય તો એટલો પણ આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પૂર્ણાનંદનો નાથ ધ્રુવસ્વરૂપ ચિદાનંદ, આનંદની ગાંસડી છે, જ્ઞાનનું ગોદામ છે, સ્વભાવનો સાગર છે, અનંત શક્તિનો સંગ્રહાલય, સંગ્રહ-આલય-સ્થાન છે. સંગ્રહાલય કહે છે ને? ભાઈ! આલય. આહાહા..! કહો, સમજાય છે ને? ભાઈ 'ઋષભભાઈ'! આ તો સાદી ભાષા છે. આહાહા..!

અરે! પ્રભુ! આ 'પરમાત્મપ્રકાશ' છે. આપણે 'પરમાત્મપ્રકાશ' નામ છે આનું? 'હુકમચંદજી'ના પુત્ર છે ને? 'હુકમચંદજી' પંડિત છે ને? 'જયપુર'વાળા. 'હુકમચંદજી' પંડિત છે. બહુ સારા પંડિત છે. ક્ષયોપશમ ઘણો છે. રુચિ પણ ઘણી સારી છે. એ ભાષણ કરે છે. હમણા આવશે. કાલે આવશે. થોડા દિવસ રહેશે. એના મોટા દીકરાનું નામ પરમાત્મપ્રકાશ છે અને નાના દીકરાનું નામ અધ્યાત્મપ્રકાશ છે. અને આ છોકરાનું નામ અર્હંતપ્રકાશ છે. ઘણો રસ છે. અમારા 'ફૂલચંદજી'ના દીકરાનો દીકરો છે. 'જાંજરી'. આટલી ઉંમરમાં રાત્રીના આહાર-પાણી છોડી દીધા છે. દોઢ વર્ષથી. એ છોકરો છે ને નાનો? રાત્રે આહાર-પાણી નહિ. અને આઠમ-ચૌદશનો અપવાસ. એક ટાણું કરે. વાંચન કરે છે. આત્મા છે તો આઠ વર્ષે કેવળજ્ઞાન પામે એમાં છે શું? એને ઉંમરની કયાં જરૂર છે. અંતર સન્મુખ થવાના પુરુષાર્થની ત્યાં જરૂર છે.

મુમુક્ષુ :- અમે તો ભણ્યા જ નથી

ઉત્તર :- શાસ્ત્ર તો વાંચ્યા છે ને? આ આત્મા ભણ્યા નથી. આહાહા..! આત્મા ભણ્યા એને કહીએ કે સ્વાનુભૂતિથી આત્માની પક્કડ થઈ જાય ત્યારે એને આત્માનું ભણતર થયું.

મુમુક્ષુ :- અગિયાર અંગ અને નવ પૂર્વનો (અભ્યાસ) તો અનંતવાર કર્યો છે.

ઉત્તર :- શાસ્ત્ર તો અનંતવાર ભણ્યો છે. અગિયાર અંગનું જ્ઞાન, નવ પૂર્વની લબ્ધિ

થઈ, અભવિને, એમાં શું છે? પરલક્ષી જ્ઞાન છે. એ કોઈ સ્વરૂપ નથી. નવ પૂર્વનું જ્ઞાન. ઓહોહો..! એ કોઈ ચીજ નથી.

ભગવાન આનંદસ્વરૂપ પૂર્ણાનંદની ગાંસડી છે એ તો. એની એકતાથી ગાંસડી ખોલી નાખી. એ રાગની એકતામાં ગાંસડી બંધ હતી. આખો પટારો બંધ હતો. રાગની એકતા છોડીને સ્વભાવની એકતા કરી, નિધાન ખોલી નાખ્યું. આ આત્મા આવો છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ આવો છે, ભગવાન! અત્યારે તો બહારમાં એવું કરી નાખ્યું છે ને. એ તો નિશ્ચયની વાત. પણ નિશ્ચય એટલે સત્ય. સત્યાર્થને નિશ્ચય કહે છે. ઉપચારને વ્યવહાર કહે છે. આવતું નથી? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. આહાહા..!

અહીં કહે છે, '**(બુઢાપા) મરણ...**' નથી. આહાહા..! '**રોગ...**' નથી. આહાહા..! શરીરનો રોગ તો એમાં નથી પણ આત્મભ્રાંતિ સમ રોગ નહિ. ભ્રાંતિ થઈ એ મોટો રોગ છે. આત્મા આનંદસ્વરૂપને છોડીને 'રાગ મારો છે' એવી ભ્રાંતિ મોટો રોગ છે. સમજાણું કાંઈ? એ રોગ પણ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**રોગ...**' નથી. '**ચિહ્ન...**' નથી. આહાહા..! શરીરના જે સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ જડના એ એમાં નથી. એ તો નથી પણ સ્ત્રીવેદની વાસના, પુરુષવેદની વાસના, નપુંસકવેદની વાસના એ સ્વરૂપમાં નથી. આહાહા..! એ તો અવેદિસ્વરૂપ છે. વેદના સ્વરૂપથી રહિત છે. આહાહા..! એવા ભગવાનઆત્માની સન્મુખ થઈને દૃષ્ટિ કરવી એનું નામ ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન છે. ધર્મની શરૂઆત. આહાહા..! આ વિના વ્રત ને તપ લઈ બેસે એ બધું બાળવ્રત અને બાળતપ છે. મુર્ખાઈ ભરેલા વ્રત, મુર્ખાઈ ભરેલા તપ છે. 'બંધ અધિકાર'માં કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ચિહ્ન...**' નથી. '**વર્ણ...**' નથી. રંગ, ગંધ, રસ આત્મામાં નથી. અને વર્ણ નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ વર્ણ આત્મામાં નથી. સમજાણું કાંઈ? વર્ણ એટલે રંગ પણ નથી, અને વર્ણ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર એ વર્ણ પણ આત્મામાં નથી. આહાહા..! '**આહારાદિક એક ભી સંજ્ઞા વા નામ નહીં હૈ,...**' આહારસંજ્ઞા આદિ તો નથી પણ આહારસંજ્ઞાનું નામ એમાં નથી. આહાહા..! આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા ચાર સંજ્ઞા એ ભગવાનઆત્મામાં નથી. એ તો ચિદાનંદ શુદ્ધ છે. સમજાણું કાંઈ? અને એ સંજ્ઞાનું નામ પણ એમાં નથી. વસ્તુ તો નથી પણ નામ પણ એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઐસા તું નિશ્ચયકર જાન.**' છે? આહાહા..! ભગવંત! તું નિશ્ચયકર તને આવો જાણ. આવી વાત છે, પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- બહુ મુદ્દાની વાત છે.

ઉત્તર :- મૂળ વસ્તુ આ છે. મૂળ વસ્તુની દૃષ્ટિ વિના જે કાંઈ કરે એ બધું સંસાર છે. અને રાગથી-વ્યવહારથી આત્મા પ્રાપ્ત થાય એ તો અહીં ના પાડે છે. એમાં રાગ છે જ નહિ ને. એમાં છે નહિ તો એનાથી કઈ રીતે પ્રાપ્ત થાય? સમજાણું કાંઈ? આહાહા..!

'અલિંગગ્રહણ'માં આવ્યું છે. છઠ્ઠો બોલ છે. 'અલિંગગ્રહણ'ના વીસ બોલ છે ને? 'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. અલિંગગ્રહણનો છઠ્ઠો બોલ. આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ શબ્દ છે. છઠ્ઠો બોલ. ભગવાનઆત્મા ઓલા રાગ અને વ્યવહારથી નથી જણાતો એમ કહે છે. ભગવાનઆત્મા... છઠ્ઠો બોલ છે, છઠ્ઠો બોલ, વીસ બોલમાં. પોતાના સ્વભાવથી જણાય છે. આનંદ અને જ્ઞાનના સ્વભાવથી જણાય છે. આહાહા..! પ્રત્યક્ષ જ્ઞાતા છે ને એ તો. આહાહા..! એ ચીજ જ પ્રત્યક્ષ પડી છે, કહે છે. અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનમાં એ આત્મા પ્રત્યક્ષ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અલિંગગ્રહણ છે ને? ૨૦ બોલ. છઠ્ઠો બોલ આ છે.

ભગવાન ઇન્દ્રિયથી જણાતો નથી. ઇન્દ્રિયથી પ્રભુ જાણતો નથી. ઇન્દ્રિયથી આત્મા જાણતો નથી. ઇન્દ્રિયનો પ્રત્યક્ષ વિષય નથી પ્રભુ. આહાહા..! અન્ય દ્વારા અનુમાનથી જણાય એવો નથી. અને આત્મા પોતાના અનુમાનથી પરને જાણે એમ પણ નથી. આહાહા..! ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી જણાય છે અને એ પ્રત્યક્ષ જ્ઞાતા છે. આવી વાત છે, ભાઈ! માણસને એવું લાગે. ભાઈ! હજી આ તો નિશ્ચયની એકડાની વાત છે. સમ્યગ્દર્શન એકડો એની વાત છે. આહાહા..! ચારિત્ર તો શું છે એ તો પછી. સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું. પૂર્ણાનંદનો નાથ એ દૃષ્ટિમાં આવ્યો પછી એમાં ઠરવું, રમવું, જમવું, આનંદનું ભોજન કરવું... આહાહા..! એનું નામ ચારિત્ર છે. આવી વાત છે, પ્રભુ! આહાહા..!

શરીરની જુવાન અવસ્થા, પાંચ ઇન્દ્રિય મજબુત હોય, નિરોગ શરીર હોય, પાંચ-પચ્ચીસ લાખ પૈસા હોય, કુટુંબ, સ્ત્રી અનુકૂળ હોય. એ તો બધી મસાણની ચીજ છે. પ્રભુ! એ તારામાં ક્યાં છે? એ તો કહે છે. તારામાં છે એ બહાર નથી અને બહાર છે એ તારામાં નથી. આહાહા..!

**ભાવાર્થ :-** '**વીતરાગ નિર્વિકલ્પસમાધિસે વિપરીત જો ક્રોધ, માન, માયા, લોભ, આદિ વિભાવપરિણામ ઉનકર ઉપાર્જન કિયે...**' એમ કહે છે કે જન્મ નથી પણ જન્મ થયો કેમ ત્યારે? શરીરનો, હોં! કે '**વીતરાગ નિર્વિકલ્પસમાધિસે વિપરીત...**' ભગવાનઆત્મા પોતાની વીતરાગ નિર્વિકલ્પ અભેદ શાંતિની પ્રાપ્તિ કરવામાં એ કારણ છે. એનાથી વિપરીત '**વીતરાગ નિર્વિકલ્પસમાધિસે વિપરીત જો ક્રોધ, માન, માયા, લોભ, આદિ વિભાવપરિણામ...**' વિકારી ભાવ '**ઉનકર ઉપાર્જન કિયે કર્મોંકે...**' એનાથી ઉપાર્જિત થયેલા કર્મ. શુદ્ધાત્માનુભૂતિ, વીતરાગ અનુભૂતિ એનાથી તો આત્મા પ્રાપ્ત થાય. એમાં કોઈ કર્મ બંધાતું નથી. શુદ્ધાત્માનુભૂતિથી કર્મ નથી બંધાતા. આહાહા..! એનાથી તો કર્મની નિર્જરા થાય છે. શુદ્ધાત્માનુભૂતિથી વિપરીત વિભાવભાવથી ઉત્પન્ન થયેલા જે કર્મ... સમજાણું કાંઈ? એના '**ઉદયસે ઉત્પન્ન હુએ જન્મ-મરણ...**' એ બાંધેલા કર્મથી જન્મ-મરણ થાય છે. આહાહા..! ભગવાનઆત્મામાં તો છે જ નહિ. પણ એ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીતભાવમાં બંધન થયું એના કારણે જન્મ-મરણ થાય છે.

આહાહા..! સમજાણું કાંઈ? અધ્યાત્મની વાત સૂક્ષ્મ છે, ભગવાન! એ કદી એણે સાંભળી નથી.

'સમયસાર' ચોથી ગાથામાં કહ્યું છે ને? '**सुदपरिचिदाणभूदा**' ભગવાન! તેં રાગની વાત સાંભળી છે, પરિચયમાં આવી છે, અનુભવમાં આવી છે. પણ રાગથી ભિન્ન ભગવાનની વાત તેં સાંભળી નહિ. આહાહા..! અને પરિચયમાં આવી નહિ અને અનુભવ કર્યો નથી. તો ઈ એક જ દુર્લભ છે. સમજાણું કાંઈ? વિષયકષાયના પરિણામ, લક્ષ્મીની પ્રાપ્તિ એ કોઈ દુર્લભ નથી. એ તો અનાદિથી થયેલું છે. આહાહા..! અજ્ઞાનીને વિષયકષાયના પરિણામ સુલભ છે. જ્ઞાનીને વિષયકષાયના પરિણામ દુર્લભ છે. 'અમરચંદભાઈ'! આવી વાત છે, ભગવાન! લોકો ગમે તે કહો. એની જવાબદારી એની પાસે છે. માર્ગ તો આ છે. અને એ માર્ગે આવ્યા વિના કદી જન્મ-મરણનો ઉદ્ધાર નથી થતો. આહાહા..!

જુઓ! હમણાં બે દિવસ પહેલા અમાસને (દિવસે) એક છોકરો, રબારીનો છોકરો હતો ભરવાડનો. પંદર વર્ષનો. મહા મહિનામાં લગ્ન થયા. મહા મહિનામાં લગ્ન થયા. હડકાયુ કૂતરું કરડ્યું તો હડકાયો થઈ ગયો, પાગલ થઈ ગયો. આ અમાસે. ચાર દિવસ થયા ને? દેહ છૂટી ગયો. કુટુંબ બધું બાંધો મને... બાંધો મને... ખાટલા સાથે બાંધો. બાંધો કહે છે ને? આમ થઈ જાય છે બટકા ભરવાનું. હડકાયુ કુતરું. અમારે હડકાયા કહે છે. આહાહા..! આ દેહ.

મુમુક્ષુ :- એ છોકરાનું નામ જબરો.

ઉત્તર :- જબરો હતું નામ. અમારે 'ચીમનભાઈ'ને ત્યાં રહેતો એ. ક્યાં ગયા 'ચીમનભાઈ' નથી? નથી આવ્યા? નથી આવ્યા. છાંટા આવતા હશે. 'રામજીભાઈ' ઓળખે. આપણે અહીં 'પૂનાભાઈ' છે ને નોકર? એનો જમાઈ. મને બાંધો. ખાટલે ઊંધે નાખીને ઊંધો કરો. મારાથી બટકું ભરાઈ જાશે. બાંધ્યો. આખું કુટુંબ ભેગુ થયું. રોવે-રોવે. શું કરે? અરે..રે..! પીડા બહુ. હડકાયું કુતરું કરડે તો પીડા બહુ થાય. પવન, પાણી કાંઈ (ગમે નહિ) એવી પીડા. દેહની અને રાગની એકતાબુદ્ધિથી પીડા છે. શરીરને કારણે નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ પીડા. અહીંયાં હમણા ચાર દિવસ થયા. આહાહા..! છોકરો પંદર વર્ષનો જુવાન. મહા મહિનામાં લગન (થયા). એ લોકો ભરવાડ છે ને? નાની ઉંમરમાં લગન કરી નાખે. જાવ. આહાહા..! આ બધા જન્મ-મરણ. શુદ્ધાત્માનુભૂતિના અભાવે વિભાવભાવથી ઉત્પન્ન થયા કર્મ, એનાથી આ જન્મ-મરણ અને રોગ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**અનેક વિકાર હૈ, વે શુદ્ધનિશ્ચનયકર જીવકે નહીં હૈ,...**' આહાહા..! જે વિકારથી કર્મ બંધન અને કર્મથી રોગાદિ થાય છે એ વિકાર જીવનો નથી. જેને ભગવાનઆત્મા જીવ કહીએ, નિશ્ચય આત્મા પરમાત્મસ્વરૂપ એને અહીંયાં જીવ કહે છે, પર્યાયને નહિ. આહાહા..! એવા ભગવાનઆત્મામાં વિકાર છે નહિ. આહાહા..! '**શુદ્ધનિશ્ચયનયકર**

**જીવકે નહીં હૈં, ક્યોંકિ નિશ્ચયનયકર આત્મા કેવલજ્ઞાનાદિ અનંત ગુણોકર પૂર્ણ હૈ,...'** કેવળજ્ઞાન એટલે આ પર્યાયની વાત નથી. કેવળજ્ઞાન, એકલું જ્ઞાન. કેવળજ્ઞાન પર્યાય એ નહિ. આ તો એકલું જ્ઞાન, એકલો આનંદ. કેવળ જ્ઞાન આદિ. કેવળ જ્ઞાન, એકલું જ્ઞાન, એકલો આનંદ, એકલી શાંતિ, એકલી સ્વચ્છતા, એકલી પ્રભુતા એવા અનંત ગુણોથી પૂર્ણ છે પ્રભુ તો. આહાહા..! લોકોને આ દૃષ્ટિની ખબર ન મળે અને દૃષ્ટિનો વિષય શું છે એની ખબર નથી અને ધર્મ કરે છે. ઠીક, ભાઈ! જીવન ચાલ્યું જાશે, પ્રભુ! આહાહા..! મનુષ્યપણું મળ્યું છે એ ભવના, અનંત ભવના અભાવ માટેનો ભવ છે આ. અનંત ભવના અભાવ માટેનો આ ભવ છે. એ અનંત ભવનો અભાવ ન કર્યો તો એવા અનંત ભવ ઊભા છે. શું કર્યું એણે? આહાહા..! બહારમાં આબરૂ મળી, પાંચ-પચાસ લાખ, અબજ રૂપિયા કહ્યા નહિ હમણાં. બે અબજ ચાલીસ કરોડ. અહીં આપણે ઘણા કરોડપતિ બેઠા છે. એમાં શું થયું?

'**શુદ્ધનિશ્ચયનયકર...**' ત્રિકાળી ભગવાનઆત્મા '**આત્મા કેવલજ્ઞાનાદિ અનંત ગુણોકર પૂર્ણ હૈ,...**' જોયું! અલ્પજ્ઞ અવસ્થા પણ નહિ. ગુણથી પરિપૂર્ણ પ્રભુ (બિરાજે છે). આહાહા..! અનંત ગુણનો નિધાન! ભગવાનઆત્મા તો અનંત શાંતિ, અનંત જ્ઞાન, કેવળ એટલે એકલું જ્ઞાન, એકલો આનંદ, જેમાં ભેદ નથી, પર્યાય નથી. આહાહા..! જેમાં અપૂર્ણતા નથી, જેમાં વિપરીતતા નથી, જેમાં અલ્પતા નથી. એવો ભગવાનઆત્મા, અરે..! એણે કોઈ દિ' ગુણ સાંભળ્યા જ નથી. આ ધૂળ ને ધાણી. આહાહા..!

'**કેવલજ્ઞાનાદિ અનંત ગુણોકર પૂર્ણ હૈ, ઔર અનાદિ-સંતાનસે પ્રાપ્ત...**' આ જન્મ-મરણ તો અનાદિથી પર્યાયમાં છે. '**અનાદિ-સંતાનસે પ્રાપ્ત જન્મ, જરા,...**' વૃદ્ધાવસ્થા, '**મરણ,...**' દેહ છૂટવો. એ તો સંતાન ચાલ્યા જાય છે. આહાહા..! ભગવાન તો અનંત ગુણનો પિંડ છે. એમાં તો આ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? '**જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય,...**' એ કાંઈ આત્મામાં છે નહિ, ત્રિકાળી વસ્તુમાં નથી. '**સ્ત્રી, પુરુષ, નપુંસકલિંગ,...**' વેદની વાસના અને આ લિંગ બધું એમાં નથી. '**સફેદ કાલા વર્ણ,...**' ધોળો વર્ણ, રૂપાળો વર્ણ એ તો જડના છે. આત્મામાં ક્યાં છે, ભાઈ! આહાહા..! મહાણની રાખ રૂપાળી હોય એવું આ છે રૂપાળું બધું, કહે છે. મસાણ-મસાણ. આ રાજાઓને બાળેને તો સુખડના-ચંદનના લાકડાથી બાળે છે. રાણી આદિને. બેમણ, ત્રણ મણ, ચાર મણ, પાંચ મણ એકલા ચંદન. એની રાખ પણ કેવી હોય છે.

એકવાર 'જામનગર'માં હતા ત્યારે કોઈ રાણી ગુજરી ગઈ હતી તો એને ત્યાં મસાણમાં બહુ બાળ્યા. પછી અમુક દિવસ સુધી ત્યાં દૂધ નાખતા. ગાય જાય અને મસાણમાં એની રાખ ઉપર દૂધ નાખે.

મુમુક્ષુ :- .. જ્યાં જન્મ્યો હોય ત્યાં એનું...

ઉત્તર :- ધૂળેય પહોંચતું નથી. અહીં બેઠો હોય અહીં મોઢામાં પડે, આને પડતું નથી. ત્યાં ક્યાંથી પડતું હતું? એ બધા મૂર્ખાઈના લક્ષણ છે. આ એકને મોઢામાં નાખે તો

બીજાના મોઢામાં પડે? આહાહા..!

મુમુક્ષુ :- દૂધ અહીંથી મોકલાવ્યું કઈ રીતે?

ઉત્તર :- ધૂળ મોકલતા નથી. ભ્રમણા છે અજ્ઞાનની. આહાહા..!

અહીંયાં તો કહે છે કે સફેદ આદિ વર્ણ આત્મામાં નથી. '**આહાર, ભય, મૈથુન, પરિગ્રહરૂપ સંજ્ઞા ઇન સબોંસે ભિન્ન હૈ.**' આહાહા..! '**યહાં ઉપાદેયરૂપ અનંતસુખકા ધામ...**' હવે આદરણીય કોણ છે? આ બધા તો ત્યાજ્ય છે. '**અનંતસુખકા ધામ...**' આહાહા..! અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન છે. આહાહા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય સુખનું ધામ '**જો શુદ્ધ જીવ ઉસસે ભિન્ન જન્માદિક હૈં, વે સબ ત્યાજ્ય હૈં, એક આત્મા હી ઉપાદેય હૈં,...**' આહાહા..! અનંતસુખનું ધામ ભગવાન એ અનંત ગુણ એકરૂપ, એ આત્મા આદરણીય છે. આદર કરવા લાયક છે, સત્કાર કરવા લાયક છે, સ્વીકાર કરવા લાયક છે તો તે ત્રિકાળી આત્મા છે કે જેનાથી સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**यद्युद्भवादीनि स्वरूपाणि शुद्धनिश्चयेन जीवस्य न सन्ति तर्हि कस्य सन्तीति प्रश्ने देहस्य भवन्तीति प्रतिपादयति –**

**७०) देहहँ उब्भउ जर–मरणु देहहँ वण्णु विचित्तु।**
**देहहँ रोय वियाणि तुहुँ देहहँ लिंगु विचित्तु।।७०।।**

**देहस्य उद्भवः जरामरणं देहस्य वर्णः विचित्रः।**
**देहस्य रोगान् विजानीहि त्वं देहस्य लिङ्गं विचित्रम्।।७०।।**

**देहस्य भवति। किं किम्। उब्भउ उत्पत्तिः जरामरणं च वर्णो विचित्रः। वर्णशब्देनात्र पूर्वसूत्रे च श्वेतादि ब्राह्मणादि वा गृह्यते। तस्यैव देहस्य रोगान् विजानीहीति, लिङ्गमपि लिङ्गशब्देनात्र पूर्वसूत्रे च स्त्रीपुंनपुंसकलिङ्गं यतिलिङ्गं वा ग्राह्यं चित्तं मनश्चेति। तद्यथा शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेदरत्नत्रयभावनाप्रतिकूलै रागद्वैषमोहैर्यान्यु–पार्जितानि कर्माणि तदुदयसंपता जन्ममरणादिधर्मा यद्यपि व्यवहारनयेन जीवस्य सन्ति तथापि निश्चयनयेन देहस्येति ज्ञातव्यम्। अत्र देहादिममत्वरूप विकल्पजालं त्यक्त्वा यदा वीतरागसदानन्दैकरूपेण सर्वप्रकारोपादेयभूतेन परिणमति तदा स्वशुद्धात्मैवोपादेय इति भावार्थः।।७०।।**

---

**आगे जो शुद्धनिश्चयनकर जन्म–मरणादि जीवके नहीं हैं, तो किसके हैं? ऐसा शिष्यके प्रश्न करने पर समाधान यह है, कि ये सब देहके हैं ऐसा कथन करते हैं – श्रीगुरु कहते हैं,**

गाथा – ७०

अन्वयार्थ :– हे शिष्य, [ त्वं ] तू [ देहस्य ] देहके [ उद्भवः ] जन्म [ जरामरणं ] जरा मरण होते हैं, अर्थात् नया शरीर (धरना), विद्यमान शरीर छोड़ना, वृद्ध अवस्था होना, ये सब देहके जानो, [ देहस्य ] देहके [ विचित्रः वर्णः ] अनेक तरहके सफेद, श्याम, हरे, पीले, लालरूप पाँच वर्ण, अथवा ब्राह्मण, क्षत्रिय, वैश्य, शुद्र, ये चार वर्ण, [ देहस्य ] देहके [ रोगान् ] वात, पित्त, कफ, आदि अनेक रोग [ देहस्य ] देहके [ विचित्रम् लिंङ्गं ] अनेक प्रकारके स्त्रीलिंग, पुल्लिंग, नपुसकलिंगरूप चिन्हको अथवा यतिके लिंगको और द्रव्यमनको [ विजानीहि ] जान।

भावार्थ :– शुद्धात्माका सच्चा श्रद्धान ज्ञान आचरणरूप अभेदरत्नत्रयकी भावनासे विमुख जो राग, द्वेष, मोह उनकर उपार्जे जो कर्म उनसे उपजे जन्म–मरणादि विकार है, वे सब यद्यपि व्यवहारनयसे जीवके हैं, तो भी निश्चयनयकर जीवके नहीं हैं, देहसम्बन्धी है ऐसा जानना चाहिये। यहाँ पर देहादिकमें ममतारूप विकल्पजालको छोड़कर जिस समय यह जीव वीतराग सदा आनंदरूप सब तरह उपादेयरूप निज भावोंकर परिणमता है, तब अपना यह शुद्धात्मा ही उपादेय है, ऐसा अभिप्राय जानो।।७०।।

---

શુદ્ધ નિશ્ચયનયથી જે જન્માદિ સ્વરૂપો જીવના નથી તો તે કોનાં છે? એવા શિષ્યના પ્રશ્નના ઉત્તરમાં 'તે સર્વ દેહના છે' એમ કહે છે :

ભાવાર્થ : શુદ્ધ આત્માના સમ્યક્શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ આચરણરૂપ અભેદ રત્નત્રયની ભાવનાથી પ્રતિકૂળ રાગ, દ્વેષ, મોહથી ઉપાર્જિત જે કર્મો તેના ઉદયથી પ્રાપ્ત થતા જન્મમરણાદિ ધર્મો–જો કે વ્યવહારનયથી જીવના છે તોપણ–નિશ્ચયનયથી દેહના છે, એમ જાણવું.

અહીં, દેહાદિના મમતારૂપ વિકલ્પજાળને છોડીને આ જીવ જ્યારે સર્વપ્રકારે ઉપાદેયભૂત એક (કેવળ) વીતરાગ સદાનંદરૂપે પરિણમે છે ત્યારે સ્વશુદ્ધઆત્મા જ ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૭૦.

---

**વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૫, શનિવાર**
**તા. ૩૧-૦૭-૧૯૭૬, ગાથા-૭૦, પ્રવચન નં. ૪૯**

'પરમાત્મપ્રકાશ' ૭૦ ગાથા. શું કહે છે તમારે? સત્તર. **'આગે જો શુદ્ધનિશ્ચયનયકર જન્મ-મરણાદિ જીવકે નહીં હૈ,...'** જન્મ-મરણ એ જીવના નથી. જીવ તો ત્રિકાળી

ધ્રુવસ્વરૂપ (છે). એને જન્મ-મરણ નથી, રોગ નથી, વૃદ્ધાવસ્થા નથી. આ બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ વર્ણના ભેદ નથી. '**તો કિસકે હૈં? ઐસા શિષ્યકે પ્રશ્ન કરને પર સમાધાન યહ હૈ,...**' શું લીધું? શિષ્યનો એવો પ્રશ્ન છે, જેને જાણવાની જિજ્ઞાસા છે કે ભગવાનઆત્માને જન્મ-મરણ સંસાર નથી, તો એ જન્મ-મરણ છે કોના ? તેનું સમાધાન :

**૭૦) देहहँ उब्भउ जर-मरणु देहहँ वण्णु विचित्तु।**
**देहहँ रोय वियाणि तुहुँ देहहँ लिंगु विचित्तु।।७०।।**

**અન્વયાર્થ :** '**હે શિષ્ય, તૂ દેહકે જન્મ, જરા, મરણ હોતે હૈં અર્થાત્ નયા શરીર (ધરના), વિદ્યમાન શરીર છોડના,...**' એ બધી શરીરની દશા છે. આત્મામાં શરીર નથી. એટલી વાત અહીંયા લેવી છે. '**વૃદ્ધ અવસ્થા હોના, યે સબ દેહકે જાનો, દેહકે અનેક તરહકે સફેદ, શ્યામ, હરે, પીલે, લાલરૂપ પાંચ વર્ણ...**' આત્મામાં નથી. '**અથવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર યે ચાર વર્ણ,...**' આત્મામાં નથી. આહા..! '**દેહકે વાત, પિત્ત, કફ આદિ અનેક રોગ...**' દેહના છે. ભગવાનઆત્મામાં તો દેહ છે નહિ, પૂર્ણાનંદ આત્મામાં તો વિકાર પણ નથી અને સમ્યગ્દર્શનનો વિષય જે પૂર્ણ આત્મા, એમાં તો પર્યાય પણ નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન જે પર્યાય છે, નિર્વિકલ્પ શ્રદ્ધા સાથે આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે, એવા સમ્યગ્દર્શનનો જે વિષય છે એ તો ત્રિકાળી શુદ્ધ આત્મા એનો વિષય છે. આહાહા..! જેમાં જન્મ-મરણ તો નથી, જેમાં વિકાર નથી, જેમાં પર્યાય નથી. આહા..! એવી ચીજ છે.

સમ્યગ્દર્શનની જે પર્યાય છે એનો વિષય ત્રિકાળ છે, પણ એ પર્યાય દ્રવ્યમાં નથી. આહા..! સમજાય છે કાંઈ? પર્યાય પર્યાયમાં છે, દ્રવ્ય દ્રવ્યમાં છે. વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ, સત્ ચિદાનંદ પ્રભુ ધ્રુવ શાશ્વત વસ્તુ, આહાહા...! ત્રિકાળી ભૂતાર્થ પદાર્થ, જેને અગિયારમી ગાથામાં ભૂતાર્થ કહ્યું. ભૂતાર્થ નામ સત્યાર્થ. ત્રિકાળી વસ્તુ જે ધ્રુવ છે એ સત્યાર્થ છે. પર્યાય પણ અસત્યાર્થ છે. આહા..! ત્રિકાળની અપેક્ષાએ પર્યાયને પણ અસત્યાર્થ કહી છે, અભૂતાર્થ કહી છે ગૌણ કરીને, અભાવ કરીને અસત્ય છે એમ નહિ. પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે. ત્રિકાળમાં નથી; પણ પર્યાયને ગૌણ કરીને કહ્યું તો પર્યાય નથી, એમ નથી. આહાહા...! ત્રિકાળી જ્ઞાયકભાવ ચિદાનંદ પ્રભુ, એને વિષય બનાવવામાં સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન એને વિષય કરે છે તો સમ્યગ્દર્શન પર્યાય તો અભૂતાર્થ છે, ત્રિકાળની અપેક્ષાએ. પર્યાય પર્યાયની અપેક્ષાએ ભૂતાર્થ છે, પણ સમ્યગ્દર્શનનો જે વિષય છે એ ત્રિકાળ ભૂતાર્થ છે. આહાહા..! વાત એવી છે, ભાઈ!

એ અહીંયા કહે છે, દેહના બધા વિકાર છે. જન્મ-મરણ આદિ આત્મામાં ક્યાં! બાળ, યૌવન, વૃદ્ધાવસ્થા આદિ અવસ્થા એ બધી તો શરીરની છે. ભગવાન ક્યાં બાળ, યુવાન, વૃદ્ધ છે. એ તો કાલે થોડું કહ્યું હતું. બાળ અવસ્થા છે તે બહિર રાગાદિને પોતાના માનવા એ બાળ અવસ્થા છે. શરીરની બાળ અવસ્થા આત્મામાં નથી. આહાહા..!

સમજાય છે કાંઈ? જે એ ચીજમાં નથી એવો રાગ, પુણ્ય-પાપના વિકલ્પને પોતાના માનવા એ બહિર છે. ચૈતન્યના સ્વભાવમાં એ નથી. બહિર છે તેને પોતાના માનવા એ બહિરાત્મા એ બાળક છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને વસ્તુ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અંતરાત્મા વસ્તુ, એની અનુભવમાં દૃષ્ટિ થવી, એની સ્વસન્મુખની દૃષ્ટિમાં ઉપાદેયતા થવી એને અંતરાત્મા, એને યુવાન દશા કહે છે. એ જીવની યુવાન દશા છે. સમજાય છે કાંઈ? અને ભગવાનઆત્મા પોતાની પર્યાયમાં પરમાત્મ દશા પ્રગટ કરે, પર્યાયમાં, પરમાત્મા વસ્તુએ તો છે. અહીં પરમાત્મપ્રકાશ ચાલે છે ને! વસ્તુએ તો પરમાત્મસ્વરૂપ જ છે, અનાદિ. આહાહા..! અભવીનો આત્મા પણ પરમાત્મસ્વરૂપ છે. ભવીનો આત્મા પણ પરમાત્મસ્વરૂપ છે, પણ એ પરમાત્મસ્વરૂપ પર્યાયમાં પ્રગટ થવું એનું નામ જીવની પરિપકવ અવસ્થા વૃદ્ધાવસ્થા કહેવાય છે. સમજાય છે કાંઈ? આ (શરીરની) વૃદ્ધાવસ્થા એ આત્મામાં નથી. પર્યાયમાં પણ નથી.

મુમુક્ષુ :- આ તો નવી વ્યાખ્યા આવી.

ઉત્તર :- નવી વ્યાખ્યા નથી, અંતરની વાત છે. આવું છે, ભગવાન!

તારી ચીજ શું છે? ભાઈ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એક સમયમાં તારી ધ્રુવ સત્તા, જેને શકિતરૂપ પરમાત્મા કહે છે, જેને શકિતરૂપ મોક્ષ કહે છે, જેને શાસ્ત્રભાષાએ ૧૪-૧૫ (ગાથામાં) અબદ્ધ કહ્યું. કેવો છે ભગવાન? કે અબદ્ધ છે. એની દૃષ્ટિ કરવી એ જૈનશાસન છે. આહાહા..! સમજાય છે કાંઈ? પંદરમી ગાથામાં કહ્યું ને? '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' એમાં મારે તો '**अबद्धपुट्ठं**' લેવું છે. રાગ અને બંધ આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? એવો ભગવાન અબદ્ધસ્વરૂપ પરમાત્મ શકિત, શકિતએ મોક્ષસ્વરૂપ છે. અબદ્ધ કહો એ તો બદ્ધના અભાવની નાસ્તિ કરી. અસ્તિથી કહો તો મોક્ષસ્વરૂપ જ છે. શકિત એની મોક્ષસ્વરૂપ જ છે.

મુમુક્ષુ :- કોણ?

ઉત્તર :- આત્મા.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અનાદિ. ભગવાન! તારી મોક્ષ અવસ્થા થાય એ બીજી ચીજ છે, પણ શકિત અને સ્વભાવ તો મોક્ષસ્વરૂપ જ છે. આહાહા..! જો મોક્ષસ્વરૂપ શકિત ન હોય તો પર્યાયમાં મોક્ષ ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવે છે? આહાહા..! સમજાય છે કાંઈ? જો એ વીતરાગસ્વરૂપ ન હોય તો પર્યાયમાં વીતરાગતા ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવે છે? આહાહા..!

મુમુક્ષુ :- કર્મ ખરે ત્યારે આવે.

ઉત્તર :- કર્મ ખરે તો આવે નહિ, એમ છે જ નહિ. પોતાના સ્વભાવમાં લીનતા કરે તો આવે. એ તો આપણે આવી ગયું ને, પોતાના સ્વભાવની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. આદિમાં કર્મ ખરે તો અહીંયા થાય

છે, એવી વાત છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ કરવામાં આદિ આત્મા, મધ્ય આત્મા, અંત આત્મા. કેવળજ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાનાવરણીનો અભાવ થાય તો કેવળજ્ઞાન થાય છે, એવી અપેક્ષા છે જ નહિ. આહાહા..! એવી ચીજ છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે (જન્મ, જરા, મરણ) આદિ બધું દેહનું જાણો. આહાહા..! '**વાત, પિત્ત, કફ આદિ અનેક રોગ દેહકે...**' અરે! '**સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુસકલિંગ...**' દેહના ચિહ્ન છે. આહાહા..! અરે! '**યતિકે લિંગ...**' દેહનું છે. નગ્નદશા કે પંચમહાવ્રતના વિકલ્પ એ બધા દેહના વિકાર છે. સમજાય છે કાંઈ? અલિંગગ્રહણમાં તો કહ્યું છે. વીસ બોલ છે ને? આહા..! યતિનું બાહ્ય લિંગ જેમાં નથી એને અલિંગ આત્મા કહે છે. સમજાય છે કાંઈ? ૧૭ મો બોલ છે. ૨૦ બોલ છે ને ૨૦. 'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. બોંતેર કહે છે? એમાં અલિંગગ્રહણના વીસ બોલ છે. એમાં ૧૭ મો બોલ આ છે. યતિનું બાહ્ય લિંગ જેમાં નથી એને અમે ભગવાનઆત્મા કહીએ છીએ. આહાહા..! અરે..! એ તો નહિ, એ તો આગળ લેશે, આગળ લેશે. છે? ભાવલિંગ આત્મામાં નથી. કેટલામી ગાથા? જુઓ! ૮૮ ગાથા છે.

'**દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ,...**' ભગવાનઆત્મામાં દ્રવ્યલિંગ (તો છે જ નહિ). છેલ્લી વાત છે. ૮૮ ગાથામાં છેલ્લે. છેલ્લી ત્રણ લીટી. '**દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ,...**' નગ્નપણું ને પંચમહાવ્રતના વિકલ્પ એ બધું દ્રવ્યલિંગ છે. ૮૮ ની છેલ્લી ત્રણ-ચાર લીટી. લીટી કહે છે ને? પંક્તિ. આહા! શું કહે છે? '**દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ ઔર વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ યદ્યપિ...**' જુઓ! વીતરાગ નિર્વિકલ્પ મોક્ષનો નિશ્ચય મોક્ષમાર્ગ એ ભાવલિંગ. આહાહા...! '**શુદ્ધઆત્મસ્વરૂપ કા સાધક હૈ, ઈસલિયે ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,..**' ઉપચારથી છે. આહાહા..! પર્યાય છે ને. મોક્ષના માર્ગની પણ પર્યાય છે. નિશ્ચય સ્વભાવનો અનુભવ, દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવો જે મોક્ષમાર્ગ નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ, વિકલ્પ વિનાની નિર્વિકલ્પ વીતરાગી શાંતિ એ ભાવલિંગ પણ જીવમાં નથી, એ તો પર્યાયમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ ભાઈ! બહુ સૂક્ષ્મ છે, ભાઈ! જિનવરનો માર્ગ લોકોએ બાહ્યથી કલ્પી લીધો છે એવી ચીજ નથી.

જે ભગવાનઆત્મા અબદ્ધસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે, ધ્રુવસ્વરૂપ છે, સામાન્યસ્વરૂપ છે, એમાં મોક્ષના માર્ગની નિર્વિકલ્પ દશા... દ્રવ્યલિંગ તો નથી, ભાવલિંગ સાધકપણે પર્યાયમાં છે, વસ્તુમાં નથી. ખરેખર તો ભાવલિંગ જે નિર્વિકલ્પ આત્માનો અનુભવ, જે વીતરાગી પર્યાય, એ દ્રવ્યને અડતી નથી અને દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહાહા..! આવો માર્ગ છે પ્રભુનો. સામાન્ય પર્યાયને અડી જાય તો સામાન્યનો નાશ થઈ જાય. એક સમયની પર્યાય બદલે તો ભેગો એ પણ બદલાઈ જાય. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં ઈ કહ્યું, જુઓ! '**જીવકા સ્વરૂપ કહા જાતા હૈ, તો ભી પરમસૂક્ષ્મ**

**શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.**' આહાહા..! શું બતાવવું છે? સમ્યગ્દર્શનનો જે વિષય છે એ તો ભાવલિંગની પર્યાયથી પણ રહિત છે. સમજાય છે કાંઈ? ભાવલિંગ જે મોક્ષનો માર્ગ, નિશ્ચય મોક્ષનો માર્ગ જે વીતરાગ પર્યાય-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર એ ત્રણે વીતરાગી પર્યાય છે એ મોક્ષનો માર્ગ છે, પણ એ પર્યાયમાં છે. આહાહા..! આવી વાત! 'કુંદકુંદાચાર્ય' દિગંબર દર્શન સિવાય ક્યાંય નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ત્રણલોકનો નાથ...

મુમુક્ષુ :- .. કે ભાવલિંગથી જુદો છે?

ઉત્તર :- જીવ નહિ, જીવનું નહિ, દ્રવ્યનું નહિ. '**जिउ**' ન આવ્યું? ૬૮ ગાથામાં. ૬૮ ગાથામાં આવી ગયું છે. '**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ**' '**जिउ**' '**जिउ**' અમે જીવ એને કહીએ છીએ. જિનેશ્વર એમ કહે છે. જુઓ! '**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**' આહાહા..! ત્રણલોકના નાથ જિનેશ્વર સભાની વચ્ચે, ગણધર અને ઈન્દ્રોની સભામાં, ચક્રવર્તી ને વાસુદેવ, બળદેવ સભામાં હાજર હતા, ત્યાં ભગવાન આમ કહેતા હતા. આહાહા..! પ્રભુ! '**जिणवरु एउँ भणेइ**' જીવ એને કહીએ કે જેમાં... આહાહા..! મોક્ષની પર્યાય નહિ અને મોક્ષના માર્ગને જીવ કરતો નથી. આહાહા..! એ તો પર્યાય કરે છે. સમજાય છે કાંઈ? માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ! આ તો જૈનદર્શન છે. એ જૈનદર્શન જ વિશ્વદર્શન છે. દુનિયા બધાને ભેગા કરીને વિશ્વદર્શન કહે છે એમ નથી. એવો સમન્વય કોઈની સાથે થાય નહિ. આહા!

જૈન વિશ્વદર્શન. વિશ્વ નામ સમસ્ત શકિતનો પિંડ પ્રભુ એનું દર્શન એ જૈનદર્શન છે. એ તો પંદરમીમાં કહ્યું ને? '**जो पस्सदि अप्पाणं**' 'કુંદકુંદાચાર્ય' કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવતા હતા એ અમે સંદેશ લઈને આવ્યા છીએ. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' તો ભગવાન પાસે ગયા હતા ને? આઠ દિવસ રહ્યા હતા. ભગવાન એમ ફરમાવતા હતા કે જે કોઈ આ આત્માને અબદ્ધ દેખે, પર્યાયમાં રાગનો સંબંધ નહિ, વસ્તુ તદ્દન ભિન્ન છે, એમ અબદ્ધ દેખે એ '**जो पस्सदि अप्पाणं जिणसासणं सव्वं**' એ સમસ્ત જિનશાસનને દેખે છે. આહાહા..! જે રાગને દેખે નહિ, નિમિત્તને દેખે નહિ, પર્યાયને દેખે નહિ. આહાહા..! જે મુકતસ્વરૂપ પ્રભુ અનાદિથી છે. પર્યાયમાં જરી રાગનો સંબંધ છે, વસ્તુમાં નથી. પર્યાયમાં રાગનો સંબંધ કહેવામાં આવે છે, વસ્તુમાં નથી. આહાહા..! એ વસ્તુ અબદ્ધ છે. તેને '**पस्सदि**' જે તેને દેખે છે, આહાહા..! દેખવાના કાળમાં એ વસ્તુ અબદ્ધસ્વરૂપ દેખાણી, એ જૈનશાસન છે. એ પર્યાયમાં જૈનશાસન એને કહે છે, વસ્તુમાં નથી.

જૈનશાસન વીતરાગી પર્યાય છે, પણ એ ત્રિકાળીને જોઈને જે વીતરાગી પર્યાય થઈ એ જૈનશાસન; પણ એ પર્યાય પણ દ્રવ્યમાં નથી. આહાહા..! 'દેવીલાલજી'! વાત તો આવી છે, ભગવાન! અરે..! તું નાનો નથી, મોટો છો, પ્રભુ! તારી શકિતનું માહાત્મ્ય શું કહીએ? પ્રભુ કહે છે, અમે પણ પૂરું કહી શકતા નથી. સમજાય છે કાંઈ? બાર અંગમાં વાત

આવી છે એ સ્થૂળ આવી છે, એમ કહે છે. બાર અંગમાં, પંડિતજી! ચૌદ પૂર્વ. 'પંચાધ્યાયી'માં છે, બાર અંગમાં સ્થૂળ (વાત) આવી છે. આહાહા..! વીતરાગ વાણી આહાહા..! જોવામાં આવ્યું તેનાથી અનંતમા ભાગે વાણીમાં આવ્યું, તેનાથી અનંતમે ભાગે ગણધરે આગમ રચ્યા. એવો ભગવાન નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ, સુખનો સાહ્યબો, સુખનો ભંડાર પ્રભુ છે. એમાં જિનશાસનની પર્યાય નથી. જૈનશાસન પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? અહીં એ કહ્યું ને? જુઓ!

'**ण वि उप्पज्जइ**' ભગવાનઆત્મા તો ઉત્પાદમાં આવતો જ નથી. જન્મ તો નથી પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્, એ ઉત્પાદમાં ધ્રુવ આવતો જ નથી એમ કહે છે. આહાહા..! ભાઈ! ભગવાનનો માર્ગ છે. જેને એકાવતારી ઈન્દ્રો સાંભળે છે. શક્રેન્દ્ર પહેલા દેવલોકનો ઈન્દ્ર, બત્રીસ લાખ તો વૈમાન છે. એક એક વૈમાનમાં અસંખ્ય તો દેવ છે. એનો સાહેબો શક્રેન્દ્ર અત્યારે એકાવતારી છે. એકાવતારી સમજો છો? એક ભવતારી. આહાહા..! એ શક્રેન્દ્ર એકભવતારી છે, એમ ભગવાનની વાણીમાં આવ્યું છે અને શાસ્ત્રમાં છે. અને એની ઈન્દ્રાણી એકભવતારી છે. આહાહા..! સ્ત્રીનો દેહ છે. ઉત્પન્ન થઈ ઈન્દ્રાણી ત્યારે મિથ્યાદૃષ્ટિ હતી. ઈન્દ્રાણીપણે ઉત્પન્ન થઈ ત્યારે તો મિથ્યાદૃષ્ટિ હતી. સ્ત્રીપણે સમકિતી ઉત્પન્ન થાય નહિ. પણ પછી ઈન્દ્રની સાથે ભગવાનની જન્મ મહોત્સવ કલ્યાણકમાં જતી હતી ત્યારે એને અંતરમાં ભાન થઈ ગયું. એનાથી નહિ, હોં! પોતાથી (થયું છે). નહિતર તો બધા દેખે છે, પણ અંદરમાં એમ થઈ ગયું.. ઓહોહો..! જેની પુણ્ય પ્રકૃતિનો આટલો વૈભવ! માનસ્તંભ ચાર બાજુ, જેની સભા ઈન્દ્રો રચે તો ઈન્દ્રને વિસ્મય થઈ જાય કે કેવી રચના થઈ ગઈ!! અમે જેવું ઈચ્છતા હતા એનાથી બીજી રચના થઈ ગઈ. એ ભગવાનનું તીર્થંકરનું પુણ્ય છે તો આવી થઈ ગઈ. એમાં ઈન્દ્ર બેસીને સાંભળે છે તો ભગવાન આ વાત કરે છે. આહાહા..!

પ્રભુ! તારો જીવ જે છે એ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, નાથ! એ વ્યયની પર્યાયમાં આવતો નથી, એ બંધ-મોક્ષને કરતો નથી. આહાહા..! છે! સમજાય છે કાંઈ? '**जिउ**' એને જીવ કહે છે. અહીંયા પર્યાયને જીવ નથી કહ્યું. સમજાય છે કાંઈ? આહાહા..! ત્રિકાળી ચિદાનંદ પ્રભુ, ચિદાનંદ ભૂપાલ કી રાજધાની, એ યાદ આવ્યું. ઓલામાં આવે છે ને? વીતરાગની વાણી ચિદાનંદ ભૂપાલકી રાજધાની. વીતરાગની વાણી એ ચિદાનંદ ભૂપાલ કી રાજધાની બતાવે છે. ભાઈ! અહીંયા તો આવી વાત છે. શું તારી મહિમા! પ્રભુ કહે છે.

અમે એને જીવ કહીએ છીએ. આહાહા..! કે જે જીવ મોક્ષ અને મોક્ષના કારણની પર્યાયને પણ કરતો નથી. જે બંધ અને બંધના કારણને તો કરતો નથી પણ મોક્ષ અને મોક્ષના માર્ગને પણ કરતો નથી, એને અમે જીવ કહીએ છીએ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આપ ગમે તેને જીવ કહો, અમારે તો ધર્મ કરવો છે.

ઉત્તર :- આ ધર્મ એનાથી થાય છે. ત્રિકાળી જીવ મોક્ષનો કરનાર નથી, એવું દ્રવ્ય છે

એની દૃષ્ટિ કરવી, એમાં લીન થવું એ ધર્મ છે. એ તો શેઠ સ્પષ્ટીકરણ કરાવે છે. આહાહા..! જુઓને! પરમાત્મપ્રકાશ. તારી ચીજ જે છે એ જ પરમાત્મસ્વરૂપ છે. ધ્રુવ, હોં! ધ્રુવ. ઉત્પાદ-વ્યય વિનાની જે ચીજ છે એ પરમાત્મસ્વરૂપ જ છે, પ્રભુ! વિદ્યમાન પરમાત્મા, હોં! આહાહા..! અનાદિ પરમાત્મા. નવો નથી થતો. એ તો પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! એની દૃષ્ટિ એ તરફ કરવી અને સ્વીકાર કરવો એનું નામ સમ્યક્ સત્ય દર્શન, સત્ય જેવું છે એવા દર્શન કરવા સત્‌દર્શન છે. આહાહા..!

મુમુક્ષુ :- ધન્ય છે આપને કે આપે આ મર્મ ખોલ્યો.

ઉત્તર :- આ વસ્તુ જ એવી છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' કોઈ પણ સંત હો, દિગંબર સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યા છે.

અનાદિ વસ્તુ આ (છે). ભગવાન સંતોએ (આમ કહ્યું છે). ત્રિકાળમાં ત્રિકાળીને જાણનારનો વિરહ નથી હોતો. શું કહ્યું? ત્રણકાળ જે જગત છે, એમાં ત્રણકાળને જાણનારનો વિરહ નથી હોતો. અનાદિથી ત્રણકાળને જાણનારો છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રણકાળમાં... ત્રણેકાળમાં... ત્રણકાળને જાણનારનો વિરહ કદી હોતો નથી. અનાદિ ત્રિકાળ જ્ઞાની છે, ભૂતમાં હતા, ભવિષ્યમાં (થશે). આહાહા..! અનાદિ ત્રિકાળને જાણનાર સર્વજ્ઞ અનાદિથી છે. ત્રિકાળ જેવી ચીજ છે તો સામે ત્રિકાળ જાણનાર પણ ત્રિકાળ છે. 'શુકનચંદજી'! આહાહા..!

હું તો એ કહેતો હતો, આ મૂર્તિને ઉથાપે છે ને એને અમે કહેતા હતા કે ભગવાન! એમ ન કરો. જેમ ભગવાન ત્રિકાળ છે એવી ત્રિકાળી પ્રતિમા પણ છે. સ્વર્ગમાં શાશ્વત પ્રતિમા ત્રિકાળી છે. જેમ ત્રિકાળી સર્વજ્ઞ છે, કોઈ સમયે સર્વજ્ઞનો વિરહ નથી હોતો તો કોઈ સમયે એના પ્રતિબિંબનો વિરહ નથી હોતો. સમજાય છે કાંઈ? પ્રશ્ન ચાલતા હતા ને. અમારે તો સંપ્રદાયમાં પણ બહુ ચાલતા હતા. એક તો એવો પ્રશ્ન ઘણા વર્ષ પહેલાં ૭૬ની સાલમાં આવ્યો હતો. એક શેઠ હતા. ગૃહસ્થ હતા. અત્યારે તો ઘણા ગૃહસ્થ થઈ ગયા. તે દિ' તો દસ લાખ ઘણા કહેવાતા ને! સીત્તેર વર્ષ પહેલાં. સાંઈઠ-સીત્તેર, કહે છે ને? સીત્તેર-સત્તર. એને તો બહુ થોડા પૈસા. ગૃહસ્થ હતા. દસ લાખ રૂપિયા, તે દિ' હોં! સીત્તેર વર્ષ પહેલાં. હવે તો સાધારણ બાયું પાસે પાંચ-દસ લાખ હોય છે. એ ગૃહસ્થ હતા એની દૃષ્ટિ સ્થાનકવાસીની હતી. એ એમ કહેતા હતા કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી મૂર્તિની પૂજા હોય. સમ્યગ્દર્શન પછી મૂર્તિની પૂજા નહિ, મૂર્તિ નહિ. સમજો.

પછી મેં ઉત્તર આપ્યો, સાંભળો! એ કહે કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી પ્રતિમાની પૂજા હોય. સમ્યગ્દર્શન પછી પૂજા ન હોય. ભક્તિ, પૂજા પ્રતિમાની ન હોય. સાંભળો ભાઈ! મિથ્યાદૃષ્ટિને સામે નિક્ષેપ હોય જ નહિ. જ્યારે સમ્યગ્દર્શન થાય છે, ત્યારે શ્રુતજ્ઞાન થાય છે તો શ્રુતજ્ઞાનના ભેદ નિશ્ચય અને વ્યવહારનય હોય છે. એ વ્યવહારનયનો વિષય નિક્ષેપ સમકિતીને હોય છે. પંડિતજી! સમકિતીને જ પ્રતિમા છે. કેમકે એને શ્રુતજ્ઞાન થયું. ત્રિકાળીને જાણે ને પર્યાયને જાણે, રાગને જાણે, પરને જાણે. તો એને જ

વ્યવહારનય છે, શ્રુતજ્ઞાન તો પ્રમાણ(જ્ઞાન) છે, એના ભેદ નિશ્ચય અને વ્યવહાર બે ભેદ છે. શ્રુતજ્ઞાન અવયવી છે અને નિશ્ચય, વ્યવહાર એના અવયવ-ભેદ છે. તો ભેદમાં જ્યારે વ્યવહારનય છે, ત્યારે સામે નિક્ષેપ જ્ઞેયનો ભેદ જે સ્થાપના, જ્ઞેયનો ભેદ છે ને? નામ, સ્થાપના, દ્રવ્ય, (ભાવ) એ જ્ઞેયના (ભેદ છે). જ્ઞાનના ભેદ અહીં રહ્યા. જ્ઞાનના ભેદ નિશ્ચય-વ્યવહાર અહીં રહ્યા. જ્ઞેયના ભેદ ત્યાં. તો જ્ઞાનીને જ વ્યવહાર અને નિશ્ચય (હોય છે). પ્રતિમા પૂજનિક એને જ યથાર્થ હોય છે. છે ભલે શુભભાવ. સમજાય છે કાંઈ? અમે તો પહેલાં એમાં હતા ને પણ અમારી લાઈન તો બીજી હતી અંદરથી.

મેં કહ્યું કે નહિ, પ્રતિમાનું પૂજન અને પ્રતિમાનું યથાર્થ માનવું સમકિતીને હોય છે. જેને સમ્યગ્જ્ઞાન થયું, એમાં શ્રુતજ્ઞાન થયું. શ્રુતજ્ઞાનનો ભેદ વ્યવહારનય થયો, એને જ્ઞેયનો ભેદ સ્થાપના એ વ્યવહારનયનો વિષય એને છે. અજ્ઞાનીને નિક્ષેપ-બિક્ષેપ હોતો જ નથી. સમજાય છે કાંઈ? આ તો (વાત) અંદરથી આવતી હતી ને! પૂર્વની વાત અંદર હતી ને! આ તો કંઈ શીખ્યા નહોતા. ગુરુ પાસે હતી નહિ. કીધું, નહિ, વાત એમ નથી. સમજાય છે કાંઈ?

અહીં તો શું કહ્યું? જુઓ! ઓહોહો..! એ જિનવર એમ કહે છે, હે જોગી! હે મુનિ! હે ધર્માત્મા! એમ કહે છે. હે ધર્માત્મા! જિનવર એમ કહે છે કે જીવ એને અમે કહીએ કે જે મોક્ષના માર્ગને, મોક્ષને ન કરે એને અમે જીવ કહીએ છીએ. આહાહા..! પંડિતજી! સમજાય છે? આ તો હિન્દી છે. 'બેંગ્લોર'માં પંડિતજી બહુ સારા અર્થ (કરે છે). બહુ નરમ માણસ છે. 'બેંગલોર'. બે પંડિત હતા. ભાષા હિન્દી હતી. ત્યાં તો બધા મરાઠી. મરાઠી ભાષા બોલતા હતા. એ પંડિત બેઠા. નરમ છે. 'બેંગ્લોર'થી આવ્યા છે. અમે 'બેંગ્લોર' ગયા હતા. બાર લાખનું મંદિર થયું ને આપણું. બાર લાખનું મંદિર થયું, દિગંબર મંદિર. બાર લાખનું. અમે ગયા હતા. ત્યાં બોલાવ્યા હતા. આપણા તરફથી થયું છે. 'સોનગઢ' તરફથી. એક 'જુગરાજજી' કરીને સ્થાનકવાસી કરોડપતિ છે. 'જુગરાજજી' કરોડપતિ. એણે ચાર લાખ નાખ્યા છે. અહીંની શ્રદ્ધાવાળા છે, પણ સ્થાનકવાસી હતા. એક કરોડ. એણે ચાર લાખ નાખ્યા. એક 'ભભુતમલ' શ્વેતાંબર છે. એણે આઠ લાખ નાખ્યા. એક મંદિરમાં બાર લાખ. આપણું મંદિર, હોં! દિગંબર. નહિતર અમે તો શ્વેતાંબરમાં જતા નથી. બાર લાખ.

મુમુક્ષુ :- સમવસરણ પણ છે.

ઉત્તર :- હા, સમવસરણ છે, સમવસરણ છે. લોકો બહુ આવે છે. જોવા માટે અન્યમતિ (આવે છે). બાર લાખનું મંદિર. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :- આપની અનુમતિથી બન્યું છે.

ઉત્તર :- એ તો બનવાની ચીજ હતી એ બની છે. કોઈએ બનાવી નથી. એવી વાત છે.

મુમુક્ષુ :- અમે તો કહીએ છીએ કે અમારા ગુરુ મંદિર બનાવે છે.

ઉત્તર :- એ તો ભાવ હોય છે ને શુભ! શુભભાવ છે ને બને છે એમાં નિમિત્ત કહેવામાં આવે છે. શુભભાવ થયો તો મંદિર બન્યું એમ નથી. ભાઈ! બનવાની લાયકાત પરમાણુમાં હતી તો પરમાણુમાં તે સમયે (તે પ્રકારનું પરિણમન થયું).

'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં લેખ છે કે દરેક દ્રવ્યની પર્યાય જે સમયે ઉત્પન્ન થાય તે તેનો કાળ છે. જન્મક્ષણ, એવો પાઠ છે. 'પ્રવચનસાર' ૧૦૨ ગાથા. દ્રવ્યની જે સમયે પર્યાય ઉત્પન્ન થવાની છે તે ઉત્પત્તિનો કાળ છે, તે કારણે ઉત્પન્ન થાય છે. પરથી ઉત્પન્ન થાય છે, એમ નથી. આહાહા...! એ તો બપોરે ચાલે છે. કર્તા-કર્મ. બપોરે ચાલે છે ને! આહાહા..! પરનો કર્તા તો નહિ. એ બપોરે ચાલે છે કે કર્મનો ઉદય કર્તા અને વિકાર કર્મ, એમ નથી. વિકારી પરિણામ થાય છે તે તેનું કર્તવ્ય અને કર્તા કર્મ, એમ નથી અને વિકારી પરિણામ કર્તા અને કર્મબંધન થાય તે કર્મ તેનું કાર્ય, એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- તો શું હોય છે?

ઉત્તર :- વિકારનો કર્તા જીવ અને વિકાર કર્મ જીવનું. પર્યાયમાં. અહીં તો પર્યાય સિદ્ધ કરવી છે ને! અહીંયા તો વિકારની પર્યાય એમાં નથી. પર્યાય પર્યાયનો કર્તા છે. જ્યારે પરથી ભિન્ન પાડવું હોય તો વિકારનો કર્તા આત્મા અને વિકારી પર્યાય તેનું કર્મ. કર્મને લઈને વિકાર થયો છે એમ નથી અને વિકારી પરિણામ થયા માટે ત્યાં કર્મબંધન થયું એમ નથી. એ પરમાણુમાં એ સયમે બંધાવાની યોગ્યતાથી પરમાણુ બંધાયા છે. એ વિકારી પરિણામ થયા એ તો નિમિત્તમાત્ર છે. બંધન થયું તે ઉપાદાન પોતાની પર્યાયથી ત્યાં બંધન થયું છે. જ્ઞાનાવરણીરૂપ બંધન એની પર્યાયથી થયું છે. આત્માએ રાગ કર્યો માટે નહિ. આ વસ્તુ છે. નિમિત્તને ઉડાવ્યું કહો કે નિમિત્તને સિદ્ધ કર્યું કહો. છે એટલી વાત પણ એનાથી કાર્ય થયું એમ નથી. એ તો કહ્યું ને, ૩૭૨ ગાથા, 'સમયસાર'. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે ઘડો કુંભારથી થયો છે એમ અમે જોતા નથી. માટીથી ઘડો બન્યો છે એમ અમે જોઈએ છીએ. ૩૭૨, 'સમયસાર'. બપોરે ચાલે છે ને! સમજાય છે કાંઈ? આહાહા..! '**માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' લ્યો, નિમિત્ત ઉડાવી દીધું. 'શિખરચંદજી'! નિમિત્ત સિદ્ધ થયું. નિમિત્ત છે એમાં પણ એનાથી ઘડો થયો એમ નથી. '**માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...**' છે? '**અન્ય દ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**વળી જીવને પરદ્રવ્ય રાગાદિ ઉપજાવે છે એવી શંકા ન કરવી...**' કે કર્મનો ઉદય આવ્યો તો એને રાગ કરવો પડ્યો, એમ નથી. આહાહા..! પરદ્રવ્ય જીવને રાગાદિ ઉત્પન્ન કરાવે છે (એમ શંકા ન કરવી) '**અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે;...**' આહાહા..! કુંભારની પર્યાયથી ઘડો ઉત્પન્ન થાય એ અયોગ્યતા છે. આહાહા..! માટીની યોગ્યતા છે કે ઘડાને ઉત્પન્ન કરે છે. એ માટી કર્તા અને ઘડાનું કર્મ એ માટીનું છે, એ કુંભારનું કાર્ય નથી. આહાહા..! ૩૭૨ ગાથા બહુ સ્પષ્ટ છે. '**अण्णदविएण**

**अण्णदवियस्स**' એમ પાઠ છે. અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યની પર્યાય કદી ત્રણકાળમાં ઉત્પન્ન થતી નથી. આહાહા..! લોકો ગડબડ ગડબડ કરે, બાપા! એમ ન હોય, ભાઈ! જે વસ્તુ જેમ છે તેમ સમજવી જોઈએ. ઊલટી દૃષ્ટિથી અનાદિ કાળ ગયો. આહાહા..! '**કુંભારના સ્વભાવથી ઊપજતી નથી,...**' લ્યો. '**માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે...**' ઓલામાં ચિહ્ન કર્યું હોય ને! આમાં ચિહ્ન નથી. ગુજરાતીમાં એના ચિહ્ન હોય. આહા!

અહીં તો આપણે ૭૦ ગાથા ચાલે છે. યતિના લિંગ આત્મામાં નથી. અહીંયા આવ્યા છીએ આપણે. સાધુનું લિંગ જે નગ્નપણું છે કે અઠ્યાવીસ મૂળગુણ છે એ આત્મામાં નથી. એ તો નથી, ભાવલિંગ જે છે એ પણ આત્મામાં નથી. આહાહા..! નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ મોક્ષનો માર્ગ, એ પર્યાય પણ દ્રવ્યમાં નથી અને એ દ્રવ્ય મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા નથી. આહાહા..! આવો માર્ગ.

મુમુક્ષુ :- દ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગની પર્યાય થાય છે?

ઉત્તર :- બિલકુલ કોઈના આશ્રયે થતી નથી, પોતાના આશ્રયે થાય છે. પર્યાય પર્યાયના આશ્રયે થાય છે. દ્રવ્યના આશ્રયથી નહિ અને પરના આશ્રયે તો નહિ, નહિ.

મુમુક્ષુ :- સન્મુખ થાય છે.

ઉત્તર :- એ તો પર્યાય પોતાથી સન્મુખ થાય છે. શું દ્રવ્ય સન્મુખ કરાવે છે? આહાહા..! આ વીતરાગ વિજ્ઞાન છે. પંડિતજી આજે આવ્યા નથી. બપોરે આવશે. 'હુકમચંદજી' આજે આવવાના હતા. એક વાગે?

અહીં તો કહે છે, યતિલિંગ અને દ્રવ્યમન પણ આત્મામાં નથી. આહા! લિંગ છે ને? આહા! છે? લિંગ નહિ. લિંગમાં એ નાખ્યું. આ દ્રવ્યમન પરમાણુનું બનેલું છે ને એ આત્મામાં નથી. નિશ્ચયથી તો ભાવમન જે સંકલ્પ, વિકલ્પ છે એ આત્મામાં નથી. અરે! મનની નિર્મળ જ્ઞાનની પર્યાય જે છે એ પણ આત્મામાં નથી, એ તો પર્યાયમાં છે. આહાહા..! એવો પર્યાયરહિત જે ભગવાન, એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે, બાકી બધી વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! યુવાન! 'ઝવેરીલાલ' છે ને? આહાહા..! આમાં જુવાન (શું)? આત્મા તો એવો જ છે. જુવાન, વૃદ્ધ એ તો દેહની દશા છે. આહાહા..! ભગવાન તો ત્રિકાળી એક સ્વરૂપે બિરાજમાન છે. જેમાં વિકારી પર્યાય તો નથી પણ જેમાં નિર્વિકારી પર્યાય નથી. આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. બહારમાં ગુંચી ગયા છે ને, બહારની લાઈનમાં.

ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં યતિના લિંગનો અભાવ છે. સમજ્યા ને? અલિંગગ્રહણમાં કહ્યું ને અલિંગગ્રહણમાં ૧૭મા બોલમાં એ કહ્યું, યતિના લિંગનો અભાવ છે. બાહ્યલિંગ જે યતિના છે, વિકલ્પ આદિ, નગ્નપણું એ ભગવાનઆત્મામાં અભાવ છે. એટલું ત્યાં લીધું છે. અહીંયા તો આગળ ભાવલિંગ જે મોક્ષનો માર્ગ, આહાહા..! કેટલું પરથી હઠવું પડે અને કેટલું અંદરમાં જોડાવું પડે! યોગી કહ્યું ને યોગી.

યોગી એટલે સ્વરૂપમાં જોડાણ કરવું પર્યાયને જોડવી એ યોગી. ઓલા અન્યમતિના બાવાના યોગી એની વાત નથી. પોતાની પર્યાયને, નિર્મળ પર્યાયને દ્રવ્યમાં જોડવી (અર્થાત્) એ તરફ લક્ષ કરવું એને યોગી કહે છે. સમકિતી પણ યોગી છે. સમજાય છે કાંઈ? ઓલા અન્યમતના બાવાની અહીં વાત નથી. (સમકિતી) યોગી છે. આહા!

શ્રદ્ધાની પર્યાયને આત્મસન્મુખ કરી, એટલું જોડાણ કર્યું ને? જોડાણનો અર્થ પર્યાય દ્રવ્યમાં ઘુસી જતી નથી પણ એ તરફનો ઝુકાવ થયો. આહાહા..! ધર્માત્મા સંત મહાત્મા યોગી. યોગી મહાત્મા. આહાહા..! સંત તો એને કહીએ, એને સંત કહીએ, જે આનંદના નાથમાં ઝુકી ગયા છે અને અતીન્દ્રિય આનંદનો જેમાં અનુભવ આવ્યો. સિદ્ધાંત તો એમ કહે છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો એ ધર્મની મહોરછાપ છે. 'સમયસાર' પાંચમી ગાથામાં છે. અહીં તો ઘણીવાર વંચાઈ ગયું છે. આ તો અઢારમી વાર ચાલે છે. આહાહા..!

કહે છે કે આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ભાન થવું તો એમાં આનંદનો અનુભવ સાથે આવે છે. એ અનુભવની આનંદની મહોરછાપ છે. આનંદનો ભાવ આવે નહિ અને અનુભવ થયો (એમ કોઈ કહે તો) એ વાત ખોટી છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન થયું એમ કહે અને આનંદ આવ્યો નહિ (તો એ ખોટી વાત છે). સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પૂર્ણાનંદના નાથ તરફની દૃષ્ટિ છે તો સર્વ ગુણના એક અંશની વ્યકતતા પ્રગટ થાય છે. શું કહ્યું? સમ્યગ્દર્શનમાં ત્રિકાળી જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો તો જેટલા ગુણ છે તેનો એક અંશ વ્યકતરૂપે ચોથે ગુણસ્થાને પ્રગટ થાય છે. આહાહા..! અનંત ગુણ. કેમકે દ્રવ્યદૃષ્ટિ થઈ ને. દ્રવ્યને પકડ્યું ને. આખા અનંત ગુણના પિંડ દ્રવ્યને પકડ્યું તો દ્રવ્યમાં જેટલી શકિત છે તે બધાનો એક અંશ વ્યકત પ્રગટ પરિણમનનમાં આવ્યો છે. સમજાય છે કાંઈ? જ્ઞાનાદિ એકદેશ પ્રગટ થાય છે. એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે. 'ટોડરમલ' છે ને? એની 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'.

**'એ પ્રમાણે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે...'** એક અંશ પ્રગટ થયો. વસ્તુ તો પૂર્ણ છે પણ સમ્યગ્દર્શનમાં બધા ગુણનો એકદેશ (અંશ) વ્યકત અનુભવમાં આવ્યો છે. છે? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. 'ભાઈશ્રી! તમે ત્રણ દૃષ્ટાંત લખ્યાં અથવા દૃષ્ટાંત દ્વારા પ્રશ્ન લખાય, પણ દૃષ્ટાંત સર્વાંગ મળતા આવે નહિ. દૃષ્ટાંત છે તે એક પ્રયોજન દર્શાવે છે. અહીં બીજનો ચંદ્ર, જળબિન્દુ, અગ્નિકણએ તો એકદેશ છે અને પૂર્ણિમાનો ચંદ્ર, મહાસાગર તથા અગ્નિકુંડ એ સર્વદેશ છે. એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે...' સમજાય છે કાંઈ? એણે એવો પ્રશ્ન કર્યો હતો કે અસંખ્ય પ્રદેશ છે ને તો કેટલાક પ્રદેશ તદ્દન એકદેશ ખુલ્લા થઈ જાય છે. એમ એમણે કહ્યું. તો (જવાબ આપ્યો કે) એમ નથી. એક થોડો ભાગ સર્વ પ્રદેશનો ખુલ્લો થઈ જાય છે. એવો પ્રશ્ન કર્યો હતો. એમ નથી. બધા પ્રદેશમાં અનંતા ગુણ છે એ એકદેશ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? 'દેવીલાલજી' ! આવી વાત છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- આત્મપ્રદેશ નહિ, ગુણ પ્રગટ થયા.

ઉત્તર :- ગુણ પ્રગટ થયા. પ્રદેશમાં એમ કહ્યું ને કે જેમ બીજમાં ચંદ્રનો એક ભાગ ખુલ્લો થઈ જાય છે, એમ આત્માના અમુક પ્રદેશ તદ્દન ખુલ્લા થઈ જાય છે? તો કહ્યું, એમ નથી. એ દૃષ્ટાંત એનાથી મળતું નથી. અહીંયા તો અસંખ્ય પ્રદેશમાં જે અનંતગુણ છે તે દરેક પ્રદેશે અંશે વ્યક્ત થઈ જાય છે. પ્રદેશ થોડા શુદ્ધ પ્રગટ થાય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો બધા વ્યાખ્યાન થઈ ગયા છે. બધાના વ્યાખ્યાન થઈ ગયા છે. 'અધ્યાત્મ સંદેશ' પુસ્તક છે ને? એમાં બધા વ્યાખ્યાન આવી ગયા છે. ઘણા પુસ્તક બહાર પડ્યા છે, અહીંયાથી ચૌદ લાખ બહાર પડ્યા છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી', 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ છે. ત્રણ ચિટ્ઠી છે ને? એક ઉપાદાન-નિમિત્ત ચિટ્ઠી, એક રહસ્યપૂર્ણ ચિટ્ઠી અને એક પરમાર્થ વચનિકા, ત્રણ છે.

અહીં કહે છે, યતિલિંગ અને મનનું દ્રવ્યલિંગ પણ આત્મામાં નથી. આહાહા..! 'જાન.' ગુરુ એમ કહે છે કે હે શિષ્ય! તું આમ જાણ. જુઓ! ભાષા છે! આહાહા..! ભગવાન આત્મામાં રંગ, ગંધ, સ્પર્શ નહિ, બ્રાહ્મણ, ક્ષત્રિયનો વર્ણ નથી અને યતિલિંગ આદિ મનના લિંગ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**ભાવાર્થ : 'શુદ્ધાત્માકા સચ્ચા શ્રદ્ધાન આચરણરૂપ...'** શુદ્ધાત્મા જે દ્રવ્ય શુદ્ધ ચૈતન્યપ્રભુ, એવા શુદ્ધાત્માનું સાચું શ્રદ્ધાનસમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સાચું, સમ્યક્ આચરણ સાચું, **'અભેદરત્નત્રયકી ભાવનાસે વિમુખ..'** એ અભેદ ભાવનાથી વિમુખ **'જો રાગ, દ્વેષ, મોહ ઉનકર ઉપાર્જે જો કર્મ...'** આહા! કર્મ કેમ ઉપાર્જન થયા? શુદ્ધાત્મશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જે છે તેનાથી વિપરીત રાગ, દ્વેષ, મોહ કર્યા એનાથી કર્મબંધન થયું. સમજાય છે કાંઈ? **'રાગ, દ્વેષ, મોહ ઉનકર ઉપાર્જે જો કર્મ ઉનસે ઉપજે જન્મ-મરણાદિ વિકાર હૈં,...'** એના કારણે ત્યાં જન્મ-મરણ વિકાર છે, સ્વભાવમાં નથી. **'વે સબ યદ્યપિ વ્યવહારનયસે જીવકે હૈં,..'** વ્યવહારથી કહેવાય છે. **'નિશ્ચયનયકર જીવકે નહીં હૈં,...'** આહાહા..! **'દેહસમ્બન્ધી હૈં ઐસા જાનના ચાહિયે.'** વિશેષ કહેશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૬, રવિવાર
## તા. ૦૧-૦૮-૧૯૭૬, ગાથા-૭૦, પ્રવચન નં. ૫૦

'પરમાત્મપ્રકાશ'. ૭૦ ગાથા. સીત્તર કહે છે ને? ૭૦. એનો ભાવાર્થ. શબ્દાર્થ કાલે ચાલ્યો.

**ભાવાર્થ :- 'શુદ્ધાત્માકા સચ્ચા શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ...'** સાચા શબ્દમાં સમ્યક્

(શબ્દ) પડ્યો છે. સંસ્કૃતમાં સમ્યક્ (શબ્દ) છે. '**शुद्धात्मसम्यक्श्रद्धानज्ञान**' એ સમ્યક્નો અર્થ કર્યો સાચો. કેમ કર્યો? કે '**શુદ્ધાત્માકા સચ્ચા શ્રદ્ધાન જ્ઞાન આચરણ...**' વ્યવહારરત્નત્રય એ સાચું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ નથી. સમજાણું કાંઈ? શુદ્ધાત્મા જે એક સ્વરૂપ ત્રિકાળ. અહીં એ સિદ્ધ કરવું છે કે એમાં દેહ, જન્મ-મરણ, યતિનું લિંગ એ અંતરમાં છે નહિ. શુદ્ધાત્મા જે વસ્તુ છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે, એ શુદ્ધાત્મામાં યતિનું દ્રવ્યલિંગ પણ નથી, પણ યતિનું ભાવલિંગ જે છે આ શુદ્ધાત્માનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ અભેદરત્નત્રય. એ ભાવલિંગ પણ ત્રિકાળ શુદ્ધાત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં નથી તો પર્યાયમાં આવ્યું ક્યાંથી?

ઉત્તર :- પર્યાયમાં પર્યાય સ્વતંત્ર થઈ. પર્યાયનો દાતા દ્રવ્ય નથી. એ આવી ગયું છે આપણે આત્મધર્મમાં 'યોગસાર'માં. 'યોગસાર'માં એમ છે. 'અમિતગતિ' આચાર્ય. ધર્મની પર્યાયનો દાતા આત્મા નથી. આહાહા..!

અહીંયાં તો આત્મા એને કહીએ જે શુદ્ધાત્મા, એની સાચી શ્રદ્ધા, એનું સાચું જ્ઞાન, નિર્વિકલ્પ વીતરાગી પર્યાય, એ અભેદરત્નત્રય. તો અભેદરત્નત્રય પણ ભાવલિંગ છે. એ પર્યાય છે. શુદ્ધાત્મામાં એ ભાવલિંગ પણ નથી. દ્રવ્યલિંગ તો નથી. આહાહા..! જે ધ્યાનમાં ધ્યેય કરવાલાયક ચીજ છે એ ચીજમાં તો દેહ આદિનું લિંગ, વર્ણ, ગંધ, રસ અને બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ ચાર વર્ણ અને યતિના દ્રવ્ય અને ભાવલિંગ... (ત્રિકાળ શુદ્ધાત્મામાં નથી) આહાહા..! જે અંતરમાં ધ્યાનનો વિષય બનાવવો છે એ ચીજ... આહાહા..!

મુમુક્ષુ :- એ ચીજમાં તો સિદ્ધ પણ નથી.

ઉત્તર :- એ પણ નથી. સિદ્ધ તો અત્યારે છે કે નહિ? આ તો અત્યારે હોય છે. સાધક દશામાં ભાવલિંગ ધર્માત્માને હોય છે. સિદ્ધપણું તો હોતું જ નથી. આહાહા..!

ભગવાનઆત્મા એક સમયમાં શુદ્ધાત્મા પૂર્ણાનંદનો નાથ એ પરિણતિની ક્રિયાથી રહિત છે. રાગની ક્રિયાથી તો રહિત છે પણ પરિણતિ, જે નિર્મળ શુદ્ધ અભેદ રત્નત્રયની ભાવના... આહાહા..! ભાવના નામ અંતરમાં શુદ્ધાત્મામાં એકાગ્રતા, એ પર્યાય પણ દ્રવ્યમાં નથી. વાત સૂક્ષ્મ છે, ભગવાન! અહીં બતાવવું છે ધ્યેય દ્રવ્ય છે. ધ્યાનીના ધ્યાનનો વિષય દ્રવ્ય છે. સમજાણું કાંઈ? સમકિતીનું ધ્યેય સાધ્ય પરમાત્મ દશા છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું એ સાધ્ય પરમાત્મ દશા છે પણ ધ્યેય ત્રિકાળ વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેમાં બહિરાત્મપર્યાય, અંતરાત્મપર્યાય અને પરમાત્મપર્યાય છે નહિ, એવો ભગવાનઆત્મા શુદ્ધાત્મા કહેવામાં આવે છે અને એ શુદ્ધાત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. ભાવલિંગ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી, દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! તો નિમિત્ત અને સંયોગ તો એનો વિષય થતો નથી. વિષય સમજ્યા? ધ્યેય-લક્ષમાં જે ચીજ લેવી છે. આહાહા..! એ શુદ્ધાત્મા ભગવાન... કહેશે આગળ.

એવા '**શુદ્ધાત્માકા સચ્ચા શ્રદ્ધાન,...**' એટલે સમ્યક્ શ્રદ્ધાન. સમ્યક્ એટલે જેવું સ્વરૂપ છે એવું પ્રતીતિમાં આવવું. એ વસ્તુ પ્રતીતિમાં નથી આવતી. સમજાણું કાંઈ? શુદ્ધાત્મા, એનું સાચું શ્રદ્ધાન. તો સાચા શ્રદ્ધાનમાં એ શુદ્ધાત્મા નથી આવતો. પણ સાચા શ્રદ્ધાનમાં શુદ્ધાત્મા કેવો છે એની શ્રદ્ધા આવે છે. આહાહા..! આવો માર્ગ! વીતરાગ સર્વજ્ઞનો પંથ-જન્મ, જરા, મરણના દુઃખોથી મુકત થવાનો એ પંથ છે. આહાહા..! ચોર્યાસી લાખના અવતાર કલંક છે, કલંક છે. આહાહા..! એ કલંકને મટાડવાનો ઉપાય આ એક છે. આહાહા..!

ભગવાનઆત્મા એક સમયમાં શુદ્ધ દ્રવ્ય, એની શ્રદ્ધા. એની શ્રદ્ધા. તો એ શ્રદ્ધામાં પૂર્ણ આત્માની શ્રદ્ધા આવે છે પણ એ શ્રદ્ધાની પર્યાયમાં પૂર્ણ આત્મા નથી આવતો. આહાહા..! જો એક સમયની પર્યાયમાં પૂર્ણ વસ્તુ આવી જાય તો પર્યાય પલટે છે એમ દ્રવ્ય પણ પલટે અને નાશ થઈ જાય. આહાહા..! જુઓ! આ માર્ગ વીતરાગના. આ દિગંબર જૈનદર્શન. એ કોઈ પક્ષ નથી, કોઈ વાડો નથી. આહાહા..!

કહે છે કે '**શુદ્ધાત્માકા...**' પહેલા શુદ્ધાત્માની વ્યાખ્યા કરી. 'જ્ઞાનચંદજી'! કહો, આવ્યા નથી તમારા પિતાજી? આવે છે. આહાહા..! પ્રેમ છે. આ વસ્તુ, બાપુ! આ તો... આહાહા..! અરે..! ચૌર્યાશી લાખના અવતાર, વ્યવહારરત્નત્રય પણ અનંતવાર કર્યા. આવે છે? 'નિયમસાર'માં એક શ્લોક-કળશ આવે છે. કથનમાત્ર જેને રત્નત્રય વ્યવહાર કહીએ એ અનંતવાર કર્યા છે, પ્રભુ! આહાહા..! તો વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થતું હોય તો અનંતવાર થઈ ગયું હોત. આ લોકોની મોટી દલીલ છે ને. વ્યવહારરત્નત્રય પરંપરા મોક્ષનું કારણ છે, એમ કહે છે. શાસ્ત્રમાં છે એવું. એનો અર્થ શું? એ કઈ નયનું વાક્ય છે?

કોઈપણ શબ્દ, ગાથા હો તો પહેલા એનો શબ્દાર્થ કરવો, પછી નયાર્થ કરવો. કઈ નયનું વાક્ય છે? પછી આગમાર્થ. આગમ એ કહે છે. અન્યમતિમાં વિરોધ આ છે. અને તાત્પર્ય પછી છેલ્લે શું છે? તાત્પર્ય સ્વરૂપનો આશ્રય કરવો, વીતરાગતા તાત્પર્ય છે. આહાહા..! ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. 'પંચાસ્તિકાય'માં આવે છે ૧૭૨ ગાથા. ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. એનો અર્થ શું થયો. ચારેય અનુયોગમાં વીતરાગતા પ્રગટ કરવી (એમ કહ્યું છે). તો વીતરાગતા કયારે થાય? સ્વને આશ્રયે થાય. તો ચારેય અનુયોગમાં સ્વનો આશ્રય કરવો એ તાત્પર્ય છે. આહાહા..! જુઓ! સર્વજ્ઞની શૈલી તો જુઓ! ઓહોહો..! ચાહે તો ચારેય અનુયોગની વાત હોય, કથાનુયોગ હોય પણ એનું તાત્પર્ય તો (વીતરાગતા છે). આત્માને કર્મનું નિમિત્ત છે અને પોતાના પરિણામથી દુઃખી છે પોતાને કારણે. પણ એનું પ્રયોજન શું? પ્રયોજન-એને છોડીને દ્રવ્યનો આશ્રય કરવો, વીતરાગભાવ પ્રગટ કરવો એ એનું પ્રયોજન છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો જન્મ-મરણ રહિત થવાની વાત છે. જન્મ-મરણ તો અનંતવાર કર્યા સ્વર્ગ-નરકમાં. ચાર ગતિ દુઃખરૂપ છે. ચારેય ગતિ દુઃખરૂપ છે. સ્વર્ગ પણ દુઃખરૂપ છે. ત્યાં

આનંદ કેવો? આત્માનો આનંદ જ્યાં નથી ત્યાં રાગનું સુખ એ તો દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**અહીં કહે છે કે ‘શુદ્ધાત્માકા સચ્ચા શ્રદ્ધાન...**’ સમ્યક્ શ્રદ્ધાન, સત્ય શ્રદ્ધાન. જેવો શુદ્ધાત્મા પર્યાયથી રહિત પૂર્ણાનંદ અખંડ પ્રભુ છે, એની શ્રદ્ધા... આહાહા..! એનું જ્ઞાન. એની સાથે સમ્યક્ લઈ લેવું. સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ આચરણ. સમ્યક્ આચરણ એ સ્વરૂપમાં લીનતા એ સમ્યક્ આચરણ છે. વ્યવહારરત્નત્રય આદિ સમ્યક આચરણ નથી. એ ‘છ ઢાળા’માં આવે છે ને? નિશ્ચય સુખ સત્યાર્થ.

મુમુક્ષુ :- જે સત્યાર્થ રૂપ સો નિશ્ચય...

ઉત્તર :- હા. જો સત્યાર્થ રૂપ એને નિશ્ચય કહ્યું. તો એનો અર્થ વ્યવહાર એ અસત્યાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- ન સમજાણું? એમ! શેઠ સ્પષ્ટ કરાવે છે.

સત્યાર્થ એ જ છે કે જે ત્રિકાળ શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા, નિર્વિકલ્પ આનંદની દશા (પ્રગટે) એ સત્યાર્થ છે. આહાહા..! મોક્ષમાર્ગ કહો, અભેદરત્નત્રય કહો કે આનંદનો અનુભવ કહો. પર્યાયમાં, હોં! આહાહા..! એ આનંદનો અનુભવ એ મોક્ષમાર્ગ સત્યાર્થ છે. અને વ્યવહાર રત્નત્રય તો દુઃખરૂપ છે, રાગ છે. (ભલે) એને આરોપ કરીને કહ્યું, પણ છે અસત્યાર્થ. આહાહા..! સમજાણું કાંઈ?

એવા ‘**અભેદરત્નત્રયકી ભાવનાસે...**’ ભાવના એટલે એકાગ્રતા. ભાવના એટલે ચિંતવન કે એમ નહિ. ત્રિકાળ શુદ્ધાત્મરૂપ ભાવ, એની ભાવના. ત્રિકાળ શુદ્ધાત્મા ભગવાન ‘**चित्स्वभावाय भावाय**’ આવે છે ને પહેલી ગાથામાં? ‘**भावाय**’ એ વસ્તુ ત્રિકાળી. કેવો ભાવ? કે ‘**चित्स्वभावाय**’ આહાહા..! જેનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ (છે), એવા આત્માનું અંતરમાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન, સમ્યક્આચરણ, અંદર સ્વરૂપમાં આનંદની લીનતા થવી એ આચરણ નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ?

‘**ઉસસે વિમુખ...**’ એવા શુદ્ધાત્માની ભાવનાથી રહિત ‘**રાગ, દ્વેષ, મોહ...**’ એ રાગ-દ્વેષ-મોહ તો એનાથી વિરૂદ્ધ થયા. આહાહા..! ચાહે તો વ્યવહારરત્નત્રય હો, એ તો શુભરાગ છે. અભેદ રત્નત્રયથી તો એ વિરૂદ્ધ છે. આહાહા..! સમજાણું કાંઈ? ‘નિયમસાર’માં લીધું છે ને? ભાઈ! નિશ્ચય પ્રતિક્રમણ એ વ્યવહાર ક્રિયાથી વિરૂદ્ધ છે. એમ લીધું છે. છ આવશ્યકની વ્યવહારક્રિયા એનાથી નિશ્ચય છ આવશ્યક વિરૂદ્ધ છે. તો નિશ્ચય છ આવશ્યકથી વ્યવહાર આવશ્યકની ક્રિયા વિરૂદ્ધ છે અને એનું ફળ પણ વિરૂદ્ધ છે, એમ લીધું છે. ‘નિયમસાર’માં. આહાહા..! સમજાણું કાંઈ? પહેલા એના જ્ઞાનમાં આવી ચીજનો નિર્ણય વિકલ્પથી નથી, એની અંતરમાં જવાની તાકાત નથી. સમજાણું કાંઈ? જેને રાગમિશ્રિત વિચારમાં પણ હું ત્રિકાળી શુદ્ધ છું એની શ્રદ્ધા, જ્ઞાન એ ધર્મ છે,

એવો વિકલ્પથી પણ જેને નિર્ણય નથી, એનામાં નિર્વિકલ્પ થવાની શક્તિ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આગળ કહેશે. નિર્વિકલ્પ કાળમાં જ આત્મા ઉપાદેય છે. એમ કહેશે. આહાહા..! એવો શુદ્ધાત્મા ઉપાદેય છે.. ઉપાદેય છે (કહે), પણ કયા કાળે એને ઉપાદેય થયો? જ્યારે એ શુદ્ધાત્મા સન્મુખ (થઈને) અનુભૂતિ કરી તો એ અનુભૂતિને કાળે એ ભગવાનઆત્મા ઉપાદેય છે. રાગના કાળમાં ઉપાદેય માન્યો એ ઉપાદેય તો થયો નહિ. આહાહા..! જુઓ! માર્ગ તો જુઓ! લોકો વ્યવહારની તકરારું કરે છે. અરે..પ્રભુ! ભાઈ! તારી મહત્તા જબ્બર છે. તું વ્યવહારથી પ્રાપ્ત થાય એવી તારી ચીજ નથી. તારી મહત્તાને કલંક લાગે છે. વ્યવહારથી પ્રાપ્ત થાય એ કલંક છે. આહાહા..! રાગથી પ્રાપ્ત થાય એવી તારી ચીજ નથી. કેમકે તારું સ્વરૂપ તો વીતરાગ છે. ભગવાન શુદ્ધાત્મા એટલે વીતરાગસ્વરૂપ. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હે કર્મ યહી વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' આહાહા..! એવી ચીજ છે ભગવાન. જિનસ્વરૂપી (છે). કેમકે વીતરાગ પર્યાય થાય છે એ ક્યાંથી આવશે? એ વીતરાગસ્વરૂપ છે એમાંથી આવે છે. ભેદથી કથન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહ્યું ને ભેદથી કથન કર્યું. એ તો સાથે કહ્યું. નહિતર વીતરાગી પર્યાય વીતરાગી પર્યાયથી થાય છે. વીતરાગી ભાવથી પણ નહિ. આહાહા..! કઈ અપેક્ષાથી કથન છે એ જાણવું જોઈએ ને. આહા..!

કહે છે કે એનાથી '**વિમુખ જો રાગ, દ્વેષ, મોહ...**' તો રાગમાં વ્યવહારરત્નત્રયમાં રાગ પણ આવી ગયો. દ્વેષ અને મોહ એટલે મિથ્યાત્વ '**ઉનકર ઉપાર્જે જો કર્મ ઉનસે ઉપજે જન્મ-મરણાદિ વિકાર હૈ,..**' આહાહા..! રાગની ઉત્પત્તિ અને વ્યય અને જન્મ અને મરણ એ બધું અભેદ રત્નત્રયની ભાવનાથી વિમુખ રાગાદિની ભાવનાથી કર્મબંધન થયું, એ બંધનથી એ બધું મળે છે. એ કર્મથી બધા રાગાદિ મળે છે. જન્મ-મરણ કર્મથી મળે છે, આત્માથી નહિ. ભગવાનઆત્મા તો જન્મ-મરણ અને જન્મ-મરણના ભાવ, એનાથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ભવ અને ભવના ભાવથી રહિત છે, પ્રભુ! રહિત ન હોય તો રહિત થાશે કઈ રીતે? આહાહા..! સમજાણું કાંઈ? કઠણ લાગે, ભાઈ! કોઈ એમ કહે કે નિશ્ચય-નિશ્ચય. 'સોનગઢ'વાળા નિશ્ચય-નિશ્ચય કરે છે. પણ આ આચાર્ય શું કહે છે? પંડિતજી! અરે ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારી મોટપની એટલી બલિહારી છે કે તું વીતરાગ પર્યાયથી જ જણાય છે. રાગથી-નિમિત્તથી જણાતો નથી એવી તારી મોટાઈ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- જે લોકો તમારો વિરોધ કરે છે એને તમે...

ઉત્તર :- કોઈ અમારો વિરોધ નથી કરતા. એની પર્યાયનો વિરોધ કરે છે.

મુમુક્ષુ :- તમે એને પ્રભુ કહો છો.

ઉત્તર :- અમે તો બધાને પ્રભુ કહીએ છીએ. ૭૨મી ગાથામાં કહ્યું ને?

'અમૃતચંદ્રાચાર્યે'. ભગવાન! એમ કરીને બોલાવ્યા. આહાહા..! પામરની પર્યાયવાળા પ્રાણીને દ્રવ્યથી ભગવાન કહ્યા છે. માતા ઝુલામાં ઝુલનાર બાળકને (હાલરડું ગાયને કહે છે), મારું બાળક ડાહ્યું છે, સમજુ છે, એમ કહીને સુવડાવે છે. ત્રણલોકના નાથ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંતો ભગવાન કહીને જગાડે છે. અરે..! જાગ રે જાગ, નાથ! સમજાણું કાંઈ? તારી ઋદ્ધિ ભગવાનસ્વરૂપ છે. આહાહા..! એ રાગમાં સુવું તને ન પાલવે, પ્રભુ! આહાહા..! રાગમાં સુવું, રાગમાં સોડ તાણીને (સૂવું) એ તને ન પાલવે, પ્રભુ! ન પાલવે સમજો છો? ન પાલવે એટલે? યોગ્ય નથી. થોડી અમારી ગુજરાતી ભાષા આવી જાય છે. આહાહા..!

આ 'પરમાત્મપ્રકાશ' છે ને. તો પરમાત્મસ્વરૂપ જ છે એમ સિદ્ધ કરે છે. ગાથાદીઠ પરમાત્મસ્વરૂપ પ્રભુ તું છો. પરમાત્મા સર્વજ્ઞ થશે એ ક્યાંથી થશે? એ પરમાત્મસ્વરૂપમાંથી થશે. સમજાણું કાંઈ? આહાહા..! 'પ્રાયશ્ચિત અધિકાર' છે ને? 'નિયમસાર'માં લીધો છે. પ્રાયશ્ચિત તો ઈ છે કે પુણ્ય-પાપને છેદવું અને વીતરાગી પર્યાય પ્રગટ કરવી. એ પ્રાયશ્ચિત છે. પણ એ પ્રાયશ્ચિતનો અર્થ આચાર્યે એમ કર્યો. 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિરાજ. પ્રાયશ્ચિત એટલે આત્મા. પ્રાયશ્ચિત પ્રાયેઃ જ્ઞાનથી સંપન્ન એ આત્મા. આહાહા..! પ્રાય એટલે બહોળતાથી જ્ઞાનસ્વરૂપ જ એમાં ભરેલું છે. આત્મા પ્રાયશ્ચિત સ્વરૂપ જ છે. પ્રાયશ્ચિતસ્વરૂપ છે તો એમાંથી પ્રાયશ્ચિત વીતરાગી પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? વીતરાગી પર્યાય પ્રગટ થાય છે તો વીતરાગસ્વરૂપ છે એમાંથી પ્રગટે છે. પ્રાયશ્ચિત વીતરાગી પર્યાય પ્રગટે છે તો ક્યાંથી પ્રગટે છે? એ પ્રાયશ્ચિતસ્વરૂપ જ ભગવાનઆત્મા છે. પ્રાય એટલે આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા. આહાહા..! કહો, 'સુકૌશલજી'! આવી વાત છે. ભાઈ! એની અંતરની ચીજની મહત્તાની ખબર નથી. આહાહા..!

અહીંયાં એ કહે છે કે એની જે સ્વભાવ સન્મુખની ભાવનાથી વિરુદ્ધ વિકારથી ઉત્પન્ન થયા જે કર્મ, એનાથી આ બધા જન્મ-મરણ આદિના સંયોગ દેખાય છે. '**વે સબ યદ્યપિ વ્યવહારનયસે જીવકે હૈં,...**' પર્યાયની અપેક્ષાથી વ્યવહારે કહેવામાં આવે છે. '**તો ભી નિશ્ચયનયકર જીવકે નહીં હૈં,...**' આહાહા..! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, યતિ, લિંગ અંદર આવ્યું છે. યતિનું લિંગ, દ્રવ્યમન એ પણ લિંગ છે, એ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહીને આવા આત્માની દૃષ્ટિ કરાવવી છે. એનું તાત્પર્ય-આ આત્મા આવો છે એ બાજુ એને વાળવો છે. જે પર્યાય અને રાગ બાજુ અનાદિથી મિથ્યા દૃષ્ટિ વળેલી છે. આહાહા..! આ વાત દિગંબર સંતો જગતને જાહેર કરે છે. એ વાત બીજે ક્યાંય નથી. આહાહા..!

પ્રભુ! તું પરમાત્મસ્વરૂપ છો. 'પરમાત્મપ્રકાશ' છે ને? તારી ચીજ જ પરમાત્મસ્વરૂપ છે. જો પરમાત્મસ્વરૂપ ન હોય તો પરમાત્મ પર્યાય ક્યાંથી આવશે? કાંઈ બહારથી આવે છે? આહાહા..! સમજાણું કાંઈ? શું રાગ કરવાથી આવે છે વ્યવહારરત્નત્રયથી? રાગમાંથી

વીતરાગતા આવે છે? આહાહા..! અને શું પર્યાયમાંથી પર્યાય આવે છે? આહાહા..! એ વળી શું કહ્યું? કે વીતરાગી સ્વભાવમાંથી વીતરાગી પર્યાય થઈ પણ પછી વિશેષ વીતરાગી પર્યાય ક્યાંથી આવી? એ પર્યાયમાંથી આવે છે? સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થાય તો મોક્ષ થાય. પણ મોક્ષ થાય છે એ મોક્ષમાર્ગની પર્યાયથી નથી થતો. કેવળજ્ઞાન મોક્ષ થાય એ તો દ્રવ્યમાંથી દ્રવ્યના આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થાય છે ત્યારે મોક્ષ થાય છે. પણ એ તો વ્યય થઈને થાય છે, તો ભાવ શું? એનું મૂળ કારણ (શું)? એ તો અભાવ થયો. આહાહા..! સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થાય ત્યારે મોક્ષ થાય છે. ચૌદમાં ગુણસ્થાને છેલ્લે પૂર્ણ મોક્ષમાર્ગની પર્યાય થઈ, બસ, વ્યય થઈને મોક્ષ થાય છે. મોક્ષના ભાવનું કારણ શું? આનો તો અભાવ થઈ ગયો. સમજાણું કાંઈ? તો મોક્ષની પર્યાયનું ખરેખર કારણ મોક્ષસ્વરૂપ ભગવાનઆત્મા છે એ કારણ છે. કેમકે આત્મા જ મોક્ષસ્વરૂપ છે. આહાહા..! અહીં પરમાત્મ સ્વરૂપ સિદ્ધ કરવું છે ને? સમજાણું કાંઈ? આહાહા..! મોક્ષસ્વરૂપ ભગવાન કેમ બેસે એને? પામર દૃષ્ટિમાં રાગ અને પર્યાયના પ્રેમમાં ભગવાન પરમાત્મા કેમ રુચે? સમજાણું કાંઈ? એ તો દિશા બદલે, પર તરફની દિશા બદલે અને પોતાની દિશા તરફ દશા કરે. આહાહા..! એ કહે છે.

એ '**વ્યવહારનયસે જીવકે હૈં, તો ભી નિશ્ચયનયકર જીવકે નહીં હૈં, દેહસંબંધી ઐસા જાનના ચાહિયે. યહાં પર દેહાદિકમેં મમતારૂપ વિકલ્પજાલકો છોડકર...**' હવે ઉપાદેય કરવો છે એ શુદ્ધાત્મા કયા કાળમાં? સમજાણું કાંઈ? આવો શુદ્ધાત્મા આદર કરવા લાયક છે તો કયે સમયે? કયે ક્ષણે? આહાહા..! રાગ અને પર્યાયનો આદર તો અનાદિથી કર્યો છે. હવે ત્રિકાળી શુદ્ધાત્માનો આદર કરવો, ઉપાદેય કરવો. ક્યારે? કયે ક્ષણે એ થાય છે? આહાહા..! '**દેહાદિકમેં મમતારૂપ વિકલ્પજાલકો છોડકર જિસ સમય યહ જીવ વીતરાગ સદા આનંદરૂપ...**' જીવ. હવે ત્રિકાળીની વાત કરે છે. '**વીતરાગ સદા આનંદરૂપ...**' આહાહા..! પ્રભુ આત્મા તો વીતરાગ સદા આનંદરૂપ છે. આહાહા..! '**સબ તરહ ઉપાદેયરૂપ...**' એવો ભગવાનઆત્મા '**વીતરાગ સદા આનંદરૂપ સબ તરહ ઉપાદેયરૂપ...**' આહાહા..! ચારે બાજુથી એ જ ઉપાદેય છે. આહાહા..! પર્યાય ઉપાદેય નથી. નિર્મળ પર્યાય પણ ઉપાદેય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'નિયમસાર'માં ૫૦મી ગાથામાં તો એમ કહ્યું કે મોક્ષનો માર્ગ જે નિર્મળ પર્યાય છે એ પણ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય છે. કેમ? કે જેમ પરદ્રવ્યમાંથી નવી વીતરાગી પર્યાય ઉત્પન્ન નથી થતી, એમ નિર્મળ મોક્ષની પર્યાયમાંથી નવી શુદ્ધિ, વૃદ્ધિની ઉત્પત્તિ નથી થતી. સમજાણું કાંઈ? આહાહા..! શી એની શૈલી! સંતોની કઈ પદ્ધતિ! આહાહા..! એને પકડ પ્રભુ તું, એમ કહે છે. આહાહા..! વાતે વડા નહિ થાય. વાતું કર્યે કોઈ ચીજ નહિ થાય, એમ કહે છે. આહાહા..! વાતે વડા નહિ થાય. એમ અમારે કહે છે. તમારે કાંઈ છે? કથા. આ વાતું કરવામાં વડા નથી હોતા? પકોડી? એ વાત કરે કે લોટ આવ્યો એમ કહેવાથી વડા થઈ

જાય?

મુમુક્ષુ :- ત્યાં તો ન થાય, અહીં તો...

ઉત્તર :- અહીં પણ ન થાય, એમ કહે છે.

મુમુક્ષુ :- આપ .. અમને આનંદ આવે છે.

ઉત્તર :- એ આનંદ એમ નથી. એ તો રાગનો રાજીપો છે. રાગનો રાજીપો છે, એ ભગવાનનો રાજીપો નથી. આહાહા..!

બાળગોપાળ, જુવાન બિરાજે છે અંદર, ભાઈ! બધા પરમાત્મા છે અંદર. આહાહા..! જુઓને! ત્યાં 'સમયસાર'ની ૭૨ ગાથામાં કહ્યું ને? અશુચિ-પુણ્ય અને પાપના ભાવ અશુચિ મલિનપણે અનુભવમાં આવે છે. આહાહા..! વ્યવહારરત્નત્રયનો રાગ પણ અશુચિ મલિનપણે અનુભવાય છે. એમ કહીને 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે ભગવાનઆત્મા.. એમ ટીકામાં લીધું છે. આહાહા..! પ્રભુ! તને ભગવાન કહીને બોલાવે છે. ભગવાનઆત્મા અત્યંત નિર્મળ સદા નિર્મળાનંદ છે. આહાહા..! જેમ પુણ્ય અને પાપ અશુચિ મેલ અનુભવમાં આવે છે એમ ભગવાનઆત્મા... આહાહા..! પવિત્ર પૂર્ણ નિર્મળ એમ અનુભવમાં આવવો જોઈએ. સમજાણું કાંઈ? આહાહા..! પ્રભુ! આ ભગવાનની ધર્મ કથા. આ ભગવાન નામ આત્મા એની ધર્મકથા છે. પ્રભુ! તું મોટો છો. અરે..! તારી શક્તિમાં તો સિદ્ધની પર્યાય અનંતી પડી છે. એવા ભગવાનને તું પામર તરીકે કેમ માને છો? પ્રભુ! આહાહા..! તું પર્યાય જેવડો કેમ માને છે? એમ કહે છે અહીં. 'પાટણીજી'! આહાહા..!

સ્વભાવની સન્મુખ થયેલા જે મતિ અને શ્રુતજ્ઞાન, એ મતિ-શ્રુતજ્ઞાનમાં આખી ચીજ આવતી નથી પણ આખી ચીજનું જ્ઞાન થાય છે. આહાહા..! એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. પંડિતજી! ષટ્ખંડાગમમાં ધવલમાં છે. મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. ગજબ વાત! આહાહા..! જે ભગવાનઆત્મા શુદ્ધાત્મા એનું જ્ઞાન થયું, સમ્યગ્જ્ઞાન થયું... પહેલાં કહ્યું ને? એ મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે, એવો 'ધવલ'માં પાઠ છે. આહાહા..! આવો... આવો... આવો... જેમ ચંદ્રની બીજ ઊગે છે તો એની પૂનમ થાય, થાય ને થાય જ. આહાહા..! એમ ભગવાનઆત્મા પૂર્ણાનંદની પ્રતીતિ અને સમ્યગ્જ્ઞાન એનું થયું. એનું, હોં! એ જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે, એવો પાઠ છે. બોલાવે છે એટલે અલ્પ કાળમાં આવો. હવે કેવળજ્ઞાનનો વિરહ નહિ રહી શકે. આહાહા..! પ્રભુ! તારું જ્ઞાન થયું ને. પૂર્ણાનંદના નાથનું જ્ઞાન થયું એ સમ્યક્જ્ઞાન આવો પોકાર કરે છે. 'સુકૌશલજી'! આવી વાત છે, ભગવાન! લોકોને એવું લાગે, વ્યવહારના રસિયાને જાણે, બાપુ! આ મારગડા જુદા, પ્રભુ! વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવ ગણધરો અને ઈન્દ્રોની વચ્ચે આ વાત કરતા હતા, એ વાત સંતો જગતને આડતિયા તરીકે કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એ બાહ્યલિંગ ઉપરની દૃષ્ટિ છોડી દે. આહાહા..! અરે..! ભાવલિંગ ઉપરની દૃષ્ટિ

છોડી દે. આહાહા..! ભાવલિંગ પ્રગટ્યું એ દ્રવ્યની દૃષ્ટિથી પ્રગટ્યું. પણ હવે હજી ભાવલિંગની દૃષ્ટિ છોડી દે. એનો આશ્રય છોડી દે. ત્રણલોકનો નાથ શુદ્ધાત્મા ભગવાન પરિપૂર્ણ પરમાત્મા શક્તિએ પડ્યો છે એના આશ્રયે જા, એનું અવલંબન લે. આહાહા..! પ્રભુ! તારે જન્મ-મરણ રહિત થવું હોય તો એ માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક ઉપાય કહો.

ઉત્તર :- આ એક જ ઉપાય છે, બીજો ઉપાય છે નહિ. ખુલાસો કરે છે. એક ઉપાય બીજો કહ્યો છે. 'પ્રવચનસાર'માં. આગમનો સ્વલક્ષે અભ્યાસ કરવો એ બીજો ઉપાય છે. પંડિતજી! 'પ્રવચનસાર'માં જ્ઞાન અધિકારની પહેલી ૯૨ ગાથા છે ને? એમાં લીધું છે. એ ગાથામાં લીધું છે. આ ઉપાય છે અને બીજો આ ઉપાય છે. સ્વલક્ષે આગમનો અભ્યાસ કરવો. રાગથી થાય એવો બીજો ઉપાય નથી. આહાહા..! 'પ્રવચનસાર'માં છે. સમજાણું કાંઈ? બધી વાત ખ્યાલમાં તો છે ને. આવવાની હોય એવી આવે છે. આવે છે. લાવે કોણ? આહાહા..!

ભગવાન! અરે..! તને ભગવાન કહીને બોલાવે અને તું ન જાગ? આહાહા..! પ્રભુ! તું ભગવાન છો. તારા આશ્રયે જે દશા થાય છે એ ક્યારે થાય એ કહે છે. '**વીતરાગ સદા આનંદરૂપ...**' ભગવાન '**સબ તરહ ઉપાદેયરૂપ નિજ ભાવોંકર પરિણમતા હૈ,...**' આહાહા..! એ ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતાની સન્મુખ થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રપણે, નિજ ભાવપણે પરિણમે છે '**તબ અપના યહ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' ત્યારે એ વખતે.

ફરીને, આ તો 'પરમાત્મપ્રકાશ' છે. 'યોગીન્દ્રદેવ'. 'કુંદકુંદાચાર્ય'ની છાપ બધા ગ્રંથમાં છે. 'સમયસાર' આદિની (છાપ) બધા ગ્રંથમાં છે. 'કુંદકુંદાચાર્ય' તો અલૌકિક છે! આહાહા..! 'દેવસેનઆચાર્યે' કહ્યું ને? 'દેવસેન આચાર્ય' 'દર્શનસાર'માં. નાનું પુસ્તક છે 'દર્શનસાર'. એમાં કહ્યું. પ્રભુ! 'કુંદકુંદાચાર્ય'ને કહે છે. તમે મહાવિદેહમાં જઈને આવો માર્ગ ન લાવત તો અમે મુનિધર્મ કેમ પામત? આહાહા..! આપણે નાખ્યું છે. આહાહા..! 'પદ્મનંદી'. તમે મહાવિદેહમાં જઈને સાક્ષાત્ ત્રણલોકના નાથ બિરાજે છે.. આહા..! એ વખતે હતા અને અત્યારે એ જ ભગવાન છે. એ તો સંવત્ ૪૯માં (ગયા હતા), હજી તો બે હજાર વર્ષ ગયા. હજી તો અબજો વર્ષ રહેનારા છે પ્રભુ. કરોડ પૂર્વનું આયુષ્ય છે. શ્વેતાંબર ચોર્યાસી લાખ પૂર્વ કહે છે. પણ કરોડ પૂર્વ છે. એક પૂર્વમાં છપ્પન હજાર કરોડ વર્ષ જાય છે. એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એને એક પૂર્વ કહે છે. એવા કરોડ પૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. સમજાણું કાંઈ? પ્રભુ તમે મહાવિદેહમાં... આમ હાથ કરે છે, ત્યાં બિરાજે છે. આહાહા..! પ્રભુ! તમે મહાવિદેહમાં જઈને આવો માર્ગ ન લાવત તો અમે મુનિધર્મ કેમ પામત? એનો અર્થ એ થયો કે બીજા મુનિનો અનાદર કર્યો? એ વખતે કહ્યું હતું ને? કે એકલા 'કુંદકુંદાચાર્ય'ને માનવા જશો તો બીજા સંતોનું બલિદાન થશે. અરે..! ભગવાન! એમ ન હોય, ભાઈ! જેની વિશેષ મહિમા આવી છે અને જેના પ્રતાપે પોતાનું

ભાન થયું એની મહિમા ગાય છે. મુનિ એમ કહે છે 'દેવસેનાચાર્ય' ભાવલિંગી સંત. નાથ! 'પદ્મનંદિપ્રભુ' તમે મહાવિદેહમાં જઈને આ માર્ગ ન લાવત તો અમે ધર્મ કેમ પામત? તો એનો અર્થ એમ થયો કે બીજા મુનિ પાસે ધર્મ નથી? એની વાત ક્યાં છે?

અહીંયાં તો ઉત્કૃષ્ટપણે સહેલી ભાષામાં, સાદી ભાષામાં આપ જે સીધા ભગવાન પાસે જઈને લાવ્યા એવી વાત બીજે ક્યાંય મળી નહિ. એમ કહે છે. કહો, પંડિતજી! એમાં બીજા મુનિનો અનાદર થયો? બલિદાન થયું? એમ નથી. ભાઈ! એમ ન બોલાય. અને એ 'વનરાવનદાસ' તો એમ પણ કહે છે. 'વનરાવન'. 'કુંદકુંદાચાર્ય' જેવા થયા નથી, છે નહિ, થશે નહિ. એની મહિમા જેને અંતરમાં આવી એ એની વાત કરે છે. એમાં બીજા મુનિનો અનાદર થાય છે એમ નથી, પ્રભુ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મુનિ ..

ઉત્તર :- મુનિ કહે છે, આચાર્ય. આહાહા..! 'દેવસેનાચાર્ય' કહે છે. ભાવલિંગી સંત હતા. એ કહે છે કે પ્રભુ! તમે મહાવિદેહમાં જઈને આવી વાત સરળ, સહજ, અલ્પ ભાષામાં મહાન મર્મ ભર્યા એવી વાત ન લાવત તો પ્રભુ! અમે ધર્મ કઈ રીતે પામત? આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, આહાહા..! '**દેહાદિકમેં મમતારૂપ વિકલ્પજાલકો છોડકર જિસ સમય...**' અહીં વજન છે. '**વિકલ્પજાલકો છોડકર જિસ સમય યહ જીવ વીતરાગ સદા આનંદરૂપ સબ તરહ ઉપાદેયરૂપ નિજ ભાવોંકર પરિણમતા હૈ,...**' આહાહા..! જે સમયે અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમે છે તે કાળમાં પ્રભુ, '**તબ અપના યહ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' એ કાળમાં શુદ્ધાત્મા ઉપાદેય છે. છે? '**જિસ સમય યહ જીવ વીતરાગ સદા આનંદરૂપ સબ તરહ ઉપાદેયરૂપ નિજ ભાવોંકર પરિણમતા હૈ,...**' આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિજ ભાવથી જે સમયે પરિણમે છે, તે સમયે આત્મા ઉપાદેય થયો. લક્ષમાં લીધો અને ધારણામાં લીધો કે આ ઉપાદેય છે, એ ઉપાદેય થયો નહિ. આહાહા..! 'પરમાત્મપ્રકાશ'. હમણાં તો બપોરે 'સમયસાર' ચાલે છે. આહાહા..!

કહે છે કે પ્રભુ! પૂર્ણાનંદના નાથનું જે સમયે શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન છે તે સમયે તે આત્મા ઉપાદેય થયો. આહાહા..! સમજાણું કાંઈ? જે સમયે શુદ્ધાત્મા ઉપાદેય થયો... ક્યારે? કે એનું પરિણમન નિર્મળ થયું (ત્યારે). આહાહા..! તે કેવો છે? '**નિજ ભાવોંકર પરિણમતા હૈ,...**' એમ લીધું ને? કેમ કે એ છે કેવો? કે '**વીતરાગ સદા આનંદરૂપ...**' તો વીતરાગ સદા આનંદરૂપ નિજ ભાવથી પરિણમે છે. નિજ ભાવ વીતરાગ આનંદરૂપ પરિણતિ. આહાહા..! આ વાત છે ક્યાં? આહાહા..! આ તો મર્મની વાતું છે. સમજાણું કાંઈ? આહાહા..! છે?

'**वीतरागसदानन्दैकरूपेण सर्वप्रकारोपादेयभूतेन परिणमति तदा**' એ '**तदा**'માંથી તે

સમય કાઢ્યો છે. સંસ્કૃતમાં '**तदा**' શબ્દ છે.

મુમુક્ષુ :- સર્વ પ્રકારનો અર્થ શું?

ઉત્તર :- પૂર્ણ એ તરફનો ઝુકાવ. સર્વ પ્રકારે. કોઈ રાગની અપેક્ષા નહિ, પરની નહિ. આખો પૂર્ણાનંદ. કોઈ રાગનો આશ્રય, નિમિત્તનો આશ્રય, ભગવાનના લક્ષનું આશ્રય, વાણી સાંભળવાનો આશ્રય, કોઈ પ્રકાર નહિ. સમજાણું કાંઈ? એ તો આગળ આવી ગયું છે. દિવ્યધ્વનિથી પણ આત્મા જણાતો નથી. એ આવી ગયું છે. વેદ અને વાણી, શાસ્ત્ર. વેદનો અર્થ દિવ્યધ્વનિ કર્યો. શાસ્ત્રનો અર્થ મુનિઓની વાણી કર્યો. એનાથી પણ આત્મા જણાતો નથી. કેમકે એ તો પરવસ્તુ છે. પરલક્ષમાં લક્ષ હોય તો તો રાગ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દિવ્યધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે...

ઉત્તર :- એ તો વિચારે છે પોતાથી ને. 'ૐકાર ધ્વનિ સુણિ અર્થ ગણધર વિચારે' એમ આવે છે. 'બનારસી વિલાસ'. સમજ્યા? પ્રણવ મંત્ર છે. (સંવત) ૧૯૯૫માં છપાયું. 'મુખ ૐકાર ધ્વનિ સુણિ અર્થ ગણધર વિચારે.' 'બનારસીદાસ'નું 'બનારસી વિલાસ' પુસ્તક છે એમાં આ છે. ૧૯૯૫ની સાલમાં આ છપાયું હતું. ૐ ની (સ્થાપના થઈ) ને સ્વાધ્યાય મંદિરમાં? ૐ-ૐ. એ 'ઈટાલી'નો પત્થર છે. એમાં ૐ મોટા પત્થરમાં. ૧૯૯૫માં, ફાગણ મહિનામાં. ૩૭ વર્ષ થયા. ત્યારે છપાણું હતું. હજારો છપાણા હતા. અમારે 'હિંમતભાઈ' પંડિત ગાય છે. 'મુખ ૐકાર ધ્વનિ' ભગવાનના મુખેથી ૐકાર ધ્વનિ ઊઠે છે. આવી ભાષા નથી આવતી. આપણે જેમ બોલીએ એવી ભાષા નથી હોતી. ભાષામાં તો રાગ છે તો ખંડ ખંડ થઈને ભાષા નીકળે છે. ભગવાન તો વીતરાગ છે માટે અખંડ ભાષા આવે છે. ૐ ધ્વનિ. સમજાણું કાંઈ? 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ચાર જ્ઞાનના ધણી ગણધર ભગવાનની વાણીમાંથી ભાવ કરીને સૂત્ર બનાવે છે.

ભગવાનની વાણીમાં અર્થ આવ્યો છે. સમજાણું કાંઈ? ભગવાનની વાણીમાં શ્રુતજ્ઞાન આવ્યું છે. શું કહ્યું? કેવળજ્ઞાન નહિ. શ્રુતજ્ઞાન આવ્યું છે. 'ધવલ'માં પાઠ છે. 'ધવલ'માં. કેમકે સાંભળનાર ગણધર હતા અને એમને શ્રુતજ્ઞાન થયું. તો વાણીમાં આ શ્રુતજ્ઞાન આવ્યું છે. વાણીમાં કેવળજ્ઞાન નથી આવ્યું. આહાહા..! 'ધવલ'માં છે. 'ધવલ'માં પાઠ છે. ભગવાને ભાવશ્રુતજ્ઞાનથી.. સમજ્યા? વાણી કહી. સમજાણું કાંઈ? 'ધવલ' અહીંયાં નથી. 'ધવલ'ના ભાગમાં છે. એ શ્રાવણ વદ એકમે ધ્વનિ નીકળે છે ને? એ સમયનું ત્યાં 'ધવલ'માં કથન છે. આ તિથિ ને વાર ને.. એમાં આ છે. શું કીધું? શું કહ્યું?

મુમુક્ષુ :- ભગવાનના જ્ઞાનમાં શ્રુતજ્ઞાન...

ઉત્તર :- શ્રુતજ્ઞાન આવ્યું એમ કહ્યું. કેવળજ્ઞાન વાણીમાં આવ્યું એમ નથી. વાણીમાં ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..! 'સુ સત્યાર્થ શારદા તાસુ ભક્તિ ઉર આણ. છંદ ભુજંગ પર્યાપ્ત મેં

અષ્ટ કહું બખાન' આહાહા..! 'સુધા ધર્મ સંસાધની ધર્મશાળા' વીતરાગ વાણી આવી છે. 'સદા સુધા ધર્મ સંસાધની' સુધા એટલે અમૃત. અમૃતરૂપી ધર્મના સંસાધની ધર્મશાળા છે. વીતરાગ ધર્મશાળા છે ચારે કોર જુઓ આ વાણી. આહાહા..! આ ભગવાનની વાણી છે. પોણા ચાર લાખ અક્ષર (છે). આહાહા..!

જુઓ! 'સુધા ધર્મ સંસાધની ધર્મશાળા' સુધાનો અર્થ ભાઈ અમારે બીજો કરે છે બીજામાં. પણ હું તો એવો અર્થ કરું છું. 'સુધા તાપ નિરનાશની મેઘમાળા.' અમૃતરૂપી મેઘમાળા મોહના તાપનો નાશ કરનારી છે. 'બનારસીદાસ'નું પ્રણવ મહાત્મ્ય છે. પ્રણવ મહાત્મ્ય. ૐકાર ના મહાત્મ્યનું આખું પુસ્તક છે. 'મહામોહ વિધ્વંસની મોક્ષદાની, મહામોહ વિધ્વંસની મોક્ષદાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાણી' વાગેશ્વરી એટલે વાક્‌ની ઈશ્વર. વાઘેશ્વરી નહિ. ઓલી સરસ્વતી વાઘની ઈશ્વરી. 'નમો દેવી વાગેશ્વરી જિનવાણી' વાકેશ્વરી. વાણીમાં ઈશ્વર-વાણી ભગવાનની. આહાહા..! 'નમો દેવી વાગેશ્વરી જિનવાણી' આહાહા..! વિશેષ અંદર આવ્યું છે. 'ચિદાનંદ ભુપાલ કી રાજધાની, ચિદાનંદ ભુપાલ કી...' ચિદાનંદરૂપી રાજા ભુપાલ, એની વીતરાગ વાણી એ રાજધાની છે. આહાહા..! એ આ વાણી છે. 'નમો દેવી વાગેશ્વરી જૈનવાણી' આખું મોટું છે.

અહીં કહે છે, અર્થ છે. છે? '**જિસ સમય યહ જીવ...**' આહાહા..! વીતરાગ સદા આનંદરૂપ '**સબ તરહ ઉપાદેયરૂપ...**' કેમકે આમ તો સંવરને ઉપાદેય કહ્યો છે. મોક્ષમાર્ગમાં આવ્યું છે. નિર્જરાને હિત કહ્યું છે, મોક્ષને પરમહિતકર કહ્યું છે. પણ એ અપેક્ષાથી વ્યવહાર. આ તો '**સબ તરહ ઉપાદેયરૂપ...**' ભગવાનઆત્મા છે. સમજાણું કાંઈ? એ તો પ્રગટ કરવાની અપેક્ષાથી ત્યાં ઉપાદેય કહ્યું છે. સંવર પ્રગટ કરવા લાયક છે, નિર્જરા કરવા લાયક છે, મોક્ષ (પ્રગટ કરવા લાયક છે). એ અપેક્ષાએ. બાકી '**સબ તરહ ઉપાદેયરૂપ....**' હોય તો ભગવાન પૂર્ણાનંદનો નાથ ઉપાદેય છે. ક્યારે? કે જ્યારે એ તરફની વીતરાગી પરિણતિ કરે ત્યારે. શેઠ! આહાહા..! આમાં લક્ષ્મીનું કાંઈ (ન આવે). આ બેય શેઠીયા બેઠા છે જોડે. કરોડપતિ બેય. આમાં કાંઈ કરોડપતિની કિંમત નથી આવતી. આહાહા..!

આ ભગવાન અનંત લક્ષ્મીનો પતિ, ભગવાન કહે છે, ભગ એટલે લક્ષ્મી અને વાન એટલે રૂપ. જેનું લક્ષ્મી રૂપ છે. લક્ષ્મીવાળા છે. કેવી લક્ષ્મી? અનંતજ્ઞાન, અનંતઆનંદ આવ્યું ને? '**વીતરાગ સદા આનંદરૂપ...**' સદા વીતરાગ અને સદા આનંદરૂપ. આહાહા..! એવા આત્માને દૃષ્ટિમાં લઈ અનુભવ કરે છે તે સમયે એ આત્મા ઉપાદેય થયો. સમજાણું કાંઈ? 'અમરચંદભાઈ'! આવી વાત છે, ભાઈ! '**તબ અપના યહ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' જોયું! '**જિસ સમય યહ જીવ વીતરાગ સદા આનંદરૂપ સબ તરહ ઉપાદેયરૂપ નિજ ભાવોંકર પરિણમતા હૈ, તબ અપના યહ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસા અભિપ્રાય જાનો.**' આહાહા..! આ ગાથાનો અભિપ્રાય આ છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ देहस्य जरामरणं दृष्ट्वा मा भयं जीव कार्षीरिति निरूपयति –

७१) देहहँ पेक्खिवि जर–मरणु मा भउ जीव करेहि।
जो अजरामरु बंभु परु सो अप्पाणु मुणेहि।।७१।।

देहस्य दृष्ट्वा जरामरणं मा भयं जीव कार्षीः।
यः अजरामरः ब्रह्म परः तं आत्मानं मन्यस्व।।७१।।

देहहं पेक्खिवि जरमरणु मा भउ जीव करेहि देहसंबन्धि दृष्ट्वा। किम्। जरा–मरणम्। मा भयं कार्षीः हे जीव। अयमर्थो यद्यपि व्यवहारेण जीवस्य जरामरणं तथापि शुद्धनिश्चयेन देहस्य न च जीवस्येति मत्वा भयं मा कार्षीः। तर्हि किं कुरु। जो अजरामरु बंभु परु सो अप्पाणु मुणेहि यः कश्चिदजरामरो जरामरणरहितब्रह्मशब्दवाच्यः शुद्धात्मा। कथंभूतः। परः सर्वोत्कृष्टस्त–मित्थंभूतं परं ब्रह्मस्वभावमात्मानं जानीहि पञ्चेन्द्रियविषयप्रभृतिसमस्तविकल्पजालं मुक्त्वा परमसमाधौ स्थित्वा तमेव भावयेति भावार्थः।।७१।।

---

आगे ऐसा कहते हैं कि हे जीव, तू जरा–मरण देहके जानकर डर मत कर –

गाथा – ७१

अन्वयार्थ :– [ जीव ] हे आत्माराम, तू [ देहस्य ] देहके [ जरामरणं ] बुढ़ापा मरनेको [ दृष्ट्वा ] देखकर [ भयं ] डर [ मा कार्षीः ] मतकर [ यः ] जो [ अजरामरः ] अजर अमर [ परः ब्रह्म ] परब्रह्म शुद्ध स्वभाव हैं, [ तं ] उसको तूँ [ आत्मानं ] आत्मा [ मन्यस्व ] जान।

भावार्थ :– यद्यपि व्यवहारनयसे जीवके जरा–मरण हैं, तो भी शुद्धनिश्चयनयकर जीवके नहीं है, देहके हैं, ऐसा जानकर भय मत कर, तू अपने चित्तमें ऐसा समझ, कि जो कोई जरा–मरण रहित अखंड परब्रह्म है, वैसा ही मेरा स्वरूप है, शुद्धात्मा सबसे उत्कृष्ट है, ऐसा तू अपना स्वभाव जान। पाँच इन्द्रियोंके विषयको और समस्त विकल्पजालोंको छोड़कर परमसमाधिमें स्थिर होकर निज आत्माका ही ध्यान कर, यह तात्पयार्थ हुआ।।७१।।

---

હવે દેહના જરા, મરણ દેખીને હે જીવ? તું ભય ન કર, એમ કહે છે :

ભાવાર્થ : પાંચ ઇન્દ્રિયોના વિષયોથી માંડીને સમસ્ત વિકલ્પજાળને છોડીને પરમસમાધિમાં સ્થિત થઈને તેને જ (પરમ બ્રહ્મસ્વરૂપ આત્માને જ) ભાવ, એવો ભાવાર્થ છે. ૭૧.

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૭, સોમવાર
## તા. ૦૨-૦૮-૧૯૭૬, ગાથા-૭૧, પ્રવચન નં. ૫૧

... જન્મ ન લીધો. જન્મ પછી જે દેહ થયો. '**હે જીવ, તૂ જરા-મરણ દેહકે જાનકર...**' વૃદ્ધાવસ્થા એ દેહની છે, તારી નથી અને મરણ પણ દેહનું છે, તારું નથી. '**ઐસા જાનકર ડર મત કર-**' ૭૧.

**७१) देहहँ पेक्खिवि जर-मरणु मा भउ जीव करेहि।**
**जो अजरामरु बंभु परु सो अप्पाणु मुणेहि।।७१।।**

'**पेक्खिवि**' એટલે દષ્ટા-દેખીને.

આહાહા..! '**દેહકે બૂઢાપા મરનેકો દેખકર ડર મતકર...**' એ તારી ચીજ નથી. તારામાં વૃદ્ધાવસ્થા આવતી નથી. શરીરની, હોં! સમજાણું કાંઈ? તારામાં તો યુવાન અવસ્થા તો.. કહ્યું હતું એકવાર. રાગની એકતાબુદ્ધિ રાખીને બહિરાત્મપણું રાખવું એ જીવની બાળ અવસ્થા છે. શરીરની બાળ અવસ્થા એ તો જડની છે. એની સાથે આત્માને કોઈ સંબંધ છે જ નહિ. ભગવાન આ પરમાત્મસ્વરૂપ છે ને. પરમાત્મસ્વરૂપ જ આત્મા ભગવાન છે. એને છોડીને દેહાદિની અવસ્થામાં યુવાની, નમણાઈ, મજબુતાઈ જોઈને એમાં હરખાવું એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! દેહની યુવાન અવસ્થા, ઈન્દ્રિય જડની પુષ્ટિ એ બધામાં ઉત્સાહિત થવું એ મિથ્યાત્વભાવ છે.

અહીંયાં કહે છે કે '**દેહકે બૂઢાપા મરનેકો દેખકર ડર મતકર...**' આહાહા..! યુવાન અવસ્થા દેખીને અભિમાન ન કર અને વૃદ્ધા ને મરણ અવસ્થા દેખીને ડર નહિ. તારી ચીજ તો ભગવાન પરમાનંદ સ્વરૂપ પરમાત્મા તું તો છો ને. આહાહા..! એમાં તો શરીરની વૃદ્ધાવસ્થા, જન્મ, મરણ એ તો છે નહિ. એમાં વિકાર નથી. એક સમયની અલ્પજ્ઞતા પણ એમાં નથી. આહાહા..! એવો સર્વજ્ઞસ્વભાવી ભગવાનઆત્મા એનું અંતરમાં ધ્યાન કરીને ઉપાદેય કર, એમ કહે છે. સમજાણું કાંઈ? માર્ગ આવો છે. અંતરમાં ધ્યાનમાં આવો પરમાત્માસ્વરૂપ ઉપાદેય કરીને, ગ્રહણ કરીને, સત્કાર કરીને, છે એવો સત્કાર કર્યો. આહાહા..! પૂર્ણાનંદ સ્વરૂપ છે એવો સ્વીકાર કર્યો એણે છે એમ માન્યું. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો એ કહે છે '**જો અજર અમર પરમબ્રહ્મ શુદ્ધ સ્વભાવ હૈં,...**' આહાહા..! ભગવાન! તું તો જરા અને મરણથી રહિત અજર અમર છે. અજર એટલે વૃદ્ધાવસ્થાથી રહિત, મરણ એટલે દેહના છૂટવાથી રહિત છે. અજરાઅમર ભગવાનઆત્મા. આહાહા..!

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાન અજર અમર છે.

ઉત્તર :- આ આત્મા અજર અમર છે. આ આત્મા અત્યારે અજર અમર છે.

આહાહા..! એને દૃષ્ટિમાં લેવો, એની સન્મુખ થઈને સ્વીકાર કરવો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. દેહની ક્રિયા થાય છે એ તો જડની છે. બોલવાની, ચાલવાની, ખાવાની, પીવાની એ તો બધી જડની પર્યાય છે. એમાં તારો કોઈ અધિકાર નથી કે હું ખાઈ શકું, પી શકું. તારો અધિકાર તો પરથી ભિન્ન સ્વરૂપનું સ્વામીપણું એ તારો અધિકાર છે. આહાહા..! એ અહીં કહ્યું, જુઓ!

'**અજર અમર...**' એટલે નિષેધ કર્યો પહેલા. જન્મ-મરણ રહિત. હવે અસ્તિ કેવી છે? '**પરમબ્રહ્મ...**' આહાહા..! '**પરમબ્રહ્મ શુદ્ધ સ્વભાવ હૈં,...**' આહાહા..! પરમબ્રહ્મ. જેનું જ્ઞાન શરીર છે, આનંદ જેનું શરીર છે. સમજાણું કાંઈ? આવે છે ને? જ્ઞાનવિગ્રહં. જ્ઞાનવિગ્રહં. આહાહા..! પ્રભુ! તું તો જ્ઞાનશરીરી છો ને? અને અતીન્દ્રિય આનંદશરીર એ શરીર તારું છે. આહાહા..!

મુમુક્ષુ :- કોની વાત કરો છો?

ઉત્તર :- આત્માની વાત કરે છે.

મુમુક્ષુ :- કયા આત્માની?

ઉત્તર :- આ અંદર બિરાજે છે એની. સિદ્ધની નહિ. આહાહા..! સિદ્ધની પણ પર્યાય છે. એ પણ અહીં નહિ. આહાહા..! જે ધ્રુવ સ્વભાવ છે એ તો પર્યાયમાં કદી આવતો જ નથી. સિદ્ધની પર્યાયમાં પણ દ્રવ્ય નથી આવ્યું. આહાહા..! દ્રવ્ય તો ત્રિકાળ પર્યાયથી ભિન્ન રહે છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! બહારની આ બધી મોહજાળ, અનુકૂળ શરીર, પૈસા, મકાન, આબરૂ. અરે..! ધૂળધાણી.

ભગવાન પરમબ્રહ્મ સ્વરૂપ. ભગવાન! તું તો પરમબ્રહ્મરૂપ છો ને! ભગવાન તારું શરીર તો જ્ઞાનશરીર છે, આનંદશરીર છે. આહાહા..! કદી એનો સ્વીકાર કર્યો નથી. એને છોડીને રાગાદિને ઉપાદેય કર્યો, એને ભગવાન હેય થઈ ગયો. પરમબ્રહ્મ સ્વરૂપ હોવા છતાં રાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ જે પુણ્ય છે એનો આદર કર્યો, એમાં ત્રિકાળી ભગવાન આનંદના નાથને હેય કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? જેણે ભગવાન પરમબ્રહ્મ, અજર અમરનો આદર કર્યો એને રાગાદિ હેય થઈ જાય છે, કરવું પડતું નથી. સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભગવાન! અહીં પરમાત્મપ્રકાશ છે ને. એ આત્મા પરમબ્રહ્મ સ્વરૂપ પરમાત્મપ્રકાશ સ્વરૂપ જ છે. આહાહા..! કેમ બેસે? રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ અને પર્યાયબુદ્ધિ છોડે ત્યારે આ વાત બેસે. આહાહા..! સમજાણું કાંઈ? સંયોગી ચીજની બુદ્ધિ છૂટે... આહાહા..!

૩૧ ગાથામાં તો એમ કહ્યું છે. આગળ લેશે. પાંચ ઇન્દ્રિયના વિષયને છોડીને. આહાહા..! ત્યાં તો ભગવાન અને ભગવાનની વાણીને પણ ઇન્દ્રિયનો વિષય કહ્યો છે. નીચે આવશે. નીચે છે. '**પાંચ ઇન્દ્રિયોં કે વિષય કો છોડકર.**' 'સમયસાર'ની ૩૧મી ગાથામાં '**जो इंदिये जिणित्ता**' એવો શબ્દ છે. એની વ્યાખ્યા એમ છે કે આ દ્રવ્યઇન્દ્રિય અને ભાવઇન્દ્રિય ખંડ-ખંડ એક એક વિષયને જણાવનારી અને ભાવઇન્દ્રિયનો વિષય...

આહાહા..! લોકોને આકરું લાગે. ટીકા કરે છે. સ્ત્રી વિષય છે એમ ભગવાનની વાણી વિષય છે. અરે.. બાપુ! પર વિષય છે. એ શુભભાવનો (વિષય) છે, પણ છે તો વિકારનો વિષય. ભગવાને તો ત્યાં સુધી કહ્યું કે અમારી વાણી અને અમે (તે) ઇન્દ્રિયનો વિષય છે. અણીન્દ્રિયનો વિષય તો તારી ચીજ છે.

'**जो इंदिये जिणित्ता**'માં ઇન્દ્રિયના ત્રણ અર્થ લીધા છે. '**जो इंदिये जिणित्ता**' જેણે ઇન્દ્રિય જીતી અને '**णाणसहावधियं मुणदि आदं**' જ્ઞાનસ્વભાવી ભગવાન ચૈતન્યબ્રહ્મ, એ ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયથી ભિન્ન પર છે. એની અંતર દૃષ્ટિ કરી એણે ઇન્દ્રિયના વિષયને જીતી લીધા. એ વિષય એટલે? કે ભગવાનની વાણી.. એમાં તો લીધું છે. પંડિતજી! ૩૧ ગાથામાં તો એ કહ્યું. ભગવાનની વાણી અને ભગવાન પણ ઇન્દ્રિયનો વિષય છે. આહાહા..!

મુમુક્ષુ :- મુનિ થયા પછી.

ઉત્તર :- અરે..! સમકિતીને અહીંયાં કહે છે. તારે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો ઇન્દ્રિયનો વિષય એ ભગવાનની વાણી અને ભગવાનને ત્યાં તો ઇન્દ્રિય કહ્યા છે. સમજાણું કાંઈ? જેમ આ જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય. એક એક ઇન્દ્રિયના એક એક વિષય, ખંડ ખંડ જણાવે એવી ભાવઇન્દ્રિય. એક એક વિષયને જાણે છે એનો અર્થ જ્ઞાન ખંડ ખંડને જાણે છે. એવો અર્થ કર્યો છે પંડિતજીએ. ખંડ ખંડ જ્ઞાન, અખંડ વસ્તુ છે તો ભાવઇન્દ્રિય તો ખંડ ખંડ જ્ઞાનને જણાવે છે તો એ પરવિષય થયો. આહાહા..! એમ પાંચ જડ ઇન્દ્રિય છે એ પણ પર વિષય થયો. અને ભગવાન અને ભગવાનની વાણીને પણ ઇન્દ્રિય કહ્યા છે. ભાવઇન્દ્રિય, જડ ઇન્દ્રિય, ભગવાન અને ભગવાનની વાણી, પ્રતિમા, મંદિર... આહાહા..! સમ્મેદશિખર બધાને ઇન્દ્રિય કહ્યા છે. ગજબ વાત છે! એને જીતવું. એટલે કે એ તરફનું લક્ષ છોડવું. આહાહા..!

ભગવાન અને ભગવાનની વાણી અને ભગવાનની પ્રતિમા 'જિન પ્રતિમા જિન સારખી.' 'બનારસીદાસ'માં (આવે છે). એનું પણ લક્ષ છોડવું. આહાહા..! એ તો શુભરાગ કાળે એ વિષય નિમિત્ત બને છે. એ શુભ કરે છે એને. સમજાણું કાંઈ? એનાથી શુભ નથી થતું. એ શુભવિષય શુભરાગનો વિષય છે. તો એને ભગવાન એમ કહે કે તમારા હિસાબે અમે ઇન્દ્રિય છીએ. તમારું અણીન્દ્રિય (સ્વરૂપ) છે એ તમારું છે. આહાહા..! સમજાણું કાંઈ? તમારી અપેક્ષાએ અમે ઇન્દ્રિય છીએ. તમારું અણીન્દ્રિય (સ્વરૂપ) તમારી ભિન્ન ચીજ છે. આહાહા..! આવો માર્ગ છે, પ્રભુ! આ જન્મ મરણના અંત લાવવાની વાત છે. આવશે હમણાં. આહાહા..! '**भव-तीरु पावहि**' ૭૨માં આવશે. ૭૨ છે ને ૭૨? '**भव-तीरु पावहि**' ભવના તીરને પાર કરી નાખવાની વાત છે.

ભગવાનઆત્મા જેમાં ભવ નથી, ભવનો ભાવ નથી અને ભગવાન ઇન્દ્રિયનો વિષય પણ એમાં, ભગવાનની વાણી એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા

આત્માને '**પરમબ્રહ્મ શુદ્ધ સ્વભાવ હૈં, ઉસકો તૂ આત્મા જાન.**' છે? જુઓ! ભગવાનની વાણીને આત્મા (જાણ એમ) નહિ. ભગવાન, વાણી તે આત્મા નથી. આહાહા..! એક સમયની પર્યાય પણ આત્મા નથી. શું કહે છે? જુઓ! '**પરમબ્રહ્મ શુદ્ધ સ્વભાવ હૈ,...**' પરમબ્રહ્મ સ્વભાવ નિત્યાનંદ પ્રભુ. સદૃશ્ય સ્વભાવ, એકરૂપ સ્વભાવ, શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ એવો પાઠ છે. સંસ્કૃત ટીકામાં, 'જયસેનાચાર્ય'માં. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. શુદ્ધ એટલે પવિત્ર, બુદ્ધ એટલે જ્ઞાનનો પિંડ અને એક સ્વભાવી. ભેદ નહિ, જેમાં પર્યાયનો ભેદ પણ નથી. એ તારો અણીન્દ્રિય આત્મા, એ તું છો. એ અણીન્દ્રિયનો વિષય છે. આહાહા..!

અંતર્મુખ રાગ ને એ જ્ઞેયો હોવા છતાં જ્ઞાનની પર્યાયને આ બાજુ વાળવી, રાગ હો, શરીર હો, આખો સંસાર હો પણ એ તરફના જ્ઞાનની જે પર્યાય છે એ પર્યાયને દ્રવ્યમાં વાળવી. પરમબ્રહ્મ ભગવાનઆત્મા. એની પર્યાયરૂપી પ્રજાએ પિતા તરફ વળવું. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે. જુઓ! ઓહોહો..! ભાષા 'પરમાત્મપ્રકાશ'. આપણે તો સવાર-બપોર બેય ચાલે છે. બપોરે 'સમયસાર' ચાલે છે. આહાહા..!

મુમુક્ષુ :- એ પણ પરમાત્મપ્રકાશ છે.

ઉત્તર :- 'સમયસાર' એ પરમાત્મા છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત ભગવાન એ 'સમયસાર' છે. આહાહા..! એ 'સમયસાર' એવો ભગવાન, એની દૃષ્ટિ કરવાથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. આહાહા..! નિમિત્ત અને રાગની દૃષ્ટિ કરવાથી રાગ પ્રાપ્ત થાય છે, જે સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? ધીરાના કામ છે, ભાઈ! આ કાંઈ પંડિતાઈ ને એનું કામ નથી. અગિયાર અંગ અનંતવાર ભણી ગયો. અગિયાર અંગ ભણ્યો. આવે છે ને? નવ પૂર્વની લબ્ધિ થઈ. એ વાંચ્યું વંચાય નહિ. અગિયાર અંગ તો વાંચવાથી આવે છે, રાગની મંદતાથી, પણ નવ પૂર્વ ભણવાથી (નથી ભણાતા, એ તો) એવી લબ્ધિ થાય છે. નવ પૂર્વ એ કાંઈ ભણવાથી નથી થતું. છતાં એ પરલક્ષી વસ્તુ છે. સમજાણું કાંઈ? અનંતવાર એવી નવ પૂર્વની લબ્ધિ પ્રાપ્ત થઈ ગઈ છે. એ કોઈ ચીજ નથી. આહાહા..! જેમાં ભગવાન પ્રાપ્ત ન થયા એ વસ્તુ નહિ, એમ કહે છે. થોડું પણ મતિ અને શ્રુતજ્ઞાનમાં પરમાત્મા પ્રાપ્ત થયા તો એને સમ્યગ્જ્ઞાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પરમબ્રહ્મ ભગવાનઆત્મા એને તું આત્મા જાણ, એમ કહ્યું ને? ગુરુએ એમ કહ્યું. દિગંબર સંત 'યોગીન્દ્રદેવ' આહાહા..! પ્રભુ! '**मुणेहि**' એમ છે ને? ૭૧ ગાથા છે. '**मुणेहि**' આહાહા..! '**अजरामरु बंभु परु सो अप्पाणु मुणेहि**' છે ને? અંદર આવશે.

**ભાવાર્થ :- 'યદ્યપિ વ્યવહારનયસે જીવકે જરા-મરણ હૈ,...'** નિમિત્ત. '**વ્યવહારનયસે જીવકે જરા-મરણ હૈં,...**' અર્થાત્ અવસ્થા પર છે એને વ્યવહારથી પોતાની છે એમ કહેવામાં આવે છે. એટલે એની નથી. આહાહા..! '**વ્યવહારનયસે જીવકે જરા-...**' શરીર અવસ્થા. એમ કહે છે ને કે મારી અવસ્થા આવી થઈ ગઈ. મારી અવસ્થા (કહે છે) પણ ઈ શરીર તું ક્યાં છો? એટલું બોલવામાં આવ્યું.

મુમુક્ષુ :- છે ત્યારે બોલવામાં આવ્યું ને?

ઉત્તર :- એ ખોટું છે. વ્યવહારનય અભૂતાર્થ છે.

એ બપોરે ન ચાલ્યું? અજ્ઞાનીનો વ્યવહાર અનાદિથી રૂઢ છે. આહાહા..! એ વ્યવહાર હેય છે. આહાહા..! ૮૪-૮૪. આહાહા..! ૮૪નું પરિભ્રમણ મટાડવાની (વાત છે). આહાહા..! કહે છે કે અજ્ઞાનીનો રૂઢ વ્યવહાર છે કે હું કર્મ બાંધું છું. હું શરીરની ક્રિયા કરું છું, હું બોલું છું. એ તો અજ્ઞાનીનો રૂઢ વ્યવહાર છે. એ વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાન કર્તા અને ભાષા કર્તવ્ય-કામ, એમ છે? ભગવાનઆત્મા વ્યાપક, દેહની અને વાણીની અવસ્થા વ્યાપ્ય-કાર્ય એમ છે? આહાહા..! જિનનો માર્ગ બહુ સૂક્ષ્મ.

મુમુક્ષુ :- 'ધવલ'માં તો આવે છે.

ઉત્તર :- એ તો ફક્ત નિમિત્તથી વાત કરી છે. એ આવે છે, નાખ્યું છે. 'ખાણિયા' ચર્ચામાં સામાવાળાએ નાખ્યું છે, જુઓ આમાં જ્ઞાન કર્તા અને ભાષા કર્મ. એ ખબર છે ને. 'ખાણિયા'માં નાખ્યું છે. એ તો નિમિત્તનું કથન છે ત્યાં.

કાલે કહ્યું હતું ને? લોકાલોકમાં જ્ઞાન નિમિત્ત છે. એનો અર્થ શું? લોકાલોકમાં આ કેવળજ્ઞાન નિમિત્ત છે તો લોકાલોક છે? અને લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. તો લોકાલોક છે તો કેવળજ્ઞાન છે? સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પર્યાય તો પોતાથી થઈ છે, પોતામાં છે અને પોતાને દેખે છે એ. આહાહા..! સમજાણું કાંઈ? એ આપણે કર્તા-કર્મમાં આવી ગયું પહેલા. ૭૫. ૭૫ ગાથામાં. રાગને જાણે છે, પોતાના જ્ઞાનમાં, સ્વપરપ્રકાશક જ્ઞાનમાં રાગ નિમિત્ત હોવા છતાં આત્માને જાણે છે. એમ કહ્યું. રાગને જાણે છે એ તો એક... ૭૫માં એમ લીધું હતું કે સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી થઈ છે. રાગ છે તો પરપ્રકાશક થઈ એમ નથી. શું કીધું સમજાણું? જ્ઞાનમાં રાગ નિમિત્ત છે. પણ એનો અર્થ શું? જ્ઞાન પોતામાં પોતાથી ઉપાદાનથી થયું છે, ત્યારે રાગને નિમિત્ત કહેવામાં આવે છે. પણ કહે છે કે જ્ઞાનમાં રાગ નિમિત્ત હોવા છતાં પણ અને જ્ઞાન જાણનાર અને રાગ જ્ઞેય હોવા છતાં, એવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ વ્યવહારથી હોવા છતાં આત્મા રાગને જાણતો નથી, આત્મા જ્ઞાનને જાણે છે. રાગ સંબંધી પોતાનું જે જ્ઞાન છે એ જ્ઞાનને આત્મા જાણે છે. એ ૭૫માં આવ્યું છે. 'સમયસાર'. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! 'સમયસાર'ની એક એક ગાથા, એક એક પદમાં બહુ વાત કરે છે. આહા..! એ કહ્યું ને? 'સમયસાર' છે ને?

કર્મ નોકર્મરૂપ પુદ્ગલ પરિણામ અર્થાત્ પુણ્ય અને પાપના ભાવ એ પુદ્ગલ પરિણામ છે. સમજાણું કાંઈ? '**સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ તેને જે આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી, પરંતુ (માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' એ વાત ઝીણી છે. 'સમયસાર' છે? ૭૫ ગાથા. '**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' ભાષા જુઓ! છે? છે ભાઈ? પંડિતજી! આવ્યું? વચ્ચે છે, વચ્ચે છે. '**પુદ્ગલપરિણામના જ્ઞાનને કર્મપણે કરતા એવા...**' પુદ્ગલ પરિણામ જે

રાગાદિ છે એનું જ્ઞાન આત્માએ કર્યું. છે? '**જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા...**' એ જ્ઞાન આત્માનું કાર્ય છે. રાગનું કાર્ય આત્માનું નથી. છે?

'**પરિણામના જ્ઞાનને કર્મપણે કરતા...**' રાગ પુદ્‌ગલના પરિણામ છે, પોતાનો આત્મા એને જાણે છે તો જાણનારના પરિણામનો આત્મા કર્તા અને એ કર્મ છે. પણ રાગ એનું કર્મ નથી. એક વાત. અને રાગ અહીં જ્ઞાનમાં નિમિત્ત છે તો રાગ કર્તા અને જ્ઞાન પરિણામ કાર્ય, એમ પણ નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ૭૫ ગાથા. અહીંયાં તો બધું રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિ બધાને પુદ્‌ગલના પરિણામ કહ્યા. કેમકે એ પોતાની ચીજ નથી. સમજાણું કાંઈ? કઈ અપેક્ષાએ કહે છે. તમારે બપોરે તો એ આવ્યું હતું. પ્રવૃત્તિ આત્માની પર્યાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. ત્યાં નિશ્ચયથી આત્માની પર્યાય લીધી છે. તો એ પ્રવૃત્તિ નથી. પણ શુદ્ધને નિશ્ચય કહેવો અને અશુદ્ધને વ્યવહાર કહેવો એવા મોક્ષમાર્ગના બે ભેદ પડે છે. પરિણતિ તો આત્માની છે. પણ શુદ્ધને નિશ્ચય કહેવો અને અશુદ્ધને વ્યવહાર કહેવો, એ મોક્ષમાર્ગની અપેક્ષાએ ત્યાં ભેદ છે. પરિણતિ તો એની છે. સમજાણું કાંઈ? પરિણતિ નય નથી. પરિણતિમાં જે નિશ્ચય અને વ્યવહારનો આરોપ કરીને નય કરે છે, શુદ્ધને નિશ્ચય કહે છે, અશુદ્ધને વ્યવહાર કહે છે. એ વ્રત અને પ્રવૃત્તિ છે એ કોઈ વ્યવહાર નથી. એને વ્યવહાર મોક્ષ માનવો એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? રાગાદિની પ્રવૃત્તિ તો પોતાની પરિણતિ છે. પણ એને મોક્ષમાર્ગ કોને માનવો અને કોને નહિ માનવો? આહાહા..!

શુદ્ધ પરિણતિ જે ભગવાનઆત્માના આશ્રયે (થઈ) એ પરિણતિ તો આત્માની છે, પણ શુદ્ધને નિશ્ચય મોક્ષમાર્ગ કહેવો અને અશુદ્ધ જે રાગ બાકી રહ્યો એને વ્યવહાર માર્ગ કહેવો એ ભેદ માર્ગની અપેક્ષાથી છે. સમજાણું કાંઈ? આત્માની પરિણતિ ભિન્ન છે (એમ નથી), એ તો બેય પરિણતિ એની છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં તો એમ લેવું છે કે એ પરિણતિ રાગ છે, એનું અહીં આત્મા જ્ઞાન કરે છે. એ પરિણતિ એની હોવા છતાં. સમજાણું કાંઈ? અહીં કહે છે ને? પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને.. એ રાગને પુદ્‌ગલ પરિણામ કહ્યું. આત્માની પરિણતિ નથી કહી. આહાહા..! સમજાણું કાંઈ? ગંભીર માર્ગ છે, ભાઈ!

પુદ્‌ગલ પરિણામ એટલે વ્યવહારરત્નત્રય એવો જે શુભરાગ એ પુદ્‌ગલના પરિણામ છે, જીવની જાતના પરિણામ નથી. આહાહા..! 'જ્ઞાનચંદજી'! આહાહા..! એ '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કર્મપણે કરતા...**' રાગનું જે જ્ઞાન થયું એ પોતાથી થયું છે, રાગથી નહિ. રાગના કાળે પોતાનું જ્ઞાન અને રાગનું જ્ઞાન પોતાથી થયું છે. રાગ છે તો જ્ઞાન થયું એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કહ્યું, દેખો! '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એટલે જ્ઞાન કોનું? પોતાનું. એમાં સ્વનું જ્ઞાન થયું અને રાગનું જ્ઞાન થયું. રાગનું જ્ઞાન થયું એ પોતાનું કર્મ છે. રાગનું જ્ઞાન થયું એ પોતાનું કર્તવ્ય છે. જ્ઞાન એને કહ્યું. આહાહા..!

એ '**કર્મપણે કર્તા એવા પોતાના આત્માને જાણે છે,...**' ભાષા જુઓ પાછી. રાગને જાણે છે એ કાઢી નાખ્યું. પોતાના જ્ઞાનના પરિણામમાં રાગ જણાય છે તો એ જ્ઞાનમાં નિમિત્ત છે. એ જ્ઞેય છે અને આ જ્ઞાન. છતાં જે જ્ઞાન થયું એ પોતાના સ્વપરપ્રકાશકના સામર્થ્યથી થયું છે. રાગ છે તો રાગનું જ્ઞાન થયું એમ નથી. આહાહા..! અને સ્વપરપ્રકાશક જ્ઞાનમાં રાગ નિમિત્ત હોવા છતાં અથવા રાગનું જ્ઞાન અહીં થવા છતાં એ જ્ઞાન આત્માનું કાર્ય છે. એ રાગનું કાર્ય નથી. આત્માનું રાગ કાર્ય નથી. સમજાણું કાંઈ?

અહીંયાં જે સ્વપરપ્રકાશક જ્ઞાન થયું એ પર્યાયનો કર્તા રાગ અને જ્ઞાન થયું એ તેનું કર્મ, એમ નથી. તેમ જ્ઞાનની પરિણતિમાં પુદ્‌ગલ પરિણામ રાગ નિમિત્ત થયું, તો એનાથી જ્ઞાન પરિણામ કર્તા અને રાગ કર્મ એમ પણ નથી. અને રાગ કર્તા અને જ્ઞાન પરિણામ (કાર્ય) એમ પણ નથી. અને રાગને જાણે એમ કહ્યું પહેલા. રાગ પરિણામના જ્ઞાનના કર્મપણે કરતા, એમ કહ્યું. છતાં પોતાના આત્માને જાણે છે. એ રાગને જાણે છે એમ નથી કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને કરતો એવો આત્મા, પુદ્‌ગલ પરિણામ રાગાદિ વ્યવહાર એના જ્ઞાનને કરનાર એવો આત્મા, એ આત્મા આત્માને જાણે છે. રાગને જાણે છે એમ નથી કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! સમય સમયની પર્યાય સ્વતંત્ર પોતાની પોતાથી થઈ છે, એમ કહે છે. રાગ થયો માટે જ્ઞાન થયું એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ પ્રશ્ન તો અમારે (સંવત) ૧૯૮૩ની સાલમાં બહુ ચાલ્યો હતો. ૧૯૮૩-૮૩. ૧૭ ને ૩૨. તમારા જન્મ પહેલા. ૪૯ (વર્ષ થયા). મોટી ચર્ચા થઈ હતી. ત્યારે તો અમે સંપ્રદાયમાં હતા ને. મોટી ચર્ચા થઈ હતી. લોકાલોક છે તો કેવળજ્ઞાન થાય છે. બિલકુલ ખોટી વાત છે. લોકાલોક તો પરદ્રવ્ય છે, પર છે. એનાથી કેવળજ્ઞાનની પર્યાય થઈ છે? પરદ્રવ્યની હયાતીથી પર્યાયની હયાતી થઈ? સમજાણું કાંઈ? બહુ ચર્ચા ચાલી હતી. એ 'દામોદર' શેઠ હતા. એ સંપ્રદાયના બહુ આગ્રહી હતા. અમારે બહુ ચાલતું હતું. એવી વાતો ચાલતી હતી અંદર. એ કહે કે લોકાલોક છે તો કેવળજ્ઞાન છે. બિલકુલ ખોટી વાત. લોકાલોક લોકાલોકથી છે અને કેવળજ્ઞાનની પર્યાય પોતાથી છે. લોકોલોક છે તો કેવળજ્ઞાનની પર્યાય થઈ (એમ નથી). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લોકાલોક છે તો કેવળજ્ઞાન થયું એવું માને તો...

ઉત્તર :- એને કારણે પર્યાય થઈ? પર્યાય તો પોતાની તાકાતથી થઈ છે. પરની સત્તા છે તો અહીંયાં પર્યાયની સત્તા થઈ? ખોટી વાત છે. પર્યાયની સામર્થ્યતાની શક્તિની એને ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં તો આ લેવું હતું. રાગના જ્ઞાનમાં '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કર્મપણે કરતા...**' પુદ્‌ગલપરિણામના જ્ઞાનને જ્ઞાનપણે કરતો, પુદ્‌ગલપરિણામના જ્ઞાનને જ્ઞાનપણે-કર્મપણે કરતા. આહાહા..! ત્યાં તો એમ લીધું છે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને.

પાછું અહીં લીધું કે એવા પોતાના આત્માને જાણે છે. સમજાણું કાંઈ? વાત એવી છે. એ એક એક શબ્દમાં ગંભીરતા છે. આ કાંઈ વાર્તા નથી. આહાહા..! એ ચર્ચા બહુ ચાલતી હતી.

મૂર્તિ સંબંધીનું કહ્યું હતું ને એકવાર? મૂર્તિ સંબંધી ચર્ચા ચાલી. એમાં (-સંપ્રદાયમાં) હતા ને એટલે... એ કહે કે મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી મૂર્તિની પૂજા માન્ય છે. સમ્યગ્દૃષ્ટિ પછી મૂર્તિ માન્ય નથી, પૂજા હોય નહિ. એવી ચર્ચા ચાલી હતી. તો કહ્યું, સાંભળો! સમ્યગ્દૃષ્ટિ થયા પછી જ એને નિક્ષેપ લાગુ પડે છે. કેમકે સમ્યગ્દર્શન થયું, આત્મા આનંદમૂર્તિ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એનું શ્રુતજ્ઞાન થયું શ્રુતજ્ઞાન, તો શ્રુતજ્ઞાનનો ભેદ નિશ્ચય અને વ્યવહારનય છે. તો નય છે એને નિક્ષેપ હોય છે. નય છે એ જ્ઞાનનો ભેદ છે અને નિક્ષેપ એ જ્ઞેયનો ભેદ છે. તો જ્ઞેયનો-ભગવાનની મૂર્તિના નિક્ષેપનો વિષય કોને હોય છે? નયજ્ઞાનવાળાને. તો ખરેખર તો શ્રુતજ્ઞાનમાં વ્યવહારનય થયો એનો વિષય નિક્ષેપ છે. એને મૂર્તિ માને તે યથાર્થ છે. મિથ્યાદૃષ્ટિને નય પણ નથી અને નિક્ષેપ પણ નથી. સમજાણું કાંઈ? આ (વાત) બહુ પહેલાથી અંદરથી આવતી હતી અને બહારમાં વિરોધ હતો. ભાઈ! એમ નહિ, અમે એમ નથી માનતા.

સમ્યગ્દૃષ્ટિ થઈ, ભગવાન પૂર્ણાનંદનો નાથ, આ પરમબ્રહ્મ કહ્યુંને અહીં? એને જાણ્યો તો શ્રુતજ્ઞાન થયું, તો શ્રુતજ્ઞાન છે તો પર્યાય પણ એનો ભેદ તે નય છે. શ્રુતજ્ઞાન અવયવી છે અને નય અવયવીનો અવયવ-ભેદ છે. તો વ્યવહારનય શ્રુતજ્ઞાનનો ભેદ છે. તો વ્યવહારનયનો વિષય નિક્ષેપ-પર છે (એ) જ્ઞાનીને લાગુ પડે છે, અજ્ઞાનીને નહિ. પંડિતજી! સમજાણું કાંઈ? કીધું, અમે સંપ્રદાયમાં આવી ગયા માટે અમે આમ માનીએ એમ છે નહિ.

મુમુક્ષુ :- ૫૦ વર્ષ.

ઉત્તર :- ૪૯ વર્ષ. ૮૩-૮૩. સંવત્ ૧૯૮૩. પંડિતજીના જન્મ પહેલા. એને ૪૦ વર્ષ થયા. નાની ઉંમરમાં ક્ષયોપશમ ઘણો છે. સમજાણું કાંઈ? જેવું હોય એવું અહીં તો જાણવાની વાત છે.

અમે 'બોટાદ' સંપ્રદાયમાંથી નીકળ્યા ને? દિગંબર થયા ને? છોડી દીધું એટલે સ્થાનકવાસી સાધુ નથી એવું પ્રસિદ્ધ કરી દીધું. પછી અહીંના માનનારા ત્યાં શેઠિયા છે, 'બોટાદ'માં. પૈસાવાળા. તો એણે પૈસા પહેલા દીધા હતા. સંસ્થામાં. સંસ્થા કહેવાય ને સ્થાનકવાસીમાં તો? ભોજનશાળામાં પૈસા દીધા હોય ને? ત્રણ-ત્રણ હજાર, ચાર-ચાર હજાર. પૈસાવાળા છે એ અહીં આવ્યા. તો પછી આ કહે કે અમારો એમાં હક છે. ત્યારે એ લોકોની ચર્ચા ચાલી. કોર્ટમાં ગઈ. એ લોકો હવે સ્થાનકવાસી રહ્યા નહિ તો એના પૈસા આપ્યા છે એનો હક એની ઉપર નથી. પછી ચર્ચા કોર્ટમાં ચાલી. તો કહે, મૂર્તિ છે ને? શાશ્વત મૂર્તિ છે ને? ત્યારે એ શેઠે કોર્ટમાં પ્રશ્ન કર્યો કે મૂર્તિ જક્ષની છે, તીર્થંકરની નહિ. સમજાણું કાંઈ? મોટી ચર્ચા થઈ હતી. આ તો અમારા સંપ્રદાયમાં અમારી પ્રતિષ્ઠા ઘણી

હતી ને? ત્યારે પણ ૩-૩ હજાર માણસ ઘણા આવતા હતા. (સંવત) ૧૯૮૯ની સાલ. 'રાજકોટ' ૧૯૮૯ની સાલમાં. ૩-૩ હજાર માણસ. દોઢ-દોઢ કલાક પહેલા મોટરોનો ઠાઠ જામે. ૧૯૮૯. કેટલા વર્ષ થયા? ૪૩ વર્ષ થયા. એ પણ પંડિતજીના જન્મ પહેલાની વાત છે.

મુમુક્ષુ :- સાથોસાથ આવતા હતા.

ઉત્તર :- હા. સાથે સાથે આવતા. દિવાન આવતા હતા. દિવાન આવ્યા હતા. કેવા ભાઈ દિવાન? 'વીરાવાળા' 'વીરાવાળા' દરબાર નહોતા? દરબાર પહેલા આવ્યા હતા. એ તો બધી વાત હતી.

અહીં તો કીધું, ભાઈ! જુઓ! અમે આમાં મુહપત્તિમાં આવી ગયા છીએ માટે મૂર્તિને ન માનવી એ વસ્તુ નથી. જેવી વસ્તુસ્થિતિ છે એમ અમે તો માનનારા છીએ. માટે સમકિતીને જ મૂર્તિ માન્ય છે. કેમકે એને નય હોય છે તો નયનો વિષય નિક્ષેપ એને હોય છે. અજ્ઞાનીને નય નથી તો નિક્ષેપ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? અહીં તો ન્યાય બેસે તો બેસે, અમે એમ ને એમ માનતા નથી. અમને તો અંદરમાં બેસવું જોઈએ, તો અમે માનીએ. પછી તકરાર થઈ. જક્ષની મૂર્તિની. એ વાત તો અમે પહેલા (સંવત) ૧૯૭૩ની સાલ. ૭૩ની સાલ. કેટલા થયા? ૨૭ ને ૩૨. ૫૯ વર્ષ થયા. અમે જીવાભિગમ સૂત્ર વાંચતા હતા. ૩૨ સૂત્ર છે ને એમાં જીવાભિગમ છે. સૂત્ર વાંચતા હતા એમાં એમ આવ્યું કે શાશ્વત પ્રતિમા જિનોક્ત પ્રમાણે. તો અત્યાર સુધી તો અમે એમ માનતા હતા એ જક્ષની પ્રતિમા.. જક્ષની પ્રતિમા છે. સ્થાનકવાસીમાં. અમે વાંચતા હતા એમાં એમ આવ્યું કે જે શાશ્વત પ્રતિમા છે એ જક્ષની નથી. એ જિનોક્ત પ્રમાણે એમ પાઠ આવ્યો. જિનના ઊંચાઈ પ્રમાણમાં છે. તો શંકા થઈ કે જક્ષની હોય તો જિનના ઊંચા પ્રમાણે ઉપમા આપે નહિ. સમજાણું કાંઈ? ૧૯૭૩ની વાત છે. 'સુકૌશલજી' સમજ્યા? '..'!

શાશ્વત પ્રતિમા છે કે નહિ? તો શાશ્વત પ્રતિમાનું વાંચનમાં એમ આવ્યું કે શાશ્વત પ્રતિમા જિનના ઊંચાઈ પ્રમાણમાં છે. વીતરાગ જે છે એની જેટલી ઊંચાઈ છે એટલી એની ઉંચાઈ છે. એમ આવ્યું. તો મને શંકા થઈ કે આ લોકો જક્ષની પ્રતિમા કહે છે અને અહીં તો જિનોક્ત પ્રમાણે છે. જિનના ઊંચા પ્રમાણમાં એ ઉપમા જક્ષને ન આપી શકે. જિનની પ્રતિમા ત્યાં હોય તો જિનના ઊંચાઈ પ્રમાણમાં ઉપમા આપી શકે. સમજ્યા?

મુમુક્ષુ :- ગુજરાતીમાં સમજમાં નથી આવતું.

ઉત્તર :- કહ્યું ને, થોડી થોડી ભાષા કરીએ છીએ.

કહ્યું નહિ? જે શાશ્વત પ્રતિમા છે... છે કે નહિ શાશ્વત? તીર્થંકરની અકૃત્રિમ. તો એને એ લોકો-સ્થાનકવાસી જક્ષની કહે છે. એ મૂર્તિને તીર્થંકરની નહોતા કહેતા. તો અમે શાસ્ત્ર વાંચતા હતા એમાં એમ આવ્યું કે શાશ્વત પ્રતિમા જિન ઊંચાઈના પ્રમાણમાં છે. જેટલી તીર્થંકરની ઊંચાઈ છે તેટલી ઊંચાઈના પ્રમાણમાં પ્રતિમા છે. તો અમને શંકા પડી કે જો જક્ષની પ્રતિમા હોય તો તીર્થંકરની ઊંચાઈ પ્રમાણમાં છે એમ ઉપમા આપી શકે નહિ.

સમજાણું કાંઈ? થોડું સમજાણું કે નહિ? ભાઈ! થોડી ગુજરાતી અંદર આવી જાય છે.

શાશ્વત પ્રતિમાનું શાસ્ત્ર અમે વાંચતા હતા. (સંવત) ૧૯૭૩ની સાલ. ૬૦માં એક વર્ષ ઓછું. ૫૯ વર્ષ પહેલાની વાત છે. શાસ્ત્ર વાંચતા હતા તો એમાં એમ આવ્યું. શ્વેતાંબરનું શાસ્ત્ર. શાશ્વત પ્રતિમા જે છે એ જિનના ઊંચાઈ પ્રમાણમાં છે. તીર્થંકરની જેટલી ઊંચાઈ છે સાત હાથની, પાંચસો ધનુષ્યની એ ઊંચાઈ પ્રમાણે પ્રતિમા છે. તો અમને શંકા પડી.. અમે તો માનતા હતા, એ લોકો કહે છે, જક્ષની (પ્રતિમા છે). તો એ જક્ષની (માનતા હતા). અમને તો ખબર નહિ. અમે તો હજી નવા દિક્ષીત હતા. ચાર વર્ષની દીક્ષા હતી. (સંવત) ૧૯૭૦ની સાલમાં દીક્ષા. દીક્ષાને ૬૩ વર્ષ થયા. ચાર વર્ષ પછી આ વાત ચાલી. પછી અમારા ગુરુભાઈ હતા. એકલા હતા. કોઈ નહોતું ત્યારે ખાનગીમાં પૂછ્યું. કોઈ નહોતું. 'મૂળચંદજી' હતા. એકાંતમાં ઊભા હતા. 'મૂળચંદજી' નહિ? એને કહ્યું હું જીવાભિગમ વાંચું છું. એમાં તો શાશ્વત પ્રતિમાને જિનના ઊંચાઈ પ્રમાણે કહી છે. તો એ પ્રતિમા કઈ? તો કહે, એ છે તો તીર્થંકરની. અરે..! તમે લોકો બહારમાં જક્ષની કહો અને અહીંયાં (આમ કહો છો)! અમારી શ્રદ્ધા ઊઠી ગઈ. સંપ્રદાયમાંથી, ગુરુમાંથી, બધામાંથી શ્રદ્ધા ઉઠી ગઈ.

અમારે તો અમારી જાતે નિર્ણય કરવાનો છે. સમજાણું કાંઈ? કેમકે એ લોકો જક્ષની પ્રતિમા બહાર કહે અને અંદરમાં ખાનગીમાં પૂછ્યું. મેં કીધું, પાઠમાં એમ આવ્યું છે. જીવાભિગમ શાસ્ત્ર છે. એમાં એમ આવ્યું છે કે શાશ્વત પ્રતિમા ભગવાનની છે એ જિનના-તીર્થંકરની ઊંચાઈ પ્રમાણે છે. તો એ તીર્થંકરની પ્રતિમા વિના જિનની ઊંચાઈ પ્રમાણે કહેવાતું નથી. તો એ જક્ષની પ્રતિમા નથી. સમજાણું કાંઈ? ત્યારે એમણે કહ્યું કે, છે તો તીર્થંકરની (પ્રતિમા). બહારમાં બીજું કહે અને અંદર (બીજું કાંઈક). નહિ-નહિ. જેને ભવનો ડર નથી. ભગવાન શું કહે છે અને કંઈક માને, એ કાંઈ આત્માર્થી છે? સમજાણું કાંઈ?

વીતરાગનું એક પણ વચન ઉથાપવું અને પોતાની કલ્પનાથી અર્થ કરવો એ કાંઈ આત્માર્થી છે? એ તો સંસારાર્થી છે. આહાહા..! સમજાણું કાંઈ? પછી તો અમે બીજો અર્થ કરતા હતા કે ભગવાન ત્રિકાળી જે વસ્તુ છે, તો ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો કદી વિરહ હોય નહિ. અહીં તો અંદરથી બેસે એ હતું. ઓલાને કોણ માનતું હતું. ત્રિકાળી વસ્તુ જે આમ ત્રિકાળ જ્ઞેય છે, એ ત્રિકાળમાં ત્રણ કાળને જાણનારનો કદી વિરહ હોતો નથી. અનાદિથી સર્વજ્ઞ છે. અનાદિથી સર્વજ્ઞ છે અને અનાદિ સર્વજ્ઞ રહેશે.સમજાણું કાંઈ?

પછી એમ કહ્યું કે ત્રિકાળી ભગવાન જ્યારે શાશ્વત રહે છે તો એની પ્રતિમા પણ શાશ્વત હોવી જોઈએ. જેમ ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો વિરહ હોય નહિ, એમ ત્રિકાળીને જાણનારની પ્રતિમા પણ શાશ્વતમાં વિરહ નથી હોતો. સદા પ્રતિમા હોય છે. ન્યાય સમજ્યા? પંડિતજી! આહાહા..! એને અમે ન માનીએ. અમે તો અંદરમાં ન્યાયથી બેસે તો માનીએ. સંપ્રદાયમાં કહે છે એટલે આમ માનો, અમે આવી ગયા (એટલે

માનીએ) એમ નથી. અમે તો સંપ્રદાય ક્ષણમાં છોડી દઈશું, જો વિરૂદ્ધતા (હશે તો). લોકો ડર રાખતા હતા. નામ મોટું હતું ને? તો લોકો ડરતા હતા. એને કંઈ ન કહેતા, હોં! નહિતર હમણાં છોડી દેશે. માર્ગ તો આ છે.

અહીં તો કહે છે કે આહાહા..! પ્રભુ! શરીરની વૃદ્ધા અવસ્થા અને મરણ એનાથી ડર નહિ. કેમ કે તું એવો છો નહિ, એમાં છો નહિ, એ તારી અવસ્થા નથી. તારી અવસ્થા તો તારી વસ્તુ તો પરમબ્રહ્મ ભગવાન છે ને. ત્રિકાળીને અવસ્થા પણ કહે છે, હોં! પર્યાયને જ અવસ્થા કહે છે એમ કાંઈ નથી. ત્રિકાળીને પણ અવસ્થા કહે છે. ૧૬મી ગાથામાં આવે છે. કળશમાં. 'સમયસાર'ની ૧૬મી ગાથા છે ને. દ્રવ્યને અવસ્થા કહે છે. અવ-નિશ્ચય-સ્થ. એમ. અવસ્થા એટલે પર્યાયનો અર્થ એમ નહિ. ભરિત અવસ્થમ એવો પણ શાસ્ત્રમાં પાઠ છે. સંસ્કૃતમાં છે. આત્મા ભરિત અવસ્થા, એને દ્રવ્ય કહે છે. અવસ્થા એટલે પર્યાય નહિ ત્યાં. અવસ્થ-અવસ્થા. નિશ્ચય-સ્થ-પોતામાં રહ્યો છે. દ્રવ્ય પોતામાં રહ્યું છે. એ દ્રવ્યને અવસ્થા કહે છે. 'સમયસાર' ૧૬મી ગાથામાં છે. કળશ છે ને કળશ? બધી ખબર છે. જ્યાં મર્મની વાત છે તે ખ્યાલમાં આવી ગઈ. સાધારણ (બધું) વાંચી લીધું. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે પ્રભુ તું કોણ છો? આહાહા..! ક્યાં છો? શું વૃદ્ધાવસ્થામાં તું છો? યુવાન અવસ્થામાં તું છો? એ તો જડની અવસ્થા છે, પ્રભુ! તારી ચીજ શું છે? શું દેહનું છૂટવું એ તારું છૂટવું છે? દેહ તો છૂટશે, એમાં ડર શાનો? ભગવાન તો પરમબ્રહ્મ સ્વરૂપ અનાદિ છે. એ કદી છૂટતો નથી, કોઈ દિ'જન્મતો નથી, કોઈ દિ' વૃદ્ધાવસ્થા થતી નથી. એવા સ્વભાવનું ભાન કરવું એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

**'યદ્યપિ વ્યવહારનયસે જીવકે જરા-મરણ હૈ, તો ભી શુદ્ધનિશ્ચયનયકર જીવકે નહીં હૈ, દેહકે હૈં, ઐસા જાનકર ભય મત કર,...'** આહાહા..! યુવાનીમાં પ્રેમ ન કર, વૃદ્ધાવસ્થા અને મરણ દેખી ડર નહિ. આહાહા..! સમજાણું કાંઈ? યુવાન અવસ્થા એ તો જડની, માટી, ધૂળની છે. અને જુવાની તારી જરામાં ચાલી જશે. જુવાની જરામાં ચાલી જશે. એ જુવાની નહિ રહે, પ્રભુ! એ તો જડની અવસ્થા, માટીની અવસ્થા છે. આહાહા..! જુવાની... ભક્તિમાં એવું કાંઈક આવે છે, હોં! જુવાની તારી જરામાં (જવા) તૈયારી થઈ ગઈ છે. આહાહા..! વૃદ્ધાવસ્થા થવાની તૈયારી થઈ ગઈ, પ્રભુ! એ તો જડની અવસ્થા છે. તારે શું છે? જુવાન અવસ્થાની ચેષ્ટાઓ જોઈને તું એમ ન માન કે આ મારી ચેષ્ટા છે. આહાહા..! ઈન્દ્રિઓ આદિના વિષયમાં ચેષ્ટા થાય છે એ તો જડની અવસ્થા છે, પ્રભુ! તારી નથી, તેં નથી કરી. આહાહા..!

અહીંયાં તો જન્મની વાત નથી લીધી. પહેલા ૭૦મી ગાથામાં આવી ગયું. જન્મ-જરા-મરણ નહિ. એમ આવ્યું હતું. વર્ણ નહિ. અહીં તો જન્મ્યા પછી વૃદ્ધા અવસ્થા અને મરણનો ભય ન કર. એ માટે આ ગાથા લીધી છે. સમજાણું કાંઈ?

**'ઐસા જાનકર ભય મત કર, તૂ અપને ચિત્તમેં ઐસા સમજ...'** આહાહા..! **'કિ જો**

**કોઈ જરા-મરણ રહિત અખંડ પરબ્રહ્મ હૈ,...**' આહાહા..! જોયુ! અખંડ, હોં! પર્યાયમાં પણ ખંડ છે, ભેદ છે. આહાહા..! '**જરા-મરણ રહિત...**' પ્રભુ અંદર અખંડ પરમબ્રહ્મ પરમાત્મા (છે). એ 'પરમાત્મપ્રકાશ' છે માટે અખંડ બ્રહ્મ કીધું. શબ્દ ફેરવીને. મૂળ તો 'પરમાત્મપ્રકાશક' કહેવું છે. પરમાત્મસ્વરૂપ જ તારું છે. આહાહા..! '**અખંડ પરબ્રહ્મ હૈ, વૈસા હી મેરા સ્વરૂપ હૈ,...**' જેવું અખંડ પરમબ્રહ્મ છે એવું જ સ્વરૂપ છે. અથવા '**શુદ્ધાત્મા સબસે ઉત્કૃષ્ટ હૈ,...**' પરમ શબ્દ પડ્યો છે ને? '**परु**' એમ શબ્દ છે ને? '**अजरामरु बंभु परु**' '**परु**' નામ ઉત્કૃષ્ટ. હું સૌથી ઉત્કૃષ્ટ, પર્યાયથી પણ ઉત્કૃષ્ટ હું શુદ્ધાત્મા છું. અથવા પરાત્મા-પરમાત્મા. પરા એટલે ઉત્કૃષ્ટ, મા એટલે લક્ષ્મી. પરમાત્મા. પરમાર્થ. પરમાર્થ છે ને શબ્દ? એમાં ત્રણ અર્થ છે. પરા-મા-અર્થ. પરા એટલે ઉત્કૃષ્ટ, મા એટલે લક્ષ્મી. મારી ઉત્કૃષ્ટ લક્ષ્મી જ્ઞાનાદિ એવો હું છું. એવો હું અર્થ છું. પરમાર્થ આત્મા આવો છે. એનો અર્થ-પરા એટલે ઉત્કૃષ્ટ, મા એટલે લક્ષ્મી. મારી ઉત્કૃષ્ટ લક્ષ્મી એવો અર્થ એટલે પદાર્થ હું છું. આ તમારી ધૂળની લક્ષ્મી નહિ. શેઠ! એય..! 'પોપટભાઈ'! આ બધા પૈસાવાળા બેઠા છે. કરોડોપતિ. ભાઈ ગયા? બેઠા છે. ઠીક. એ જવાના છે. 'રાજકોટ'ના શેઠ છે ને, 'રતિભાઈ'. એ કરોડપતિ છે. આ કરોડપતિ છે. એ 'રામજીભાઈ' .. એ 'રાજકોટ'ના છે. એ બેઠા. એ કરોડપતિ છે. કણબી.

મુમુક્ષુ :- પુણ્યને લીધે પુણ્યનો ઠાઠ છે?

ઉત્તર :- પુણ્યનો ઠાઠ જડનો ઠાઠ છે. બધો વિષ્ટાનો ઢગલો છે. આહાહા..! ભગવાન અમૃતનો સાગર, એની પાસે તો રાગને પણ ઝેર કહ્યો છે. શુભરાગ, હોં! આહાહા..!

પરમબ્રહ્મ ભગવાન પૂર્ણાનંદનો નાથ... આહાહા..! એ '**શુદ્ધાત્મા સબસે ઉત્કૃષ્ટ હૈ,...**' પરા. '**परु**' શબ્દ છે ને? ઉત્કૃષ્ટ છે અને મા (અર્થાત્) પોતાની આનંદ આદિ લક્ષ્મીથી ભરેલો આત્મા છે. એવો પરમાર્થ, પરમ-અર્થ એવો પદાર્થ છે એ. આહાહા..! સમજાણું કાંઈ? સંસ્કૃત ટીકામાં એમ છે. એમાં તો છે પણ એમાં સર્વોત્કૃષ્ટ લક્ષ્મી અને... એ છે ને? કળશટીકા-કળશટીકા. 'કળશટીકા'માં. ના, 'તત્ત્વજ્ઞાનતરંગણી' નહિ. 'અધ્યાત્મ તરંગિણી'. 'તત્ત્વજ્ઞાન તરંગણી' પણ વાંચ્યું છે. પણ એમાં બહુ સ્પષ્ટ નથી. 'તત્ત્વજ્ઞાન તરંગણી'માં સ્પષ્ટ નથી. જેમ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં સ્પષ્ટ વાત છે એવી એમાં નથી. થોડી નિમિત્તથી વાત લગાડે. 'ગોમ્મટસાર'. કેવું?

'મોક્ષમાર્ગપ્રકાશક'. ઓહોહો..! 'ટોડરમલ' આચાર્યકલ્પ. એકવાર 'કૈલાસચંદજી' કહેતા હતા, મહારાજ! આ શબ્દ જે છે એ કયા શાસ્ત્રમાં છે? કોનું સ્પષ્ટીકરણ કરેલું છે? ભાઈ અમને નવરાશ નથી. 'કૈલાસચંદજી'. એમ કે .. કહ્યું હતું ને કે જેટલું 'ટોડરમલે' કહ્યું છે, એમાં બધા શાસ્ત્રનો આધાર છે. ભલે લખ્યું નથી ત્યાં. તો કહે, મને આધાર બતાવો. મેં કીધું, એટલી બધી અમને ફુરસદ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૮, મંગળવાર
## તા. ૦૩-૦૮-૧૯૭૬, ગાથા-૭૧-૭૨, પ્રવચન નં. ૫૨

.. એને અહીં પરમાત્મા કહે છે. પોતાનો આત્મા, હોં! '**શુદ્ધાત્મા સબસે ઉત્કૃષ્ટ હૈ,...**' નિમિત્તથી ભિન્ન છે, વ્યવહારના રાગથી ભિન્ન છે અને એક સમયની પર્યાયથી પણ ભિન્ન છે. આહાહા..! એવો ભગવાન શુદ્ધાત્મા, ઉત્કૃષ્ટ પોતાની લક્ષ્મી સંપન્ન '**ઐસા તૂ અપના સ્વભાવ જાન.**' એવો તું પોતાનો સ્વભાવ અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતપ્રભુતા એવી તારી લક્ષ્મી અંદર છે. '**ઐસા તૂ અપના સ્વભાવ જાન.**' આહાહા..! નિમિત્તને જાણ એમ નથી કહ્યું, રાગને જાણ એમ નથી કહ્યું, પર્યાયને જાણ એમ નથી કહ્યું. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો છે. જેની સન્મુખ જોઈને, જેની સન્મુખ થતાં જે આનંદ આવે, એ આનંદ આગળ ઈન્દ્રોના ઈન્દ્રાસન અને ઈન્દ્રના ભોગ સડેલા તરણા જેવા લાગે. આહાહા..! સમજાણું કાંઈ? કરોડો ઈન્દ્રાણી, જેને અનાજના ખોરાક નહિ, મનુષ્યણી અને તિર્યંચણીને અનાજનો ખોરાક છે. અનાજ વિના શરીર થોડું ઢીલું પડી જાય, મોળું પડી જાય, હિન પડી જાય. ઈન્દ્રાણીને તો અનાજ ખાધા વિના એના કંઠમાંથી અમૃત વરસે છે, એવી ઈન્દ્રાણીનો ભોગ, પરમાનંદ સ્વભાવ એવો તું જાણ, તો એ ભોગ પણ સડેલા કુતરા, મીંદડા અને બિલાડા, સડેલા છે એમ તને લાગશે. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહ્યું છે ને?

'**ઐસા તૂ અપના સ્વભાવ જાન.**' ભગવાનનો ભગવાન પાસે રહ્યો. પોતાનો સ્વભાવ એકલો આનંદ, એકલો ચિદ્રૂપ, જ્ઞાનરૂપ જેનો સ્વભાવ (છે), એને તું પોતાનો સ્વભાવ જાણ અને ત્યાં દૃષ્ટિ દે. આહાહા..! કરવું હોય તો આ કરવાનું છે. સમજાણું કાંઈ? લાખ શાસ્ત્ર ભણ્યો હોય પણ કરવાનું તો આ છે. આહાહા..! શિવભૂતી અણગાર. શિવભૂતિ આવે છે ને? ગુરુએ કહ્યું, માતુષ-મારુષ. પ્રભુ! તું આત્મા છો. કોઈ પ્રત્યે દ્વેષ ન કરવો, કોઈ પ્રત્યે પ્રીતિ, સંતોષ પ્રીતિ ન કરવી. એટલા શબ્દ પણ યાદ ન રહ્યા. પણ આત્મા અંદર યાદ રહ્યો. સમજાણું કાંઈ? 'શિવભૂતિ' આવે છે. તુષમાષ. એ દાખલો તો શ્વેતાંબર પણ આપે છે, છે તો દિંગબરના. શ્વેતાંબર પણ તુષમાષનું દૃષ્ટાંત આપે છે. એને ખબર નથી.

મા તુષ, મા રુષ. તુષ એટલે પર સાથે પ્રીતિ ન કરવી, રોષ ન કરવો. બસ, એટલે કે વીતરાગતા કરવી, એમ કહ્યું હતું. એટલા શબ્દ યાદ ન રહ્યા. કોઈ સ્ત્રી અડદને ધોતી હતી. એના સફેદ ફોતરા કાઢતી હતી અને સફેદ દાળ અલગ કરતી હતી. બીજી સ્ત્રીએ પૂછ્યું, બા! માં! શું કરો છો? બહેન! કે માષ તુષ. માષ એટલે અડદ ને તુષ એટલે ફોતરાથી જુદા

કરું છે. આહાહા..! અડદની દાળને ફોતરાથી જુદા કરું છું, એટલું સાંભળીને... એને ભાષા યાદ નહોતી. સાંભળીને ઓહો...! મારી ચીજ અડદની દાળ જેવી સફેદ એવો આનંદકંદ ભિન્ન હું છું અને પુણ્ય-પાપના વિકલ્પ છે એ ફોતરા સમાન ફોતરા છે. અમારી કાઠિયાવાડી ભાષામાં ફોતરા કહે છે. છિલકા. આહાહા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ ફોતરા છે. લોકો એમ કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય છે. પ્રભુ! એમ છે નહિ. તું છેતરાઈ જાઈશ. ભવ ચાલ્યો જશે, ભાઈ!

મુમુક્ષુ :- ઠગાઈ જાઈશ.

ઉત્તર :- ઠગાઈ જઈશ. એ નહિ? છેતરાય જાય એમ નથી કહેતા ? ઠગાઈ જાય કહે છે. છેતરાય જાય એમ નથી કહેતા? છેતરે છે એમ હિન્દીમાં નથી આવતું. ઠગાવું. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એકવાર પ્રભુ સાંભળ તો ખરો. 'પરમાત્મપ્રકાશ' છે. તારી ચીજ તો અનંત આનંદ અને અનંત જ્ઞાનથી ભરેલો તારો સ્વભાવ પ્રભુ છે ને. તારી આનંદની દશા પ્રાપ્ત કરવામાં પરની અપેક્ષા નથી. આહાહા..! રાગ પણ, વ્યવહારરત્નત્રયનો રાગ પણ દુઃખરૂપ છે. આહાહા..! એની પણ તને આનંદની પ્રાપ્તિમાં મદદ-સહાય નથી. આહાહા..! વ્યવહારને અંતરનું નિમિત્ત કહે છે. બીજી બહારની પર્યાયને બાહ્ય નિમિત્ત કહે છે. પણ એ નિમિત્તથી અંદર થતું નથી. જે પોતાની પરિણતિ પર્યાય જે છે એમાં બીજી ચીજ નિમિત્ત હોય, પણ નિમિત્તથી પર્યાય ઉત્પન્ન નથી થતી. એવું વસ્તુનુ સ્વરૂપ છે. એમ અંતરમાં નિમિત્ત, વ્યવહારરત્નત્રય દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ... આહાહા..! એ પણ ફોતરા છે. એ તારી ચીજમાં નથી. અને તારી સન્મુખ થવામાં એની સહાયતા નથી. આહાહા..!

વાત એમ છે કે અંતરની ચીજની એને મહિમા આવતી નથી. જેમ પર ચીજ બાહ્યની મહિમા આકર્ષણ કરે છે, એવું અંતર સ્વરૂપનું એને આકર્ષણ નથી. આહાહા..! બહારની ચીજ અનુકૂળ શરીર દેખે જુવાન, હાડકા, માંસ રૂપાળા સુંદર અને લક્ષ્મી હોય અને સારું ભોજન કરતો હોય, બસ, ઓહોહો..! અને હાથી ઉપર બેઠો હોય. આહાહા..! એને એનું આકર્ષણ થાય છે. આહાહા..! એ ચીજ નથી, પ્રભુ! તારો આનંદનો નાથ હાથી એના ઉપર બેસ, એનું આકર્ષણ કર. આહાહા..! પંડિતજી! એવું છે, ભગવાન! આહાહા..! પ્રભુ! તું કોણ છો? એ કહે છે.

**'ઐસા તૂ અપના સ્વભાવ જાન. પાંચ ઈન્દ્રિયોંકે વિષયકો...'** આહાહા..! અહીં તો પરમાત્મા ભગવાનની વાણી અને પરમાત્માને ઈન્દ્રિય કહેવામાં આવે છે. ઈન્દ્રિયનો વિષય છે તો ઈન્દ્રિય કહેવામાં આવ્યું છે. આહાહા..! ત્રણલોકના નાથની વાણી દિવ્યધ્વનિ પરદ્રવ્ય છે ને? તો પરદ્રવ્યને ત્યાં 'સમયસાર'ની ૩૧ ગાથામાં ઈન્દ્રિય કહ્યું છે. છે તો ઈન્દ્રિયનો વિષય, તો વિષયને પણ ઈન્દ્રિય કહી દીધી છે. આહાહા..!

મુમુક્ષુ :- ઈન્દ્રિયને પણ વિષય કહે છે?

ઉત્તર :- ઈન્દ્રિય તો છે પણ એ ઈન્દ્રિયનો વિષય છે. વિષયને ઈન્દ્રિય કહી દીધી. એમ કહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ-નહિ. એ ત્રણેને ઈન્દ્રિય કહ્યું. ભાવઈન્દ્રિય, જે અંદર જ્ઞાનના ક્ષયોપશમનો અંશ એક એક ઈન્દ્રિયના એક એક વિષયને જાણે એ પણ ભાવઈન્દ્રિય જ્ઞેય છે, ખંડ ખંડ છે. એ જ્ઞાયકનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? જે ખંડ ખંડ જણાવે છે, ભાવ ઈન્દ્રિય, હોં! આ તો જડ છે, પણ જે ભાવ ક્ષયોપશમ જ્ઞાનનો અંશ છે, એક એક ઈન્દ્રિય એક એક વિષયને જાણે. એનો અર્થ? પોતાના અખંડ જ્ઞાનને ખંડ ખંડ જણાવે છે. તો એ પણ પરજ્ઞેય છે. આહાહા..! પોતાનું જ્ઞાયક-જ્ઞેય એ નહિ. સમજાણું કાંઈ? અને દ્રવ્ય ઈન્દ્રિય આ જડ. આ તો જડ પ્રત્યક્ષ છે, આ તો માટી છે.

જીવન હોવા છતાં આંખે આંધળો થઈ જાય, કાને બહેરો થાય. આહા..! એ તો જડ છે. જડમાં ખામી થવાથી મારામાં ખામી થઈ, એ મોટી વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિય જડનું કામ, નિમિત્તને જાણવા આદિમાં ન કરે તો મારા અવયવમાં ખામી આવી. એમ માનનારે ઈન્દ્રિયને પોતાના અવયવ માન્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતાનો અવયવ તો ભગવાન ત્રિકાળ આનંદસ્વરૂપ છે એ તરફ વળીને નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે એ આત્માનો અવયવ છે. એ અવયવ છે. આ અવયવ તો જડના છે. અવયવી શરીર અને પાંચ ઈન્દ્રિયના ફાંકા એ એના અવયવ-ભાગ છે. આહાહા..!

કહે છે '**પાંચ ઈન્દ્રિયોંકે વિષયકો...**' એ વિષય નામ ભગવાનની વાણીનું પણ લક્ષ છોડી દે. આકરું છે. લોકોને એવું લાગે કે વ્યવહારનું.. એમ કે આવા ત્રણલોકના નાથની ભક્તિ એ પણ રાગ! અને ભગવાન તરફ લક્ષ જાય છે એ પણ રાગ! બાપુ! પ્રભુ! એ તો પરદ્રવ્ય છે ને? સમજાણું કાંઈ? મોક્ષપાહુડમાં તો એમ લીધું છે. ૧૬મી ગાથામાં કહ્યું હતું ને? '**परदव्वादो दुग्गइ**' એવો પાઠ છે. '**परदव्वादो दुग्गइ**' ત્રણલોકના નાથ એમ કહે છે કે અમારી તરફ લક્ષ કરવાથી તારી દુર્ગતિ થશે. દુર્ગતિ એટલે રાગ થશે. એ ચૈતન્યની ગતિ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન આવ્યું? બહુ સ્પષ્ટ કરાવે છે.

એમ આવ્યું, ભગવાન 'અષ્ટપાહુડ'માં કહે છે. મોક્ષ અધિકારની ૧૬મી ગાથા છે. '**परदव्वादो दुग्गइ**' મોક્ષ છે ને? મોક્ષનો અધિકાર છે ને એ ? તો મોક્ષની પર્યાય પરદ્રવ્યને આશ્રયે નથી થતી. તેમ મોક્ષનો માર્ગ પણ પરદ્રવ્યને આશ્રયે નથી થતો. પરદ્રવ્યને આશ્રયે તો દુર્ગતિ અર્થાત્ મોક્ષનો માર્ગ જે સુગતિ છે, એનું ફળ મોક્ષ સુગતિ છે, એનાથી પરદ્રવ્યનું લક્ષ કરવાથી રાગ (થાય છે) એ દુર્ગતિ છે. રાગથી તો ગતિ મળે છે. ગતિ એ દુર્ગતિ છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! સમજાય છે કાંઈ? એ ચૈતન્યહીરો એણે

પરખ્યો નહિ. 'પરખ્યા માણેક મોતી, પરખ્યા હેમ કપુર, એક પ્રભુ આત્મા પરખ્યો નહિ કેવી એ ચીજ છે' સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, પંચેન્દ્રિયના વિષયને લક્ષમાંથી છોડી દે. આહાહા..! '**और समस्त विकल्पजालोंको छोडकर...**' વિકલ્પજાળ કહ્યું, જુઓ! વ્યવહારરત્નત્રય પણ વિકલ્પજાળ છે. સમજાણું કાંઈ? આહાહા..! પ્રભુ! તને તારા ઘરમાં લઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ભજનમાં આવે છે ને? નહિ? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પર ઘર ભમત અનેક નામ ધરાયે.' હું પુણ્યવંત છું, હું પાપી છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું. 'પર ઘર ભમત ઐસા નામ ધરાયા.' એ ચીજ તારી નહિ. આહાહા..! હું પુણ્યવંત, હું પુણ્યનો કરનાર છું, એ બધી પરઘરની ભ્રમણા છે. 'નિજઘર કબહુ ન આયે.' તારી ચીજ આનંદનો નાથ પ્રભુ, જેની નજર કરવાથી આનંદ આવે છે અને પરદ્રવ્ય પર નજર કરવાથી દુઃખ થાય છે. લ્યો! ભગવાન અને ભગવાનની વાણી, એ તરફ લક્ષ કરવાથી રાગ થાય છે. રાગ થાય છે, દુઃખ થાય છે.

મુમુક્ષુ :- અમારી નજર આપની તરફ છે, એ રાગ છે?

ઉત્તર :- એ રાગ છે. શેઠ ખુલાસો કરાવે છે. સાંભળવામાં પણ વિકલ્પ છે ને? ભગવાન! માર્ગ બહુ ઝીણો છે, પ્રભુ!

મુમુક્ષુ :- રાગ તો છે નહિ, દુઃખ ક્યાંથી?

ઉત્તર :- એ રાગ કહો કે દુઃખ કહો, ભગવાન!

મુમુક્ષુ :- આવે છે તો આનંદ.

ઉત્તર :- આનંદ માને છે. છે ક્યાં? આહાહા..!

બાળક હોય છે ને? છ મહિનાનું બાળક હોય અને એની માતાએ જેઠ માસમાં ડબલ દૂધ પાયું હોય, દૂધ બહુ પાયુ હોય. પછી એને દિશા થઈ જાય-જંગલ, શેરણું. દસ્ત થઈ જાય. ઠંડું. તો ગરમીના દિવસમાં એને ઠંડુ લાગે. સાંભળ્યું છે? જોયું છે? એ ચાટે. મજા છે ને? ઘણી વાર દૃષ્ટાંત આપીએ છીએ. બાળક બેઠું હોય ને? અને શેરણું થઈ જાય. દૂધ એક-બે વાર વધારે પીવાય અને ગરમીના દિવસો હોય તો દસ્ત થઈ જાય. નગ્ન શરીર હોય. બાળક છે ને? તો એને આમ ઠંડુ લાગે. હાથ લગાડે તોપણ ઠંડુ લાગે. આમ ચાટે. આહાહા..! એમ ભગવાન રાગનો ભોગ એ વિષ્ટાનું ચાટવું છે. સમજાણું કાંઈ? રાગમાં મજા એવી છે. એ વિષ્ટા ચાટે અને મજા માને એવી મજા છે. આહાહા..!

આનંદનો નાથ પ્રભુ, જેનો અનાદર કરીને રાગના પ્રેમમાં ફસાણો એ વ્યભિચારી જીવ છે. સમજાણું કાંઈ? પરસ્ત્રીનો વ્યભિચારી એ તો સ્થુળ વ્યભિચાર છે. અહીંયાં તો રાગના એકત્વમાં મજા માને એ વ્યભિચારી છે. મિથ્યાદૃષ્ટિ વ્યભિચારી છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, પ્રભુ! તારી ચીજમાં આનંદ તો પડ્યો છે ને, નાથ! એ તરફનો ઝુકાવ છોડીને પરમાં ઝુકાવ (કરે છે).

અહીં તો એ કહે છે કે '**विकल्पजालोंको छोडकर...**' આહાહા..! તને રાગમાં ઠીક લાગતું

હોય તો એ છોડી દે, પ્રભુ! ભગવાન! તને કલંક છે. સમજાણું કાંઈ? જેનાથી ભવ મળે એ ભવ કલંક છે જીવમાં. 'યોગસાર'માં આવ્યું છે. શરમજનક જન્મો. આહાહા..! માતાના સ્તનના દૂધ પીવા એ કલંક છે. આહાહા..! પ્રભુ! તારામાં આનંદ પડ્યો છે ને. જેમ ગાય અને ભેંસની આઉ હોય છે ને? એમાં દૂધ ભરેલું છે. એ કાઢે છે. કાઢવાની પણ એક કળા હોય છે. આમ ન કાઢે, આમ કાઢે. અહીં ખાડો હોય ને ત્યાં રાખે. આમ કાઢવાથી અહીં ચાંદા પડી જાય છે તો એની ભેંસના શું કહેવાય એ? આંચળ. એમાં ચાંદા પડી જાય. સમજાય છે કાંઈ? અમે તો બહું જોયું છે. અમારી બહેનના ઘરે ભેંસ હતી ને તો બહેન કરતી હતી. 'ગારિયાધાર' માં એક વર્ષ રહ્યા હતા. નાની ઉંમરની વાત છે. તેર વર્ષની ઉંમરની. ૮૭ વર્ષ પહેલા. આ તો ૭૪ વર્ષ પહેલાની વાત છે. ત્યારે બહેન હતા, 'ગારિયાધાર'. એ આમ ખેંચે.

એમ ભગવાનઆત્મામાં આનંદની આઉ ભરી છે. એમાં એકાગ્ર થઈને અંદરથી દૂધને ખેંચને. પ્રભુ! તારી ૠદ્ધિ તારી પાસે છે ને? પાસે છે શું તું જ છો. આહાહા..! સમજાણું કાંઈ? આ બધા કરોડપતિઓ દુઃખી છે, હોં! 'પોપટભાઈ' કહે છે કે અમે સુખી હોય તો કેમ અહીં આવીએ? એમ કહે છે.

મુમુક્ષુ :- એને દુઃખી કહો છો.

ઉત્તર :- ના, ઈ કહે છે. આકુળતા છે. ઈ 'હસમુખ' સામે જોવું ને ઓલો આટલા પૈસા પેદા કરે... (એ બધી) આકુળતા છે. ગૃહસ્થ છે. શું થયું ધૂળમાં?

અહીંયાં તો અનંત લક્ષ્મી પડી છે. કરોડમાં કરોડ અને અબજ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ ચાવી આપી દો.

ઉત્તર :- આ ચાવી.

ભગવાન! તારી ચીજની સન્મુખ તારે સન્મુખ થવાનું છે ને, પ્રભુ! કરનારે કરવાનું છે ને . કોઈ ભગવાન કરી દે? અને જે પર્યાય એની છે તો પર્યાયવાનમાંથી પર્યાય નીકળે છે. સમજ્યા? આહા..! એક શબ્દ નથી આવતો? 'નિયમસાર'માં આવે છે. પર્યાયવાન દ્રવ્ય. (ગાથા) ૧૫. પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાય સ્વભાવવાળો હોય છે. શું કહે છે? પર્યાયી એવો આત્મા. પર્યાયી એવો આત્મા. એના જ્ઞાન વિના આત્મા પર્યાય સ્વભાવવાળો હોય છે. રાગ-દ્વેષ આદિ પર્યાય પોતાની છે એમ માનનારા છે. આહાહા..! સમજાણું કાંઈ? ... પર્યાયી આત્માના... આહાહા..! પર્યાયવાળા આત્માના, પર્યાયસ્વરૂપ આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાય સ્વભાવવાળો હોય છે-પર્યાય દૃષ્ટિવાળો હોય છે એમ કહે છે. રાગવાળો અને એક સમયની પર્યાયવાળો એનાથી ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ? 'નિયમસાર', 'પ્રવચનસાર' બધામાં એક એક ગાથાએ દરિયા ભર્યા છે. લોકોને અભ્યાસ જોઈએ. ઓલો અભ્યાસ કરે મેટ્રીક અને એલ.એલ.બી. માટે કેટલા વર્ષ કરે છે. પાપ છે, અજ્ઞાન છે એકલું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભણવાથી એને લક્ષ થાય છે. શાસ્ત્ર લક્ષ કરાવે છે. અંતરમાં જવું એટલું લક્ષ કરાવે છે. પણ એ લક્ષથી અંદર નથી જવાતું. શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે. એવો પાઠ છે. 'આનંદઘનજી' કહે છે. સમજાણું કાંઈ? શાસ્ત્ર દિશા દેખાડી દૂર રહે. અને 'શ્રીમદ્'માં આવે છે. છેલ્લે આવે છે. 'લક્ષ થવાને તેહનો.' 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' ફક્ત લક્ષ કરાવવા. આ તો લક્ષનો પ્રશ્ન હતોને. એ લક્ષ એટલે એના ખ્યાલમાં આવે પરલક્ષી એટલી વાત. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' એના ખ્યાલમાં એ આવે કે આ શાસ્ત્ર એમ કહે છે કે તારી દૃષ્ટિ લક્ષ ત્યાં લઈ જા. એવું લક્ષ કરાવે, બસ, એટલું. પણ એનું લક્ષ છોડી અંદરમાં જાય તો લક્ષ થયું એમ કહેવાય. 'અમરચંદભાઈ'! ભાઈ! માર્ગ આ તો વીતરાગનો છે. હમણા કહેશે. ૭૨ ગાથામાં. ભવ-તીર પૂરા કરવાનો રસ્તો-માર્ગ આ છે. ચોર્યાશીના અવતાર બંધ કરવા. સમજાણું કાંઈ?

અહીં તો બીજું કહેવું છે. વ્યવહારથી નિશ્ચય થાય એનો અહીં નિષેધ કર્યો છે. '**વિકલ્પજાલોંકો છોડકર...**' કહ્યું. ઓલા કહે છે કે વ્યવહારથી થાય છે. વ્યવહાર તો વિકલ્પ રાગ છે. આહાહા..! જેમ બપોરે ૮૫ (ગાથા) ચાલી કે દરેક દ્રવ્યની જે ક્રિયા છે એ બધી પરિણામસ્વરૂપ છે. અને પરિણામસ્વરૂપ છે એ પરિણામથી ક્રિયા ભિન્ન નથી. તો તો પોતાની પર્યાય પોતાથી થઈ, એમ કહે છે. કોઈ નિમિત્તથી થાય છે એમ છે નહિ. આહાહા..! એમ અહીંયાં કહે છે કે '**વિકલ્પજાલોંકો છોડકર...**' અનુભવ થાય છે. રાગના વિકલ્પથી નિશ્ચય થાય છે (એમ નથી). આ બે મોટી તકરાર છે. નિમિત્તથી થાય છે, વ્યવહારથી થાય છે અને ક્રમબદ્ધ નહિ. બસ, આટલું. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને કર્મ પાંચના વાંધા છે. આહાહા..! ભાઈ! એ વાંધામાં એક એક ખુલાસા...

એકવાર એવો નિર્ણય કર કે પર્યાય ક્રમસર થાય છે. એ વસ્તુનું સ્વરૂપ એવું છે. તો એવા ક્રમસરનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય છે. જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે ક્રમનો નિર્ણય થાય છે. ક્રમના નિર્ણયમાં પણ વ્યવહારથી લક્ષ ત્યાં ગયું એમ પણ રહ્યું નહિ. ક્રમબદ્ધનો નિર્ણય કરવામાં પાંચેયનો નિર્ણય થઈ જાય છે. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ. સમજાણું કાંઈ? ગુણ જે છે એ વિસ્તાર (સ્વરૂપ) આમ અક્રમ છે. ગાથા છે ને ૯૪? 'પ્રવચનસાર'માં. વિસ્તારક્રમ, આયતક્રમ. આયતસામાન્ય, વિસ્તાર સામાન્ય. પણ અહીં ગુણ વિસ્તાર લેવો છે. વસ્તુમાં જે અનંત ગુણ છે એ આમ વિસ્તાર અક્રમ એકસાથે (છે). પર્યાય છે એ એકસાથે ક્રમસર છે. એનો અર્થ એમ કે આગળ-પાછળ નથી. જેમ અક્રમ છે. અનંત ગુણ જેમ એક દ્રવ્યમાં અક્રમ વિસ્તારથી છે, એમ પર્યાય આયત વિસ્તાર છે.

મુમુક્ષુ :- કાળની અપેક્ષાએ લંબાઈ હોય છે.

ઉત્તર :- લંબાઈ હોય છે. પણ એ એક પછી એક થાય તેથી એને આયત કહે છે. સમજાણું કાંઈ? એ ક્રમસર છે એવો નિર્ણય કરે તો તો પર્યાયમાં ક્રમસર છે. એનો નિર્ણય પર્યાયમાં દ્રવ્યને આશ્રયે થાય છે. આહાહા..! દ્રવ્યના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય થયો તો

પાંચેયનો ન્યાય આવી ગયો. આહાહા..! નિમિત્તથી થતું નથી. કેમકે ક્રમસર પર્યાય છે. હવે ક્રમસરનો નિર્ણય કરવા દ્રવ્ય ઉપર ગયો. તો જે વ્યવહાર રાગ છે એનું લક્ષ છોડી દીધું. ત્યાં ગયો. તો વ્યવહારથી નિશ્ચય થાય છે એમ રહ્યું નહિ. અને ક્રમબદ્ધ છે એમ સાબિત થઈ ગયું. એક શબ્દમાં પાંચેયનો ખુલાસો છે. આહાહા..! પણ શું કરે? પ્રભુ! કોને કહે?

અરે..! 'શ્રીમદ્' કહેતા હતા એકવાર. ગૃહસ્થાશ્રમમાં હતા. આત્મજ્ઞાન થયું. સંસારમાં ઝવેરાતનો લાખોનો વેપાર હતો. ઝવેરાતનો. 'શ્રીમદ્ રાજચંદ્ર'. એકવાર કહેતા હતા કે, અરે..! મારા વચનનો નાદ કોણ સાંભળશે? હું જે તત્ત્વ કહું છું એ નાદ કોણ સાંભળશે? કેમકે લોકો બહારની રુચિમાં પડ્યા છે અને હું હજી ગૃહસ્થાશ્રમમાં છું. બહારના ત્યાગવાળાના વચનનું મહાત્મય હજી લોકોને લાગે. ભલે અજ્ઞાની હોય. એમ કહેતા હતા. અરે..! જ્ઞાની હતા ને. સમ્યગ્દૃષ્ટિ હતા. એકાવતારી થઈ ગયા. એક ભવ કરીને મોક્ષ જવાના છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. અત્યારે સ્વર્ગમાં છે. પોતે કહ્યું છે અને એમ જ છે.

'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે. તેથી દેહ એકધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે' એમ લાગે છે કે હજી કર્મને, રાગને ભોગવવો પડે છે. હજી રાગ પૂર્ણ છૂટતો નથી. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે.' થોડો કાળ રાગને ભોગવવો એવો કાળ દેખીએ છીએ. 'તેથી દેહ એક ધારીને....' એકાદ દેહ ભવિષ્યમાં, એ પણ મનુષ્યનો. સ્વર્ગના દેહને ગણવામાં નથી આવતો. સમજાય છે? સાધકનો ભવ મનુષ્યનો ગણવામાં આવે છે. અહીંથી તો સ્વર્ગમાં ગયા. પણ પછી 'દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' પોતાનું સ્વરૂપ અસંખ્ય પ્રદેશી ભગવાન સ્વદેશ, એમાં અમે એક ભવ કરીને સમાઈ જઈશું. લ્યો! ગૃહસ્થાશ્રમમાં હતા. એમાં શું? અંદર આત્મામાં ક્યાં ગૃહસ્થાશ્રમ છે? આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ઓલી વિકલ્પજાળ આવીને? તો વ્યવહારથી પણ નિશ્ચય થતું નથી એમ અહીં કહ્યું. વિકલ્પનું, વ્યવહારનું લક્ષ છોડીને... આહાહા..! અંતરમાં જા. પ્રભુ! '**પરમસમાધિમેં સ્થિર હોકર...**' જોયું! વિકલ્પજાળ કહ્યું એ દુઃખ છે અને આ બાજુ ગયો તો પરમસમાધિ શાંતિ છે. આહાહા..! '**પરમસમાધિમેં સ્થિર હોકર...**' શું કહે છે? ધ્યાન રાખો! '**નિજ આત્માકા હી ધ્યાન કર,...**' ત્યારે તને આત્મા ઉપાદેય થશે. આહાહા..! તારી અનુભૂતિની પરિણતિથી આત્માનો અનુભવ કર ત્યારે આત્મા અનુભવમાં આવનાર આ આત્મા એમ આવશે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો કાલે કહ્યું હતું ને? રાગના અનુભવના કાળે એકલો રાગનો અનુભવ છે. એને ભગવાનઆત્મા હેય છે. આહાહા..! સમજાણું કાંઈ? એકલો રાગનો-પુણ્યનો અનુભવ છે અને એ પુણ્યની રુચિમાં પડ્યો છે એને ભગવાનઆત્મા હેય થઈ ગયો. આહાહા..! જેને આત્મા ઉપાદેય થયો, પરિણતિમાં આત્મા ઉપાદેય થયો એને રાગ હેય છે એમ કહેવું ન પડ્યું. ભિન્ન રહી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? પ્રભુ! તારો માર્ગ આવો છે. વીતરાગનો માર્ગ કહો કે તારો માર્ગ કહો બેય એક જ છે. આહાહા..! એ ૭૧ થઈ.

अथ देहे छिद्यमानेऽपि भिद्यमानेऽपि शुद्धात्मानं भावयेत्यभिप्रायं मनसि धृत्वा सूत्रं प्रतिपादयति –

**७२) छिज्जउ भिज्जउ जाउ खउ जोइय एहु सरीरु।**
**अप्पा भावहि णिम्मलउ जिं पावहि भव–तीरु।।७२।।**

छिद्यतां भिद्यतां यातु क्षयं योगिन् इदं शरीरम्।
आत्मानं भावय निर्मलं येन प्राप्नोषि भवतीरम्।।७२।।

छिज्जउ भिज्जउ जाउ खउ जोइय एहु सरीरु छिद्यतां वा द्विधा भवतु भिद्यतां वा छिद्रीभवतु क्षयं वा यातु हे योगिन् इदं शरीरं तथापि त्वं किं कुरु। अप्पा भावहि णिम्मलउ आत्मानं वीतरागचिदानन्दैकस्वभावं भावय। किंविशिष्टम्। निर्मलं भावकर्मद्रव्यकर्मनोकर्मरहितम्। येन किं भवति। जिं पावहि भवतीरु येन परमात्मध्यानेन प्राप्नोषि लभसे त्वं हे जीव। किम्। भवतीरं संसारसागरावसानमिति अत्र योऽसौ देहस्य छेदनादिव्यापारेऽपि रागद्वेषादिक्षोभमकुर्वन् सन् शुद्धात्मानं भावयतीति संपादनादर्वाङ्मोक्षं स गच्छतीति भावार्थः।।७२।।

---

आगे जो देह छिद जावे, भिद जावे, क्षय हो जावे, तो भी तू भय मत कर, केवल शुद्ध आत्माका ध्यान कर, ऐसा अभिप्राय मनमें रखकर सूत्र कहते हैं –

**गाथा – ७२**

अन्वयार्थ :– [ योगिन् ] हे योगी, [ इदं शरीरम् ] यह शरीर [ छिद्यतां ] छिद जावे, दो टुकड़े हो जावे, [ भिद्यतां ] अथवा भिद जावे; छेद सहित हो जावे, [ क्षयं यातु ] नाशको प्राप्त होवे, तो भी तू भय मत कर, मनमें खेद मत ला, [ निर्मलं आत्मानं ] अपने निर्मल आत्माका ही [ भावय ] ध्यान कर, अर्थात् वीतराग चिदानंद शुद्धस्वभाव तथा भावकर्म, द्रव्यकर्म, नोकर्म रहित अपने आत्माका चिंतवन कर, [ येन ] जिस परमात्माके ध्यानसे तू [ भवतीरम् ] भवसागरका पार [ प्राप्नोषि ] पायेगा।। जो देहके छेदनादि कार्य होते भी राग–द्वेषादि विकल्प नहीं करता, निर्विकल्पभावको प्राप्त हुआ शुद्ध आत्माको ध्याता है, वह थोड़े ही समयमें मोक्षको पाता है।।७२।।

---

હવે દેહ છેદાઈ જાઓ, ભેદાઈ જાઓ તોપણ શુદ્ધ આત્માને ભાવ એવો અભિપ્રાય મનમાં રાખીને ગાથાસૂત્ર કહે છે :

ભાવાર્થ : અહીં જે દેહના છેદનાદિ વ્યાપારમાં પણ રાગદ્વેષાદિ ક્ષોભને નહિ કરતો જે શુદ્ધ આત્માને ભાવે છે તે જીવ શીઘ્ર મોક્ષને પામે છે. ૭૨.

## ગાથા-૭૨ ઉપર પ્રવચન

૭૨. બહત્તર કહે છે ને? કાલે આવ્યું હતું. બહત્તર. ... ભગવાનનાને? કાલે સ્તુતિમાં આવ્યું હતું. બપોરે. ૭૨. ભગવાન મહાવીરની આયુષ્યસ્થિતિ ૭૨ હતી. ૭૦ અને ૨. કાલે બપોરે સ્તુતિમાં આવ્યું હતું. ભગવાનના દેહની સ્થિતિ ૭૨ વર્ષની. આ ૭૨ ગાથા છે.

**'આગે જો દેહ છિદ જાવે,...'** એ તો જડ છે. છેદાઈ જાય તો તને શું છે? તું તો આત્મા છો. આહાહા..! **'ભેદ જાવે,...'** છેદાઈ જાયનો અર્થ કટકા થઈ જાય, ભેદ એટલે ભુક્કા આમ ચૂર્ણ થઈ જાય. **'તો ભી તૂ ભય મત કર,...'** પ્રભુ! તું ભય ન કર. તું એમાં છેદાતો નથી. 'ગીતા'માં આવે છે. ન છિદન્તી, ન ભેદન્તી. એની તો કોઈ વખતે એવી વાત કહે છે. સત્ય વાત નથી. કોઈ વખતે એમ કહ્યું. આહાહા..! આ શબ્દો આવે છે. અને આપણે નિર્જરા અધિકારમાં આવે છે. ભાઈ! નિર્જરા અધિકારમાં આવે છે. ન છેદન્તી, ન ભેદન્તી, નિર્જરા અધિકારમાં આવે છે. આચાર્ય 'કુંદકુંદાચાર્યે' જે ગાથા અને પદ બનાવ્યા, એનું અનુકરણ ઘણા પંડિત આચાર્યોએ કર્યું છે. કારણ કે એ તો ભગવાન પાસે ગયા હતા. આહાહા..!

મુમુક્ષુ :- પોતાના ભગવાન પાસે કે બીજા કોઈ ભગવાન પાસે?

ઉત્તર :- એ બીજા ભગવાન પાસે ગયા હતા એ વ્યવહાર અને પોતાના ભગવાન પાસે રહીને ગયા હતા. આહાહા..! પ્રભુ બિરાજે છે. 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે. આહાહા..! ત્યાં ગયા હતા. આઠ દિવસ સાંભળ્યું. એમાં પોતાની અપ્રતિહત... સમ્યગ્દર્શન તો પંચમ આરાના સાધુ હતા તો ક્ષાયિક નથી થતું, પણ ત્યાં ગયા તો ક્ષાયિક ન થયું પણ જોડણી ક્ષાયિક થઈ ગયું. ક્ષાયિક થશે જ. એને ક્ષયોપશમ (સમ્યગ્દર્શન) પડી જશે એમ નથી. સમજાણું કાંઈ? એ 'સમયસાર'ની ૩૮ ગાથામાં આવે છે. ૩૮માં, ૯૨માં. 'સમયસાર'ની ૩૮ મી ગાથામાં, 'પ્રવચનસાર'ની ૯૨મી ગાથામાં. ઓહોહો..! ત્યાં ગયા. ભગવાનના દર્શન કર્યા. ક્ષાયિક ન થયું. પંચમઆરાના પ્રાણી છે ને.

મુમુક્ષુ :- કાળે બાધા કરી નાખી.

ઉત્તર :- નહિ, નહિ, નહિ. એની યોગ્યતા એવી છે. પંચમઆરાના પ્રાણીની યોગ્યતા એવી છે કે કેવળજ્ઞાન અને ક્ષાયિક થતાં નથી. પોતાના કારણે, કાળને કારણે નહિ. પોતાનો સ્વકાળ એવો છે. સમજાણું કાંઈ?

અહીં તો બીજું કહેવું છે. ભગવાન પાસે ગયા હતા પણ ભલે ક્ષાયિક સમકિત ન થયું પણ અપ્રતિહત ક્ષાયિક થઈ ગયા. એ ક્ષયોપશમમાંથી ક્ષાયિક જ થશે, ફરશે નહિ. સ્વર્ગમાં ગયા છે, ત્યાંથી મનુષ્ય થઈને ક્ષાયિક કેવળજ્ઞાન પામીને મોક્ષે જશે. સમજાણું કાંઈ?

આહાહા..! અહીં તો 'નિર્જરા અધિકાર'માં એ લીધું છે. છેદન્તી, ભેદન્તી પરની દરકાર છોડી દે. આહાહા..!

અહીં એ શબ્દ છે. '**ભય મત કર, કેવલ શુદ્ધ આત્માકા ધ્યાન કર,...**' આહાહા..! શરીરના ખંડ કાળમાં, શરીરના નષ્ટ થવાના કાળે એના ઉપરથી લક્ષ છોડી દે. આહાહા..! એ તારી ચીજ નથી, તારામાં નથી, તું એમાં નથી. આહાહા..! તું તો આત્માનું ધ્યાન કર એ વખતે. આહાહા..! સમજાણું કાંઈ? બીજામાં આવે છે કે એવી કોઈ વિષયવાસના આદિ વિકલ્પ આવી જાય તો અંતરમાં સ્વરૂપનું ધ્યાન કરજે, તો છૂટી જઈશ. એમ આવે છે. સમજાણું કાંઈ? એ શાસ્ત્રમાં છે ક્યાંક. 'સમાધિતંત્ર'માં, નહિ? 'સમાધિતંત્ર'માં. ગાથા-બાથા યાદ નથી. તને વાસના આદિ થઈ જાય, છદ્મસ્થ છે, હજી વીતરાગ નથી, તો આ બાજુ ધ્યાન લગાવી દેજે. સમજાણું કાંઈ? તારી એ વિષયવાસના છૂટી જશે. આહાહા..! ભગવાન આનંદના નાથ પ્રભુનું ધ્યાન લગાવી દે. સમજાણું કાંઈ? એ કહે છે.

'**ઐસા અભિપ્રાય મનમેં રખકર સૂત્ર કહતે હૈં –**' જુઓ! આહાહા..!

**૭૨) छिज्जउ भिज्जउ जाउ खउ जोइय एहु सरीरु।**
**अप्पा भावहि णिम्मलउ जिं पावहि भव-तीरु।।७२।।**

હે ધર્માત્મા! '**હે યોગી, યહ શરીર છિદ જાવે, દો ટૂકડે હો જાવે,...**' છેદ એટલે ટુકડા થવા. '**ભિદ જાવે; છિદ સહિત હો જાવે,...**' અર્થાત્ ચૂર્ણ થઈ જાય. '**નાશકો પ્રાપ્ત હોવે,...**' અભાવ થઈ જાય. લ્યો! છેદન, ભેદન અને અભાવ. ત્રણ શબ્દ લીધા છે. ટુકડા થઈ જાય, ચૂર્ણ થઈ જાય, છિદ્ર પડી જાય કે અભાવ થઈ જાય. આહાહા..! '**તો ભી તૂ ભય મત કર, મનમેં ખેદ મત લા,...**' '**निर्मल आत्मानं भावय**' ભગવાન '**અપને નિર્મલ આત્માકા હી ધ્યાન કર, અર્થાત્ વીતરાગ ચિદાનંદ...**' આહાહા..! જુઓ! આમાં પણ આવ્યું.

'**વીતરાગ ચિદાનંદ શુદ્ધસ્વભાવ...**' ભગવાનઆત્માનો વીતરાગ ચિદાનંદ જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવ '**તથા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત...**' જુઓ! ભાવકર્મ એટલે વિકલ્પ જે વ્યવહાર છે એનાથી રહિત છે. દ્રવ્યકર્મથી તો રહિત છે. એક ચીજમાં બીજી ચીજનો અભાવ હોય છે. એક અસ્તિમાં બીજી ચીજની નાસ્તિ છે. એમ નિશ્ચયથી તો વ્યવહારરત્નત્રયના રાગની પણ સ્વભાવમાં નાસ્તિ છે. આહાહા..! સ્વભાવમાં અસ્તિ તરીકે તો આનંદનો નાથ પ્રભુ છે અને રાગની એમાં નાસ્તિ છે. નાસ્તિ છે એનાથી આત્માને લાભ થાય એમ કેમ બને? આહાહા..! આ લોકોને (ન બેસે).

'પંચાસ્તિકાય'માં આવે છે ને કે વ્યવહાર ભિન્ન સાધ્ય-સાધન. 'પંચાસ્તિકાય'માં આવે છે. એ તો નિમિત્તનું કથન છે. એ તો બપોરે કહ્યું ને? કે વ્યવહાર મોક્ષમાર્ગ નિમિત્ત અથવા સહચર દેખીને ઉપચારથી વ્યવહાર કહ્યું. એમ સાધનને, નિશ્ચય સાધન સાધનારને રાગને ઉપચારથી સહચર જોઈને નિમિત્ત હોવાથી વ્યવહાર કહેવામાં આવ્યો. એવી વાત

છે. ભિન્ન સાધ્ય-સાધનમાં પણ એવી વાત છે. પાઠ તો એવો છે. અને 'મોક્ષ અધિકાર'માં તો એમ પણ આવ્યું છે કે વ્યવહાર પ્રતિક્રમણ આદિ છે એ ક્રમે ક્રમે રાગને ઘટાડે છે. એમ આવ્યું છે. 'મોક્ષ અધિકાર'. એમ કેમ કહ્યું? રાગ (ઘટવામાં) નિશ્ચયની દૃષ્ટિ જેને થઈ એની વાત છે. અજ્ઞાનીને શુભરાગમાં અશુભરાગ ઘટે એમ છે નહિ. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધો છે. ઓલા શિષ્યે પ્રશ્ન કર્યો કે શુભ કરે છે એમાં અશુભ ઘટે છે ને? કે એ તત્ત્વજ્ઞાનપૂર્વક હોય તો તારી વાત સાચી છે. સમ્યગ્દર્શન આત્માના અનુભવ વીતરાગ સ્વભાવની પ્રતીતિ અને અનુભવ થયા હોય, એને માટે શુભભાવમાં અશુભરાગ ઘટે એ વાત બરાબર છે. પણ અજ્ઞાનીને શુભભાવમાં અશુભરાગ ઘટે (છે એમ નથી). એ તો પોતે શુભને પોતાનો માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. એને અશુભરાગ ક્યાંથી ઘટે? સમજાણું કાંઈ? એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે. અને 'સમયસાર' મોક્ષ અધિકારમાં લીધું કે નિશ્ચયરત્નત્રય સમ્યગ્દર્શન, જ્ઞાનનું ભાન થયું, પરિણમન થયું એને શુભરાગમાં ક્રમે-ક્રમે રાગ ઘટે છે એવો પાઠ લીધો છે. સમય-સમય. હળવે-હળવે ઘટે. પણ એ સમ્યગ્દૃષ્ટિની વાત છે. એની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે અને વિશેષ આશ્રય થોડો લીધો તો શુભ છે. જો થોડો આશ્રય હોત તો અશુભ થાય. વિશેષ આશ્રય લીધો તો શુભ થયો. વિશેષ આશ્રય હોય તો એકલો શુદ્ધ થઈ જાય. સમજાણું કાંઈ? તેથી હળવે-હળવે કહ્યું. પણ એ શુભભાવથી રાગ ઘટ્યો એ સ્વભાવની દૃષ્ટિવંતની વાત છે. અજ્ઞાની શુભભાવમાંથી રાગ ઘટાડીને આગળ વધે છે એ વાત ત્રણકાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, પણ લોકોને એવું કઠણ લાગે. શું થાય? ભાઈ! તારી મહિમા ન આવે અને રાગની મહિમા આવે, એ તો પ્રભુનો અનાદર છે. સમજાણું કાંઈ? શુભરાગમાં કાંઈક લાભ તો છે ને? પણ કોને?

મુમુક્ષુ :- જ્ઞાનીને તો છે.

ઉત્તર :- જ્ઞાનીને તો કહ્યું ને ઓલું અશુભ ઘટ્યો એ અપેક્ષાએ. છે એ તો દુઃખ છે, ઝેર છે. અશુભ રાગ ઘટ્યો પણ કઈ રીતે? કે બિલકુલ આત્મામાં રાગ નથી એવી દૃષ્ટિ અને અનુભવ થયો છે, એને શુભભાવમાં અશુભ ઘટ્યો છે. આશ્રયને કારણે ઘટ્યો. શુભભાવ છે એ તો ઝેર અને દુઃખ છે એને પણ. સમજાણું કાંઈ? જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય તો એવો શુભભાવ આવ્યો, એમાંથી અશુભરાગ ઘટ્યો. એ સમ્યગ્દૃષ્ટિને ધર્માત્મા ભાવલિંગી મુનિની વાત છે ત્યાં. સમ્યગ્દૃષ્ટિની વાત છે. એને શુભભાવમાં અશુભરાગ ઘટે અને ક્રમે ક્રમે અશુભ ઘટ્યું, પછી ક્રમે શુભ ઘટાડીને સ્વનો આશ્રય લેશે ત્યારે નાશ થશે. શુભરાગનો પણ નાશ થશે. પરંપરા જે કહ્યું છે... એ હમણાં આવ્યું ને? 'જગનમોહનલાલજી'નું કથન આવ્યું છે, શાસ્ત્રમાં વ્યવહારને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે. મોટો લેખ છે. કોને પણ? સમ્યગ્દૃષ્ટિ નથી એનો વ્યવહાર પરંપરા મોક્ષનું કારણ એ તો વાત જ નથી. એનો વ્યવહાર તો અનર્થનું કારણ છે. એ બાર ભાવનામાં 'કુંદકુંદાચાર્ય' આસ્રવ ભાવનામાં કહે છે. બાર ભાવના છે ને? એમાં આસ્રવ ભાવનામાં લીધું છું.

મિથ્યાદષ્ટિનો આસ્રવ પરંપરા નિંઘનું કારણ છે, અનર્થનું કારણ છે. અને સમ્યગ્દષ્ટિનો જે વ્યવહાર કહ્યો એ પરંપરા મોક્ષનું કારણ કેમ કહ્યું? કે અત્યારે અશુભરાગ ઘટ્યો છે અને પછી વિશેષ આશ્રય લઈને શુભરાગ ઘટાડશે. એ અપેક્ષાએ વ્યવહારનયને આરોપ કરીને એનાથી પરંપરા મોક્ષ થાય છે, એમ કહે છે. આહા..! રાગથી પરંપરા મોક્ષ થાય? સમજાણું કાંઈ? 'જગનમોહનલાલજી'નો મોટો લેખ આવ્યો છે. ગડબડનો. મતભેદ આવો થયો છે. એય..! પંડિતજી! આ પંડિત તો 'સોનગઢ'ના કહેવાય છે. લોકો એમ કહીને કાઢી નાખે છે. અરે..! પ્રભુ! આ કયાં કોઈની વાત છે? આ તો અંતરની વાત છે. સત્ય વાતનો ન્યાય તો આ છે. એમાં કોઈ પક્ષની વાત નથી. અહીંયાં કહે છે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ. પહેલા અશુભ ઘટ્યોને. સમ્યગ્દષ્ટિ છે, અનુભવ છે, આનંદનો અનુભવ છે તો શુભમાં અશુભ ઘટ્યો છે. આ આનંદના કારણે. શુભમાં અશુભ ઘટ્યો અને પછી શુભ ઘટાડશે.

મુમુક્ષુ :- પરંપરા મોક્ષનું કારણ...

ઉત્તર :- એ કહ્યું. એ કહ્યું. એ સાંભળ્યું છે. એ પંડિતજીએ સાંભળ્યું. એમ કે પહેલા આત્માનો અનુભવી છે, આનંદનો અનુભવ છે, નિશ્ચય મોક્ષમાર્ગ છે. એને જે શુભ છે તો વર્તમાન અશુભ ઘટ્યું અને પછી શુભ ઘટાડીને શુદ્ધ થઈ જશે. એ અપેક્ષાએ કહ્યું. અરે..! રાગ તે કાંઈ મુક્તિનું કારણ હોય? રાગ તો દુઃખનું કારણ છે, બંધનું કારણ છે. એ અબંધનું કારણ થાય? એ તો વ્યવહારનયનું ઉપચારનું કથન છે. એ પણ સમ્યગ્દષ્ટિની વાત છે. આત્માનું ભાન નથી અને વ્યવહારથી પરંપરા થઈ જશે, એવી વાત છે જ નહિ, ભગવાન! કેમકે એવો શુભભાવ તો નવમી ગ્રૈવેયકે (ગયો ત્યારે પણ થયો હતો). 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એવા શુભભાવથી તો કોઈ સમકિત થયું નહિ, મોક્ષ થયો નહિ. એ ઉત્કૃષ્ટ શુભભાવ હતો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું કર્યો? કે વ્યવહારરત્નત્રય ટાળીને નવમી ગ્રૈવેયકે ગયો એ દુઃખ હતું, રાગ હતો. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' શું કહ્યું? પંડિતજી! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ત્યારે એનો અર્થ શું થયો? કે વ્યવહારરત્નત્રય નિશ્ચય વિનાનો એકલો શુભભાવ એકલા દુઃખનું કારણ છે. આત્મજ્ઞાન હોય તો આનંદ આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભવિનું તો દષ્ટાંત લીધું છે. અમને ખબર છે. અભવિનું તો દષ્ટાંત દીધું છે. ભવિની એક વાત છે. બંધ અધિકારમાં અભવીનું દષ્ટાંત લીધું છે ને? અભવિ પંચ મહાવ્રત પાળે છે, આમ પાળે છે પણ એને મુક્તિ નથી થતી.

મુમુક્ષુ :- એ અભવિને લાગુ પડે ભવિને ન લાગુ પડે.

ઉત્તર :- હા, કહે છે ને, ખબર છે. આ તો અભવિનું તો દષ્ટાંત દીધું છે. સિદ્ધાંત તો

બેયને લાગુ પડે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભાવલિંગની વાત છે.

એ ચર્ચા થઈ હતી, (સંવત) ૧૯૯૭માં. આવ્યા હતા ને શું કહેવાય? 'શાંતિસાગર'. 'શાંતિસાગર' આવ્યા હતા. આમ પ્રકૃતિ નરમ બિચારાની, હોં! એણે અહીંયાં પ્રવચનમાં એમ કહ્યું કે બત્રીસ વાર દ્રવ્યચારિત્ર આવે તો ભાવચારિત્ર આવે. એમ કહ્યું. એ વખતે ખાનગી ... દ્રવ્યચારિત્ર તો અનંતવાર આવી ગયું. 'ગોમ્મટસાર'માં બત્રીસ વાર કહ્યું એ તો ભાવલિંગની વાત છે. 'ગોમ્મટસાર'માં. અમને ખબર છે. પણ એ બિચારાને ખબર નહિ. બિચારા માણસ નરમ, હોં! આમ તકરાર કરે એવા નહિ. 'શાંતિસાગર'. બત્રીસ વાર દ્રવ્યચારિત્ર આવે તો એકવાર ભાવચારિત્ર આવે, એમ 'ગોમ્મટસાર'માં કહ્યું છે. કીધું, એમ નથી, મહારાજ! એમ નથી. ત્યાં તો ભાવલિંગની બત્રીસ વારની વાત છે.

મુમુક્ષુ :- ભાવલિંગી કેવા હોય એનો એકાદ નમુનો તો દેખાડો.

ઉત્તર :- ક્યાં છે પણ? એમ કહે છે, તમે દેખાડો. પણ અમારામાં ક્યાં એવી શક્તિ છે. વાત સાચી છે, હોં! એમ કહે છે. તમે તો બતાવો. ભગવાન! આહાહા..! એ ચારિત્ર, બાપા! ગજબ વાત. એ પરમેશ્વર પદ છે, ભાઈ! આહાહા..! જેને ગણધર નમસ્કાર કરે એ પદ કેવું હોય, ભાઈ! 'નમો લોએ સવ્વસાહુણં' ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરનારા, એમાં 'નમો અરિહંતાણં' લખે છે. નમો લોએ સવ્વ સાહુણં. સંત! તારા ચરણમાં મારા નમસ્કાર! ગણધર કરે છે. પ્રભુ! એ નમો લોએ સવ્વ સાહુણં એ સાધુ કેવા હશે!

મુમુક્ષુ :- ગણધર કરે છે આપ શું કરો છો?

ઉત્તર :- અમે તો નમસ્કાર કરીએ છીએ. ... એ તો સામાન્ય વાત છે. આ તો ગણધર કરે છે. ચાર જ્ઞાનના ધણી તીર્થંકરના વજીર. તીર્થંકર દરબાર, રાજા, બાદશાહ એના દિવાન 'ગૌતમ' ગણધર. અહીં તો ઉત્કૃષ્ટ વાત કહેવી છે.

મુમુક્ષ :- આપ મુનિને માનો છો.

ઉત્તર :- મુનિને.. આહાહા..! મુનિના તો અમે દાસ છીએ. મુનિ તો ધન્ય મુનિ મહારાજ! પણ મુનિપણું હોવું જોઈએ ને? આહાહા..! ધન્ય અવતાર ભગવાન! મુનિપણું તો શું.. જેને અંતર અનુભવપૂર્વક આનંદની ધારા ચાલે છે. કહ્યું ને ત્યાં પાંચમી ગાથામાં? 'કુંદકુંદાચાર્ય'. અમે અમારા વૈભવથી 'સમયસાર' કહીશું. અમારો વૈભવ કેવો છે? આહાહા..! આનંદના ઝરણા જેમાં છે. એવો અનુભવ જેમાં આનંદની મહોરછાપ છે. એવો મુદ્રાછાપ પાઠ છે. આહાહા..! મુદ્રા શબ્દ છે. પાંચમી ગાથા સંસ્કૃતમાં. અમારા મોક્ષના માર્ગમાં આનંદની છાપ પડી છે. આ પોસ્ટ છાપ નથી મારતા? આ પોસ્ટ-પોસ્ટ કાર્ડમાં છાપ મારે છે ને. એમ ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે કે અમારા મોક્ષમાર્ગની વૈભવની પરિણતિમાં આનંદની મહોરછાપ પડી છે. આનંદ આવે છે. એકલા પાળીએ

છીએ, પાળીએ છીએ એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- .. બહારની અલગ વાત...

ઉત્તર :- પાંચ મહાવ્રત જુદા છે. એ તો રાગ છે, દુઃખ છે. જેને આત્માનો અનુભવ થાય એને તો આનંદની મહોરછાપ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે.

'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં નથી કહ્યું? કે ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ એકદેશ વ્યક્ત હોય છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. સમજાણું કાંઈ? અને કેવળજ્ઞાનને જ્ઞાનાદિ સર્વદેશ પૂર્ણ પ્રગટ થઈ ગયા. આહાહા..! તો છઠ્ઠે એ પ્રમાણે. ચોથે ગુણસ્થાને પણ જ્યારે જ્ઞાનાદિ એક અંશ અનંત ગુણની વ્યક્તતા વ્યક્ત થઈ છે. તો આનંદની દશા પણ એક અંશ વ્યક્ત થઈ છે. ચોથે ગુણસ્થાને. આહાહા..! સમજાણું કાંઈ? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં છે. તો છઠ્ઠા ગુણસ્થાનની શું વાત કરવી! આહાહા..! સર્વાર્થસિદ્ધના દેવ એકાવતારી એનાથી પંચમ ગુણસ્થાનની દશા અનંતગુણી ઊંચી. છઠ્ઠા ગુણસ્થાનની દશાને ગણધર નમસ્કાર કરે. અહો...! સંત! તારા ચરણમાં મારા નમસ્કાર! આહાહા..! લ્યો!

'**ભય મત કર, મનમેં ખેદ મત લા, અપને નિર્મલ આત્માકા હી ધ્યાન કર,...**' વિશેષ કહેશે.... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૯, બુધવાર
## તા. ૦૪-૦૮-૧૯૭૬, ગાથા-૭૨-૭૩, પ્રવચન નં.૫૩

૭૧. ગાથા. ભાવાર્થ. એ શબ્દ આવી ગયો. છેલ્લું થોડું રહ્યું હતું.

'**જિસ પરમાત્માકે ધ્યાનસે તૂ ભવસાગરકા પાર પાયેગા.**' એ શબ્દ રહી ગયા હતા. શું કહે છે? આત્મા પરમાત્મા સ્વરૂપ જ છે, એનો દ્રવ્ય સ્વભાવ અનંત જ્ઞાનાદિ ગુણની રાશિ છે. એ પરમાત્માનું ધ્યાન કરવાથી શરીરમાં છેદન થાઓ, ભેદન થાઓ, નાશ થાય એની ચિંતા ન કરવી, એમ કહે છે. એ તો પર વસ્તુ છે. થવાની ચીજ તો એમાંથી થશે જ. તારું ધ્યાન અને તારું લક્ષ ચિદાનંદ સ્વરૂપ ભગવાન તરફ હોવું જોઈએ. આમ વાત છે. શુદ્ધ આનંદકંદ પ્રભુ... એ કહ્યું ને? '**જિસ પરમાત્માકે ધ્યાનસે...**' આત્મા એ પરમાત્મા, હોં! બીજા પરમાત્મા નહિ. પોતાનો નિજ પરમાત્મા. '**જિસ પરમાત્માકે ધ્યાનસે...**' શબ્દ તો એમ છે ને. '**જિસ પરમાત્માકે ધ્યાનસે...**' વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ, વીતરાગ જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવ એવી જે પોતાની ચીજ છે... આહાહા..! એ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત છે. દ્રવ્યકર્મ જડ છે, નોકર્મ જડ છે. ભાવકર્મ પુણ્ય-પાપનો રાગ છે. અહીં તો એમ કહ્યું કે વ્યવહારરત્નત્રય પણ રાગ છે. એનું લક્ષ છોડીને... આહાહા..! પોતાનો શુદ્ધ ચૈતન્ય આત્મા, ત્યાં ધ્યાન લગાવ. આહાહા..! આવી વાત છે. ત્યારે તારા

ભવસાગરનો અંત આવશે. ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પરિણામથી... એ તો રાગ છે. એનાથી તો સંસાર ગતિ મળશે. ચાર ગતિ મળે. સ્વર્ગ મળે કદાચિત. પણ એ કાંઈ આત્મગતિ નથી. આહાહા..!

**ભાવાર્થ :- 'જો દેહકે છેદનાદિ કાર્ય હોતે ભી...'** કાર્ય તો એનું જડનું છે એમ કહે છે. શરીર છેદાઈ, ભેદાઈ (જાય). આહાહા..! શું કહેવાય એને? કેન્સર. કેન્સરની વ્યાધિ થાય છે ને? એ તો દેહનું-જડનું કાર્ય છે. એ કોઈ રોકી શકે નહિ, એને ટાળી શકે નહિ. છે એને છોડી દઉં. એ તરફનું લક્ષ છોડીને સ્વરૂપનું ધ્યાન કરે તો ભવનો અંત આવશે. આહાહા..! સમજાણું કાંઈ? **'જો દેહકે છેદનાદિ કાર્ય હોતે...'** હૈં. કાર્ય થાય એમ લીધું ને? એ તો જડનું કાર્ય છે. આહાહા..! છેદન-ટુકડા થાય, ભેદાઈ જાય-છિદ્ર થઈ જાય, નાશ થાય, એ બધા તો જડના કાર્ય છે. આહાહા..! એ કાર્યને આત્મા કરતો નથી, એ કાર્યને આત્મા છોડી શકતો નથી. એ તો એનું કાર્ય છે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' છે ને.

**'રાગ-દ્વેષાદિ વિકલ્પ નહીં કરતા,...'** શરીરમાં છેદન, ભેદન થવા છતાં રાગ-દ્વેષ આદિ વિકલ્પજાળ નથી કરતો. આહાહા..! **'નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ...'** શું કહે છે? કે ધ્યાન ક્યારે થાય છે? કે રાગથી રહિત નિર્વિકલ્પ ભાવ થાય ત્યારે ધ્યાન થાય છે. એમ કહે છે. આહાહા..! આકરી વાતું ભારે. અને એ નિર્વકલ્પ કાળમાં જ આત્માનું ધ્યાન થાય છે. સમજાણું કાંઈ? બાળક હો કે વૃદ્ધ હો, અંતર ભગવાન તો પૂર્ણાનંદનો નાથ છે. શરીરની ચેષ્ટા આદિ ક્રિયા એ તો બધી જડ ક્રિયા છે. આહાહા..! એનું આકર્ષણ છોડી દે. અંદર ભગવાનનું આકર્ષણ કર. એમ વાત છે. અહીં તો સમ્યગ્દર્શનનો વિષય પરમાત્મા છે ત્યાં ધ્યાન લગાવવું એમ વાત કરે છે. સમજાણું કાંઈ?

**'નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ શુદ્ધ આત્માકો ધ્યાતા હૈ,...'** ભાષા કેવી છે. **'નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ શુદ્ધ આત્માકો ધ્યાતા હૈ,...'** એમાં છે. સમજાણું કાંઈ? વિકલ્પરહિત, રાગરહિત નિર્વિકલ્પ ધ્યાનથી **'નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ શુદ્ધ આત્માકો ધ્યાતા હૈ,...'** આહાહા..! રાગરહિત ભાવ થાય છે ત્યારે શુદ્ધાત્માને ધ્યાવે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! 'દ્રવ્યસંગ્રહ' ૪૭ ગાથામાં કહ્યું ને એ? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ સ્વરૂપના ધ્યાનના કાળે પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'દ્રવ્યસંગ્રહ' 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' ૪૭ ગાથા. ૪ અને ૭. સેંતાલીસ કહે છે? **'दुविहं पि मोक्खहेउं'** નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, સત્ય ચારિત્ર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. આહાહા..! સ્વરૂપ તરફનું વલણ અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા, જેમાં આનંદની અલ્પતા નથી, જ્ઞાનની અલ્પતા નથી, વિકારતા તો નથી, આહાહા..! શરીરાદિ સંયોગ તો નથી. વિકાર નથી અને અલ્પજ્ઞ, અલ્પદર્શી, અલ્પવીર્ય એ પણ જેમાં નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન ધ્યાનમાં મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય એમ કહે છે. આહાહા..! કારણ કે ત્રિકાળી ભગવાન તરફ નિર્વિકલ્પ

ધ્યાનમાં જ્યારે આવ્યા ત્યારે ત્યાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત થાય છે. આવી વાત છે.

હવે એને લોકો આ વ્યવહારથી થાય.. વ્યવહારથી થાય (એમ કહે છે). એનો તો અહીં નિષેધ કરે છે. વ્યવહારથી થતું જ નથી. વ્યવહાર તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! પહેલા જ્ઞાનમાં નિર્ણય તો કરે કે સત્ય ચીજ તો આ છે. જ્ઞાનમાં વિકલ્પથી નિર્ણય કર્યા વિના અંદર સત્યમાં ક્યાંથી જઈ શકે? જ્યાં સત્યનો નિર્ણય નથી, વિકલ્પથી, કે ભગવાન પૂર્ણાનંદનો નાથ છે, પોતાનું સ્વરૂપ જ ઈ છે, એ બાજુ ઢળવું એ નિર્વિકલ્પ ધ્યાનમાં જ ઢળવું થાય છે. આહાહા..! અને એ નિશ્ચય મોક્ષમાર્ગ સ્વરૂપના ધ્યાનના કાળે પ્રાપ્ત થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અને વ્યવહારમોક્ષમાર્ગ પણ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદનું દળ (તેના ધ્યાનમાં પ્રગટ થાય છે). આહાહા..!

જેમ શક્કરકંદ હોય ને? શક્કરકંદ નથી કહેતા? શક્કરિયા કહે છે. શક્કકંદ છે એમાં પાતળી લાલ છાલ છે એનું લક્ષ છોડી દ્યો તો આખું શક્કરિયું શક્કર નામ સાકરના પિંડથી ભરેલો છે. સાકરની મીઠાશનો પિંડ ભરેલો છે. એ કારણે શક્કરકંદ કહે છે. સમજાણું કાંઈ? એ થોડી લાલ છાલ છે, એનું લક્ષ છોડી દે તો શક્કરિયું સાકરની મીઠાશનો પિંડ એ છે. સાકરનું દળ છે. આહાહા..! એમ ભગવાન પુણ્ય-પાપના વિકલ્પની છાલનું લક્ષ છોડી દે. આહાહા..! માર્ગ બહુ.. અલૌકિક માર્ગ છે, ભાઈ!

એ વિકલ્પની છાલ છોડી દે તો પાછળ આખો આત્મા આનંદકંદ છે. એ તો એકલા અતીન્દ્રિય આનંદનું દળ છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદનું દળની પ્રતીતિ કોને થાય છે? એનો સ્વીકાર ક્યારે થાય છે? કે નિર્વિકલ્પ ધ્યાનમાં એનો સ્વીકાર થાય છે, એમ કહે છે. આહાહા..! આ નિશ્ચય-નિશ્ચય લોકોને આકરું લાગે છે ને. પણ માર્ગ તો આ છે, પ્રભુ! ભવપાર થવાનો ઉપાય તો આ છે. અંતરના સ્વરૂપમાં નિર્વિકલ્પના ધ્યાનના કાળે આત્મા પ્રાપ્ત થાય છે અને નિર્વિકલ્પ ધ્યાન જ નિશ્ચયમોક્ષમાર્ગ છે. સાથે જે અબુદ્ધિપૂર્વકનો થોડો રાગ રહે છે એને આરોપ કરીને મોક્ષનો વ્યવહારમાર્ગ કહ્યો. ધ્યાનમાં પ્રાપ્ત થયો એને. એકલા વ્યવહાર કરતા કરતા થશે એ વાતથી અત્યારે ઘણી ગડબડ ચાલે છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો એમ કહ્યું, વસ્તુ ભગવાન એકલો જ્ઞાનનો પ્રકાશરૂપી સૂર્ય છે એ. જ્ઞાનના નૂરના તેજનું પૂર છે એ. ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવ, એનું નૂર નામ તેજ, એનો પૂર-પ્રવાહ છે. ધ્રુવ પ્રવાહ કહેવો છે, હોં! ધ્રુવને પ્રવાહ કહે છે. પૂર્ણ જ્ઞાનરૂપી ધ્રુવ, એનું પૂર એનો પ્રવાહ. પૂર્ણ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ધ્રુવ પ્રવાહ ચાલ્યો જાય છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ વીતરાગી પર્યાયથી થાય છે. વીતરાગનો માર્ગ રાગથી હોતો નથી. આહાહા..! અને વીતરાગી માર્ગ ચારેય અનુયોગનો સાર તો વીતરાગભાવ છે. વીતરાગમાર્ગમાં ચારેય અનુયોગનો સાર વીતરાગ પર્યાય-ભાવ છે. એ વીતરાગભાવ ક્યારે થાય છે? કે સ્વરૂપ તરફ સ્વનો આશ્રય કરે ત્યારે એને વીતરાગભાવ પ્રગટ થાય છે. એનો અર્થ કે ચારેય અનુયોગમાં સ્વનો આશ્રય કરવો એ

તાત્પર્ય છે. એ અહીં બતાવે છે. ઘડીએ ઘડીએ બતાવવાનો હેતુ આ છે. સમજાણું કાંઈ? આખી દિશા પલટાવવાની છે, ભગવાન! પર તરફની દિશાનો ઝુકાવ છે એ દશા મિથ્યાત્વ અજ્ઞાનની છે. સ્વ દિશા તરફની સ્વ દશા, સ્વ દિશા તરફની દશા એ વીતરાગી દશા છે. સમજાણું કાંઈ?

'**નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ શુદ્ધ આત્માકો ધ્યાતા હૈ,...**' એ શબ્દમાં આવું ભર્યું છે. કે આત્મા ક્યારે પ્રાપ્ત થાય ? કે નિર્વિકલ્પ ધ્યાનના કાળે પ્રાપ્ત થાય છે. આહાહા..! વ્યવહારના વિકલ્પમાં પડ્યો છે અને આત્માની શ્રદ્ધા થાય છે અને વ્યવહારના વિકલ્પથી પરંપરા આત્માનો અનુભવ થાય છે, પ્રભુ! એમ નથી, હોં! લોકોને બહારની વાત ઠીક લાગે, પણ એમ છે નહિ. એ કહે છે. '**નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ...**' આહાહા..! ભગવાનઆત્મા એ પૂર્ણ આનંદકંદ, આનંદદળ એકલા આનંદનું દળ જ છે. લાડુ દળના હોય છે. તમારે હિન્દી લોકોમાં થાય છે? દળના લાડુ. એ દળના લાડવા આવ્યા હતા. તિથિએ કોઈ આવ્યા હતા. છોકરાઓને આપી દીધા. અમે તો (લેતા નથી). કો'ક લાવ્યું હતું. કઈ તિથિ હતી? લાડુ હતા દળના. વ્યાખ્યાનમાં આવ્યું હતું ને. આ બોર્ડિંગ છે ને અમારે? છોકરાઓને આપી દીધા. અમે નથી ખાતા. અમે તો ચાર ફુલકા-રોટલી.

મુમુક્ષુ :- ક્યારેક ક્યારેક તો ખાવું જોઈએ.

ઉત્તર :- કદી નથી ખાતા. ક્યારેક ક્યારેક શું કોઈ દિ' નહિ. સાકર નહિ, ગોળ નહિ, પકવાન નહિ, લાપસી નહિ, મેસુબ નહિ. કોઈ ચીજ નહિ.

મુમુક્ષુ :- અમે તો સાંભળ્યું છે કે આપ રોજ ખાઓ છો.

ઉત્તર :- ખુબ ખાય છે. એમ કહે છે. એક માણસ આવ્યો હતો. 'ગોડા' ભાઈ! નહિ? 'પ્રાણભાઈ ગોડા' હમણા ... રૂપિયા ભરાવ્યા હતા. આ તમારે તીર્થમાં. 'પ્રાણભાઈ ગોડા' છે ને? સ્થાનકવાસીના અગ્રેસર. હવે અહીંયાં આવ્યા હતા. તો એ 'પ્રાણભાઈ ગોડા' પહેલા અમે 'કોલ્હાપુર' ગયા હતા, 'કોલ્હાપુર'. ત્યાં દડવાના હતા 'લક્ષ્મીચંદભાઈ' ત્યાં રહે છે. એને ત્યાં અમે ભોજન કરતા હતા. ત્યાં જોવા આવ્યો. મહારાજનું શરીર બહુ સારું લાગે છે તો લાડુ-બાડુ ખાતા હશે. એટલે બેઠા. ચાર રોટલી લીધી. અરે..! મહારાજ! તમે આ ખાવ છો? આટલી ઉંમરમાં તમારું શરીર કેટલું સારું લાગે છે, તમે તો લાડવા-બાડવા ખાતા હશો. કીધું, ભાઈ! અહીં તો ચાર ફુલકા ખાઈએ છીએ અને ઘી પણ ઉપર ચોપડ ઉપર નહિ. ચોપડે બસ એટલું ઘી. સાકર નહિ, પકવાન નહિ, કાંઈ નહિ. દૂધપાક નહિ. દૂધ પણ સવારમાં લઈએ તો સાકર વિનાનું લઈએ છીએ. 'પ્રાણભાઈ'ને નહિ? ત્યાં... ગઈ સાલ. નહિ? (સંવત) ૨૦૧૫માં 'કોલ્હાપુર' ગયા હતા ને? 'કોલ્હાપુર'. ત્યાં આપણા 'લક્ષ્મીચંદભાઈ' હતા. 'દડવાવાળા'. ગુજરી ગયા. નહિ?

મુમુક્ષુ :- ગુજરી ગયા.

ઉત્તર :- એ ગુજરી ગયા. ખબર છે. એ હતા. એને ત્યાં આહાર કરવા બેઠા તો જોવા બેઠા. આ ખાવ છો તમે? દરરોજ આ ખાવ છો? .. શરીર કાંઈ ખોરાકને આધારે રહે છે?

આહાહા..!

મુમુક્ષુ :- લાડવા તો આપ રોજ ખાવ છો.

ઉત્તર :- આત્માના લાડવા ખાઈએ છીએ. આહાહા..!

આત્મા આનંદનો નાથ પ્રભુ તારી પાસે પડ્યો છે ને. અરે..! તું જ એ છો ને. આહાહા..! એના ઉપર લક્ષ કરવાથી તને આનંદ થશે. આહાહા..! બહારના વિકલ્પના કાળમાં તો બધું દુઃખ છે. એ દુઃખના કાળમાં ભગવાન પ્રાપ્ત નથી થતો. આહાહા..! એમ કહે છે, નિર્વિકલ્પ એટલે ધ્યાન અને આનંદની અવસ્થામાં એ પ્રાપ્ત થાય છે. આહાહા..! નિર્વિકલ્પ કહ્યું છે ને? તો એ આનંદ છે. નિર્વિકલ્પ ભાવ એ આનંદભાવ છે. આહાહા..! રાગભાવ એ દુઃખભાવ છે, આકુળતાભાવ છે. આહાહા..! માર્ગ તો બહુ અલૌકિક છે, પ્રભુ! એનું ફળ પણ એ કહે છે ને? જુઓ!

'**વહ થોડે હી સમયમેં મોક્ષકો પાતા હૈ.**' ભવનો અંત થાય છે. સંસારનો અંત થાય છે. આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' મોક્ષ એટલે શરૂઆત થઈ-સાદિ, પણ અનંત અનંત આનંદ, અનંતશાંતિ, અનંતસમાધિ. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત જ્ઞાન દર્શન અનંત સહિત જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' 'શ્રીમદ્'નું વાક્ય છે. એનું હિન્દી થઈ ગયું છે. ભાઈએ હિન્દી કર્યું છે. નહિ? 'ભોપાલ'વાળા. 'રાજમલજી પવૈયા'. 'રાજમલજી પવૈયા' છે ને? એણે હિન્દી કર્યું છે. છે તો એમ કે 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' ગુજરાતી છે. એનું હિન્દી કર્યું છે. 'અપૂર્વ અવસર ઐસા કબ આયેગા?' અહીંયાં છે ઈ. હિન્દી બનાવ્યું છે. જ્યારે હિન્દીમાં પ્રવચન કરીએ ત્યારે એમાંથી વાંચીએ. ભગવાનનો દીક્ષા કલ્યાણક, દીક્ષા કલ્યાણક હોય ને? ત્યારે હિન્દી લોકો હોય ત્યારે એ લેવું પડે છે. આહાહા..! મોક્ષ એટલે અનંતઆનંદ, અનંતશાંતિ અને અનંતજ્ઞાન અને અનંતદર્શન, એની પર્યાયમાં પ્રાપ્તિ (થવી) એનું નામ મોક્ષ છે. અને પૂર્ણ દુઃખથી મુકત થવું અને પૂર્ણ (સુખની) પર્યાયની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ છે. આહાહા..! એ મોક્ષનો ઉપાય આ છે.

'**નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ...**' આહાહા..! '**શુદ્ધ આત્માકો ધ્યાતા હૈ,...**' સમ્યગ્દર્શન પણ ધ્યાનની પર્યાય છે. આહાહા..! અંતર્મુખ થાય છે એ નિર્વિકલ્પ ધ્યાન છે અને એનું નામ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો જે નિર્વિકલ્પ ધ્યાન પર્યાય છે, વસ્તુ જ નિર્વિકલ્પ સ્વરૂપ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? જેમ નિર્વિકલ્પ ધ્યાન એ મોક્ષમાર્ગની પર્યાય છે, તો એ નિર્વિકલ્પ ધ્યાન છે એ તો એક સમયની પર્યાય છે, પણ વસ્તુ ત્રિકાળ નિર્વિકલ્પસ્વરૂપ છે. ત્રિકાળ નિર્વિકલ્પ સ્વરૂપ ભગવાનઆત્મા છે. આહાહા..!

એ કહ્યું હતું ને? પ્રાયશ્ચિત. પરિણતિ-પર્યાયમાં નિશ્ચય પ્રાયશ્ચિત. રાગ વિનાની દશા વીતરાગી પર્યાય થાય એને પ્રાયશ્ચિત કહે છે. તો કહે છે કે પ્રાયશ્ચિત તો પર્યાયની વાત કરી, પણ વસ્તુ જ પ્રાયશ્ચિતસ્વરૂપ છે. 'નિયમસાર'માં છે. એ પ્રાયશ્ચિતની નિર્મળ

વીતરાગી પર્યાય આવી ક્યાંથી? એ પ્રાયશ્ચિતસ્વરૂપ ત્રિકાળ ભગવાન એમાંથી આવી છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એવો શબ્દ લીધો છે. વીતરાગ પર્યાય થઈ, તો આવી ક્યાંથી? વીતરાગ સ્વરૂપમાંથી આવી. શાંતિ આવી ક્યાંથી? શાંતિ સ્વરૂપમાંથી આવી. કેવળજ્ઞાનની પર્યાય આવી ક્યાંથી? કેવળજ્ઞાનમાંથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગુરુમાંથી?

ઉત્તર :- ગુરુમાંથી જ આવે છે. એ મોટા ગુરુ આત્મા છે ને એ. ગુરુ એટલે મોટા.

ભગવાનઆત્મા પ્રાયશ્ચિત સ્વરૂપ એમ લીધું છે. પ્રાય એટલે જ્ઞાનની મૂર્તિ પ્રભુ એને પ્રાયશ્ચિત કહે છે. આત્માના પરમાત્મસ્વરૂપને પ્રાયશ્ચિત કહે છે.

અહીંયાં કહે છે કે '**નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ...**' પર્યાયમાં. '**શુદ્ધ આત્માકો ધ્યાતા હૈ,...**' તો એ વસ્તુ જ નિર્વિકલ્પ ધ્યાનનો વિષય આખી નિર્વિકલ્પ ચીજ છે. સમજાણું કાંઈ? '**વહ થોડે હી સમયમેં મોક્ષકો પાતા હૈ.**' લ્યો! એ ૭૨ થઈ.

અહીંયાં તો માર્ગ પ્રભુ વીતરાગનો છે. કષાયથી, રાગથી લાભ થાય એ ચીજ વીતરાગમાર્ગમાં નથી. રાગથી સંસાર મળે છે. વ્યવહારરત્નત્રય પણ શુભરાગ છે. એમાં તો સંસાર મળે છે. અથવા એ શુભરાગ જ સંસારરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એકવાર કહ્યું હતું ને? મોક્ષ અધિકાર છે ને 'સમયસાર નાટક'માં. એમાં કહ્યું છે કે મુનિએ પોતાના સ્વરૂપના આશ્રયે જે નિર્વિકલ્પતા પ્રગટ કરી, પૂર્ણાનંદ નહિ પણ પૂર્ણાનંદના આશ્રયથી પૂર્ણાનંદ પ્રાપ્તિનો ઉપાય પ્રાપ્ત કર્યો, એવી જે જ્ઞાન, આનંદની પર્યાય છે એ તો શુદ્ધ છે. પણ મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ જગપંથ છે. સમજાણું કાંઈ? બતાવ્યું હતું.

મુમુક્ષુ :- ૪૦મો દોહો.

ઉત્તર :- ૪૦મો દોહો. બતાવ્યો હતો. 'યા કારણ જગપંથ...' ઓહોહો..! મુનિને જે વ્યવહારનો વિકલ્પ આવે છે એ જગપંથ છે. ગજબ વાત છે. તો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ જગપંથ છે. એ જગપંથથી ભવપંથનો અંત આવે એ એનાથી આવે? આહાહા..! ભવનો અંત લાવવો એ જગપંથથી આવે છે? જગપંથ સંસાર છે. એનાથી સંસારનો અંત આવે છે? જુઓ! '**તા કારણ જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર.**' ભગવાન પૂર્ણાનંદનો નાથ, એના આશ્રયે નિર્વિકલ્પ શાંતિ ઉત્પન્ન થઈ એ શિવનો માર્ગ છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદના નાથના આશ્રયે નિર્મળ નિર્વિકારી વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ એ શિવપંથ છે. અને એ કાળે જેટલો રાગ આવે છે, એ મુનિને પણ જગપંથ છે. 'પોપટભાઈ'! આવો માર્ગ છે, ભગવાન! આહાહા..! તારી સ્થિતિનું શું કહેવું? ભગવાનસ્વરૂપ પરમાત્મા. આહાહા..!

'**પરમાદી જગકૌં ધુકૈ,...**' છઠ્ઠે ગુણસ્થાને જે વિકલ્પ ઊઠે એ પ્રમાદ છે. એ જગ તરફનો ઝુકાવ છે. આહાહા..! એક બાજુ એમ કહે કે સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધતા નથી. એ કઈ અપેક્ષાએ? દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ. પણ પર્યાયમાં જે કમજોરી છે એ તો

મુનિને રાગ આવે તો એ જગપંથ છે. જગ તરફ ઝુકે છે. આહાહા..! એકાંત કરે કે સમ્યગ્દર્શન થાય તો અશુદ્ધતા છે જ નહિ, એમ છે નહિ. આ શું કહ્યું?

છઠ્ઠે ગુણસ્થાને મુનિ આનંદના ઝુલામાં ઝુલનારા, આનંદના ઝુલામાં ઝુલનારા. નીચે આનંદ જરી ઓછો છે. છઠ્ઠે-સાતમે. અંતર્મુહૂર્તમાં હજારો વાર મુનિરાજ છઠ્ઠે-સાતમે આવતા-જતા ઝુલે છે. માટે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે તો કહે છે પ્રમાદ છે, જગપંથ છે. આહાહા..! હવે એ નિશ્ચયવાળાને, અનુભવીને વિકલ્પ આવ્યો એ જગપંથ કહે છે. જગત તરફ ઢળેલા છે એમ કહે છે. તો અજ્ઞાનીને હજી નિશ્ચયનું ભાન નથી એને વ્યવહારથી મુક્તિ થશે, પરંપરા થઈ જશે એમ સિદ્ધ કરે છે. ભાઈ! અજ્ઞાનીને વ્યવહાર કહેતા જ નથી. ભલે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ હોય. મિથ્યાદૃષ્ટિના (રાગને) વ્યવહાર કહેતા જ નથી. વ્યવહાર તો એને કહીએ કે જ્યારે આત્માના આનંદનો અનુભવ થાય ત્યારે જે રાગ આવે એને વ્યવહાર કહે છે. તો એ સમકિતીના વ્યવહારને પરંપરા મોક્ષનું કારણ કહ્યું એ રાગ કારણ નથી. રાગનો અભાવ થાય છે તેથી વ્યવહારને ઉપચાર કહ્યો. વ્યવહારનું લક્ષણ એવું છે કે અન્યથા કહે. આવે છે ને? આવ્યું ને તમારે કાલે આવ્યું. નિમિત્તાદિની અપેક્ષા લઈને અન્યથા કહે છે. આહાહા..!

‘**અપરમાદિ સિવ ઓર.**’ જુઓ! અપ્રમાદ દશા મોક્ષ તરફ છે, પ્રમાદ એ સંસાર તરફ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મહારાજ! જગપંથનો અર્થ જગને વધારવાવાળો કે જગમાં રોકવાવાળો?

ઉત્તર :- ના. જગપંથ એટલે સંસારપંથ છે.

મુમુક્ષુ :- વધારનારો..?

ઉત્તર :- એ સંસાર જ છે. રાગ એ સંસાર છે. રાગ એ સંસાર છે. એ પહેલા ન આવ્યું કે જે પુણ્ય સંસારમાં દાખલ કરે એ પુણ્યને ભલું કેમ કહીએ? તો પુણ્યભાવ એ સંસારમાં દાખલ કરે છે. પુણ્યભાવ એ સંસાર છે. એવી વાત છે, ભગવાન! આહાહા..! આ તો પરમાત્માના ઘરની વાત છે, પ્રભુ! કોઈના પક્ષની વાતું કરે તો એ વાત અહીં છે નહિ. આહાહા..!

---

**अथ कर्मकृतभावानचेतनं द्रव्यं च निश्चयनयेन जीवाद्भिन्न जानीहीति कथयति –**

**૭૩) कम्महँ केरा भावडा अण्णु अचेयणु दव्वु।**
**जीव–सहावहँ भिण्णु जिय णियमिं बुज्झहि सव्वु।।७३।।**

**कर्मणः संबन्धिनः भावा अन्यत् अचेतनं द्रव्यम्।**
**जीवस्वभावात् भिन्न जीव नियमेन बुध्यस्व सर्वम्।।७३।।**

**कम्महं केरा भावडा अण्णु अचेयणु दव्वु कर्मसम्बन्धिनो रागादिभावा अन्यत् अचेतनं देहादिद्रव्यं एतत्पूर्वोक्तं अप्पसहावहं भिण्णु जिय विशुद्धज्ञानदर्शनस्वरूपादात्म–स्वभावातिश्चयेन भिन्न पृथग्भूतं हे जीव णियमिं बुज्झहि सव्वु नियमेन निश्चयेन बुध्यस्व जानीहि**

**सर्वं समस्तमिति।अत्र मिथ्यात्वाविरतिप्रमादकषाययोगनिवृत्तिपरिणामकाले शुद्धात्मोपादेय इति तात्पर्यार्थः।।७३।।**

**आगे ऐसा कहते हैं, जो कर्मजनित रागादिभाव और शरीरादि परवस्तु हैं, वे चेतन द्रव्य न होनेसे निश्चयनयकर जीवसे भिन्न हैं, ऐसा जानो –**

**गाथा – ७३**

**अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ कर्मणः संबन्धिनः भावाः ] कर्मोंकर जन्य रागादिक भाव और [ अन्यत् ] दूसरा [ अचेतनं द्रव्यम् ] शरीरादिक अचेतन पदार्थ [ सर्वम् ] इन सबको नियमेन निश्चयसे [ जीवस्वभावात् ] जीवके स्वभावसे [ भिन्न ] जुदे [ बुध्यस्व ] जानो, अर्थात् ये सब कर्मके उदयसे उत्पन्न हुए हैं, आत्माका स्वभाव निर्मल ज्ञान दर्शनमयी है। जो मिथ्यात्व, अविरति, प्रमाद, कषाय, योगोंकी निवृत्तिरूप परिणाम हैं, उस समय शुद्ध आत्मा ही उपादेय है ।।७३।।**

**હવે, તું કર્મકૃત (રાગાદિ) ભાવોને અને અચેતન દ્રવ્યને નિશ્ચયનયથી જીવથી જુદા જાણ, એમ કહે છે :**

**ભાવાર્થ : અહીં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગની નિવૃત્તિના પરિણામ વખતે શુદ્ધ આત્મા ઉપાદેય છે. એવો તાત્પર્યાર્થ છે. ૭૩.**

## ગાથા-૭૩ ઉપર પ્રવચન

૭૩. '**આગે ઐસા કહતે હૈં, જો કર્મજનિત રાગાદિ ભાવ...**' જુઓ! કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલા રાગાદિ ભાવ '**और शरीरादि परवस्तु हैं, वे चेतन द्रव्य न होनेसे...**' એ ચેતનદ્રવ્ય નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ ચેતન દ્રવ્ય નથી. આહાહા..! આવે છે, જ્ઞાનીને પણ વ્યવહાર આવે છે, પણ હેયબુદ્ધિએ આવે છે. આવો માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ :- ઉપાદેય બુદ્ધિ નથી.

ઉત્તર :- ઉપાદેય બુદ્ધિ નથી. ઉપાદેય તો પરમાત્મા શુદ્ધ ચૈતન્યઘન છે.

'નિયમસાર'ની ૩૮મી ગાથામાં એમ કહ્યું છે કે કેવળજ્ઞાનની પર્યાય, સંવરની પર્યાય, નિર્જરાની પર્યાય એ બધી નાશવાન છે તેથી હેય છે. 'નિયમસાર'ની ૩૮મી ગાથા. એક ઉપાદેય પરમાત્મા ત્રિકાળી શુદ્ધ ચિદાનંદ તે એક ઉપાદેય છે. બાકી આઠ પર્યાય રાગ, આસ્રવ, બંધ-ભાવબંધ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ નાશવાન હોવાને લીધે કેવળજ્ઞાનની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય હેય છે. વ્યવહારની તો વાત શું કરવી? પણ

સંવર-નિર્જરાની પર્યાય (હેય છે). સમજ્યા? આહાહા..! છે કે નહિ? મોક્ષમાર્ગ... શું કહેવાય? ....(સાત) તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય. સંવર, નિર્જરા અને કેવળજ્ઞાન પર્યાય એ પરદ્રવ્ય છે.

જીવાદિ સાત તત્ત્વ.. મૂળ પાઠ છે, હોં! એમાં છે ત્યાં માથે. '**जिवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा**' આહાહા..! સંવર, નિર્જરા અને મોક્ષ. આસ્રવ, પુણ્ય-પાપ અને બંધ એ તો હેય જ છે, પણ સંવર, નિર્જરા અને મોક્ષ, એ મોક્ષનો માર્ગ અને મોક્ષ પર્યાયસ્વરૂપ છે તેથી હેય છે. આહાહા..! ભગવાન! તારા દ્રવ્યનું શું મહાત્મ્ય! જેની પાસે કેવળજ્ઞાન પણ હેય છે. આહાહા..! સમજાણું કાંઈ? પરદ્રવ્ય કહ્યું, જોયું? આહાહા..!

કળશમાં એમ લીધું, જુઓ! '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે.**' કેવળજ્ઞાનની પર્યાયથી ભગવાનઆત્મા દૂર છે. જેનું ધ્રુવરૂપ ત્રિકાળ એ પરમાત્મા પોતાનું સ્વરૂપ, એ કેવળજ્ઞાનની પર્યાયથી દૂર છે. આહાહા..! દૂરનો અર્થ એક સમયની પર્યાયથી ભિન્ન એ ચીજ છે. સમજાણું કાંઈ? એ દૂરની વ્યાખ્યા વળી બહુ થઈ હતી 'મુંબઈ'માં. આપણા થોડા અભ્યાસી છે ને? 'ઘાટકોપર'. મંડળી એક છે. યુવાન મંડળી છે. તત્ત્વનો અભ્યાસ ઘણો સૂક્ષ્મ કરે છે. આ દૂર આવ્યું તો એકે પૂછયું કે દૂર કેટલું છે? તો કહે એક કોર વૈતાલપર્વત અને એક કોર .. એટલું દૂર છે. વિશેષ લઈ ગયા. છે?

એક સાર ભગવાન તત્ત્વ ચૈતન્યમૂર્તિ નિત્યાનંદ પ્રભુ નિર્વિકલ્પ શાંતનો કંદ આત્માનો આનંદનો કંદ પ્રભુ એક જ ઉપાદેય છે. '**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે.**' આહાહા..! એ શુદ્ધાત્મા જયવંત છે. એમ કહીને શું કહ્યું? કે અમારી પર્યાયમાં શુદ્ધાત્મા જયવંત વર્તે છે એમ આવી ગયું છે. શુદ્ધ જયવંત વર્તે છે એવું કથન-ભાષા માત્ર નથી, પણ અમારી પર્યાયમાં ત્રિકાળ જયવંત વર્તે છે એવો અનુભવ થઈ ગયો છે. માટે અમે કહીએ છીએ કે આ ત્રિકાળ જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન પૂર્ણાનંદના નાથની હયાતીનો સ્વીકાર અમારી પર્યાયમાં થઈ ગયો છે. અમારી પર્યાય સંવર, નિર્જરા હેય છે, પણ એ પર્યાયમાં દ્રવ્ય ધ્યાનમાં જણાઈ ગયું છે. એનું પરમ અસ્તિત્વ, પરમ મહાત્મ્ય, પરમ જ્ઞાયકભાવની અચિંત્ય શક્તિ, એ બધું અમારી પર્યાયમાં એનું અસ્તિત્વ જણાય ગયું છે. તો અમે એમ કહીએ છીએ કે એ અસ્તિત્વ જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! આ વીતરાગમાર્ગ તો દેખો! ક્યાંય સાંભળવા મળે એવું નથી. આહાહા..!

કહે છે, '**જે સુખસાગરનું પૂર છે અને ક્લેશોદધિનો કિનારો છે,...**' ત્રિકાળી વસ્તુ, હોં! '**શુદ્ધ જ્ઞાનનો અવતાર છે...**' આહાહા..! શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ ભગવાન છે. આહાહા..! '**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' કામની વાસના જેમાં છે જ નહિ. આહાહા..! અને જેણે એનો આશ્રય લીધો એને કામની દુર્વાસના નાશ પામે છે. સમજાણું

કાંઈ? માર્ગ આવો છે, ભગવાન! આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો આત્મકથા છે. ભગવત્ સ્વરૂપ પ્રભુ, એની વાત (છે). પંડિતજી! ઠીક આવ્યું તમારે. દૂરથી આવ્યા છે. પંડિતજી ઘણા નરમ છે. વ્યાખ્યાન કરતા હતા પણ લોકો નહોતા સમજતા. પા કલાક એની ભાષામાં કરતા હતા. તમે હતા ને? 'બેંગ્લોર'. અને બીજા એક પંડિત. બે પંડિત હતા. નરમ છે. બેય પંડિત નરમ છે.

અહીં કહે છે કે... આહાહા..! શું તત્ત્વની વાત! જે ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ એક જ સ્વતત્ત્વ છે. એ જ ઉપાદેય છે. અર્થાત્ નિર્વિકલ્પ દૃષ્ટિના કાળમાં તે જ ઉપાદેય થઈ જાય છે. તે કાળમાં પર્યાય ઉપાદેય રહેતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને! શાસ્ત્રો તે ઓહોહો..! દિગંબર શાસ્ત્રો અમૃતસાગરના ભંડાર છે. અમૃતસાગરથી ભરેલા છે. કોઈ શ્લોક, કોઈ પદ લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહાહા..! દિગંબર એટલે આ. આત્મા જ દિગંબર છે. વિકલ્પ નહિ, લાગણી નહિ. એ લાગણી અને વિકલ્પ વિનાનો આત્મા એ દિગંબર છે. બાહ્યમાં દિગંબર તો છઠ્ઠે ગુણસ્થાને નગ્ન થાય છે ત્યારે બાહ્ય નગ્ન દિગંબર સંત કહેવામાં આવે છે. વસ્તુ જ દિગંબર છે. આહાહા..! જેમાં વિકલ્પની લાગણીનો ત્રિકાળ અભાવ છે, વિકલ્પના કપડા જેમાં નથી. આહાહા..! એવો ભગવાન પૂર્ણાનંદ એ એક જ ઉપાદેય છે. એ કહે છે, જુઓ!

૭૩. '**કર્મજનિત રાગાદિભાવ...**' જુઓ! કર્મજનિત કેમ કહ્યું? એ નિમિત્ત છે ને? પોતાના સ્વભાવના આશ્રયે ઉત્પન્ન નથી થયા. નિમિત્તને આશ્રયે વશ થઈને ઉત્પન્ન થયા છે માટે તેને કર્મજનિત કહેવામાં આવે છે. '**કર્મજનિત રાગાદિભાવ...**' રાગાદિ એટલે પુણ્ય અને પાપ, દયા, દાન, હિંસા, જૂઠું વગેરે પરિણામ ચૈતન્યભગવાનથી ભિન્ન છે. પરમાત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ આનંદનું દળ અને જ્ઞાનના પ્રકાશનું પૂર, એનાથી રાગ-વ્યવહાર રાગ છે એ ભિન્ન છે. આહાહા..!

લોકોએ તો વળી.. હમણાં વળી આ 'પ્રેમચંદજી'નું લખાણ આવ્યું છે. વિશેષ પુણ્ય છે. સમકિતીનું પુણ્ય ચમત્કારી પુણ્ય છે. પણ એમાં શું થયું ? તીર્થંકર પ્રકૃતિ હોય તોપણ શું? એમાં આત્માને લાભ છે? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ તો રાગ છે. અને પ્રકૃતિ બંધાણી એનાથી આત્માને લાભ છે? જડ છે એ તો. શું લાભ છે? એનાથી આત્માને શું? એ તો જ્યારે શુભરાગ, જેને કારણે તીર્થંકરગોત્ર બંધાયું હતું, એ રાગનો નાશ કરીને જ્યારે કેવળજ્ઞાન પ્રગટ્યું ત્યારે તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવીને સમવસરણ આદિ બને છે. એમાં આત્માને શું? સમજાણું કાંઈ? ત્યાં તેરમે ગુણસ્થાને સમવસરણ, (તીર્થંકર) પ્રકૃતિનો ઉદય આવે છે.

મુમુક્ષુ :- ત્યાં સુધી?

ઉત્તર :- ત્યાં સુધી તીર્થંકર પ્રકૃતિનો ઉદય નથી. સત્તામાં છે. આહાહા..! સમજાણું

કાંઈ?

શુભભાવથી જે તીર્થંકરગોત્ર બંધાણું, એ ભાવનો નાશ કરીને જ્યારે કેવળજ્ઞાન થશે ત્યારે એ પ્રકૃતિનો બંધ પડ્યો એનો ઉદય આવશે. એમાં આત્માને શું થયું? ત્યારે સમવસરણ આદિ થશે. એમાં શું થયું? આહાહા..! અને એ તીર્થંકરગોત્રનો બંધ પડ્યો તો ભાવમાં બે ભવ વધી થયા. બે ભવ કરવા પડશે. કેમકે બંધ પડ્યો એટલે અહીંથી સ્વર્ગમાં જશે અને ત્યાંથી મનુષ્યભવ થશે. બે ભવ કરવા પડશે. એ ભવમાં કેવળજ્ઞાન નહિ પામે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો નાશ કર્યા વિના કેવળજ્ઞાન નહિ થાય. તો એ ભાવનો નાશ તે જ ભવે નહિ થાય. રાગને ... આહાહા..! 'ષોડશ તીર્થંકર ભાવના ભાય...' નથી આવતું? ... રાજી રાજી થઈ જાય. એમાં છે શું? આહાહા..!

મુમુક્ષુ :- તીર્થંકર પ્રકૃતિ ભવ વધારનારી છે?

ઉત્તર :- એ શુભભાવ જ રાગ સંસાર છે ને. એના બે ભવ વધી ગયા. આહાહા..!

અરે..! આપણે દૃષ્ટાંત નથી આપતા? 'પાલિતાણા'. પાંચ પાંડવો ધ્યાનમાં બેઠા હતા. અહીંથી ચૌદ માઈલ દૂર છે. પાંચ પાંડવ ધ્યાનમાં હતા. દુર્યોધનનો ભાણેજ આવ્યો. લોઢાના મુગટ અને લોઢાના ઘરેણા પહેરાવ્યા. તો ત્રણ મુનિ તો ધ્યાનમાં મસ્ત બનીને કેવળજ્ઞાન પામીને મોક્ષ પધાર્યા. બે મુનિ જે હતા-'સહદેવ' અને 'નકુલ', ભાઈને કેમ હશે? એવો વિકલ્પ આવ્યો. ત્રણે મોટા ભાઈ હતા ને? 'ધર્મરાજા', 'ભીમ' અને 'અર્જુન'. 'અર્જુન' બાણાવળી કહેવાય છે. અરે..! મહામુનિ સહોદર-એક પેટે જન્મ્યા અને સાધર્મી અને સંત, એને લોઢાના ઘરેણા પહેરાવ્યા. મુનિને જરા શુભ વિકલ્પ થયો. સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાઈ ગયું. બે ભવ વધી ગયા. સમજાણું કાંઈ? સંતની કેવી વાત છે, એવો વિકલ્પ આવ્યો કે કેમ હશે? તો એને બે ભવ વધી ગયા. રાગ છે ને? આહાહા..! ભાઈ! વાત ઝીણી સૂક્ષ્મ છે, પ્રભુ!

મુમુક્ષુ :- એ રાગ બુદ્ધિપૂર્વક આવ્યો હતો?

ઉત્તર :- બુદ્ધિપૂર્વક આવ્યો છે. ખ્યાલમાં છે ને આવ્યો છે. અસ્થિરતા છે ને.

મુમુક્ષુ :- રાગને એટલે હેય કહે છે...

ઉત્તર :- એ તો હેય જ છે. પણ આ તો રાગ આવ્યો અને એનું ફળ આ આવ્યું, એમ કહે છે. એનું ફળ આવ્યું બે ભવ. ત્રણે એક ભવે મોક્ષ ગયા. અને આને સાધર્મી પ્રત્યેનો એક વિકલ્પ આવ્યો કે અનુકૂળ હશે ને? એને કેમ હશે? એટલો (વિકલ્પ આવ્યો). બે ભવ વધી ગયા. ૩૩ સાગરનું આયુષ્ય. ૩૩ સાગર કોને કહે ભાઈ! એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ (જાય). શું કીધું? ૩૩ સાગર. એમાં એક સાગરોપમ, એમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. એના એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય છે. કેટલો લાંબો કાળ થયો. આહાહા..! માર્ગ તો વીતરાગ છે, બાપા! વીતરાગભાવથી આત્માને લાભ થાય છે. રાગભાવથી સંસાર મળે છે. મુનિને રાગ આવ્યો સાધર્મી પ્રત્યે.

તેમાં બે ભવ વધી ગયા. હવે એ રાગથી પરંપરાએ લાભ થાય? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, '**કર્મજનિત રાગાદિભાવ ઔર શરીરાદિ પરવસ્તુ હૈં, વે ચેતન દ્રવ્ય ન હોનેસે નિશ્ચયનયકર જીવસે ભિન્ન હૈં,...**' ભગવાનઆત્માથી પુણ્યભાવ થયો એ ભિન્ન છે. આહાહા..! એ સંસારનું કારણ છે. જ્ઞાનીને પણ રાગ સંસારનું કારણ છે. પણ એમાં લખ્યું છે એમાંથી એમણે લીધું. 'દેવચંદજી'નું છે. સમકિતીને એવું પુણ્ય હોય. પણ એ તો નિમિત્તનું કથન છે. સમકિતીના પુણ્યમાં મુનિના બે ભવ વધી ગયા. એમાં લાભ શું થયો? અને કદાચિત કોઈ તીર્થંકર પ્રકૃતિ બંધાય તો એમાં આત્માને શું લાભ? એ પ્રકૃતિનું ફળ-ઉદય તો કેવળજ્ઞાન થયા પછી આવે છે. એમાં આત્માને શું લાભ છે? સમજાણું કાંઈ?

એકવાર એ ચર્ચા બહુ ચાલી હતી. (સંવત) ૧૯૮૧માં. ૧૯૮૧-૮૧ની સાલ. કેટલા વર્ષ થયા? ૫૧. ૫૧ વર્ષ પહેલા ચર્ચા ચાલી હતી. અમારા 'મૂળચંદજી' પાસે ત્યાં એક સેથંળી છે. એક સેથંળીનો દીક્ષા દીધી છે હમણા, 'બોટાદ'માં. એ 'બોટાદ' પાસે એક 'સેથંળી' ગામ છે. ત્યારે બહુ વરસાદ આવ્યો હતો અને અમારે 'ગઢડા' ચોમાસુ કરવા જવાનું હતું. ૮૧ની વાત છે. અમે બહાર મકાનમાં ઉતર્યા હતા. ત્યાંથી એક માણસ આવ્યો. એક 'ભૂરોભાઈ' કરીને છે. અત્યારે 'અમદાવાદ'માં છે. ખાડિયાની પાસે એની દુકાન છે. ખાડિયા છે ને આપણે મંદિર? ત્યાં એની દુકાન છે. 'ભૂરોભાઈ' કરીને ગોપાણી છે. એ બિચારો નાની ઉંમરનો હતો. વૈયાવચ્ચ કરવાથી આત્માને ધર્મ થાય, લાભ થાય. કીધું, ક્યાં છે? વૈયાવચ્ચ કરવાથી તીર્થંકરગોત્ર બાંધે એમ કહ્યું છે. એ સમકિતી હોય એને. સમકિતી હોય એ સંત, સાધુની, ધર્માત્માની વૈયાવચ્ચ કરે તો શુભવિકલ્પ છે. તીર્થંકરગોત્ર બંધાય જાય, એમાં આત્માને શું? વૈયાવચ્ચનો લાભ થયો? પરની વૈયાવચ્ચ કરવી એ તો શુભભાવ છે. અને શુભભાવમાં તીર્થંકરગોત્ર બંધાય તો દૂર થઈ ગયો. બે ભવ દૂર થયો. એટલી લાંબી વાત નહોતી કરી તે દિ'.

એ એમ કહેતા હતા કે મુનિ અને ધર્માત્માની વૈયાવચ્ચ કરવાથી લાભ થાય છે. શેનો લાભ થાય? કે તીર્થંકગરગોત્ર બંધાય છે. જુઓ! કીધું, એમાં લાભ ક્યાં થયો? એ તો શુભભાવ છે. 'પ્રવચનસાર'માં આવે છે, મુનિ વૈયાવચ્ચ કરે છે, શુભભાવ આવે છે. વિકલ્પ આવ્યો અને કોઈ રોગી આદિ હોય તો વૈયાવચ્ચ કરે. પણ એમાં થયું શું? એ તો શુભભાવ છે. પુણ્ય બંધાશે. એ તો ૧૯૮૧ની સાલની વાત છે. એ માર્ગ નથી, બાપા! કીધું, ભાઈ! એમ નથી. એમ કે આવા મુનિની વૈયાવચ્ચ કરે તોપણ એટલો લાભ-ધર્મ નહિ? પરદ્રવ્ય છે.. એ વખતે પરદ્રવ્યની ખબર નહોતી. પણ કીધું, વૈયાવચ્ચ કરે એમાં તીર્થંકરગોત્ર બંધાય એ તો શુભભાવ થયો. અને શુભભાવથી તો બંધ થયો. એમાં ધર્મ ક્યાં થયો? એ વખતે (કહ્યું હતું). સમજાણું કાંઈ?

અહી કહે છે, જુઓ! શુભભાવ જીવથી ભિન્ન છે. જીવથી ભિન્ન છે એનાથી આત્માને લાભ થશે? આહાહા..! એનો સ્વભાવ પડ્યો છે તો સ્વભાવથી આત્માને લાભ થાય.

પણ સ્વભાવ વિનાની પરચીજથી આત્માને લાભ થશે? આહાહા..! એ વ્યવહારશ્રદ્ધામાં પણ વિપરીતતા છે. વ્યવહારશ્રદ્ધા. '**નિશ્ચયનયકર જીવસે ભિન્ન હૈં,...**'

મુનિ ભીક્ષા વહોરવા જાય છે ને. સાંભળ્યું છે? કોઈ બાળક રોવે તો પાછા ચાલ્યા જાય. સાંભળ્યું છે? '...ચંદજી'! ભીક્ષા માટે મુનિ જાય અને કોઈ બાળકને રોતા સાંભળે (તો પાછા ચાલ્યા જાય). અમે શાંતિના પંથે ચાલીએ છીએ, એમાં આ શું? લ્યો, બાળકને તો ખબર પણ ન હોય બિચારાને. પણ અમે આનંદના પંથે ચાલીએ છીએ એમાં કકળાટ ક્યાં? આહાર છોડી દે. જંગલમાં ચાલ્યા જાય. એક મહિનાના અપવાસ હોય. માસખમણ સમજ્યા? અને આવું દેખે તો ચાલ્યા જાય. અમે તો શાંતિને સાધનારા છીએ, એમાં આ શું? સાંભળ્યું છે ને? ભગવાન! આવે છે કે નહિ? આહાહા..! ચક્રવર્તી હોય, રાજકુમાર હોય અને સુંદર શરીર હોય, હજારો રાણી છોડી હોય, માસખમણના અપવાસ હોય. ભીક્ષા લેવા જતાં કંઈપણ ઉપરથી કાગડો નીકળે અને ચરક પડી જાય... અમે તો મોક્ષના પંથ સાધનારા. આ શું? સમજાણું કાંઈ? આહાહા..!

'**જીવસે ભિન્ન હૈં, ઐસા જાનો-**' ૭૩ છે ને?

**૭૩) कम्महँ केरा भावडा अण्णु अचेयणु दव्वु।**
**जीव-सहावहँ भिण्णु जिय णियमिं बुज्झहि सव्वु।।७३।।**

આહાહા..! ભાષા તો જુઓ એમની!

'**હે જીવ, કર્મોકર જન્ય રાગાદિક ભાવ...**' '**ભાવડા**' છે ને? એનું સંસ્કૃત '**ભાવડા**' કર્યું છે ને. એ સંસ્કૃતનો અર્થ છે આમાં. મૂળ શ્લોક છે એની સંસ્કૃત છાયા બનાવી છે, સંસ્કૃત છાયાનો શબ્દાર્થ છે. મૂળ શ્લોકનો નહિ. '**હે જીવ, કર્મોકર જન્ય રાગાદિક ભાવ ઔર દૂસરા શરીરાદિક અચેતન પદાર્થ...**' આહાહા..! એ રાગ અચેતનપદાર્થ. આહાહા..! 'સમયસાર'ની ૭૨ ગાથામાં આવ્યું છે. પુણ્ય અને પાપ આસ્રવ એ અશુચિ છે. ભગવાનઆત્મા પવિત્ર અત્યંત પવિત્ર છે. પુણ્યના ભાવ એ જડ છે. આસ્રવ જડ છે. કેમકે એ પોતાને જાણતા નથી. બીજા દ્વારા જાણવામાં આવે છે માટે જડ છે. આહાહા..! લ્યો! શુભભાવને જડ કહ્યા. ભગવાન વિજ્ઞાનઘન છે એવું ભેદજ્ઞાન વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૧૦, ગુરુવાર
## તા. ૦૫-૦૮-૧૯૭૬, ગાથા-૭૩-૭૪, પ્રવચન નં. ૫૪

'પરમાત્મપ્રકાશ' ૭૩ ગાથા. એનો ભાવાર્થ.

ભાવાર્થ એમ છે કે જે મિથ્યાત્વ, વિપરીત માન્યતા, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એ પર્યાયમાં જે પાંચ પ્રકારના મલિનભાવ છે એની નિવૃત્તિરૂપ પરિણામ. અર્થાત્ એક સમયમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગના પરિણામ મલિન પર્યાયમાં છે. 'પરમાત્મપ્રકાશ' છે ને? એની દૃષ્ટિ છોડીને જ્ઞાયકભાવ જે ત્રિકાળ, '**ઉસ સમય શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ.**' છે? '**ઉસ સમય...**' જે સમયે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગના પરિણામ પર્યાયમાં છે, એને દ્રવ્યબુદ્ધિથી છોડીને અનુભવની દશામાં આત્મા એકલો ઉપાદેય થાય છે. આહાહા..! ઝીણી વાત છે.

એવો આત્મા પરમાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન ઉપાદેય છે એમ માનવું એ તો શાસ્ત્રના વચનથી ધારી લીધું છે. એ કાંઈ એમાં ઉપાદેય થયો નહિ. પર્યાયમાં ઉપાદાન, પર્યાયમાં ઉપાદેય (થાય ત્યારે યથાર્થ કહેવાય). ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદનો કંદ છે. પૂર્ણાનંદના રસનો સ્વભાવ છે. એ તરફની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં જે મિથ્યાત્વ આદિ છે એનાથી નિવૃત્ત થઈને... આહાહા..! સમજાણું કાંઈ? એ પાંચ બંધના કારણ છે પર્યાયમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અત્યારે એમ કહે છે અહીં તો. પર્યાયમાં હોય. પણ એનાથી દૃષ્ટિ હટાવીને. પાંચેય બંધના પરિણામ પર્યાયમાં ભલે હોય, પણ એનાથી રુચિ હટાવીને... આહાહા..!

અહીં તો 'પરમાત્મપ્રકાશ' છે ને! ભગવાનઆત્માનો સ્વભાવ પૂર્ણ પરમાત્મપ્રકાશ જ છે. તો એ પૂર્ણ આત્મા પ્રકાશક કયા સમયે આદરણીય કહેવામાં આવે છે? કયા કાળમાં એ પૂર્ણાનંદ પ્રભુ ઉપાદેય કહેવામાં આવે છે? આહાહા..! જે સમયે એ મિથ્યાત્વ વ્રતાદિના જે પરિણામ છે એ તરફનું લક્ષ છોડીને, એનાથી નિવૃત્ત થઈને, એમ કહ્યું ને? આહાહા..! સમ્યગ્દર્શનમાં એ પાંચેય પ્રકારના પરિણામની નિવૃત્તિ થાય છે. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! સમ્યગ્દર્શન, એમાં મિથ્યાત્વ, અવ્રત, કષાયના પરિણામ જે પર્યાયમાં છે એ સમ્યગ્દર્શન, એનાથી નિવૃત્ત થઈને અંતરમાં પૂર્ણાનંદનો નાથ જે સમયે પરથી નિવૃત્તિના કાળે (ઉપાદેય થાય છે). આ તો વીતરાગમાર્ગ ભગવાન! એ વાત બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

કહે છે કે પર્યાયમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એવી દશા હોવા છતાં ધર્મી જીવ એનાથી નિવૃત્ત થઈને... આહાહા..! એ તરફના પ્રેમની, રુચિથી ખસીને. '**ઉસ**

**સમય...**' એમ શબ્દ છે ને? નિવૃત્તિરૂપ પરિણામ છે તે સમયે. આહાહા..! અલૌકિક વાત છે, પંડિતજી! 'પરમાત્મપ્રકાશ' આપી દીધું. પંડિતજીને આપ્યું. બેંગ્લોરવાળાને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તરફથી ઉપેક્ષા થઈ ગઈ. પર્યાયબુદ્ધિ ખસી ગઈ, એમ કહે છે.

પરિણામમાં પાંચ પ્રકારના ભાવબંધની પર્યાય હોવા છતાં એનાથી નિવૃત્ત થયો. પર્યાયબુદ્ધિ છોડી દીધી. ઝીણું છે. અને નિવૃત્તિ કાળે શુદ્ધ ચિદાનંદ આત્મા પરમાનંદ પ્રભુ એ પાંચ પ્રકારની પર્યાયથી નિવૃત્તિના કાળે આત્મા ઉપાદેય છે. આહાહા..! એ વિના ઉપાદેય થતો નથી, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજા કાળમાં એ ઉપાદેય થતો નથી. બીજા કાળમાં એમ માની લે કે આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે, એ ધારણા કરી લે એમાં ઉપાદેય થયો નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! આ તો 'પરમાત્મપ્રકાશ' છે. આત્માનું મૂળ સ્વરૂપ જ પરમાત્મા છે. એ પરમાત્મા ઉપાદેય, આદર, ગ્રહણ કયા સમયે થાય છે? કે જે સમયે મિથ્યાત્વ આદિના પરિણામથી ખસીને નિવૃત્તિ કરે તે સમયે આત્મા ઉપાદેય થાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! આ તો પરમાત્મપ્રકાશ ગ્રંથ છે. એમ ને એમ ધારી લેવું, શાસ્ત્રથી ધારી લેવું એ મિથ્યાત્વ આદિ ભાવ હેય છે અને સ્વ આત્મા ઉપાદેય છે, પણ ક્યારે? સમજાણું કાંઈ? 'ધર્મલાલજી'!

મુમુક્ષુ :- એનો અર્થ ઈ કે શુદ્ધ પરિણામ થાય ત્યારે ને?

ઉત્તર :- એનો અર્થ નિવૃત્તિ થાય ત્યારે શુદ્ધ પરિણામમાં ઉપાદેય થાય છે. એમ કહે છે. ઝીણું છે, ભાઈ! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની સમીપ કઈ રીતે જવું? કે મિથ્યાત્વ આદિ ભાવથી નિવૃત્ત થઈને એની સમીપ જવું. ભલે સમ્યગ્દર્શનમાં પાંચેયની નિવૃત્તિ છે, હોં! આહાહા..!

મુમુક્ષુ :- પાંચેયની નિવૃત્તિ છે?

ઉત્તર :- પાંચેયની નિવૃત્તિ છે. મિથ્યાત્વથી નિવૃત્તિ છે, અવ્રતથી એટલા અંશે નિવૃત્તિ છે, પ્રમાદથી પણ નિવૃત્તિ છે, કષાયની નિવૃત્તિ છે, યોગના કંપનથી પણ એટલી નિવૃત્તિ છે. એ આવ્યું છે. 'સમયસાર'માં આવ્યું છે. ભાવાર્થમાં લખ્યું છે. યોગની નિવૃત્તિ થઈ જાય છે એટલી. આ બાજુ જે કંપન છે,.. ભાઈ! સૂક્ષ્મ (છે), પ્રભુ! વીતરાગ જિનેશ્વર માર્ગ અને તે પણ દિગંબર માર્ગ. આહાહા..! એ દિગંબર માર્ગ કોઈ પક્ષ-વાડો નથી. વસ્તુનું સ્વરૂપ બતાવે છે. ભગવાનઆત્મા વસ્તુ જ દિગંબર છે. એટલે કે મિથ્યાત્વ આદિ વિકલ્પથી રહિત છે. એ વિકલ્પની લાગણી એમાં નથી. દિગંબરની દર્શનની પરિભાષા આ. ચારિત્રની પરિભાષા બીજી. ચારિત્રની પરિભાષા તો સોળમી ગાથામાં, ચૌદમી ગાથામાં આવે છે. કે ત્રણ કષાયનો અભાવ અને ઊભા ઊભા આહાર લેવો, વસ્ત્રાદિ નહિ,

નગ્નપણું, ઊભા ઊભા આહાર કરવો એટલે પાત્ર પણ નહિ. ગાથા છે. સમજાણું કાંઈ? ‘અષ્ટપાહુડ’.

આ ‘અષ્ટપાહુડ.’ જુઓ! ‘**दुविहं पि गंथचायं**’ આ મુનિની વાત છે. ‘**બાહ્યાભ્યંતર ભેદસે દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ હો...**’ ‘**तीसु वि जोएसु संजमो**’ ‘**મન-વચન-કાયા ઐસે તીનોં યોગોમેં સંયમ હો...**’ હટીને. ‘**णाणम्मि करणसुद्धे**’ આહાહા..! જુઓ! ‘**જહાં બાહ્યાભ્યંતર ભેદસે દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ હો ઔર મન-વચન-કાય ઐસે તીનોં યોગોંમેં સંયમ હો તથા કૃત-કારિત-અનુમોદના ઐસે તીન કારણ જિસમેં શુદ્ધ હોં વહ જ્ઞાન હો,...**’ જ્ઞાનમાં અશુદ્ધતાનું અનુમોદન ન હોય. અજ્ઞાનનું કરાવવું ન હોય. એકલું શુદ્ધ જ્ઞાન. કરવું, કરાવવું અને અનુમોદનથી, પરથી રહિત. આહાહા..! ‘**ઐસે તીન કરણ જિસમેં શુદ્ધ હોં વહ જ્ઞાન હો, તથા નિર્દોષ જિસમેં કૃત, કારિત, અનુમોદના અપનેકો ન લગે ઐસા, ખડે રહકર પાણિપાત્રમેં આહાર કરે, ઈસપ્રકાર મૂર્તિમન્ત દર્શન હોતા હૈ.**’ આ જૈનદર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ?

જૈનદર્શન વસ્તુમાં છે, કાંઈ બહાર નથી. (‘સમયસાર’) ૧૫મી ગાથામાં કહ્યું ને? જે કોઈ ભગવાનઆત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે, સામાન્ય દેખે, નિશ્ચયમાં દેખે અને સંયોગી પુણ્ય-પાપના વિકલ્પના દુઃખભાવથી રહિત દેખે એણે જૈનશાસન જોયું. આ તો વસ્તુ આવી છે. સમજાણું કાંઈ? પર્યાયમાં વીતરાગતા થઈ ત્યારે અબદ્ધસ્પૃષ્ટની દૃષ્ટિ થઈ. આહાહા..! આ તો સમ્યગ્દર્શનની હજી વાત છે. આ મુનિપણાની ચારિત્રની વાત છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં ભગવાનઆત્મા... અહીં પાંચ બંધ લીધા છે ને? પાંચ બોલ લીધા છે ને? તો આત્મા અબદ્ધ છે એવું ત્યાં કહ્યું છે. તો આ પાંચ પર્યાયનો બંધ નથી. સમજાણું કાંઈ? આહાહા..! મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ બંધનો ભાવ છે. ભગવાન અબદ્ધસ્વરૂપ છે. એવું ૧૫મી ગાથામાં લીધું. અર્થાત્ એ જ આ વાત છે. એ પાંચ પ્રકારની મિથ્યાત્વ આદિ પર્યાયને છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવ નિર્મળ પરિણામ દ્વારા એ સમયે ઉપાદેય થયો. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ સૂક્ષ્મ છે ને, ભાઈ! લ્યો! જોયું! ... એ જૈનદર્શન. એનું નામ જૈનદર્શન. જૈનદર્શન કોઈ આત્માની પર્યાયથી ભિન્ન નથી રહેતું. જૈનદર્શન આત્માની પર્યાયથી ભિન્ન નથી. આત્માની નિર્વિકલ્પ પર્યાય એ જૈનદર્શન છે અને એ નિર્વિકલ્પ પર્યાયમાં બંધ આદિ ભાવની નિવૃત્તિ છે અને ત્રિકાળ આત્મા ઉપાદેય છે. આહાહા..! આવો માર્ગ લોકોએ બીજી રીતે કરી નાખ્યો. મૂળ માર્ગની શરૂઆત ક્યાંથી થાય છે? અહીંથી થાય છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્યાં એમ કહ્યું કે અબદ્ધસ્પૃષ્ટ દેખે. અહીંયાં એમ કહ્યું કે પાંચ પ્રકારની બંધ પર્યાયથી નિવૃત્ત થઈને. પોતાના પરિણામમાં, વીતરાગી પરિણામમાં એ ઉપાદેય ત્યારે થયો. આદરણીય ત્યારે થયો. અહીંથી છોડ્યું તો અહીં આદરણીય થયો. સમજાણું કાંઈ? માર્ગ

આવો છે, ભગવાન! ચારિત્રનો દોષ હો પણ સમ્યગ્દર્શનમાં દોષ ન હોવો જોઈએ. એ વાત કરે છે. સમજાણું કાંઈ?

'અષ્ટપાહુડ'માં એમ કહે છે. '**दंसणभट्ठा ण सिज्झांति**' દર્શનભ્રષ્ટ નહિ સિઝે. '**सिज्झांति चरियभट्ठा**' આહાહા..! ચારિત્રમાં દોષ હો, અસ્થિરતા હો, ચારિત્ર ન હો. આહાહા..! તોપણ દર્શનભ્રષ્ટ નથી એ કારણે સિદ્ધ મુક્તિ પામશે. અલ્પકાળમાં એને ચારિત્ર આવશે, પણ જે દર્શનભ્રષ્ટ છે (અર્થાત્) જે રાગને ઉપાદેય માને છે, આત્માને હેય જાણે છે, એ તો દર્શનભ્રષ્ટ છે.

મુમુક્ષુ :- બેયમાં કોણ મોટું? દર્શન કે ચારિત્ર?

ઉત્તર :- ચારિત્ર હોય તો ચારિત્ર જ મોટું છે. પણ અહીં તો કહેવું છે કે દર્શન અને ચારિત્રથી ભ્રષ્ટ હોય. દર્શનથી ભ્રષ્ટ ન હોય તો પણ મુક્તિને લાયક છે.

મુમુક્ષુ :- આવશે.

ઉત્તર :- આવશે. દર્શનમાં પ્રતીતિ થઈ છે કે આમાં ઠરવું એ ચારિત્ર છે. ૧૭-૧૮મી ગાથામાં ન આવ્યું?

ભગવાનઆત્મા મિથ્યાત્વ આદિથી ખસીને જ્ઞાતા-દૃષ્ટા, અબદ્ધ મુક્તસ્વરૂપ એવું અનુભવમાં આવ્યું, તો તેની ઉપાદેયતામાં એમાં ઠરવું એ ચારિત્ર છે, એવી શ્રદ્ધા થઈ ગઈ છે. આવા સ્વરૂપમાં લીન થવું એ ચારિત્ર છે એમ શ્રદ્ધામાં આવ્યું છે. ૧૭-૧૮ ગાથામાં આવ્યું છે. 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથા. સમ્યગ્દર્શનમાં એ શ્રદ્ધા થઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ભગવાનઆત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ, એવું નિર્મળ પરિણતિના કાળે, અશુદ્ધ પરિણતિની નિવૃતિના કાળે, શુદ્ધ પરિણતિના કાળે ભગવાન ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ચારિત્ર ન હોય પણ ચારિત્રસહિત જે દિગંબરપણું છે એ તો અલૌકિક વાત છે. અહીં એ કહ્યું. ત્રણ કષાયનો અભાવ હોય, ઊભા ઊભા આહાર હોય. '...' એમ કેમ કહ્યું ? કે પાત્ર ન હોય. પાત્ર ન હોય તો વસ્ત્ર પણ ન હોય. વસ્ત્ર-પાત્ર ન હોય તો ઊભા-ઊભા આહાર લે છે. અંતરમાં આનંદમાં ઝૂલે છે. ત્રણ કષાયના અભાવથી અતીન્દ્રિય આનંદમાં ઝુલે છે. અને અતીન્દ્રિય આનંદની મહોરછાપ મુનિપણામાં છે. આહાહા..! છતાં વ્યવહારમાં પંચ મહાવ્રતનો વિકલ્પ આવે છે. ઊભા ઊભા આહાર લેવાનો ભાવ થાય છે. એમ એને વસ્ત્ર અને પાત્ર નથી હોતા. સમજાણું કાંઈ? એને જૈનદર્શન કહે છે. ત્રણ કષાયનો (અભાવ હોય). તેથી કહ્યું ને?

મુમુક્ષુ :- આમા હાથમાં ખાય તો બધું ઢોળાઈ જાય.

ઉત્તર :- કાંઈ ઢોળાઈ નહિ. આમ બરાબર કરે તો બરાબર રહે. અરે..! એ તો એની યોગ્યતા જ એવી હોય છે. આહાહા..! જુઓને!

ભગવાનનો દસમો ભવ સિંહનો, 'મહાવીર' પ્રભુનો દસમો ભવ સિંહ. આમ હરણને થાપ મારતા હતા. ઉપરથી મુનિ ચાલ્યા આવે છે. એની વૃત્તિ એ કાળે એવી થઈ કે આ શું?

અમે જ્યાં હોઈએ ત્યાંથી માણસ નજીક હોય તો દૂર ચાલ્યા જાય છે. પશુ નજીક હોય તો દૂર ચાલ્યા જાય. અને આ ઉપરથી નીચે મારી પાસે આવ્યા, આ શું? એમ વૃત્તિ થંભી ગઈ. આહાહા..! મુનિ કહે છે કે.. સિંહ કઈ ભાષામાં સમજ્યો, મુનિએ કઈ ભાષાએ કહ્યું એ યોગ્યતા તો જુઓ! આહાહા..! એ સિંહ, આ મુનિ. ઉપર ચાલ્યા જતા હતા. વિદ્યા હતી ને! આહાહા..! શું કહે છે? એની યોગ્યતા કેવી હશે કે મુનિની ભાષા સમજી ગયા! સમજાણું કાંઈ? મુનિની ભાષા તો એના જેવી હોય. પણ પાત્ર છે ત્યાં એ સમજાઈ ગયું. ઓહો..! મારાથી દૂર જાય છે એ મારી નજીક આવીને ઊભા રહી ગયા! એવી બુદ્ધિમાં નિર્મળતા થઈ ગઈ. તો મુનિરાજ જે કંઈ કહે છે કે, અરે..! સિંહ! પ્રભુ! તમે તો દસમા ભવે તીર્થંકર થવાના છો. આહાહા..! એ ભાષા કેવી રીતે સમજ્યા? જુઓ તો ખરા, શું કહે છે! આહાહા..! પ્રભુ! તમે તો દસમે ભવે તીર્થંકર થવાના છો ને આ શું? ગમે તે ભાષામાં બોલ્યા હશે, એ સમજી ગયા. આંખમાંથી આંસુની ધારા (ચાલી જાય છે) અને આમ હાથ જોડે (છે), બે પગે નીચે બેસી ગયા. આંખમાં આંસુની ધારા. એ સમયે... આહાહા..! જાતિસ્મરણ થાય છે. સિંહને જાતિસ્મરણ. હવે હરણને મારીને ખાય ત્યાં જાતિસ્મરણ? અરે..! ભાઈ! પરિણામને પલટતા વાર કેટલી? સમજાણું કાંઈ? આહાહા..! હજી તો ખાય છે. પેટમાં થોડું પડ્યું હશે. આહાહા..!

પ્રભુ! તમે 'મહાવીર' છો. પ્રભુ! તમે દસમે ભવે તીર્થંકર થવાના છો. અમે કેવળી પાસે સાંભળ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ ભરોસો થયો? કેવી વાત કહી હશે? આહાહા..! આંસુની ધારા ચાલી જાય છે. અરે..! ભગવાન પરમાત્મા પોતાનો આત્મા, તેનાથી હું ભિન્ન થઈ ગયો! અને કર્તવ્ય આ! એકદમ ગુલાંટ ખાઈ જાય છે. ગુલાંટ સમજ્યા? પલટો મારે છે, ફડાક દઈને. માણસ કહે છે ને કે સો ઉંદર મારીને બિલાડી પાટે બેઠી. આ એમ હવે. ઉંદર માર્યા એ તો પહેલા. પણ પછી પલ્ટો ખાતા વાર કેટલી? સમજાણું કાંઈ? એ અહીં કહે છે. આ તો મુનિપણાની વાત છે. અહીં 'પરમાત્મપ્રકાશ'માં (જે વાત) ચાલે છે એ સમ્યગ્દર્શન સહિત મોક્ષમાર્ગની ચાલે છે. બીજામાં છે ને એ?

'સૂત્રપાહુડ' ૧૪. સૂત્રપાહુડ ૧૪. ૧૪ નથી. ધર્મ પ્રત્યે ઉત્સાહ. છે ને? ભાવના. ભાવનાસમ. પ્રશ્ન કર્યો છે. '**पसंससेवा सुदंसणे**' સમ્યગ્દર્શની જીવને સમ્યગ્દર્શનમાં ઉત્સાહ હોય છે, ભાવના હોય છે, પ્રશંસા હોય છે. સ્વરૂપની સેવના હોય છે. '**ण जहादि जिणसम्मत्तं**' એ જિનસમકિતને નહિ છોડે. પણ જેને પરમતમાં ઉત્સાહ, ભાવના, સેવના છે એ મિથ્યાદૃષ્ટિ સમકિતને છોડી દેશે. સમજાણું કાંઈ? અન્યમતમાં, જૈન દર્શન સિવાય ચાહે તો ગમે તે દર્શન હોય, તે પ્રત્યે ઉત્સાહી થવું, પ્રશંસા કરવી,. સમજાણું કાંઈ? ભાવના થવી, એની સેવા એ (ભાવથી) સમ્યગ્દર્શનથી વમી જાય છે. મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ? ૧૩-૧૪ છે, હોં! અને 'બોધપાહુડ'. ૧૪ છે ને? જુઓ! ૧૪.

'**આગે દર્શનકા સ્વરૂપ કહતે હૈં :-**' દર્શન કોને કહે છે? જૈનદર્શન કોને કહે છે?

**पदंसेइ मोक्खमग्गं सम्मत्तं संजम सुधम्मंच।**
**णिग्गंथं णाणमयं जिणमग्गे दंसणं भणियं।।१४।।**

આહાહા..! જે દર્શન માર્ગમાં સમકિત સંયમ જ્ઞાન સહિત હો, જ્ઞાનમય કીધું ને? અને '**णिग्गंथं**' આહાહા..! નિર્ગ્રંથ દશા. રાગની ગાંઠ નહિ અંદરમાં, બહારમાં વસ્ત્ર-પાત્ર નહિ. સમજાણું કાંઈ? જુઓ!

**पदंसेइ मोक्खमग्गं सम्मत्तं संजम सुधम्मंच।**
**णिग्गंथं णाणमयं जिणमग्गे दंसणं भणियं।।१४।।**

જિનમાર્ગમાં એને જૈનદર્શન કહે છે. 'બોધપાહુડ' ૧૪. સમજાણું કાંઈ? 'કુંદકુંદાચાર્યે' તો એક એક .. ઘણી વાત કરી છે. ગંભીર... ગંભીર.. ગંભીર...

અહીં આવ્યું. પાંચેય મિથ્યાત્વના ભાવનો અભાવ તો કેવળીમાં પણ હોય છે. કેવળીમાં પણ જોગ તો રહે છે. એમ નથી. સાંભળ તો ખરો, કહે છે. પર્યાયમાં પાંચ ભાવ છે એની દૃષ્ટિ ઊડી ગઈ. હો, સર્વથા અભાવ ચૌદમા ગુણસ્થાને થશે. પણ દૃષ્ટિમાંથી એને હટાવી દીધા. મિથ્યાત્વ આદિ પર્યાયમાં પાંચ મિથ્યાભાવ હતા એ તરફથી નિવૃત્તિ લઈ લીધી. અંતરમાં જવામાં એનાથી નિવૃત્તિ લઈ લીધી. પલટો ખાધો, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! પાંચેય ભાવથી નિવૃત્તિ. ગજબ છે. સમ્યગ્દર્શનમાં યોગથી પણ અંશે નિવૃત્તિ (છે). આહાહા..! પ્રમાદથી નિવૃત્તિ છે, કષાયથી નિવૃત્તિ છે, અંશે એમાં બધામાં નિવૃત્તિ છે. આહાહા..!

'**ઉસ સમય શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ.**' આહાહા..! અંતરમાં એ ક્ષણે નિર્મળ વીતરાગ પરિણતિના કાળે એ મિથ્યાત્વાદિની પર્યાયથી પરિણામે પલટો માર્યો, એ નિર્મળ પરિણામના કાળે પરમાત્માનો આદર કર્યો. આત્માનો આદર એ કાળે કર્યો. તે કાળે આત્માનો સત્કાર કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? અનાદિથી અનાદર કરતો હતો. એ તો કહ્યું ને પહેલા? કે જેને મિથ્યાત્વ તો ઠીક પણ રાગની રુચિ છે એ મિથ્યાત્વ છે. પુણ્ય પરિણામનો રાગ છે એની રુચિ છે એ મિથ્યાત્વ છે. આહાહા..! એવા મિથ્યાત્વના કાળે, રાગ રુચિના કાળે ભગવાનઆત્મા હેય છે. સમજાણું કાંઈ? આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાજ, પાટ, વિષય, ભોગ એમાં જેને સુખબુદ્ધિ છે.. આહાહા..! એને આત્મા હેય થઈ ગયો.

મુમુક્ષુ :- પઠન-પાઠનની રુચિ?

ઉત્તર :- પઠન-પાઠનની રુચિ રાગની રુચિ છે. પઠન-પાઠનનો વિકલ્પ આવે છે. પણ એની રુચિ થાય કે આ ઠીક છે. તેને આત્મા હેય છે. પઠન-પાઠન એ શુભભાવ છે. એ લખ્યું નથી? કાઢ્યું હતું નહિ આપણે? 'અષ્ટપાહુડ'ને? 'નિયમસાર'? ના 'કળશટીકા'. પઠન, પાઠન, ભક્તિ, સ્તુતિ, વંદન એ બધા શુભભાવ છે. 'કળશટીકા'માં છે. છે ને ક્યાંક? ક્યાં છે એ ખબર નથી.

મુમુક્ષુઃ- કળશ ૧૮૯.

ઉત્તર :- કળશ . એ કહ્યું હતું પહેલા. આ ઈ આવ્યું. ૧૮૯. પહેલા કાઢ્યું હતું. કોઈએ લખી લીધું છે.

**'પઠન-પાઠન, સ્મરણ, ચિંતન, સ્તુતિ, વંદના ઈત્યાદિ અનેક ક્રિયારૂપ વિકલ્પો વિષ સમાન કહ્યા છે,...'** '**विष प्रणीतं**' છે. પ્રતિક્રમણની વ્યાખ્યા છે. પ્રતિક્રમણના કાળે જે શુભભાવને ઝેર કહ્યોને? 'સમયસાર' મોક્ષ અધિકારમાં. શુભભાવને ત્યાં વિષકુંભ કહ્યો છે. ઝેરનો ઘડો. ઈ વાત છે. વિષકુંભનો ભાવ જે શુભ છે, એની જેને રુચિ છે એ ભગવાન અનાકુળ આનંદના નાથને હેય કરે છે. એને છોડી દે છે-દૃષ્ટિમાંથી છોડી દે છે. તારી કિંમત નથી. મને તો આ શુભભાવની કિંમત છે. કહો, 'જ્ઞાનચંદજી'! આહાહા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર જે કહે છે એ સંતો કહે છે. એ તો કહ્યું ને? આપણે નહોતું આવ્યું? કાલે જ આવ્યું હતું ને. '**जिणवरु एउँ भणेइ**' 'પરમાત્મપપ્રકાશ' ૬૮ ગાથા. '**जिणवरु एउँ भणेइ**' આહાહા..! આ જીવ બંધ અને મોક્ષના પરિણામનો કર્તા નથી. આહાહા..! ભગવાન એમ કહે છે કે બંધ અને મોક્ષના પરિણામ અને બંધ-મોક્ષના કારણરૂપ પરિણામ, એનો જીવ એ કર્તા નથી. એને જિનવર જીવ કહે છે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ'ની ૬૮ ગાથામાં આવ્યું છે. સમજાણું કાંઈ? છે ને? અહીંયાં ચાલે છે.

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**

જિનવર એમ કહે છે કે હે આત્મા! જે આત્મા બંધ અને મોક્ષના પરિણામ કરે નહિ એને અમે જીવ અને આત્મા કહીએ. આહાહા..! '**ण वि उप्पज्जइ ण वि मरइ**' ઉત્પાદ પર્યાયમાં જીવ આવતો નથી. જન્મતો નથી પ્રભુ, મરતો નથી પ્રભુ. અને '**बंधु ण मोक्खु करेइ। जिउ**' જિનવર એને જીવ કહે છે. જે દૃષ્ટિનો વિષય છે તેને જીવ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એની કિંમત કેટલી પ્રભુ તને! આહાહા..!

કહે છે, હે યોગી! પરમાર્થે જીવ એને કહીએ. શિષ્યને કહે છે. 'પ્રભાકર ભટ્ટ' છે ને? એને 'યોગીન્દ્રદેવ' કહે છે. હે યોગી! '**जिणवरु एउँ भणेइ**' ત્રણલોકના નાથ દિવ્યધ્વનિમાં આમ કહેતા હતા. અમે એને જીવ કહીએ છીએ કે જે જીવ બંધ અને મોક્ષના પરિણામ અને મોક્ષના માર્ગના પરિણામ, બંધના માર્ગના પરિણામ કરે નહિ એને અમે જીવ કહીએ છીએ. પરિણામ કરે નહિ. 'સુકૌશલજી'! એવું છે, ભગવાન! તારી શું બલિહારી નાથ! તું કેવી ચીજ છો એની તને ખબર નથી. બહારમાં જરી પૈસા થયા, ધૂળ મળી, કાંઈક પાપના પરિણામમાંથી પુણ્યના પરિણામ થયા ત્યાં ઓહોહો..! કષાયઅગ્નિમાં બળી ગયો. આહાહા..!

ભગવાનઆત્મા એકલો શાંતરસ, અકષાયરસ, વીતરાગરસ, જ્ઞાનરસ, આનંદસ્વરૂપ. એવો ભગવાનઆત્મા, જેણે પાંચ પર્યાયથી નિવૃત્તિ લઈને અંદરમાં...

ઓહોહો..! સમ્યગ્દર્શનમાં પાંચથી નિવૃત્ત થઈને.. સર્વથા અભાવ નથી થયો, પણ એનાથી નિવૃત્ત થયો. સમજાણું કાંઈ? આહાહા..! જુઓને 'પરમાત્મપ્રકાશ'. અરે...! પ્રભુ! આગ્રહ શેના? વ્યવહારથી આ થાય. પ્રભુ! એ તો ઝેર છે. ઝેરથી અમૃત થાય? કોઈ કહેતું હતું. વ્યવહાર કરતા કરતા તો પરંપરાએ નિશ્ચય થશે ને? રાગ ઝેર કરતા કરતા અમૃત થશે? એ તો જુદી ચીજ છે. પ્રભુ! એ તો આત્મા જેને અનુભવમાં આવ્યો છે એને જે શુભભાવ થાય છે એ શુભરાગના કાળમાં ભગવાનઆત્માને સ્વભાવનો અનુભવ છે એને કારણે અશુભથી નિવૃત્ત થયો છે અને શુભથી પછી નિવૃત્ત થશે. અભાવ કરશે એ અપેક્ષાએ પરંપરા કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનયનું વચન છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિજાતીય છે. ભિન્ન છે ને, ભાઈ! આવે છે, હોય છે પણ એનાથી આત્માને લાભ છે એમ નથી. એ તો નુકસાન કરનાર છે. આહાહા..! અરે..! ક્યાં જાવું પ્રભુ તારે?

ચિદાનંદ ભગવાન... ભાષા કેવી છે! 'પરમાત્મપ્રકાશ'ની ભાષા એવી છે કે તે સમયે શુદ્ધ આત્મા ઉપાદેય છે. આ દરેક ગાથામાં બહુ લે છે. આહાહા..! જે સમયે સમ્યગ્દર્શનના પરિણામ પરથી ખસ્યા સ્વભાવ સન્મુખ થયો તે જ કાળે આત્મા છે એમ માન્યું, એનો સ્વીકાર કર્યો અને ઉપાદેય માન્યો. આહાહા..! સમજાણું કાંઈ?

એક પ્રશ્ન થયો હતો ને? પ્રભુ! આત્મા કારણપરમાત્મા છે ને? અહીંયાં એ પ્રશ્ન થયો હતો. 'ત્રિભુવનભાઈ' વારિયા 'વિરજીભાઈ'ના દીકરા. કારણપરમાત્મા કહો તો કાર્ય આવવું જોઈએ. આત્મા કારણપરમાત્મા છે. વસ્તુએ કારણપરમાત્મા છે. આવશે. પછી આવશે. કાર્યસમયસાર અને કારણ. એ ૭૪માં આવશે. જ્યારે તમે એમ કહો કે પ્રભુ આત્મા તો અનાદિઅનંત ધ્રુવ કારણપરમાત્મા છે. તો કારણ હોય તો કાર્ય આવવું જોઈએ. કારણપરમાત્મા છે તો કાર્ય કેમ નથી આવતું? એવો પ્રશ્ન કર્યો. 'રાજકોટ' 'વીરજીભાઈ' 'જામનગર' 'વીરજીભાઈ'ના દીકરા છે ને 'ત્રિભુવન'? સાંભળો.

ભગવાન! એ કારણ પરમાત્મા છે. કોને? જેને સ્વીકાર આવ્યો એને. જેને કારણપરમાત્માની દૃષ્ટિ થઈ એને કારણપરમાત્મા છે. છે એને માન્યો નહિ, જાણ્યો નહિ એને કારણપરમાત્મા ક્યાં છે? સમજાણું કાંઈ? આત્માને કારણજીવ કહે છે, કારણપરમાત્મા કહે છે. કારણજીવ કહે છે. કારણ છે તો કાર્ય આવવું જોઈએ. પણ કોને? એ કારણ ભગવાન ત્રિકાળ છે એવી જેને દૃષ્ટિ થઈ છે, એનો સ્વીકાર કર્યો છે એને કારણપરમાત્મા છે. તો એને સમ્યગ્દર્શન થયા વિના રહેશે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- કારણ પરમાત્મા તો હોવો જોઈએ.

ઉત્તર :- અંદર છે. દૃષ્ટિ પલટાવવાની છે. બીજી બાજુ શોધવાનું નથી, કાંઈ બહારથી નથી આવતું. આહાહા..! સમજાણું કાંઈ? આ તો જિનવર માર્ગ, બાપુ! અને તે દિગંબર દર્શન. એમાં 'કુંદકુંદાચાર્ય' કેડાયત. આહાહા..! કેવળીના કેડાયત. આહાહા..! ભગવાનનો

માર્ગ આડતિયા થઈને દુનિયાને કહે છે. ભગવાનનો માલ આ છે. આહાહા..! એટલા શબ્દમાં આટલું ભર્યું છે. ઓહો..! એમાં ૪૦ મિનિટ થઈ ગઈ.

**'મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગોંકી નિવૃત્તિરૂપ પરિણામ છે.'** યોગ કંપનની બુદ્ધિ ખસી ગઈ છે. કંપન હો, રાગ હો પણ એની રુચિ નિવૃત્ત થઈ ગઈ છે. સમજાણું કાંઈ? **'ઉસ સમય શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ.'** એ ૭૩ થઈ.

---

**अथ ज्ञानमयपरमात्मनः सकाशादन्यत्परद्रव्यं मुक्त्वा शुद्धात्मानं भावयेति निरूपयति –**

**७४) अप्पा मेल्लिवि णाणमउ अण्णु परायउ भाउ।**
**सो छंडेविणु जीव तुहुँ भावहि अप्प–सहाउ।।७४।।**

**आत्मानं मुक्त्वा ज्ञानमयं अन्यः परः भावः।**
**तं त्यक्त्वा जीव त्वं भावय आत्मस्वभावम्।।७४।।**

**अप्पा मिल्लिवि णाणमउ अण्णु परायउ भाउ आत्मानं मुक्त्वा। किंविशिष्टम् ज्ञानमयं केवलज्ञानान्तर्भूतानन्तगुणराशिं निश्चयात् अन्यो भिन्नोऽभ्यन्तरे मिथ्यात्वरागादिबहिर्विषये देहादिपरभावः सो छंडेविणु जीव तुहुं भावहि अप्पसहाउ तं पूर्वोक्तं शुद्धात्मनो विलक्षणं परभावं छंडयित्वा त्यक्त्वा हे जीव त्वं भावय। कम्। स्वशुद्धात्मस्वभावम्। किंविशिष्टम्। केवलज्ञानाद्यनन्तचतुष्टय–व्यक्तिरूपकार्यसमयसारसाधकमभेदरत्नत्रयात्मककारण–समयसारपरिणतमिति। अत्र तमेवोपादेयं जानीहीत्यभिप्रायः।।७४।।**

---

**आगे ज्ञानमयी परमात्मासे भिन्न परद्रव्यको छोड़कर तू शुद्धात्माका ध्यान कर, ऐसा कहते हैं –**

**गाथा – ७४**

**अन्वयार्थ :– [ जीव ] हे जीव [ त्वं ] तू [ ज्ञानमयं ] ज्ञानमयी [ आत्मानं ] आत्माको [ मुक्तवा ] छोड़कर [ अन्यः परः भावः ] अन्य जो दूसरे भाव हैं, [ तं ] उनको [ छंडयित्वा ] छोड़कर [ आत्मस्वभावम् ] अपने शुद्धात्म स्वभावको [ भावय ] चिंतवन कर।**

**भावार्थ :– केवलज्ञानादि अनंतगुणोंकी राशि आत्मासे जुदे जो मिथ्यात्व रागादि अंदरके भाव तथा देहादि बाहिरके परभाव ऐसे जो शुद्धात्मासे विलक्षण परभाव हैं, उनको छोड़कर केवलज्ञानादि अनंतचतुष्टयरूप कार्यसमयसारका साधक जो अभेदरत्नत्रयरूप कारणसमयसार है, उस रूप परिणत हुए अपने शुद्धात्म स्वभावको चिंतवन कर और उसीको उपादेय समझ ।। ७४।।**

---

**હવે, જ્ઞાનમય પરમાત્માથી ભિન્ન એવા પરદ્રવ્યને છોડીને તું શુદ્ધ આત્માને ભાવ, એમ કહે છે :**

**ભાવાર્થ : જેમાં અનંત ગુણોની રાશિ અન્તર્ભૂત છે એવા કેવળજ્ઞાનમય આત્માને છોડીને આત્માથી જુદા અભ્યંતરમાં જે મિથ્યાત્વરાગાદિ અને બાહ્યમાં દેહાદિપરભાવો છે એવા પૂર્વોક્ત શુદ્ધ આત્માથી વિલક્ષણ પરભાવને છોડીને હે જીવ! તું કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની વ્યકિતરૂપ કાર્યસમયસારના સાધક અભેદરત્નત્રયાત્મક કારણસમયસારરૂપે પરિણત શુદ્ધાત્મસ્વભાવને ભાવ.**

**અહીં, તે શુદ્ધાત્મસ્વભાવને ઉપાદેય જાણો એવો અભિપ્રાય છે. ૭૪.**

## ગાથા-૭૪ ઉપર પ્રવચન

'**આગે જ્ઞાનમયી પરમાત્માસે...**' ભગવાન તો જ્ઞાનમયી આત્મા (છે). આનંદમય, જ્ઞાનમય. જ્ઞાનમય કહેવામાં મુખ્ય જ્ઞાન છે ને? એ જ્ઞાન પોતાને જાણે છે અને પર ગુણને જાણે છે. પરગુણ પોતાને જાણતા નથી. સમ્યગ્દર્શન-ચારિત્ર-આનંદ એ પોતાને જાણતા નથી, પરને જાણતા નથી. અસ્તિત્વ રાખે છે. જ્ઞાનનું અસ્તિત્વ છે અને જ્ઞાન સ્વ-પરને જાણે છે એટલી એની તાકાત છે. સમજાણું કાંઈ? જ્ઞાનમય જ્ઞાનમય એમ કેમ કહ્યું? કે જ્ઞાનસ્વરૂપ જ એવી ચીજ છે જે પોતાને જાણે, છે એમ જાણે, પરને છે એમ જાણે. આહાહા..! એ દર્શન-ચારિત્ર-આનંદ-અસ્તિત્વ એમાં એ શકિત નથી. છે એમ જાણવાની શકિત એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કારણે જ્ઞાનમયી પરમાત્મા એમ કહ્યું. નહિતર તો અનંતગુણમય છે. હમણાં ટીકામાં આવશે. છતાં એ જ્ઞાન, ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા છે. જે જ્ઞાનની સાથે અવિનાભાવી અનંતગુણ રહ્યા છે. એટલે કે જ્ઞાન છે ત્યાં અનંતગુણ છે, અનંતગુણ છે ત્યાં જ્ઞાન છે. એમ હોવા છતાં પણ જ્ઞાનમય આત્મા એમ કહેવામાં આવે છે.

એનાથી '**ભિન્ન પરદ્રવ્યકો છોડકર...**' આહાહા..! '**તૂ શુદ્ધાત્માકા ધ્યાન કર,...**' પ્રભુ! આહાહા..! શુદ્ધાત્મા એટલે શાસ્ત્રથી જાણી લેવો એમ નહિ. એમ કહે છે. '**શુદ્ધાત્માકા ધ્યાન કર,...**' સમજાણું કાંઈ? શાસ્ત્રથી સાંભળ્યું કે આ આત્મા શુદ્ધાત્મા છે, જ્ઞાનમય છે, એમ વિકલ્પથી જાણ્યું એ ચીજ નથી. અંતરમાં જઈને, પરદ્રવ્યને છોડીને શુદ્ધાત્માનું ધ્યાન કર. આહાહા..! ચારે બાજુથી વિકલ્પને હટાવીને... આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ તું છો. એને ધ્યાનનો વિષય બનાવ, ધ્યાન કરો. એને ધ્યાનનો વિષય બનાવો. જુઓ તો ખરા! આહાહા..!

'ધ્યાન વિષય કુરુ.' 'અધ્યાત્મ તરંગિણી'માં (આવે છે). ભાઈ! 'અધ્યાત્મ તરંગિણી' છે ને? ટીકામાં છે. અમે તો વાંચતા વાંચતા એવો બોલ હોય ત્યાં ચિહ્ન કરી લઈએ. હજારો

શાસ્ત્ર વાંચ્યા હોય, વારંવાર ક્યાં વાચે? 'ધ્યાન વિષય કુરુ' એવો શબ્દ છે ત્યાં. 'પરમ અધ્યાત્મ તરંગિણી' છે ને? કળશટીકા. આ 'કળશટીકા' 'રાજમલજી'ની છે. ઓલી 'શુભચંદ્રાચાર્ય'ની કળશટીકા ('પરમ અધ્યાત્મ તરંગિણી')છે. સંસ્કૃત. 'ધ્યાન વિષય કુરુ'. પ્રભુ! તારા ધ્યાનમાં આત્મા લઈ લે. માણસ નથી કહેતા કે ધ્યાન રાખ. એમ કહે છે કે નહિ? ધ્યાન રાખ. અહીં કહે છે કે ધ્યાન રાખ. કોનું? તારું.

મુમુક્ષુ :- પણ જાણ્યા વિના ધ્યાન કેમ રાખીએ?

ઉત્તર :- એ તો કહે છે ને કે વિકલ્પથી પહેલા જાણવામાં આવે છે. નય, નિક્ષેપ, પ્રમાણથી, વિકલ્પથી પહેલા જણાય. પણ એ ચીજ નથી. 'સમયસાર'ની ૧૩મી ગાથામાં આવ્યું ને. પહેલા નયથી, નિશ્ચયથી, વ્યવહારથી અન્યમતથી ભિન્ન ભગવાન શું કહે છે એવું નયથી જાણે, નિક્ષેપથી જાણે અને પ્રમાણથી જાણે. પણ છતાં એ અભૂતાર્થ ચીજ છે. છે એમાં? ૧૩મી ગાથામાં છે. '**भुदत्थेणाभिगदा जीवाजीवा**' નયનો વિષય છે. 'શાંતિસાગર' આવ્યા હતા અહીં. કીધું, આ ગાથા કઈ છે? આ પ્રમાણની ગાથા છે. મૂળ અભ્યાસ જ નથી, તત્ત્વનો અભ્યાસ જ નથી. એ ગાથા છે નિશ્ચયનયની. સમજાણું કાંઈ?

નવ તત્ત્વમાં સળંગ અન્વય રહેનારો ભગવાનઆત્મા એ ભૂતાર્થ છે. જીવ, અજીવ, પુણ્ય-પાપ આદિ નવ તત્ત્વ છે ને પર્યાય? બધામાં એકરૂપ અન્વય રહેનાર સામાન્ય એ જીવ છે. આહાહા..! એ જીવની ત્યાં વ્યાખ્યા છે. '**भुदत्थेणाभिगदा**' ઓલા નામ આવ્યા ને નવ? '**भुदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च**' ૧૩મી ગાથા. પણ એ તો વ્યવહારનો વિષય કહ્યો. પણ એને જાણનાર ભૂતાર્થ એક જ આત્મા છે. અન્વય તરીકે (એક જ આત્મા છે).

કાલે કહ્યું હતું ને? 'પંચાસ્તિકાય'માં એમ લીધું છે. પહેલા શ્લોક છે. છે ત્યાં? '**जीवाजीवद्विपर्यायरूपाणां चित्रवर्त्मनाम्**' ભાષા જરી ઝીણી છે. '**ततो नवपदार्थानां व्यवस्था मतिपादिता।।५।।**' '**અહીં પહેલા સૂત્રકર્તાએ...**' '**પછી (બીજા અધિકારમાં), જીવ અને અજીવ એ બેના પર્યાયોરૂપ નવ પદાર્થોની-** ' જીવ-અજીવની બેની સાત પર્યાય, એમ નવ લીધા ને? એ નવ પદાર્થોના '**કે જેમના માર્ગ અર્થાત્ કાર્ય ભિન્ન ભિન્ન પ્રકારના છે....**' નવે તત્ત્વનું કાર્ય ભિન્ન ભિન્ન પ્રકારનું છે. આસ્રવ, પુણ્ય, પાપ, બંધ, સંવર નિર્જરા, મોક્ષ. નવેયનું ભિન્ન કાર્ય. શ્લોક છે. '**चित्रवर्त्मनाम्**' એટલે શું એનો અર્થ? વિચિત્ર. માર્ગ. આહાહા..! પાંચમો શ્લોક છે. 'પંચાસ્તિકાય'. શ્લોક નંબર પાંચ. પહેલા કળશ-કળશ. ગાથા નહિ, ગાથા નહિ. આ તો શરૂઆત કરીને? પાંચમો શ્લોક.

નવ તત્ત્વનું કાર્ય ભિન્ન ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? શુભભાવનું કાર્ય દુઃખરૂપ છે, ભગવાનનું કાર્ય આનંદરૂપ છે, સંવરનું કાર્ય શાંતિરૂપ છે, નિર્જરાનું કાર્ય હિતરૂપ અને સુખની વૃદ્ધિનું કાર્ય છે, મોક્ષનું કાર્ય પૂર્ણ શુદ્ધિનું વૃદ્ધિનું છે. સમજાણું કાંઈ? શુભભાવ એ તો રાગરૂપી કાર્ય છે, દુઃખરૂપ કાર્ય છે. એ તત્ત્વનો માર્ગ એ કાર્ય છે.

પાઠમાં માર્ગ કહ્યું છે. પાઠમાં માર્ગ લીધું છે. નવ તત્ત્વનો માર્ગ એટલે નવ તત્ત્વનું કાર્ય. સમજાણું કાંઈ? આહાહા..! હવે જે પુણ્ય-પાપ, આસ્રવ એનું કાર્ય તો દુઃખરૂપ છે. એ આત્માના સંવર-નિર્જરાનું કાર્ય થઈ જાય એનાથી? સમજાણું કાંઈ? આ તો કાર્ય શબ્દ પડ્યો હતો ને, ભાઈ! માર્ગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલા-પછી છે ક્યાં ત્યાં? એ નવેય તત્ત્વની પર્યાયના જીવ-અજીવના ભેદ, બે તત્ત્વ એના ભેદ સાત. નવેયનું કાર્ય ભિન્ન ભિન્ન છે. પહેલેથી આ નિર્ણય કરવો જોઈએ. આહાહા..! પંડિતજી! શાસ્ત્રો પોકાર કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. દુઃખનો અનુભવ કારણ થાય છે. દુઃખનો અનુભવ સમ્યગ્દર્શનમાં કારણ થાય છે? સમ્યગ્દર્શન તો સુખનું કારણ છે. આહાહા..! 'છ ઢાળા'માં આવ્યું ને? ત્યાગ-વૈરાગ્ય.. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ-નહિ એ તો 'શ્રીમદ્'માં. આ તો ઢાળમાં 'છ ઢાળા'માં આવે છે.

મુમુક્ષુ :- આતમ હિત...

ઉત્તર :- 'આતમ હિત હેતુ ત્યાગ વૈરાગ્ય...' દુઃખનું કારણ માને. ચારિત્ર, આનંદ, જ્ઞાન એ કષ્ટદાન માને છે. એ તો આનંદદાયક છે. આહાહા..! આવે છે ને એ? 'છ ઢાળા' પહેલાના પંડિતોએ બહુ સારું કર્યું છે. એ તો વર્તમાનમાં ફેરફાર થઈ ગયો. પહેલાના પંડિત સાધારણ 'છ ઢાળા' કરનારે ગાગરમાં સાગર ભરી દીધો છે. એ તો પાઠશાળામાં ચાલે છે ને, પંડિતજી! એમાં એમ લખ્યું છે, લ્યો! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અમારે શું? અમે તો ભગવાન માર્ગ કહે છે એ કહીએ છીએ. પંડિત હો, ન હો અમારી સાથે.

મુમુક્ષુ :- તમારો વિરોધ ...

ઉત્તર :- વિરોધ અમારો કરતા નથી. કોઈનો કોઈ વિરોધ કરી શકતું નથી. અહીં તો માર્ગ છે એવો છે. તીર્થંકર વખતે પણ વિરોધ હતો.

એક ભાઈએ તો લખ્યું છે. હિતેષી 'દિલ્હી'વાળા 'પ્રકાશચંદ્ર હિતેશી' છે ને 'દિલ્હી'વાળા? એણે તો એકવાર લખ્યું હતું. અમેં તો કાંઈ વાંચ્યું નથી પણ એણે લખ્યું હતું કે 'મહાવીર' વખતે એટલા હજારો, 'મહાવીર'ના વિરોધી 'મહાવીર' જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તે જાતા હતા. એમ લખ્યું છે. આહાહા..! આ તો એટલા વિરોધી ભગવાન જ્યાં જાય ત્યાં વિરોધ કરવા જતા. એવું કાંઈક લાવ્યા હતા. અમે તો જોયું નથી. બીજા શાસ્ત્રમાં .. એ લાવ્યા હતા. ભાઈ હિતેષી છે ને? 'સન્મતિ સંદેશ' છાપે છે ને? 'દિલ્હી'. એ ક્યાંકથી લાવ્યા હતા. કેટલા હજાર 'મહાવીર'ના વિરોધી 'મહાવીર' જ્યાં જતા હતા ત્યાં વિરોધ

કરવા જતા હતા. એ તો જગતની સાથે.. એમાં કાંઈ વિશેષ નથી. આહાહા..!

અહીં કહે છે. હવે ૭૪ ગાથા.

**૭૪) अप्पा मेल्लिवि णाणमउ अण्णु परायउ भाउ।**
**सो छंडेविणु जीव तुहुँ भावहि अप्प-सहाउ।।७४।।**

**અન્વયાર્થ :-** '**હે જીવ તુ જ્ઞાનમયી આત્માકો...**' પરમાત્મા એટલે આત્મા. '**છોડકર અન્ય જો દૂસરે ભાવ હૈં, ઉનકો છોડકર...**' સમજ્યા? જ્ઞાનમય આત્માને '**અન્ય જો દૂસરે ભાવ હૈં, ઉનકો છોડકર અપને શુદ્ધાત્મ સ્વભાવકો ચિંતવન કર.**' '**मुक्तवा**' એ રાગથી મુકત છે મૂળ તો.

**ભાવાર્થ :-** '**કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકી રાશિ...**' આહાહા..! ભગવાન તો અનંતગુણની રાશિ-ઢગલો છે. ઢગ છે ને? શું કહે છે? ઢેર. આ રાશિ કહ્યું ને. '**કેવલજ્ઞાનાદિ...**' કેવળજ્ઞાન એટલે પર્યાયની વાત નથી. અંતર એકલું જ્ઞાન, એકલો આનંદ, એકલી શાંતિ, એકલી ઈશ્વરતા, એકલી કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ શક્તિઓ જે છે એકલી તદ્દન પરિપૂર્ણ નિર્મળ છે.

મુમુક્ષુ :- કેવળ શબ્દ એક બતાવે છે.

ઉત્તર :- એક જ બતાવે છે. કેવળપર્યાયની વાત અહીંયાં નથી.

'**કેવલજ્ઞાનાદિ...**' છે? '**કેવલજ્ઞાનાદિ...**' જ્ઞાનથી લીધું છે ને? જ્ઞાનમય છે ને મૂળ પાઠમાં? '**અનંતગુણોંકી રાશિ...**' અનંત ગુણની રાશિ. ભગવાન અનંત ગુણનો ઢગલો. આહાહા..! એક સમયની પર્યાયમાં ભૂલ છે. એક સમયની. વસ્તુ ત્રિકાળી, ભૂલ એક સમયની. બે સમય રહેતી નથી. પહેલા સમયે નાશ થાય, બીજે સમયે ઉત્પન્ન થાય છે. એક સમયની સંસારની ભૂલ છે. આહાહા..! ભગવાનઆત્મા '**કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકી રાશિ આત્માસે જુદે...**' એમ કહે છે. એનાથી જુદા. કોણ?

'**મિથ્યાત્વ રાગાદિ અંદરકે ભાવ...**' મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અંદરના ભાવ. એ પણ અનંતગુણની રાશિ આત્માથી જુદા. આહાહા..! '**તથા દેહાદિ બાહિરકે પરભાવ...**' શરીર, વાણી, મન આદિ બધા. '**ઐસે જો શુદ્ધામાસે વિલક્ષણ પરભાવ હૈં,...**' જુઓ! શુદ્ધાત્મા ભગવાન જે અનંતગુણની રાશિ, એનાથી '**વિલક્ષણ...**' વિપરીત લક્ષણવાળા. આહાહા..! એ શુભરાગ પણ સ્વભાવના લક્ષણથી, ભગવાનના સ્વરૂપથી વિલક્ષણ છે, વિપરીત લક્ષણવાળા છે. આહાહા..! બંધભાવ છે. બંધભાવ છે ને? રાગ ભાવ બંધભાવ (છે). સર્વવિશુદ્ધમાં આવ્યું છે. આહાહા..!

'**આત્માસે જુદે જો મિથ્યાત્વ રાગાદિ અંદરકે ભાવ તથા દેહાદિ બાહિરકે પરભાવ ઐસે જો શુદ્ધાત્માસે વિલક્ષણ પરભાવ હૈં, ઉનકો છોડકર...**' આહાહા..! કેમ છોડવા? ભાઈ! એ તો એક સમયની પર્યાયમાં છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી એ બધું છૂટી જાય છે. સમજાણું કાંઈ? મહાત્મ્ય તો પ્રભુ આત્માનું છે. પરમાત્મસ્વરૂપ ભગવાન એ તરફ જ્યાં

ઝુકાવ થયો એ બધી મલિન પર્યાય દૂર રહી ગઈ. મલિન પર્યાય દૂર રહી ગઈ. અનુભવમાં અને અનુભવના વિષયમાં એ આવ્યા નહિ. શું કીધું? આહાહા..!

'**ઉનકો છોડકર કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ...**' જુઓ! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવા '**કાર્યસમયસારકા....**' એ કાર્યસમયસાર પર્યાય. દ્રવ્ય કારણ સમયસાર. ત્રિકાળી ભગવાન એ કારણ સમયસાર. ત્રિકાળી. આ કારણના બે ભેદ છે. એક ત્રિકાળી કારણ સમયસાર અને મોક્ષનો માર્ગ એ કારણ સમયસાર. લ્યો, વખત થઈ ગયો, હોં! વિશેષ આવશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૧૧, શુક્રવાર
## તા. ૦૬-૦૮-૧૯૭૬, ગાથા-૭૪, પ્રવચન નં. ૫૫

પ્રથમ નમો અરિહંતાણં એમ આવે છે ને? એમાં એમ આવે છે કે નમો લોએ ત્રિકાળવર્તી સવ્વ અરિહંતાણં. આખો પાઠ એમ છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ઓહોહો..! 'ધવલ'માં એમ પાઠ છે. પછી ટૂંકાવીને નમો લોએ સવ્વ સાહૂણં. એ ચાર પદમાં લઈ લીધું. નમો લોએ સવ્વ અરિહંતાણ, નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ સવ્વ આઈરિયાણં, નમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહુણં. પાઠ તો એમ છે. પછી ત્રિકાળવર્તી એમ ઉમેરી દેવું. આહાહા..! નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આહાહા..! કેટલી વ્યાપકતા છે, જુઓ! કરે છે. શાસ્ત્રની રચનામાં પ્રથમ નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. હજી તો એ અરિહંત થવાના છે. એ તો અત્યારે હજી નરકમાં હોય છે, એકેન્દ્રિયમાં હોય છે એ તો. આહાહા..! પણ ભવિષ્યમાં થવાના છે એને અત્યારે નમસ્કાર કરે છે. આહાહા..! નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી-ત્રણકાળમાં વર્તનારા. કેમકે ત્રણકાળમાં ત્રિકાળને જાણનારનો જગતમાં વિરહ નથી. આહાહા..! અનાદિથી સર્વજ્ઞ ચાલ્યા આવે છે. તો કહે છે કે અનાદિઅનંત કાળ સર્વજ્ઞ થશે. આહાહા..! હજી તો અનંતકાળ થશે. ભવિષ્યનો અંત નથી. આહાહા..! એમાં પણ જે અરિહંત થશે... અહીં તો કહે છે કે પ્રભુ! હું તો ત્રિકાળ નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતોને હું નમસ્કાર કરું છું. આહાહા..! હું તો પ્રભુ આપની સ્તુતિ કરતા પહેલા નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. આહાહા..! હજી તો સિદ્ધ થયા પણ નથી પણ ભવિષ્યમાં થશે. એને પણ ગણધરદેવ શાસ્ત્ર રચવાના કાળમાં પ્રથમ નમસ્કાર કરે છે.

અહીં બીજી વાત કહેવી છે કે અનંત અરિહંતો ભૂતકાળમાં થયા, વર્તમાનમાં સંખ્યાત્ લાખો છે, ભવિષ્યમાં અનંત થશે. બધાની સત્તાની પ્રતીતિ થઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા અનંત સિદ્ધ થયા. વર્તમાન અનંત સિદ્ધ છે. વર્તમાન

સંખ્યાત્ થાય છે અને ભવિષ્યમાં અનંત થશે. પ્રભુ! હું સર્વ ત્રિકાળવર્તી સિદ્ધોને નમસ્કાર કરું છું. આહાહા..!

નિર્મળ પર્યાય પ્રાપ્ત અનંતસિદ્ધ ભૂત, વર્તમાન, ભવિષ્યની સત્તાનો જેણે સ્વીકાર કર્યો. આહાહા..! નમસ્કાર કરનારની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. એ ત્રીજું પદ છે. નમો-નમસ્કાર પ્રભુ મારા. લોકમાં, સર્વ કાળમાં વર્તનારા આચાર્ય. આહાહા..! જેને ગણધર નમસ્કાર કરે. અરિહંત અને સિદ્ધ બે તો પૂર્ણ પરમાત્મા છે. પણ આ તો છદ્મસ્થ છે. આહાહા..! ભાઈ! એ પદ કોઈ અલૌકિક છે. લોકો સાધારણ કલ્પી બેસે એવી ચીજ નથી. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. ગણધર રચના કરવાના કાળમાં.. આહાહા..! પોતાથી નાના આચાર્ય હોય એને બહારમાં વંદન ન કરે, પણ ભવિષ્યમાં (થશે), (અત્યારે) થયા નથી, હજી થશે અને વર્તમાન આચાર્ય પોતાથી નાના હોય, એને નમો લોએમાંથી કાઢી નથી નાખતા. સમજાણું કાંઈ? નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. આહાહા..! ભવિષ્યમાં અનંત આચાર્ય થશે એની સત્તાનો અહીંયાં સ્વીકાર કર્યો છે. સમજાણું કાંઈ? એ લીંબડાને બાળકો તોડે છે. તેમાં અસંખ્ય જીવ છે. આહાહા..! પૂર્વના માતા-પિતા પણ અસંખ્ય એમાં પડ્યા છે. લોકોને સત્તાનો સ્વીકાર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ચોથા પદમાં નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં. એ ઉપાધ્યાય કેવા હશે? સમજાણું કાંઈ? આહાહા..! જેને ગણધર ધર્મના તીર્થંકર, જે ધર્મના બાદશાહ એના વજીર, ગણધર એટલે બાદશાહ તીર્થંકરના વજીર, દિવાન. આહાહા..! વર્તમાન સત્તાના સ્વીકારના મહિમામાં આ વાત આવી. એ પણ અમે પહેલા ખાનગી કરીએ છીએ એમાં આ કરીએ છીએ. પછી આ બોલીએ છીએને બહારમાં? નમો લોએ સવ્વ. અંદરમાં પહેલા એ શરૂઆત કરીએ છીએ. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. એમ નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. આહાહા..! સાધુપદ કોને કહીએ ભગવાન! જેને ગણધર નમસ્કાર કરે. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં થનારા ગણધર એ પણ સાધુને, વર્તમાનમાં નાના સાધુ હોય, અંતર્મુહૂર્તમાં સાધુ થયા હોય અને ભવિષ્યમાં થશે (તેને નમસ્કાર કરે છે). આહાહા..! ભાઈ! એ પદ શું છે? નવકાર પદ મહામંત્ર છે. સમજાણું કાંઈ? છે તો વિકલ્પ. પંચ પદને નમસ્કાર કરવા એ છે તો વિકલ્પ પણ શુભભાવમાં આ આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહો..! સાધુ મોજૂદ નથી અને ભવિષ્યમાં થશે પોતાના રત્નત્રય સાધન કરીને. એ અધિકાર આવ્યો છે. ૭૪ (ગાથા) આવી છે. આહાહા..! કહે છે કે હું તો ભવિષ્યમાં થઈશ. વર્તમાનમાં એ જીવ ભલે નિગોદમાં હોય. આહાહા..! પંડિતજી! આહાહા..! હું તો ત્રિકાળવર્તી લોકમાં બિરાજમાન સંતના ચરણમાં નમસ્કાર કરું છું. ભગવાન! એ પાંચ પદ શું છે! સમજાણું કાંઈ? હવે આપણે અહીં ૭૪ આવી છે.

મુમુક્ષુ :- લોકમાં બધા સાધુઓને નમસ્કાર છે?

ઉત્તર :- એની સત્તા છે. એની સત્તાનો સ્વીકાર કરીને નમસ્કાર કર્યા છે.

મુમુક્ષુ :- લોકમાં જેટલા સાધુ છે એ બધાને નમસ્કાર કર્યા છે?

ઉત્તર :- જૈનના સાધુ. બીજા સાધુ છે કયાં? એ અહીં કહે છે. હવે આવશે. જૈનનો અર્થ કે જે સ્વરૂપનું સાધન કરે, જે પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતાનું સ્વરૂપ, એનું અભેદ રત્નત્રયથી સાધન કરે છે એ સાધુ છે.

મુમુક્ષુ :- પોતે પોતાને નમસ્કાર કરે.

ઉત્તર :- એ પછી. આ નિશ્ચય. આ તો વ્યવહારની વાત ચાલે છે. વ્યવહાર નમસ્કારમાં એટલી સત્તાનો સ્વીકાર કરીને નમસ્કાર કરે છે એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? નિશ્ચય નમસ્કાર તો પોતામાં નિર્વિકલ્પ અનુભવમાં પોતામાં નમસ્કાર કરવા એ નિશ્ચય નમસ્કાર છે. પરમાત્મ સ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણાનંદથી બિરાજમાન પોતાની સત્તા, એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સ્વીકાર કરીને નમી જવું. નમઃ સમયસારાય. એ પહેલો શબ્દ છે ને? પહેલો છે. એ હું સમયસાર પૂર્ણાનંદના નાથ પરમાત્મસ્વરૂપ હું, એ મારી દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્રથી એને હું નમસ્કાર કરું છું. પંડિતજી! આહાહા..! વીતરાગનું .. તો જુઓ! ધર્મીને વીતરાગતા જ ભાસે છે. અરિહંતોમાં, સિદ્ધોમાં, આચાર્યોમાં, ઉપાધ્યાયમાં, સાધુમાં. આહાહા..! ભવિષ્યમાં વીતરાગ થશે તેને વર્તમાનમાં નમસ્કાર કરી દે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં આપણે ચાલે છે.

૭૪ ફરીને.

**ભાવાર્થ :- 'કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકી રાશિ આત્મા...'** લ્યો! એ પરમાત્મા-આત્મા. કેમકે જે પરમાત્મપર્યાય થવાની છે એ પરમાત્મની પર્યાય કયાંથી આવશે?દ્રવ્યસ્વરૂપ પરમાત્મા જ છે. પર્યાયમાં પરમાત્મા થશે, અભેદ રત્નત્રયની આરાધનાથી થશે. સમજાણું કાંઈ? છે? ૭૪. ભાવાર્થ. ૭૪નો ભાવાર્થ. ગાથા-૭૪. ૭૦ અને ૪. પહેલો ભાગ. **'કેવલજ્ઞાનાદિ...'** કેવળજ્ઞાન એટલે? અહીંયાં પર્યાયની વાત નથી. કેવળ જ્ઞાન-એકલું જ્ઞાન. એકલું પૂર્ણ જ્ઞાન, એકલો પૂર્ણ આનંદ, એકલી પૂર્ણ શ્રદ્ધા ત્રિકાળ, હોં! આહાહા..! સમકિત છે એ તો પર્યાય છે. આ તો ત્રિકાળ સમ્યક્ શ્રદ્ધા, પૂર્ણ શ્રદ્ધાનો સ્વભાવ એ ગુણરૂપ છે. પૂર્ણ વીર્ય સ્વભાવ, પૂર્ણ વીર્ય, એકલા વીર્યનો પિંડ સ્વભાવ, એવા અનંતગુણનો પૂર્ણ સ્વભાવ એવી રાશિ. **'અનંતગુણની રાશિ...'** આહાહા..! ભાઈ! ભાવનું ભાસન થવું જોઈએ. આમ ને આમ કરે એ કાંઈ ચીજ નથી. ભાવમાં એની પ્રતીતિ અને આસ્થા આવવી જોઈએ. અને ભાવમાં એ ચીજ શું છે એવી સત્તાનું ભાસન થવું જોઈએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુરુ આ આત્મા છે. આત્મા પોતાથી પોતાને સમજાવે છે એ ગુરુ છે. ત્યારે પરને નિમિત્તથી ગુરુ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકી રાશિ...'** આ પરમાત્મા. આહાહા..! એ પરમાત્મા

પૂર્ણ અનંતગુણનો પિંડ છે. એ '**અનંતગુણોંકી રાશિ આત્માસે જુદે...**' આહાહા..! '**મિથ્યાત્વ રાગાદિ અંદરકે ભાવ...**' જુઓ! વિપરીત માન્યતા અને રાગાદિ અંતરના ભાવ અને '**તથા દેહાદિ બાહિરકે પરભાવ એસે જો શુદ્ધાત્માસે વિલક્ષણ પરભાવ હૈં,...**' આહાહા..! પોતાનો અનંતગુણ રાશિ પરમાત્મા એનાથી ભિન્ન રાગાદિ, શરીરાદિ બધા પરભાવ, સ્વભાવથી વિલક્ષણવાળા બધા પરભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધાત્માસે વિલક્ષણ પરભાવ હૈં,...**' ભાષા તો દેખો! ઓહોહો..! ભગવાનઆત્મા અનંતગુણ રાશિ પ્રભુ, એ એનું સ્વભાવિક લક્ષણ અને એ સ્વભાવલક્ષણથી વિપરીત મિથ્યાત્વ રાગ-દ્વેષ, શુભ રાગાદિ એ બધા સ્વભાવથી વિલક્ષણ-વિપરીત લક્ષણવાળા રાગાદિ બધાને પરભાવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઉનકો છોડકર...**' આહાહા..! અનંત જ્ઞાનાદિ પૂર્ણ સ્વભાવ પરમાત્મા ગુણનો રાશિ, એનાથી વિરૂદ્ધ રાગાદિ અને શરીરાદિ સ્વભાવથી વિપરીત લક્ષણવાળા એ ભાવ. આહાહા..! વ્યવહારરત્નત્રય એ આત્માના સ્વભાવથી વિલક્ષણવાળા ભાવ છે. વિલક્ષણ સમજ્યા? વિપરીત લક્ષણ. આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અનંત જ્ઞાનાદિ ગુણનો રાશિ, એનું આવું સ્વભાવલક્ષણ છે, એને પુણ્ય અને પાપના ભાવથી માનીને બહારથી જ બધું (માનવું), એ સ્વભાવના લક્ષણથી વિપરીત લક્ષણ છે. આહાહા..! એવા વિપરીત લક્ષણવાળા પરભાવ છે '**ઉનકો છોડકર...**' જુઓ! આહાહા..! '**કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ...**' હવે આ કેવળજ્ઞાન આવ્યું એ પર્યાય આવી. પહેલા જે કેવલજ્ઞાનાદિ અનંત ગુણ હતા એ કેવળ-માત્ર ગુણ લીધા. હવે આવા પરમાત્માને-એવો ભગવાનઆત્મા અનંતગુણ રાશિ પ્રભુ, એને '**કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ કાર્યસમયસારકા સાધક...**' ભાષા જુઓ! એવો જે પરમાત્મા છે એને જે અનંત જ્ઞાન-દર્શન આદિ ચતુષ્ટય કાર્યસમયસાર પર્યાય, પર્યાયની વાત થાય છે, કાર્યસમયસાર એ પર્યાય છે. કારણસમયસાર એ ત્રિકાળી પરમાત્મ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ કારણનું કાર્ય છે. એમ ન જોતાં.

અહીંયાં તો એવો જે કારણપરમાત્મા છે એની કાર્ય પરમાત્મા જે સમયસાર દશા, એનું સાધક '**અભેદરત્નત્રયરૂપ કારણસમયસાર હૈ,...**'આહાહા..! જુઓ! ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની પર્યાયમાં કેવળજ્ઞાનાદિ પ્રગટવું એ કાર્યસમયસાર છે. એનું સાધક, એનું સાધક, એનું કારણ... આહાહા..! એનો સાધક '**અભેદરત્નત્રયરૂપ કારણ સમયસાર હૈ,...**' અહીં વ્યવહારરત્નત્રયને સાધક નથી કહ્યું. આહાહા..! લોકોને વ્યવહારની એટલી પક્કડ છે ને કે વ્યવહારરત્નત્રય પરંપરાએ કારણ છે. પ્રભુ! એ પરંપરા વ્યવહારરત્નત્રય તો રાગ છે. એ પરંપરા કારણ કહ્યું છે એ તો ઉપચાર, વ્યવહારનયનું કથન છે. સમજાણું કાંઈ? એ હમણાં ઘણું ચાલ્યું છે. પ્રભુ! આહાહા..!

અહીંયાં તો કહે છે કે '**કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ કાર્યસમયસારકા સાધક...**'

કેવળજ્ઞાનાદિ મોક્ષ દશાનો સાધક. આહાહા..! કોણ? અભેદ રત્નત્રયરૂપ કારણસમયસાર. આ કહ્યું છે. પોતાના શુદ્ધ પરમાત્મસ્વરૂપનું નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન અને નિશ્ચય વીતરાગતા-ચારિત્ર-એ અભેદરત્નત્રય કાર્યસમયસારનું એ સાધક છે. ત્યારે પેલા કહે, નહિ, વ્યવહારને ઈષ્ટ કહ્યો છે, વ્યવહાર સાધક છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. એ સાધક છે જ નહિ. સમજાણું કાંઈ? સાધકના કથન બે પ્રકારના હોય પણ સાધક બે પ્રકારના છે એમ નથી. આહાહા..! એટલું સ્પષ્ટ છે. પ્રભુ! તું સમજીને નક્કી કર. આહાહા..! વ્યવહારથી થાય તો રાગથી વીતરાગતા થાય છે? રાગથી કેવળજ્ઞાન પર્યાય થાય છે? આહાહા..!

ભગવાન 'પરમાત્મપ્રકાશ'ના ટીકાકાર કહે છે. આહાહા..! જુઓ! કહે છે કે '**કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ...**' કેવળજ્ઞાનમાં અનંતચતુષ્ટય પ્રગટે છે ને? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. જે શકિતરૂપ છે એ વ્યકિતરૂપ થવામાં અભેદરત્નત્રય સાધક છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રભુ! તારી પ્રભુતા પૂર્ણ પડી છે. એની પ્રભુતા પર્યાયમાં પૂર્ણ પર્યાય પ્રગટ કરવાનું સાધન અભેદરત્નત્રય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કારણ-કાર્ય એક જાતિના છે...

ઉત્તર :- હા, એક જાતિના હોય છે. એ તો નિમિત્તથી કથન છે. વ્યવહારરત્નત્રય એ રત્નત્રય તરીકે વસ્તુ જ નથી. પણ નિશ્ચય અભેદરત્નત્રયની સાથે એવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ જોઈને, સહચર જોઈને, સાધક વ્યવહારથી, ઉપચારથી કહેવામાં આવ્યું છે. જ્ઞાન કરાવવા કે એ કાળે રાગની મંદતા કયા પ્રકારની હોય છે. આહાહા..! આ મોટા ઝઘડા. 'સોનગઢ'ના નામે વિરોધ કરે છે. અરે..! પ્રભુ! વિરોધ ન હોય. પ્રભુ! તારો વિરોધ થાય છે, ભાઈ! આહાહા..!

અનંત સંતો, અનંત આચાર્ય, ઉપાધ્યાયે શું કીધું? અનંત ચતુષ્ટય જે ભગવાનની કેવળજ્ઞાનની પર્યાયમાં અનંત ચતુષ્ટય જે પ્રગટે છે એ કાર્યસમયસાર છે. એ કાર્યસમયસારનું સાધક કોણ? એ કાર્યસમયસારનું પર્યાય કારણ કોણ? દ્રવ્ય તો કારણ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ '**કાર્યસમયસારકા સાધક જો અભેદરત્નત્રયરૂપ કારણસમયસાર હૈ,...**' જુઓ! આ કારણ. આહાહા..! ભગવાન! તારા વીતરાગકાર્યમાં તો વીતરાગતા કારણ થાય ને? કે રાગ કારણ થાય? સમજાણું કાંઈ? પૂર્ણ વીતરાગતા પ્રગટ કરવામાં વીતરાગતા કારણ થાય કે સરાગ કારણ થાય? આ મોટી ગડબડ છે અત્યારે. આ તો સત્ય ભગવાન પાસેથી આવેલી વાત છે. આહાહા..! માને, ન માને જગત સ્વતંત્ર છે. 'જામે જિતની બુદ્ધિ હૈ ઈતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાય.' આહાહા..!

ભગવાન! કહે છે કે ભગવાન! તારું સ્વરૂપ જ ભગવાન છે. હવે પર્યાયમાં ભગવાન થવામાં સાધક કોણ? પર્યાયમાં ભગવાન થવામાં સાધક કોણ? કે અભેદરત્નત્રય સાધક.

હવે આટલી સ્પષ્ટતા તો કરે છે. છતાં એને શું ઝઘડો કરવાનો? તારો ત્રિકાળી વીતરાગી સ્વભાવ, પર્યાયમાં વીતરાગતા પ્રગટ કરવાનું વીતરાગ ભાવ સાધક છે. ત્રણેય વીતરાગ થઈ ગયા. સમજાણું કાંઈ? વસ્તુ વીતરાગસ્વરૂપ જ છે. ત્રિકાળ વીતરાગ પરમાત્મા કહો કે વીતરાગ સ્વરૂપ કહો, અકષાયસ્વરૂપ કહો, શાંતસ્વરૂપ કહો. નિશ્ચય ચતુષ્ટય સહિત કહો. આહાહા..! એવો વીતરાગભાવ સ્વરૂપ પરમાત્મા તું છો. એની પર્યાયમાં વીતરાગતા.. વીતરાગતા એટલે કેવળજ્ઞાન. કાર્યસમયસાર, વીતરાગતા કાર્યસમયસાર પ્રાપ્ત કરવામાં વીતરાગ પર્યાય કારણસમયસાર થાય છે. આહાહા..! કહો, 'સુકૌશલજી' એવી વાત છે. આહાહા..! આ બહારની ચીજ દેહ, વાણી એવી કોઈ ચીજ નથી પ્રભુ તારી. એ તો જગતની ચીજ છે, જગતમાં રહેશે. તારાથી છૂટી રહેશે. અત્યારે પણ છૂટી છે અને છૂટી જ રહેશે. આહાહા..! એ બધી તારી ચીજ નથી, પ્રભુ! તારામાં રાગ થાય છે એ તારી ચીજ નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ રાગ એ પણ તારી ચીજ નહિ. એને તો પરભાવ કહ્યો. તારા સ્વભાવથી વિલક્ષણ પરભાવ કહ્યો. તારા લક્ષણથી વિપરીત લક્ષણવાળો રાગને કહ્યો. આહાહા..! એ સાધક ક્યાંથી થાય? સમજાણું કાંઈ? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું નહિ? કે નિશ્ચય મોક્ષમાર્ગ છે એ એક જ મોક્ષમાર્ગ છે. ... એક કળશમાં આવે છે. મોક્ષમાર્ગ તો એક જ છે. પણ સાથે સહચરમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ મિથ્યાત્વ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વિકલ્પ છે, રાગ છે. રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે અને રાગથી પોતામાં ધર્મ થાય છે, કારણ ભિન્ન અને કાર્ય ભિન્ન, તો આ કારણથી આ કાર્ય (થાય એમ) વ્યવહારનય કહે છે. એવી માન્યતા કરે તો એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ માન્યતા કરવા માટે નથી કહ્યું. વચમાં એવું નિમિત્ત આવે છે એનું જ્ઞાન કરાવવા વ્યવહારરત્નત્રયનો આરોપ કરીને કહ્યું છે. આહાહા..! પણ એને માની લે કે એ જ ધર્મનું સાધન છે (તો) મિથ્યાત્વ છે. આવ્યું? 'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમાં અધ્યાયમાં. ઓહોહો..!

ભાઈ! આ તો સત્ય માર્ગ છે. પ્રભુ! સત્યને અસત્યના આશ્રયની જરૂર નથી. રાગ અસત્ય છે. સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે. સમજાણું કાંઈ? સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય ભગવાન પણ અદ્રવ્ય છે. એની અપેક્ષાએ દ્રવ્ય છે. પણ આ દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે. આ ક્ષેત્રની અપેક્ષાએ આ પરક્ષેત્ર અક્ષેત્ર છે. આહાહા..! સ્વકાળ-ત્રિકાળની અપેક્ષાએ પરકાળની પર્યાય આદિ અકાળ છે. કાળ નહિ. અને પોતાના ભાવની અપેક્ષાએ પરભાવ અભાવ છે. જુઓ! આ પરભાવ જે કહ્યો... આહાહા..! સમજાણું કાંઈ? સ્વભાવથી વિલક્ષણ રાગને પરભાવ કહ્યો. એ ખરેખર તો સ્વભાવની અપેક્ષાએ અભાવ છે. ઈ એની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ? પણ ત્રિકાળ ભગવાનના સ્વભાવની અપેક્ષાએ રાગ અભાવ છે. આહાહા..!

જેમ પોતાના સ્વભાવની અપેક્ષાએ બધા ત્રિકાળનો ભાવ અભાવ છે... આહાહા..! એમ ભગવાનઆત્માના પૂર્ણાનંદ સ્વભાવની અપેક્ષાએ રાગ સ્વભાવની અપેક્ષાએ અભાવ છે. બેના લક્ષણ જ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? વાત આ છે. વાદવિવાદ કરે તો (પાર ન આવે). 'સદગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' શેનો વાદ કરવો, પ્રભુ! આહાહા..! તારી અભિન્ન વસ્તુ એ સાધક અભેદરત્નત્રયથી જ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ નિશ્ચય સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન-સ્વસંવેદન, નિર્વિકલ્પ ચારિત્ર-વીતરાગ પરિણતિ, એ ત્રણે અભેદરત્નત્રય વીતરાગપર્યાયના સાધક છે. મોક્ષનો સાધક એ છે. આહાહા..! સમજાણું કાંઈ? બે સાધક કહેવા એ તો બીજાનો ઉપચાર કરીને છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર. આહાહા..! કેટલી સ્પષ્ટતા છે! અરે..! ભગવાન! શાસ્ત્રના અર્થ કરવામાં પણ વિપરીતતા. શાસ્ત્રમાં જે કહેવું છે એવી દૃષ્ટિ કરવી જોઈએ ને? કે પોતાની દૃષ્ટિથી શાસ્ત્રનો અર્થ કરવો?

મુમુક્ષુ :- શાસ્ત્રને જે કહેવું છે એવી દૃષ્ટિ કરવી જોઈએ.

ઉત્તર :- એવી દૃષ્ટિ કરવી જોઈએ. આહાહા..! જે દૃષ્ટિથી ભગવાન, સંતોએ કહ્યું એ દૃષ્ટિ લગાવવી જોઈએ. પોતાની કલ્પનાની દૃષ્ટિ ન લગાવવી જોઈએ.

મુમુક્ષુ :- અમે તો જે શાસ્ત્રમાં લખ્યું છે એ જ વાંચીએ છીએ.

ઉત્તર :- શું વાંચો છો? પણ કઈ નયનું વાક્ય છે એ સમજ્યા વિના? દરેક ગાથામાં શબ્દાર્થ કરવો, નયાર્થ કરવો કે આ કઈ નયનું વાક્ય છે. આગમાર્થ કરવો કે આગમની શૈલી આ છે, અન્યમતિની શૈલી આ છે. અને ભાવાર્થ. એમાં સારમાં ઉપાદેય શું છે? ઉપાદેય વીતરાગભાવ છે. અને વીતરાગભાવનું ઉપાદેય વીતરાગ તત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલું લખ્યું છે. જુઓ!

'**અનંતચતુષ્ટયરૂપ કાર્યસમયસારકા...**' આહાહા..! કોણ કાર્ય સમયસાર? અનંતચતુષ્ટયરૂપ વીતરાગ કેવળજ્ઞાન એ કાર્ય સમયસાર. એનો સાધક કોણ? '**જો અભેદરત્નત્રયરૂપ કારણસમયસાર હૈ,...**' આહાહા..! અભેદરત્નત્રય કારણસમયસાર એ કાર્યનું કારણ-સાધક છે. એને બીજું કારણ કહેવું... એ તો આવ્યું હતું ને તમારે? વ્યવહારનય કારણ-કાર્યની ભેળસેળ કરીને વાત કરે છે. આહાહા..! એમ છે નહિ. નિશ્ચય તો જેમ છે એમ યથાર્થ કરે છે. વ્યવહાર, એવું છે નહિ એને ઉપચારથી કહે છે. એમ માની લેવું, વ્યવહારનયની શ્રદ્ધાથી માની લેવી એ મિથ્યાત્વ છે. જાણવા માટે બરાબર છે. સમજાણું કાંઈ? અરે..! આવું બધું હવે જ્ઞાન ક્યારે કરવું? વાણિયા ધંધા આડે નવરા ન હોય. માંડ કલાક-બે કલાક મળતો હોય, એમાં સાંભળવા જાય ત્યાં માથે કહે ઈ જય નારાયણ. આહાહા..!

ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આવા ટાણા મળવા મુશ્કેલ, પ્રભુ! આહાહા..! પૃથ્વી, અગ્નિ, વાયુ, એકેન્દ્રિય, નિગોદમાંથી ત્રસ થવું મુશ્કેલ, ત્રસમાંથી પંચેન્દ્રિય થવું મુશ્કેલ, પંચેન્દ્રિયમાં મનુષ્ય થવું મુશ્કેલ, મનુષ્યમાં જૈનદર્શનમાં-જૈન

સંપ્રદાયમાં ઉત્પન્ન થવું મુશ્કેલ. અને એમાં સત્ય વાત સાંભળવી મુશ્કેલ અને સાંભળીને અંદર અનુભવની પ્રતીત કરવી મુશ્કેલ અને પ્રતીતિ કર્યા પછી સ્વરૂપની સ્થિરતા ચારિત્ર કરવું એ મુશ્કેલ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- જૈનધર્મ એટલો કઠણ છે.

ઉત્તર :- જૈનધર્મ એટલો સરળ છે. સત્ સરળ છે, સહજ છે, (સુગમ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ છે). 'શ્રીમદ્'નું વચન છે. 'શ્રીમદ્'નું એ વચન છે. 'સત્ સર્વત્ર છે, સરળ છે...' પોતાનું સ્વરૂપ જ સત્ છે. બહારમાં ક્યાં શોધવાનું છે? છે એને કબુલ કરવાનું છે, એમાં બીજું શું છે? આહાહા..! સમજાણું કાંઈ? અનાદિ અનભ્યાસને લઈને દુર્લભ કહ્યું છે. આહાહા..!

શાસ્ત્ર તો એમ કહે છે કે જ્ઞાનીઓને વિષય દુર્લભ છે. અજ્ઞાનીને વિષય સુલભ છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનીઓને વિષય દુર્લભ છે. કેમકે એના ઉપરથી રુચિ ઉઠી ગઈ છે. અજ્ઞાનીને વિષય સુલભ છે. ધર્મ દુર્લભ છે. જ્ઞાનીને પોતાનો સ્વભાવ સુલભ છે, વિષય દુર્લભ છે. શાસ્ત્રમાં આ શબ્દ છે, હોં! આહાહા..! આધાર એટલા બધા યાદ ન હોય. છે આ શાસ્ત્રની ભાષા. સિદ્ધાંતની ભાષા છે. બાર ભાવનામાં છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**કાર્યસમયસારકા સાધક...**' અહીં તો આપણે સાધક ઉપર વજન આવ્યું ને? આહાહા..! '**અભેદરત્નત્રયરૂપ કારણસમયસાર હૈ,...**' એ સાધક તો ઠીક, પણ કહે છે કે '**ઉસ રૂપ પરિણત હુએ...**' આહાહા..! સ્વભાવ સન્મુખની સમ્યગ્દર્શન દશા, સન્મુખની જ્ઞાનદશા સ્વ અને ચારિત્ર, એવા અભેદરત્નત્રયરૂપ પરિણત થયો. અભેદરત્નત્રય સાધક છે... સાધક છે... એમ કથન નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**ઉસરૂપ પરિણત હુએ...**' સમ્યગ્દર્શન-નિશ્ચય-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણત થયો-પરિણમનમાં એવો ભાવ આવ્યો. '**અપને શુદ્ધાત્મ સ્વભાવકો ચિંતવન કર...**' આહાહા..! શું કહે છે? કાર્યસમયસારનો સાધક અભેદરત્નત્રય, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણત થઈ '**અપને શુદ્ધાત્મ સ્વભાવકો ચિંતવન કર...**' આહાહા..! સમજાણું કાંઈ?

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

સ્વભાવથી એકત્વ, રાગથી વિભક્ત છે, એવા આત્માને '**तं एयत्तविहत्तं दाएहं**' દેખાડું. આહાહા..! '**दाएहं अप्पणो सविहवेण**' મારા વૈભવની પરિણતિથી હું દેખાડીશ. આહાહા..! ભગવાન કહે છે એમ હું કહીશ એમ નહિ. શ્વેતાંબરમાં એવો પાઠ છે. ... ... .. કહે છે એમ નથી. હું તો મારો અનુભવ નિજ વૈભવથી કહીશ. ભગવાન કહે છે માટે કહીશ એમ નથી. આહાહા..! શૈલી તો જુઓ! સંતોની શૈલી તો દેખો! આહાહા..! આ દિગંબર

સંતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અભેદરત્નત્રય કહ્યું. એ અભેદ રત્નત્રયથી પરિણત થયો. એનું ધ્યાન કર, એમ કહે છે. અભેદ રત્નત્રયથી પરિણત થઈને એનું ધ્યાન કર, એનો અનુભવ કર. આહાહા..! સમજાય છે કે નહિ કાંઈ? શેઠ! ભાષા તો થોડી સાદી છે. ભાવ ભલે ઊંડા હો. ... રામબાણ છે. રામના બાણ ફરે નહિ. આ વાણી જેને પરિણમે...

'**પરિણત હુએ અપને શુદ્ધાત્મ...**' એટલે ત્રિકાળી. '**સ્વભાવકો ચિંતવન કર...**' ચિંતવનનો અર્થ અનુભવ. ચિંતવન એટલે વિકલ્પથી ચિંતવન એમ નહિ. સમજાણું કાંઈ? ભાઈ! આ તો સર્વજ્ઞ પરમાત્મા.. ત્રિકાળી અરિહંતો, ત્રિકાળી સિદ્ધો, ત્રિકાળી આચાર્યો. એમણે કહેલો માર્ગ એ કોણ કહે! આહાહા..! એની મહિમાનો પાર નથી. ભગવાન ... સાધુ પણ અભેદ રત્નત્રયમાં આવ્યા, એની મહિમા શી! જેને રાત્રી ...'પિછલી રયનીમેં' આવ્યું ને? 'છ ઢાળા'માં. ... આહાહા..! જેને ત્રણ કષાયનો અભાવ થયો છે, આનંદની ધારા જેની મહોરછાપ અંદર છે, એની નિંદ્રા પણ એક આસન .. ફરે નહિ. આહાહા..! જુઓ તો ખરા! એ પરમેષ્ઠી પદ છે. પરમેશ્વરમાં પદમાં ભળેલા છે. એમને ઊંઘ પણ એટલી આવે છે. અહીં તો બે-બે, ચાર કલાક નિંદર લે અને અમે સાધુ છીએ. અરે..! પ્રભુ! શું કહીએ? ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. માને છે. ત્રણે કાળના સાધુની દશા જ એવી છે. સમજાણું કાંઈ? એમ કે એ તો ચોથા આરાના સાધુની વાત છે. એમ લોકો કહે છે. પંડિતજી ખુલાસો કરે છે.

મુમુક્ષુ :- અવસર્પિણી કાળ...

ઉત્તર :- .. આત્માને શું છે? આત્માને કાળ લાગુ પડતો નથી. આહાહા..!

'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું છે. કાળ નિમિત્ત છે પણ કાળ હેય છે. 'દ્રવ્યસંગ્રહ'માં લીધું છે. આહાહા..! એમ કહે છે. 'દ્રવ્યસંગ્રહ'માં, હોં! ઘણા વર્ષ પહેલા. (સંવત) ૧૯૮૪ની વાત છે.

મુમુક્ષુ :- પોતાની નબળાઈનો સ્વીકાર તો કરે.

ઉત્તર :- સ્વીકાર તો કરે ભગવાન. ૧૯૮૪ના વર્ષમાં વાંચતા હતા. અહીં તો ઘણા વર્ષ થયા ને. ૧૬ ને ૩૨ = ૪૮ વર્ષ થયા. તો એ 'દ્રવ્યસંગ્રહ' અમે વાંચતા હતા. ત્યાં એક ભાઈ 'દામનગર' રહે છે ને, 'દામોદરશેઠ' ગૃહસ્થ છે. એ આની સાથે વાત કરતા હતા કે કાળે થવું હોય એ થાય. આમ થાય, ફલાણું થાય, ઢીંકણું થાય. એ વખતે જ હું બરાબર સામે આ 'દ્રવ્યસંગ્રહ' વાંચતો હતો. ૧૯૮૪ની સાલની વાત છે. જેઠ મહિનાની. ૧૯૮૪ની સાલમાં ચોમાસુ કરવા 'રાણપર' જવાનું હતું. 'રાણપર' છે ને? ત્યાં ચોમાસુ હતું. તો ત્યાં 'દ્રવ્યસંગ્રહ' વાંચતા હતા. ૪૮ વર્ષ પહેલાની વાત છે. એમાં એમ આવ્યું કે કાળ હેય છે. ચીજ છે પણ એ હેય છે. આશ્રય કરવા લાયક, લક્ષ કરવા લાયક નથી.

ભગવાનઆત્માનો આશ્રય કરવો. આહાહા..! સમજાણું કાંઈ? એ વખતે તો ઘણી ચર્ચા ચાલી હતી.

મુમુક્ષુ :- ૪૮ વર્ષ પહેલા?

ઉત્તર :-- ૪૮ વર્ષ પહેલા, ૫૪ વર્ષ પહેલા.

મુમુક્ષુ :- તો 'દ્રવ્યસંગ્રહ' અહીંથી છપાયું છે?

ઉત્તર :- એ તો તમારું છપાયેલું છે. અમારી પાસે ક્યાં હતું? અમે તો એમાં (-મુહપત્તિમાં) હતા. 'સમયસાર', 'પ્રવચનસાર' બધું વાંચ્યું. ૧૯૭૮ની સાલ. આ ૧૯૮૪ની સાલ. આ તો વાંચતા હતા ત્યારે કાળ હેય છે. એ પહેલા પણ 'દ્રવ્યસંગ્રહ' તો વાંચતા હતા. પણ બરાબર અધિકાર કાળ હેયનો આવ્યો હતો. 'દ્રવ્યસંગ્રહ'માં છે. સમજાણું કાંઈ? અમે બારણે બેઠા હતા. બારણા સમજ્યા? દરવાજા. આમ દરવાજો બહાર હતો ત્યાં 'જીવરાજજી' બેઠા હતા અને શેઠ એની વાત કરતા હતા. .. કેમ કે અમારી સાથે 'રાણપુર' ચોમાસુ કરવા આવવાના હતા. એટલે જરી ગડબડ કરાવવા... અરે..! ભગવાન! શું કરે છે? પ્રભુ! કાળ તો હેય છે. આહાહા..! નિશ્ચયથી ત્રિકાળી વસ્તુ તે કાળ છે. શું કહ્યું? ત્રિકાળી વસ્તુ તે સ્વકાળ છે અને એક સમયની પર્યાય તે પરકાળ છે. એ વાત આવી ગઈ છે. 'કળશટીકા'. શું કહે છે?

સ્વદ્રવ્ય આત્મા. સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ. સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ. વસ્તુનો પ્રદેશ કહ્યો. વસ્તુમાં પ્રદેશ એમ નહિ. વસ્તુના પ્રદેશ એકવચન છે. 'ઔર સ્વકાર્ય..' એટલે વસ્તુમાત્રની મૂળ દશા. મૂળ દશા એટલે ત્રિકાળ. સ્વભાવ એટલે વસ્તુની મૂળની શક્તિ. પરદ્રવ્ય એટલે? હવે પરદ્રવ્યની વ્યાખ્યા. '**સવિકલ્પ ભેદકલ્પના...**' અખંડાનંદ પ્રભુમાં વિકલ્પ કરવો કે આ દ્રવ્ય છે, આ ભાવ છે એવો ભેદ વિકલ્પ કરવો એ પરદ્રવ્ય છે. ભેદ કલ્પના પરદ્રવ્ય. આહાહા..! છે?

પરક્ષેત્ર એટલે વસ્તુનો આધારભૂત પ્રદેશ એકરૂપ ત્રિકાળ. નિર્વિકલ્પ વસ્તુમાત્ર કહ્યો હતો. તે પ્રદેશ સવિકલ્પ ભેદ. સવિકલ્પ ભેદ કરવા કે આ અસંખ્ય પ્રદેશ છે. એ ભેદ કરવો એ પરક્ષેત્ર છે. આહાહા..! 'કળશટીકા'માં છે. 'રાજમલ'ની ટીકા. લોકોને વાંચન નહિ, સ્વાધ્યાય નહિ, નિશ્ચય પક્ષની વાત શું છે એ સમજે નહિ. વ્યવહાર છે પણ આશ્રય કરવા લાયક નથી. વ્યવહાર નથી એમ નથી. બે નયનો વિષય છે. બે નયનું કથન જૈનશાસનમાં છે. પણ એનો એ અર્થ નથી કે વ્યવહારનયનો વિષય છે, પણ વ્યવહારનયનો વિષય નિશ્ચયને મદદ કરનાર છે એમ નથી. બે નય તો વિરૂદ્ધ છે. વિરૂદ્ધ આવે છે ને? વિરોધ્વંસિની. ઉભયનય વિરોધ્વંસિની. ચોથું પદ આવે છે, ચોથો કળશ.

અહીં બીજું કહેવું છે. પરકાળ દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા. અવસ્થા નામ વસ્તુ ત્રિકાળ. ત્રિકાળને સ્વકાળ કહે છે. આહાહા..! આમ જુઓ તો દ્રવ્ય ત્રિકાળ છે, ક્ષેત્ર ત્રિકાળ છે ચતુષ્ટયમાં, ... નય. કાળ વર્તમાનની અવસ્થા છે અને ભાવ ત્રિકાળ ભાવ છે. એમ છે. પણ અહીંયાં તો અભેદ લઈને ત્રિકાળ વસ્તુને સ્વકાળ કહી. એક સમયની

પર્યાયને અહીં પરકાળ કહી. 'જ્ઞાનચંદજી'! આહાહા..! આવા વારસા મૂકી ગયા છે સંતો અને એ વારસાનું જ્ઞાન પણ ન કરે. આહાહા..! પિતા કાંઈક મૂકી જાય તો છોકરા એકદમ પૈસા લઈ લે છે. એને કાઢ્યા પહેલા કુંચી-બુચી લઈ લે. કુંચી લઈ લે. સંતો આવો વારસો મૂકી ગયા છે એની સંભાળ તો કરો. આહાહા..!

શું કીધું? તે અવસ્થાંતર ભેદરૂપ કલ્પના પરકાળ. આહાહા..! ગજબ વાત છે. પરકાળ તો અહીં છે નહિ. અહીં તો પરકાળ ત્રિકાળ વસ્તુ જે છે એ સ્વકાળ અને એની એક સમયની વર્તમાન અવસ્થા એ પરકાળ. આહાહા..! સમજાણું કાંઈ? પરકાળની તો અહીં વાત પણ કરતા નથી. આહાહા..! તારી ચીજ પ્રભુ ત્રિકાળ વસ્તુ છે, એ જ તારો સ્વકાળ છે. સમજાણું કાંઈ? દ્રવ્યની મૂળની અવસ્થા. અવસ્થા શબ્દે વસ્તુ હોં! અહીંયાં. અવસ્થા શબ્દે પર્યાય નહિ. ત્રિકાળ અવસ્થ. વસ્તુ ત્રિકાળ અવસ્થ એ અવસ્થા. અને એક સમયની દ્રવ્યની પર્યાય એને અહીંયાં પરકાળ કહ્યો છે. જુઓ! પરકાળ દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે જ અવસ્થા ભેદ કલ્પના પરકાળ સ્વભાવ. આહાહા..! 'રાજમલજી' ટીકા (કરનાર) ગૃહસ્થ પંડિતો પણ કેવી કરે છે! પહેલાના પંડિત એટલે... આહાહા..! 'ટોડરમલ' 'બનારસીદાસ' 'રાજમલ' મોક્ષમાર્ગ 'સમયસાર નાટક'માં 'બનારસીદાસે' લખ્યું છે, 'રાજમલ' જૈનધર્મી, જૈનધર્મના મર્મી. 'નાટક સમયસાર'માં છે. જૈન ધર્મના મર્મી. 'બનારસીદાસે' લખ્યું છે અને એમાંથી આ 'સમયસાર નાટક' બનાવ્યું છે. આહાહા..! અને જિનવાણી ઘરે ઘરે ... 'સમયસાર નાટક' કથા ઘરે ઘરે... એમ વાત કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એનું .. આપે કર્યું. ઘરે ઘરે આપે પહોંચાડ્યું.

ઉત્તર :- હવે તો બહુ ચાલ્યું છે. 'સમયસાર' તો બહુ ચાલ્યું. વસ્તુ એ છે અને એમાં ચારેય અનુયોગનો સાર આવી જાય છે.

મુમુક્ષુ :- 'સમયસાર', 'પ્રવચનસાર' પહેલા વાંચી લીધું. 'પરમાત્મપ્રકાશ' વાંચવાનું બાકી હતુ તો હવે વાંચો છો.

ઉત્તર :- આતો વાચ્યું છે પહેલા. વ્યાખ્યાનમાં આવી ગયું છે પહેલા. આ તો હમણા એકાદ-બે વાર થઈ ગયું. ખબર નથી. એકવાર તો વંચાઈ ગયું છે. છ-સાત વર્ષ પહેલા. આ તો હમણા લીધું. કીધું, આ લ્યો ભાઈ અહીંયાં. વિહાર કરીને આવ્યા ને? સવારે 'સમયસાર', બપોરે 'પરમાત્મપ્રકાશ'. જુઓ!

પરભાવ. પરભાવ કોને કહે છે? પરદ્રવ્યનો પરભાવ નહિ, રાગનો પરભાવ નહિ. આહાહા..! છે? 'પરભાવ દ્રવ્યની સહજ શક્તિનો પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ કલ્પના' એ પરભાવ. આહાહા..! વસ્તુ જે ભાવ ત્રિકાળ ભાવ એકરૂપ છે એમાં એક ભાવની ભિન્ન કલ્પના કરવી કે આ જ્ઞાન અને દર્શન, એ પરભાવ છે. સમજાણું કાંઈ? જુઓ! આ વ્યાખ્યા. 'જ્ઞાનચંદજી'! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારની વ્યાખ્યા. આ 'રાજમલજી' ગૃહસ્થ હતા, હોં! ગૃહસ્થ શું, આત્મા કે સમકિતમાં ફેર છે? તિર્યંચનું સમકિત

અને સિદ્ધના સમકિતમાં બિલકુલ ફેર નથી. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે ને? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં. 'ટોડરમલ'. તિર્યંચનું સમકિત હોય અને સિદ્ધનું હોય. સમકિતમાં શું ફેર છે? સ્થિરતા-ચારિત્રમાં ફેર હોય એ જુદી વાત છે. સમજાણું કાંઈ? પહેલી વસ્તુનું જ જ્યાં ઠેકાણું નથી ત્યાં ચારિત્ર ક્યાંથી આવ્યું તને? આહાહા..!

મુમુક્ષુ :- ... નથી સમજતા.

ઉત્તર :- નિશ્ચયની તો ક્યાંથી ખબર હોય. આહાહા..! ૨૫૨ છે. 'કળશટીકા'માં. 'કળશટીકા' છે ને? એમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું.

અહીં કહે છે કે '**ઔર ઉસીકો ઉપાદેય સમજ.**' આહાહા..! ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ પ્રભુ ત્રિકાળ, એમાંથી વીતરાગી પર્યાય કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા, કાર્ય સમયસાર પ્રગટ કરવા અભેદ રત્નત્રયરૂપી કારણ સમયસાર તે સાધક છે. તો અભેદરત્નત્રયમાં પરિણત થઈને ભગવાનઆત્માને ઉપાદેય કરી એનું ધ્યાન કર. આહાહા..! પહેલા જ્ઞાનમાં નક્કી તો કરે કે આ વાત આમ છે. આહાહા..! લ્યો! '**ઉસીકો ઉપાદેય સમજ.**' પણ ક્યાં? કયે કાળે? કે એ રૂપ પરિણત થાય તે કાળે. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા, એવા અભેદરત્નત્રયના કાળે ભગવાનઆત્મા ઉપાદેય છે. આહાહા..! એ ૭૪ ગાથા થઈ. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ निश्चयेनाष्टकर्मसर्वदोषरहितं सम्यग्दर्शनज्ञानचारित्रसहितमात्मानं जानीहीति कथयति –**

**૭૫) अट्ठहँ कम्महँ बाहिरउ सयलहँ दोसहँ चत्तु।**
**दंसण–णाण–चरित्तमउ अप्पा भावि णिरुत्तु।।७५।।**

**अष्टभ्यः कर्मभ्यः बाह्यं सकलैः दोषैः त्यक्तम्।**
**दर्शनज्ञानचारित्रमयं आत्मानं भावय निश्चितम्।।७५।।**

**अट्ठहं कम्महं बाहिरउ सयलहं दोसहं चत्तु अष्टकर्मभ्यो बाह्यं शुद्धनिश्चयेन ज्ञानावरणाद्यष्टकर्मभ्यो भिन्नं मिथ्यात्वरागादिभावकर्मरूपसर्वदोषैस्त्यक्तम्। पुनश्च किंविशिष्टम्। दंसणणाणचरित्तमउ दर्शनज्ञानचरित्रमयं शुद्धोपयोगाविनाभूतैः स्वशुद्धात्म सम्यग्दर्शनज्ञानचारित्रैर्निर्वृत्तं अप्पा भावि णिरुत्तु तमित्थंभूतमात्मानं भावय। दृष्टश्रुतानु–भूतभोगाकांक्षारूपनिदानबन्धादिसमस्तविभावपरिणामान् त्यक्त्वा भावयेत्यर्थः। णिरुतु निश्चतम्। अत्र निर्वाणसुखादुपादेयभूतादभिन्नः समस्तभावकर्मद्रव्यकर्मभ्यो भिन्नो योऽसौ शुद्धात्मा स एवाभेदरत्नत्रयपरिणतानां भव्यानामुपादेय इति भावार्थः।।७५।। एवं त्रिविधात्म–प्रतिपादकप्रथममहाधिकारमध्ये पृथक् पृथक् स्वतन्त्रं भेदभावनास्थलसूत्रनवकं गतम्।**

आगे निश्चयनयकर आठ कर्म और सब दोषोंसे रहित सम्यग्दर्शन ज्ञान चारित्रमयी आत्माको तू जान, ऐसा कहते हैं –

गाथा – ७५

अन्वयार्थ :– [ अष्टभ्यः कर्मभ्यः ] शुद्धनिश्चयनयकर ज्ञानावरणादि आठ कर्मोंसे [ बाह्यं ] रहित [ सकलैः दोषैः ] मिथ्यात्व रागादि सब विकारोंसे [ त्यक्तम् ] रहित [ दर्शनज्ञानचारित्रमयं ] शुद्धोपयोगके साथ रहनेवाले अपने सम्यग्दर्शन ज्ञान चारित्ररूप [ आत्मानं ] आत्माको [ निश्चितम् ] निश्चयकर [ भावय ] चिंतवन कर।

भावार्थ :– देखे, सुने, अनुभवे भोगोंकी अभिलाषारूप सब विभाव–परिणामोंको छोड़कर निजस्वरूपका ध्यान कर। यहाँ उपादेयरूप अतीन्द्रियसुखसे तन्मयी और सब भावकर्म, द्रव्यकर्म, नोकर्मसे जुदा जो शुद्धात्मा है, वही अभेद रत्नत्रयको धारण करनेवाले निकटभव्योंको उपादेय है, ऐसा तात्पर्य हुआ।।७५।।

---

હવે, નિશ્ચયનયથી આઠ કર્મ અને સર્વ દોષોથી રહિત, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સહિત આત્માને જાણ, એમ કહે છે :

ભાવાર્થ :- શુદ્ધનિશ્ચયનયથી જ્ઞાનાવરણાદિ આઠકર્મોથી બાહ્ય (ભિન્ન), મિથ્યાત્વ, રાગાદિ ભાવકર્મરૂપ સર્વ દોષોથી રહિત દર્શનજ્ઞાનચારિત્રમય શુદ્ધોપયોગની સાથે અવિનાભૂત, સ્વશુદ્ધાત્માનાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી રચાયેલ આત્માને નિશ્ચયથી ભાવ અર્થાત્ દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગાકાંક્ષારૂપ નિદાનબંધાદિ સમસ્ત વિભાવપરિણામોને છોડીને શુદ્ધાત્મને ભાવ.

અહીં, ઉપાદેયભૂત એવા નિર્વાણસુખથી અભિન્ન અને સમસ્ત ભાવકર્મ તેમ જ દ્રવ્યકર્મથી ભિન્ન એવો જે શુદ્ધ આત્મા છે તે જ અભેદરત્નત્રયરૂપે પરિણમેલા ભવ્ય જીવોને ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૭૫.

---

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૧૪, રવિવાર
## તા. ૦૮-૦૮-૧૯૭૬, ગાથા-૭૫-૭૬, પ્રવચન નં. ૫૬

૭૫ ગાથા. '**આગે નિશ્ચયનયકર...**' ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ રાખનારી નય, એનાથી '**આઠ કર્મ ઔર સબ દોષોંસે રહિત સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમયી આત્માકો તૂ જાન,...**' સૂક્ષ્મ વિષય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન ત્રણનો ઉપયોગ સ્વભાવમાં લઈ જાય ત્યારે તેને રત્નત્રયની આરાધનામાં આત્મા ઉપાદેય છે એમ આવ્યું. શું કહે છે? જુઓ! ગાથા.

**૭૫) अट्ठहँ कम्महँ बाहिरउ सयलहँ दोसहँ चत्तु।**
**दंसण-णाण-चरित्तमउ अप्पा भावि णिरुत्तु।।७५।।**

'**શુદ્ધનિશ્ચયનયકર...**' ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી દેખનારી નય. એ '**જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંસે રહિત...**' પ્રભુ આત્મા છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું અત્યારે.

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન એમાં આઠ કર્મોનો તો અભાવ છે. પરદ્રવ્ય છે. આઠ કર્મ પરદ્રવ્ય છે. વર્તમાનમાં આત્મસ્વરૂપમાં એનો અભાવ છે. આહાહા..! દોષ રહિત અને '**મિથ્યાત્વ રાગાદિ સબ વિકારોંસે રહિત...**' અત્યારે, હોં! આહાહા..! અહીં તો ભાવનાના વખતના કાળની વાત લેવી છે ને? સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર નિશ્ચય, એના ઉપયોગને આત્મામાં લગાડી આત્માનું ધ્યાન કરવું એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ, પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. એની અંતર્મુખ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેને શુદ્ધ ચૈતન્યનો ઉપયોગ લગાડવાથી, ત્રણ એકલા નહિ. ઉપયોગ સહિત. ઉપયોગની સાથે ત્રણ જે બોલ છે એનાથી આત્માનો આશ્રય કરીને ધ્યાન કરવું. આહાહા..! આ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? '**શુદ્ધોપયોગકે સાથ...**' છે ને? શું કહે છે? કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન તો છે, પણ જ્યારે વિકલ્પ છે ત્યારે તો ઉપયોગ પરમાં છે. અહીંયાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્મા પૂર્ણાનંદ પ્રભુની શ્રદ્ધારૂપ પ્રતીતિ, અંતરનું સ્વસંવેદન જ્ઞાન અને સ્વસ્વરૂપમાં ઠરવું-આચરણ એ ત્રણમાં ઉપયોગને લગાડીને. એમ કહે છે. સમજાણું કાંઈ? ત્રણેને, પણ ત્રણેમાં અંતરમાં ઉપયોગ લગાડીને ધ્યાન કરવું. ત્રણ છે અને શુભ આદિ વિકલ્પ છે એને છોડીને, અહીંયાં કહે છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ!

'**શુદ્ધોપયોગકે સાથ...**' અર્થાત્ શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મ. આ 'પરમાત્મપ્રકાશ' છે ને. પરમાત્મસ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યરસ કંદ, એની સ્વસન્મુખની પ્રતીતિ દર્શન, સ્વસન્મુખનું સ્વસંવેદનજ્ઞાન અને સ્વસન્મુખની રમણતા, એ ત્રણે. પણ પોતાના ઉપયોગમાં લઈને, ત્રણેનું ઉપયોગમાં ધ્યાન કરવું એમ કહે છે. શું કહે છે?

એ ત્રણે થયા છે. ત્રિકાળી જ્ઞાયકભાવની પ્રતીતિ, જ્ઞાન અને આનંદની દશા નિશ્ચયરત્નત્રય થયા છે, પણ જ્યાં સુધી એ નિશ્ચયરત્નત્રયની હયાતી હોવા છતાં એનો ઉપયોગ વિકલ્પ અને શુભભાવમાં છે, ત્યાં સુધી અહીંયાં શુદ્ધોપયોગ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અલૌકિક માર્ગ છે, ભાઈ! આહાહા..! '**શુદ્ધોપયોગકે સાથ...**' એકલા નિશ્ચયરત્નત્રય છે, એની સાથે અંદર ધ્યાતા, ધ્યાન (અને ધ્યેયના વિકલ્પને) ભુલીને અંતર સ્વરૂપમાં ઉપયોગ લગાવીને. આહાહા..!

'**અપને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ આત્માકો નિશ્ચયકર ચિંતવન કર.**' ચિંતવન કરનો અર્થ ધ્યાવે છે. જરી ઝીણી વાત છે થોડી, હોં! પરમાત્મસ્વરૂપ જે પૂર્ણાનંદ છે- સ્વદ્રવ્ય, જે જ્ઞાનમય, એકલી સર્વજ્ઞ જ્ઞાનમય વસ્તુ, એની સ્વસન્મુખની પ્રતીતિ.. આહાહા..! સ્વસન્મુખનું સ્વસંવેદનજ્ઞાન અને સ્વસન્મુખમાં આનંદમાં રમણતા, એ ત્રણેને અભેદરત્નત્રય કહેવામાં આવે છે. નિશ્ચયરત્નત્રય-વાસ્તવિક મોક્ષમાર્ગ. પણ એ પણ ઉપયોગને જોડી દેવો, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે? કે સમ્યક્ ભગવાનનો અભેદ નિશ્ચય રત્નત્રય થયા પણ તે સમયે જે રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભ વિકલ્પનો ઉપયોગ હોય ત્યાં સુધી એ પૂર્ણ સાધન નથી. એ કહે છે. એ વિકલ્પને છોડીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામમાં ધ્રુવમાં ઉપયોગ લગાડીને, અભેદ રત્નત્રયનો ઉપયોગ અંદર લગાડીને. આહાહા..! ભારે વાત, બાપા! માર્ગ તો આ છે, પ્રભુ!

પર્યાયમાં સંસાર છે એને છોડીને. એક સમયની પર્યાય છે એની બુદ્ધિ પણ છોડીને. કેમકે પરદ્રવ્ય છે એ તો ભિન્ન જ છે, પણ રાગ છે એ ખરેખર પરદ્રવ્ય છે. અરે..! એક સમયની પર્યાય પણ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. આહાહા..! એ પરદ્રવ્યની દૃષ્ટિ છોડીને અર્થાત્ સંયોગની, રાગની અને પર્યાયની (દૃષ્ટિ છોડીને). સમજાણું કાંઈ? આ માર્ગ. આહાહા..! એના જ્ઞાનમાં આ વાતનો નિશ્ચય નથી હજી. એ કઈ તરફ વળે છે અને કઈ તરફના વલણથી માને છે? સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે ભગવાન સ્વદ્રવ્ય જ્ઞાનવિગ્રહં-એકલું જ્ઞાન જેનું શરીર. સંયોગ નહિ, રાગ નહિ, અલ્પજ્ઞપણું નહિ, પર્યાય નહિ. આહાહા..! ત્રિકાળી પરમબ્રહ્મ પ્રભુ, પરમ ઈશ્વરસ્વરૂપ ભગવાનઆત્મા, એની દૃષ્ટિ અંતર્મુખ કરીને, અંતર્મુખનું જ્ઞાન કરીને. આહાહા..! શાસ્ત્ર જ્ઞાનાદિ નહિ. સમજાણું કાંઈ? અને અંતર્મુખની રમણતા પ્રગટી છતાં શુદ્ધઉપયોગમાં લગાડીને આત્મામાં ઉપયોગ લગાવી દે, એમ કહે છે. આહાહા..! ઝીણી વાત, ભગવાન! ભગવાનનો માર્ગ બહુ દુર્લભ છે. આ એકાંત છે. સમજાણું કાંઈ? 'સુકૌશલજી'! (સમ્યક્) એકાંત છે. આહાહા..!

ત્રિકાળી ભગવાનઆત્મામાં સ્વભાવના દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા, એ ઉપરાંત ઉપયોગ એમાં લગાવી દે. ત્રણમાં. સમજ્યા? ત્રણનો ભાવ હોય અને રાગમાં ઉપયોગ હોય ત્યાં સુધી ઉપયોગમાં આત્મા સાધક નથી થયો. આ એ દશા કહે છે. પહેલા ઉપર આવ્યું હતું ને? ૭૪માં આવ્યું હતું ને?

'**અપને શુદ્ધાત્મ સ્વભાવકો ચિંતવન કર ઔર ઉસીકો ઉપાદેય સમજ.**' નહિ? '**અનંતચતુષ્ટયરૂપ કાર્યસમયસારકા સાધક...**' પરમ દિ' આવ્યું હતું ને? આહાહા..! પરમ વીતરાગ પ્રભુ આત્મા, એ વીતરાગમૂર્તિ પ્રભુ છે, અનાદિ, એ વીતરાગપ્રભુને કારણસમયસાર ગણીને, એનું કાર્ય કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એ કાર્ય સમયસાર. એ કાર્ય સમયસારનું કારણ અભેદ રત્નત્રય એનો સાધક. સમજાણું કાંઈ? એને

અહીંયાં એમ કહ્યું કે અભેદરત્નત્રય છે તોપણ એને ઉપયોગમાં અંદરમાં જોડી દીધો. તે કાળે જે આરાધક છે તેને ઉત્કૃષ્ટ સાધક કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત હવે. સમજાણું કાંઈ?

શુદ્ધોપયોગની સાથે રહેનારું સમ્યગ્દર્શન-જ્ઞાન. એકલા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પણ એમાં અંતરમાં ઉપયોગ લગાડીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉપયોગની સાથે લગાવીને. આહાહા..! આવી વાત કહે છે, ભગવાન! વેદન તો પર્યાયનું થાય છે ને? સમજાણું કાંઈ? ધ્રુવનું વેદન નથી થતું. સંસારનું દુઃખનું વેદન પણ પર્યાયમાં છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનું વેદન પણ પર્યાયમાં છે અને સિદ્ધનું વેદન પણ પર્યાયમાં છે. પણ અહીં તો કહે છે કે એ પર્યાયનું લક્ષ છોડીને... આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા (ઉપર) ત્રાટક લગાવી દે. ત્રાટક સમજો છો? નથી સમજતા? આ ઘડિયાળના લોલકમાં આમ-આમ ટક.. ટક.. ટક.. (થાય છે). ટકટકી લગાવી દે. લક્ષમાં એક બાજુ એકાકાર થઈ જવું એને ત્રાટક કહે છે. આ ભગવાનઆત્મા ત્રિકાળને ઉપયોગમાં લઈને એમાં ત્રાટક લગાવી દે. આહાહા..! સંતોની વાણી તો, જુઓ!

ભાઈ! આ મનુષ્યદેહ મળ્યો. એમાં પ્રથમ તો સમ્યગ્દર્શન જ કર્તવ્ય છે. એ ઉપરાંત જ્ઞાન-ચારિત્ર પણ હોય છે. એકલા સમ્યગ્દર્શનથી કાંઈ મુક્તિ નથી થતી. તેમ એકલા જ્ઞાનથી મુક્તિ નથી થતી. સમ્યગ્દર્શન-જ્ઞાન અંતરમાં થયું એ ઉપરાંત અંતરમાં લીનતારૂપી ચારિત્ર થાય ત્યારે મુક્તિ થાય છે. એ સિવાય અહીં તો એટલી વાત કરી. આહાહા..! ભગવાનઆત્માના નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા, પણ એ માત્ર થયું એમ નહિ, એની સાથે અંદર ઉપયોગમાં જોડ. ઉપયોગની સાથે ત્રણે રત્ન આવી જાય એનું નામ સાધક. આહાહા..!

મુમુક્ષુ :- ક્રમબદ્ધપર્યાયમાં ઉપયોગ લગાડી દેવો?

ઉત્તર :- ધ્રુવમાં લગાડવાનો છે. પર્યાયમાં ક્યાં લગાડવાનો છે?

દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પર્યાય છે એ તો પર્યાય છે. અને એ પર્યાય ઉત્પન્ન થઈ છતાં જ્યાં સુધી શુભઉપયોગમાં વિકલ્પ છે ત્યાં સુધી રત્નત્રયનો શુદ્ધ ઉપયોગ અંદરમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! એવી વાત છે આ. આહાહા..! વ્યવહારરત્નત્રય તો જૂઠું છે જ, એ તો નથી જ... આહાહા..! પણ ભગવાનઆત્માના નિશ્ચયરત્નત્રય થયા, સ્વભાવની સન્મુખતાથી પૂર્ણાનંદના નાથના અનુભવમાં પ્રતીતિ થઈ, અનુભવ-જ્ઞાન થયું અને ચારિત્ર-લીનતા પણ થઈ, પણ એ ઉપયોગની સાથે ત્રણે રત્નત્રયને જોડી દે, એમ કહે છે. સમજાણું કાંઈ? એની વાત કરે છે. નિર્વિકલ્પ.

મુમુક્ષુ :- ઉપયોગ કોને કહે છે?

ઉત્તર :- આ ઉપયોગ નિર્વિકલ્પ થાય તેને ઉપયોગ કહે છે.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ ..

ઉત્તર :- નથી સમજાતું? વ્યવહારના વિકલ્પનું પણ લક્ષ છોડીને જે ઉપયોગ

વિકલ્પમાં છે, પરિણતિ છે-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય પરિણતિ તો છે, પણ જ્યાં સુધી હજી વિકલ્પમાં છે ત્યાં સુધી એનો ઉપયોગ અંદરમાં નથી. આહાહા..! એ વાત ઉત્કૃષ્ટ લે છે. ગજબ શૈલી છે. દિગંબર મુનિઓની આવી વાત.. આહાહા..! લોકો વાડામાં રહ્યા એને ખબરું ન મળે. 'અમરચંદભાઈ'! આ તો એક સંપ્રદાય તરીકે. દિગંબર સંપ્રદાયમાં જન્મ થયો એ પણ એક ભાગ્ય તો છે ને. બીજા સંપ્રદાયમાં તો મિથ્યાદૃષ્ટિના સંપ્રદાય છે. આ એક સત્યદર્શનમાં જન્મ તો થયો. પછી એનું ભાન હોય કે ન હોય એ પછી. એટલું તો ભાગ્ય. આહાહા..! પરમ જૈનદર્શન દિગંબર દર્શન. એમાં જન્મ થયો. પણ એનાથી શું? કહે છે.

અહીં તો વ્યવહારરત્નત્રયને છોડીને ભગવાનઆત્માના નિશ્ચયરત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરીને પણ... આહાહા..! ત્યાં ઉપયોગ લગાવી દે. શેઠ! આહાહા..! કહો, પંડિતજી! ભગવાન! તારા સુખનો પંથ આ છે. તારો પંથ આ છે. ઓલા તેરાપંથી કહે છે ને? સ્થાનકવાસીમાં તેરાપંથી. આપણે તેરાપંથ અને વીસપંથ બે કહે છે. આ તારો પંથ છે, પ્રભુ! સમજાણું કાંઈ? આહાહા..! શું સંતોની વાણી! ભગવાન! આ તો તારા ન્યાલ થવાના રસ્તા છે. આ પૈસા-બૈસા ધૂળ મળે એ ન્યાલ નથી. એ તો બધા.. લક્ષ્મી અમારી (માનનારા તો બધા) પાગલ છે. અહીંયાં તો પર્યાય મારી અને પર્યાય જેટલો (હું), એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પર મારું, રાગ મારો અને પર્યાય જેટલો હું છું એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

એક સમયની પર્યાયને પણ પરદ્રવ્ય કહી છે. 'નિયમસાર'માં ૫૦મી ગાથામાં. કેમકે એક સમયની પર્યાયમાં કાંઈ પૂર્ણ વસ્તુ આવી નથી. એક અંશ છે એ તો વ્યવહારઆત્મા છે. આહાહા..! નિશ્ચયઆત્મા તો ત્રિલોકનાથ પરમાત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ.. આહાહા..! પૂર્ણ સ્વરૂપ એક સમયમાં જે અનાદિનો છે એ પૂર્ણ સ્વરૂપ સન્મુખની દૃષ્ટિ (થઈ) એ કાંઈ સાધારણ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

'શ્રીમદ્'માં આવે છે એ. 'શ્રીમદ્'માં. ૪૫૯ પાને બહુ સરસ છે. કાલે કહ્યું હતું. સર્વથી સર્વ પ્રકારે હું એક ભિન્ન ચીજ છું. પર્યાયથી પણ ભિન્ન છું. એવી નિર્વિકલ્પ ચીજ આનંદનો ધામ પ્રભુ આનંદ સાગર આત્મા એ હું છું. નિર્વિકલ્પ છું. શુદ્ધ ચૈતન્યઘન છું. એમાં વિકલ્પ શું? વિક્ષેપ શું? ખેદ શું? આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આનંદનો નાથ અતીન્દ્રિય પ્રભુ, એ તરફના ઝુકવાવાળાને વિકલ્પ શું? ખેદ શું? આહાહા..! કહો, 'શશીભાઈ'! આવી વાત છે, ભાઈ! આહાહા..! આચાર્ય ગજબ કામ કરે છે ને. જ્ઞાન-દર્શન-ચારિત્રમય. એટલે? ત્રિકાળી નહિ. વર્તમાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય, તે મય. તે મય એટલે ત્યાં ઉપયોગ લગાવી દીધો. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ બધી ગાથાઓ અમે યાદ કરી લઈએ...

ઉત્તર :- કઈ ગાથા? કોણ યાદ કરે? કોઈને યાદ કરે તો વિકલ્પ આવે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયા પણ જ્યાં સુધી એનું લક્ષ શાસ્ત્ર વાંચવું, સાંભળવું એમાં હોય ત્યાં સુધી તો વિકલ્પ છે. વસ્તુ છે. પણ હજી વિકલ્પમાં છે. ઉપયોગ વિકલ્પમાં છે. એ ઉપયોગને ત્યાંથી છોડીને નિર્વિકલ્પમાં લગાવી દેવો.

મુમુક્ષુ :- એ પણ છોડી દેવો?

ઉત્તર :- હા. એ કહે છે. આવ્યું ને? '**अष्टभ्यः कर्मभ्यः सकलैः दोषैः**' આવ્યું કે નહિ પહેલા? આવ્યું ને. રાગ એ દોષ છે.

મુમુક્ષુ :- કર્મની વાત છે.

ઉત્તર :- કર્મ નહિ, રાગ. બે આવ્યા. અષ્ટ કર્મથી રહિત અને સર્વ દોષથી રહિત, બે આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

બાળ-ગોપાળ ભગવાન બિરાજે છે. આહાહા..! 'સમયસાર'ની ૧૭મી ગાથામાં તો એમ કહ્યું કે એવો અનુભૂતિ ભગવાન સ્વભાવભાવ ત્રિકાળ...આહાહા..! એ સદા સર્વને જ્ઞાનની પર્યાયમાં એ જ અનુભવમાં આવે છે. આહાહા..! શું કીધું? જ્ઞાનની જે પ્રગટ પર્યાય છે, અજ્ઞાનીની પણ, એ પર્યાયમાં ત્રિકાળી જ્ઞાયક અનુભૂતિસ્વરૂપ ભગવાન ત્રિકાળ એ જ એક સમયની પર્યાયમાં અનુભવમાં આવે છે. કેમકે પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તો જ્ઞાનની પર્યાયમાં ભગવાન સ્વપ્રકાશકનું ભાન આવે છે. અજ્ઞાનીને પણ (આવે છે), પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર્યાય ઉપર છે, દ્રવ્ય ઉપર નથી. સમજાણું કાંઈ? શું કીધું એ? કે જે અનાદિની જ્ઞાનની પર્યાય પ્રગટ છે... વિશેષ તો ક્ષયોપશમવાળા જીવ લીધા છે ને મનુષ્યપણે? એ જ્ઞાનની પર્યાય જે છે એ પર્યાયમાં ત્રિકાળી વસ્તુ જ અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્ષયોપશમ જ્ઞાનમાં?

ઉત્તર :- ક્ષયોપશમ જ્ઞાનમાં. એ પર્યાય છે એનો સ્વભાવ શું? પર્યાય જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તો પર્યાયમાં સ્વપ્રકાશક આવે છે. આહાહા..! પણ અજ્ઞાનીની દૃષ્ટિ તેની ઉપર નથી. સમજાણું કાંઈ? આહાહા..! શું કામ કર્યું છે ને!

'સદા સૌને...' એવો પાઠ છે. સૌ સમજો છો? સબકો. '**આબાળગોપાળ સૌને સદાકાળ...**' બાળકથી માંડીને વૃદ્ધ સૌને પોતાની જ્ઞાનપર્યાયમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ જ અનુભવમાં આવે છે. કેમકે પર્યાયનો સ્વભાવ સ્વપ્રકાશક અને પરપ્રકાશક છે. તો સ્વપ્રકાશક પર્યાયમાં સ્વઅનુભવ આવે છે. પણ એની દૃષ્ટિ ત્યાં નથી એટલે એ અનુભવમાં આવે છે એનો એને ખ્યાલ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો રમતું મોક્ષના માર્ગની. આહાહા..!

એ તો નટવાની વાત યાદ આવી. ઓલી આવે છે ને! એલચીકુમાર દોરી ઉપર નાચે છે ને? દોરી (ઉપર). એ કન્યા તો છે એની... શું કહેવાય? નટની. નટની સ્ત્રી હતી ને કન્યા? નટની કન્યા બહુ રૂપાળી હતી. એલચીકુમાર શેઠિયાનો દીકરો હતો. તો એ કન્યા સાથે લગ્ન કરવાના ભાવ થયા. તો એના પિતાજી કહે.. નટનીના પિતા. સમજાણું કાંઈ?

એકવાર એવું નાચ કે રાજા પણ પ્રસન્ન થઈ જાય. નાચે છે. એવું નાચે છે. શેઠિયાનો દીકરો. રાજા પ્રસન્ન નથી થતા. કેમકે રાજાની નટણી ઉપર દૃષ્ટિ હતી. સમજ્યા? જો અહીં પ્રસન્ન થઈ જાઉં, પાસ થાય તો કન્યા એને જાય. મારે કન્યા નહિ આવે અને એને-રાજાને પરણવાનો ભાવ (હતો). આહાહા..! રાજાને પ્રસન્ન કરવા માટે એ કેટલું નાચ્યો પણ પ્રસન્ન ન થયો. એમાં એણે ઉપર દોરડા ઉપર નાચતા (નાચતા) મુનિને જોયા. નગ્ન મુનિ દિગંબર ગૃહસ્થને ત્યાં આહાર લેવા ગયા. જુવાન કન્યા બત્રીસ વર્ષની શેઠીયાની રૂપાળી દીકરી. આમ મુનિને આહાર આપે છે. મુનિ નજર નથી કરતા. ઉપરથી દેખે છે. આહાહા..! અને બાઈ ને મુનિ બેય. બાઈ એને વહોરાવે છે કહે છે ને? આહાર દે છે. ઉપર નજર નહિ. આહાહા..! એ એલચીએ જોયું. અરે..રે..! હું પ્રસન્ન કરવા માગુ છું રાજાને પસંદ નથી. આ મુનિ ધન્ય છે. આ સામે જુવાન સ્ત્રી રૂપાળી અને સામે વહોરાવતા નજર નથી કરતા. આહાહા..! એવા વિચારમાં ચડી ગયા. પણ એ લોકો તો પછી કહે છે ઈ જૂઠી વાત છે. ત્યાં કેવળ પામ્યા, એવી વાતો તો છે નહિ. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં એમ આવે છે. દોરીએ નાચે ને કેવળજ્ઞાન ક્યાંથી થાય ત્યાં?

અહીં દૃષ્ટિમાં એમ આવ્યું કે ઓહોહો..! હું આ કન્યાને પ્રસન્ન કરવા માગુ છું તો હું શેઠિયાનો દીકરો.. નાચવાથી ખુશી થાય એવું તો નાચું છું. અને આ ધર્માત્માને એ કન્યા વહોરાવે છે શેઠની દીકરી, સામું નજર નથી. ધન્ય અવતાર! આહાહા..! મનુષ્યપણામાં કર્તવ્ય હોય તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ? પછી મુનિપણું લીધું. અહીં તો કેવળજ્ઞાન કહે છે. કેવળજ્ઞાન તો ક્યાં છે? નાચતા નાચતા કેવળજ્ઞાન ક્યાંથી થાય? પણ ભાવ એવો થયો. આહાહા..!

ત્રણલોકના નાથમાં પ્રસન્ન થયેલા સાધુ સ્ત્રીની પ્રસન્નતામાં આવતા નથી. આહાહા..! જેને અંતરની પ્રસન્નતા પ્રગટ થઈ છે, આનંદના નાથની (પ્રસન્નતા) પ્રગટ થઈ છે. 'જાગીને જોઉં તો જગત દિસે નહિ.' આહાહા..! 'અજ્ઞાનમાં અટપટા ખેલ દેખે.' દરબાર! આહાહા..! અહીં આચાર્ય તો એમ કહે છે કે પ્રભુ! ત્રણ રત્નત્રય છે કાર્યસમયસાર-કેવળજ્ઞાનના સાધક છે. પણ સાધકની ઉત્કૃષ્ટતા તો ત્યારે થાય છે કે રત્નત્રયનો ઉપયોગ પણ ત્યાં લગાવી દે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ વિકલ્પ રાગમાં જાય છે ત્યાં સુધી સાક્ષાત્ સાધક છે એમ નથી. આહાહા..! જુઓ! દિગંબર સંતોની વાણી! આહાહા..! નાગા બાદશાહથી આઘા. જેને બાદશાહની પડી નથી. આમ કહીએ છીએ તો સમાજ માનશે કે નહિ? સમતોલ રહેશે કે નહિ? આ શું આવી આવી વાત કરે છે? આમ કહેશે તો? એ તમે જાણો તમારી વાત. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ!

'**શુદ્ધોપયોગકે સાથ...**' ગજબ વાત કરી છે ને. ચારિત્રમય કીધું ને, ભાઈ! એટલે એ લીધું છે મયનો અર્થ. આહાહા..! સમજ્યા? 'જ્ઞાનચંદજી'! વ્યવહારરત્નત્રય તો નહિ પણ નિશ્ચયરત્નત્રય પણ ઉપયોગ અંદર લગાવે ત્યારે સાધન અંદર ઉત્કૃષ્ટ થાય છે. આહાહા..! પ્રભુ! તારે કરવું પડશે, હોં! મુક્તિ જોઈએ તો. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી, ભાઈ!

આહાહા..! '**આત્માકો નિશ્ચયકર...**' ધ્યાન કરો. '**ચિંતવન કરો...**'નો અર્થ એ છે. ઉપયોગ લગાડીને ધ્યાન કરો. એમ કહે છે.

**ભાવાર્થ :- 'દેખે, સુને, અનુભવે ભોગોંકી...**' જે ભોગ જોયા હોય, સાંભળ્યા હોય અને અનુભવ્યા હોય. આહાહા..! એની '**અભિલાષારૂપ સબ...**' એની અભિલાષા છોડી દે. જોયા હોય, અનુભવ્યા હોય, ભોગવ્યા હોય, સાંભળ્યા હોય મોટા-મોટા ભોગ. આવા ઈન્દ્રાણી ને આ. અરે..! '**સબ વિભાવ-પરિણામોંકો છોડકર નિજસ્વરૂપકા ધ્યાન કર.**' આહાહા..! પૂર્વે ભોગ લીધા હોય અને એ ભોગમાં એને રતિ-મજા લાગી હોય. એ અભિલાષા છોડી દે, પ્રભુ! એમાં કાંઈ નથી. સાંભળ્યા હોય મોટા ભોગ એવા હતા, રાજા એવા અને ચક્રવર્તીના આવા. છન્નું હજારી સ્ત્રી ને.. આહાહા..! સમજાણું કાંઈ? એ ભોગ છોડી દે. અભિલાષા છોડી દે.

એક રાજા હતા ને? રાજા છે. એક કલાકે દોઢ લાખની પેદાશ. દેશ નાનો છે પણ પેટ્રોલના કૂવા નીકળ્યા છે. પેટ્રોલના કૂવા. એ ક્યાં ગામ છે? ક્યાંક છે. દેશ નાનો છે. એક કલાકની દોઢ લાખ પેદાશ. મારે તો બીજું કહેવું છે. એ રાજા જ્યારે પરણ્યાને? તો એક રાતના એક કરોડ ખર્ચ્યા હતા. એક રાતના એક કરોડ! પહેલી રાત્રી ભોગના પહેલા દિવસે. આહાહા..! લગન થયા. લગનની પહેલી રાત. તો શું કહેવાય એને? સુહાગી. એમ કાંઈક કહે છે, ભાષા એવી છે. એક કરોડ રૂપિયા ખર્ચ્યા, એક રાતમાં. અત્યારે, હોં! આ થોડા વર્ષ પહેલા. પછી એને મારી નાખ્યો છે. એના કુટુંબમાંથી એને મારી નાખ્યો. એ તો પૈસા ઘણા, પેદાશ ઘણી અને એક કલાકમાં દોઢ લાખ. દિવસમાં ૩૬ લાખ. એવી પેદાશ. બધા નરકના ગામી છે. આહાહા..! એના કુટુંબમાંથી એને મારી નાખ્યો. ત્યાં શું હોય? બાપા!

અહીં કહે છે કે પ્રભુ! પહેલા તારા શુદ્ધોપયોગનો દિવસ કાળ એવો હોવો જોઈએ... આહાહા..! આનંદના અનુભવમાં તારો ઉપયોગ લગાવી દે. આહાહા..! એવો અનુભવ ક્યાંય નથી. પ્રતીત શ્રદ્ધામાં તો લે કે માર્ગ આવો છે. આહાહા..! એ '**દેખે, સુને, અનુભવે....**' સાંભળ્યા હોય ને મોટા મોટા ભોગ. આહાહા..! એ રાજા છે તેને એટલી બધી પેદાશ... એટલી પેદાશ છે અને ઘરે એટલો સામાન છે. મોટરું મોટી પાંચ-પાંચ લાખની, દસ-દસ લાખની. એના દીકરા એ મોટરમાં જાય તો સામાને ખસી જાવ એમ ન કહે. મરી જાય તો કહે, તમે કેમ ખસ્યા નહિ? અમારા રાજકુમાર નીકળ્યા છે ને . તમે કેમ ધ્યાન ન રાખ્યું? મરી જાય તો એની ફરિયાદ નહિ. આહાહા..! એમ છે. અહીંયાં કહે છે, પ્રભુ! એવી કડકાઈ તેં અનંતવાર કરી છે. હવે નરમ થઈ જા ને. ભગવાન! તારી ચીજ નિધાન પડ્યું છે ને, પ્રભુ! આનંદનું ધામ છે ને, નાથ! તારી પાસે જે આનંદ છે એ આનંદ ક્યાંય નથી. આહાહા..! ભૂલી જા એકવાર, પ્રભુ! અને ભગવાનને સંભાળ હવે, કહે છે. ઉપયોગમાં, હોં! આહાહા..!

'**સબ વિભાવ પરિણામોંકો છોડકર નિજસ્વરૂપકા ધ્યાન કર. યહાં ઉપાદેયરૂપ...**'

જુઓ! '**અતીન્દ્રિયસુખસે તન્મયી ઔર સબ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મસે જુદા...**' એ શુદ્ધાત્માની વ્યાખ્યા છે. કેવો છે ભગવાનઆત્મા અંદર? કે અતીન્દ્રિય સુખથી તન્મય. અતીન્દ્રિય સુખથી એકમેક આત્મા છે. તદાત્મ્ય છે. આહાહા..! '**ઔર સબ ભાવકર્મ,...**' જુઓ! વિકલ્પ. ચાહે તો દયા, દાન કે વ્રતના વિકલ્પ વ્યવહારરત્નત્રયના વિકલ્પ એ ભાવકર્મ છે. '**દ્રવ્યકર્મ, નોકર્મ...**' દ્રવ્યકર્મ જડ અને નોકર્મ વાણી આદિ. '**જુદા જો શુદ્ધાત્મા હૈ,...**' અંદર અત્યારે છે. અહીં છે... અહીં છે... અહીં છે. આહાહા..!

'**વહી અભેદ રત્નત્રયકો ધારણ કરનેવાલે...**' જુઓ! એવો જે આત્મા છે એ '**અભેદ રત્નત્રયકો ધારણ કરનેવાલે નિકટભવ્યોંકો ઉપાદેય હૈ,...**' આહાહા..! ઉપયોગમાં ઉપાદેય નિકટભવી જીવોને છે. જેનો સંસારનો કિનારો આવી ગયો છે. આહાહા..! આવ્યું ને એ 'પ્રવચનસાર'માં? 'કુંદકુંદાચાર્ય'ની વાત. જેને સંસાર કિનારો નજીક આવી ગયો છે. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે 'કુંદકુંદાચાર્ય' માટે. સમજાણું કાંઈ? આ 'કુંદકુંદાચાર્ય' ગ્રંથકર્તા છે એ કેવા છે, એવું 'અમૃતચંદ્રાચાર્ય' મુનિરાજ કહે છે. ટીકા કરનાર મુનિરાજ મુનિરાજની ઓળખાણ કરાવે છે કે 'કુંદકુંદાચાર્ય' કેવા છે? આહાહા..! હવે સંસાર સમુદ્રનો કિનારો જેને નિકટ છે. એકાદ ભવમાં મોક્ષ જવાના છે. નજીક છે. સંસારનો અંત આવી ગયો. આહાહા..! અનાદિ સંસારનો હવે અંત આવ્યો. આહાહા..! અને અનંતકાળ રહેશે એવી મોક્ષદશા જેને નજીક છે. મુનિ મુનિની પરીક્ષા કરે છે? હજાર વર્ષ પહેલાની. છદ્મસ્થ છે ને? છદ્મસ્થ છે તો શું થયું? મુનિ પાંચ મહાવ્રતધારી કહે છે, અમે કહીએ છીએ કે એને સંસારનો કિનારો નિકટ આવ્યો છે. આહાહા..!

એવા આસન્નભવ્ય મહાત્મા સાતિશય વિવેક જ્યોતિ જેમને પ્રગટ થઈ છે. આહાહા..! રાગથી ભિન્ન ભગવાનની ભાનદશા વિવેક ભેદજ્ઞાન જ્યોતિ સાતિશય. આહાહા..! પણ એ ભેદજ્ઞાન પ્રગટ્યું ઈ પ્રગટ્યું. એ પૂર્ણાનંદમાં ભળી જાશે. એવી સાતિશય ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટ થઈ છે. આહાહા..! જુઓ! આ 'કુંદકુંદાચાર્ય'. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે આવ્યા. પહેલા ભગવાન, બીજે ગણધર અને ત્રીજે 'કુંદકુંદાચાર્ય'. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં. ત્રીજે નંબરે ગણધર પછી આવ્યા. આહાહા..! એની આ વાણી છે. સમજાણું કાંઈ? બહુ લાંબુ કરી નાખ્યું.

'**પરમ ભેદજ્ઞાનનો પ્રકાર જેને ઉત્પન્ન થયો છે. સમસ્ત એકાંતવાદની અવિદ્યાનો અભિનિવેષ જેમને અસ્ત થઈ ગયો છે.**' એકાંતવાદની વિદ્યા જેને નાશ થઈ ગઈ છે. આહાહા..! '**પરમેશ્વરી અનેકાંત વિદ્યાને પામીને...**' પરમેશ્વર જિન ભગવાનની અનેકાંત ધર્મ વિદ્યા. સ્વપણે છે, પરપણે નહીં. એક ગુણ ગુણપણે છે, બીજા ગુણપણે નથી. એક પર્યાય પર્યાયથી છે, બીજી પર્યાયથી છે નહિ. એવી અનેકાંત વિદ્યા જેને પ્રગટ થઈ છે. આહાહા..! જુઓ! આ 'કુંદકુંદાચાર્ય'. જોયું!

'**સમસ્ત .. પરિગ્રહ શત્રુ-મિત્ર પ્રત્યે... છોડી દીધું છે.**' આ મારો મિત્ર છે, આ મારો

શિષ્ય છે એ બધું છૂટી ગયું છે. આહાહા..! 'અત્યંત મધ્યસ્થ થઈ સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી આત્માના અત્યંત હિતતમ ભગવંત પરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવા યોગ્ય પરમાર્થ સત્ય, અવિનાશી મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે કરતા થકા...' આહાહા..! પૂર્ણાનંદની મોક્ષદશા જે મને ઉપાદેય છે. એમ કહે છે. આહાહા..! સમજાણં કાંઈ? લાંબી વાત છે પછી. ભગવાનના પ્રસાદથી. એ ભગવંત પરમેષ્ઠીના પ્રસાદથી ઉપજવા યોગ્ય. ભગવાન ત્રિલોકનાથની પ્રસન્નતા. પ્રસન્નતા. મને પ્રસન્નતા થઈ. ભગવાન પણ પ્રસન્ન થયા. આહાહા..! કૃપા. ત્રણલોકના નાથની કૃપા થઈ ગઈ. એ તો વીતરાગ છે. પણ એના જ્ઞાનની પર્યાયમાં મારી દશા અત્યારે આવી છે એમ આવી ગયું છે, એ ભગવાનની મારા ઉપર કૃપા છે. સમજાણું કાંઈ? આહાહા..! 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી' ભગવાનની કરુણા. કરુણાનો અર્થ? મારી આનંદની દશા મને પ્રગટ થઈ છે એ કેવળજ્ઞાનની દશામાં ખ્યાલ આવે છે. કેવળજ્ઞાનની દશામાં ઈ છે. ઈ મારા ઉપર કૃપા છે. આહાહા..!

મુમુક્ષુ :- આ કરુણા બીજી જાતની છે.

ઉત્તર :- બીજી જાતની છે. ભગવાન! અહીં તો વાત. આહાહા..! એવું છે.

'મોક્ષલક્ષ્મીને પણ તીર્થના નાયક મહાવીર સ્વામી પણ ભગવંત...' નમસ્કાર કરે છે. 'મોક્ષમાર્ગના આશ્રય કરતા થકા...' મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા આ શાસ્ત્ર બનાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે. એની ધ્વનિની બધામાં છાપ છે. 'પરમાત્મપ્રકાશ'માં, 'સમાધિતંત્ર'માં બધામાં ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની મહોરછાપ છે. એનું અનુકરણ કરીને ઘણી વાત બધામાં આવી છે. મૂળ તો શાસનનાયક છે ને. આહાહા..!

અહીં કહે છે, '**અભેદ રત્નત્રયકો ધારણ કરનેવાલે નિકટભવ્યોંકો ઉપાદેય હૈ,...**' જેને અભેદરત્નત્રય પ્રગટ થયા છે અને જેણે ત્યાં ઉપયોગ લગાવી દીધો,.. આહાહા..! એને આત્મા ઉપાદેય છે. સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! આહા..! એકલી વાતું કરે અને જાણપણા કરે એને આ ઉપાદેય નથી, કહે છે. આહાહા..! જેને સમ્યગ્દર્શનમાં ઉપાદેય થયું છે. પછી ત્રણ રત્નત્રય સહિત... આહાહા..! ઉપયોગ ત્યાં દ્રવ્ય ઉપર જામી ગયો છે એને જ ભગવાન ઉપાદેય એ કાળમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત ક્યાંય છે નહિ, હોં! આ તો પરમાત્માના ઘરમાં જવાની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઐસા તાત્પર્ય હુઆ.**' ૭૫ થઈ. ૭૫ થઈ ને?

---

**तदनन्तरं निश्चयसम्यग्दृष्टिमुख्यत्वेन स्वतन्त्रसूत्रमेकं कथयति –**

**७६) अप्पिं अप्पु मुणंतु जिंउ सम्मादिट्ठि हवेइ।**
**सम्माइट्ठिउ जीवडउ लहु कम्मइँ मुच्चेइ।।७६।।**

आत्मना आत्मानं जानन् जीवः सम्यग्दृष्टिः भवति।
सम्यग्दृष्टिः जीवः लघु कर्मणा मुच्यते।।७६।।

अप्पिं अप्पु मुणंतु जिउ सम्मादिट्ठि हवेइ आत्मनात्मानं जानन् सन् जीवो वीतरागस्वसंवेदनज्ञानपरिणतेनान्तरात्मना स्वशुद्धात्मानं जानन्ननुभुवन् सन् जीवः कर्ता सम्मदिट्ठि हवेइ वीतरागसम्यग्दृष्टिर्भवति। निश्चयसम्यक्त्वभावनायाः फलं कथ्यते सम्माइट्ठिउ जीवडउ लहु कम्मइं मुच्चेइ सम्यग्दृष्टिः जीवो लघु शीघ्रं ज्ञानावरणादिकर्मणा मुच्यते इति। अत्र येनैव कारणेन वीतरागसम्यग्दृष्टिः किल कर्मणा शीघ्रं मुच्यते तेनैव कारणेन वीतरागचारित्रानुकूलं शुद्धात्मानुभूत्यविनाभूतं वीतरागसम्यक्त्वमेव भावनीयमित्यभिप्रायः। तथा चोक्तं श्रीकुन्दकुन्दाचार्यैर्मोक्षप्राभृते निश्चयसम्यक्त्व-लक्षणम्-'सद्दव्वरओ सवणो सम्मादिट्ठी हवेइ णियमेण। सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माइं'।।।७६।।

---

ऐसे तीन प्रकार आत्माके कहनेवाले प्रथम महाधिकारमें जुदे जुदे स्वतंत्र भेद भावनाके स्थलमें नौ दोहा-सूत्र कहे। आगे निश्चयकर सम्यग्दृष्टिकी मुख्यतासे स्वतन्त्र एक दोहासूत्र कहते हैं -

गाथा - ७६

अन्वयार्थ :- [ आत्मानं ] अपनेको [ आत्मना ] अपनेसे [ जानन् ] जानता हुआ यह [ जीवः ] जीव [ सम्यग्दृष्टिः ] सम्यग्दृष्टि [ भवति ] होता है, [ सम्यग्दृष्टिः जीवः ] और सम्यग्दृष्टि हुआ संता [ लघु ] जल्दी [ कर्मणा ] कर्मोंसे [ मुच्यते ] छूट जाता है।

भावार्थ :- यह आत्मा वीतराग स्वसंवेदनज्ञानमें परिणत हुआ अंतरात्मा होकर अपनेको अनुभवता हुआ वीतराग सम्यग्दृष्टि होता है, तब सम्यग्दृष्टि होनेके कारणसे ज्ञानावरणादि कर्मोंसे शीघ्र ही छूट जाता है-रहित हो जाता है। यहाँ जिस हेतु वीतराग सम्यग्दृष्टि होनेसे यह जीव कर्मोंसे छूटकर सिद्ध हो जाता है, इसी कारण वीतराग चारित्रके अनुकूल जो शुद्धात्मानुभूतिरूप वीतराग सम्यक्त्व है, वही ध्यावने योग्य है, ऐसा अभिप्राय हुआ। ऐसा ही कथन श्री कुंदकुंदाचार्यने मोक्षपाहुड ग्रंथमें निश्चयसम्यक्त्वके लक्षणमें किया है 'सद्दव्वरओ' इत्यादि-उसका अर्थ यह है कि, आत्मस्वरूपमें मगन हुआ जो यति वह निश्चयकर सम्यग्दृष्टि होता है, फिर वह सम्यग्दृष्टि सम्यक्त्वरूप परिणमता हुआ दुष्ट आठ कर्मोंको क्षय करता है।।७६।।

---

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક પ્રથમ મહાધિકારમાં પૃથક્ પૃથક્ સ્વતંત્ર ભેદભાવનારૂપે નવમા સ્થળમાં નવ ગાથાસૂત્રો સમાપ્ત થયાં.

ત્યાર પછી નિશ્ચયસમ્યગ્દ્રષ્ટિની મુખ્યતાથી એક સ્વતંત્ર દોહાસૂત્ર કહે છે :

**ભાવાર્થ : આત્માથી આત્માને જાણતો જીવ-વીતરાગ સ્વસંવેદનજ્ઞાનરૂપે પરિણમેલા અન્તરાત્મા વડે સ્વશુદ્ધાત્માને (પોતાના શુદ્ધ સ્વરૂપને) અનુભવતો જીવ વીતરાગસમ્યગ્દષ્ટિ હોય છે. નિશ્ચયસમ્યક્ત્વની ભાવનાનું ફળ કહેવામાં આવે છે. સમ્યગ્દષ્ટિ જીવ શીઘ્ર જ્ઞાનાવરણાદિ કર્મથી મુકાય છે.**

**અહીં, ખરેખર જે કારણે વીતરાગસમ્યગ્દષ્ટિ કર્મથી શીઘ્ર છૂટે છે તે કારણે જ વીતરાગ ચારિત્રને અનુકૂળ શુદ્ધાત્માની અનુભૂતિ સાથે અવિનાભૂત વીતરાગસમ્યક્ત્વ જ ભાવવા યોગ્ય છે એવો અભિપ્રાય છે. શ્રીકુંદકુંદાચાર્યે મોક્ષપ્રાભૃત (ગાથા-૧૪)માં નિશ્ચયસમ્યક્ત્વનું લક્ષણ કહ્યું છે કે नसद्दव्वरओ सवणो सम्मादिट्ठी हवेइ णियमेण। सम्मतपरिणदो उण खवेइ दुट्ठट्ठ कम्माइं।।' અર્થ : નિજદ્રવ્યમાં રત (આત્મસ્વરૂપમાં મગ્ન) શ્રમણ નિયમથી સમ્યગ્દષ્ટિ હોય છે. વળી સમ્યક્ત્વરૂપે પરિણમેલો તે શ્રમણ દુષ્ટ આઠ કર્મનો ક્ષય કરે છે. ૭૬.**

## ગાથા-૭૬ ઉપર પ્રવચન

**'એસે તીન પ્રકાર આત્માકે કહનેવાલે પ્રથમ મહાધિકારમેં જુદે જુદે સ્વતંત્ર ભેદ ભાવનાકે સ્થલમેં નૌ દોહા-સૂત્ર કહે. આગે નિશ્ચયકર સમ્યગ્દષ્ટિકી મુખ્યતાસે સ્વતંત્ર...'** સમ્યગ્દષ્ટિની મુખ્યતાથી એક દોહો કહે છે. આહાહા..! ૭૬.

**૭૬) अप्पिं अप्पु मुणंतु जिंउ सम्मादिट्ठि हवेइ।**
**सम्माइट्ठिउ जीवडउ लहु कम्मइँ मुच्चेइ।।७६।।**

આહાહા..! આનંદના વાજા વાગે છે. આહાહા..! ૭૬. ૭૫ થઈને? બીજો ભાગ એ તો. પહેલો ભાગ. એ તો બીજો ભાગ. આ ૭૫ ક્યાંની? બીજા ભાગની? પહેલા ભાગમાં ૭૫ આવી એમ કહે છે. ૭૬.

**'અપને કો અપનેસે...'** ભાષા જુઓ! પોતાને ભગવાન ત્રિલોકનાથ શુદ્ધાત્માને પોતાની નિર્મળ પરિણતિથી... આહાહા..! જાણતો થકો. ભગવાન પૂર્ણાનંદના નાથને **'અપનેસે...'** એટલે પોતાની નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિથી **'જાનતા હુઆ યહ જીવ સમ્યગ્દષ્ટિ હોતા હૈ,...'** આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું ? **'અપને કો અપનેસે જાનતા હુઆ યહ જીવ સમ્યગ્દષ્ટિ હોતા હૈ,...'** મહા સિદ્ધાંત.

મુમુક્ષુ :- અમને તો ધર્મનું સ્વરૂપ બતાવો.

ઉત્તર :- આ શું બતાવે છે?

**'અપનેકો...'** નિર્વિકલ્પ દશા એ ધર્મ. એ નિર્વિકલ્પ દશાથી પોતાને જાણે છે, એનું નામ સમ્યગ્દષ્ટિ છે. આહાહા..! શું કહ્યું? જુઓ! **'અપનેકો અપનેસે...'** એમ આવ્યું ને?

આત્માને આત્માથી. અર્થાત્ રાગ કે વિકલ્પ એ આત્મા નથી. આહાહા..! '**અપનેકો અપનેસે...**' આત્મા વીતરાગમૂર્તિ તો વીતરાગ પર્યાયથી આત્મા જણાય છે. સમજાણું કાંઈ? આહાહા..! 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત, જંગલમાં વસનારા. એને જગતની પડી નથી. જગત અમારું માનશે કે નહિ? તારું તું જાણ. અમારો માર્ગ તો આવો છે. આહાહા..! દુનિયા પાગલ કહે, એકાંતી કહે તો કહો. એ કહે છે.

'**અપનેકો અપનેસે જાનતા હુઆ...**' એમ કહે છે. રાગ અને વિકલ્પથી જણાય છે એવો આત્મા નથી. દુનિયા માને, ન માને. વ્યવહારથી થાય, ઢીકણાથી થાય. સમજાણું કાંઈ? 'નાવ તરે મોરી નાવ તરે.' આહાહા..! એમ આનંદમાં ધર્માત્મા ખેલ કરે. આનંદમાં ખેલ કરે. આહાહા..! હું તો મારા આનંદની દશાથી જાણનાર છું. રાગાદિ વ્યવહાર રત્નત્રય તો દુઃખ છે. આહાહા..! 'અમરચંદભાઈ'! રાગાદિ તો દુઃખ છે. વ્યવહારરત્નત્રય તો દુઃખ છે. એ આત્મા નથી. વ્યવહારરત્નત્રય આત્મા નથી, એ તો અનાત્મા છે. આહાહા..!

'**અપનેકો અપનેસે જાનતા હુઆ...**' કેટલા ન્યાય આપ્યા છે! આહાહા..! ભગવાન! તું પરમાનંદની મૂર્તિ નાથ છે ને. તું વીતરાગ પર્યાયથી જણાય એવો છો. વીતરાગ પર્યાય એ આત્મા છે. વ્યવહારરત્નત્રય આત્મા એ તો અનાત્મા છે. અનાત્માથી આત્મા જણાય? આહાહા..!

મુમુક્ષુ :- ... શું કહો છો?

ઉત્તર :- એમ કહીએ છીએ કે વિકલ્પ જે પૂર્વે કહ્યું હતું ને આઠ કર્મ દોષ. અહીં એ વિષય હવે સ્પષ્ટ કરે છે કે દોષ જે વ્યવહારરત્નત્રય છે રાગ છે એ દોષ છે. એનાથી આત્મા જણાતો નથી. આહાહા..! એનાથી સમ્યગ્દર્શન નથી થતું. આહાહા..!

ભગવાનઆત્મા '**અપનેકો અપનેસે...**' બે શબ્દ છે. પાઠમાં જુઓ, પાઠ! '**अप्पिं अप्पु**' પાઠ છે જુઓ. ૭૬ ગાથાનો પહેલો શબ્દ છે. '**अप्पिं अप्पु**' આત્માથી આત્માને. એ બે શબ્દ છે. '**अप्पिं अप्पु मुणंतु**' આહાહા..! ભગવાન! આ તો મોક્ષના માર્ગની વાત છે. આમાં કોઈ દોડધામ.. આહાહા..! એ આમાં છે નહિ. અહીં તો વિકલ્પ છોડીને... આહાહા..! '**अप्पिं अप्पु मुणंतु**' ભગવાનઆત્મા પોતાની નિર્વિકલ્પ પર્યાયને આત્મા કહેવામાં આવે છે. રાગ રહિત વીતરાગી પર્યાયને આત્મા કહેવામાં આવે છે. રાગ તો અનાત્મા છે. આહાહા..! અનાત્માથી આત્મા જણાતો નથી. વીતરાગ પર્યાયથી આત્મા જણાય છે. કેમકે વીતરાગ પર્યાય એ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત કરે છે ને! એક એક પદ.

ભાષા શું છે? '**अप्पिं अप्पु मुणंतु जिंउ सम्मादिट्ठि हवेइ**' સમજાણું કાંઈ? 'સમયસાર'ની ૧૧મી ગાથામાં એ કહ્યું. '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' એ અહીં કહ્યું. ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગમૂર્તિ આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ નાથ, એ પોતાની વીતરાગી પર્યાયથી જણાય છે, પ્રભુ! રાગથી નથી જણાતો. સમજાણું

કાંઈ? આહાહા..! એકવાર તો મીણો ચડી જાય એવું છે અંદર. આહાહા..!

**'અપનેકો અપનેસે જાનતા હુઆ યહ જીવ સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ,...'** એમ નથી કહ્યું કે આત્મા રાગથી જણાય માટે સમ્યગ્દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? નિર્મળ વીતરાગી પર્યાય વીતરાગ સ્વરૂપ પ્રભુ છે. આત્મા અનાદિ વીતરાગ સ્વરૂપ જ છે. વીતરાગ અકષાય સ્વરૂપનો પિંડ છે. અનાદિ વીતરાગ સ્વરૂપ છે. વસ્તુ તો વીતરાગમૂર્તિ આત્મા છે. એ આત્મા પોતાથી. તો એમાંથી વીતરાગી પર્યાય થઈ એ આત્મા. વીતરાગી પર્યાયથી આત્મા જણાય છે. એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. કહો.

જુવાનીયાને સમજાય છે કે નહિ? આ જુવાન-બુવાન તો શરીર જડ છે. એ જુવાની તારી ઝોલા ખાય, વૃદ્ધાવસ્થામાં ચાલી જાય. આહાહા..! ભગવાન! એ વૃદ્ધાવસ્થા, જુવાન અવસ્થા એ આત્મા ક્યાં છે? એ તો આપણે આગળ આવી ગયું ને? એ તો શરીરની-માટીની અવસ્થા છે. એનો તને પ્રેમ થાય એ મિથ્યાત્વ છે. આહાહા..! ત્રણલોકનો નાથ ત્રણલોકના નાથની પરિણતિથી જણાય એવો છે, એમ કહે છે. એને સમ્યગ્દર્શન હોય છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ સુદ ૧૫, સોમવાર
## તા. ૯-૦૮-૧૯૭૬, ગાથા-૭૬, પ્રવચન નં. ૫૭

આજે બળેવનો દિવસ છે. અકંપઆચાર્ય મુનિને લઈને હસ્તિનાપુર આવ્યા હતા. એમાં મંત્રી છે ને? 'બલિ'. એણે ઉપસર્ગ કર્યો. જૈનદર્શનનો એ વિરોધી હતો. તો એ વખતે પણ એવું ચાલતું હતું. આહાહા..! પછી 'વિષ્ણુકુમાર'ને એ ખબર પડી. 'વિષ્ણુકુમાર' મુનિ સાથે બીજા એક મુનિ હતા. એ કોઈ ક્ષુલ્લક બેઠા હતા એની પાસે મુનિએ કહ્યું કે 'અકંપઆચાર્ય'ને ઉપસર્ગ ઘણો છે. એને છોડાવવાની શક્તિ તો અત્યારે વર્તમાન 'વિષ્ણુકુમાર' પાસે છે. તો ક્ષુલ્લક સાંભળીને 'વિષ્ણુકુમાર' પાસે ગયા. એમની પાસે વિક્રિય લબ્ધિ હતી એની પણ ખબર નહિ. આહાહા..! પોતાના આનંદના ધ્યાનમાં મસ્ત! વિક્રિય લબ્ધિ પ્રગટ થઈ હતી એની પણ જેને ખબર નહિ. આહાહા..! આવીને કહ્યું, મુનિરાજ! આપને વિક્રિય લબ્ધિ છે. એક મહારાજે મને કહ્યું છે. હેં! આમ હાથ લાંબો કર્યો ત્યાં તો પૃથ્વી અને પાણીની વચ્ચે લાંબા હાથ ચાલ્યા જાય છે. ઓહોહો..! આવી શક્તિ હતી એની પણ ખબર નહિ. કેટલી વીતરાગતા! સમજાણું કાંઈ? પછી એ વામનરૂપ લઈને રાજા પાસે ગયા. જોકે મુનિને તો એ છાજે નહિ, કલ્પતા નથી, પણ એમને વાત્સલ્યભાવની પ્રધાનતા થઈ ગઈ. મુનિપણું છોડી દીધું. વામનરૂપ ધારણ કર્યું. અને ત્યાં જઈને રાજા પાસે ગયા. અરે..! રાજન! તેં મંત્રીને રાજ આપીને આ શું કર્યું? એ

તો મુનિ ઉપર કાળો કેર કરે છે. મહારાજ! મારા હાથમાં વાત રહી નથી. મેં સાત દિવસનું રાજ એને આપી દીધું છે. ઠીક!

'બલી' પાસે ગયા. અરે..! 'બલી' શું કરો છો તમે? જાવ, સાધુ અહીંથી નીકળી જાવ. અમે તો અહીં રહીશું તો ઉપદ્રવ કરશું જ. આહાહા..! ભાઈ! ત્રણ પગલા જમીન મુનિને માટે આપો. લ્યો, એ કપટ કર્યું. પણ સમ્યગ્દર્શન હતું. અનુભવદૃષ્ટિમાં કંઈ બાધ નહોતું. ચારિત્રમાં... આહાહા..! આ શું કર્યું? અહીંથી નીકળી જાવ. અહીં રહેશો તો અમે ઉપદ્રવ કરીશું. રહેવા માટે ત્રણ પગલા જમીન આપો. ત્રણ પગલામાં શું? ૭૦૦ મુનિ છે ને. આમ લાંબુ શરીર બનાવ્યું. એક પગ મૂક્યો મેરુ પર્વત ઉપર અને બીજો પગ માનુષોત્તર પર્વત ઉપર. બીજો પગ ક્યાં મૂકે? ખાલી જગ્યા ન રહી. અરે..! આ શું કર્યું તમે? મહારાજ! માફી માગીએ છીએ. આહાહા..! આવા પ્રસંગ આવે છે. મુનિને પણ એવો પ્રસંગ આવે છે, હોય છે. પછી તો એણે માફી માગી ધર્મ પામ્યો. એવી ચીજ જગતમાં બને છે. મુનિ થઈને આમ કરે એ પણ વ્યાજબી નથી. પણ વાત્સલ્ય-પ્રેમના ભાવથી એવો ભાવ આવી ગયો. પછી તો ફરીથી મુનિપણું લઈ લીધું. આહાહા..! એવી ચીજ ચોથે આરે બને. એ તો ઘણી આરાધન દશા વીતરાગતા વધી એના માટે છે. એ અહીં પણ આપણે કહે છે. લ્યો! ૭૬ ચાલે છે ને?

**ભાવાર્થ :- 'યહ આત્મા વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં પરિણત હુઆ...'** આહાહા..! ૭૫માં કહ્યું એનાથી આગળ વિશેષ લે છે. ૭૬-૭૬. ૭-૬. એનો ભાવાર્થ. છે ને? પહેલા તો એ કહ્યું કે પોતાનું સ્વરૂપ જે રાગથી ભિન્ન છે એનું સમ્યગ્દર્શન તો પ્રગટ કર્યું જ છે. સમજાણું કાંઈ? પ્રથમ જે ચીજ છે, રાગ અને પર્યાયની રુચિથી ભિન્ન ચીજ છે, એવા પૂર્ણાનંદના નાથની અનુભવ દૃષ્ટિ તો ચોથે ગુણસ્થાને થઈ છે. એ ઉપરાંત અહીં વાત કહે છે. કાલે તો આવ્યું હતું કે ઉપયોગની સાથે અભેદરત્નત્રયને (લગાવીને), અભેદરત્નત્રય તો છે જ પણ આત્મા તરફ ઉપયોગમાં લગાવી દીધો. એ પરમાત્મ દશા પ્રાપ્ત કરવાની ઉત્કૃષ્ટ સાધક દશા છે. આહાહા..!

અહીંયાં તો હવે કહે છે કે **'યહ આત્મા વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં પરિણત હુઆ...'** શાસ્ત્રનું જ્ઞાન નહિ, પરનું નહિ. પોતાનો ભગવાનઆત્મા વીતરાગી જ્ઞાનથી ભરેલો પ્રભુ, એનું સ્વસંવેદનજ્ઞાન. આહાહા..! વસ્તુએ વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી પરિપૂર્ણ આત્મા છે. એમાં પર્યાયમાં **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં પરિણત હુઆ...'** આહાહા..! છે? **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં પરિણત હુઆ અંતરાત્મા હોકર....'** આહાહા..! વાત જરી ઊંચી છે. આ તો એક એક ગાથા કરતા ઊંચી આગળ લઈ જાય છે ને? એને જાણવામાં તો નક્કી કરવું પડશે કે નહિ? આહાહા..!

**'અપનેકો અનુભવતા હુઆ...'** ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુને અનુભવતો, અતીન્દ્રિય આનંદનું વેદન કરતો. આહાહા..! સમ્યગ્દર્શનમાં પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. સમજાણું કાંઈ? પણ અહીં તો વિશેષ અતીન્દ્રિય આનંદનો અનુભવી

કરીને. આહાહા..! આગળ લઈ જવા છે ને? વીતરાગ ચારિત્ર સહિત વીતરાગ સમકિત. સમજાણું કાંઈ? ત્યાં લઈ જવા છે. સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને થાય છે. તો છે તો વીતરાગી દર્શન. પણ ત્યાં ચારિત્ર નથી. એ અપેક્ષાએ છે તો સમકિત દૃષ્ટિ એ વીતરાગદૃષ્ટિ છે, પણ રાગ ચારિત્રનો દોષ છે તો ત્યાં સરાગ સમકિત એમ કહેવામાં આવે છે. રાગ છે એ સમકિત નથી પણ રાગવાળો, દોષવાળો છે તો સમકિત તો વીતરાગી પર્યાય છે. આહાહા..!

અહીં તો હવે ચારિત્ર, વીતરાગ પરિણતિની ચારિત્ર સહિત સમકિત લેવું છે. એ વીતરાગ સમકિત. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! '**વીતરાગ સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ, તબ સમ્યગ્દૃષ્ટિ હોનેકે કારણસે જ્ઞાનાવરણાદિ કર્મોંસે શીઘ્ર હી છૂટ જાતા હૈ-**' અહીં તો ઉત્કૃષ્ટ વાત લેવી છે ને? નિજ સ્વરૂપમાં એકદમ આનંદની લહેરમાં મશગુલ છે તો વીતરાગ ચારિત્ર પણ છે અને સાથે સમ્યગ્દર્શન છે એને વીતરાગ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. છે તો સમ્યગ્દર્શન પહેલેથી વીતરાગ જ. પણ અહીં ચારિત્ર જે અંતર વીતરાગ થયો છે, એની સાથે સમકિતને પણ વીતરાગી સમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! ચૈતન્યની રમતું જુદી છે. આહાહા..!

કહે છે, '**યહાં જિસ હેતુ વીતરાગ સમ્યગ્દૃષ્ટિ હોનેસે...**' શું કહે છે? '**વીતરાગ સમ્યગ્દૃષ્ટિ હોનેસે યહ જીવ કર્મોંસે છૂટકર સિદ્ધ હો જાતા હૈ,...**' સમ્યગ્દર્શન પર્યાય તો વીતરાગ જ છે. પણ અહીં વીતરાગી સમકિત લેવામાં અંતરમાં ચારિત્રસહિતનું દર્શન લેવું છે. સમજાણું કાંઈ? આવી વાત હવે, ઝીણી વાતું! ભગવાન! તને ખબર ક્યાં છે? તું તો વીતરાગમૂર્તિ છે ને નાથ! એ વીતરાગી દૃષ્ટિથી જ એનો પત્તો લાગે છે. સમજાણું કાંઈ? રાગથી, વિકલ્પથી એનો પત્તો લાગતો નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો એ વીતરાગી પર્યાયમાં આત્માનો અનુભવ થયો ત્યાં સુધી તો એને સમ્યગ્દૃષ્ટિ, ચારિત્ર નથી તો રાગસહિત સમકિતદૃષ્ટિ છે તો સરાગી કહ્યું. સમકિત તો વીતરાગી જ છે. પણ ચારિત્રનો દોષ છે ને? એ કારણે એને સરાગ સમકિત કહ્યું. અહીંયાં તો આગળ જતાં... આહાહા..! '**વીતરાગ ચારિત્રકે અનુકૂલ...**' છે? જુઓ! આહાહા..! સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ, પોતાનું સ્વરૂપ જ અતીન્દ્રિય આનંદકંદ છે. પ્રત્યેક આત્મા આનંદકંદથી ભરેલો છે. આહાહા..! એમાં વીતરાગી ચારિત્ર પ્રગટ કરીને સ્વરૂપમાં સ્થિરતા વીતરાગી પ્રગટ કરીને.. આહાહા..! એ વીતરાગ ચારિત્રને અનુકૂળ... છે?

'**શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ સમ્યક્ત્વ હૈ,...**' ભાષા જુઓ! આહાહા..! પ્રથમ સમ્યક્ ચોથે ગુણસ્થાને છે એ સમ્યગ્દર્શન અનુભૂતિ સહિત છે. પણ એને રાગનો ભાગ ચારિત્રનો દોષ છે એ અપેક્ષાએ સરાગ સમકિત કહ્યું. સમકિત સરાગ નથી. પણ ચારિત્રના દોષને સાથે લઈને સરાગ સમકિત કહ્યું. અહીં આગળ જતાં.. ઓહોહો..! સ્વરૂપમાં મગ્ન થાય છે. વીતરાગી ચારિત્ર, જ્યાં... આહાહા..! પરમાત્મા પૂર્ણાનંદના નાથમાં લીન થઈ જાય છે. એવા ચારિત્ર સહિત સમકિતીને વીતરાગ સમકિત કહેવામાં

આવ્યું છે.

મુમુક્ષુ :- પોતાને ખબર પડી જાય પોતાને સમકિત થયું છે?

ઉત્તર :- ન ખબર પડે? આંધળો છે? કહો, સમજાણું કાંઈ? નિશ્ચય સમકિતની ખબર ન પડે એવી વાત અત્યારે (લોકો કરે છે). નિશ્ચય સમકિતને ખોટું ઠરાવવા માટે વ્યવહારથી પણ થાય છે એમ ઠરાવવા કહે છે કે પણ નિશ્ચયની ખબર ન પડે. ખબર નથી પડતી એ જ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કીધું? એમ કહ્યું કે પોતાને સમકિત છે કે નહિ? તો કહે, એ નિશ્ચયની ખબર ન પડે. એ જ (દેખાડે છે કે) મિથ્યાદષ્ટિ છે. આહાહા..! નિશ્ચય સમ્યક્ ચોથે ગુણસ્થાને આત્માના આનંદનો અનુભવ થાય, આનંદનો સ્વાદ આવે અને ખબર ન પડે? લોકોને સમકિત શું ચીજ છે એની કિંમત નથી. બસ, આ વ્રત, તપ, અપવાસ, ભક્તિ ને પૂજા કરવી. કરતા કરતા થઈ જશે.

મુમુક્ષુ :- વ્રત, તપ કરતા કરતા શું થશે?

ઉત્તર :- કરતા કરતા થઈ જશે એમાં રાગ થશે, વિકાર થશે.

મુમુક્ષુ :- સંસાર તો નહિ વધે ને.

ઉત્તર :- સંસાર જ છે. રાગ, વિકાર, વ્રત, નિયમ જે વિકલ્પ છે એ તો સંસાર જ છે. 'ધન્નાલાલજી'! એવી વાત છે. આહાહા..!

આચાર્ય ક્યાં લઈ જાય છે! પ્રથમ ચોથે ગુણસ્થાને રાગથી ભિન્ન થઈને પોતાની અનુભૂતિના કાળમાં સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો કહ્યું હતું ને? 'દ્રવ્યસંગ્રહ'માં ૪૭ ગાથા. ૪૭ કહે છે? ૪ અને ૭ **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** આહાહા..! 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' 'દ્રવ્યસંગ્રહ'માં કહે છે. 'દ્રવ્યસંગ્રહ'. અભ્યાસ તો ઘણો કરે પણ તત્ત્વની ખબર નહિ. સમજાણું કાંઈ? ત્યાં તો એ લીધું. ૪૭ ગાથા. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર આરોપિત મોક્ષમાર્ગ બેય ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. અર્થાત્ ઉપયોગ જ્યારે આત્મા તરફ વળી ગયો છે... આહાહા..! ત્યારે અભેદ રત્નત્રયપર્યાય થઈ, નિશ્ચય સમ્યગ્દર્શન થયું એ ધ્યાનમાં, હોં! આમ બહારથી શ્રદ્ધા થઈ છે એ નહિ. આહાહા..! પોતાની વર્તમાન પર્યાયને દ્રવ્ય તરફ વાળતા, વર્તમાન જ્ઞાનની પર્યાયને જે પ્રગટ છે એ પર તરફ વળેલી છે એ પર્યાય તો ત્યાં રહી, પણ પછીની પર્યાય પ્રગટ કરીને અને એ પર્યાય એ તરફ વળી. બેય એક જ સમય છે. શું કીધું સમજાણું?

જે જ્ઞાનની પર્યાય વર્તમાન રાગ સન્મુખ છે, રાગના લક્ષમાં છે એ તો મિથ્યાજ્ઞાન છે. એ પર્યાય મિથ્યા છે પણ પછીની પર્યાય... પહેલી પર્યાય તો ત્યાં પરસન્મુખ છે એને તો સ્વસન્મુખ કરી શકાય નહિ... આહાહા..! સૂક્ષ્મ વિષય છે. પછીની પર્યાય દ્રવ્યના આશ્રયે જે પ્રગટ થઈ એ પર્યાય એ તરફ વળી એમ કહેવામાં આવે છે. આહાહા..! ત્યારે ત્યાં

આનંદનું વેદન આવે છે. અરે..! સંખ્યાએ જેટલા અનંત ગુણ છે... અનંત ગુણ! આકાશના પ્રદેશ, જે અનંત આકાશનો અંત નથી, અલોક ચારે બાજુ ક્યાંય અંત નથી, ઊંચે-નીચે ક્યાંય અંત નથી એવું આકાશ, એના જે પ્રદેશ છે એથી પણ અનંતગુણા એક આત્મામાં ગુણ છે. આહાહા..! સ્વભાવ છે ને? સ્વભાવને ક્ષેત્રની મોટાઈની જરૂર નથી. ક્ષેત્ર ભલે થોડું હોય. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! નિગોદનો જીવ લ્યો. આહાહા..! લસણ, ડુંગળીની એક કટકીમાં અસંખ્ય તો શરીર છે. એક શરીરમાં સિદ્ધ કરતા, અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા, છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ મુક્તિ પામે છે તો અત્યાર સુધી સિદ્ધની જે મુક્તિની સંખ્યા થઈ, તેનાથી લસણ અને કંદમૂળ, કાંદા, શું કહેવાય?

મુમુક્ષુ :- આલુ?

ઉત્તર :- આલુ નહિ.

મુમુક્ષુ :- પ્યાજ?

ઉત્તર :- ડુંગળી તો કીધું. આ મૂળા-મૂળા. મૂળના કંદ, હોં! પાંદડા નહિ. પાંદડા તો પ્રત્યેક છે. પાંદડા. પણ ઓલું ધોળું કંદ છે ને મૂળાનું. એની એક કટકીમાં અસંખ્ય તો શરીર છે. અને એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા, છ માસ અને આઠ સમયમાં છસ્સો ને આઠ ધારાવાહી મુક્તિ પામે છે. અહીંયાં ન હોય તો મહાવિદેહમાં, મહાવિદેહમાં હોય અને અહીંયાં હોય તો અહીંથી છ માસ અને આઠ સમયમાં છસ્સો ને આઠ મુક્તિ પામે છે. આહાહા..! એટલી સંખ્યા અત્યાર સુધી સિદ્ધની થઈ એનાથી એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં એથી અનંતગુણા જીવ. સિદ્ધ કરતાં અનંતગુણા જીવ (રહ્યા છે).

મુમુક્ષુ :- બટાટા અને મૂળા...

ઉત્તર :- બટાટાની વાત તકરાર છે. બટાટાનું નામ નથી લીધું. નામ નથી લીધું. કારણ છે ને. બટાટાની ચર્ચા થાય છે. પત્રોમાં ઘણી ચર્ચા થાય છે. બટાટા કંદમૂળ છે કે પ્રત્યેક છે? એવી ચર્ચા ચાલી છે. એટલે મેં નામ નથી લીધું. સમજ્યા? બટાટા ઉપર થાય છે ને ઉપર? તો એ ચર્ચા પત્રોમાં બહુ ચાલી છે કે ઉપર થાય છે માટે એને અનંતકાય કેમ કહેવાય? એટલે એ નામ ન લીધું. મેં તો લસણ અને ડુંગળી કહ્યું. સમજાણું કાંઈ? અને આ મૂળા લીધા. મૂળા એ કંદમૂળ ધોળા છે ને? ઈ. અનંતકાય. ભગવાન! આહાહા..! ભગવાનના મુખે એક એક ગુણ કહે તો અનંતગુણ કહેવા માટે સમય નથી માટે અનંતગુણ કહી શકે નહિ. એટલા જીવ નિગોદમાં પડ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં જે એક જીવના ગુણની સંખ્યા છે એટલી આ બહારમાં ગુણની સંખ્યા પંચેન્દ્રિયને પણ છે. એટલી સંખ્યાવંત જે ગુણ છે એની પ્રતીતિ આખા દ્રવ્યની... આહાહા..! એક પર્યાયમાં કેટલું જોર છે! શ્રદ્ધાની પર્યાયમાં કેટલું જોર છે! શ્રદ્ધાની પર્યાય, એવું અનંતગુણ સંપન્ન દ્રવ્ય, એને પ્રતીત કરે છે. સમજાણું કાંઈ? એ શું કહ્યું?

જેટલા અનંતગુણ છે-આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ છે. એટલા તો જીવ કહ્યા. એનાથી એક એક જીવમાં અનંતગુણ. તો સમ્યગ્દર્શનના કાળે જેટલી સંખ્યા છે એટલા વ્યકત, અનંતગુણની વ્યકત પર્યાયનું વેદન થાય છે. શક્તિરૂપ જે અનંત છે... આહાહા..! અરે..! સમજાણું કાંઈ? એની પર્યાયમાં વ્યકતરૂપ-પ્રગટરૂપ અનંત ગુણનું વ્યકત અંશનું વેદન થાય છે એનું નામ સમ્યગ્દર્શન કહે છે.

મુમુક્ષુ :- મહારાજ! આપે તો અઘરું કરી નાખ્યું.

ઉત્તર :- આ તો સરળ થઈ ગયું. છે એની પ્રતીત કરવી એમાં શું? પણ લોકોને એ અભ્યાસ નથી. પોતાની શક્તિની ચીજ કેટલી છે એનું મહાત્મ્ય નથી. અને આ પર્યાયના, રાગના, નિમિત્તના મહાત્મ્યમાં ઘૂસી ગયા અને સ્વભાવનું મહાત્મ્ય રહ્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો શું કહેવું છે? એટલા એક દ્રવ્યમાં ગુણ જે આકાશથી અનંતગુણા ગુણ છે. આહાહા..! એ બધા ગુણની સમ્યગ્દર્શનની પર્યાયમાં 'સર્વ ગુણાંશ તે સમકિત.' એવો શબ્દ 'શ્રીમદ્' લીધો છે. 'શ્રીમદ્'નું વાકય આપણે ત્યાં સ્વાધ્યાય મંદિરમાં છે. બોર્ડ છે. 'સર્વ ગુણાંશ તે સમકિત.' જેટલા ગુણ છે એટલી પર્યાયમાં વ્યકત, અનંતગુણની પર્યાય વ્યકત થાય છે એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આપણે આવ્યું ને આમાં? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. આ 'મોક્ષમાર્ગ' છે? એ પ્રમાણે. જુઓ!

**'ચૌથે ગુણસ્થાનવર્તી આત્માકો જ્ઞાનાદિ ગુણ એકદેશ પ્રગટ હોતે હૈં.'** 'ટોડરમલે' લખ્યું છે. ગૃહસ્થ હતા. ગૃહસ્થ હોય તો શું થયું? સમ્યગ્દર્શન સિદ્ધનું અને તિર્યંચના સમકિતમાં કોઈ ફેર છે? સમજાણું કાંઈ? આહાહા..! તો કહે છે કે **'ચૌથે ગુણસ્થાનવર્તી આત્માકો જ્ઞાનાદિ ગુણ એકદેશ પ્રગટ હોતે હૈં.'** જેટલા જ્ઞાનાદિ અનંતગુણ છે એનો એક દેશ, એક અંશ, એક ભાગ પ્રગટ થયો છે. અને તેથી તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણ સર્વદેશ પ્રગટ થયા છે. સર્વદેશ પ્રગટ થયા છે. આખો-પૂરો. ચોથા ગુણસ્થાને પૂરા નહિ,એકદેશ. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે સમ્યગ્દર્શનમાં અનંતગુણ જે ચીજ છે એનો એક અંશ તો પ્રગટ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદનો અંશ, વીર્યનો અંશ, કર્તાનો અંશ, કર્મનો અંશ, કરણનો અંશ, એ જેટલા ગુણ છે તેનો એક અંશ પર્યાયમાં પ્રગટ થયો. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આગળ જઈને વીતરાગ ચારિત્ર થાય છે એ વાત અહીં કરે છે. છે તો એ વીતરાગી પર્યાય સમકિત. પણ ચારિત્રનો દોષ સાથે છે તો સરાગ સમકિત કહેવામાં આવ્યું. સમકિત સરાગ નથી. 'પંચાધ્યાયી'માં ખુલાસો ઘણો કર્યો છે. સમકિત સરાગ-ફરાગ હોતું જ નથી. સમકિત તો અનંતગુણ વીતરાગમૂર્તિ પ્રભુ, એનો અંશ પ્રગટ થયો તો સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. પણ ચારિત્રના દોષને સાથે લઈને એમ કહ્યું. એ અહીંયાં શિષ્ય કહે છે. એ ચારિત્રના દોષનો નાશ થઈને જે વીતરાગ ચારિત્ર પ્રગટ થાય છે... છે? જુઓ!

**'વીતરાગ સમ્યગ્દ્દષ્ટિ હોનેસે યહ જીવ કર્મોંસે છૂટકર સિદ્ધ હો જાતા હૈ, ઈસી કારણ વીતરાગ ચારિત્રકે અનુકૂલ...'** ભલે અત્યારે છે નહિ પણ એની સ્થિતિનો નિર્ણય તો એણે કરવો જોઈએ ને? સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એના '**વીતરાગ ચારિત્રકે અનુકૂલ જો શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ સમ્યક્ત્વ હૈ.**' આહાહા..! ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત વીતરાગી ચારિત્રમાં જ્યારે રમણતા કરે છે... આહાહા..! ત્યારે એને '**ચારિત્રકે અનુકૂલ...**' વીતરાગ. સંસ્કૃતમાં છે એ. '**वीतरागचारित्रानुकूलं शुद्धात्मानुभूत्यविनाभूतं वीतरागसम्यक्त्वमेव**' એ તો આવું લઈને ઓલા બધા કેટલાક કાઢે. સમકિત વીતરાગ જ હોય. આ તો અહીંયાં વીતરાગ ચારિત્રસહિતની સમકિતને વીતરાગ સમકિત કહ્યું છે. સમકિત તો પહેલેથી વીતરાગી જ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! પણ અહીંયાં રાગનો ચારિત્રનો દોષ હતો એ નીકળી ગયો તો એ ચારિત્રની જે નિર્મળ વીતરાગી પરિણતિ થઈ એની સાથેના સમકિતને વીતરાગી સમકિત કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**વહી ધ્યાવને યોગ્ય હૈ,...**' લ્યો! છે? આહાહા..! સમ્યગ્દર્શન સહિત, વીતરાગી ચારિત્ર સહિત વીતરાગી સમકિત ધ્યાન કરવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? ઉત્કૃષ્ટ સાધકપણું બતાવવું છે. સાધકપણું એ પૂર્ણ કેવળજ્ઞાન કાર્યસમયસારનું સાધક. એમ પહેલા આવ્યું હતું ને? એ સાધકની ઉત્કૃષ્ટ દશાની આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? જેણે ભગવાનઆત્મામાં પોતાની પર્યાયને અંતરમાં લઈને જે સમ્યગ્દર્શનની પર્યાયમાં અનંતગુણની વ્યક્ત દશા થઈ એને વીતરાગ સમકિત કહે છે પણ ચારિત્રનો દોષ છે માટે એને સરાગ સમકિત કહે છે. ચારિત્રના દોષનો આરોપ આપ્યો છે. સમકિત તો સમકિત જ છે. આગળ જઈને જ્યારે ચારિત્ર અભેદરત્નત્રય થયું, ત્યારે પણ જ્યારે વિકલ્પ પરમાં છે ત્યાં સુધી સાધકપણાની કમી છે. તો શુદ્ધોપયોગ લગાવીને, અભેદ રત્નત્રયમાં શુદ્ધોપયોગ સહિત લગાવીને કાર્યસમયસારનું સાધક છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં તો વીતરાગ ચારિત્રસહિત જે સમકિત છે એ જ સાધક છે. કાર્યસમયસારનું આ સાધક છે. ઝીણી વાત, ભાઈ!

ભગવાન અનંતગુણ ગંભીર, અનંતગુણ ગંભીર દરિયો પડ્યો છે અંદર. આહાહા..! સાગરમાં જેમ પાણી ઉછળે છે, એમ શક્તિઓ સમ્યગ્દર્શનમાં અંશે બધી ઉછળે છે. ઉછળે છે કહે છે ને? ઉછળે છે. સમજાણું કાંઈ? અને કેવળજ્ઞાનમાં અનંત શક્તિની વ્યક્તતા પૂર્ણ ઉછળે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો કેવળજ્ઞાન પહેલા જે સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર અંદર પ્રગટ થયા છે, એ ચારિત્રસહિતના સમકિતને વીતરાગ સમકિત કહીને એનું ધ્યાન કરવા યોગ્ય છે (એમ કહ્યું છે). છે? એનું ધ્યાન કરવું. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ ભારે છે, ભાઈ!

મુમુક્ષુ :- શ્રદ્ધાગુણમાં પણ પરિણમન બે પ્રકારનું છે?

ઉત્તર :- શ્રદ્ધાગુણનું ક્યાં કહ્યું? શ્રદ્ધાગુણ તો વીતરાગી પર્યાય છે. કહ્યું ને પહેલા?

બે-ત્રણ વાર કહ્યું, ચાર વાર કહ્યું. પણ સાથે ચારિત્રના દોષને ગણીને સમકિતને સરાગ કહ્યું.

અહીંયાં હવે વીતરાગી ચારિત્રની સાથે સમકિતને વીતરાગ કહ્યું. એ ચારિત્રની અપેક્ષાએ કહ્યું. સમકિત તો પહેલેથી વીતરાગ જ છે. સમજાણું કાંઈ? ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ. અકષાય રસ કંદ છે પ્રભુ, એકલો અકષાય રસ કંદ અર્થાત્ વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા છે. બધાના, હોં! એની દૃષ્ટિ કરવાથી વીતરાગી સમકિત જ થાય છે. પણ એ સમકિત વીતરાગ પર્યાય હોવા છતાં જ્યાં સુધી ચારિત્રનો દોષ છે એ દોષનો આરોપ કરીને સરાગ સમકિત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? સમકિત તો વીતરાગી જ છે. પણ ચારિત્રનો દોષ સહિત છે તો એ અપેક્ષાએ સરાગ કહ્યું. અને અહીં કહ્યું કે વીતરાગ ચારિત્ર સહિત સમકિત હોય એને વીતરાગ કહેવું. આહાહા..!

મુમુક્ષુ :- .. બે પ્રકારના સમ્યક્ત્વ હોય છે.

ઉત્તર :- સમકિત એક જ પ્રકારનું છે. વાત તો એ જ ચાલે છે. ચર્ચા ઘણી ચાલે છે.

મુમુક્ષુ :- એ ઉપાધિ છે.

ઉત્તર :- એ તો ઓલી રાગની ઉપાધિને કારણે સરાગ કહ્યું. સમકિત તો નિરુપાધિ નિર્દોષ જ છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહ્યું.. આહાહા..! જૈનદર્શન બાપુ બહુ ઝીણું, ભાઈ! સર્વજ્ઞએ કહેલો માર્ગ આ છે. દિવ્યધ્વનિમાં, ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું એ સંતો જાહેર કરે છે. દિગંબર સંતો જગત પાસે જાહેર કરે છે. અમને પણ જ્યારે વીતરાગ ચારિત્રસહિત સમકિત થશે તો અમે કેવળજ્ઞાન પ્રાપ્ત કરશું અને કર્મથી છૂટશું, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! મૂળ ચીજની જ જ્યાં ખબર ન મળે અને એમાં બધા વ્રત ને નિયમ ને અપવાસ ને તપસ્યા ને ભક્તિ કરે, એ તો બધું સંસાર છે. સમજાણું કાંઈ? કહ્યું ને? પુણ્ય-પાપ અધિકારમાં ન કહ્યું? જે પુણ્ય સંસારમાં દાખલ કરે એને ભલું કેમ કહીએ? અમે તો છૂટવાના માર્ગમાં છીએ અને એ રાગ સંસાર તરફ જાય છે તો એને ભલો કેમ કહીએ? આહાહા..!

મુમુક્ષુ :- કોને માટે લખ્યું છે?

ઉત્તર :- કોણે લખ્યું છે? 'સમયસાર' 'કુંદકુંદાચાર્ય'. છે કે નહિ? આ શું છે? આ તો 'પરમાત્મપ્રકાશ' છે. ૧૪૫. '**कम्ममसुहं कुसीलं**' કર્મ અશુભ તે કુશીલ ' **सुहकम्म चावि जाणह सुसीलं कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।।१४५।।**' એ શુભભાવને અમે સુશીલ કેમ કહીએ? કે જે સંસારમાં દાખલ કરે. પુણ્યભાવ સંસારમાં દાખલ કરે એને સુશીલ કેમ કહીએ? આહાહા..! પાછળ તો '**सोवण्णियं**' લીધું છે. સોનાની બેડી અને લોઢાની બેડી. લોઢાની બેડી છે એ અલ્પ ઘસારો કરે છે અને સોનાની બેડી તોલદાર વજનદાર છે. તો વિશેષ ઘસારો કરે છે. પગમાં ઘસારો કરે. એમ પુણ્યના પ્રેમમાં મોટી નુકસાન દશા છે. સમજાણું કાંઈ? આ બધા તમારા પૈસા મળે, બાયડી, છોકરા... આહાહા..! ધૂળેય નથી

હવે. એ તો પરચીજ છે. એ તારી કે દિ' હતી?

મુમુક્ષુ :- થોડા વખત માટે તો છે ને?

ઉત્તર :- થોડા વખત માટે શું એક સમયમાત્ર નથી. પુણ્યના ફળના પ્રેમીઓને પુણ્યના ભાવનો પ્રેમ છે. શું કીધું? જેને પુણ્યફળમાં પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, શરીર એના ફળમાં પ્રેમ છે એનું કારણ એવા શુભભાવમાં પ્રેમ છે. એને સંસારમાં પ્રેમ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ (માર્ગ)...

મુમુક્ષુ :- પૈસા હોય એ વેડફી નાખે.

ઉત્તર :- કોણ વેડફે? એ જવાના હોય તો જાય, રહેવાના હોય તો રહે. શેઠ! પૈસા નાખી દેવા કહે છે. નાખી કોણ દે? એ પરનું જાવું એ પોતાના અધિકારમાં છે? એની ક્રિયાવતી શક્તિથી લક્ષ્મી જાય છે તો એને કારણે જાય છે. આત્મા એમ માને કે હું દઈ શકું છું તો એ મિથ્યાત્વ છે. આવી વાત છે. આહાહા..! જડના પરમાણુ, એની પર્યાય હું પરને દઉં છું. શું દઈ શકે? વિકલ્પ કરે છે. પણ એ દઈ શકવાની ક્રિયા તારી છે? મેં આટલા પૈસા દીધા. ૫૦ આપ્યા, ૧૦૦ આપ્યા, ૫ હજાર આપ્યા. કહો સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારથી દે.

ઉત્તર :- શું વ્યવહારથી ? બોલવામાં છે. અમારું 'ગ્વાલિયર'. 'ગ્વાલિયર' શેઠનું ક્યાંથી થઈ ગયું?

મુમુક્ષુ :- આપ અમારા ગુરુ નથી? આપ અમારા ગુરુ છો.

ઉત્તર :- એ વ્યવહારથી કહેવામાં આવે છે, નિશ્ચય સમજે તો. અહીં વસ્તુમાં ગુરુ-શિષ્ય ક્યાં છે? આહાહા..! દિવ્યધ્વનિ દ્વારા પણ આત્મા જણાતો નથી. ત્રણલોકના નાથ સર્વજ્ઞની દિવ્યધ્વનિ અને મુનિઓના શાસ્ત્રોના અર્થો, એ સાંભળીને આત્મા જણાતો નથી. એ તો પહેલા આવી ગયું છે. આહાહા..! પહેલા આવી ગયું છે આમાં- 'પરમાત્મપ્રકાશ'.

અહીંયા તો કહે છે.. આહાહા..! છે ને? '**અશુભ કર્મ કુશીલ છે (-ખરાબ છે) અને શુભ કર્મ સુશીલ છે (-સારું છે) એમ તમે જાણો છો! તે સુશીલ કેમ હોય કે જે (જીવને) સંસારમાં પ્રવેશ કરાવે છે?**' આહાહા..! હોય છે. જ્ઞાનીને પણ શુભભાવ આવે છે, હોય છે. પણ એને ભલો કેમ કહીએ? હવે જેને ભલો ન કહીએ એનાથી નિશ્ચય થાય, એમ કેમ બને? આહાહા..!

મુમુક્ષુ :- ... શુભ કહેવો અને કોને ધર્મ...

ઉત્તર :- શુભ એ શુભ જ નથી અશુભ છે.

ખરેખર તો ભગવાનઆત્મા... પુણ્ય-પાપ અધિકારમાં આવી ગયું છે કે પોતાના શુદ્ધ સ્વરૂપની અંતર નિર્મળ દૃષ્ટિ, નિર્મળ જ્ઞાન એ મોક્ષમાર્ગને જ અમે શુભ કહીએ છીએ. પુણ્ય-પાપ અધિકારમાં આવી ગયું છે. સમજાણું કાંઈ? શુભ તો અમે એને કહીએ છીએ કે જેનાથી નિર્જરા અને સંવર થાય છે, એ ભાવને શુભ કહીએ છીએ. શુદ્ધને જ શુભ

કહીએ છીએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પુણ્ય અને પાપ ...

ઉત્તર :- અહીં તો પુણ્યને પાપ કહે છે. 'પાપ કો પાપ સબ કહે પણ અનુભવી જન પુણ્ય કો પાપ કહે.' 'યોગસાર'માં આવે છે. અરે..! લોકોને પુણ્યનો રસ એટલો બધો અને પ્રભુનો રસ નથી. આહાહા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, શુદ્ધ ચૈતન્યઘન પવિત્ર પરમાત્મા સાક્ષાત્ પ્રભુ છે. એનો પ્રેમ છોડીને પુણ્યના પ્રેમમાં રહે એને સ્વભાવ ઉપર દ્વેષ છે. આહાહા..! ક્ષણિક શુભભાવના પ્રેમીલા છે તેને ત્રિકાળી ભગવાન પ્રત્યે અરુચિ અને દ્વેષ છે. એય..! 'ધન્નાલાલજી'! આ બધા શેઠિયાઓ પૈસાદાર થઈ જાય તો જાણે આમ અમે મોટા થઈ ગયા અને વધી ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ આપે અને કોણ લે?

મુમુક્ષુ :- રોજ ..

ઉત્તર :- આવ્યા. હજી બહેનને વધાવશે તે દિ' તો લોકોમાં ખળભળાટ થઈ જશે. એક જણા ચાર હજાર રૂપિયા, 'પન્નાલાલ'ના બેન. મોતી. મોતીએ વધાવશે. એક જણો અગિયાર હજાર રૂપિયાના હીરાએ વધાવશે. એવું સાંભળ્યું છે. બીજા વળી કોઈ પાંચ હજારે વધાવવાના છે. વીસ હજાર રૂપિયાના તો તે દિ' વધાવવાના છે. બીજને દિવસે. પણ એમાં વીસ હજાર શું? કરોડની ક્યાં કિંમત છે? ધૂળમાં છે શું?

આ તો બહેન જેવાનો જન્મદિવસ છે એટલે ધર્મરત્ન માતા છે. અહીં તો બહેન કહીએ, દીકરી કહીએ, મા કહીએ બધું એ છે અમારે તો. એમનો દિવસ છે એટલે લોકો તો... એમને ક્યાં પડી છે કાંઈ? એ તો મડદાની જેમ ઊભા હોય. અહીં તો પૈસા દેનારા છે એટલું કહેવું છે. એ પૈસા દેવામાં શુભભાવ હોય છે. બસ. પૈસા દઈ શકે, લઈ શકે એ આત્માની ક્રિયા નથી. સમજાણું કાંઈ?

એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે કે જે દેવા-લેવાની ક્રિયા થાય છે એ નહિ પણ એને અનુસાર જે શુભભાવ થાય છે એ એનો છે. એનું નામ એની પર્યાયમાં છે. એમ. એટલું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. સમજાણું કાંઈ? દેવા-લેવાની ક્રિયાનો એ કર્તા નથી. સમજાણું કાંઈ? એમાં ગ્રહણ-ત્યાગનો જે શુભભાવ થયો, એ શુભ એનું. પણ એમાં તો ત્યાં સુધી કહ્યું છે કે શુભ એ મારું છે એવું મમત્વ કરવું, મમત્વ કરવું એટલે એ મારું છે. લક્ષ્મી દેવા-લેવાની મમતા ન કરવી, એ પરની ક્રિયા છે. એમાં લખ્યું છે કે શુભભાવ એ મમતા કરવી, મારું છે. મમતાનો અર્થ ત્યાં કર્યો છે. મારું છે, મારી પર્યાયમાં મારાથી થયું છે. મમતા કરવી એવો પાઠ છે. કઈ અપેક્ષાએ વાત છે?

'ટોડરમલે' તો ગજબ કામ કર્યા છે. એકે એક વાતનું સ્પષ્ટીકરણ. ઓહોહો..! એ વાતને માનતા નથી. હવે 'લલીતપુર'માં પંડિતોએ એકઠા થઈને એની નિંદા કરી, 'ટોડરમલ' અને 'બનારસીદાસ' અધ્યાત્મની ભાંગ પીને નાચી રહ્યા હતા. અર..ર..ર..!

અરે..! પ્રભુ! એમ ન કહેવાય, ભાઈ! એ ન શોભે, પ્રભુ! 'સોનગઢ'નો અનાદર કરવા માટે, એનો અનાદર કરીએ તો આનો અનાદર થાય. અરે..! પ્રભુ! એમ રહેવા દે, ભાઈ! 'ટોડરમલ' અને 'બનારસીદાસ'.. આવ્યું હતું, છાપામાં આવ્યું હતું, અધ્યાત્મની ભાંગ પીને નાચતા હતા, એમ 'સોનગઢ'વાળા અધ્યાત્મની ભાંગ પીને નાચે છે એમ કહેવું હતું. અરે..! ભગવાન! પ્રભુ! એમ ન શોભે, એમ ન બોલાય. એવી વાત ન કરાય. ભગવાનઆત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :- મૂળ વાતની ખબર ન હોય એટલે શું થાય.

ઉત્તર :- એટલે શું થાય? આહાહા..! એથી એ વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવા જેવો નથી. વ્યક્તિ પ્રત્યે તો પ્રેમ જોઈએ. આત્મા છે.

મુમુક્ષુ :- ... રાગ હતો. દ્વેષ નહિ, એમને ... રાગ છે.

ઉત્તર :- દ્વેષ ન હોય. વેર વિરોધી કોઈ જીવ વેરમાં છે ક્યાં? પોતાનો વિકારભાવ વેર છે, અનિષ્ટ છે અને નિર્વિકાર ભાવ એ ઈષ્ટ છે.

'પ્રવચનસાર'માં લીધું છે. 'પ્રવચનસાર'માં પહેલા અધિકારમાં. અનિષ્ટ અને ઈષ્ટની વ્યાખ્યા કરી છે 'કુંદકુંદાચાર્યે'. અનિષ્ટ કોણ? કોઈ પર ચીજ નથી. વિકારભાવ એ અનિષ્ટ છે. એ અનિષ્ટ ભાવને છોડીને પરમાત્માએ ઈષ્ટ ભાવ પ્રાપ્ત કર્યો. ઈષ્ટ એટલે શુદ્ધ પરિણતિ તે ઈષ્ટ છે. સમજાણું કાંઈ? આહાહા..! વ્યાખ્યા જ જુદી બધી. વીતરાગ માર્ગ છે. વીતરાગના સંતોની વાત છે આ. દિગંબર સંતો એટલે... આહાહા..! કેવળજ્ઞાનના કેડાયતો વારસો મૂકી ગયા એવો... ઓહોહો..! જે સંભાળે એ એકાવતારી થઈ જાય એવી વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! એ આવ્યું. એ જ ગાથામાં છે, હોં!

'**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય...**' છે. જુઓ! એમાં છે. ૧૪૫ ગાથા. '**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય...**' જુઓ! જીવમય એટલે શુદ્ધ પરિણતિ જે વીતરાગી છે એ જીવમય છે, એને શુભ કહીએ, એને મોક્ષમાર્ગ કહીએ. એનો અર્થ પણ ભૂલ કરીને બીજા કરે છે. એમ કે શુભ એવો મોક્ષમાર્ગ વ્યવહાર એ જીવમયી છે. એમ કરે છે. 'ફુલચંદજી'. ખબર છે. એમ નથી. ૧૪૫માં છે. આહાહા..! '**બંધમાર્ગ તો કેવળ પુદ્‌ગલમય હોવાથી...**' જૂઠો છે. આહાહા..! એ પુણ્ય અને પાપના બેય ભાવ પુદ્‌ગલના, બંધના કારણ છે. માટે એ જૂઠો માર્ગ, માર્ગ જ નથી. આહાહા..! શુભ તો એને કહીએ, પરમાત્મા સંતો એમ કહે છે... આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' અનંત સંતો શુભ તો એને કહીએ, શુભ, અંતરના વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિને શુભ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! સંસ્કૃત છે. 'અમૃતચંદ્રાચાર્ય'નો પાઠ છે.

અમારે પંડિતજીએ શુભનો અર્થ પછી ત્યાં કરી નાખ્યો, સારો. કોઈ વળી એમ કહે કે શુભ એટલે પુણ્ય. પુણ્યનો તો અહીં નિષેધ કર્યો. સંસારમાં દાખલ કરે એને સારો કેમ કહીએ? તો પછી અહીં સારો કોને કહ્યો? શુભ કોને કહ્યો? સંસારથી રહિત મોક્ષમાર્ગની

પરિણતિને શુભ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શુદ્ધ પરિણતિ, શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ચારિત્રનો અંશ, એને અહીં શુભ કહેવામાં આવે છે. શુભ અને અશુભ બેય ભાવને અશુભ કહેવામાં આવે છે. 'યોગીન્દ્રદેવ' તો 'યોગસાર'માં કહે છે કે પુણ્યને પાપ કહીએ. પણ આ શું કહ્યું? 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' આ પોકારે છે. આહાહા..!

અરે..! આત્માની કોને પડી છે, બાપુ! એ આત્મા ક્યાં જશે? આહાહા..! એ કાંઈ હમણા ... ચાલતું હતું બહુ. આમથી આમ થાતું હતું. અરે..રે..! આને કીધું કાંઈ ખબર છે? જીવાત હતી કોઈ. આમ આમ કર્યા કરે. વેગમાં ને વેગમાં. .. લાગે છે. આ .. જીવડું નાનું. કાંઈ ખબર નહિ બિચારાને. આહાહા..! હવે ક્યારે એ મનુષ્ય થાય? ક્યારે જૈનકુળમાં અવતાર થાય? અને ક્યારે જૈનની સાચી વાત સાંભળવા મળે? બાપુ! એનો વિચાર કરે તો દુર્લભ છે, ભાઈ! આ પૈસા મળવા અને રાજપણું મળવું, દેવપણું મળવું એ દુર્લભ નથી. એ તો અનાદિથી મળી રહ્યું છે, એ સુલભ છે. આહાહા..! સમજાણું કાંઈ? દુર્લભ તો એક ભગવાનઆત્મા, એના પૂર્ણાનંદના નાથની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થવી એ દુર્લભ છે. આહાહા..! દુર્લભ છે તેને સુલભ કરી નાખવું. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

જુઓ! અહીં શુભ કીધું, જુઓ! ૧૪૫ ગાથામાં. પહેલી જ ગાથામાં છે. આ ... પાઠમાં છે એમ, હોં! જુઓ! **'शुभाशुभौ मोक्षबन्धमार्गो तु प्रत्येकं केवलजीवपुद्गल-मयत्वादनेकौ, तदनेकत्वे सत्यपि'** લ્યો! આહાહા..! **'शुभाशुभौ'** છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- **'शुभाशुभौ या फलपाकः केवलपुद्गलमयत्वादेकः, तदेकत्वे सत्यनुभावाभेदादेकं कर्म। शुभाशुभौ मोक्षबन्धमार्गो'** ત્યાં ગોટો વાળ્યો છે. શુભ કીધું ને પહેલું? શુભ મોક્ષમાર્ગ એટલે શુભનો વ્યવહાર મોક્ષમાર્ગ એમ. એમ નથી. એ શુભ મોક્ષમાર્ગ, અશુભ બંધમાર્ગ. એટલું લીટીમાં આવ્યું છે. **'शुभाशुभौ मोक्षबन्धमार्गो'** બસ, એટલો સંસ્કૃત શબ્દ છે. **'शुभाशुभौ मोक्षबन्धमार्गो'** શુભ તે મોક્ષમાર્ગ અને અશુભ તે બંધમાર્ગ. આહાહા..! એ શુભ પરિણામ પણ અશુભ અને બંધમાર્ગ. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ શુભભાવ, એ અશુભભાવ બંધનું કારણ. આહાહા..! એ વીતરાગી માર્ગમાં એવું છે. સમજાણું કાંઈ? આટલા ટુકડામાં છે, લ્યો!

શુભ એટલે એનો અર્થ એમ કરે ને ભાઈ, આ શુભ એટલે શુભ મોક્ષમાર્ગ વ્યવહાર, એમ. અને અશુભ એટલે... એમ કરે. એમ નથી. આ છે. **'शुभो मोक्ष अशुभौ बन्ध'** બસ. મોક્ષમાર્ગને શુભ કહીએ, બંધમાર્ગને અશુભ કહીએ. આહાહા..! ૧૪૫ ગાથા. સંસ્કૃત ટીકા. મધ્યસ્થ થઈને વાંચવું જોઈએ. પોતાની દૃષ્ટિ રાખીને નહિ. શાસ્ત્રની શું દૃષ્ટિ છે એમ લેવું જોઈએ. સમજાણું કાંઈ? 'યોગીન્દ્રદેવે' કહ્યું, પાપને પાપ તો સૌ કહે છે, અમે તો

પુણ્યને પાપ કહીએ છીએ. 'અમૃતચંદ્રાચાર્યે' અહીંયાં આ કહ્યું અને ત્યાં પુણ્ય-પાપના છેલ્લા અધિકારમાં, છેલ્લો અધિકાર છે ને? વ્યવહાર રત્નત્રયને તો અમે પાપ જ કહીએ છીએ. આ છે ને? સંસ્કૃત નથી આમાં? સંસ્કૃત નથી એમાં? 'જયસેનાચાર્ય'ની ટીકા આમાં નથી. આહાહા..! આપણે તો આ લેવું છે.

**'વીતરાગ ચારિત્રકે અનુકૂલ જો શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ સમ્યક્ત્વ હૈ, વહી ધ્યાવને યોગ્ય હૈ, ઐસા અભિપ્રાય હુઆ. ઐસા હી કથન શ્રી કુંદકુંદાચાર્યને મોક્ષપાહુડ ગ્રંથમેં (૧૪ ગાથા) નિશ્ચયસમ્યક્ત્વકે લક્ષણમેં કિયા હૈ.'** જુઓ! ગાથા છે, હોં! અંદર છે.

**सद्दव्वरओ सवणो सम्मादिट्ठी हवेइ णियमेण।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माइं।।१४।।**

આહાહા..! **'આત્મસ્વરૂપમેં મગ્ન...'** જુઓ! **'सद्दव्वरओ'** સ્વદ્રવ્ય આનંદનો નાથ પ્રભુ તેમાં **'रओ'** એટલે લીન છે તે મોક્ષને પામે છે. છે? **'सद्दव्वरओ सवणो सम्मादिट्ठी'** એ શ્રમણને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહાહા..! જેમાં અનેરા દ્રવ્યની ભેળસેળ નથી. એકલો **'सद्दव्वरओ'** ચિદાનંદનો નાથ પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા **'सद्दव्वरओ'** સ્વદ્રવ્ય **'रओ'**. એમાં લીન છે તેને સમ્યગ્દૃષ્ટિ કહીએ. પરદ્રવ્યમાં લીન છે તેને મિથ્યાદૃષ્ટિ કહીએ. એ પછીની ગાથામાં આવશે. ટીકામાં આવશે પછીની ગાથામાં. આ ગાથામાં આ આવ્યું.

**'सद्दव्वरओ' 'આત્મસ્વરૂપમેં મગ્ન...'** આ એનો અર્થ કર્યો. શબ્દ તો એટલો છે કે **'सद्दव्वरओ'** સત્‌દ્રવ્ય જે પોતાનો જ્ઞાયકભાવ ચિદાનંદ ધ્રુવ, એમાં જે લીન છે, એ તરફ મગ્ન છે, એ તરફનો આશ્રય છે તેને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? આચાર્યે ટીકા... એ 'મોક્ષપાહુડ'ની ગાથા-૧૪મી છે. ૧૪મી ગાથા છે. ૧૩મી આવે છે. ઘણું પ્રભુ!

તારું ચૈતન્યદ્રવ્ય જે ભગવાન વિકાર વિનાની ચીજ તારી છે, એમાં લીન થવું એ જ મોક્ષનો માર્ગ છે અને એ સમકિતી છે, એમ કહે છે. સ્વદ્રવ્યમાં લીન એ સમકિતી છે અને પરદ્રવ્યમાં લીન એ મિથ્યાદૃષ્ટિ છે. એ પછીની ગાથામાં સંસ્કૃતમાં આવશે. પરદ્રવ્યમાં અર્થાત્ શુભરાગમાં પણ પ્રીતિ અને રુચિવાળા છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે. લોકોને એવું લાગે. આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... ભગવાન! નિશ્ચય એટલે પરમ સત્ય. વ્યવહાર એટલે તો ઉપચાર છે, પ્રભુ! વ્યવહારના કથન એ બધા ઔપચારિક છે. પણ કોને? જેને નિશ્ચય અનુપચાર પ્રગટ્યો છે એને ઉપચારથી વ્યવહારને કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- પહેલા નિશ્ચયના કથન આપ કરો છો એ એકાંત છે...

ઉત્તર :- હા, એ જ કહે છે. સમ્યક્ એકાંત એ જ ધર્મ છે. સમ્યક્ એકાંત વિના અનેકાંતનું યથાર્થ જ્ઞાન થતું નથી.

મુમુક્ષુ :- વ્યવહાર...

ઉત્તર :- વ્યવહાર છે એટલું જાણવું એનુ નામ અનેકાંત. વ્યવહાર છે એ જાણવું એ અનેકાંત. પણ વ્યવહારથી થાય એ અનેકાંત નથી, એકાંત થઈ ગયું. આહાહા..! નિમિત્ત છે. એમ જાણવું એ અનેકાંત છે. પણ નિમિત્તથી પરદ્રવ્યથી પરદ્રવ્યમાં કાર્ય થાય છે, એ એકાંત છે.

મુમુક્ષુ :- આ તો ...

ઉત્તર :- આજે કહ્યું છે. પહેલેથી અમે તો આ જ કહેતા આવીએ છીએ.

આચાર્યે કહ્યું નહિ? '**વવહારોऽभूदत्थो**' કહ્યું? એ તો આચાર્યે કહ્યું. વ્યવહાર અભૂતાર્થ છે. એનો અર્થ? ત્રિકાળની અપેક્ષાએ ગૌણ કરીને અભૂતાર્થ કહ્યું. પર્યાય અપેક્ષાએ પર્યાય છે. પર્યાયની અપેક્ષાએ ભૂતાર્થ છે. છે એટલું, હોં! એનો આશ્રય કરવો એ પ્રશ્ન નથી. વ્યવહાર છે. મુનિને પણ વ્યવહાર આવે છે. છે તો ખરો ને. પણ એનાથી નિશ્ચય થાય છે એમ નથી. એ કહ્યું, જુઓ!

'**આત્મસ્વરૂપમેં મગ્ન હુઆ જો યતિ વહ નિશ્ચયકર સમ્યગ્દષ્ટિ હોતા હૈ,...**' છે? આહાહા..! એ તો 'મોક્ષપાહુડ'ની ગાથા છે. '**ફિર વહ સમ્યગ્દષ્ટિ સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' આહાહા..! પોતાના શુદ્ધ સમ્યક્ત્વની દૃષ્ટિ જ્યાં થઈ, પછી સમકિત શુદ્ધપણે સ્વભાવનું પરિણમન કરતા કરતા '**કર્મોંકો ક્ષય કરતા હૈ.**' આ કર્મોને ક્ષય કરે છે. વ્યવહારથી થાય છે એમ નથી. એમ કહે છે. શુદ્ધ સ્વભાવના સમ્યગ્દર્શનથી પરિણત થઈ વિશેષ-વિશેષ પરિણત થઈ સમ્યગ્દર્શનમાં કર્મનો ક્ષય કરે છે. કર્મના ક્ષયનો આ ઉપાય છે. બીજો કોઈ અપવાસ-બપવાસ એ કર્મના ક્ષયનો ઉપાય નથી. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अत ऊर्ध्वं मिथ्यादृष्टिलक्षणकथनमुख्यत्वेन सूत्राष्टकं कथ्यते तद्यथा–**

**૭૭) पज्जय–रत्तउ जीवडउ मिच्छादिट्ठि हवेइ।**
**बंधउ बहु–विह–कम्मडा जें संसारु भमेइ।।७७।।**

**पर्यायरक्तो जीवः मिथ्यादृष्टिः भवति।**
**बध्नाति बहुविधकर्माणि येन संसारं भ्रमति।।७७।।**

**पज्जयरत्तउ जीवडउ मिच्छादिट्ठि हवेइ पर्यायरक्तो जीवो मिथ्यादृष्टिर्भवति परमात्मानुभूति–रुचिप्रतिपक्षभूताभिनिवेशरूपा व्यावहारिकमूढत्रयादिपञ्चविंशतिमलान्त–र्भाविनी मिथ्या वितथा व्यलीका च सा दृष्टिरभिप्रायो रुचिः प्रत्ययः श्रद्धानं यस्य स भवति मिथ्यादृष्टिः। स च किंविशिष्टः। नरनारकादिविभावपर्यायरतः। तस्य मिथ्यापरिणामस्य फलं कथ्यते। बंधइ बहुविहकम्मडा जें संसारु भमेइ बध्नाति बहुविधकर्माणि यैः संसारं भ्रमति, येन मिथ्यात्वपरिणामेन शुद्धात्मोपलब्धेः प्रतिपक्षभूतानि बहुविधकर्माणि बध्नाति तैश्च**

कर्मभिर्द्रव्यक्षेत्रकालभवभावरूपं पञ्चप्रकारं संसारं परिभ्रमतीति। तथा चोक्तं मोक्षप्राभृते निश्चयमिथ्यादृष्टिलक्षणम्–'जो पुणु परदव्वरओ मिच्छादिट्ठी हवेइ सो साहू। मिच्छत्तपरिणदो उण बज्झदि दुट्ठट्ठकम्मेहिं।।' पुनश्चोक्तं तैरेव–'जे पज्जएसु णिरदा जीवा परसमइग त्ति णिद्दिट्ठा। आदसहावम्मि ठिदा ते सगसमया मुणेयव्वा।।' अत्र स्वसंवित्तिरूपाद्वीतरागसम्यक्त्वात् प्रतिपक्षभूतं मिथ्यात्वं हेयमिति भावार्थः।।७७।।

इसके बाद मिथ्यादृष्टिके लक्षणके कथनकी मुख्यतासे आठ दोहा कहते हैं –

गाथा – ७७

अन्वयार्थ :– [ पर्यायरक्तः जीवः ] शरीर आदि पर्यायमें लीन रहता हुआ जो अज्ञानी जीव है, वह [ मिथ्यादृष्टिः ] मिथ्यादृष्टि [ भवति ] होता है, और फिर वह [ बहुविधकर्माणि ] अनेक प्रकारके कर्मोंको [ बध्नाति ] बाँधता है, [ येन ] जिनसे कि [ संसारं ] संसारमें [ भ्रमति ] भ्रमण करता है।

भावार्थ :– परमात्माकी अनुभूतिरूप श्रद्धासे विमुख जो आठ मद, आठ मल, छह अनायतन, तीन मूढता, इन पच्चीस दोषोंकर सहित अतत्त्वश्रद्धानरूप मिथ्यात्व परिणाम जिसके हैं, वह मिथ्यादृष्टि कहलाता है। वह मिथ्यादृष्टि नर नारकादि विभाव–पर्यायोंमें लीन रहता है। उस मिथ्यात्व परिणामसे शुद्धात्माके अनुभवसे पराङ्मुख अनेक तरहके कर्मोंको बाँधता है, जिनसे कि द्रव्य, क्षेत्र, काल, भव, भावरूपी पाँच प्रकारके संसारमें भटकता है। ऐसा कोई शरीर नहीं, जो इसने न धारण किया हो, ऐसा कोई क्षेत्र नहीं है, कि जहाँ उपजा न हो, और मरण किया हो, ऐसा कोई काल नहीं है, कि जिसमें इसने जन्म–मरण न किये हों, ऐसा कोई भव नहीं, जो इसने पाया न हो, और ऐसे अशुद्ध भाव नहीं हैं, जो इसके न हुए हों। इस तरह अनंत परावर्तन इसने किये हैं। ऐसा ही कथन मोक्षपाहुड़में निश्चय मिथ्यादृष्टिके लक्षणमें श्रीकुंदकुंदाचार्यने कहा है–'जो पुण' इत्यादि। इसका अर्थ यह है कि जो अज्ञानी जीव द्रव्यकर्म, भावकर्म, नोकर्मरूप परद्रव्यमें लीन हो रहे हैं, वे साधुके व्रत धारण करने पर भी मिथ्यादृष्टि ही हैं, सम्यग्दृष्टि नहीं और मिथ्यात्वकर परिणमते दुःख देनेवाले आठ कर्मोंको बाँधते हैं। फिर भी आचार्यने मोक्षपाहुडमें कहा है–'जे पज्जयेसु' इत्यादि। उसका अर्थ यह है, कि जो नर नारकादि पर्यायोंमें मग्न हो रहे हैं, वे जीव परपर्यायमें रत मिथ्यादृष्टि हैं, ऐसा भगवान्ने कहा है, और जो उपयोग लक्षणरूप निजभावमें लिप्त रहे है वे स्वसमयरूप सम्यग्दृष्टि है, ऐसा जानो। सारांश यह है, कि जो परपर्यायमें रत हैं, वे तो परसमय (मिथ्यादृष्टि) हैं और जो आत्म–स्वभावमें लगे हुए हैं, वे स्वसमय (सम्यग्दृष्टि) हैं, मिथ्यादृष्टि नहीं है। यहाँ पर आत्मज्ञानरूपी वीतराग सम्यक्त्वसे पराङ्मुख जो मिथ्यात्व है, वह त्यागने योग्य है।।७७।।

**ત્યાર પછી મિથ્યાદષ્ટિના લક્ષણના કથનની મુખ્યતાથી આઠ દોહાસૂત્રો કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :**

**ભાવાર્થ : નરનારકાદિ વિભાવપર્યાયમાં રત થયેલો જીવ મિથ્યાદષ્ટિ હોય છે- પરમાત્માની અનુભૂતિની રુચિથી પ્રતિપક્ષભૂત, અભિનિવેશરૂપ એવી, વ્યાવહારિક ત્રણ મૂઢતા, આઠ મદ, આઠ મલ, છ અનાયતન એ પચ્ચીસ દોષો જેમાં સમાય છે એવી મિથ્યા વિતથ (ખોટી) વ્યલીક (બનાવટી) દષ્ટિ-અભિપ્રાય, રુચિ, પ્રત્યય, શ્રદ્ધાન-જેને છે તે મિથ્યાદષ્ટિ હોય છે.**

**તેના મિથ્યા પરિણામનું ફળ કહે છે : તે અનેક પ્રકારનાં કર્મો બાંધે છે કે જેથી સંસારમાં પરિભ્રમણ કરે છે-જે મિથ્યાત્વપરિણામથી શુદ્ધાત્મોપલબ્ધિથી પ્રતિપક્ષભૂત બહુવિધ કર્મો બાંધે છે, તે જ કર્મોથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ પાંચ પ્રકારના સંસારમાં ભમે છે. (શ્રી કુંદકુંદાચાર્યદેવકૃત) મોક્ષપ્રાભૃત (ગાથા ૧૫)માં નિશ્ચયમિથ્યાદષ્ટિનું લક્ષણ પણ કહ્યું છે કે : 'जो पुणु परदव्वरओ मिच्छादिट्ठी हवेइ सो साहू। मिच्छत्तपरिणदो उण बज्झदि दुट्ठट्ठकम्मेहिं।।' (અર્થ : વળી જે પરદ્રવ્યમાં રત છે તે સાધુ મિથ્યાદષ્ટિ હોય છે, મિથ્યાત્વરૂપે પરિણમેલો તે દુષ્ટ આઠ કર્મને બાંધે છે.) વળી તેઓએ પણ કહ્યું છે કે (પ્રવચનસાર ૨-૯૪) 'जे पज्जएसु णिरदा जीवा परसमइग त्ति णिद्दिट्ठा। आदसहावम्मि ठिदा ते सगसमया मुणेयव्वा।।' (અર્થ : જે જીવો પર્યાયોમાં લીન છે તેમને પરસમય કહેવામાં આવે છે, જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવા.)**

**અહીં, સ્વસંવિત્તિરૂપ વીતરાગસમ્યક્ત્વથી પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ હેય છે, એવો ભાવાર્થ છે. ૭૭.**

---

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૧, મંગળવાર
## તા. ૧૦-૦૮-૧૯૭૬, ગાથા-૭૭, પ્રવચન નં. ૫૮

'પરમાત્મપ્રકાશ'. ૭૭-ગાથા છે. ૭૬ ગાથામાં છેલ્લે એ આવ્યું ને કે '**સમ્યગ્દષ્ટિ સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ દુષ્ટ આઠ કર્મોંકા ક્ષય કરતા હૈ.**' પોતાનું શુદ્ધ ચૈતન્ય આઠ કર્મથી રહિત અને પુણ્ય-પાપના ભાવના દોષથી રહિત અને જ્ઞાનવિગ્રહં-જ્ઞાનસ્વભાવ જેનું શરીર છે અથવા જ્ઞાન જેનું સ્વરૂપ છે. આત્માનું શરીર જ્ઞાન છે. એવા પોતાના આત્માની સન્મુખ થઈને અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. '**સમ્યગ્દષ્ટિ સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' એ પૂર્ણાનંદના નાથની પ્રતીતિ અને જ્ઞાનમાં રમણતા કરતો થકો '**આઠ કર્મોંકા ક્ષય કરતા હૈ.**' આટલા અપવાસ કરે અને આટલી તપસ્યા કરે અને કર્મ ઘટે

એ વાત અહીંયાં નથી લીધી. સમજાણું કાંઈ? તપસ્યા જે એને કહે છે, ભગવાન આનંદસ્વરૂપમાં.. સોનાને જેમ ગેરુ લગાડતા સોનું ઓપે છે-શોભે છે, એમ ભગવાનઆત્મા ચિદાનંદ સ્વભાવના ઉગ્ર પુરુષાર્થ દ્વારા શુદ્ધ પરિણતિ જે પ્રગટ કરે છે એનું નામ તપસ્યા છે. આહાહા..! એ અહીં કહ્યું ને? '**સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' અર્થાત્ પૂર્ણ સ્વરૂપ... એ 'મોક્ષપ્રાભૃત'માં છે.

વ્યાખ્યાન સાંભળવામાં પણ વિનય જોઈએ. આ તો વીતરાગની વાણી છે, ભાઈ! સમજાય છે? આહાહા..! એમાં કકળાટ ન હોવો જોઈએ. બીજી બાજુના વિચાર ન હોવા જોઈએ. પરમાત્મા ત્રણલોકના નાથ સર્વજ્ઞની આ વાણી છે. આહાહા..! ઈન્દ્રો પણ જ્યાં એકાવતારી જેને આમ નીચે પગ રાખીને આમ હાથ જોડીને સાંભળે. પગ ઉપર પગ રાખીને સાંભળે નહિ. એ અવિનય છે. પગ આમ રાખે ને? પગ ઉપર પગ રાખે એ અવિનય છે. સમજાણું કાંઈ? આહાહા..! ઈન્દ્રો અને ગણધરો પણ પોતાના પગ નીચે રાખીને સાંભળતા હતા. એ વિનયથી (સાંભળે છે). આ તો વાણી (છે), ભાઈ! આ કાંઈ કથા-વાર્તા નથી.

અહીં કહે છે કે આ શું અધિકાર ચાલે છે? ભગવાન પૂર્ણ સ્વરૂપ પોતાનું સ્વદ્રવ્ય, એની વ્યાખ્યા 'મોક્ષપાહુડ'માં કરી છે. '**सद्दव्व**' પોતાનું સ્વદ્રવ્ય કેવું છે? છે, એમાં છે. આ '**सद्दव्वरओ**' આવ્યું છે ને? '**सद्दव्वरओ**' મોક્ષપ્રાભૃત. ૧૮મી ગાથા છે. 'મોક્ષપ્રાભૃત' ગાથા-૧૮. '**दुट्ठट्ठकम्मरहियं**' દુષ્ટ આઠ કર્મથી રહિત ભગવાન સ્વદ્રવ્ય આત્મા છે. અત્યારે, હોં! અત્યારે. '**दुट्ठट्ठकम्मरहियं अणोवमं**' જે સ્વદ્રવ્યની કોઈ ઉપમા નથી. સમજાણું કાંઈ? '**णाणविग्गहं**' લ્યો! જુઓ! જ્ઞાનશરીર જેનું છે. આહાહા..! જેમ માંસ અને હાડકાનું જડનું શરીર છે. એમ ભગવાનઆત્માનું શરીર એટલે સ્વરૂપ... અહીં તો શરીર લીધું. '**णाणविग्गहं**' જ્ઞાન જેનું શરીર છે. આહાહા..! ચૈતન્ય પ્રતિબિંબ આખું સ્વરૂપ એનું છે. આહાહા...! '**णिच्चं**' અને જે નિત્ય છે. '**सुद्धं**' શુદ્ધ છે. '**जिणेहिं कहियं अप्पाणं हवदि सद्दव्वं**' જિનેશ્વરે એને સ્વદ્રવ્ય આત્મા કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! શબ્દ છે ને?

'**સંસારકે દુઃખ દેનેવાલે જ્ઞાનાવરણાદિક દુષ્ટ અષ્ટકર્મોંસે રહિત ઔર જિસકો કિસીકી ઉપમા નહીં ઐસા અનુપમ, જિસકો જ્ઞાન હી શરીર હૈ ઔર જિસકા નાશ નહીં હૈ ઐસા અવિનાશી નિત્ય...**' નિત્ય, હોં! '**શુદ્ધ અર્થાત્ વિકારરહિત કેવલજ્ઞાનમયી આત્મા જિન ભગવાન સર્વજ્ઞને કહા હૈ વહ હી સ્વદ્રવ્ય હૈ.**' સમજાણું કાંઈ? આ સ્વદ્રવ્ય આત્મા. એ અહીં કહ્યું ને?

'**સમ્યક્ત્વરૂપ પરિણમતા...**' એમ લીધું ને? સમ્યક્ત્વ દૃષ્ટિ, જેને એવા સ્વદ્રવ્યની દૃષ્ટિ થઈ છે, આવું સ્વદ્રવ્ય, હોં! આહાહા..! એ '**સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' જેવો

શક્તિરૂપ સ્વભાવ છે એવી પ્રતીતિ અને જ્ઞાનમાં પરિણમતો થકો, પર્યાયમાં એવું પરિણમન કરતો (થકો). આ વાત કાંઈ સાધારણ નથી. '**આઠ કર્મોંકો ક્ષય કરતા હૈ.**' લ્યો! એ ૭૬ ગાથા થઈ. હવે ૭૭. એનાથી વિરૂદ્ધ.

'**ઈસકે બાદ મિથ્યાદષ્ટિકે લક્ષણકે કથનકી મુખ્યતાસે આઠ દોહા કહતે હૈં-**' આઠ દોહા છે. ૭૭.

**૭૭) पज्जय-रत्तउ जीवडउ मिच्छादिट्ठि हवेइ।**
**बंधउ बहु-विह-कम्मडा जें संसारु भमेइ।।७७।।**

'**पर्यायरक्तः जीवः**' આહાહા..! પર્યાય શબ્દે પોતાની એક સમયની પર્યાય શરીર, રાગ આદિ બધું પર્યાયદૃષ્ટિનો વિષય છે. એમાં '**લીન રહતા હુઆ...**' આહાહા..! ત્રિકાળી જ્ઞાયકભાવને છોડીને એક સમયની અવસ્થા, રાગ અને નિમિત્ત એ બધી પર્યાયમાં રત છે. આહાહા..! એવો '**જો અજ્ઞાની જીવ હૈ, વહ મિથ્યાદષ્ટિ હોતા હૈ,...**' આહાહા..! ત્રિકાળી જે જ્ઞાયકભાવ સ્વદ્રવ્ય જે કહ્યો, એનાથી વિરૂદ્ધ એક સમયની પર્યાય શુભાશુભભાવ અને સંયોગી ત્રિલોકના નાથ આદિ પરદ્રવ્ય બધું. સમજાણું કાંઈ? એ '**પર્યાયમેં લીન રહતા હુઆ જો અજ્ઞાની જીવ હૈ, વહ મિથ્યાદષ્ટિ હોતા હૈ, ઔર ફિર વહ અનેક પ્રકારકે કર્મોંકો બાંધતા હૈ,...**' સમ્યગ્દૃષ્ટિ પરિણમતો થકો આઠ કર્મોનો નાશ કરે છે. તો મિથ્યાદૃષ્ટિ પરિણમતો થકો આઠ કર્મોને બાંધે છે. આ બે જ વાત લીધી છે. '**જિનસે કિ સંસારમેં ભ્રમણ કરતા હૈ.**'

**ભાવાર્થ :-** '**પરમાત્માકી...**' એટલે સ્વદ્રવ્યની '**અનુભૂતિરૂપ શ્રદ્ધાસે વિમુખ...**' આહાહા..! પોતાનો પરમાત્મા જે સ્વદ્રવ્ય કહ્યું, અનુપમ, નિત્ય, શુદ્ધ, જ્ઞાનશરીર... ઓહોહો..! અને જેની કોઈ ઉપમા ન થઈ શકે એવી ચીજ ભગવાન સ્વદ્રવ્ય (છે). એવા સ્વદ્રવ્યથી વિરૂદ્ધ મિથ્યાદૃષ્ટિ પોતાની દૃષ્ટિ કરીને અનેક પ્રકારના કર્મોને બાંધે છે. એ '**પરમાત્માકી અનુભૂતિરૂપ શ્રદ્ધાસે વિમુખ...**' આહાહા..! પરમાત્મા કોણ? પોતાનો નિજ આત્મા. પર પરમાત્મા તો પરમાં જાય છે-પરદ્રવ્યમાં જાય છે. આહાહા..!

પરમાત્મા એમ જ સીધો શબ્દ લીધો છે. આહાહા..! પરમ સ્વરૂપ ભગવાન સ્વદ્રવ્ય ધ્રુવ, નિત્ય, શુદ્ધ. '**जिणेहिं सद्दव्वं भणियं**' જિનેશ્વર ત્રિલોકનાથે એને સ્વદ્રવ્ય કહ્યું છે. આહાહા..! એનાથી વિરૂદ્ધ સચિત-અચિત મિશ્ર એ પણ ત્યાં લીધું છે, હોં! પરદ્રવ્ય કોને કહીએ? સમજાણું કાંઈ? સ્વદ્રવ્યની વ્યાખ્યા થઈ ને? અહીં પરદ્રવ્યની-સ્વદ્રવ્યની વ્યાખ્યા છે. ૧૭ ગાથા. '**आदसहावादण्णं**' ભગવાન સ્વદ્રવ્ય જે એવી ચીજ કહી, એનાથી અન્ય. '**सच्चित्ताचित्तमिस्सियं हवदि**' સચિત નિગોદનો જીવ, સચિત સિદ્ધના જીવ, સચિત પરમેશ્વરનો જીવ, એ નિજ દ્રવ્યથી ભિન્ન છે. સમજાણું કાંઈ? સચેત-અચેત શરીરાદિ. મિશ્રિત-શરીર સહિત આત્મા એ મિશ્રિત. '**યે સબ પરદ્રવ્ય હૈં,...**' આહાહા..! સચેત

સર્વજ્ઞ પરમેશ્વર, વીતરાગ પરમેશ્વર અરે..! પંચ પરમેષ્ઠી. સચેત એ ભગવાન સ્વદ્રવ્યથી અન્ય દ્રવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- પરમેષ્ઠી કહેવાય છે ને?

ઉત્તર :- પરમેષ્ઠી તો વ્યવહારથી છે. પોતાની અપેક્ષાએ, એની અપેક્ષાએ નિશ્ચય છે. આહાહા..!

મુમુક્ષુ :- પરમ ઈષ્ટ છે.

ઉત્તર :- પરમ ઈષ્ટ વ્યવહારથી છે. પરમઈષ્ટ તો પોતાનો ભગવાનઆત્મા છે. એ તો કહ્યું ને, જુઓને! પરમાત્મા શબ્દ પડ્યો છે ને. અહીં એ કહ્યું.

'**सच्चित्ताचित्तमिस्सियं हवदि। तं परदव्वं भणियं अवितत्थं सव्वदरिसीहिं।।**' સર્વદર્શી જિનેશ્વરદેવ પરમાત્માએ પોતાનું સ્વદ્રવ્ય શુદ્ધ ચૈતન્યઘન નિત્યાનંદથી (ભરેલું જોયું છે). પરમેશ્વર, પંચ પરમેષ્ઠી, નિગોદ, કેવળીઓ, સાધક જીવો, સમકિતી આદિ પાંચમા ગુણસ્થાનવાળા, મુનિ એ બધા સચેત પરદ્રવ્ય છે. '**सच्चित्ताचित्तमिस्सियं हवदि।**' સમજાણું કાંઈ? (પહેલા) ગાથામાં '**सद्दव्वरओ**' (આવ્યું), '**परद्दव्वरओ**' આવશે. આહાહા..! એ ભગવાનઆત્માથી વિરૂદ્ધ બધું પરદ્રવ્ય '**अवितत्थं**' યથાર્થપણે સર્વજ્ઞ ભગવાને પરદ્રવ્ય કહ્યું છે. અને પરદ્રવ્યનું લક્ષ કરવાથી રાગ જ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! સ્વદ્રવ્યના આશ્રયે નિર્વિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. સમજાણું કાંઈ? આ 'મોક્ષ અધિકાર' છે ને? એમાં છે. અહીં પરમાત્મા કહ્યું ને?

'**પરમાત્માકી...**' એટલે પોતાનું સ્વદ્રવ્ય જે પરમાત્મસ્વરૂપ જ્ઞાનવિગ્રહં અનુપમ શુદ્ધં નિત્યં... આહાહા..! સમજાણું કાંઈ? એવો જે પોતાનો પરમાત્મા, એ દ્રવ્ય ત્રિકાળી સ્વદ્રવ્ય, એની અનુભૂતિ એ પર્યાય છે. ઝીણો માર્ગ છે, 'પન્નાલાલજી'! એમ નથી કે પૈસાથી મળી જશે. પૈસા પરદ્રવ્ય છે. ભગવાન પરદ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમાત્મા-પરમ આત્મા. પરમાત્મા (એટલે) સિદ્ધ પરમાત્મા એ નહિ. આ તો પોતાનો પરમાત્મા, કે સિદ્ધની પર્યાયથી પણ અનંતગુણી અધિક દશા આત્માની (છે). દશા એટલે એની સ્થિતિ. સમજાણું કાંઈ? વસ્તુની અવસ્થા એટલે અવ એટલે નિશ્ચય સ્થ રહેવું. એ અવસ્થા. અવસ્થા નામ પર્યાય નહિ. સમજાણું કાંઈ? નિત્ય અવસ્થ. ધ્રુવ જ્ઞાનઘન વજ્રબિંબ. આહાહા..! જેમાં નિર્મળ પર્યાયનો પણ પ્રવેશ નથી. વિકારનો તો પ્રવેશ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા ભગવાન વજ્ર, જ્ઞાનવજ્રબિંબ નિત્ય પ્રભુ ધ્રુવ. એ સ્વદ્રવ્યમાં સ્વદ્રવ્યને અહીંયાં પરમાત્મા કહે છે. પર્યાય સિવાય, હોં! પર્યાય સિવાય, પર્યાય રહિત. આહાહા..! તેની અનુભૂતિ એ પર્યાય. સમજાણું કાંઈ? આહાહા..! અનુસરણ થઈને અનુભૂતિ. ત્રિલોકના નાથની સન્મુખ અનુસરીને જે આનંદની દશા પ્રગટી, જ્ઞાનની-સમ્યગ્જ્ઞાનની દશા પ્રગટ થઈ, સમ્યક્ ચારિત્ર દશા, સમકિતની પ્રગટ થઈ એને અહીં અનુભૂતિ કહે છે.

'**અનુભૂતિરૂપ શ્રદ્ધાસે...**' ભાષા જુઓ! સમજાણું કાંઈ? '**परमात्मानुभूति-रुचिप्रतिपक्ष**' એમ છે. ટીકામાં એમ છે. '**अनुभूतिरुचि**' અહીં અર્થ કર્યો છે કે અનુભૂતિરૂપ શ્રદ્ધા. સમજાય છે કાંઈ? આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાયકમૂર્તિ ધ્રુવ ચિદાનંદ પરમાત્મસ્વરૂપ, એની અનુભૂતિરૂપ શ્રદ્ધા એમ કહે છે. એકલી શ્રદ્ધા એમ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**પરમાત્માકી અનુભૂતિરૂપ શ્રદ્ધાસે...**' આહાહા..! મિથ્યાત્વ લેવું છે ને? તો પરમાત્મા, પોતાની અનુભૂતિરૂપ શ્રદ્ધા, એનાથી મિથ્યાત્વ વિપરીત ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શ્રદ્ધાસે વિમુખ જો આઠ મદ,...**' રહિત. સમજાણું કાંઈ? એ જે વસ્તુ છે એ આ આઠ મદ સહિત મિથ્યાત્વ છે. સમ્યગ્દષ્ટિનો આત્મા આઠ મદ રહિત છે. ત્યારે મિથ્યાદષ્ટિનો આત્મા આઠ મદ સહિત છે. રાગ (મારો), મારું પુણ્ય, મારું પાપ, મારો મદ, અહંકાર, પરનું અભિમાન. આહા..! જાતિ મારી, કુળ મારું, બળ મારું, ઈશ્વરતા-મોટા રાજ આદિ હોય ને? એ બીજાથી અધિકપણું એ ઈશ્વરતા, એ મદ મિથ્યાદષ્ટિને હોય છે. આહાહા..!

સમ્યગ્દષ્ટિને ચક્રવર્તીના રાજનું પણ અભિમાન નથી, મદ નથી. આહાહા..! છન્નું હજાર રાણી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, અડતાલીસ હજાર પાટણ, બોંતેર હજાર નગર. છન્નું કરોડ ગામ, છન્નું કરોડ પાયદળ. એ અમારું નહિ, અમે એમાં નહિ. એ ચીજ અમારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને એ બધાનો મદ છે જ નહિ. અમારું ઉત્તમ કુળ, માતા-પિતા, જાતિ... આહાહા..! અમે મોટી માતાના પુત્ર છીએ, મોટા રાજાના રાજકુમાર છીએ. આહાહા..! એવા અભિમાનનો જેનામાં અભાવ છે. અજ્ઞાનીના અભિમાનમાં .. છે. આહાહા..! આઠ મદ લીધા છે ને? જાતિ, કુળ વગેરે આવે છે ને?

'**આઠ મલ,...**' શંકા, કંખા,... નિઃશંક આદિ આઠ નિર્દોષ છે ને? નિઃશંક આદિ સમકિતના આઠ ગુણ, એનાથી વિરૂદ્ધ આઠ દોષ મલ. શંકા, કંખા આદિ. એ મળ સહિત મિથ્યાદષ્ટિ છે. આહાહા..! '**છહ અનાયતન,...**' કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનનારા. એ છ અનાયતન છે. એ ધર્મના સ્થાન નથી. એ તો અધર્મના છ સ્થાન છે. આહાહા..! કુગુરુ, કુશાસ્ત્ર અને કુધર્મ અને એને માનનારા. એ છ. એ અનાયતન છે. એ ધર્મના સ્થાન નથી. એ ધર્મનું સ્થાન છે એમ માનનારા મિથ્યાદષ્ટિ મળ સહિત છે. આહાહા..! એ અનાયત. '**તીન મૂઢતા,...**' દેવ, ગુરુ અને શાસ્ત્રમાં મૂઢતા. સમજાણું કાંઈ? આહાહા..! '**ઈન પચ્ચીસ દોષોંકર સહિત...**' મિથ્યાદષ્ટિ છે. એ પચ્ચીસ દોષોથી રહિત સમ્યગ્દષ્ટિ છે. આહાહા..! ...

મુમુક્ષુ :- સમન્વયનો ભાવ કરવો.

ઉત્તર :- કોની સાથે સમન્વય કરે? અત્યારે લોકોમાં એ ચાલે છે. ભગવાન! કોઈને

દુઃખ ન લાગે. શું કહે? સમજાણું કાંઈ?

એક દિગંબર પરમ સત્ય ધર્મ સિવાય બીજા બધા કુધર્મ છે. એમના કુશાસ્ત્ર છે, એમના દેવ કુદેવ છે. એમને માનનારા એ બધા મિથ્યાદૃષ્ટિ છે એ ધર્મના સ્થાન નથી. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે એવો પવન ચાલ્યો છે. સમન્વય કરો... સમન્વય કરો.. વિરોધ કોઈનો નહિ. કોઈ પ્રત્યે વિરોધ નહિ. એ ભગવાનઆત્મા છે. ભૂલ છે તો એક સમયની ભૂલ છે. આહાહા..! એના પ્રત્યે તત્વેષુ તો મૈત્રી. વિરોધ નહિ કોઈની સાથે. પણ દૃષ્ટિમાં એ ધર્મનું અસ્થાન છે. એ માન્યતા સમભાવની છે. સમજાણું કાંઈ? અને આ પણ સાચું અને આ પણ સાચું એ તો મિથ્યાદૃષ્ટિની મિથ્યાત્વ ભાવના છે. સમજાણું કાંઈ? સાચા દેવ એ દેવ, કુદેવ એ પણ દેવ, કુધર્મ એ પણ ધર્મ, સુધર્મ પણ ધર્મ, કુશાસ્ત્ર પણ શાસ્ત્ર, સુશાસ્ત્ર પણ શાસ્ત્ર, એ તો મિથ્યાદૃષ્ટિ છે. વિનય મિથ્યાદૃષ્ટિ છે. વાત એવી છે, ભાઈ!

મુમુક્ષુ :- .. વિના બધા?

ઉત્તર :- આત્મા વિના નહિ. બીજા ભગવાન આદિ સુદેવ છે. સર્વજ્ઞ પરમાત્મા સુદેવ છે. પણ એ તો પરદ્રવ્ય છે એ બીજી વાત છે. છે સુદેવ. એમ નિર્ગ્રંથ સંત મુનિ દિગંબર સાચા ભાવલિંગી છે પરદ્રવ્ય, પણ છે સાચા ગુરુ. સમજાણું કાંઈ? એ તો પરદ્રવ્ય તરીકે બીજી વાત છે અને પરદ્રવ્ય એ કુદેવ જ છે એમ નથી. સુદેવ એ પણ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ તો વાત કહીને? પોતાના આત્મા સિવાય સચેત ભગવાન એ પરદ્રવ્ય છે. પણ પરદ્રવ્ય છે તો કુદેવ છે એમ નથી. અરે..! માણસને.. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! આહાહા..!

જન્મ-મરણ રહિત ચૌર્યાશીના અવતાર, પંચ અવતાર.. હમણા કહેશે. પંચ પરાવર્તનથી રહિત થવું અને પંચ પરાવર્તન સહિત રહેવું એ બેયની દૃષ્ટિમાં ફેર છે. આહાહા..! બહારની અનુકૂળતામાં ખુશી થવું એ બધા મિથ્યાત્વના લક્ષણ છે. એમ છે. આહાહા..! બાહ્યની અનુકૂળ ચીજ પુણ્યના કારણે શરીર સુંદર, કીર્તિ, જસ કીર્તિ મોટી અને બહારમાં સામગ્રી સાધુને શિષ્ય આદિ, ગૃહસ્થને પુત્ર આદિ, એ બધું પર છે. એને પોતાના માનવા અને એ બધી પોતાની ચીજ છે એ બધું મિથ્યાત્વ છે. પરદ્રવ્ય પોતાનું ક્યાંથી થયું? સુદેવ પણ પરદ્રવ્ય પોતાનું નથી. એમ સુશિષ્ય ધર્માત્મા સંત પણ પરદ્રવ્ય પોતાના નથી. સમજાણું કાંઈ? પોતાના નથી માટે બધા કુદેવ અને કુગુરુ છે એમ નથી. એ તો સુદેવ, સુગુરુ હો પરદ્રવ્ય. સમજાણું કાંઈ? અને કુદેવ, કુગુરુ હો પરદ્રવ્ય. પરદ્રવ્યમાં આવે છે. પણ એ પરદ્રવ્ય બધા કુદેવ, કુગુરુ જ છે એમ છે નહિ. ઝીણી વાત. આ તો સાધારણ શરૂઆતની (વાત છે). આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

‘**આઠ મદ, આઠ મલ,...**’ મલ સમજ્યા? શંકા, કંખા. ‘**છ અનાયતન, તીન મૂઢતા,...**’ લોક મૂઢતા, દેવ મૂઢતા, ગુરુ મૂઢતા. ‘**ઈન પચ્ચીસ દોષોંકર સહિત અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ પરિણામ જિસકે હૈં, વહ મિથ્યાદૃષ્ટિ કહલાતા હૈ.** આહાહા..!

**વહ મિથ્યાદષ્ટિ નર નારકાદિ વિભાવ-પર્યાયોંમેં લીન રહતા હૈ.**' લ્યો! પર્યાયલીન છે ને? પોતાના શરીરમાં, વાણીમાં (લીન રહે છે). આહાહા..! એ શરીર તો જડ છે, માટી-ધૂળ પુદ્‌ગલ છે. એમાં જેની બુદ્ધિ લીન છે... આહાહા..! મારું શરીર... મારું શરીર... મારું શરીર. હું શરીરમાં આમ રહું છું. આહાહા..! આ તો જડ છે. આ માટીની ધર્મશાળામાં ભગવાન અંદર બિરાજે છે. આહાહા..! ધર્મશાળા ન કહ્યું? મોહ તિમિરકી ધર્મશાળા. એમાં કહ્યું. સુધા આમાં છે. 'સુધા ધર્મ સંસાધની ધર્મશાળા...' વીતરાગ વાણી અને વીતરાગનો ભાવ. વાણી નિમિત્તથી અને ભાવ જે છે એ નિશ્ચયથી. 'સુધા ધર્મ સંસાધની ધર્મશાળા, સુધા તાપ નિરનાશની મેઘમાળા.' અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરવા માટે મેઘમાળા વીતરાગની વાણી અને વીતરાગ ભાવ છે. આહાહા..! 'મહામોહ વિધ્વંસની મોક્ષદાની, મહામોહ વિધ્વંસની મોક્ષદાની...' વીતરાગી પરિણતિ મોક્ષદાની અને વીતરાગી વાણી વ્યવહારથી મોક્ષદાની. 'નમો દેવી વાગેશ્વરી જૈનવાણી.' વીતરાગની વાણી આ દિગંબરમાં છે એ જૈનવાણી છે. બીજામાં ક્યાંય જૈનવાણી નથી. સમજાણું કાંઈ?

'નમો દેવી વાગેશ્વરી...' વાગેશ્વરી એટલે? ઓલા લોકો વાઘેશ્વરી કહે છે એ નહિ. વાક્ ઈશ્વરી. વચન-વચન. વચનમાં ઈશ્વરી જિનવાણી છે. દિવ્યધ્વનિ ભગવાનની અને વીતરાગ પરિણતિ. આહાહા..! જિનવાણી છે. એવા બોલ લીધા છે અંદર. '... વૃક્ષ શાખા .. અભિલાષા તથા સુસંસ્કૃતા પ્રાકૃતા' સંસ્કૃત હોય, પ્રાકૃત હોય દેશભાષા. વીતરાગની વાણી તો દરેકમાં થાય છે. સાદિ ભાષામાં હોય પણ એ છે તો જિનવાણી. સમજાણું કાંઈ? સંસ્કૃતની જૈનવાણી, પ્રાકૃતની જૈનવાણી, દેશભાષા જિનવાણી. દેશ-ચાલતી ભાષામાં હોય પણ એ છે તો જિનવાણી, ત્રિલોકના નાથની વાણી છે.

આ લોકો કહે છે કે એને છોડી દો. એની વાણી નાખી દો. અરે..! ભગવાન! 'અમૃતચંદ્રાચાર્ય' વીતરાગની વાણી આ છે. 'સોનગઢ'ના સાહિત્યને ફેંકી દો. અરે..! ભગવાન! શું કરે છે તું? અરે..! પ્રભુ! અને આણે લખ્યું ને ભાઈએ 'કૈલાશચંદજી'એ. તમે આમ કરો છો તો એમની વાણીમાં તો 'અમૃતચંદ્રાચાર્ય' અને 'કુંદકુંદાચાર્ય'ની વાણી છે. સમજ્યા? સાહિત્યમાં. બધાને ફેંકી દો, બાળી નાખો. અરે..! ભાઈ! આ શું છે? ભાઈ! આહાહા..! આવી અનીતિ ન સંભવે, નાથ! એવી અનીતિને કેમ ચલાવીએ? આહાહા..!

આ તો 'ચિદાનંદ ભૂપાલકી રાજધાની...' ચારે કોર જુઓ. ધર્મશાળામાં. જિનવાણી રૂપી ધર્મશાળામાં બેઠા છીએ. ઉપર-નીચે (બધે જિનવાણી છે). આહાહા..! 'ચિદાનંદ ભૂપાલકી રાજધાની...' ભૂપાલ એટલે રાજા. ચિદાનંદ રૂપી રાજાની રાજધાની આ વાણી અને વાણીનો ભાવ છે. 'નમો દેવી વાગેશ્વરી જૈનવાણી' મોટી વ્યાખ્યા છે, હોં! આપણે આ છપાયેલું છે. 'બનારસીદાસ'માં છે. 'બનારસી વિલાસ'. 'બનારસી વિલાસ' પુસ્તક છે ને? એ તો અમે ઘણા વર્ષ પહેલા જોયું છે. કઈ સાલ? આપણે ગયા ને આ 'રાજકોટ', (સંવત) ૧૯૯૫. ૯૫ ને? ૯૫, ૯૫. એ ૧૯૯૫માં છપાણું છે. ૐ લખ્યો છે ને? સ્વાધ્યાય

મંદિરમાં ૐ (લખ્યું છે એ) પત્થર ઇટાલીનો છે. ઘણો ઊંચો પત્થર છે. એમાં ૐ પધરાવ્યો હતો, ફાગણ માસમાં. ૐ. સમજ્યા? ૧૯૯૫ની સાલ. એ વખતે બનાવ્યું હતું. હજારો પુસ્તકો છપાવ્યા. આ તો એક પડ્યું છે અહીં.

મુમુક્ષુ :- આપને ૐ ઘણો વહાલો છે.

ઉત્તર :- વસ્તુ તો... આહાહા..!

મુમુક્ષુ :- બધા પુસ્તકમાં ૐ લખો છો.

ઉત્તર :- લાખોમાં ૐ લખ્યા છે. ભગવાનની વાણી છે. ૐ ભગવાનની વાણી છે. એમાં લખ્યું છે ને, જુઓ!

'ૐકાર ધ્વનિ સુણી, ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..! એ અહીં આવ્યું. 'બનારસીદાસ ... દાસ વિચાર્યા અમે.' ૐકારમાં બાર અંગ ભર્યા છે એમ કહે છે. બાર અંગનો વિચાર એમાં ભરેલો છે. બાર અંગ. 'બનારસીદાસ અંગ દ્વાદશ વિચાર્યા મેં ઐસે ૐકાર કંઠ પાઠ તો હી આયો હૈ.' એમ કંઠમાં અંદર ૐ આવ્યો છે એમાં તો બાર અંગ ભરેલા છે. બાર અંગનું રહસ્ય ભરેલું છે. આ 'બનારસી વિલાસ'માં છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**મિથ્યાદૃષ્ટિ નર નારકાદિ વિભાવ-પર્યાયોંમે લીન રહતા હૈ. ઉસ મિથ્યાત્વ પરિણામસે શુદ્ધાત્માકે અનુભવસે પરાઙ્મુખ...**' ભગવાન આનંદના નાથની સન્મુખનો અનુભવ, એનાથી વિમુખ રાગાદિના અનુભવી મિથ્યાદૃષ્ટિ જીવ... આહાહા..! '**અનેક તરહકે કર્મોંકો બાંધતા હૈ, જિનસે...**' એ કર્મથી શું થાય છે? '**દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવરૂપી પાંચ પ્રકારકે સંસારમેં ભટકતા હૈ.**' આહાહા..! સમ્યગ્દર્શનથી વિમુખ, મિથ્યાદર્શનથી કર્મ બાંધે છે અને આઠ કર્મ બાંધવાથી પાંચ પરાવર્તનમાં અનંતવાર રખડે છે. આહાહા..! એ અર્થ કરે છે. હવે પાંચનો અર્થ કરે છે.

'**ઐસા કોઈ શરીર નહીં, જો ઈસને ન ધારણ કિયા હો,...**' આહાહા..! મિથ્યાત્વથી પરિણમીને જે કર્મ બંધાણું એનાથી એવું કોઈ શરીર નથી કે જે શરીર મળ્યું નથી. આહાહા..! નિગોદના, એકેન્દ્રિયના, બે ઇન્દ્રિયના, ત્રણ ઇન્દ્રિયના, ચૌ ઇન્દ્રિયના, હજાર યોજન મચ્છનું અને અંગુલના અસંખ્યમા ભાગના તિર્યંચના (શરીર), અંગુલનો અસંખ્ય ભાગ જેટલા નાના શરીર હોય છે. તો કહે છે કે એવું કોઈ શરીર નથી... આહાહા..! કે જે એણે ધારણ ન કર્યું હોય. છે? અનંત શરીર ધારણ કર્યા. ૨૫-૫૦ ઓરડા હોય અને એક દીવો આમ આમ ચલાવે. એમ અનંતા શરીર રૂપી ઓરડામાં ભગવાન દીવા સમાન ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? લ્યો! '**ઈસને ધારણ કિયા હો,...**'

'**ઐસા કોઈ ક્ષેત્ર નહીં હૈ,...**' ચૌદ બ્રહ્માંડમાં એવું કોઈ ક્ષેત્ર નથી. આહાહા..! નારકીના ક્ષેત્રમાં પણ અનંતવાર નારકી થયો છે. આહાહા..! જેની આદિ નથી. ભગવાન ક્યાં રહ્યો? મિથ્યાત્વને કારણે અનુભૂતિની શ્રદ્ધાથી વિપરીત મિથ્યાત્વને કારણે કર્મ બંધાણું અને એવું કોઈ ક્ષેત્ર નથી કે જેમાં અનંતવાર જન્મ્યો ન હોય. આહાહા..! સિદ્ધ

ક્ષેત્રમાં પણ નિગોદપણે અનંતવાર જન્મ્યો છે. નિગોદપણે. નિગોદ છે ને ત્યાં? સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં નિગોદ છે. એના પેટના આત્મામાં નિગોદ છે. અનંત નિગોદ એકેન્દ્રિય છે. ભગવાન અનંત આનંદનો અનુભવ કરે છે અને એના પેટમાં અનંતા નિગોદ છે એ અનંતા દુઃખને અનુભવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? જે ક્ષેત્ર ભગવાન સિદ્ધનું છે, એ જ ક્ષેત્ર અંદરમાં નિગોદનું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહ્યું ને. પેટ શબ્દે આત્માનું ક્ષેત્ર છે એમાં. ક્ષેત્ર તો એનું ભિન્ન છે. આહાહા..!

એક માણસ કહેતો હતો કે હું ભગવાન ચક્રવર્તીને મળ્યો છું. ક્યારે? કે અમે મોટો ગુનો કર્યો હતો ત્યારે અમને ફાંસી દેવાની તૈયારી હતી ત્યારે અમે કોર્ટમાં ગયા. ત્યાં છે ને એ? ગુનેગારને ઊભા રાખે. કઠોડામાં. એમાં ઊભા હતા ત્યારે અમે ચક્રવર્તીને જોયા હતા. રાજાને મળ્યા હતા. ક્યારે? કે અમે મોટો ગુનો કર્યો હતો ત્યારે અંદર પૂરેને? કઠહરા. આપણે શું કહે ભાઈ? પાંજરું. પાંજરામાં. પાંજરામાં ઊભા રાખે. ગુનેગારને પાંજરામાં રાખે. એ ગુનેગારે પાંજરામાં ચક્રવર્તીને જોયા હતા. એમ કહે.

અમારો પણ એક અફીણનો કેસ ચાલ્યો હતો. (સંવત) ૧૯૬૩ની સાલમાં. ખોટો. વડોદરા કોર્ટમાં. ૧૯૬૩ ની સાલની વાત છે. ૬૩. કેટલા વર્ષ થયા? ૬૯-૭૦ વર્ષ પહેલા. અમારી દુકાન હતી તો બક્ષીસ લેવા આવ્યા હતા. અમે કીધું કે અમે તો વેપારી છીએ. ૬૩ની સાલ. તે દિ' તો ઉંમર નાની. પિતાજી હતા. ૧૭ વર્ષની ઉંમર. તો અમે આઠ આના આપ્યા. તો કહે, અમે રૂપિયો લઈએ. એમાં થઈ તકરાર. એ 'વડોદરા' કોર્ટમાં એણે ફરિયાદ કરી. મારા પિતાજીને અને મોટા ભાઈને લઈ ગયા. અમારા 'મનસુખભાઈ'ના બાપ 'કુંવરજીભાઈ'. 'કુંવરજીભાઈ' નહિ. .. 'શિવલાલભાઈ' નહોતા. પાંચ હતા. પણ એ માણસ એવો. તે દિ' ત્રણ હજારનો માસિક પગાર, હોં! ૧૯૬૩ની સાલમાં ત્રણ હજારનો પગાર. એ વખતે ત્રણ હજાર. પણ અમને જોઈને કહ્યું, આ લોકોને પાંજરામાં ઊભા ન રાખવા. ખુલ્લામાં ઊભા રાખો. એ ગુનેગાર લાગતા નથી. આ તો વાણિયા દેખાય છે. મોટી કોર્ટ, હોં! 'વડોદરા'માં બહાર (હતી). તે દિ' મહિનાના ત્રણ હજારના પગાર. શું કહેવાય ભાઈ એ લોકોને?

મુમુક્ષુ :- પ્રેસીડેન્ટ

ઉત્તર :- પ્રેસીડેન્ટ. ત્રણ હજારનો પગાર એ વખતે. હજી તો ૧૯૬૩ની સાલ. પણ અમે જેવા કોર્ટમાં ગયા, ત્યાં બહાર ઊભા રહો. પાંજરામાં નહિ. સંસારની અફીણની ખોટી વાત હતી. રૂપિયા-આઠ આનાની તકરાર. એ અફીણ લઈને નીકળ્યા હતા, એવું ખોટું ઠરાવ્યું. એક મહિનો અને સાત દિ' (કેસ ચાલ્યો). સાતસોનો ખર્ચ થયો. એને પ્રેસિડેન્ટને (લાગ્યું), કેસ ખોટો છે. આ તો વાણિયા છે. એના મોઢા તો જુઓ. અમારી તો તે દિ' ૧૭ વર્ષની ઉંમર. ૧૦ અને ૭. ત્રણ કલાક અમારી લીધી... શું કહેવાય?

(જુબાની). કોર્ટમાં ત્રણ કલાક, હોં! અમે તો કાંઈ મુઝાતા નથી. અમે તો જેમ હતું એમ બરાબર કહ્યું હતું. અમારા ભાઈ હતા 'નાનાલાલભાઈ'. અમારે આ 'મનહર' આવ્યો છે ને એના બાપ. બાપ હતા. 'કાનજી' શું થયું તને?

મુમુક્ષુ :- હિન્દીમેં કહો.

ઉત્તર :- એટલું તો સમજો. ત્રણ કલાક અમારે કોર્ટમાં પૂછપરછ (ચાલી), એટલી ભાષા નથી સમજતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જુબાની. ત્રણ કલાક લીધી. અમારા નાના ભાઈ હતા એ કહેતા હતા કે ભાઈ! કેમ થયું? મેં કીધું, કાંઈ થયું નથી. નાની ઉંમરને અમારી? ૧૭ વર્ષની ઉંમર અને રૂપાળુ સુંદર શરીર. કાંઈ થયું નથી. મેં તો ત્રણ કલાક જેવું હતું એવું કહી દીધું છે. અને પછી કોર્ટ ત્યાં લાવ્યા. જ્યાં કેસ થયો હતો ત્યાં કોર્ટ લાવ્યા. 'વડોદરા'થી 'પાલેજ'. 'વડોદરા'. કેસ 'વડોદરા' ચાલ્યો હતો. કેસ લાવ્યા અને કેસ એકદમ સાફ (થઈ ગયો). આ કેસ તદ્દન ખોટો છે. આ અત્યારે અમારી ઉપર કેસ ચાલે છે ને? આ 'સોનગઢ'નું ખોટું છે. અરે..! મરી જઈશ. ભગવાન! આ તારો કેસ ખોટો છે, બાપા! આહાહા..!

મુમુક્ષુ :- એ સાચો...

ઉત્તર :- એ તો ન થાય તો થયેલો જ છે અહીં. સત્‌ને ત્રણકાળમાં આંચ નથી.

અહીં કહે છે કે... આહાહા..! '**ઐસા કોઈ ક્ષેત્ર નહીં હૈ, કિ જહાં ઉપજા ન હો,...**' આહાહા..! સિદ્ધના ક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો છે. સાતમી નરકમાં અનંતવાર જન્મ્યો છે. નિત્યનિગોદમાં અનંતવાર જન્મ્યો છે. આહાહા..! '**ઐસા કોઈ કાલ નહીં હૈ, કિ જિસમેં ઈસને જન્મ-મરણ ન કિયે હોં,...**' અસંખ્ય અનંત અવસર્પિણી ગયો તો દરેક સમયમાં અનંતવાર જન્મ્યો અને મર્યો છે. આહાહા..! એ તો ઠીક. હવે એ આવ્યું.

'**ઔર ઐસે અશુદ્ધ ભાવ નહીં હૈં, જો ઉસકે ન હુએ હોં.**' શું કહે છે જુઓ હવે. '**ઐસે અશુદ્ધ ભાવ નહીં હૈ, જો ઉસકે ન હુએ હોં.**' અનંતવાર અશુદ્ધ ભાવ. કયા? સમ્યગ્દૃષ્ટિ વિનાના. સમ્યગ્દૃષ્ટિને જે અશુદ્ધ થાય એ અહીં ગણવામાં નથી આવતા. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને તો શુદ્ધભાવ થાય છે એમ સિદ્ધ કરે છે. રાગાદિ અશુદ્ધ આવે છે. પણ અહીં તો સમ્યગ્દર્શન વિના મિથ્યાદૃષ્ટિના કાળમાં એવો કોઈ અશુદ્ધભાવ નથી રહ્યો કે અનંતવાર ન કર્યા હોય. તો શુભભાવ અનંતવાર કર્યા. અશુદ્ધભાવનો પેટા ભાગ શુભભાવ. અનંતવાર શુભભાવ કર્યા.

'**ઐસા અશુદ્ધ ભાવ નહીં હૈ, જો ઈસકે ન હુએ હોં.**' તો એ શુભભાવથી ધર્મ થાય તો શુભભાવ તો અનંતવાર કર્યા. એ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન! તારી મિથ્યાદૃષ્ટિથી, શુદ્ધાત્માની અનુભૂતિની શ્રદ્ધાથી વિપરીત દૃષ્ટિથી એટલા કર્મ બંધાણા કે એ કર્મબંધનમાં એવો કોઈ શુભભાવ ન રહ્યો કે અનંતવાર ન કર્યા હોય. આહાહા..! 'અમરચંદભાઈ'! શુભભાવ. આ અશુદ્ધના પેટાભેદ છે ને? '**ઐસા અશુદ્ધ ભાવ નહીં હૈ,**

**જો ઈસકે ન હુએ હોં.**’ એવા અશુદ્ધભાવ નથી કે જે અજ્ઞાનીને અનંતકાળમાં ન થયા હોય. આહાહા..! એવો શુભભાવ કેવો? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, સમવસરણમાં પૂજા, ભવે-ભવે પૂજા, ભગવાનની હયાતી સાક્ષાત્ બિરાજતા હોય. ત્યાં મણિરત્નના દીવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ (લઈને) જય નારાયણ, જય ભગવાન (કર્યા), એવા શુભભાવ અનંતવાર કર્યા. એય ‘શીખરચંદજી’!

મુમુક્ષુ :- શું મળ્યું?

ઉત્તર :- શું મળ્યું? શુભભાવ મળ્યો. ભવભ્રમણ મળ્યું. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, છે?

‘**ઐસા અશુદ્ધભાવ નહીં હૈ, જો ઈસકે ન હુએ હોં.**’ એના અર્થમાં આવે છે કે નહિ આ? અશુદ્ધભાવના બે પ્રકાર. શુભ અને અશુભ. શુભ અને અશુભ એવા બાકી નથી રહ્યા કે જે તેણે અનંતવાર ન કર્યા હોય. ઓહોહો..! જો શુભભાવથી ધર્મ થતો હોય તો અનંતવાર થઈ ગયો. કહે છે કે શુભ કરતા કરતા કોઈને થઈ જશે. પણ કોઈને થઈ જાય એ સિદ્ધાંત જ ક્યાં છે? એવા શુભભાવ તો અનંતવાર કર્યા. મનુષ્યપણે સાધુ થઈને અનંતવાર કર્યા. સમજ્યા? એ ક્યાંક છે સાધુનું. છે, આમાં જ છે. એમાં છે. જુઓ!

‘**ઈસ તરહ અનંત પરાવર્તન ઈસને કિયે હૈં. ઐસા હી કથન મોક્ષપાહુડમેં (ગાથા-૧૫) નિશ્ચય મિથ્યાદષ્ટિકે લક્ષણમેં શ્રી કુંદકુંદાચાર્યને કહા હૈ-**’ જુઓ! છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી. એ તો છે. ના, એની વાત નથી. પછી એ તો આવશે. આ તો શ્લોક છે. શ્લોક છે ને?

**जो पुणु परदव्वरओ मिच्छादिट्ठी हवेइ सो साहू।**
**मिच्छत्तपरिणदो उण बज्झदि दुट्ठट्ठकम्मेहिं।।१५।।**

એ શ્લોક છે અંદર. સમજ્યા? એ ૧૫મો શ્લોક છે. પંદરને? મોક્ષપાહુડ હમણા ચાલ્યું નહિ? મોક્ષપ્રાભૃત. પંદરમો શ્લોક છે ને? ૧૪-૧૫. ‘**जो पुणु परदव्वरओ**’ પહેલા ૧૪માં હતું. ‘**सद्दव्वरओ**’ આ ‘**परदव्वरओ मिच्छादिट्ठी हवेइ सो साहू। मिच्छत्तपरिणदो उण बज्झदि दुट्ठट्ठकम्मेहिं।**’ આહાહા..! એ પરદ્રવ્ય કોને કહે છે એ વાત આવી ગઈ આપણે. આવ્યું ને? ‘**आदसहावादण्णं सच्चित्ताचित्तमिस्सियं**’ પરદ્રવ્ય ભગવાન સર્વજ્ઞ પણ પોતાથી સચેત પરદ્રવ્ય છે. આહાહા..! પરદ્રવ્યમાં લીન છે તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

ધર્મીને, સમ્યગ્દષ્ટિને શુભરાગ ભક્તિ આવે છે. ભગવાનની ભક્તિ આદિ(નો ભાવ આવે છે) પણ એમાં લીન નથી. ભાવ આવે તો છે. પણ એમાં એકાગ્ર થઈને આ ધર્મ છે એવી દૃષ્ટિ સમકિતીની નથી. ભક્તિ કરે, અરે..! ઈન્દ્રો એક ભવતારી. શક્રેન્દ્ર એકભવતારીક છે. નંદીશ્વર દ્વીપ છે ને? આઠમો નંદીશ્વર દ્વીપ. બાવન જિનાલય શાશ્વત. એક એક જિનાલયમાં ૧૦૮ રત્નની પ્રતિમા. ભગવાનની રત્નમય પ્રતિમા શાશ્વત છે.

ઈન્દ્રો એકભવતારી આઠ દિવસ જાય છે અને ભગવાન પાસે ઘુઘરા બાંધીને નાચે છે. જાણે છે કે આ શરીરની-જડની ક્રિયા છે. આ શુભભાવ થાય છે એ બંધનું કારણ છે. બહારમાં હરખ પણ દેખાય છે. પણ અંદરમાં એ શુભરાગ પ્રત્યે ખેદ છે. આહાહા..!

મુમુક્ષુ :- લીન નથી.

ઉત્તર :- લીનતા નથી.

મુમુક્ષુ :- તો ભક્તિ...

ઉત્તર :- રાગ આવી જાય. એ ભક્તિ જડની ક્રિયા છે. ભાવ આવે એટલું.

મુમુક્ષુ :- લીનતા વિના...

ઉત્તર :- લીનતા નથી થતી એ વાત છે. ઈ જ્ઞાતા છે. 'ધર્મલાલજી'! સમકિતી રાગમાં આવે છે પણ એને જ્ઞાતા-દૃષ્ટા થઈને જાણે છે. અજ્ઞાની રાગમાં લીન થઈને જાણે છે. બહુ ફેર છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? ભક્તિ કરે છે. આ ભગવાનનો જન્મ થાય ત્યારે ઈન્દ્ર આવે છે. એક આંખથી જોવામાં તૃપ્તિ થતી નથી. હજાર આંખ બનાવે છે. રાગ તો આવ્યો પણ રાગને જાણે છે, રાગમાં લીન નથી.

મુમુક્ષુ :- હજાર આંખ .. ક્રિયા કરવાનો રાગ છે?

ઉત્તર :- હા. આવ્યો. એ તો જડની ક્રિયા છે.

મુમુક્ષુ :- જડની ક્રિયા બનાવવાનો...

ઉત્તર :- બનાવવાનો નહિ. બન્યું છે. જડની ક્રિયા રાગ આવ્યો કે હું ભગવાનને આમ જોઉં. ભગવાનનું સુંદર શરીર. એના આત્માની તો શું વાત કરવી? શરીરની કોમળતા, નમ્રતા, નમણાઈ એટલી એક એક અંગમાં. ઓહોહો..! હજાર આંખ કરીને દેખે. અંદર રાગ છે, શુભરાગ છે. પણ એ રાગમાં લીન નથી. રાગને ધર્મી જ્ઞાતા તરીકે જાણે છે. રાગ તો આવે છે કે નહિ? મુનિને આવે છે. ભગવાનની ભક્તિ (કરે છે).

મુમુક્ષુ :- મહાવ્રત..

ઉત્તર :- મહાવ્રત રાગ છે, શુભરાગ છે. આવે છે. આવ્યા વિના રહે છે? કાંઈ વીતરાગ થઈ ગયા છે? આવે છે પણ એમાં એકાકાર નથી. જ્ઞાતા-દૃષ્ટા રહે છે. એવી વાત છે. સમજાણું કાંઈ? આ ૧૫મી ગાથા. જુઓ! આપણે ૧૫મી આવીને? અહીં કેટલામી આવી? ૭૭. એ ૧૫મી. ગાથા-૧૫-૧૫. મોક્ષપ્રાભૃતની. એમ કહ્યું, જુઓ! શું કહ્યું?

'**ઉસકા અર્થ યહ હૈ, કિ જો નર નારકાદિ પર્યાયોંમેં મગ્ન હો રહે હૈં, વે જીવ પરપર્યાયમેં રત મિથ્યાદૃષ્ટિ હૈં,...**' સમજાણું કાંઈ? પહેલા ઉપર છે. '**અજ્ઞાની જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરૂપ પરદ્રવ્યમેં લીન હો રહે હૈં,**' દેખો! છે? અજ્ઞાની નોકર્મ-શરીર, ભાવકર્મ-રાગ, દ્રવ્યકર્મ-જડ. એમાં લીન રહે છે. છે? '**સાધુકે વ્રત ધારણ કરને પર ભી મિથ્યાદૃષ્ટિ હી હૈં,...**' મહાવ્રત ધારણ કર્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' આવે છે? ભાઈ! 'છ ઢાળા'માં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ

સુખ ન પાયો.' મુનિવ્રત ધારણ કર્યા. પંચ મહાવ્રત એ દુઃખરૂપ છે. આસ્રવ છે. 'લેશ સુખ ન પાયો...' એનો અર્થ શું થયો? પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા એ તો દુઃખ છે, રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ દુઃખમાં લીન નથી. રાગ આવે છે. અજ્ઞાની એમાં લીન થઈને (જાણે છે કે) બસ, આ રાગ એ ધર્મ છે અને એનાથી મને ધર્મ થશે. ઝીણી વાત છે, ભાઈ! અરે...! અનંતકાળમાં શલ્ય રહી ગયા છે. મુનિવ્રત અનંતવાર ધારણ કર્યા. આહાહા..! નગ્ન દિગંબર, એક એક મહિનાના અપવાસ, બે-બે મહિનાના સમાધિમરણ. પણ મિથ્યાદૃષ્ટિ રાગમાં પરિણમે છે. એ ક્રિયાનો કર્તા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સાધુકે વ્રત ધારણ કરનેપર ભી મિથ્યાદૃષ્ટિ હી હૈં,...'** જુઓ! **'વ્રત ધારણ કરનેપર ભી...'** રાગમાં લીન છે. સમ્યગ્દર્શન નથી. આત્માની અનુભૂતિથી શ્રદ્ધા થવી જોઈએ એ છે નહિ. વિપરીત શ્રદ્ધામાં વ્રત આદિ ધારણ કર્યા એ બધું સંસાર મિથ્યાદૃષ્ટિ છે. અને 'પ્રવચનસાર'ની છેલ્લી પાંચ ગાથામાં એમ લીધું છે કે દિગંબર સાધુ થયો. સમજાણું કાંઈ? દિગંબર સાધુ થયો, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ (પાળ્યા) પણ એને રાગનો પ્રેમ છે તો એ સંસારી જીવ છે. સંસારતત્ત્વ એમ લીધું છે. 'પ્રવચનસાર' ચરણાનુયોગની છેલ્લી પાંચ ગાથા. પંચ રત્ન. સંસારતત્ત્વ છે. દિગંબર સાધુ, અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા. અત્યારે તો અઠ્યાવીશ મૂળગુણ પણ નથી. એના માટે બનાવેલું ભોજન લે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્રત નામધારી. વ્રત હતા કે દિ'? લોકો એમ કહે ને કે આ વ્રતધારી છે. કહ્યું ને? પાંચ મહાવ્રત લે છે, હજારો રાણીને છોડે છે, એક મહિના-મહિનાના ઉપવાસ કરે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. કેમકે રાગથી (ભિન્ન આત્માની) અનુભૂતિ તો છે નહિ. ભગવાનઆત્મા આનંદના નાથની અનુભૂતિની શ્રદ્ધાથી તો વિપરીત એ શ્રદ્ધા છે. એ રાગમાં જ ધર્મ માને છે. દેશ સેવા કરો, આમ કરો... આમ કરો... ભગવાનની સેવા કરો, ધર્મ થશે. એ બધું મિથ્યાદૃષ્ટિ છે. એની પ્રરૂપણા જ મિથ્યાત્વ છે. આહાહા..! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અપવાસ કર્યા ને. એ પાપ છે ને. શુભભાવ છે એ નિશ્ચયથી પાપ છે. અપવાસ એટલે શું ત્યાં? ઉપવાસ તો એને કહીએ, પોતાના આનંદના નાથની ઉપ નામ સમીપે વસવું. આનંદનું ભોજન કરવું એનું નામ ઉપવાસ છે. આનંદના ભોજન વિના એકલા રાગના ભોજન કરે એ ઉપવાસ નહિ, એ તો લાંઘણ છે. સમજાણું કાંઈ? આહાહા..! લીધું છે ને? જુઓ!

**'સાધુકે વ્રત ધારણ કરનેપર ભી...'** શુભરાગથી ધર્મ થાય છે. તમે પણ શુભરાગ કરો તો એમાં ધર્મ થશે. પરંપરા ધર્મ થાય છે મિથ્યાદૃષ્ટિને. બધી મિથ્યા પ્રરૂપણા છે. એ પરંપરા મોક્ષ કહ્યું એ તો સમ્યગ્દૃષ્ટિને રાગમાં એકતા નથી, સ્વભાવમાં એકતા છે. રાગ

આવ્યા વિના રહેતો નથી. તો એ રાગમાં અશુભરાગ અત્યારે ટળ્યો છે. પછી શુભરાગ ટાળીને સ્વભાવમાં શુદ્ધતા કરશે. તેથી પરંપરા કહ્યું છે. અભાવ કરવા માટે પરંપરા કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિ અભાવ કરશે જ. સમજાણું કાંઈ? મિથ્યાત્વનો અભાવ કર્યો છે તો રાગનો અભાવ કરશે જ. તેથી કહ્યું છે. નહિ કે શુભભાવથી મુક્તિ થશે. એમ છે નહિ. આહાહા..! પ્રરૂપણામાં બહુ ફેર, માન્યતામાં મોટો ફેર.

કહે છે, જુઓ! '**સમ્યગ્દૃષ્ટિ નહીં ઔર મિથ્યાત્વકર પરિણમતે દુઃખ દેનેવાલે આઠ કર્મોંકો બાંધતે હૈં.**' જુઓ! એ વ્રતધારી મિથ્યાદૃષ્ટિ (જેને) સમ્યગ્દર્શનનું ભાન નથી. એ દુઃખી થઈને '**આઠ કર્મોંકો બાંધતે હૈં.**' આહાહા..! જોકે પંચ મહાવ્રત ચોખ્ખા છે એ તો અત્યારે છે નહિ. જે નવમી ગ્રૈવેયકે સાધુ થઈને ગયો હતો.. 'મુનિવ્રત ધાર...' એવો શુભભાવ તો અત્યારે છે નહિ. એ ભાવ પણ મિથ્યાત્વનું કારણ છે. સમજાણું કાંઈ? '**આઠ કર્મોંકો બાંધતે હૈં.**' પછી દૃષ્ટાંત મોક્ષપાહુડમાં કહ્યું એ આપ્યું ને? એ મોક્ષપાહુડમાં કહ્યું છે. એ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૨, બુધવાર
## તા. ૧૧-૦૮-૧૯૭૬, ગાથા-૭૭-૭૮, પ્રવચન નં. ૫૯

'**ફિર ભી આચાર્યને મોક્ષપાહુડમેં કહા હૈ-...**' એ પણ આચાર્યએ મોક્ષપાહુડ. એ મોક્ષપાહુડનો અર્થ ત્યાં જરી 'પ્રવચનસાર' એ ભૂલથી છપાઈ ગયું છે. બીજો ભાગ છે ને? '**મોક્ષપાહુડમેં કહા હૈ-**' મોક્ષપાહુડ ન જોઈએ ત્યાં. ત્યાં 'પ્રવચનસાર' જોઈએ. આહાહા..! મોક્ષપાહુડની પહેલી ગાથા આવી ગઈ છે. આ 'પ્રવચનસાર'ની છે. પણ છાપવામાં ભૂલ છે. એ ઉક્તં છેલ્લે છે ને પાઠમાં? ઉક્તં છે. પુનઃઉક્તં એમ કહીને. એ મોક્ષપાહુડની ગાથા નથી. 'પ્રવચનસાર'ની ગાથા છે. જુઓ!

મુમુક્ષુ :- પ્રવચનસારની?

ઉત્તર :- 'પ્રવચનસાર'. 'પ્રવચનસાર'ની ગાથા આવે છે.

એ 'પ્રવચનસાર' અધ્યાય બીજો, ગાથા બીજી. '**जे पज्जएसु णिरदा**' એ ગાથા. છે? '**जीवा परसमइग त्ति णिद्दिट्ठा। आदसहावम्मि ठिदा ते सगसमया मुणेयव्वा।।**' 'પ્રવચનસાર' અધ્યાય બીજો, ગાથા-૨. ટીકામાં જરી ભૂલ થઈ ગઈ છે. મોક્ષપાહુડની ગાથા (લખ્યું) છે, પણ છે 'પ્રવચનસાર'ની. જુઓ! શું કહે છે? જે કોઈ પ્રાણી... સ્વસમય અને પરસમયની વ્યાખ્યા છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' દિવ્યધ્વનિ સાંભળીને આવ્યા હતા. આઠ દિવસ ભગવાન પાસે રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું. એમાં આ ગાથા લીધી. 'પ્રવચનસાર' બીજો ભાગ, ગાથા-૨. શું કહે છે?

**'જો નર નારકાદિ પર્યાયોંમેં મગ્ન હો રહે હૈં,...'** જે કોઈ પ્રાણી **'પજ્જયમૂઢા'** એ શબ્દ છે અહીંયાં. એની ટીકા શ્વેતાંબરમાં થઈ છે કે **'પજ્જયમૂઢા'** તો વેદાંત થઈ જાય. પર્યાય નથી? સમજાણું કાંઈ? પર્યાય છે. પણ એક સમયની પર્યાયમાં મૂંઢ છે. 'યશોવિજયજી'એ આ ગાથાની એવી ટીકા કરી છે કે ભાઈ **'પજ્જયમૂઢા'** પર્યાય તો છે. વેદાંત થઈ જાય છે. એમ નથી. અહીંયાં એમ નથી. એક સમયની પર્યાયને જ પોતાનો આત્મા માને છે અને પર્યાય ઉપર દૃષ્ટિ છે તો એની દૃષ્ટિ લંબાય છે તો રાગ અને પર ઉપર જાય છે. શરીરને પણ પર્યાય કહેવામાં આવે છે. તો પર્યાય, પોતાનો એક અંશ અને શરીર એટલી મારી ચીજ છે, એમ માનનાર પરસમય નામ મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનદૃષ્ટિ નથી. સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદના નાથ એક સમયમાં પૂર્ણ સ્વરૂપ છે, એની દૃષ્ટિ છોડીને.. એ તો એમાં આવ્યું છે. 'સમયસાર નાટક'માં આવે છે. પર્યાયબુદ્ધિ નહિ. 'સમયસાર નાટક'માં આવે છે. પર્યાયબુદ્ધિનું મૂળ તો આ છે. પછી અર્થ એમ કરે કે શરીરબુદ્ધિ નથી. પણ ખરેખર તો એક સમયની પર્યાયની સમકિતીની બુદ્ધિ છે જ નહિ. જાણે ખરા. પણ બુદ્ધિમાં પર્યાય નથી, ત્રિકાળી દૃષ્ટિનો વિષય છે. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ.. એ પછી કહેશે. પહેલા એ લીધું. પર્યાયમૂંઢા-એક સમયની પર્યાયમાં જેની મૂંઢતા છે... આહાહા..! એ વ્યવહારમૂઢ છે. પર્યાય છે એ નિશ્ચયથી વ્યવહાર છે. દ્રવ્ય છે એ નિશ્ચયથી નિશ્ચય છે. ત્રિકાળી વસ્તુ છે એ નિશ્ચય છે અને એક સમયની પર્યાય વ્યવહાર છે. આચાર્યને એમ અભિપ્રાય લેવો છે કે આત્માની એક સમયની પર્યાય, એમાં જે મૂઢ છે. પછી અહીં ખુલાસો એમ કર્યો **'નર નારકાદિ પર્યોયોમેં મગ્ન હો રહે હૈં,...'**

**'વે જીવ પર્યાયમેં રત...'** આહાહા..! એ જીવ પરપર્યાયમાં રત. નિશ્ચયથી તો એક સમયની પર્યાય પણ પર છે. સમજાણું કાંઈ? નિશ્ચયથી તો ત્રિકાળી જે જ્ઞાયકભાવ સ્વકાળ છે, ત્રિકાળ, એની અપેક્ષાએ એક સમયની પર્યાય પણ પરકાળ છે. સમજાણું કાંઈ? ત્રિકાળી વસ્તુ જે છે એ સ્વકાળ છે અને એક સમયની પર્યાય એ પરકાળ છે. આહાહા..! એક સમયની પર્યાય એ પરદ્રવ્ય છે. ત્રિકાળી સ્વદ્રવ્યની અપેક્ષાએ. આહાહા..! એક જ સમયની પર્યાયમાં પર્યાય મૂંઢા. ૪૧૩માં એમ કહે કે વ્યવહારમૂંઢા. જે પર્યાય અને રાગમાં મૂંઢ છે. પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ મૂળ નિધિ, મૂળ નિધિ, એની દૃષ્ટિ નથી, એનો અંતર સ્વીકાર નથી, તે એક સમયની પર્યાયનો સ્વીકાર કરે છે એ મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે. સમજાણું કાંઈ?

'સમયસાર નાટક'માં ન આવ્યું? પર્યાય મૂંઢા, પર્યાયબુદ્ધિ... આતમ ગવેષી ન ગૃહસ્થ, ન યતિ હૈ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ ન ગૃહસ્થ છે, ન મુનિ છે. સમ્યક્ ચોથે. આહાહા..! **'સ્વાર્થ કે સાચે, પરમાર્થ કે સાચે, સાચે સાચે વેણ કહે, સાચે જૈન મતિ હૈ, કાહુકે વિરોધિ નાહિ, પરજાય બુદ્ધિ નાહિ,...'** સમજાય છે? 'ધન્નાલાલજી'! ક્યાં પણ ધંધામાં નવરાશ ક્યાં છે? નિવૃત્તિ લેવી પડશે. નહિતર ભવ બગડી જશે. એવી વાત છે.

આહાહા..! એક ફેરી 'ગજરાજધર'ને કહ્યું હતું. તમારા 'ગજરાજધર'ને વ્યાખ્યાનમાં. બેટા! ખબર છે ત્યાં 'કલકત્તા'માં? રાત્રે બેઠા હતા. કાંઈ સમજાય છે? આહાહા..!

ભગવાનઆત્મા સમ્યગ્દૃષ્ટિ કેવા હોય છે? '**કાહુકે વિરોધી નાહિ. પરજાય બુદ્ધિ નાહિ.**' એક સમયની પર્યાયની બુદ્ધિ, એને પર્યાયબુદ્ધિ નથી. આહાહા..! '**આતમગવેશી.**' એ તો ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ, એની ગવેષણા-શોધક છે. આતમગવેશી છે એ તો. સમજાણું કાંઈ? '**આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં. સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ...**' આહાહા..! અનંત આનંદની શક્તિ રિદ્ધિ પોતામાં દેખાય છે. બહારમાં આ ધૂળની રિદ્ધિ એ આત્માની નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પોતાની રિદ્ધિ પોતામાં દેખાય છે. આહાહા..!

મુમુક્ષુ :- અજ્ઞાનીને ક્યાં દેખાય છે?

ઉત્તર :- અજ્ઞાનીને બહારમાં દેખાય છે. સ્ત્રી, કુટુંબ, શરીર, પૈસા, આબરૂ એ અમારી ઋદ્ધિ. મૂઢ છે. 'પોપટભાઈ'! પૈસા અને છોકરા જાજા છે. એમ કે હવે એમાં... આહાહા..!

આ પ્રભુ! તું કોણ છો? અનંત અતીન્દ્રિય આનંદનું દળ છો. તું દળ છો. અતીન્દ્રિય આનંદનો પિંડ છે. આહાહા..! એની દૃષ્ટિ થવાથી આનંદના ઝરણા ઝરે છે. સમજાણું કાંઈ? આહાહા..! એક સમયની પર્યાય અને શરીરાદિમાં મૂઢ છે એને તો દુઃખના ઝરણા (વહે છે), દુઃખનું વેદન છે. આહાહા..! બહારમાં કોઈ સંયોગથી દુઃખ છે કે સંયોગના વિરહથી દુઃખ છે, દુશ્મનના વિરહથી સુખ છે, સ્ત્રીના વિરહથી દુઃખ છે, એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એક સમયની પર્યાય અને રાગને અને શરીરને પોતાના માનવા, બહારની ઋદ્ધિને પોતાની માનવી એ મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. સમજાણું કાંઈ? અને સમકિતી '**સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ...**' પોતાના સ્વરૂપમાં પૂર્ણ આનંદ, અતીન્દ્રિય આનંદ, એવી રિદ્ધિ ધર્મી પોતામાં જુએ છે. સિદ્ધિ. એ સિદ્ધ દશાની પ્રાપ્તિ થવી એ જ પોતાની સિદ્ધિ છે. કોઈ વચનની સિદ્ધિ થાય એ નહિ. આહાહા..! પોતાના પરમાત્મ સ્વરૂપની સિદ્ધિ દૃષ્ટિમાં આવી એ જ એની સિદ્ધિ થઈ.

'**સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધી દીસૈ...**' આહાહા..! શુદ્ધ ચૈતન્યની પર્યાયમાં વૃદ્ધિ દેખાય છે. વસ્તુ તો વસ્તુ છે. પણ વસ્તુની દૃષ્ટિ થતાં.. માણસ નથી કહેતા? હમણા અમે તો ઘણા વધી ગયા. પૈસાથી, આબરૂથી. અમારા કાઠિયાવાડમાં કહે છે. શું કહેવાય એ? .. ભાષા છે કાંઈક. એ કાંઈક ભાષા છે. ચડતીટોચ એમ કાંઈક કહે છે. ચડતીડેગરી સમજાણું કાંઈ? ચડતી ડેગરી ન તોડવી એમ કહે છે. વેલ કહે છે. છે તો ખરી. ચડતી ડેગરી એમ કે આબરૂમાં વધીએ છીએ, આમ વધીએ છીએ, આમ વધીએ છીએ. સમજ્યા? ચડતી ડેગરી. અમારે તો સીધો શબ્દ આવ્યો હતો ને. જ્યારે મોટા ભાઈના લગ્ન હતા. અમે કહ્યું કે અમારું નામ ન લેતા લગન કરવામાં. અમારે તો બ્રહ્મચર્ય લેવું છે. લોકો ભડક્યા એકદમ. (સંવત) ૧૯૬૮ની સાલ, મહા મહિનો. ભાઈના લગન થયા. અરે..! ચડતી ડેગરી તોડો છો તમે.

એમ કહે. આ બહારની.

મુમુક્ષુ :- બીજી ચડવાની હતીને.

ઉત્તર :- શું ધૂળેય નહિ. આહાહા..! આબરૂ વધે છે એમાં ઘા પડે છે. આહાહા..! શું (ઘા) પડે છે?

અહીં તો '**સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ...**' આહાહા..! ક્ષણે ક્ષણે શુદ્ધતાની વૃદ્ધિ દેખાય છે. આહાહા..! એટલે કે શુદ્ધતાનું ભાન થયું અને જે શુદ્ધતા પ્રગટ થઈ એટલો તો સંવર છે અને ક્ષણે ક્ષણે શુદ્ધતા વધે છે એનું નામ નિર્જરા છે. અને શુદ્ધતાની પૂર્ણતા થાય એનું નામ મોક્ષ છે. આહાહા..! એ ચડતી ડેગરી છે. આગળ વધતા વધતા કેવળજ્ઞાન (થશે). આહાહા..! એ કહ્યું હતું ને એકવાર. 'ધવલ'માં એમ આવે છે. પોતાના સ્વરૂપનું જ્યાં ભાન થયું કે હું પૂર્ણાનંદ પ્રભુ છું. એમાં જે મતિ અને શ્રુતજ્ઞાન થયું પોતાના જાણકભાવથી એ મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. 'ચંદુભાઈ'! આવો પ્રભુ. કેવળજ્ઞાન મારી પર્યાયની રિદ્ધિ નજીક આવો. આહાહા..! કરોડ ને લાખ ને કરોડ ને અબજ ને આ. આહાહા..!

પોતાનું સ્વરૂપ ચિદાનંદનું જ્યાં મતિજ્ઞાનમાં જ્ઞાન થયું, સમ્યગ્જ્ઞાન (થયું), એ જ્ઞાન આત્માને જાણવામાં પ્રત્યક્ષ થાય છે. પરના વિકલ્પની, નિમિત્તની, મનની સહાય નથી. એ મતિજ્ઞાન એમ પોકાર કરે છે-અંદર વીર્ય ઉછળે છે. આહાહા..! કેવળજ્ઞાનને બોલાવે છે. કેવળજ્ઞાન નથી ને? અંદર શક્તિરૂપે છે ને? બહાર આવો... બહાર આવો. પૂર્ણ આવો.. પૂર્ણ આવો. હું પૂર્ણ રિદ્ધિ સિદ્ધિવાળો થઈ જાઉં. આહાહા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. આવી ચીજને ભૂલીને પર્યાયમાં મૂઢ છે. મગ્ન કહ્યું છે. મૂઢ છે. '**વે જીવ પરપર્યાયમેં રત મિથ્યાદૃષ્ટિ છે.**' આહાહા..! એ જીવ પરપર્યાયમાં રત. એ શરીર કહો કે પર્યાય એક ક્ષણની છે એ પણ ખરેખર દ્રવ્યથી પર છે. સમજાણું કાંઈ? આહાહા..! '**ઐસા ભગવાનને કહા હૈ,...**' ત્રિલોકનાથ સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં ગણધર અને એકભવતારી ઈન્દ્રોની વચ્ચે ભગવાનની આ વાણી હતી. અસંખ્ય દેવ એક વિમાનમાં, એવા બત્રીસ લાખ વિમાનનો સ્વામી શક્રેન્દ્ર અને એની ઈન્દ્રાણી એકભવતારી (છે). પતિ-પત્નિ બેય એકભવતારી છે. એની સભામાં હાજરીમાં ભગવાનની આ વાણી હતી. આહાહા..! સમજાણું કાંઈ? અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર. આ બાજુ ઈશાનઈન્દ્ર અર્ધલોકના સ્વામી. ઉત્તરના. ઓલા દક્ષિણ. આહાહા..! ભરતક્ષેત્રના આખા ચક્રવર્તી. આ તો કહે કે અર્ધલોકના સ્વામી. સમજાણું કાંઈ? એ ભગવાનની વાણી સાંભળવા સમવસરણમાં આવે છે. આહાહા..! બત્રીસ લાખ વિમાન, એક એક વિમાનમાં અસંખ્ય દેવ (છે). એ વૈભવ મારી ચીજ નથી. મારી ચીજનો વૈભવ તો આનંદનો નાથ. આહાહા..! 'કુંદકુંદાચાર્યે' ન કહ્યું? હું નિજ વૈભવથી કહીશ. હું 'સમયસાર' નિજ વૈભવથી કહીશ. પ્રભુ! તમારો નિજ વૈભવ શું છે? કે અમારો નિજ વૈભવ અંતરમાં આનંદના ઝરણા થયા, પ્રચુર સ્વસંવેદન થયું.. આહાહા..! એનાથી અમારી આત્મલક્ષ્મી-આનંદની પર્યાયમાં પ્રાપ્તિ થઈ. આહાહા..! એ અમારો નિજવૈભવ (છે). જે અમારી પર્યાયના અનુભવમાં આનંદની

મહોરછાપ પડી છે. આહાહા..! અમારા અનુભવમાં, અમારા વૈભવમાં આનંદનો મહોરછાપ છે. આહાહા..! કહો, સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પોસ્ટમાં નથી મારતા?

આ કહે છે, ભગવાન! આહાહા..! પ્રભુ! અમારો વૈભવ તો આ છે. પૂર્ણાનંદના નાથમાં આનંદ ઝરે છે. આહાહા..! એ અમારું ઝરણું અને એ અમારી નિધિ છે. આહાહા..! ડુંગરમાંથી જેમ પાણી ઝરે, એમ આનંદના નાથમાં એકાગ્ર થઈને આનંદ ઝરે એ અમારો વૈભવ છે. એ વૈભવથી અમે 'સમયસાર' કહીશું. આહાહા..! ભગવાન કહે છે અને કહીશું એમ નથી. શ્વેતાંબરમાં એમ આવે છે. પહેલા શ્લોકમાં. '...' સુધર્મ ઈન્દ્ર. છે ને સુધર્મ? સુધર્મ શું કહેવાય? સુધર્મ ગણધર જંબુને કહે છે, હે જંબુ! ભગવાને મને જે કહ્યું છે એ હું તમને કહું છું. અહીં કહે છે, એમ નથી. અહીં તો કહે છે, હું મારા નિજ વૈભવથી કહું છું. આહાહા..! ભગવાને કહ્યું એ હું કહું છું એમ નથી. વિશેષ સમજાવવું હોય તો એમ કહે કે ભગવાન એમ કહેતા હતા. જિનવરદેવ એમ કહે છે. '**जिणवरु एउँ भणेइ**' એમ ન આવ્યું? '**जिणवरु एउँ भणेइ**' આહાહા..! જેને જીવ જિનવર કહે એ જીવ તો મોક્ષના માર્ગ અને મોક્ષની પર્યાયથી ભિન્ન છે. જેને ભગવાને જીવ કહ્યો. આહાહા..! ભગવાનઆત્મા જેને ભગવાને કહ્યું. ન્યાં તો જીવ શબ્દ વાપર્યો છે. કેમકે બીજા કહે કે જીવ એટલે અલ્પજ્ઞ નહિ, આત્મા પૂર્ણ નિર્લેપ છે. એમ છે નહિ. એ આત્મા કહો કે જીવ કહો (એકાર્થ છે).

'**जिणवरु एउँ भणेइ**' ભગવાન (એમ કહે છે), મોક્ષ અને મોક્ષના માર્ગને જીવ કરતો નથી. આહાહા..! એ પર્યાય છે. પર્યાયને કરતો નથી એ જીવને અમે જીવ કહીએ છીએ. સમજાણું કાંઈ? આહાહા..! રાગને કરે અને શરીરની અવસ્થાને કરે એ તો જીવ નથી, એ તો જડ છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ તો વાણી વીતરાગ સંતોની! આહાહા..! દિગંબર સંતો એ કેવળજ્ઞાનના કેડાયતો! કેવળજ્ઞાન રેડ્યા છે એકલા! આહાહા..!

સિદ્ધાંતમાં એમ આવે છે ને કે તીર્થંકર જે ઉપદેશ આપે છે એ ભાવશ્રુતનો ઉપદેશ છે. વાણીમાં ભાવશ્રુત (આવ્યું છે) એમ કહે છે. એ કેવળજ્ઞાનનો ઉપદેશ આપે છે એમ નથી. 'ચંદુભાઈ'! 'ધવલ'માં છે. આહાહા..! તીર્થંકર ભગવાન ભાવશ્રુત જ્ઞાનથી ઉપદેશ આપે છે. ભાવશ્રુત જ્ઞાન તો છે નહિ. પણ એ વાણીમાં દ્રવ્યશ્રુતપણું આવ્યું એનાથી સાંભળનારને ભાવશ્રુત થાય છે. આહાહા..! ગણધરને જ્યાં .. ભાવશ્રુતમાં નિમિત્ત છે. ભાવશ્રુત તો એનાથી થાય છે પણ નિમિત્ત છે તો એ વાણીને જ ભાવશ્રુત કહ્યું. ભગવાનની વાણી કેવળજ્ઞાનીને ભાવશ્રુત. એને શ્રુતજ્ઞાન નથી, પણ કથનમાં ભાવશ્રુતથી આવે છે એમ કહેવામાં આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? એવી ભાવશ્રુતની મહિમા બતાવી.

અહીંયાં કહે છે કે એ મૂઢ જીવ ભગવાને કહ્યા. આહાહા..! '**और जो उपयोग**

**લક્ષણરૂપ નિજભાવમેં લિપ્ત રહે હૈં...**' લ્યો! ભાષા એટલી લીધી હતી. મિથ્યાદૃષ્ટિ. પણ પરસમય શબ્દ છે. પરસમય. પરસમય એટલે અણાત્મા. આહાહા..! જે કોઈ એક સમયની પર્યાય અને રાગમાં રત છે એ અણાત્મા છે. સમજાણું કાંઈ? પૂર્ણ સ્વરૂપને છોડીને એક સમયની પર્યાયમાં અને રાગમાં રત છે એ પરસમય અણાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! કહો, 'અમરચંદભાઈ'! આહાહા..! કહો, સમજાણું કાંઈ?

ત્યારે સ્વસમય કોને કહીએ? આત્મા કોને કહીએ? કે '**ઉપયોગ લક્ષણરૂપ નિજભાવ...**' જુઓ! ત્રિકાળી જે ઉપયોગભાવ એ નિજભાવ. આહાહા..! એમાં '**લિપ્ત રહે હૈ...**' નિજ ભાવમાં ઠરે છે. રાગમાં ઠરે છે, પુણ્યમાં ઠરે છે એ તો અનાત્મા મિથ્યાદૃષ્ટિ છે. અરે..! ભગવાન! હવે અહીં કહે છે કે વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થાય છે. પંડિતોના એ લખાણ (આવે છે). આહાહા..! બાપુ! વીતરાગના માર્ગમાં એમ જુલમ ન ચાલે. આહાહા..!

અહીં તો કહે છે, '**ઉપયોગ લક્ષણરૂપ નિજભાવમાં લિપ્ત રહે હૈ...**' ઉપયોગ લક્ષણ જેનું છે એવો ભગવાનઆત્મા, એમાં જે ઠરે છે, રમે છે, જમે છે '**વે સ્વસમયરૂપ સમ્યગ્દૃષ્ટિ હૈ,...**' આહાહા..! વ્યવહારરત્નત્રયમાં રમે છે અને ઠરે છે એ તો અનાત્મા છે, એમ કહે છે. એ તો પરસમય છે. આહાહા..! આ વીતરાગની વાણી, સંતોની તો આ છે. ત્યાં કોઈ વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય કહ્યું હોય છે ને? એ (ત્યાં) વળગ્યા. 'પંચાસ્તિકાય'માં કહ્યું છે ને. પણ એ તો સાધનના બે પ્રકાર એ કથન છે. વ્યવહાર સાધન તો કથનમાત્ર છે, યથાર્થ સાધન નહિ. જેમ મોક્ષમાર્ગના કથન બે પ્રકારે છે. મોક્ષમાર્ગ બે નથી. એમ સાધકનું કથન બે પ્રકારનું છે. સાધક બે પ્રકારના નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**નિજભાવમેં લિપ્ત રહે હૈ...**' જુઓ! રાગાદિ, પુણ્યાદિ નિજ ભાવ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ નિજ ભાવ નહિ. ઉપયોગ એ નિજ ભાવ છે. જાણવું, દેખવું એવો ઉપયોગ નિજ ભાવ છે. એમાં જે રમે છે, ઠરે છે... આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા? એને કહે છે સમ્યગ્દૃષ્ટિ?

ઉત્તર :- એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. સ્વસમય ઉપયોગમાં રમે છે, દૃષ્ટિ પડી છે અને રમે છે એનું નામ સ્વસમય છે. આહાહા..! પર શરીર આદિ, લક્ષ્મી આદિમાં તો નહિ પણ પુણ્યના દયા, દાન, વ્રતના વિકલ્પમાં પણ રમતા નથી. એ તો જ્ઞાતાનું વ્યવહાર જ્ઞેય છે. ધર્મીનું વ્યવહાર જ્ઞેય એટલે પરજ્ઞેય છે. રાગ સ્વજ્ઞેયથી ભિન્ન છે. અને ધર્મી સ્વજ્ઞેય એવો આત્મા ઉપયોગમાં (ઠરે છે). આહાહા..! માર્ગ કઠણ છે, ભાઈ! વસ્તુસ્થિતિ અશકય નથી પણ દુર્લભ તો છે. આહાહા..!

મુમુક્ષુ :- આપે સુલભ કરી દીધી.

ઉત્તર :- વાત તો એવી છે.

ઉપયોગ જે ચૈતન્યનો ઉપયોગ છે, ત્રિકાળી ઉપયોગ છે આહાહા..! એમાં ઠરવું.

સમજાણું કાંઈ? પણ પર્યાયમાં નહિ. ત્રિકાળી ઉપયોગસ્વરૂપ. ધ્રુવ ઉપયોગ છે ને? 'નિયમસાર'માં કહ્યું છે. ઉપયોગ ત્રિકાળી છે એને પણ અમે ઉપયોગ કહીએ છીએ. 'નિયમસાર'. ત્રિકાળી, હોં! ધ્રુવ. જ્ઞાન-દર્શન જે ધ્રુવ એને પણ ઉપયોગ કહીએ છીએ. પરિણતિ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ઠરે છે એ વર્તમાન પર્યાય. પણ ઠરે છે કોનામાં? ત્રિકાળી ઉપયોગ આત્મામાં. આહાહા..! માર્ગ આવો છે, ભાઈ! જન્મ-મરણના અંતનો આ વીતરાગ માર્ગ છે. બીજે ક્યાંય છે નહિ. આહાહા..! અરે..! એને આવું મનુષ્યપણું મળ્યું, અનંતે કાળે માંડ મનુષ્યપણું મળે, એમાં પણ જૈનધર્મ સાંભળવાનો મળે, જૈનધર્મના કુળમાં અવતાર થાય એ મહા દુર્લભ છે. એમાં આવી સત્ય વાણી વીતરાગની કાને પડે.

પ્રભુ! તું કોણ છો? આહાહા..! પ્રભુ! તું અમારી વીતરાગી પર્યાય સિદ્ધિની, એનાથી પણ અનંતગુણી શક્તિ તારી અંદર છે. એવો ત્રિકાળ જ્ઞાન-દર્શન ઉપયોગમય પ્રભુ, એમાં રમવું. રમવું એ પર્યાય છે. પણ દ્રવ્ય-ગુણ જે ત્રિકાળ છે એમાં રમવું. આહાહા..! સમજાણું કાંઈ? 'પ્રવચનસાર' બીજો અધ્યાય છે ને જ્ઞેય અધિકાર? જ્ઞેય અધિકારનો અર્થ જ 'જયસેનાચાર્યે' લીધો છે-દર્શન અધિકાર-સમકિત અધિકાર. પહેલી ૯૨ ગાથા જ્ઞાન અધિકાર. પછી ૯૩ ગાથાથી જ્ઞેય અધિકાર-દર્શન અધિકાર, પછી ચરણાનુયોગની (૨૦૧થી ૨૭૫ ગાથા) એ ચારિત્ર-ચરણાનુયોગનો અધિકાર. આહાહા..! એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એમ ત્રણ અધ્યાય છે. 'પ્રવચનસાર'. આ વચલા અધ્યાયની ગાથા છે. દર્શન અધિકારની. સમજાણું કાંઈ? વાત તો થોડી પણ માલ ઘણો મોટો છે. સમજાણું કાંઈ?

ત્રિકાળી ભગવાનઆત્મા, જે ઉપયોગસ્વરૂપ ત્રિકાળ, ઉપયોગલક્ષણ નિશ્ચય. આવે છે? 'તત્ત્વાર્થસૂત્ર'. 'તત્વાર્થસૂત્ર'. ઉપયોગ લક્ષણં. ભગવાન ઉપયોગ લક્ષણ. 'તત્ત્વાર્થસૂત્ર'માં આવે છે. ... નિત્ય ઉપયોગ લક્ષણ જેનું ત્રિકાળ. પણ એ લક્ષણ ધ્રુવ છે, એની પર્યાયમાં એ લક્ષણનું જ્ઞાન થાય છે. એ પર્યાય લક્ષણ છે એટલે પકડે છે. તો ખરેખર તો પર્યાય લક્ષણ થઈ. ઓલું ધ્રુવ છે એ તો લક્ષમાં આવે છે પણ એ લક્ષ કરતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! લક્ષ કરે છે એ તો પર્યાય કરે છે. ધ્રુવ ઉપયોગ લક્ષણં ભગવાન તો છે. એ પર્યાયને ત્યાં જમાવી દે. આહાહા..! એને આનંદનું ભોજન કરવા દે. આહાહા..! 'ધન્નાલાલજી'! આ બધા દુઃખના ભોજન, હોં! તમારા બધા. પૈસા ને છોકરા ને બાયડી બેઠા હોય જાણે, .. બેઠા હોય ચારે કોર. છ છોકરા, છ વહુ, એના વળી લગન-બગન હોય એના સાળા ને સાસરા ને એવા બધા આવ્યા હોય. આહાહા..!

મુમુક્ષુ :- ઘણી મજા આવે.

ઉત્તર :- ઘણી મજા આવે દુઃખની. આહાહા..!

અહીં તો કહે છે..ય આ બીજી ગાથા છે. આહાહા..! ટીકામાં ભૂલ થઈ ગઈ છે. એ તે દિ' લખ્યું છે વાંચતા, હોં! વાંચતા લખ્યું છે. એ વખતે લખ્યું છે. પહેલી ગાથા છે એ

મોક્ષપ્રાભૃતની પંદરમી છે. પહેલી છે ઈ. '**परदव्वरओ**' પરદ્રવ્યમાં રક્ત છે એ મિથ્યાદષ્ટિ છે. '**मिच्छत्तपरिणदो उण बज्झदि दुट्ठट्ठकम्मेहिं।**' છે ને? મોક્ષપ્રાભૃત છે. '**परदव्वरओ मिच्छादिट्ठी हवेइ सो साहू। मिच्छत्तपरिणदो उण बज्झदि दुट्ठट्ठकम्मेहिं।**' પહેલી ગાથા હતી એ મોક્ષપ્રાભૃતની હતી. અને આ છે 'પ્રવચનસાર'ની. 'પ્રવચનસાર'-દિવ્યધ્વનિનો સાર. આહાહા..!

જે કોઈ પોતાનો '**ઉપયોગ લક્ષણરૂપ નિજભાવમેં...**' આહાહા..! વ્યવહારત્નત્રયનો ભાવ એ નિજ ભાવ નહિ. આહાહા..! આકરી વાત છે. લોકોને એવું લાગે છે ને કે આ 'સોનગઢ'વાળા તો નિશ્ચયને જ મોક્ષમાર્ગ કહે છે. વ્યવહારને તો સાધન કહેતા જ નથી. એકાંત છે. એમ કહે છે. આહાહા..! આચાર્ય શું કહે છે? વ્યવહાર એ નિજ ભાવ જ નથી. અને નિજ ભાવમાં લીન થવું એમાં વ્યવહારમાં લીન થવું આવતું નથી. વ્યવહારથી તો છૂટે છે. આહાહા..!

'**સ્વસમયરૂપ સમ્યગ્દષ્ટિ હૈ,...**' શું કહ્યું ઈ? ભગવાન આનંદનો નાથ પ્રભુ. અહીં લક્ષણ લીધું છે. ઉપયોગલક્ષણ. જાણવું-દેખવું છે ને? આનંદ અને શ્રદ્ધા આદિ જાણતા-દેખતા નથી. એથી જાણન-દેખન ઉપયોગ લીધો છે. જાણન-દેખન શક્તિ ઉપયોગરૂપી આત્મા. '**અપનેમેં લિપ્ત રહે હૈ વે સ્વસમયરૂપ સમ્યગ્દષ્ટિ હૈ,...**' એ ઘરમાં રમે છે. રાગમાં રમે છે એ પરઘરમાં જાય છે-વ્યભિચારી. સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગમાં રમો, છે તો વ્યભિચાર. સંયોગી ભાવ છે ને? કર્તા-કર્મમાં રાગને સંયોગી કહ્યોને? સંયોગી ભાવ છે. જેમ બીજી સ્ત્રી સાથે વિષય લેવો એ વ્યભિચાર એમ આ સંયોગીભાવ છે એ તારો ભાવ નથી. એની સાથે રમવું એ વ્યભિચાર છે. આહાહા..! આવી વાતું, 'પોપટભાઈ'! આહાહા..! અરે! જિંદગી ચાલી જાય છે, બાપા! આ હો..હા..હો. હા.. બહારમાં. સમજાણું? આહાહા..! બહેનને આ બહારની વાતમાં કાંઈ રસ નથી.

મુમુક્ષુ :- આપ કંઈક ફરમાવો બહેન વિષે

ઉત્તર :- એ તો કહ્યું હતું ને. ૬૧ની સાલમાં ભોજન કરવા ગયા. ભાઈ હતા ને? બેય જણા હતા. મહારાજ! ૬૧ની સાલમાં. પોણો લાખ .. આહાર કરવા ગયા, મહારાજ! આ ક્યાં? અમે તો આત્માનું કરીએ છીએ. બહેન! તમારે તો જોવું. આહાહા..! (લોકો) જે કરે છે એ મારા હિસાબે તો બહુ ઓછું કરે છે. ત્યારે તો ઊભા રહે માંડ. મડદાની જેમ ઊભા (હતા). જોયા ને અત્યારે જોયા ને.

મુમુક્ષુ :- હિન્દી માણસો ઘણા છે.

ઉત્તર :- ઘણું છે. એટલે હિન્દી બોલો એમ કહે. એટલી ભાષા કહો.

મુમુક્ષુ :- બહેનને વિષે હિન્દી ભાઈઓને..

ઉત્તર :- કહ્યું ને બહેનની બાબત કહ્યું ને.

૬૧મી જન્મજયંતિમાં જ્યારે મોટો મહોત્સવ થયો હતો. ત્યાં ભોજન કરવા ગયા તો બહેન એમ બોલ્યા કે, મહારાજ! આ શું બધું? મેં કહ્યું બહેન! તમારે દેખવું-જાણવું. હું તો

એમ કહું છું કે લોકો કરે છે એ ઓછું કરે છે. મને તો એમ લાગે છે, ભાઈ! એય...! 'ચંદુભાઈ'! તમને એટલું માન આપે એ મને તો ઓછું લાગે છે. સમજાણું કાંઈ? બોલે નહિ, ઊભા રહે. નહિતર ઊભા પણ ન રહે.

અહીંયાં તો આત્મામાં જ્યાં રસ છે એમાં બહારમાં રસ ક્યાંથી આવે? આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનના સમવસરણમાં તો ઇન્દ્રો દેવ પુષ્પવૃષ્ટિ કરે છે. નહિ? વિમાનિક દેવ. એમાં ભગવાનને ખુશી છે? એ તો કેવળી છે. આહાહા..! અહીંયાં કહે છે કે જે પ્રાણી... આહાહા..! ભગવાન આત્મા ઉપયોગલક્ષણ સ્વરૂપ, ઉપયોગ સ્વભાવ સ્વરૂપ, એમાં જે અંતર રમે છે, રહે છે. ત્યાં રહે છે, ઘરમાં રહે છે. આહાહા..! રાગમાં રહેવા જાય એ પરઘરમાં જાય છે. સમજાણું કાંઈ?

ભજનમાં નથી કહ્યું? ગાતા હતા નહિ? 'અબ હમ કબહુ નિજ ઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે. પરઘર ભમત...' રાગ-દ્વેષમાં ભમતા 'અનેક નામ...' પુણ્યવંત, પાપી ને દેવ ને નારકી ને, આ મોટા પ્રધાન પુરુષ છે અને મોટા રાજા છે એવા નામ પરાધીનમાં ધરાવ્યા. આહાહા..! 'અબ હમ કબહુ નિજ ઘર આયે.' આ નિજઘર આ. પોતાનો ઉપયોગ પોતામાં રહે એમાં રમવું.. આહા..! દૃષ્ટિ લગાવીને સ્થિર થવું એ નિજઘરમાં આવ્યા છે. નિજઘરમાં આવ્યા એને હવે પરઘરની કાંઈ પડી નથી. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! એ માર્ગની કોઈ ધમાધમ (કરે) માટે ધર્મ થઈ જાય (એવું નથી). સમજાણું કાંઈ?

'યશોવિજયજી' કહે છે ને એ? 'ધામ ધુમે ધમાધમ ચલી જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.' બહારમાં ધામધૂમ. રથ મોટા નીકળે, લાખો-કરોડો રૂપિયા ખર્ચે. મંદિરો થાય. એમ જાણે કે આ ધર્મ છે. 'ધામ ધૂમે ધમાધમ ચલી જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.' ભગવાનઆત્મા ઉપયોગમાર્ગ અંદર છે. આહાહા..! જેના જન્મ-મરણનો અંત આવવાનો છે એને આ વાત બેસે. એવી વાત છે, ભાઈ! બાકી તો ભગવાનનો અનેકાંત માર્ગ છે. માટે નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય છે, એમ છે નહિ. એ અનેકાંત છે જ નહિ. નિશ્ચયથી થાય અને વ્યવહારથી નથી થતું એ અનેકાંત છે. સમજાણું કાંઈ? આ મોટી ગડબડ છે અત્યારે. આહાહા..!

'કુંદકુંદાચાર્ય'નો પોકાર, જાહેર જિંદગીમાં જાહેરાત કરે છે. આહાહા..! એની તો હયાતી હતી ને? જિંદગીના જીવનમાં-હયાતીમાં પોકાર કર્યો છે. પ્રભુ! તારી હયાતી આનંદકંદ શુદ્ધોપયોગ છે. ત્યાં રહે, ત્યાં ઠર. એને ભગવાન સ્વસમય, સ્વઆત્મા સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? વળી કેટલાક તો એમ કહે છે કે ચોથા ગુણસ્થાન સુધી સ્વસમય નથી. વળી સ્વસમયની પૂર્ણતા ચૌદમે ગુણસ્થાને હોય, એમ કહે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈ પુસ્તકમાં લખ્યું હશે.

ઉત્તર :- નહિ. કોઈ પુસ્તકમાં એમ નથી. બારમા ગુણસ્થાન સુધી હજી પરસમય

કહ્યું છે. અપૂર્ણ છે ને? એ અપેક્ષાએ. એકલો પરમસમય નથી. પણ સૂક્ષ્મ પરસમય છે. 'પંચાસ્તિકાય'માં છે ને? આહાહા..! 'પંચાસ્તિકાય'માં છે. છેલ્લી ગાથા. એ વળી યાદ આવી ગયું. અંદર છે, હોં! 'પંચાસ્તિકાય'માં છે. જે કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, એનાથી ધર્મ માને એ તો પરસમય મિથ્યાદૃષ્ટિ છે. પણ સમ્યગ્દર્શન સહિત પણ ભક્તિમાં આવે એટલો પરસમય છે. મિથ્યાદૃષ્ટિ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! 'પંચાસ્તિકાય'માં છે. હમણાં વાંચ્યું નથી.

**'સિદ્ધિના સાધનભૂત એવા અર્હંતાદિ ભગવંતો પ્રત્યે ભક્તિભાવથી અનુરંજિત ચિત્તવૃત્તિને તે અહીં શુદ્ધસંપ્રયોગ કહ્યો છે. હવે, અજ્ઞાનલવના આવેશથી જો કોઈ જ્ઞાનવાન પણ તે શુદ્ધસંપ્રયોગથી મોક્ષ થાય છે એવા અભિપ્રાય વડે ખેદ પામતો થકો...'** આહાહા..! ભગવાનની ભક્તિ દ્વારા પણ મુક્તિ થશે. એવો **'ખેદ પામતો થકો તેમાં (શુદ્ધોપયોગમાં) પ્રવર્તે, તો ત્યાં સુધી તે પણ રાગલવના સદ્ભાવને લીધે...'** અલ્પ પણ એ રાગ છે. **'પરસમયરત કહેવાય છે.'** આહાહા..! **'તો પછી નિરંકુશ રાગરૂપ ક્લેશથી કલંકિત એવી અંતરંગ વૃત્તિવાળો ઈતર જન શું પરમસમયરત ન કહેવાય?'** શું કહે છે?

જે કોઈ સમ્યગ્દૃષ્ટિ સ્વસમયમાં છે એ પણ જ્યારે ભક્તિમાં છે, તેને મોક્ષનો પંથ રોકાઈ જાય તો એનાથી મોક્ષ જાણે તો પરસમયરત છે. જો માને તો મિથ્યાદૃષ્ટિ છે. અને એટલું હોય તો એ સૂક્ષ્મ પરસમય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ 'સોનગઢ'માં છપાણું છે?

ઉત્તર :- ક્યાં છપાણું છે? પુસ્તક ગમે તેનું હોય. વાણી તો પહેલાની છે. વાણી તો છે એ છે. ૧૬૫ ગાથા, 'પંચાસ્તિકાય'. પરસમયની વ્યાખ્યા છે.

**'ઔર જો આત્મ-સ્વભાવમેં લગે હુએ હૈં,...'** આહાહા..! **'વે સ્વસમય (સમ્યગ્દૃષ્ટિ) હૈ,...'** છે? **'સારાંશ યહ હૈ, કિ જો પરપર્યાયમેં રત હૈં, વે તો પરસમય (મિથ્યાદૃષ્ટિ) હૈં ઔર જો આત્મ-સ્વભાવમેં લગે હુએ હૈં, વે સ્વસમય (સમ્યગ્દૃષ્ટિ) હૈં,...'** જુઓ! સ્વસમયની વ્યાખ્યા સમ્યગ્દૃષ્ટિ કરી. અને ઓલા સ્વસમયમાં સમ્યગ્દૃષ્ટિ કહે છે ... નહિ એટલે એને સ્વસમય ઉપર થાય. નીચે નહિ. સમજાણું કાંઈ? અરેરે..! તત્ત્વનો વિરોધ કરી નાખવો. પોતે ન પાળી શકે એ બીજી વાત છે. માર્ગ છે એવો તો માનવો જોઈએ. અનાદિ માર્ગ છે ભગવાનનો.

અહીં તો એ કહ્યું, જુઓ! તાત્પર્ય એ છે કે **'પરપર્યાયમેં રત હૈં, વે તો પરમસય (મિથ્યાદૃષ્ટિ) હૈં ઔર જો આત્મ-સ્વભાવમેં લગે હુએ હૈં,...'** આહાહા..! રુચિ અને જ્ઞાનમાં એ તરફનો ઝુકાવ છે. આહાહા..! **'વે સ્વસમય (સમ્યગ્દૃષ્ટિ) હૈ.'** સમ્યગ્દૃષ્ટિને અહીં સ્વસમય કહ્યા છે. ભલે અંશ છે પણ છે સ્વસમયને? સમજાણું કાંઈ? 'રયણસાર'માં બારમા ગુણસ્થાન સુધી પરસમય લીધા છે. બારમા ગુણસ્થાન સુધી, તેરમે સ્વસમય. બસ. પછી પરસમય નથી. ત્યાં 'દિલ્હી'માં કહેતા હતા, ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય

છે. સિદ્ધમાં સ્વસમય. એમ છે નહિ. ઓલા 'જિનેન્દ્રવર્ણી' બેઠા હતા. કીધું, આ શું કહે છે? કોઈ અપેક્ષાથી કહે છે. શાસ્ત્રમાં એ શબ્દ જ નથી. એમ કે જરી ઓલો અઘાતિનો ઉદયભાવ છે ને? પણ એને લઈને એ પરસમય નથી. સમજાણું કાંઈ? એ તો આત્માના આનંદમાં કેવળજ્ઞાની પરમાત્માપણું થયું છે. પોતાના સ્વસમયમાં જ છે. સમજાણું કાંઈ? વિપરીત પર્યાય છે એટલી. પણ છતાં એના જ્ઞાનમાં જ્ઞાન થયું, આનંદ થયો એમાં એ લીન છે. પરસમય એને જરીએ નથી. ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય છે નહિ. સિદ્ધમાં સ્વસમય. એ બધા.. માણસને અનુકૂળ લગાડવા માટે.. 'કૈલાસચંદજી' હતા એ બોલ્યા હતા ઓહો..! બહુ સરસ વ્યાખ્યાન છે. લ્યો ઠીક! સરસ વ્યાખ્યાન છે. આહાહા..! અરે...! ભગવાન!

અહીં તો સમ્યગ્દૃષ્ટિને જ સ્વસમય કહે છે. '**યહાં પર આત્મજ્ઞાનરૂપી વીતરાગ સમ્યક્ત્વસે પરાઙ્મુખ જો મિથ્યાત્વ હૈ,...**' લ્યો! શું કહ્યું વળી? '**આત્મજ્ઞાનરૂપી વીતરાગ સમ્યક્ત્વસે...**' એટલે ચોથે ગુણસ્થાને વીતરાગ સમકિત લીધું છે. વીતરાગ ચારિત્રસહિત એ આવ્યું હતું. વીતરાગ ચારિત્રસહિત જે સમ્યગ્દર્શન છે એ ઉત્કૃષ્ટ સાધક છે. એ આવ્યું હતું પહેલા. આમાં આવ્યું હતું ને? '**વીતરાગ ચારિત્રકે અનુકૂલ...**' એ ૭૬ ગાથામાં છે. '**વીતરાગ ચારિત્ર કે અનુકૂળ જો શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ સમ્યક્ત્વ હૈ,...**' એ વીતરાગ સમકિત છે. પણ એ રાગ રહિત બતાવવું છે વીતરાગ ચારિત્ર સહિત છે એને વીતરાગ ચારિત્ર.

અહીં જે કહ્યું એ વીતરાગ સમકિત રાગ હો, પણ સમ્યગ્દર્શન છે એને સ્વસમય સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? એની મોટી તકરાર છે. એમ કહે પહેલા વીતરાગતા હોતી નથી સરાગ સમકિત છે. ચોથે ગુણસ્થાને સરાગ સમકિત છે એમ કહે છે. સમજાણું કાંઈ? 'જયસેનાચાર્ય'ની ટીકામાં આવે છે. પણ એ તો ચારિત્રના દોષવાળું સમકિત છે. સમકિતના દોષવાળું એમ નહિ. સમજાણું કાંઈ? ચારિત્રનો દોષ છે એટલે સમકિતને સરાગસમકિત કહ્યું. સમકિત સરાગ છે જ નહિ. વીતરાગી સમકિત તે સમકિત છે. 'પંચાધ્યાયી'મા સરાગ સમકિતનો ઘણો ખુલાસો કર્યો છે. 'પંચાધ્યાયી'માં. સરાગ સમકિત-બમકિત છે જ નહિ. સમકિત તો વીતરાગ પર્યાય છે. આહાહા..!

'**આત્મજ્ઞાનરૂપી વીતરાગ સમ્યક્ત્વસે પરાઙ્મુખ...**' અહીં તો એમ લીધું, ભાઈ! લ્યો! આત્મજ્ઞાનથી પરાઙ્મુખને મિથ્યાદૃષ્ટિ કીધો. અને આત્મજ્ઞાનથી વીતરાગ સમકિતથી પરાઙ્મુખ કીધો. એટલે નિશ્ચય ચારિત્રમાં વીતરાગ સમકિતથી પરાઙ્મુખ... લોકોને કાંઈકને કાંઈ પોતાની કલ્પનાથી... આહાહા..!

અહીં તો આત્મજ્ઞાન, ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદ સ્વરૂપ. આઠ વર્ષની બાળકી હોય. બાળિકા તો શરીરની અવસ્થા છે. આત્મા ક્યાં બાળિકા છે. આહાહા..! પણ ભગવાનઆત્મા અંદરમાં... આહાહા..! બહારના હાડકા આદિની સુંદરતા જેને લાગે એને અંતરની સુંદરતા નહિ લાગે. સમજાણું કાંઈ? બહારની સુંદરતામાં

જેને આકર્ષણ થાય છે, શરીર આવું ને આવું અને આ. અરે..! બહારની સુંદરતામાં આકર્ષણ! સ્વભાવથી વિભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

શરીર જુવાન હોય, ૨૦-૨૫ વર્ષની ઉંમર હોય, ગૃહસ્થ હોય, ખાધા-પીધે ઠીક હોય, કપડા પહેર્યા હોય, દાગીના-બાગીના... આહાહા..! દાગીના સમજ્યા? ઝેવર. આહાહા..! ગૃહસ્થ પણ ફૂલ નાખે છે ને ફૂલ? આદમી પણ ફૂલ પહેરે છે. 'ભગવાનલાલ' કાનમાં નથી પહેરતા? એના ભાઈ પહેરે છે. ઈ પોતે નથી પહેરતા. કાનમાં રાખે. શેઠ! એમ રાખે. અમારે 'ગાંડાભાઈ' હતા. આ 'મનહર'ના બાપના બાપ. એ રાખતા ફૂલ, હોં! 'મનહર'! એને જોયા હતા 'ગાંડાભાઈ'ને? નહિ જોયા હોય. જોયા હતા પણ એ ફૂલ રાખતા, ફૂલ. કાનમાં ફૂલ રાખતા. પહેલા ટેવ હતી. એ ધૂળના શણગાર મડદાના શણગાર છે. આહાહા..! આત્માના શણગાર તો સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. એની એ શોભા છે. આ ધૂળને આ રંગે અને આ કરે. મારવાડમાં તો નહિ અહીં બધા સોનાના નાખે. ધૂળમાંય નથી આ.

અહીં તો પરમાત્મા એમ કહે છે, '**આત્મજ્ઞાનરૂપી વીતરાગ સમ્યક્ત્વસે...**' વજન અહીં દેવાનું છે. એ આત્મજ્ઞાન ચોથે ગુણસ્થાને વીતરાગ સમકિત જ છે. આહાહા..! એનાથી '**પરાઙ્મુખ જો મિથ્યાત્વ હ, વહ ત્યાગને યોગ્ય હૈ.**' પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ છોડવાલાયક છે. વ્યવહારબુદ્ધિ છોડવાલાયક છે. નિશ્ચયબુદ્ધિ આદરવા લાયક છે. એ ૭૭ કહી. હવે જરી.. બધી મિથ્યાત્વની ગાથા છે ને?

---

**अथ मिथ्यात्वोपार्जितकर्मशक्तिं कथयति –**

**७८) कम्मइँ दिढ–घण–चिक्कणइँ गरुवइँ वज्ज–समाइँ।**
**णाण–वियक्खणु जीवडउ उप्पहि पाडहिँ ताइँ।।७८।।**

**कर्माणि दृढघनचिक्कणानि गुरुकाणि वज्रसमानि।**
**ज्ञानविचक्षणं जीवं उत्पथे पातयन्ति तानि।।७८।।**

**कम्मइं दिढघणचिक्कणइं गरुवइं वज्जसमाइं कर्माणि भवन्ति। किंविशिष्टानि। दृढानि बलिष्ठानि घनानि निबिडानि चिक्कणान्यपनेतुमशक्यानि विनाशयितुमशक्यानि गुरकाणि महान्ति वज्रसमान्यभेद्यानि च। इत्थंभूतानि कर्माणि किं कुर्वन्ति। णाणवियक्खणु जिवडउ उप्पहि पाडहिं ताइं ज्ञानविचक्षणं जीवमुत्पथे पातयन्ति। तानि कर्माणि युगपल्लोकालोक–प्रकाशककेवलज्ञानाद्यनन्तगुणविचक्षणं दक्षं जीवमभेदरत्नत्रयलक्षणान्निश्चयमोक्षमार्गात्प्र–तिपक्षभूत उन्मार्गे पातयन्तीति। अत्रायमेवाभेदरत्नत्रयरूपो निश्चयमोक्षमार्ग उपादेय इत्यभिप्रायः।।७८।।**

**आगे मिथ्यात्वकर अनेक प्रकार उपार्जन किये कर्मोंसे यह जीव संसार–वनमें भ्रमता है, उस कर्मशक्तिको कहते हैं –**

**गाथा – ७८**

**अन्वयार्थ :– [ तानि कर्माणि ] वे ज्ञानावरणादि कर्म [ ज्ञानविचक्षणं ] ज्ञानादि गुणसे चतुर [ जीवं ] इस जीवको [ उत्पथे ] खोटे मार्गमें [ पातयंति ] पटकते (डालते) हैं। कैसे हैं, वे कर्म [ दृढघनचिक्कणानि ] बलवान हैं, बहुत हैं, विनाश करनेको अशक्य हैं, इसलिये चिकने हैं, [ गुरुकाणि ] भारी हैं, [ वज्रसमानि ] और वज्रके समान अभेद्य हैं।**

**भावार्थ :– यह जीव एक समयमें लोकालोकके प्रकाशनेवाले केवलज्ञान आदिका अनंत गुणोंसे बुद्धिमान चतुर है, तो भी इस जीवको वे संसारके कारण कर्म ज्ञानादि गुणोंका आच्छादन करके अभेदरत्नत्रयरूप निश्चयमोक्षमार्गसे विपरीत खोटे मार्गमें डालते हैं, अर्थात् मोक्ष–मार्गसे भुलाकर भव–वनमें भटकाते हैं। यहाँ यह अभिप्राय है, कि संसारके कारण जो कर्म और उनके कारण मिथ्यात्व रागादि परिणाम हैं, वे सब हेय हैं, तथा अभेदरत्नत्रयरूप निश्चयमोक्षमार्ग है, वह उपादेय है।।७८।।**

---

હવે, **મિથ્યાત્વથી ઉપાર્જન કરવામાં આવેલાં કર્મની શક્તિનું કથન કરે છે :**

**ભાવાર્થ : અહીં આ અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ જ ઉપાદેય છે, એવો અભિપ્રાય છે. ૭૮.**

---

## ગાથા-૭૮ ઉપર પ્રવચન

‘**આગે મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે કર્મોંસે...**’ પણ ભાષા એ મિથ્યાત્વભાવથી ઉપાર્જન કરેલા કર્મ, એ કર્મની શક્તિ ઘણી છે. એમ. મૂળ તો ભાવશક્તિ. અહીંયાં વિરોધ કર્યો મિથ્યાત્વનો, એનાથી કર્મ થયા. પહેલા કહ્યું ને? આહાહા..!

મુમુક્ષુ :- એ તો પરમદિવસે કીધું હતું.

ઉત્તર :- પછી પણ બંધાણા કેમ? બંધાણા ક્યાં? ‘**મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે કર્મોંસે,...**’ વજન અહીં છે ને? પહેલી લીટી.

‘**મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે કર્મોંસે...**’ અહીં વજન છે. એકલા કર્મ એમ ન લીધું. મિથ્યાત્વભાવથી બંધાયેલા કર્મ, એમાં શક્તિ છે. એની વિપરીત માન્યતા થઈને? આહાહા..! ‘**મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે...**’ વજન અહીંયાં છે. સમજાણું કાંઈ? જુઓ! ઉપર છે ૭૮માં સંસ્કૃત. ‘**मिथ्यात्वोपार्जितकर्मशक्ति**’ એમ છે.

માથે. ઉપર છે. '**मिथ्यात्वोपार्जितकर्मशक्ति**' એમ કહ્યું છે. પછી તો કર્મથી વાત કરશે. પણ એનું કારણ તો મિથ્યાત્વ વિપરીત ભાવ હતો. ખરેખર તો વિપરીત ભાવ છે એ કર્મશક્તિ છે ખરેખર. એ શક્તિ છે. એ એને રોકે છે. દ્રવ્યકર્મ તો નિમિત્તથી કથન છે. જડ શું રોકે?

મુમુક્ષુ :- કર્મશક્તિ તો ખરી?

ઉત્તર :- કર્મશક્તિ કોની? ભાવકર્મની. મિથ્યાત્વ ભાવકર્મ કર્યા એમાંથી ઉપાર્જન થયા કર્મ તો એમાં શક્તિ કહી. એનું જોર અહીં છે. વિપરીત માન્યતાના જોરથી જે કર્મ બંધાણા એ કર્મમાં શક્તિ છે એમ વ્યવહાર કહ્યો છે. આહાહા..! લ્યો! છે?

'**યહ જીવ સંસાર-વનમેં ભ્રમતા હૈ,...**' આહાહા..! ચોર્યાશી લાખના અવતાર મોટો ભવસિંધુ, ભવદરિયો, ભવસમુદ્ર. આહાહા..! વિપરીત માન્યતાથી ઉપાર્જેલ કર્મ. આહાહા..! જોર ત્યાં છે. પછી કર્મની શક્તિ લીધી છે. પણ જોર તો ત્યાં છે. તેનાથી ઉપાર્જેલ કર્મ. આહાહા..! એ કર્મશક્તિથી '**યહ જીવ સંસાર-વનમેં ભ્રમતા હૈ,...**' વન મોટું. આહાહા..! એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય, ચોર્યાશી લાખ યોનિ ભવસિંધુ. એ એક એક યોનિમાં અનંત-અનંત અવતાર, મિથ્યાત્વથી બંધાયેલા કર્મ, એનાથી વનમાં ભમે છે. એ કહે છે, છે ને?

**૭૮) कम्मइँ दिढ-घण-चिक्कणइँ गरुवइँ वज्ज-समाइँ।**
**णाण-वियक्खणु जीवडउ उप्पहि पाडहिँ ताइँ।।७८।।**

ભગવાન તો બહુ ચતુર છે એમ કહે છે. આત્મા. પણ વિપરીત મિથ્યાત્વથી કર્મ બંધાયા તો એને પાડી નાખે છે. છે? '**વે જ્ઞાનાવરણાદિ કર્મ જ્ઞાનાદિ ગુણસે ચતુર...**' ભગવાન. ભગવાનઆત્મા તો જ્ઞાનાદિ ગુણથી ચતુર છે. પણ વિપરીત માન્યતાથી ઉત્પન્ન થયેલા કર્મ ચતુરને પણ ભમાવે છે.

મુમુક્ષુ :- કર્મ બળવાન.

ઉત્તર :- બળવાન તો એના વિપરીત ભાવ છે એ બળવાન થયો. સમજાણું કાંઈ? આહાહા..! તેથી તો પહેલા ટીકાકારે મથાળુ બાંધ્યું છે. આહાહા..!

'**ખોટે માર્ગમેં પટકતે (ડાલતે) હૈં.**' '**જ્ઞાનાદિ ગુણસે ચતુર...**' જ્ઞાનગુણથી ચતુર. શ્રદ્ધા સમકિત પર્યાય નહિ, ત્રિકાળ. શ્રદ્ધાગુણથી ચતુર, આનંદગુણથી ચતુર, સ્વચ્છતા... સ્વચ્છતા... સ્વચ્છતાગુણથી ચતુર, ઈશ્વરગુણથી ચતુર. એવા આત્માની વિપરીત માન્યતાથી કર્મબંધન થયું એવા ચતુરને પણ ચાર ગતિમાં રખડાવે છે. સમજાય છે કાંઈ? '**दृढघनचिक्कणानि**' '**બલવાન હૈં, બહુત હૈં,...**

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૩, ગુરુવાર
## તા. ૧૨-૦૮-૧૯૭૬, ગાથા-૭૮, પ્રવચન નં. ૬૦

.... એક સમયમાં ક બોલવામાં અસંખ્ય સમય જાય છે. એમાં એક સમયમાં અનંતા .. જાણે એવું જ્ઞાન ... એમ અનંત આનંદ આદિ ગુણોથી ચતુર આત્મા છે. પોતાને ભૂલીને મિથ્યાત્વભાવથી.. કાલે આવ્યું ને? '**મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે કર્મોસે...**' એ પણ નિમિત્તથી કથન છે. ... એમાં મિથ્યાત્વ આદિ ભાવ તો નિમિત્ત હતા. સમજાણું કાંઈ? મિથ્યાત્વ-વિપરીત માન્યતા, રાગ-દ્વેષ જીવે કર્યા અને કર્મ .. બંધાયા. અહીંયાં અપરાધના નિમિત્તથી થયું છે એમ વ્યવહારથી કથન છે. એમ કર્મ આત્માને રખડાવે છે એ પણ વ્યવહારથી કથન છે. સમજાણું કાંઈ? ... કહ્યું હતું ને?

'**મિથ્યાત્વકર અનેક પ્રકાર...**' સમજ્યા? હજી અવ્રત, પ્રમાદ .. મિથ્યાત્વ પહેલા... વિપરીત માન્યતા અનંત આનંદનો નાથ પ્રભુ ત્રિલોકનાથ ચૈતન્ય મહાપ્રભુ, એને ભૂલીને પુણ્ય-પાપના ભાવ અને એનું ફળ, એને પોતાના માની મિથ્યાત્વના ભાવ સેવે છે એ કર્મ ઊપાર્જે છે. જીવે ઉપાર્જ્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક બાજુ બપોરે એમ ચાલે કે મિથ્યાત્વ આદિ પરિણામ જીવ કરે પણ કર્મની પર્યાય આત્મા જીવ કરે નહિ. બપોરે એમ ચાલે. દર્શનમોહની પર્યાય જડની જડથી થાય છે. અને મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ આત્માથી આત્મામાં થાય છે. તો એ સિદ્ધાંત રાખીને અહીંયાં વાત કરી છે. સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપને ભૂલીને, છે તો જ્ઞાનબુદ્ધિ વિચિક્ષણ, ચતુર. ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જાણે એવો વિચિક્ષણ ચતુર છે. પણ પોતાની પર્યાયમાં મિથ્યાત્વ આદિમાં રોકાઈને નવા કર્મબંધનમાં નિમિત્ત થયા એ બંધન આત્મામાં પોતાની પરિણતિ વિકારરૂપથી કરે છે. રખડતી વખતે પણ પોતાની પર્યાયથી રખડે છે. શું કીધું? નહિતર કર્મથી રખડે છે એમ કહે છે. કહ્યું ને કે પહેલા મિથ્યાત્વભાવથી કર્મ ઉપાર્જ્યા એનો અર્થ શું થયો? કર્મ તો જડથી થયા છે. એની પર્યાય એનાથી થઈ છે. પણ મિથ્યાત્વભાવ એમાં નિમિત્ત હતો. નિમિત્તથી ઉપાર્જેલા કર્મ, જે કર્મ પોતાની વિકારી પર્યાય રખડવામાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! છે?

'**તો ભી જીવ કો યહ સંસાર કે કારણ કર્મ જ્ઞાનાદિ ગુણોંકા આચ્છાદન કરકે...**' જુઓ! હવે આમાં માણસ કહે, જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાય છે. શું કહે છે? જેમ મિથ્યાત્વ અને અજ્ઞાન પરિણામથી આત્મા પરિણિત થતાં નવા કર્મ ઉપાર્જ્યા એમ કહ્યું. નવું કર્મ તો એને કારણે બંધાયા છે. એમ એ કર્મ પોતામાં મિથ્યાત્વ, જ્ઞાનનું આચ્છાદન કરે છે એ પણ નિમિત્તથી કથન છે. પોતાની જ્ઞાનપર્યાય પોતાથી હિણી કરે છે એમાં જ્ઞાનાવરણી નિમિત્ત કહેવામાં આવે છે. જેમ મિથ્યાત્વ ભાવથી કર્મ ઉપાર્જ્યા એમ કહેવામાં આવ્યું,

એમ કર્મથી આત્મા રખડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! હવે બપોરે ચાલે તેનો નિર્ણય કરવો કે આ...?

બપોરે તો એમ ચાલે, મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, કષાય એ પોતાના પરિણામ આત્મા પોતાથી પોતાના ભાવથી પોતાના કર્તા, કર્મ, કરણ, સાધનથી કરે છે. અને કર્મની પર્યાય, પર્યાયમાં એના પુદ્ગલ કર્તા, કર્મ, કરણથી એ પર્યાય થાય છે. પુદ્ગલની પર્યાયમાં ષટ્કારક પરિણમન છે. આહાહા..! અને જીવની પર્યાયમાં મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષમાં પણ ષટ્કારકનું પરિણમન છે. એને ઉપાર્જ્યા કહ્યું એ પણ વ્યવહારથી છે. એમ કર્મ આત્માને આચ્છાદન કરે છે એ પણ નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? આહાહા..!

એમ કહ્યું કે મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ એ તો પોતાની પર્યાયમાં પોતાથી થાય છે. એ પર્યાયમાં ષટ્કારકનું પરિણમન વિકાર વિકારનો કર્તા, વિકાર કર્મ, વિકારનું સાધન વિકાર, વિકારથી વિકાર થયો, વિકાર કરીને રાખ્યો અને વિકારને આધારે વિકાર થયો. એમ પોતાની પર્યાયમાં વિકાર થયો છે. અને એનાથી કર્મ થયા એ કર્મની પર્યાયમાં પણ, કર્મની વિકારી પર્યાય જે જ્ઞાનાવરણીની પર્યાય છે એ પર્યાય પણ પોતાના ષટ્કારકથી પરિણમે છે. આહાહા..! કર્મની પર્યાય જે જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદનીય એ પણ પોતાની પર્યાય છે એ ષટ્કારકથી (પરિણમી છે). કર્મની પર્યાયનો કર્તા કર્મની પર્યાય, કર્મની પર્યાયનું કરણ કર્મની પર્યાય, કર્મની પર્યાયનું સાધન પર્યાય, કર્મની પર્યાયને લઈને થયા એ પર્યાયમાં રાખ્યા એ પર્યાય, પર્યાયને આધારે પર્યાય થઈ છે. આહાહા..! કર્મમાં, હોં! પણ અહીંયાં નિમિત્તથી કથન છે. જેમ અજ્ઞાન અને મિથ્યાત્વભાવથી ઉપાર્જેલા કર્મ, એ કર્મ આત્મા અનંત વિચિક્ષણ પુરુષ હોવા છતાં પોતાની પર્યાયમાં હિણાપણે, વિપરીતપણે પરિણમે છે તો કર્મ એને રખડાવે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કર્મમાં શક્તિ ...

ઉત્તર :- કહ્યું ને એ. એ કર્મમાં શક્તિનું નિમિત્તપણું કોનું? ઉપાદાન તો એનું છે. પણ અહીં નિમિત્તપણું શક્તિ બળ હિન થઈને જે નિમિત્ત થયું એ જ કર્મ પોતાની બળહિન પરિણતિમાં નિમિત્ત થાય છે. ભવિષ્યમાં પણ. સમજાણું કાંઈ? કહો, 'ધન્નાલાલજી'! કર્મ આચ્છાદન કરે છે, એમ કહ્યું છે.

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- કાંઈ સમજાતું નથી?

પહેલા કહ્યું હતું કે '**મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે...**' એનો અર્થ શું? કે કર્મ ઉપાર્જન કર્યા એ તો નિમિત્તથી કથન છે. કર્મની પર્યાય તો કર્મથી થઈ છે. એ તો બપોરે થઈને ચાલે છે.

મુમુક્ષુ :- બપોર અને અત્યારમાં ફેર પડી ગયો ને? બપોરે કાંઈક, અત્યારે કાંઈક.

ઉત્તર :- બેય એક જ વાત છે. કથનની શૈલીમાં ફેર છે.

અહીંયાં તો પોતાનો .. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' કર્મથી નહિ. પોતાનો ચૈતન્ય સ્વભાવ પરમાત્મસ્વરૂપ, એને ભૂલીને મિથ્યાત્વભાવ કર્યા. અહીંયાં તો મિથ્યાત્વભાવની વાત છે. એ મિથ્યાત્વભાવની સાથે જે કર્મ બંધાણા એ આત્માએ ઉપાર્જ્યા એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. તો એ કર્મ પણ આત્માને આચ્છાદન કરે છે. એ પણ આચ્છાદન ભાવ જ્ઞાનની હિણી દશામાં પોતાનો ભાવઘાતિ પરિણતિ હિણી કરનાર છે. એમાં જ્ઞાનાવરણી કર્મને દ્રવ્યઘાતિને નિમિત્ત કહ્યું. જેમ મિથ્યાત્વથી ઉપાર્જેલા કર્મ, એમ કર્મથી આત્મામાં રખડવું, એ બે એવા કથન છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હાથીના બતાવવાના જુદા અને ચાવવાના જુદા.

ઉત્તર :- કથનપદ્ધતિ એ છે. ટૂંકી પદ્ધતિ લેવી છે ને? કે આત્મા રખડે છે કેમ? ભટકે છે કેમ? કે રખડાવનારા કર્મ જે છે એ રખડાવે છે. કેમ? કે એ કર્મમાં નિમિત્ત મિથ્યાત્વ હતું. એ મિથ્યાત્વને કારણે કર્મ પોતાથી ઉત્પન્ન થયા તો એ કર્મ પોતાથી ઉત્પન્ન થઈને આત્મા પોતાની હિણી દશા કરે છે એને આચ્છાદન કરે છે એમ કહેવામાં આવે છે. આવી વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

સિદ્ધાંત તો એ લેવો છે કે આત્માનો સ્વભાવ કર્મને નિમિત્ત થાય એવો એનો સ્વભાવ જ નથી. એ તો આવી ગયું ને? 'સમયસાર' ૧૦૫ ગાથા. 'સમયસાર'ની ૧૦૫ ગાથા. કર્મ તો કર્મથી થાય છે. એની પર્યાયને લાયક ક્રમબદ્ધ, પરમાણુમાં એ કર્મ થવાની પર્યાયના કાળે કર્મ પર્યાયરૂપ થાય છે. સમજાણું કાંઈ? એ કર્મબંધનમાં જીવદ્રવ્ય નિમિત્ત નથી. જીવદ્રવ્ય એમાં નિમિત્ત નથી. એ વાત આવીને? કહી હતી ને? 'સમયસાર' ૧૦૫ ગાથા.

**'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,...'** ભાષા જુઓ! ભગવાનઆત્મા **'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી...'** એનો સ્વભાવ એવો છે કે **'પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...'** પુદ્ગલ કર્મમાં આત્મા નિમિત્તભૂત થતો જ નથી.

મુમુક્ષુ :- એ લખ્યું છે ?

ઉત્તર :- શું લખ્યું છે? ૧૦૫.

**'આ લોકમાં ખરેખર...'** ભગવાનઆત્મા જેને કહીએ એ તો વીતરાગમૂર્તિ જ્ઞાનઘન છે. એ પુદ્ગલિક કર્મમાં નિમિત્ત ક્યાંથી થાય ? પુદ્ગલિક કર્મ તો પુદ્ગલિક કર્મથી થાય છે. સમજાણું કાંઈ? કર્મમાં નિમિત્ત દ્રવ્ય આત્મા ક્યાંથી હોય ? જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ બ્રહ્મ પ્રભુ, એવો દ્રવ્યસ્વભાવ પુદ્ગલ કર્મની પર્યાયમાં નિમિત્ત નથી થતો. આહાહા..! અર્થાત્ દ્રવ્યસ્વભાવ કર્મના બંધનમાં નિમિત્ત નથી માટે એને બંધન થતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. જુઓ! શું કીધું?

**'આ લોકમાં ખરેખર (ભગવાન) આત્મા...'** ચૈતન્યમૂર્તિ વીતરાગ સ્વભાવ અનાકુળ આનંદનો કંદ, સ્વચ્છતાથી એકલો શોભાવંત પ્રભુ છે. સ્વચ્છતા સ્વરૂપ છે એ. એ સ્વચ્છતા

સ્વરૂપ ભગવાન કર્મબંધનમાં નિમિત્ત થતો જ નથી. સમજાણું કાંઈ? '**છતાં પણ અનાદિ અજ્ઞાનને લીધે...**' આહાહા..! અનાદિ અજ્ઞાનને કારણે પોતાનું સ્વરૂપ આવું છે એમ માનતો નથી. એ '**અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો...**' લ્યો! ચીજ તો એવી છે કે કર્મમાં નિમિત્ત પણ ન થવું. કર્મરૂપ ન થવું. એ તો કર્મની પર્યાય કર્મરૂપે થાય છે. કર્મની પર્યાય કર્મને કારણે થાય છે. પણ એમાં ભગવાનઆત્મા નિમિત્તભૂત પણ નથી. વસ્તુ નિમિત્ત કેવી? ભગવાન ચિદાનંદ પ્રભુ. અને નિશ્ચયથી તો એમ લે છે કે દ્રવ્ય પણ કર્મને નિમિત્ત નથી તો દ્રવ્યદૃષ્ટિવંત પણ કર્મમાં નિમિત્ત નથી. એને બંધન થતું જ નથી એવો ન્યાય દૃષ્ટિથી છે. એ અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

જેમ ચૈતન્ય ભગવાન... એ શું ચીજ છે? આહાહા..! અતીન્દ્રિય આનંદની મીઠાશથી ભરેલો પ્રભુ છે. એ અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા ત્રિલોકનાથ પ્રભુ કર્મબંધનમાં નિમિત્ત ક્યાંથી થાય? આહા..! ઉપાદાન તો એનાથી થાય છે પણ નિમિત્ત પણ આત્મા નથી, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એનો અર્થ એ થયો કે.. સમજાણું કાંઈ? એ ૧૦૦મી ગાથામાં આવ્યું ને? આ તો વિશેષ ૧૦૫ છે. ધર્મી જીવ-સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મમાં નિમિત્તકર્તા નથી થતો. સમજાણું કાંઈ? અથવા દ્રવ્ય સ્વભાવ કર્મમાં નિમિત્તકર્તા નથી થતો. ઉપાદાનકર્તા તો એ. પણ દ્રવ્યસ્વભાવ નિમિત્તકર્તા, પરમાં નિમિત્તપણાનો કર્તા પણ નથી થતો. દ્રવ્યસ્વભાવ નથી હોતો તો દ્રવ્યસ્વભાવની દૃષ્ટિવંત ધર્માત્મા... આહાહા..! નવા કર્મમાં નિમિત્તકર્તા પણ નથી થતો. અર્થાત્ નવા કર્મ એને થતાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કર્મબંધન થાય છે એમાં નિમિત્તકર્તા કોને કહીએ? ઉપાદાન તો એનાથી થાય. પણ નિમિત્તકર્તા કોને કહીએ? કે જે પ્રાણી રાગ અને જોગનો કર્તા થાય છે, રાગ અને કંપન યોગનો કર્તા થાય છે એ અજ્ઞાની ઉપાદાન પરની ક્રિયામાં નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. આહાહા..! 'સમયસાર'.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિને?

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ. હા પણ મિથ્યાદૃષ્ટિ કેમ? કે એ યોગ અને રાગનો કર્તા છે. બસ. તો નવા કર્મમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કર્મ તો ઉપાદાનથી એનાથી થાય છે. એ તો એની પર્યાયનો કાળ છે તો કર્મ થાય છે. પણ એમાં નિમિત્તકર્તા કોને કહે છે? કે જે કોઈ રાગ અને યોગનો કર્તા થાય છે એવો મિથ્યાદૃષ્ટિ. કેમકે એની દૃષ્ટિ યોગ અને રાગ ઉપર છે. આહાહા..! એની દૃષ્ટિ સ્વભાવ ઉપર નથી. સ્વભાવ ઉપર દૃષ્ટિ હોય તો જેમ સ્વભાવ કર્મમાં નિમિત્તકર્તા નથી, એમ સમ્યગ્દૃષ્ટિ પણ કર્મમાં નિમિત્તકર્તા નથી. આહાહા..! બહુ અટપટી વાત લાગે લોકોને. વસ્તુ તો આવી છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો ન સમજે તો અટપટી...

ઉત્તર :- એ તો ન સમજે એને માટે છે ને. સમજે તો સહજ, બિન સમજે મુશ્કેલ. '

સમજે પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કિલ.' સમજાણું કાંઈ? 'સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કિલ, યે મુશ્કિલ ક્યા કહું.' આહાહા..! એ શ્લોક છે 'શ્રીમદ્'નો. 'શ્રીમદ્ રાજચંદ્ર'. આહાહા..! લ્યો! કહ્યું?

**'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી...'** ત્રિકાળી જ્ઞાયકભાવથી **'પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ...'** જુઓ હવે. **'પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ થતાં એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ...'** આહાહા..! પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન કર્યા એ આત્માએ કર્યા એમ કહે છે. હવે અહીં એમ કહે છે કે મિથ્યાત્વથી પુદ્ગલ કર્મ ઉપાર્જ્યા જીવે. એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? અહીં તો એ કહ્યું. મિથ્યાત્વથી બંધન થયું. આ છે કે નહિ પહેલી લીટી? **'મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે...'** અહીં કહે છે કે **'પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે; તે વિકલ્પ ઉપચાર જ છે,...'** પરનો કર્તા કહેવું એ ઉપચાર વ્યવહાર છે, મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ તો ભગવાનનો દરબાર છે. કેવળજ્ઞાનીના દરબારની આ વાત છે. એ સાધારણ પ્રાણીને ઘણો પ્રયત્ન જોઈએ. વ્યવહાર-નિશ્ચયની શૈલી શું છે એનો એણે યથાર્થ ખ્યાલ કરવો જોઈએ. અહીં તો એમ કહ્યું અને ૧૦૦મી ગાથામાં એમ કહ્યું કે નવા કર્મબંધન થાય છે એ તો એની પર્યાયથી, ઉપાદાનથી, ક્રમમાં એની પર્યાય થવાની હતી તે થઈ છે. એમાં નિમિત્તકર્તા મિથ્યાદૃષ્ટિને કહે છે. જે કોઈ જોગ અને રાગનો કર્તા થાય છે એ જડની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમ્યગ્દૃષ્ટિને, જેમ દ્રવ્યસ્વભાવ નવા કર્મમાં નિમિત્તભૂત દ્રવ્ય નથી, એમ સમ્યગ્દૃષ્ટિ પણ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિવંત છે તો એ પણ નવા કર્મમાં નિમિત્તભૂત નથી. એ નિમિત્તકર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું છે? કે સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યના સ્વભાવની અનુભવદૃષ્ટિ છે તેથી તે સમયે શરીર, વાણી, મન આદિની જે ક્રિયા થાય એ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. પોતાના જ્ઞાનમાં એ નિમિત્ત થાય છે. અજ્ઞાની બંધનમાં નિમિત્ત થાય છે. જ્ઞાનીને શરીર આદિની અવસ્થા પોતાના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહાહા..! ભારે વાતું છે, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અજ્ઞાનીની પર્યાય કર્મબંધનમાં નિમિત્ત, જ્ઞાનીની પોતાના જ્ઞાનમાં નિમિત્ત! વાહ! શું વાત છે!

ઉત્તર :- સમજાણું કાંઈ? અભ્યાસ કરવો પડશે. આમ પૈસામાં રોકાય એથી નહિ મળે. અને એ પૈસા પણ પુણ્ય હોય તો આવે છે એની તમને ખાતરી થઈ ગઈ ને? આહાહા..!

જુઓ! અહીં એમ કહ્યું, જીવે મિથ્યાત્વભાવથી કર્મ ઉપાર્જન કર્યા. સમજાણું કાંઈ? અર્થાત્ કર્મ ઉપાર્જનમાં મિથ્યાદૃષ્ટિનો ભાવ નિમિત્ત હતો. એ જ કર્મ આત્માને રખડાવે છે, જ્ઞાનને આચ્છાદન કરે છે એ નિમિત્તથી કથન કરે છે. તે સમયની પોતાની પર્યાયને હિણી કરનારો આત્મા સ્વયં સ્વતંત્ર છે. એમાં કર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! આવું બધું...

મુમુક્ષુ :- કર્મ કાંઈ કરતા નથી?

ઉત્તર :- કરે કેમ નહિ? એના પોતામાં કરે છે. કર્મની પર્યાયમાં કર્મ કરે છે. પોતાની પર્યાયમાં કર્મ બિલકુલ કાંઈ કરતા નથી. આહાહા..! મોટો ઝઘડો અત્યારે કર્મનો આ છે. બધા મોટા પંડિતો ત્યાં ગોથા ખાય છે.

મુમુક્ષુ :- ઝઘડો તમે નાખ્યો છે.

ઉત્તર :- વાત સાચી છે. ચાલતુ હતું એમાં... વસ્તુનું સ્વરૂપ તો આવું છે.

અહીંયાં તો કહે છે કે '**મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે કર્મોંસે...**' હવે મિથ્યાત્વ થયું તો પોતાની પર્યાયમાં થયું અને કર્મપર્યાય જડમાં થઈ. તો જડની પર્યાય મિથ્યાત્વથી ઉત્પન્ન કરે છે?

મુમુક્ષુ :- તો કેમ કરે છે?

ઉત્તર :- એવું નિમિત્તનું કથન છે.

આત્મા કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી બુદ્ધિમાન ચતુર છે. આહાહા..! તોપણ એ જીવને એ સંસારનું કારણ કર્મ... આહાહા..! સંસારનું કારણ તો મિથ્યાત્વ હતું. તો મિથ્યાત્વ કર્મમાં નિમિત્ત થયું તો કર્મ પોતાની હિણી પર્યાયમાં નિમિત્ત થયું. સંસારમાં રખડવાની પોતાની હિણી, ઓછી અને વિપરીત (દશા થઈ) તો એમાં કર્મ નિમિત્ત થયા, તો કર્મ રખડાવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એટલું આપ કહી દો.

ઉત્તર :- એનો અર્થ શું? નિમિત્ત-નિમિત્તમાં કર્તા-કર્મ આવ્યું નહિ. રાગ કર્મની પર્યાયને કરે એમ આવ્યું નહિ. અને કર્મની પર્યાય જીવનો રાગ કરે એમ તો આવ્યું નહિ. નિમિત્ત છે એનો અર્થ શું? આહાહા..! નિમિત્ત બીજી ચીજ છે અને નિમિત્તકર્તા બીજી ચીજ છે. સમજાણું કાંઈ?

એ તો શાસ્ત્રમાં એમ લખ્યું છે. 'સમયસાર'માં 'જયસેનાચાર્ય'ની ટીકામાં. જ્ઞાની એમ જાણે છે કે પરનું જીવન થયું, મરણ થયું, સુખ-દુઃખનો સંયોગ થયો એ તો એને કારણે થયો, હું તો નિમિત્ત છું. નિમિત્તકર્તા નથી, નિમિત્ત છું. નિમિત્ત બીજી ચીજ છે, નિમિત્તકર્તા બીજી ચીજ છે. સમજાણું કાંઈ? 'સમયસાર'ની ટીકા 'જયસેનાચાર્ય'ની. પરના જીવનમાં એ જીવ્યો એમાં મારું નિમિત્ત છે. મેં એને જીવાડ્યો એનો કર્તા હું નથી. સમજાણું કાંઈ? એ તો જ્ઞાન કરવાની વાત છે. સમકિતી એમ માને છે. પરને આહાર-પાણી દીધા એમાં હું નિમિત્તમાત્ર છું. એ ક્રિયા તો એનાથી થઈ છે. આહાહા..!

મુમુક્ષુ :- એટલે કર્તા કર્મનો બંધ નથી?

ઉત્તર :- કર્તા કર્મ બિલકુલ નથી.

મુમુક્ષુ :- .. નિમિત્ત છે.

ઉત્તર :- નિમિત્ત નથી એ કોણે કહ્યું?

મુમુક્ષુ :- કર્તા કર્મ નથી એમ શું કરવા કહો છો?

ઉત્તર :- આ તો કહે છે કે નિમિત્ત છે એટલું કહો. પણ નિમિત્તથી થતું નથી એમ કેમ કહો છો?

મુમુક્ષુ :- કહેવાની જરૂર જ નથી.

ઉત્તર :- એ વસ્તુ અંદર છે. આહાહા..!

એ પહેલા કહ્યું નહિ? બે-ત્રણ વાર કહ્યું હતું. આખા લોકાલોકમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. એવો પાઠ છે. એનો અર્થ શું? કેવળજ્ઞાને લોકાલોકને બનાવ્યું છે? લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે. તો શું કેવળજ્ઞાને લોકાલોક બનાવ્યું છે? કર્યું છે? નિમિત્ત છે તો કર્યું છે? નિમિત્ત બીજી ચીજ છે અને કરવું બીજી ચીજ છે. અને પોતાના કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે એવો પાઠ છે. તો શું લોકાલોકે કેવળજ્ઞાન ઉપાર્જ્યું છે? નિમિત્ત જુદી ચીજ છે અને એનો કર્તા કહેવું એ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? ઘડો બનાવવામાં કુંભાર નિમિત્ત કહો, પણ નિમિત્તકર્તા નથી. એણે બનાવ્યો એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્તકર્તાનો મતલબ ઉપાદાન થયું?

ઉત્તર :- પરનું ઉપાદાન થયું. એ તો એક ક્રિયાના બે કર્તા થયા. એમ થતું નથી. એ આવી ગયું ૮૬ ગાથામાં. 'સમયસાર'ની ૮૬ ગાથા. એક પરિણતિના બે કર્તા નથી. એક પરિણામના બે કર્તા નથી. બે પરિણતિના એક કર્તા નથી. આહાહા..! દરેકની પરિણતિ પોતપોતાથી થાય છે. ભાઈ! પરથી શું છે?

મુમુક્ષુ :- આ મૂળ તત્ત્વ છે.

ઉત્તર :- મૂળ વસ્તુ છે. મૂળમાં ભૂલ. પુસ્તક આવ્યું હતું ને. મુલમેં ભૂલ. ઉપાદાન-નિમિત્તથી વ્યાખ્યામાં. નિમિત્ત કહેવું એ તો જ્ઞાન કરવા માટે છે. કર્તા કહેવું એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! ગજબ વાત છે.

અહીં એ કહ્યું. કર્મ જે મિથ્યાદૃષ્ટિએ મિથ્યાત્વભાવથી કર્મ ઉપાર્જ્યા એટલે કર્મની પર્યાયમાં નિમિત્ત થયો. એ કર્મની પર્યાય પોતાની હિણી પરિણતિને કાળે એણે આચ્છાદન કર્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેમ મિથ્યાત્વના કાળે મિથ્યાત્વથી કર્મ ઉપાર્જ્યા એ નિમિત્તનું કથન છે. એનાથી ઉપાર્જ્યા નથી. કર્મ તો એનાથી ઉપજ્યા છે. એમ કર્મના ઉદયકાળમાં આત્માની હિણી અવસ્થા આચ્છાદન કરી એ નિમિત્તનું કથન છે. પોતાની આચ્છાદન યોગ્ય પરિણતિમાં પોતાને કારણે (થઈ) એમાં જ્ઞાનાવરણીને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..!

ત્યારે કહે છે ને કે જ્ઞાનાવરણી કાંઈ કરતું નથી. નહિ, કરે છે. અગિયાર અંગ ભણેલો

કહે તોપણ અમે કહીએ છીએ કે નહિ, કર્તા છે. શું કરે? આ ભાષા વાંચે. પેલી વાંચે નહિ.મિથ્યાત્વને કારણે મિથ્યાદૃષ્ટિએ કર્મ ઉપાર્જ્યા એ વ્યવહારકથન છે. એમ કર્મથી આત્મામાં આચ્છાદન થયું એ વ્યવહારનું કથન છે. સમજાણું કાંઈ? 'ધન્નાલાલજી'! ઝીણી વાત, ભગવાન! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ, પ્રભુ! અને દુર્લભ નથી. સમજ્યા? દુર્લભ છે અશક્ય નથી. પણ સમજવાનો પ્રયત્ન ઘણો જોઈએ. મધ્યસ્થ પ્રયત્ન જોઈએ. કોઈ આગ્રહ હોય એ છોડી દેવો. આ તો સત્યના પંથે જવાનું છે, નાથ! તો સત્યનો પંથ તો જેવો છે એમ ... આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનાદિ ગુણસે...**' જુઓ! જ્ઞાનની હિણી અવસ્થા જ્ઞાનાવરણીએ કરી. સમકિતની પર્યાય મિથ્યાત્વ દર્શનમોહે કરી. જુઓ! એમ આવ્યું. વીર્યની હિણી અવસ્થા વિર્યાંતરે કરી. આદિ છે ને? '**જ્ઞાનાદિ ગુણોંકા આચ્છાદન કરકે...**' એ કહ્યું હતું કે જેમ કર્મ ઉપાર્જનમાં મિથ્યાત્વભાવ નિમિત્ત હતું, તો એણે ઉપાર્જ્યા કર્યા એમ કહ્યું. એમ પોતાની હિણી પર્યાયના કાળે કર્મ નિમિત્ત છે તો કર્મે આચ્છાદન કર્યું એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? હવે આવી નવરાશ ક્યાં? રળવું, બહારમાં આબરૂ કાઢવી. ધૂળની. આહાહા..!

ભાઈ! આવા અવસરમાં આ નિર્ણય કરવો પડશે. આહાહા..! જેવું સત્ય છે એનો નિર્ણય કરવા વખત લેવો પડશે, નિવૃત્તિ લેવી પડશે. નિવૃત્તિ લેવી પડે, કોઈવાર નિવૃત્તિ પરથી છૂટી જશે. પણ પહેલેથી જ થોડી નિવૃત્તિ લઈને (નિર્ણય) ન કરે? સમજાણું કાંઈ? એક સમયે તો પરદ્રવ્યથી છૂટી જશે. આહાહા..! શરીર, વાણી, મકાન, બકાન, એમાં પચાસ વર્ષ રહ્યા હોય. આ અહીં છે.. આ અહીં છે... ક્ષેત્રાકાર વૃત્તિ થઈ ગઈ હોય. ધૂળેય એનું ક્ષેત્ર નથી. 'પોપટભાઈ'! મોટા બંગલા હોય. આ શેઠને છ લાખના બંગલા છે. 'શોભાલાલ'ને. શેઠ ત્યાં રહે છે. 'શોભાલાલ'નું મકાન મોટું છે. દશ લાખનું છે. ઊંડે ઊંડે ગયા હતા અમે. હોય છે. ૪૦-૪૦ લાખના બંગલા છે. 'ગોવા'. 'શાંતિલાલ ખુશાલ'. દસ-દસ લાખના બે છે અને ચાલીસ લાખનું એક છે. ૬૦ લાખના ત્રણ બંગલા છે. ક્ષેત્ર .. થઈ જાય અંદર. આહાહા..! આ અહીં બારણા, અહીંથી હવા આવે છે, આ બારી ખુલી છે. પણ તારી ચીજ ક્યાં છે? એય..! 'ચીમનભાઈ'! બધા શેઠિયા. આહાહા..!

મુમુક્ષુ :- બંગલા તો અહીં રહી ગયા. શેઠ ચાલ્યા ગયા.

ઉત્તર :- ક્ષેત્ર તો અહીંયાં રહ્યું. શેઠ! બંગલા-બંગલા તો રહી ગયા. ૨૫-૫૦ વર્ષ રહ્યા હોય ત્યાં. ક્ષેત્રાકાર (થઈ જાય). આ ક્ષેત્રમાં હું રહ્યો... આ ક્ષેત્રમાં હું રહ્યો... આ હવા બારી પાસે મારો ખાટલો છે. ત્યાંથી હવા આવે છે. ઉપર આમ છે. અરે..! શું છે? ભગવાન ક્ષેત્રાકાર રહે છે. પરક્ષેત્ર.. ત્યાં તું પરક્ષેત્રમાં છે? તું તો અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં છો. આહાહા..! રાત્રીમાં આમ થાય છે અને દિવસે આમ થાય છે. કાળની વૃત્તિ થઈ ગઈ. આહાહા..! ક્ષેત્રાકાર અને કાળ આકાર. રાત્રીએ આમ કરવું, દિવસે આમ કરવું, બપોરે આમ કરવું, સવારે આમ કરવું, સાંજે આમ કરવું. કાળ-બાળ શું છે? એ 'સમયસાર

નાટક'માં આવ્યું છે, હોં! 'સમયસાર નાટક'માં.

મુમુક્ષુ :- ટાઈમ ટેબલ કરવું જોઈએ.

ઉત્તર :- ટાઈમ ટેબલ કોનું? આ ઘડી મારી, આ દિવસ મારો, આ રાત.. 'સમયસાર નાટક'માં છે. ઘડી મારી, કાળ મારો, રાત મારી. બપોરે બાર વાગે મારું કામ ... આહાહા..! એ કાળ આકાર થઈ ગયો. અને પુણ્ય-પાપના ભાવ વિકારમાં એકાકાર થાય છે એ ભાવ આકાર થાય છે. આહાહા..! અને દ્રવ્ય પર છે શરીર, કર્મ અને સ્ત્રી, કુટુંબનું, એ દ્રવ્ય મારું, આ મારું... તારું ક્યાં છે? ક્યાંથી એ આવ્યું? ક્યાં એ જશે? સમજાણું કાંઈ? 'પંખી મેળો .. ઉડી આકાશે આવે.' ચોપડીમાં આવે છે. મોટું ઝાડ હોય છે ને? તો રાત્રે પંખી આવે છે ને? પંખી સાંજે આવે છે. સવાર જ્યાં પડે તો બધા પોતપોતાના રસ્તે ચાલ્યા જાય. આહાહા..! એમ 'હસમુખ' ક્યાંથી આવ્યો અને બીજો ક્યાંથી આવ્યો, અને 'પોપટભાઈ' ક્યાંથી આવ્યા, 'જમનાબેન' ક્યાંથી આવ્યા? એમ ક્યાં ને ક્યાં... આ બધું શું છે? આહાહા..! પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને. બધી ચીજને પોતામાં રહીને જાણનાર છો ને. આહાહા..! કોઈ ચીજને પોતાની માનવી એ તો જીવનો સ્વભાવ નથી. 'ધન્નાલાલજી'! વાત એવી છે અહીંયાં, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- અનંતકાળથી આવું જ કર્યું છે?

ઉત્તર :- એનું એ કરી રહ્યા છે ભ્રમણા. એ ખેતરમાં જાય અને પાક હોય એને .. આહાહા..! બાજરાના ડુંડા લાંબા હોય છે ને. ઓહો..! પાક બરાબર છે. એની ઉપર .. ઊડે. બાજરો, જુવાર. બાજરો કહે છે? બાજરાના ડુંડા હોય છે. આ તો વાણિયાને અત્યારે ખેતી ઘણી છે ને લ્યોને. આપણા નહિ આ 'માણેકચંદભાઈ' નહિ, મોટો દરબાર 'સુરઈ' .. ના ઋષભકુમાર. કરોડોપતિ. કેટલી ઊપજ! ખેતી છે. દિગંબર આપણા વાણિયા છે. અહીં આવ્યા હતા. અમને તો એ ખબર પણ નહિ. એ ત્યાં કહે, મહારાજ એક મહિનો હું રહી ગયો હતો. હશે, આવ્યા હશે. એટલી પેદાશ એમ. દસ-દસ લાખના ઘઉં, દસ-દસ લાખના કપાસ. કેટલી પેદાશ.

મુમુક્ષુ :- મજા છે, આનંદ છે.

ઉત્તર :- ધૂળેય નથી. સરકાર તરફથી એને શું કહેવાય?

મુમુક્ષુ :- કૃષિપંડિત.

ઉત્તર :- કૃષિપંડિતની ઉપમા મળી સરકાર તરફથી. કૃષિપંડિત. આપણા જૈન દિંગબર. ઘણા વૈભવમાં ઘુસી ગયા. એની સ્ત્રીને કાંઈક વધારે.. આ તો જરી બહુ પૈસો-પૈસો. કરોડો રૂપિયા. પેદાશ કેટલી પેદાશ. એકવાર .. અમે ગયા હતા. અહીંયાં અમારે .. એટલી ખેતી. આ બધી ખેતી શેઠની છે. ખેતર... ખેતર... ખેતર... ખેતર... ક્યાંય પાર નહિ. પેદાશનો પાર નહિ. આમાં આકૃતિ થઈ જાય. આહાહા..! ધૂળેય નથી.

મુમુક્ષુ :- ત્યાં તો દુઃખ છે, સોનગઢમાં સુખ છે.

ઉત્તર :- ધૂળેય સુખ નથી. મૂંઢે માનેલા સુખ છે. એ ક્ષેત્રાકાર .. આહાહા..! એ ઘઉં

પાકે અને પછી ઘઉંના ઓળા કરે. શું કહેવાય? પોંક-પોંક. પોંક કહે છે ને? બાજરીના પોંક. જુવારના. અમારે ગુજરાતમાં જુવારના પોંક બહુ મળે. બહુ મીઠો. અમે તો વેપાર કરતા હતા ને. ગૃહસ્થ અવસ્થામાં. ગ્રાહક હોય ને એ લઈ જાય એના ખેતરમાં પોંક ખાવા. નાની ઉંમરમાં, હોં! ઘરાક હોય ને? મુસલમાન ઘરાક. ત્યાં વોરા બહુ હતા. જુવાર માટે ખેતરમાં લઈ જાય. ગાડા .. શેઠ આવો... શેઠ આવો. અમે અને કુંવરજીભાઈ બધા પોંક ખાવા જાતા હતા. .. એવો મીઠો. જુવાર એવી મીઠી હોય. પણ શું છે આ? જડના રજકણ જુદા, ભગવાન તું જુદો. તું તો જ્ઞાન કરનારો. એમાં તને આ મીઠાશ ક્યાં આવી ગઈ?

મુમુક્ષુ :- હમણાં તો આપે કહ્યું મીઠો હતો.

ઉત્તર :- એ વખતે મીઠો લાગતો હતો. નાની ઉંમર ને દુકાનમાં અમને શેઠ કહેતા હતા. ૧૯ વર્ષની ઉંમર હતી. ૧૭ વર્ષની ઉંમર હતી. ૧૯ થી ચાર વર્ષ કર્યા ૧૯૬૩ થી ૬૮ પાંચ વર્ષ. લોકો ધીરધાર કરતા હતા ને? એટલે લોકો ગાડા લઈને માલ લેવા આવે. શેઠ આજે સવારે પોંક ખાવા અમારા ખેતરમાં આવજો. અમે જાતા હતા. નાની ઉંમરમાં બધું કર્યું છે, જોયું છે. ધૂળ છે. બહુ પ્રેમથી બિચારા લઈને આવે. ખાંડ નાખે થોડી. .. અરે..! પ્રભુ! શું છે? શું છે?

મુમુક્ષુ :- એ વખતે તમને બહુ મીઠો લાગતો હતો.

ઉત્તર :- ધૂળેય નહિ. મીઠા-બીઠા તો જડની અવસ્થા છે. જડની અવસ્થા આત્મામાં આવે? એ તરફનો રાગ થાય છે એ રાગની મીઠાશ એને આવે છે. પોંકની મીઠાશ છે? લાડવાની મીઠાશ છે ત્યાં? જલેબી હોય છે જલેબી? જલેબી કહે છે ને? ઘીમાં તળેલી. વગર દાંતવાળા પણ ખાય, લ્યો! મીઠી બહુ. એનો સ્વાદ છે? એ તો જડ છે. જડને આત્મા સ્પર્શે? આહાહા..! એ જલેબીઆકાર દૃષ્ટિ થઈ જાય છે એની. પણ ખાય છે રાગ. એ વખતે જલેબી (ખાતો) નથી. આહાહા..! ભારે વાત, બાપા! સંયોગની આકૃતિમાં તણાઈ ગયો છો. એક ભગવાન અને સંયોગી અનંત ચીજ છે. આત્મા એકરૂપ અને સંયોગી અનંત ચીજ છે. ભિન્ન ભિન્ન ક્ષેત્ર, દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ, ભવ એ બધી દૃષ્ટિમાં .. અહીંયાં મનુષ્ય થયો.

દાખલો આપ્યો છે ને. કર્તા-કર્મમાં નહિ? ભેંસનું ધ્યાન કરતા ભેંસ .. શીંગડા મોટા અને ભેંસનું ધ્યાન કર્યું. 'સમયસાર'માં. ભેંસનું ધ્યાન કર્યું. ઓરડામાં બેઠો હતો. નાની ઓરડીમાં. ભેંસનું ધ્યાન કરતો હતો. ઓહો..! મોટા શીંગડા છે. નાની ઓરડીમાંથી નીકળવા માટે આમ આમ કરીને નીકળે. ભેંસાકાર દૃષ્ટિ થઈ ગઈને કે હું ભેંસ થયો. એ દૃષ્ટાંત છે. એમ પરપદાર્થની આકૃતિમાં એકાકાર થાય છે એમાંથી નીકળવાનો ... છે નહિ. આહાહા..! સ્ત્રી, પુત્ર, શરીર, મકાન, વખારું. વખારને શું કહે છે? ગોદામ. મોટા ગોદામ. શેઠને ગોદામ ઘણા છે. તમાકુ રાખવાના. ... આહા..! આ મોટર અમારી, આ મોટર...

મુમુક્ષુ :- બધા ગોડાઉનની કિંમત કાઢી નાખી.

ઉત્તર :- આત્માની કિંમત થઈ ને? આહાહા..!

કેસરના ડબા હોય ને? કેસરના ડબા. કેસર. 'મુંબઈ'માં તો એના મોટા ગોદામ હોય છે. અમે તો માલ લેવા જતા હતા ને. (સંવત) ૧૯૬૮ની સાલ. ૬૬ની સાલમાં. 'નેમિચંદભાઈ'! કેસરના ડબાના ગોદામ. કરોડો રૂપિયાનું કેસર. તે દિ' તો સોંઘુ હતું ને. એક રૂપિયાનું રૂપિયાભાર. હવે તો કહે છે, મોંઘુ થઈ ગયું છે. આહાહા..! આમ થઈ જાય. આ મકાન. આ તો જડનું મકાન છે. એમાં એકાકાર થઈને આહા..! વૃત્તિ એવી થાય કે આ થાંભલા ને આ... શું છે? એ તો પર છે. જ્ઞાનમાં જાણવાની ચીજ છે. જ્ઞાનમાં એ આકારે થવું એ તારી ચીજ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે કર્મોંસે...**' એમ જે કહેવામાં આવ્યું છે. એ કર્મ આત્માને આચ્છાદન કરે છે એમ નિમિત્તથી કથન કર્યું છે. સમજાણું કાંઈ? જેમ મિથ્યાત્વથી કર્મ ઉપાર્જન કર્યા એમ કહ્યું ને? તો કર્મ તો એની પર્યાયથી થયા છે. પણ નિમિત્તથી કહ્યું, એમ કર્મ પોતાને નુકસાન કરે છે એ પણ પોતાની પર્યાય પોતાથી હિણી થાય છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે. એને આચ્છાદન કરે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! આવી વાતું છે.

'**અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગસે વિપરીત ખોટે માર્ગમેં ડાલતે હૈં,...**' કર્મ નાખે છે એમ કહે છે. એ ભાવકર્મ કરે છે તો જડ કર્મને નિમિત્તથી ખોટા માર્ગમાં નાખે છે એમ કહેવામાં આવે છે. ખોટો માર્ગ તો પોતાથી કરે છે. સમજાણું કાંઈ? એ કહ્યું ને? '**અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગસે વિપરીત...**' જે અભેદરત્નત્રય પોતામાં થવો જોઈએ, ભગવાન પૂર્ણાનંદનો નાથ એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને રમણતા એ અભેદરત્નત્રય થવા જોઈએ, એ નહિ કરતા એનાથી વિપરીત કરે છે તો કર્મે વિપરીત કર્યું એમ કહેવામાં આવે છે. આહા..! આવી વાતું.

'**મોક્ષ-માર્ગસે ભુલાકર...**' જુઓ! '**ભવ-વનમેં ભટકાતે હૈં.**' આહાહા..! ભવવન, સિંધુ, ભવ સિંધુ ચોર્યાશીના આવતાર. આહાહા..! અમે ત્યાં રહ્યા હતા ને? 'મુંબઈ'માં. ભાઈ 'રમણીકભાઈ'ના મકાનમાં. આપણા દિગંબર છે. 'આમોદ'ના. પાંચ કરોડ રૂપિયા છે. .. એનું ૭૦ લાખનું તો મકાન હતું. જે મકાનમાં ઉતર્યા હતા એ એક મકાન ૭૦ લાખનું. મોટા ગૃહસ્થ છે. તો ત્યાં દરિયો નજીક છે. આમ નજર કરતા હતા તો ઓહોહો..! આ પાણી! અહીંથી ક્યાંય નજર પહોંચે નહિ. એટલું ઊંડું. એક એક બિંદુમાં અસંખ્ય જીવ. એ વખતે અમને તો આ વિચાર (આવ્યો) કે પ્રભુ! એ ક્યારે બે ઈન્દ્રિય થાય? ક્યારે મનુષ્ય થાય? ક્યારે એને જિનવાણી કાને પડે? આહાહા..! પાણીનું દળ, હોં! નજર ન રહે ક્યાંય એટલું પાણી. એક એક બિદુંમાં અસંખ્ય જીવ, આટલું આટલું ઊંડુ અને આટલું લાંબું. એમાં અમે જોતા હતા. ત્યાં શું કહેવાય ? કબુતર? બગલા-બગલા. ધોળા બગલા. તો એકવાર શેઠને કહ્યું કે આ બગલા ક્યાં જાય છે? ધોળા બગલા માછલી પકડવા જાય. પણ પકડવા જાય છે ક્યાં સુધી? કે વીસ-વીસ માઈલ સુધી પાણીમાં. બેસવાનું કાંઈ સ્થાન નહિ, ઝાડ નહિ. વીસ માઈલ સુધી ચાલ્યા જાય અને વીસ માઈલ પાછા આવે.

આહાહા..! માછલી પકડવા. 'પોપટભાઈ'! આ માણસનો અવતાર, બાપા! ભૂલી ગયો તું. આ અવતારમાં. અને એને પાછા નરકે જાવું. આહાહા..!

અરે..! પ્રભુ! આવા ભવમાં જો યથાર્થ દૃષ્ટિ ન કરી... આહાહા..! આ બધા ભવવનમાં કર્મ ભમાવે છે એમ કહેવામાં આવે છે. ભટકવાની અવસ્થા તો પોતાની છે. સમજાણું કાંઈ? પણ એ અવસ્થા કર્મથી થઈ છે એમ કહેવાય છે. જેમ મિથ્યાત્વથી કર્મ થયું એમ કહ્યું એમ કર્મથી આત્માને રખડાવે છે એમ કહેવાય છે. 'અમરચંદભાઈ'! આમ અટપટી વાત છે, ભાઈ!

જુઓને ભાઈ! 'રામજી હંસરાજ' મોટા કરોડપતિ ગણાય. એકવાર લઈ ગયા હતા. ... બબ્બે હજારના પગારવાળી બાયુ. મોટી ઓફિસ. કામાણી. ૨૦-૨૫ બાયુ અને બધા ગૃહસ્થ અને બે ... મરી ગયા. હવે પછી એવું સાંભળ્યું છે કે બધું ભાંગી ગયું. આહાહા..! એ વખતની જાહોજલાલી. 'રામજીભાઈ' સાથે. 'રામજી હંસરાજ' બે-પાંચ કરોડ રૂપિયા હતા. અત્યારે તો ... અને એક મોટો હતો એ મરી ગયો. બાવાજીનો હતો. ઓલો નથી? સાંઈબાબા, એનો ભકત હતો. મૂર્ખાઈના પાર નહિ.

મુમુક્ષુ :- સાંઈબાબાએ બોલાવી લીધો.

ઉત્તર :- સાંઈબાબાએ બોલાવી લીધો. મરી ગયા પછી કહે કે સાંઈબાબાએ બોલાવી લીધો. અરે..! મૂર્ખ! પોતાની પાસે બોલાવી લીધો. આહાહા..! મરી ગયા. એવી વાત કરતા કરતા મરી ગયા કે હવે મારે ત્યાં સાંઈબાબા પાસે જાવું છે. એમ વાતું કરતો હતો. દેહ છૂટી ગયો. .. પૂછયું કે શું કરવું? તમે કાંઈ કરી શકો છો? કોણ ધૂળ કરે? .. મેં બોલાવી લીધો છે. મૂરખ. અને એનું આખું કુટુંબ માને પાછું. અરે..! આ તે વાણિયાની બુદ્ધિ કયાં ગઈ? આમ તો ડાહ્યા કહેવાય.

અહીં કહે છે કે પરે રખડાવ્યો, જે મિથ્યાત્વથી કર્મ બાંધ્યા કહ્યું. એમ કર્મએ આત્માને રખડાવ્યો એ નિમિત્તથી કથન છે. આહાહા..! '**અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગસે વિપરીત ખોટે માર્गમેં ડાલતે હૈં,...**' વિપરીત માર્ગમાં કર્મ નાખે છે. જેમ મિથ્યાત્વથી કર્મ ઉપાર્જ્યા એમ કહ્યું, એમ કર્મે મિથ્યાત્વમાં નાખ્યો, એમ અરસપરસ નિમિત્તથી વાત કહી છે. સમજાણુ કાંઈ? એમાં પાછું ન સમજાય તો ઊંધું મારે એવું છે. મિથ્યાત્વથી કર્મ બંધાય તો શું કર્મની પર્યાય મિથ્યાત્વથી થઈ છે? ૮૬ ગાથામાં આવ્યું નહિ? એ જ ચાલે છે આપણે ૮૭. આ ટાઢા પહોરની બીજી વાતું અને ઓલી બીજી વાત એમ શેઠ કહે છે.

મુમુક્ષુ :- એકાદ શાસ્ત્રમાં જે લખ્યું છે નથી કરતા. અહીં લખ્યું છે કે કરે છે.

ઉત્તર :- કઈ નયથી કથન છે? દરેક શાસ્ત્રના શબ્દમાં પહેલો શબ્દાર્થ કરવો જોઈએ, પછી નયાર્થ કરવો જોઈએ. પાંચ બોલ છે. પછી આગમાર્થ-આગમને શું કહે છે, અન્યમતિનો નિષેધ કઈ રીતે થાય છે અને ભાવાર્થ એટલે તાત્પર્ય શું છે? પાંચ બોલ આવ્યા છે. ... આમાં આવ્યા. શબ્દ, નય, મત, આગમ અને ભાવાર્થ. પહેલી ગાથાનું છેલ્લું. છે? પહેલા શબ્દ. ગાથાનો શબ્દાર્થ કરવો. પછી નય. કઈ નયનું કથન છે એ લેવું.

એમ ને એમ કહે કે આ કહ્યું. પણ કઈ નયથી? પછી મત. સર્વજ્ઞનો મત એમાં શું કહે છે. અન્યમતમાં શું કહે છે અને એનાથી વિરૂદ્ધ. અને આગમાર્થ એટલે ભગવાન શું કહે છે. અને પછી ભાવાર્થ-તાત્પર્ય. વીતરાગતા તાત્પર્ય. બધું કહેવામાં વીતરાગતા તાત્પર્ય નામ પરની ઉપેક્ષા કરીને ત્રિકાળી સ્વભાવની અપેક્ષા કરવી એ તાત્પર્ય છે. સમજાણું કાંઈ? બધા શાસ્ત્રમાંથી ગમે તે વાંચો. આ ભાષા આવી તો એનું તાત્પર્ય શું? કર્મ ઉપાર્જન કર્યા અને કર્મે હેરાન કર્યા, એનું તાત્પર્ય શું? કે વીતરાગતા સ્વ તરફ ઝુકીને, વીતરાગતા પ્રગટ કર એ એનું તાત્પર્ય છે. આ અભેદરત્નત્રય કહ્યું ને?

અભેદરત્નત્રયમાં જા, તને વીતરાગતા થશે. અને એ અભેદરત્નત્રય સ્વના આશ્રયથી થાય છે. પર્યાયથી અને પરના આશ્રયે થતો નથી. એ બધા શાસ્ત્રનું તાત્પર્ય છે. 'પંચાસ્તિકાય' ૧૭૨ ગાથા. શાસ્ત્ર તાત્પર્ય અને સૂત્ર તાત્પર્ય. એટલે કે એક એક ગાથાનું તાત્પર્ય તો ગાથાદીઠ કહ્યું. આખા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા એમ કહ્યું. ૧૭૨ ગાથા. ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. અર્થાત્ પરની ઉપેક્ષા કરીને ભગવાન ત્રિલોકનાથનો આશ્રય અને અપેક્ષા કરવી એ વીતરાગતા ઉત્પન્ન થાય એ તાત્પર્ય છે. સમ્યગ્દર્શન તાત્પર્યનો અર્થ, કે આખા કથનમાં ગમે તે શૈલી હોય એનું તાત્પર્ય સ્વદ્રવ્યનો આશ્રય કરીને વીતરાગ સમકિત પ્રગટ કર. સમકિત પર્યાય વીતરાગી છે. એ વીતરાગી તાત્પર્ય છે. સ્વનો આશ્રય કરવો એ સર્વનું તાત્પર્ય છે. સમજાણું કાંઈ?

'**યહાં યહ અભિપ્રાય હૈ, કિ સંસારકે કારણ જો કર્મ ઔર ઉનકે કારણ મિથ્યાત્વ રાગાદિ પરિણામ હૈં,...**' જુઓ! બેય લઈ લીધા. '**વે સબ હેય હૈં,...**' મિથ્યાત્વ પણ હેય અને એનાથી કર્મ થયા એ પણ હેય. '**અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ હૈ, વહ ઉપાદેય હૈ.**' જુઓ! આ વીતરાગ તાત્પર્ય આવ્યું. આહાહા..! અભેદરત્નત્રયરૂપ ભગવાન નિશ્ચય મોક્ષમાર્ગ. પૂર્ણાનંદના નાથ ત્રિલોકીનાથ, એની દૃષ્ટિ, એનું સ્વસંવેદનજ્ઞાન અને એમાં રમણતા એ અભેદરત્નત્રય (થાય) એ તાત્પર્ય છે. અભેદરત્નત્રય કહો કે વીતરાગતા કહો. અભેદરત્નત્રય કહો કે વીતરાગતા કહો. ૧૭૨માં કહ્યું, વીતરાગતા તાત્પર્ય એ આ તાત્પર્ય આવ્યું. ચારે બાજુથી સિદ્ધાંત જુઓ. દિગંબર સિદ્ધાંત એટલે ઓહોહો..! એની શૈલી, એની ... સત્યને ખડું કરી દે છે. પણ લોકોને એની દરકાર નથી. સમજાણું કાંઈ? એટલું કહ્યું. જુઓ!

એમ કહ્યું કે મિથ્યાત્વથી કર્મ ઉપાર્જન થાય છે. કર્મથી રખડે છે એટલું કહ્યું. પણ એનું તાત્પર્ય શું? કે તું અભેદરત્નત્રય પ્રગટ કર એ તાત્પર્ય છે. ભગવાન! મિથ્યાત્વ પણ છોડી દે અને પરની ક્રિયા જે જડની થાય છે એનું લક્ષ છોડી દે. આહાહા..! વસ્તુ ભગવાન પૂર્ણ આનંદ ત્રિલોક પ્રભુ ત્રિલોકનાથ પરમાત્મા. પરમાત્મસ્વરૂપ છે ને? તો પરમાત્મસ્વરૂપ તું છો. દ્રવ્યસ્વભાવ એ પરમાત્મસ્વરૂપ જ છે. એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવું એ સર્વ કથનનું તાત્પર્ય આ છે. સમજાણું કાંઈ? '**યહ ઉપાદેય હૈ.**' લ્યો! એ ૭૮ ગાથા થઈ. ૭૯ કહેશે.... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે



... પ્રકાશક...

**શ્રી સીમંધર–કુંદકુંદ–કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

રાજકોટ